ॐ

परमात्मने नमः।

# સમયસાર વૈભવ

## શ્રી કુંદકુંદાચાર્યદેવ રચિત સમયસાર પરમાગમ ઉપર અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૫મી વખતના સળંગ અક્ષરશઃ પ્રવચન

## (ભાગ-૧૨)

## (ગાથા-૨૭૫ થી ૨૯૬, શ્લોક-૧૭૫ થી ૧૮૧, પ્રવચન-૩૪૦ થી ૩૬૩)

પ્રકાશક

સ્વ. શાહ વ્રજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર

(મૂળ રહેવાસી બરવાળા ઘેલાશા, હાલ સુરત)

હ : અશ્વિનભાઈ વ્રજલાલભાઈ શાહ

સુધીરભાઈ વ્રજલાલભાઈ શાહ

વિક્રમ સંવંત
૨૦૭૪

વીર સંવંત
૨૫૪૪


ઈ. સન
૨૦૧૮

**પ્રકાશન**
**જેઠ સુદ-૫, તા.૧૮-૬-૨૦૧૮, સોમવાર**
**શ્રુત પંચમી**

**પ્રાપ્તિ સ્થાન**
**જે કોઈ મુમુક્ષુ ભાઈ-બહેનોને પ્રસ્તુત પુસ્તકની નકલ જોઈતી હોય તેમણે શ્રી સુધીરભાઈ શાહનો સંપર્ક કરવા વિનંતી.**
**મો. ૦૯૩૭૪૭૧૯૨૦૨**

**ટાઈપ સેટિંગ :**
**પૂજા ઈમ્પ્રેશન્સ**
ભાવનગર
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com



ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दुजो भावो।
एवं भणंत्ति सुद्धंणादो जो सो दु सो चेव।।६।।

# પ્રકાશકીય નિવેદન

શાસનનાયક અંતિમ જિનેશ્વર શ્રીમહાવીરસ્વામીના પ્રવર્તમાન શાસનમાં અનેક ગુણસમુદ્ર એવા આચાર્ય ભગવંતો થયા છે. તેઓએ નિજાનુભવ તથા ભગવાનની દિવ્યધ્વનિના આધારે અનેક મહાન પરમાગમોની રચના કરી, તેમ જ જન્મ-મરણના દુઃખથી મુક્ત થઈ અવિનાશી નિજાનંદ સુખ, શાંતિની પ્રાપ્તિ કઈ રીતે કરવી તેનો માર્ગ પ્રકાશી, ભવ્ય જીવો ઉપર મહાન ઉપકાર કર્યો છે. ભગવાન મહાવીરસ્વામીના મોક્ષગમન બાદ ત્રણ કેવળી અને પાંચ શ્રુતકેવળી થયા. આચાર્યોની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થઈ ગયા. દિગંબર જૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. દિગંબર જૈન સાધુઓ પોતાને કુંદકુંદાચાર્યદેવની પરંપરાના કહેવરાવવામાં ગૌરવ અનુભવે છે. તેઓશ્રીને ભગવાન મહાવીરનું જ્ઞાન આચાર્યોની પરંપરાથી મળ્યું હતું, એટલું જ નહિ પણ આઠ દિવસ સુધી મહાવિદેહવાસી શ્રી સીમંધર ભગવાનની દિવ્યધ્વનિ સાક્ષાત્ શ્રવણ કરવાનું મહાભાગ્ય પણ તેઓશ્રીને પ્રાપ્ત થયું હતું.

પવિત્રતાના સ્વામી એવા કુંદકુંદાચાર્યદેવે અનેક કૃતિઓની રચના કરી છે. સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ પંચ પરમાગમો સહિત બીજી પણ અનેક ભવ્ય કૃતિઓની રચના કરીને જિનશાસન-સ્તંભનું કાર્ય કર્યું છે. શ્રી સમયસાર પરમાગમ તેઓશ્રીની એક અદ્વિતીય કૃતિ છે, જગતનું અદ્વિતીય ચક્ષુ છે. પાંચમી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે મારા નિજ વૈભવથી હું સમયસારને કહીશ. જિનેન્દ્ર ભગવાન અને ગણધરદેવથી માંડીને અમારા ગુરુ પર્યંતના ઉપકારીઓ દ્વારા પ્રસાદરૂપે અપાયેલ શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વક ઉપદેશથી થયો છે. નિરંતર ઝરતો-આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ, તેની છાપવાળું જે પ્રચુરસ્વસંવેદનરૂપ સ્વસંવેદન છે તેનાથી પણ તેનો જન્મ થયો છે. આ સમયસાર અદ્‌ભુત શાસ્ત્ર છે. તેમાં પોતાનો નિજ વૈભવ બતાવ્યો છે. તેથી આ પ્રવચન ગ્રંથનું '**સમયસાર વૈભવ**' નામ આપવામાં આવ્યું છે. આવા નિર્વિકારી અતીન્દ્રિય આનંદની મહોરછાપ યુક્ત પ્રત્યેક વાક્યો ભવ્યજીવોના આત્મહિતાર્થે લખાયેલા છે.

આ મહાન પરમાગમ ઉપર શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવ રચિત આત્મખ્યાતિ ટીકા ખરેખર અમૃતને રેલાવી ભવ્યજીવોને અજર-અમર પદની પ્રાપ્તિ કરાવે છે. આ દૈવી ટીકા છે. ૪૧૫ ગાથાની ટીકા કર્યા બાદ આચાર્ય ભગવાને પરિશિષ્ટની રચના કરીને સ્યાદ્વાદ અધિકાર લખ્યો

તથા આત્મસ્વરૂપનો વૈભવ એવી ૪૭ શક્તિઓની રચના કરી. આથી સમયસાર પરમાગમ વૈભવથી ભરપૂર એક મહાન કૃતિ છે.

સાંપ્રત સમાજમાં આવા મહાન વૈભવયુક્ત પરમાગમની ઉપલબ્ધિ હોવા છતાં, અંતરંગ રહસ્ય ઉકેલનારું કોઈ નહોતું, તેથી મોક્ષમાર્ગ લુપ્તપ્રાયઃ થઈ ગયો હતો. મિથ્યાત્વનું ભયંકર સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે એવા દુષમકાળમાં તેવા ઘોર અજ્ઞાન-અંધકારનો નાશ કરવા તેજસ્વી સૂર્યનો ઉદય થયો. એ સૂર્ય છે-પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી. ભાવિમાં સૂર્ય સમાન કીર્તિ ઉદિત થઈ ચૌદ બ્રહ્માંડમાં મોક્ષમાર્ગને પ્રકાશિત કરવાની છે, તેની વર્તમાનમાં ઝાંખી કરાવનાર એવા તારણહાર, યુગપુરુષ, ભવ્યાત્માઓના આત્મ-હિતકર ગુરુદેવશ્રીએ દિગંબર સત્શાસ્ત્રોના રહસ્યો ઉકેલી મોક્ષમાર્ગને સ્પષ્ટ કર્યો. પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનનાં શબ્દોમાં કહીએ તો પાંચમા આરાના છેડા સુધી ગુરુદેવશ્રીની વાણી રહેશે. પૂજ્ય ગુરુદેવશ્રીએ ચારે પડખેથી માર્ગને સ્પષ્ટ કર્યો છે. પૂજ્ય ગુરુદેવશ્રીને તો શ્રુતની લબ્ધિ હતી.

સમયસાર પરમાગમ તેઓશ્રીને સ્વાનુભવ થવામાં મહાન નિમિત્ત થયું છે. તેઓશ્રીનાં પ્રત્યેક પ્રવચનોમાં કુંદકુંદાચાર્યદેવ પ્રત્યેની સાતિશય ભક્તિ પ્રદર્શિત થાય છે. અનેક વાર પ્રવચનોમાં તેઓશ્રી કહેતાં કે અમે તો કુંદકુંદાચાર્યદેવના દાસાનુદાસ છીએ. તેઓશ્રીનાં વ્યક્તિગત સ્વાધ્યાયમાં તો તેઓશ્રીએ અનેક વાર સમયસાર શાસ્ત્રનો સ્વાધ્યાય કરી અમૃતપાન પીધાં જ છે, પરંતુ નિષ્કારણ કરુણાથી ધબકતા તેઓશ્રીનાં હૃદયમાંથી મોક્ષમાર્ગ રહસ્યોદ્ઘાટક પ્રવચનધારા વહી અને જાહેરમાં ૧૯ વાર પ્રવચનો કર્યાં. અમૃત ઝરતી તેઓશ્રીની જ્ઞાન-લહેરીઓ આકાશને આંબવા જેટલી ઊંચે ઉછળતી. પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી એ સામાન્ય વાણી નથી, પરંતુ મિથ્યાત્વના ભૂક્કા ઊડાવી દે તેવી ભવદુઃખ નાશ કરનારી વાણી છે. તેઓશ્રીનાં પ્રત્યેક વચન અનેક આગમોથી યુક્ત છે. અનેક આગમોના રહસ્ય તેઓશ્રીનાં પ્રત્યેક વચનોમાં ભર્યાં છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો રેકોર્ડિંગ કરવામાં આવ્યા અને જતન કરીને સાચવ્યા તેમ જ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટે તેની ડી.વી.ડી. બનાવી તેમજ અક્ષરશઃ પ્રવચનો ઇન્ટરનેટ ઉપર ઉપલબ્ધ કરાવી સમાજ ઉપર જે ઉપકાર કર્યો છે તે માટે સર્વેનો આભાર વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપલબ્ધ આશરે ૯૦૦૦ પ્રવચનોમાં સમયસાર પરમાગમ ઉપરના ૧૩મી અને ૧૫મી થી ૧૯મી વારના પ્રવચનો ઉપલબ્ધ છે. તેમાં ૧૫મી વારના પ્રવચનો પ્રકાશિત કરવાની ભાવના સુધીરભાઈ શાહ, (ડેલીવાલા) પરિવાર, સુરતને થઈ. પૂજ્ય ગુરુદેવશ્રીના મુખમાંથી ઝરેલું આ અમૃત જો પુસ્તક રૂપે થાય તો મુમુક્ષુજીવોને મહાલાભનું કારણ થાય. તેઓએ કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ પાસે પોતાના વિચારો રજુ કર્યા અને વેબસાઈટ ઉપર


આ પ્રવચનો સર્વ સાધારણ મુમુક્ષુજનોને ઉપલબ્ધ થાય તેવી ભાવના વ્યક્ત કરી. ટ્રસ્ટ દ્વારા તેમને સુંદર આવકાર પ્રાપ્ત થયો, સહર્ષ સ્વીકૃતિ આપી અને આ કાર્યને આગળ ધપાવવા માટે પૂરી અનુમોદના વ્યક્ત કરી. ઉક્ત ભૂમિકા સાથે ૧૫મી વખતના પ્રવચનો પ્રકાશિત કરવાનું કાર્ય શરૂ થયું. શ્રી સમયસાર ગ્રંથના ૧૫મી વખતના કુલ ૫૯૫ પ્રવચનો છે, જે લગભગ ૨૧ ભાગમાં પૂર્ણ કરવાની ગણતરી છે.

સમયસાર વૈભવ ભાગ-૧૨ શ્રુત પંચમીના દિને અર્પણ કરવામાં આવી રહ્યો છે. પ્રવચનોને કમ્પ્યુટરમાં ટાઈપ કરી આપવાનું કાર્ય શ્રી નિલેષભાઈ જૈન, ભાવનગર દ્વારા કરવામાં આવેલ છે. ત્યારબાદ પ્રવચનોને તપાસી આપવાનું કાર્ય શ્રી અતુલભાઈ જૈન, મલાડ, મુંબઈ દ્વારા કરી આપવામાં આવેલ છે. તે બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. દરેક સમયે માર્ગદર્શન આપવા બદલ બ્ર. હેમંતભાઈ ગાંધી, ચેતનભાઈ મહેતા-રાજકોટ તથા પંકજભાઈ કામદારનો આભાર માનીએ છીએ. અને આ પ્રવચનો વેબસાઈટ ઉપર મૂકવાની સ્વીકૃતિ આપવા બદલ શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈનો પણ હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે.

આ પ્રવચનો અક્ષરશઃ છાપવાનો મૂળ ઉદ્દેશ અંગ્રેજીમાં અભ્યાસ કરનારા આજના યુવાનો પૂજ્ય ગુરુદેવશ્રીની વાણી સહેલાઈથી સમજી શકે અને સ્વયં વારંવાર અભ્યાસ કરીને ગુરુદેવશ્રીનાં વચનના મર્મને સમજી શકે છે. પ્રવચનોને પૂર્ણ ચોકસાઈથી તથા ચીવટ રાખીને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કર્યો છે. તેમ છતાં કોઈ પણ પ્રકારની તૃટિ રહી જવા પામી હોય તો ધ્યાન દોરવા વિનંતી. અનાદિ કાળથી મોહાગ્નિમાં બળી રહેલા જીવોને આ પ્રવચન ગ્રંથના નિમિત્તે ભવ્ય જીવોને સમાધિ-સુખ ને શાશ્વત પરમાનંદની પ્રાપ્તિનો પંથ મળે એવી અમારી ભાવના છે.

અંતતઃ પૂજ્ય ગુરુદેવશ્રીના ભવતાપવિનાશક પ્રવચનોનો પ્રત્યેક મુમુક્ષુ લાભ લઈ આત્મહિત સાધે એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ. આ પ્રવચનો Vitragvani.com ઉપર મૂકવામાં આવેલ છે.

શ્રી શાહ વૃજલાલભાઈ ભાઈલાલભાઈ ડેલીવાળા પરિવાર વતિ
અશ્વિનભાઈ વૃજલાલભાઈ શાહ
સુધીરભાઈ વૃજલાલભાઈ શાહ
સુરતના જય જિનેન્દ્ર



**ઉપકાર તારા શું કથું, ગુણગાન તારા શું કરું?**
**વંદન કરું, સ્તવના કરું, તુજ ચરણસેવાને ચહું.**

# સ્મરણાંજલિ





**અમારા પૂજ્ય માતા-પિતાના નિમિત્તે અમને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતાના સમાગમનો યોગ પ્રાપ્ત થયો. નાનપણથી તેમની પ્રેરણાને કારણે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવછેદક વાણી સાંભળી અને અખંડ મોક્ષમાર્ગ પ્રત્યે પ્રયત્નશીલ થવાનું બન્યું. આપે આજીવન પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય માતાજી પ્રતિ સમર્પિત રહી અમોને પણ સતત તે જ પ્રેરણા આપી અમારા ઉપર ઉપકાર કર્યો છે. સમયસાર વૈભવ પ્રકાશન નિમિત્તે આપના ઉપકારને સ્મરણમાં લઈ આપને શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ.**

કલ્પનાબેન અશ્વિનભાઈ વૃજલાલ શાહ, સુરત
પરીન્દાબેન સુધીરભાઈ વૃજલાલ શાહ, સુરત
કજરીબેન તેજસભાઈ અશ્વિનભાઈ શાહ, સુરત
સ્નેહાબેન પ્રજ્ઞેશકુમાર જયંતિભાઈ શાહ, સુરત
વિરલબેન (પ્રિયલ) રીતેશકુમાર જીતુભાઈ શાહ, દાદર
વિદેહીબેન જીગરકુમાર કમલેશભાઈ શાહ, અમદાવાદ
નિરજાબેન જીનેશકુમાર યોગેશભાઈ દેસાઈ, ભાવનગર
કુ. રુચિ, કુ. સપના, કુ. નિયતી. કુ. સુહાની, ચિ. શુભ, કુ. શ્રેયા



વૈરાગી અંતર્મુખી, મંથન પારાવાર,
જ્ઞાતાનું તળ સ્પર્શીને, કર્યો સફળ અવતાર.

# અનુક્રમણિકા


| પ્રવચન નં. | તારીખ | શ્લોક/ગાથા | પૃ.સં. |
|---|---|---|---|
| ૩૪૦ | ૧૮-૦૯-૧૯૬૭ | ગાથા-૨૭૫ | ૦૦૧ |
| ૩૪૧ | ૧૯-૦૯-૧૯૬૭ | ગાથા-૨૭૫ થી ૨૭૭ | ૦૧૭ |
| ૩૪૨ | ૨૦-૦૯-૧૯૬૭ | ગાથા-૨૭૬-૨૭૭ | ૦૩૪ |
| ૩૪૩ | ૨૧-૦૯-૧૯૬૭ | ગાથા-૨૭૬-૨૭૭ | ૦૫૨ |
| ૩૪૪ | ૨૨-૦૯-૧૯૬૭ | ગાથા-૨૭૬-૨૭૭ | ૦૬૯ |
| ૩૪૫ | ૨૩-૦૯-૧૯૬૭ | ગાથા-૨૭૬ થી ૨૮૦ | ૦૮૭ |
| ૩૪૬ | ૨૪-૦૯-૧૯૬૭ | શ્લોક-૧૭૫, ગાથા-૨૭૮-૨૭૯ | ૧૦૩ |
| ૩૪૭ | ૨૫-૦૯-૧૯૬૭ | શ્લોક-૧૭૬-૧૭૭,ગાથા-૨૮૦-૨૮૧ | ૧૨૧ |
| ૩૪૮ | ૨૬-૦૯-૧૯૬૭ | ગાથા-૨૮૧ થી ૨૮૫ | ૧૩૮ |
| ૩૪૯ | ૨૭-૦૯-૧૯૬૭ | ગાથા-૨૮૩ થી ૨૮૫ | ૧૫૭ |
| ૩૫૦ | ૨૮-૦૯-૧૯૬૭ | ગાથા-૨૮૩ થી ૨૮૭ | ૧૭૪ |
| ૩૫૧ | ૨૯-૦૯-૧૯૬૭ | ગાથા-૨૮૬-૨૮૭ | ૧૯૩ |
| ૩૫૨ | ૩૦-૦૯-૧૯૬૭ | શ્લોક-૧૭૮-૧૭૯ | ૨૦૯ |
| ૩૫૩ | ૦૨-૧૦-૧૯૬૭ | શ્લોક-૧૮૦,ગાથા-૨૮૮ થી ૨૯૦ | ૨૨૫ |
| ૩૫૪ | ૦૩-૧૦-૧૯૬૭ | ગાથા-૨૯૧-૨૯૨ | ૨૪૧ |
| ૩૫૫ | ૦૪-૧૦-૧૯૬૭ | ગાથા-૨૯૩-૨૯૪ | ૨૬૦ |
| ૩૫૬ | ૦૫-૧૦-૧૯૬૭ | ગાથા-૨૯૪ | ૨૭૫ |
| ૩૫૭ | ૦૬-૧૦-૧૯૬૭ | ગાથા-૨૯૪ | ૨૯૦ |
| ૩૫૮ | ૦૭-૧૦-૧૯૬૭ | ગાથા-૨૯૪ | ૩૦૫ |

| | | | |
|---|---|---|---|
| ૩૫૯ | ૦૮–૧૦–૧૯૬૭ | ગાથા–૨૯૪ | ૩૨૦ |
| ૩૬૦ | ૦૯–૧૦–૧૯૬૭ | ગાથા–૨૯૪ | ૩૩૪ |
| ૩૬૧ | ૧૦–૧૦–૧૯૬૭ | શ્લોક–૧૮૧, ગાથા–૨૯૪ | ૩૪૯ |
| ૩૬૨ | ૧૧–૧૦–૧૯૬૭ | શ્લોક–૧૮૧, ગાથા–૨૯૫ | ૩૬૫ |
| ૩૬૩ | ૧૨–૧૦–૧૯૬૭ | ગાથા–૨૯૫–૨૯૬ | ૩૮૧ |

# શ્રી સમયસારજી સ્તુતિ

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી તરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# સમયસાર વૈભવ

**(ભાગ-૧૨)**

**(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના શ્રી સમયસાર શાસ્ત્ર ઉપર ૧૫મી વખતના સળંગ પ્રવચનો)**

**ભાદરવા સુદ ૧૫, સોમવાર તા. ૧૮-૦૯-૧૯૬૭**
**ગાથા-૨૭૫, પ્રવચન-૩૪૦**

સમયસાર, બંધ અધિકાર. ૨૭૫. શિષ્યનો પ્રશ્ન છે. '**અભવ્યને ધર્મનું શ્રદ્ધાન તો હોય છે; છતાં તેને શ્રદ્ધાન નથી...**' એમ તમે માથે ૨૭૪માં કહ્યું. પહેલો પ્રશ્ન એ હતો કે અભવિ વ્યવહાર વ્રત મહાવ્રત આદિ પાળે છે. વ્યવહારનયના સ્વરૂપરૂપ પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ, તપની પરિપૂર્ણતા વગેરે પાળે છે. છતાં સમ્યગ્જ્ઞાન અને સમ્યક્શ્રદ્ધાના કારણ વિના તે ચારિત્ર નામ પામતું નથી. સમ્યક્ચારિત્ર કહેવાતું નથી માટે તે નિશ્ચારિત્ર છે. સમજાણું કાંઈ? અભવિનું તો દૃષ્ટાંત આપ્યો છે. જે કોઈ પ્રાણી વ્યવહાર એટલે પરના આશ્રયવાળા પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ આદિને પાળે છતાં આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિનું જ્ઞાન અને શ્રદ્ધા નથી એથી જેને કારણ જ્ઞાન અને શ્રદ્ધા નથી એને નિશ્ચય ચારિત્ર હોતું નથી. એ વ્યવહાર ચારિત્ર એ પુણ્યબંધનું કારણ છે. એ કાંઈ ચારિત્ર-ફારિત્ર છે નહિ.

પછી કહ્યું ત્યારે અગિયાર અંગ ભણે છે અને એને જ્ઞાન કેમ નથી? અગિયાર અંગ ભણે છે પણ અગિયાર અંગ ભણવાનો જે ગુણ-જે આત્માનું જ્ઞાન થવું જોઈએ. અગિયાર અંગ ભણવાનો ગુણ એ છે કે આત્માનું જ્ઞાન થવું. એ જ્ઞાન થયું નહિ માટે અગિયાર અંગના ભણતરને જ્ઞાન કહેવાતું નથી. સમજાય છે કાંઈ? વ્યવહારને ઊડાડ્યો. વ્યવહાર વ્રતને ઊડાડ્યા અને વ્યવહાર જ્ઞાનને ઊડાડ્યું. એ કાંઈ વસ્તુ નથી.

હવે અહીં શ્રદ્ધાની વ્યાખ્યા. પણ અભવિ શ્રદ્ધા વિના કરે? સાંભળ્યું હતું ને? એક ફેરી આવ્યું હતું. મહિનાના અપવાસ કર્યા હતા એક જણે અને પછી ચર્ચા ઉઠી. આ મહિના-મહિનાના અપવાસ કરે છે એ શ્રદ્ધા વિના કરે છે? એ તમારા તરફની વાત છે હોં!

મુમુક્ષુ :- કાંતિભાઈ.

ઉત્તર :- કાંતિલાલ? સમજાણું કાંઈ? બીજો હતો એ. કાંતિભાઈ નહિ, બીજો હતો એ. મૂળ તો નામ બીજું હતું કાંઈ. દક્ષિણનો, હિન્દી હતો. નામ કાંઈક આવ્યું હતું. આ મહિના-મહિનાના અપવાસ કરે છે તો કાંઈ શ્રદ્ધા વિના કરતા હશે? એય.. શેઠી! ચાલતી હતી પંચાધ્યાયીની સમ્યગ્દર્શનની વાત. પંચાધ્યાયીની સમ્યગ્દર્શનની. એમાં આ વાત ઉપદેશકે મૂકી કે આ મહિના મહિનાના અપવાસ કરે એ શ્રદ્ધા વિના કરતા હશે? લ્યો ઠીક! એ અપવાસ કરે એ શ્રદ્ધા નથી. એ તો રાગની શ્રદ્ધા મિથ્યા શ્રદ્ધા છે. આત્મા રાગ વિનાની ચીજ છે એવા જ્ઞાયક સ્વરૂપની અંદર શ્રદ્ધાના અંતર ભાન વિના એ મહિના-મહિના અપવાસ શું છ મહિનાના કરે તોપણ મિથ્યાશ્રદ્ધા છે. શ્રદ્ધા કે દિ' હતી? કહો, સમજાય છે કાંઈ?

અહીં હવે ત્રીજા બોલમાં તો એ લે છે કે એને શ્રદ્ધા જ નથી. ત્યારે કહે છે, આ શ્રદ્ધા કરે છે ને? આમ જરી વ્યવહારથી વાત બધી કરી છે, અધ્યાત્મ છે. જુઓ!

**ટીકા :- 'અભવ્ય જીવ...'** ફરીને લઈએ છીએ ૨૭૫ ગાથા. '**નિત્યકર્મફળચેતનારૂપ વસ્તુને શ્રદ્ધે છે...**' એટલે કે વ્યવહારનયના પક્ષવાળો જેને નિશ્ચયનો આશ્રય અને પક્ષ થયો નથી એ જીવો. અહીં અભવિનું દૃષ્ટાંત છે. નિત્યકર્મફળચેતના. એ તો અંદર હરખ અને શોક, રાગ અને દ્વેષ એનું જેને એકલું વેદન છે. વ્યવહારનયના પક્ષકારનું, વ્યવહારનયના આચરણ કરનારનું એને રાગ અને દ્વેષ, હરખ-શોકનું જ ફળ વેદે છે. એને આત્મવેદન નથી. સમજાય છે કાંઈ?

'**નિત્યકર્મફળ...**' એટલે કાયમ એને તો હરખ-શોકનું જ એકલું વેદન છે. કારણ કે વ્યવહારનયના આશ્રયમાં તો દયા, દાન, વ્રત, ભક્તિ આદિના જે પરિણામ થયા એ શુભ છે. એ શુભનું વેદન છે. શોભાલાલજી! વાત બહુ જરી ઝીણી છે. સમજાય છે? આ આત્મા ચૈતન્યમૂર્તિ જ્ઞાયકસ્વરૂપ છે, એનો જ્યાં અંતર આશ્રય નથી, આધાર નથી, અવલંબન નથી, કારણ બનાવ્યું નથી એને એકલો વ્યવહારના પક્ષનો પરાશ્રયભાવ જેટલો છે, પંચ મહાવ્રતનો, સમિતિ વ્યવહાર, ગુપ્તિ વ્યવહાર, કષાય મંદ વ્યવહાર.. સમજ્યાને? પંચ મહાવ્રત વગેરે, તપ બાર પ્રકારના, એ બધો શુભભાવ, રાગની મંદતાનો શુભભાવ છે. અને એ શુભભાવનું એને વેદન છે. કાયમ એને શુભભાવનું જ વેદન છે. જ્ઞાનચેતનાનું વેદન નથી. સમજાય છે કાંઈ? ભારે વાત ભાઈ! ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ ત્રિકાળ ધ્રુવ, એમાં એકાગ્ર થઈને

જે જ્ઞાનની ચેતના, જ્ઞાનનું વેદવું, આનંદનું વેદવું, શાંતિનું વેદવું એ વ્યવહારનયના પક્ષમાં પડેલાઓને એ છે નહિ. સમજાય છે કાંઈ?

'**પરંતુ નિત્યજ્ઞાનચેતનામાત્ર...**' કાયમ જેમાં જ્ઞાનનું ચેતવું છે, વેદવું છે શાંતિનું. રાગ વિના (વેદવું છે). વ્યવહારનયના આશ્રયમાં તો રાગ એકલો છે. એના વિના જે આત્મા જ્ઞાનમૂર્તિ ચૈતન્યનું સ્વસંવેદન જોઈએ તે જ્ઞાનમાત્ર ચેતનારૂપી વસ્તુ. વસ્તુ એટલે દશા. એને નથી શ્રદ્ધતો. એને એ માનતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ? જુઓ! એ પર્યાયને શ્રદ્ધતો નથી એમ લીધું અહીં તો. ભાઈ! અહીં તો એ જ લીધું છે. એ પર્યાયને શ્રદ્ધતો નથી એટલે જ્ઞાનરૂપ પ્રગટ જે પર્યાયનું વેદન જોઈએ એ વસ્તુ નથી એટલે શ્રદ્ધા નથી એને. પ્રગટમાં તો ફક્ત એ વ્રતના વિકલ્પો, દયા, દાનના, શાસ્ત્રના ભણવાના... સમજાય છે? કે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાના જે રાગભાવ છે, એ કર્મચેતના, કર્મચેતના છે, એ કર્મનુ ફળ હરખ-શોક તે કર્મફળચેતના છે. એને આત્મજ્ઞાન ચેતના જ્ઞાયક ચૈતન્યમૂર્તિ છે એમાં જ્ઞાનચેતના, જ્ઞાનનું એકાકાર આત્મામાં થવું એવું જ્ઞાનચેતનાની વસ્તુનું એને વેદન છે નહિ. એટલે કે એની શ્રદ્ધા નથી. શ્રદ્ધા જ નથી એને. સમજાણું કાંઈ? જે દેખ્યું છે એને શ્રદ્ધે છે એમ કહે છે. જે વસ્તુ જાણી નથી, પર્યાય નથી એને શ્રદ્ધે ક્યાંથી? એ શ્રદ્ધતો જ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં?

મુમુક્ષુ :- આટલી સ્પષ્ટ વાત કરો છો તોય ન સમજાય.

ઉત્તર :- ન સમજાય. ભાઈ, ન સમજાય. ઘણાં ... અંદર .. માથુ.. માથુ જોવે. આમ જોઈએ ને નજર પડે ત્યાં જોઈએને. આમાંથી ક્યાં નીકળતું હશે? સમજાણું આમાં?

આત્મા જે કોઈ અનાદિના... અભવિનો તો દૃષ્ટાંત દીધો છે. પણ જેને એકલો વ્યવહારનયના પક્ષનો જેને રાગનો જ અનુભવ છે, એને આત્માના નિશ્ચયના પક્ષના જ્ઞાનની ચેતનાનું વેદન નથી. વેદન નથી એટલે શ્રદ્ધા નથી. વસ્તુ નથી. જોઈ નથી એની શ્રદ્ધા ક્યાંથી હોય? આ જોઈ છે. રાગ વિકલ્પને વેદે છે એ જોઈ છે તો એની શ્રદ્ધા છે એને. સમજાય છે કાંઈ? આહાહા..!

'**કારણ કે તે (અભવ્ય) સદાય (સ્વપરના) ભેદવિજ્ઞાનને અયોગ્ય છે.**' આ દાખલો એનો આપ્યો ને. વ્યવહારનયના પક્ષનો એકાંતી ત્રિકાળ રહેનારાનો દાખલો આપ્યો છે. સ્વપરના ભેદવિજ્ઞાન. જે વ્યવહાર રત્નત્રય વિકલ્પ જે દયા દાન, શાસ્ત્રનું જ્ઞાન, વ્રતાદિનો ભાવ અને આત્મા જ્ઞાયક ચૈતન્યનું વેદન એ બેના વિવેકનો અભાવ છે. તેનું ભાન નથી. ભેદજ્ઞાન નથી. કર્મફળચેતનાને વેદે છે એની શ્રદ્ધા છે. આ જાણતો નથી એટલે શ્રદ્ધા એની નથી. બેના વિવેકનું જ્ઞાન નથી. આહાહા..! ...

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


‘**સદાય (સ્વપરના) ભેદવિજ્ઞાનને અયોગ્ય છે. માટે તે (અભવ્ય જીવ) કર્મથી છૂટવાના નિમિત્તરૂપ,...**’ ધ્યાન રાખજો. નિર્જરાનું કારણ કોણ છે ખરેખર? કર્મનું છૂટવું એટલે નિર્જરા. એનું નિમિત્ત કોણ છે? કે ‘**જ્ઞાનમાત્ર, ભૂતાર્થ (સત્યાર્થ) ધર્મ...**’ સમજાણું કાંઈ? કર્મનું ખરવું, ઝરવું, એનું નિમિત્ત કોણ? ઝરે છે તો એને કારણે. પણ એમાં નિમિત્ત કોણ છે? કે જ્ઞાનમાત્ર આત્મા શુદ્ધ ચૈતન્યનું જ્ઞાન, એની શ્રદ્ધા, એની શાંતિ. ત્રણે દર્શન-જ્ઞાન-ચારિત્ર એ જ્ઞાનમાત્ર પર્યાય નિર્મળ છે. સમજાણું કાંઈ? આત્મા ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ, એની શ્રદ્ધા, એનું જ્ઞાન અને એની રમણતા. એ અહીંયાં નિર્વિકલ્પ મોક્ષમાર્ગ જે નિશ્ચય મોક્ષમાર્ગ છે એને અહીંયાં જ્ઞાનમાત્ર ભૂતાર્થ ધર્મ કહેવામાં આવ્યો છે. ભૂતાર્થ એટલે સાચો ધર્મ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પર્યાયને ભૂતાર્થ કીધી.

ઉત્તર :- હા. એના માટે તો વાત ચાલે છે. એ માટે તો આ વાત ચર્ચાણી છે વધારે. અહીં તો પર્યાયની વાત (છે). આમાં તો ત્રણેય પર્યાય લીધી છે. સમજાણું કાંઈ?

ધર્મના બે પ્રકાર. એક તો આત્મા આનંદ સ્વરૂપની શ્રદ્ધા, અનુભવ કરીને ઠરે, વીતરાગી પર્યાય થાય તે જ્ઞાનમાત્ર સાચો પર્યાય ભૂતાર્થ ધર્મ. ભૂતાર્થ સમજ્યા? શું? સાચો. ભૂતાર્થ એટલે સાચું. ભૂત નામ સાચો. આત્મા વ્યવહારનયના આશ્રયથી જેટલી દયા, દાન, વ્રત, ભક્તિ, શાસ્ત્રજ્ઞાન આદિ છે એ ધર્મ અભૂતાર્થ ધર્મ છે. અભૂતાર્થ એટલે? અ-નહિ સત્ય. સત્ય નહિ જૂઠો છે. આત્મા જ્ઞાયકસ્વરૂપ છે શુદ્ધ ચૈતન્ય, એનો અંતરમાં આશ્રય લઈ, શુદ્ધ નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, નિર્વિકલ્પ સ્વસંવેદનનું જ્ઞાન અને આત્મામાં અરાગી વીતરાગી પર્યાય એ જ્ઞાનમાત્ર સાચો ધર્મ છે. એમાં રાગ આવતો નથી. સમજાણું કાંઈ? ...

‘**જ્ઞાનમાત્ર, ભૂતાર્થ (સત્યાર્થ)...**’ જુઓને! અર્થ તો કર્યો છે કૌંસમાં સત્યાર્થ. છે એમાં? હિન્દીમાં છે? સત્યાર્થ કહો કે સાચો કહો. જેટલો પરને આશ્રયે દયા, દાન, વ્રત, ભક્તિ, શાસ્ત્ર જ્ઞાન અને શ્રદ્ધા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની ભેદવાળી શ્રદ્ધા એ બધો ભાવ અસત્યાર્થ છે. જૂઠો ધર્મ છે-ખોટો ધર્મ છે. કહો, જેઠાલાલભાઈ! સાચો ધર્મ ભગવાન આત્મા વસ્તુનો સ્વભાવ, સત્ સ્વભાવ ચિદાનંદ સ્વરૂપ એમાંથી નીકળેલી નિર્મળ પર્યાય, વીતરાગી શ્રદ્ધા, વીતરાગી જ્ઞાન. વીતરાગી એટલે આત્માની પર્યાય. વીતરાગદેવ ને એમ નહિ. આત્મા જ વીતરાગસ્વરૂપ છે. વ્યવહારના વિષયનો જે રાગ તે સ્વરૂપ એમાં છે જ નહિ. સમજાય છે કાંઈ? એનામાં તો અરાગી, અકષાયી વીતરાગ સ્વરૂપ જ એનું ચિદાનંદ સ્વરૂપ છે. એનો આશ્રય લઈને એમાંથી જે નિર્વિકારી સમ્યગ્દર્શન, નિર્વિકારી સમ્યક્ સ્વસંવેદનજ્ઞાન અને સ્વરૂપની અરાગી, વીતરાગી પર્યાયનું રમણ. એને અહીંયાં જ્ઞાનમાત્ર સાચો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ધર્મ કહે છે કે જે ખરેખર કર્મને નિર્જરવામાં નિમિત્ત છે. કર્મને ખરવામાં એ કારણ છે. વ્યવહાર રત્નત્રય છે એ કર્મ ખરવામાં નહિ પણ બાંધવામાં નિમિત્ત છે. આહાહા..! સમજાણું કાંઈ?

વ્યવહાર પરાશ્રય જેટલો ભાવ. ત્રણેય હોં. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વના ભેદવાળી શ્રદ્ધા, પંચ મહાવ્રતના પરિણામ, દયા, દાનના ભાવ, શાસ્ત્રનું જ્ઞાન એ વ્યવહારરત્નત્ર વ્યવહાર મોક્ષમાર્ગ. એ વ્યવહાર મોક્ષમાર્ગ બંધનું કારણ છે. નવા કર્મને બંધમાં નિમિત્ત છે. અને આત્માનો જે જ્ઞાયક સ્વભાવ, એને અંતર સ્પર્શીને દર્શન-જ્ઞાન-ચારિત્ર જે થાય તે જ્ઞાનમાત્ર પર્યાય છે એ તો. નિર્વિકારી દશા છે. વીતરાગી નિર્વિકલ્પ દશા છે. એ '**જ્ઞાનમાત્ર, ભૂતાર્થ (સત્યાર્થ) ધર્મને...**' વ્યવહારના પક્ષની રુચિવાળો આને શ્રદ્ધતો નથી એમ કહે છે. સમજાણું કાંઈ? જેને વ્યવહારના પક્ષમાં રુચિ પડી છે એ આત્માના જ્ઞાનમાત્ર ધર્મને શ્રદ્ધતો નથી. કહો, અમરચંદભાઈ! વાત તો ઘણી ચોખ્ખી છે પણ માણસને (બેસવી કઠણ પડે).

આમ સ્વચૈતન્ય મૂર્તિ એનો આશ્રય નથી અને પરના આશ્રયમાં તારા લાખ-કરોડ કરને ક્રિયાકાંડ. બધું બંધનું કારણ છે. સમજાણું કાંઈ? આ બબ્બે મહિનાના સંથારા કરે. આઠ દિ' સુધી આમ ઝાડની ડાળીએ... પણ એ બધો શુભરાગ છે, આત્માનો આશ્રય નથી. નવમી ગ્રૈવેયકે ગયો તો અનંત વાર એવા બબ્બે મહિનાના સંથારા કર્યા છે. આઠ દિ' સુધી પાણીનો બિંદુ નહિ, આહારનો કણ નહિ. ઝાડની ડાળ... પક્ષ (છે), ઓલો વિકલ્પ ઉઠે છે ને આ દયા, આ વ્રત પાળ્યા, આ કર્યું એ રાગનો પક્ષ છે. એ રાગના વલણમાં એની રુચિ છે તો મિથ્યાદષ્ટિ છે. કહો, ભીખાભાઈ!

મુમુક્ષુ :- પ્રભુ! આપની .. સાચે સાચી છે.

ઉત્તર :- કહો, સમજાય છે કાંઈ? વેપારી છે ને વેપારી. એક ઘામાં બેય મારે. કહો, સમજાણું આમાં? શેઠી! આહાહા..!

શું વાત! આમ બે ફડચા પાડ્યા છે. ભગવાન આત્મા એ વિકલ્પ વ્યવહાર રત્નત્રયનો છે એનું લક્ષ છોડી એકલો નિશ્ચય ભગવાન આત્માને અંતર દૃષ્ટિ કરીને સ્પર્શે એવો જે જ્ઞાનમાત્ર, જે રાગ વિનાનો ભાવ, નિર્વિકલ્પ વીતરાગી પર્યાય એ સત્યાર્થ ધર્મ છે કે જે ધર્મ કર્મમાં નિર્જરવાનું નિમિત્ત છે. વ્યવહાર વ્યવહાર છે એ નિર્જરાનું નિમિત્ત નથી. હવે ઓલા કહે કે શુભયોગ છે, નિર્જરાનું સંવર નિમિત્ત કારણ છે. સમજાણું કાંઈ? એ પંચ મહાવ્રતના પરિણામ એ બંધનું કારણ છે. કહો, સમજાણું કાંઈ? કેમ કે એનું લક્ષ પર ઉપર છે કે આને ન મારું, આ અહિંસા વ્રત વૃત્તિ ઉઠે છે. સત્ય બોલવું, બ્રહ્મચર્ય પાળવું, શરીરથી આ કરવું... આ કરવું... એવી વૃત્તિ છે એ નવા કર્મને ભોગનું નિમિત્ત છે. ભોગ એટલે સંયોગ આપે એનું

એ નિમિત્ત છે. સમજાણું કાંઈ?

'**કર્મથી છૂટવાના...**' કારણરૂપ. નિમિત્ત એટલે કારણ. '**જ્ઞાનમાત્ર, ભૂતાર્થ (સત્યાર્થ) ધર્મને નથી શ્રદ્ધતો,...**' એ વીતરાગી પર્યાયને માનતો નથી. રાગની ક્રિયાને જ ધર્મ માને છે. કહો, છે કે નહિ છોટાભાઈ! જુઓ અંદરમાં. એના ભણેલાને કેટલાક ગોટા થાય છે ઘણાંને. બહારની મહિમા આવે. જ્ઞાનની વાત કરે એની મહિમા આવી જાય, કો'કના આચરણની હોય તો એની મહિમા આવી જાય. એ તો એ ની એ દશા છે અનાદિની. સમજાણું કાંઈ?

'**ભોગના નિમિત્તરૂપ,...**' શું કહે છે હવે જુઓ. ભોગ એટલે સંયોગ જે મળે. અહમિન્દ્રાદિમા પદ મળે, રાજના પદ મળે એના નિમિત્તભૂત, ભોગના નિમિત્તભૂત '**શુભકર્મમાત્ર,...**' એ શુભ પરિણામ, શુભ કર્મ રાગમાત્ર છે. પંચ મહાવ્રતની ક્રિયા અંદરની હોં ભાવ. સમિતિ, ગુપ્તિ, વ્યવહાર શ્રદ્ધા, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ શુભકર્મ છે, શુભરાગ છે. શાસ્ત્રનું ભણતર એ શુભરાગ છે. સમજાણું કાંઈ? ભોગના કારણરૂપ. ઓલા કર્મના નિર્જરાનું કારણરૂપ હતું. આ ભોગના કારણરૂપ. સંયોગ પ્રાપ્ત થાય એનું નિમિત્ત, એવો જે અભૂતાર્થ ધર્મને શ્રદ્ધે છે. જૂઠો ધર્મ, પંચ મહાવ્રતના પરિણામ, પાંચ સમિતિ, ગુપ્તિનો ભાવ, નિર્દોષ આહાર પાણી લેવાનો વિકલ્પ એ બધો પુણ્યભાવ જૂઠો ધર્મ છે. છે એમાં? શું છે? અભૂતાર્થ. અભૂતાર્થ એટલે નહિ ભૂત એટલે સાચું નહિ. અ એટલે જૂઠા ધર્મને શ્રદ્ધે છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- પંચ મહાવ્રતના..

ઉત્તર :- ..માં તો ગયું. (સંવત) ૧૯૮૫ની સાલમાં કહ્યું હતું સભામાં. સંપ્રદાયને કહ્યું હતું. પંચ મહાવ્રતના પરિણામ તે આસ્રવ છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય તે ધર્મ નથી પણ ધર્મથી વિરૂદ્ધ ભાવ છે. સંપ્રદાયમાં કહ્યું હતું. મોટી હજારો માણસોની સભા સ્થાનકવાસીમાં. ખળભળાટ... ખળભળાટ.. હવે સાંભળને ભાઈ! ભગવાન આત્મા સ્વ ચૈતન્યના અંતરના વેદન ને પ્રતીત, અંતરના ભાન વિના એ લાખ ક્રિયા તારી ક્રોડ ક્રિયા હોય નહિ, એ બધા શુભભાવ કર્મ નવા સંયોગમાં નિમિત્ત છે. સંયોગો ભોગના સંયોગો આપશે. અનુભવમાં નિમિત્ત છે નહિ. આહાહા..! એમ કહે છે મૂળ તો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સુખી તો કરશે.

ઉત્તર :- ધૂળનો સુખો કે દી? દુ:ખી છે. સુખી શેના? સ્વર્ગમાં જાશેને એટલે. એય.. શોભાલાલજી! આ પૈસાવાળા થયા સુખી. દુ:ખી છે મોટા પોટલા. સુખી કોણ કહે છે? એય..! શેઠી! સુખી તો થાય. આ તમને સુખી કહે છે માણસો બધા. લ્યો. મોટા છ છ લાખના મોટા હજીરા. મકાન ને એમાં પંખા ને એમાં સૌના બંગલા જુદા, એમાં ઓરડા

જુદા, ખાવાના જુદા એમાંથી પાછી પુરીયું તળાતી હોય ઘીમાં. આહાહા..! ઘીમાં આમ તળાય તો બાયું બાયું આમ ફરતી હોય, દસ માણસ બહારથી મહેમાન આવ્યું. આમ છે. આહાહા..! સુખી હશે કે નહિ એ?

મુમુક્ષુ :- હજીરા હજીરા...

ઉત્તર :- મકાન છે ને મોટા. એ હીંડોળે હીંચકે, ખાઈ-પીને બેઠા હોય ને ઓહોહો..! વાતું કરી જાણે. આહાહા..! ચક્રવર્તીનું રાજ આવ્યું જાણે અંદરથી. કહ્યું નહોતું? એક ફેરી ૮૪માં એક. ત્યાં લોટીયા વોરાની શેરી. તમારા.. એ સાંભળે છે ક્યાં બહુ? એ તો કેટલુંક અનુમાન કરીને કરે છે. અપાસરા સામે વોરાની શેરી છે કે નહિ? ત્યાં એક ગરીબ માણસ ભરતો હતો ખાટલો. ગરીબ માણસ. ખાટલો સમજ્યા ને? ભરેને કાથી. કાથીનો ભરતો હતો. ગરીબ માણસ બિચારો અને બાયડી આવી કાળીમશ જેવી. એમાં છોડી ને છોકરો બેય આવ્યા. અને આદમી ફૂટેલી એક હાંડલી. છાશ કાંઈક લાવ્યા હશે. રોટલો ખાઈને બેઠા તો જાણે કે આહાહા..! મેં કીધું ચક્રવર્તી જેવા લાગે છે આ બધાય. બસ, એવા પ્રેમ બતાવે એકબીજાને. મૂર્ખા. પાછા હેઠે બેઠા હતા. ખાટલો થોડો હતો. બાર વાગે આવે ને, અગિયાર વાગે. ફૂટલી હાંડલી. એમાં થોડી છાશ અને રોટલો બાજરાનો. તે દિ' તો સોંઘુ હતું ને. આ (સંવત) ૧૯૮૪ની વાત છે. ઘણાં વર્ષ પહેલા, ૩૯ વર્ષ થયા.

મુમુક્ષુ :- એ તો પ્રત્યક્ષ દુઃખ છે, આ તો સાહ્યબી..

ઉત્તર :- આ પ્રત્યક્ષ દુઃખ છે. આ તો સુખ લાગે છે એમ બતાવ્યું. લહેર કરે છે. કાંઈ નહોતું ને લહેર કરતો હતો. બટકું ચાવતો હતો અને છાશનું ઓલું લેતો હતો. બાયડી લેતી ને છોકરા, છોડી. કીધું, જુઓને આ. ભિખારી છે અંદરના. અહીંયાં આ બધા તમે બધાના ... એમાં શું છે? છોકરાના લગન હોય ને લાખ-પચાસ હજાર ખર્ચવા હોય ને બધું ભેગું. ભિખારીની પેઠે ખાવા બેસે. સાટો ખાય ત્યાં આમ થઈ ગયા, સાટો ગળ્યો ખાધો. શું છે પણ? રાગ છે. રાગ છે ને આકુળતા એ તો દુઃખ છે. ભગવાનજીભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આપે. અમારા વાણિયામાં બહુ રિવાજ છે એ. શું કહેવાય એ?

મુમુક્ષુ :- બટકા.

ઉત્તર :- બટકા બહુ આપે આ મલૂકચંદભાઈને એ. હા, એ જૂના માણસને. પહેલેથી ઘર મોટું, સારું ઘર કહેવાયને એનું નાતમાં. પછી જાન-બાન આવે તો બટકા લે. આહાહા..! અને ઓલો બિચારો ખાઈને બેઠો હોય સરખું. હવે પણ શેઠ! ખાઈએ, હવે નથી ચાલે એવું હોં! આ બધા સખ. મૂરખ છે. મોહનભાઈ! શું છે? આ બધા સખ કેવા હશે તમારા પૈસાવાળાના?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દુઃખી છે. અહીં તો એ તો દુઃખ છે. અશુભની વાતેય નથી. અહીં તો વ્યવહારનયના પંચ મહાવ્રતના પાલનનો ભાવ પણ દુઃખરૂપ છે. ઓલી તો અશુભની વાત કરી. અહીં તો પંચ મહાવ્રતના ભાવ અહિંસા, સત્ય, દત્ત, સમિતિ. નીચે જોઈને ચાલે, નિર્દોષ આહાર લે એવો જે ભાવ શુભ એ દુઃખરૂપ છે. આહાહા..!

કહે છે કે ભોગના કારણરૂપ (છે). ભોગ શબ્દે? નવા સંયોગ મળે એના કારણરૂપ '**શુભકર્મમાત્ર,...**' શુભ પુણ્યમાત્ર એવા '**અભૂતાર્થ ધર્મને જ શ્રદ્ધે છે;...**' કહો, સમજાણું કાંઈ? બસ! એને એ શુભભાવ જ આવી ગયો આખો જાણે ઓહોહો..! '**તેથી જ તે અભૂતાર્થ ધર્મનાં...**' એ જૂઠા ધર્મના શ્રદ્ધાન. દેખો! એ વ્યવહાર મોક્ષમાર્ગ જે છે, વ્યવહાર શ્રદ્ધા. વ્યવહાર સમકિત કહે છે જેને લોકો. વ્યવહાર સમકિત એટલે દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, અગિયાર અંગના ભણવાનું જ્ઞાન અને પંચ મહાવ્રતના પરિણામ. એ વ્યવહારરત્નત્રય. એ જૂઠો ધર્મ છે. આહાહા..! સમજાણું કાંઈ? કહ્યું છે આ જયચંદ્ર પંડિતે. લખ્યું છે જયસેનાચાર્યે. વ્યવહાર મોક્ષમાર્ગ, આ નિશ્ચય મોક્ષમાર્ગ. ગાથા આવશે ને? ૨૭૬. એમાં ટીકામાં લીધું છે. આ વ્યવહાર મોક્ષમાર્ગ, આ નિશ્ચય મોક્ષમાર્ગ. વ્યવહાર મોક્ષમાર્ગ તે હેય છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે એવા જૂઠા ધર્મની વર્તમાન દશાને, શુભભાવ જે જૂઠો ધર્મ છે. જુઓ! આ પર્યાયમાં ભૂતાર્થ, અભૂતાર્થ શબ્દ વાપર્યો છે. સમજાણું કાંઈ? કોઈ કહે કે ટોડરમલજીએ ત્યાં આગળ વાપર્યું છે. '**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।**' એનો અર્થ કર્યો છે કે વ્યવહાર અભૂતાર્થ છે. ૧૧મી ગાથામાં તો દ્રવ્યને ભૂતાર્થ કીધું છે ને પર્યાયને અભૂતાર્થ કીધી છે. ટોડરમલે અહીં ક્યાંથી કાઢ્યું? વ્યવહારધર્મ તે અભૂતાર્થ છે, નિશ્ચયધર્મ તે ભૂતાર્થ છે એવું પર્યાયમાંથી કાઢ્યું છે એણે. એ આ રહ્યું આમાં. સમજાણું કાંઈ? એણે ઘરનું કાંઈ કહ્યું નથી. બધો આધાર અહીં છે, જુઓ! આમાં છે આ. એ કહે છે કે '**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।**' પર્યાય અને રાગ તે આશ્રય કરવા લાયક નથી માટે અભૂતાર્થ-જૂઠું છે. ભગવાન આત્મા '**भूदत्थो**' ભૂતાર્થ જ્ઞાયક ત્રિકાળ અસ્તિ તે શુદ્ધનય છે. તે આશ્રય કરવા લાયક છે માટે એ પોતે શુદ્ધનય છે. ત્યાં તો વસ્તુને ભૂતાર્થ કીધી અને પર્યાયને અભૂતાર્થ કીધી.

અહીં તો ધર્મની પર્યાયને ભૂતાર્થ કીધી છે અને રાગની પર્યાયને અભૂતાર્થ ધર્મ કીધો છે. કહો, સમજાણું કાંઈ? જૂઠા ધર્મના શ્રદ્ધાનને, બસ એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, બસ દસલક્ષણી પર્વના અપવાસ કર્યા કે આ કર્યું, આપણે થઈ ગયો ધર્મ. મૂઢ છે કહે છે. સમજાણું કાંઈ? આત્મા તરફના વલણનું ભાન નથી અને આ ક્રિયાકાંડ તારા એ તો શુભભાવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. ષોડશકારણ ભાવના. આ સોળ કરે છે ને અપવાસ ને શું કરે છે એકાંતરા? સોળ કારણ. સમજ્યાને? એ કાલે પૂરું થાય. નહિ? રત્નત્રયનું આજે પૂરું થાય. રત્નત્રય કરે ને? ૧૩, ૧૪, ને ૧૫. એ રત્નત્રય આજે પૂરું થાય અને ઓલાનું કાલે થાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મેં નથી એમ કહ્યું. મેં તો એમ કહ્યું કે ષોડશકારણ ભાવનાનો અપવાસનો છેલ્લો દિવસ કાલે આવે છે ને? ઓલા શરૂઆત કરે ત્યારે. એને ખબર નથી બહુ. રત્નત્રયની ૧૩, ૧૪, અને ૧૫ એ રત્નત્રયનો આજે છેલ્લો દિવસ છે. રત્નત્રય કરે ને? એનો છેલ્લો દિવસ. અને જે ઓલા એકાંતરા અપવાસ કરે ને એનો કાલે છેલ્લો દિવસ. એમ છે. સમજાણું કાંઈ? પણ તમે એનો ઉત્તર પણ ન આપ્યો સરખો. કાલે પૂરું થાય છે, ઓલું જે માંડ્યું હોય ને .. કાલે પૂરું થાય. રત્નત્રયનું ત્રણ દિવસનું આજે પૂરું થાય. અનંત ચતુર્દશીનું કાલે પૂરું થઈ ગયું. એમ ત્રણ પ્રકારની ... છે. ઠીકને? એ બધો વિકલ્પ છે, કહે છે. આ અનંતચતુર્દશીનો અપવાસ કર્યો એ પણ શુભરાગ છે. સમજાણું? આ રત્નત્રય કરે આત્માના ભાન વિનાનો એ રત્નત્રયનો શુભરાગ છે, આ ષોડશકારણ ભાવનાનો એ પણ શુભરાગ છે. સમજાણું કાંઈ? એને જ અજ્ઞાની ધર્મના શ્રદ્ધાન એવા વ્યવહારના ભાવને જ શ્રદ્ધે છે કે આ જ અમારો ધર્મ છે. અમે ધર્મ કર્યો છે.

‘**પ્રતીત...**’ એ જાતનું જ્ઞાન. પ્રતીત (અર્થાત્) એ જાતનું જ્ઞાન. અને ‘**રુચિ...**’ એ જાતની શ્રદ્ધા પોષાણમાં. ‘**અને સ્પર્શન...**’ અનુષ્ઠાન. એ રાગનો વિકલ્પ છે તેનું આચરણ છે એને. વ્યવહાર રત્નત્રયનું આચરણ છે એ શુભરાગનું આચરણ છે. અનુષ્ઠાન એ છે. આત્માનું અનુષ્ઠાન નથી. સમજાણું કાંઈ? ‘**ઉપરના ગ્રૈવેયક સુધીના...**’ આવા ભાવથી ઉત્કૃષ્ટપણે જાય તો નવમી ગ્રૈવેયકના ભોગ સુધીના ‘**ભોગમાત્રને પામે છે...**’ એવા સંયોગને પામે છે. નવમી ગ્રૈવેયક જાય. અભવિ અને ભવિ. જે વ્યવહારનયના પક્ષમાં પડેલો (એને) નિશ્ચયનું ભાન નથી, સ્વનો આશ્રય (નથી), વસ્તુ ભગવાન ચૈતન્યમૂર્તિ કોણ છે એનું વેદન નથી, શ્રદ્ધા નથી, જ્ઞાન નથી, એને આવા વ્યવહારનયના એકલા પક્ષવાળા ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ શુભભાવ હોય તો નવમી ગ્રૈવેયક સુધીનો સંયોગ મળે. નવ ગ્રૈવેયક જાય ઉપર. ‘દ્રવ્ય સંયમસે ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો.’ મિથ્યાત્વ છે. શુભરાગને ધર્મ માન્યો છે. શુભક્રિયાને પરિણામને એને જ ધર્મ માન્યો છે. સમજાણું કાંઈ?

‘**ઉપરના ગ્રૈવેયક સુધીના ભોગમાત્રને પામે છે પરંતુ કદાપિ કર્મથી છૂટતો નથી.**’ વ્યવહારનયથી, આશ્રયથી કદાપિ કર્મના એક પણ રજકણથી છૂટતો નથી. સમજાણું કાંઈ? સંવર, નિર્જરા શુભભાવથી થતી નથી એમ કહે છે. શુભભાવથી તો ઉત્કૃષ્ટ ભાવ હોય. કેવો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શુભભાવ? શુક્લલેશ્યા. દૃષ્ટિ મિથ્યાત્વ છે. ઓલો રાગ તે જ ધર્મ માને, વ્રત ને આ ક્રિયા મારી ધર્મ છે. એવો શુક્લલેશ્યા કે નવમી ગ્રૈવેયક જાય. મિથ્યાદૃષ્ટિ, અભવિ ને ભવિ. વ્યવહારનયના પક્ષમાં, રુચિમાં પડેલા. અહીં એને નય ગણી છે. નય નથી પણ એને એ જાતનો વ્યવહારાભાસ પણ નય ગણ્યો છે. વ્યવહારનયનું કીધું ને? વ્યવહારનય અભવિ પણ આચરે છે. એટલે ખરી વ્યવહારનય નથી. નિશ્ચય સહિત જે હોય એ તો નથી. સમજાણું કાંઈ? આ મોટી તકરારું લ્યો આના અર્થમાં. સમજ્યાને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. જરીએ નહિ. ખરું અશુભ તો મિથ્યાત્વ છે. ખરું અશુભ છે એ તો મિથ્યાત્વ અશુભ છે. એ તો શુભ પરિણામની ક્રિયાને ધર્મ માને તો અશુભ મિથ્યાત્વનું લાકડું પડ્યું જ છે. સમજાણું કાંઈ? ભેખ બદલ્યો. થોડોક વળી નરકમાં જાતો હોય તો આ સ્વર્ગમાં ગયો. ભેખ-શરીર બદલ્યું એમાં ભાવ ક્યાં બદલ્યો છે? વાત એવી છે ભાઈ! અત્યારે તો માણસને એ વાત સાંભળવી મુશ્કેલ પડે છે. જ્યાં ત્યાં બધી વાત વ્યવહાર... વ્યવહાર... વ્યવહાર. લોકો એમાં રાજી થઈ જાય, ખુશી થઈ જાય. આહાહા..! નગ્ન મુનિની આવી ક્રિયા. એક મહિના મહિનાના અપવાસ. વળી આહાર કરીને છોડે, આહાર છોડતા છોડતા પાણી છોડી દે છેલ્લે. પાણી છોડવામાં આઠ આઠ દિ' જાય. આહાહા..! આ ક્રિયા ભારે. બધી રાગના શુભની મિથ્યાત્વની ક્રિયા છે. સમજાણું કાંઈ? મોતીલાલજી!

'**તેથી તેને ભૂતાર્થ ધર્મના શ્રદ્ધાનના અભાવને લીધે...**' એ પર્યાય. નિર્વિકલ્પ આત્માની શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ એવો આત્મધર્મ. '**ભૂતાર્થ ધર્મના શ્રદ્ધાનના અભાવને લીધે (સાચું) શ્રદ્ધાન...**' સાચું શ્રદ્ધાન પણ. એમ કે ચારિત્ર નથી, જ્ઞાન પણ નથી, સાચું શ્રદ્ધાન પણ નથી. એમ કહે છે. સમજાણું કાંઈ? આત્મા ચૈતન્યમૂર્તિ જ્ઞાયકપ્રભુ, એના અંતરમાં સ્પર્શ કર્યા વિના, એનો અંદરમાં આશ્રય લીધા વિના આટલો આવો જે વ્યવહાર કરે છે એનું વ્યવહાર ચારિત્ર એ ચારિત્ર નથી, એ અગિયાર અંગનું જ્ઞાન પણ જ્ઞાન નથી અને આ વ્યવહારને માને છે તેની શ્રદ્ધા પણ સાચી નથી. '**શ્રદ્ધાન પણ નથી.**' '**અભાવને લીધે શ્રદ્ધાન પણ નથી.**' એટલે કે સાચું નથી. એમ કહેવું છે ને મૂળ તો. એ પછી નાખવું પડ્યું. પાઠ એમ છે ને. '**ततोऽस्य भूतार्थधर्मश्रद्धानाभावात् श्रद्धानमपि नास्ति।**' એમ. એ શ્રદ્ધા. સાચી શ્રદ્ધા. કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ઈ શ્રદ્ધાન જ નથી.

ઉત્તર :- શ્રદ્ધાન ક્યાં છે? સાચું શ્રદ્ધાન નથી. શ્રદ્ધાન છે ખરું. એ તો કહ્યું. અભૂતાર્થ ધર્મની શ્રદ્ધા છે. અભૂતાર્થ ધર્મની શ્રદ્ધા છે. હું બરાબર આચરણ કરું, વ્રત મારા ચોખ્ખા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે, બરાબર મારી ક્રિયા ચોખ્ખી છે. એમાં ક્યાંય દોષ લાગતો નથી. અતિચાર પણ લાવવા દેતો નથી. એ બધી શુભરાગની ક્રિયા છે. આત્મા તો અંદરમાં રાગરહિત નિર્વિકલ્પ એની અંદરની ક્રિયા થાય ત્યારે તે મોક્ષમાર્ગ કહેવાય. નહિતર મોક્ષમાર્ગ કહેવાય નહિ. સમજાણું કાંઈ?

'**આમ હોવાથી...**' હવે સરવાળો લીધો ત્રણે ગાથાનો. ત્રણેનો. ૨૭૩, ૨૭૪ અને ૨૭૫. ૨૭૩માં લીધું કે વ્યવહાર પ્રતિષેધ છે, નિશ્ચય પ્રતિષેધ કરનાર છે. કેમ? એનો આ દાખલો આપીને કહ્યું. '**આમ હોવાથી નિશ્ચયનય વડે...**' એટલે કે સ્વભાવના આશ્રય દ્વારા '**વ્યવહારનયનો નિષેધ યોગ્ય જ છે.**' પરાશ્રયનો ભાવ સ્વભાવનો આશ્રય કરીને છોડવા જેવો છે. કહો, સમજાણું કાંઈ? હેય છે, હેય.

'**ભાવાર્થ :- અભવ્ય જીવને ભેદજ્ઞાન થવાની યોગ્યતા નહિ હોવાથી...**' એ તો કહે છે કે, અભવિ છે ને માટે યોગ્યતા નથી. પણ અમારે તો છે ભેદજ્ઞાન. એમ. પણ વ્યવહારનો આશ્રય કરીને લાભ માને એને ભેદજ્ઞાન છે જ નહિ. ભેદજ્ઞાન કરવાની શક્તિ જ નથી. એમ કહે છે અહીં. સમજાણું કાંઈ? જે પરના પક્ષના વ્યવહારનયના વિકલ્પો જે વ્યવહારનય પોતે વિકલ્પ અને રાગરૂપ જ છે. એના પક્ષમાં પડ્યો છે એ જ બંધનો ભાવ છે. સમજાણું? એને ભેદજ્ઞાન નથી. રાગ વ્યવહાર પક્ષમાં પડ્યો તેને વ્યવહારથી ભિન્ન નિશ્ચય છે એનું ભાન નથી. ભેદજ્ઞાનનો અભાવ છે. ચાહે તો ભવિ હોય કે અભવિ.

'**નહિ હોવાથી તે કર્મફળચેતનાને જાણે છે...**' જુઓ! એમ ભાષા લીધી. કર્મફળચેતનાને જાણે છે. એટલે કે હરખ-શોકને જાણે છે. હરખ-શોક તે જ હું છું એમ માને છે. જાણે છે તો શબ્દ લીધો. જાણે, એ જાતનું જ્ઞાન કરે છે ને. સ્વસમય, પરસમયનું આવે છે ને બીજી ગાથામાં? '**પરંતુ જ્ઞાનચેતનાને જાણતો નથી;...**' આત્માના નિશ્ચયનું સમ્યગ્જ્ઞાન-દર્શન વેદન તેને તે જાણતો નથી. ખબર નથી કે આ તે શું ચીજ અને વેદવાની શું પર્યાય હોય તેની ખબર નથી. સમજાણું કાંઈ?

'**તેથી શુદ્ધ આત્મિક ધર્મનું શ્રદ્ધાન તેને નથી.**' શુદ્ધ આત્માના ધર્મનું શ્રદ્ધાન તેને નથી. એમ પાછો સરવાળો લીધો ને. ધર્મનું (શ્રદ્ધાન નથી). '**તેથી શુદ્ધ આત્મિક ધર્મનું શ્રદ્ધાન તેને નથી.**' સમજાણું કાંઈ? થોડું ભાઈ ઘરે વાંચીને મહેનત કરવી જોઈએ થોડી. અદ્ધરને અદ્ધરને અહીં રાખવું નહિ. ઘરે વાંચવું જોઈએ, મેળવવું જોઈએ થોડું. શોભાલાલજી! આ શેઠ આવ્યા તો કહ્યું, થોડું વાંચો ઘરે વાંચો થોડું થોડું. મેળવણી કરો શું છે આ? આ શું લખ્યું છે? શું ભાવ છે? શું સમજાણું? કે નથી આવ્યું? એમ ને એમ મળી જાય એવી નથી વસ્તુ કે ઉપરથી કોઈ આશિષ આપી દે અને મળી જાય. સમજાણું કાંઈ? ભગવાન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આત્માની આશિષ આવે ત્યારે મળે એવું છે.

**'તે શુભ કર્મને જ ધર્મ સમજી શ્રદ્ધાન કરે છે...'** વ્યવહારનયના પક્ષવાળા શુભપરિણામને ધર્મ માનીને શ્રદ્ધાને કરે છે. ધર્મ સમજીને. એ અમે ધર્મ કરીએ છીએ. પંચ મહાવ્રત પાળીએ છીએ. દુકાને બેઠા છીએ અમે? દુકાને ધંધો કરીએ છીએ? પંચ મહાવ્રત પાળીએ છીએ. ત્યાગ કર્યો છે. બાયડી-છોકરા અમારે ક્યાં (છે)? છે અમારે બાયડી-છોકરા? તમારે તો કેટલી ઉપાધિ બાયડી-છોકરાની. રાગ થાય એને ધર્મ માને છે. બધું છે તારી પાસે. સાંભળને હવે. આકરી વાત છે. બાયડી-છોકરા જેને હોય છતાં સમ્યગ્દૃષ્ટિ છે એને બાયડી-છોકરા નથી, એને રાગ પણ નથી એમાં. સાંભળને હવે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. છન્નું હજાર સ્ત્રી છે એને? ના. કોણ કહે છે કે એને છે? રાગ જ્યાં થયો એ રાગ નથી એનામાં. રાગને પોતાનો માનતો નથી ત્યાં પછી રાગ ક્યાં આવ્યો? સમજાણું? અને ઓલી બાયડી-છોકરા ન હોય તોપણ મોટી બાયડી-છોકરા બધી પડી છે. ઓલા રાગને ધર્મ, વ્યવહારને ધર્મ માને એને આખો સંસાર પડ્યો છે. એ વર્તમાન કદાચિત સ્વર્ગમાં જાય પણ પાછા કસાઈખાના માંડશે તેવો ભાવ એને છે. શુભ પલટીને અશુભ પાછો થયા વિના રહેશે નહિ. દૃષ્ટિ મિથ્યાત્વ છે માટે. સમજાણું કાંઈ?

**'ગ્રૈવેયક સુધીના ભોગને પામે છે પરંતુ કર્મનો ક્ષય થતો નથી.'** જરીએ અંશે પણ સંવર નિર્જરા થતી નથી એમ કહે છે. શુભભાવથી એટલે વ્યવહારનયથી. **'આ રીતે સત્યાર્થ ધર્મનું શ્રદ્ધાન નહિ હોવાથી...'** દેખો! આ રીતે સાચા ધર્મનું શ્રદ્ધાન નહિ હોવાથી. કહો, એનો ક્ષયોપશમ કામ નહિ કરતો હોય? ક્ષયોપશમ ઓછો હશે માટે હશે ને? શેઠ! જ્ઞાનમાં નહિ આવ્યું હોય ક્ષયોપશમ માટે હશે ને આવું? વસ્તુની દૃષ્ટિ જ કરી નથી. સમજાય છે કાંઈ? આહાહા..! અગિયાર અંગમાં આવ્યું હતું ને? અગિયાર અંગમાં આવ્યું તે શું આવ્યું? આવ્યું હતું પણ એણે દૃષ્ટિ તો કરી નહિ. અગિયાર અંગમાં તો એ આવ્યું હતું કે વિકલ્પ રહિત તારી ચીજ છે એનો અનુભવ કર. એનો અનુભવ કર ત્યારે ધર્મ થાય. બાકી ધર્મ છે નહિ. એમ અગિયાર અંગમાં કહ્યું હતું. કહ્યું પણ કર્યું નહિ.

**'આ રીતે સત્યાર્થ ધર્મનું શ્રદ્ધાન નહિ હોવાથી તેને શ્રદ્ધાન જ કહી શકાતું નથી.'** લ્યો! સાચા ધર્મની શ્રદ્ધા નથી માટે વ્યવહાર ધર્મને માનનારાને શ્રદ્ધા જ કહેવાતી નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ જ વાત. આ જ વાત છે ૭૨થી. વ્યવહાર અને નિશ્ચય બંધના અધિકારમાં

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નાખ્યા. સ્વના આશ્રયથી મુક્તિ છે, પરને આશ્રયે બંધ છે એ માટે નયનું અહીં નાખ્યું. અશુભભાવની તો વાત શી? સ્ત્રી, કુટુંબ, પરિવાર માટે રળવું, કમાવું એ તો પાપ છે. પણ આ પંચ મહાવ્રતના પરિણામ દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધા, દેવ-ગુરુ-ધર્મની ભક્તિ, પૂજા, બહુમાન એ બધો શુભરાગ, શુભરાગ, શુભકર્મ છે એ સંયોગને આપનારા છે. સ્વભાવને આપનારા નથી.

મુમુક્ષુ :- તીર્થંકરનો સંયોગ મળે.

ઉત્તર :- તીર્થંકરનો સંયોગ એને ક્યાં મળતો હતો? ભાવ તો ગયો. પછી ભાવ જ્યારે રાગ જાય ત્યારે વીતરાગ થાય છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાણું એ ભાવ ટાળીને વીતરાગ થાય ત્યારે એ પ્રકૃતિનો સંયોગ આવે. એમાં સંયોગ તો જ્ઞેયમાં આવ્યું. ત્રણ કાળને જાણ્યા એમાં એ સમવસરણ જ્ઞેયમાં આવ્યું. એને આવ્યું ને એને થયું ક્યાં એમાં? સમજાણું કે નહિ? જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ પણ અભૂતાર્થ-જૂઠો ધર્મ છે.

મુમુક્ષુ :- ધર્મી જીવને જૂઠો ધર્મ?

ઉત્તર :- હા. ધર્મીને શુભરાગ છે એ જૂઠો ધર્મ છે, પુણ્ય છે. સમજાય છે કાંઈ? સમ્યગ્દૃષ્ટિને જ તીર્થંકરગોત્રનો ભાવ હોય. મિથ્યાદૃષ્ટિને હોય નહિ. પણ એ ભાવ હેયબુદ્ધિએ તેમાં પ્રવર્તે છે. આદરવા લાયક નથી. સમજાણું કાંઈ? એને પુણ્યભાવ એવો આવી જાય છે. આવતા તીર્થંકરગોત્ર બંધાય. પણ દૃષ્ટિ રાગ ઉપર હેય છે. સ્વભાવનો આદર છે. રાગ નહિ. એ મને લાભ કરશે, તીર્થંકર પ્રકૃતિ બંધાણી માટે મોક્ષ જાઈશ એમ નથી. સમજાણું કાંઈ? એ રાગનો અભાવ કરી, સ્વરૂપની વીતરાગતા પ્રગટ કરશે ત્યારે ઓલી પ્રકૃતિ છે એનું ફળ સમવસરણરૂપે (આવે). એ તો જેમ લોકને દેખે એમ સમવસરણને જાણે ભેગું, એમાં એને નવું શું મળ્યું અને નવું આવ્યું શું?

મુમુક્ષુ :- ભગવાનનું સમવસરણ..

ઉત્તર :- સમવસરણ એટલે શું? આ અમથા નથી બેઠા આ બધા સામગ્રીમાં. એમ એ સામગ્રીમાં (છે). આમાં ને એમાં ફેર એને જ્ઞાનમાં શું છે? આહાહા..! એય.. શેઠી! આહાહા..! ભાઈ! કેવળજ્ઞાન જ્યાં થયું રાગરહિત જ્યાં. હવે પછી આ સમવસરણ એ તો ત્રણ કાળ ત્રણ લોકના ક્ષેત્ર ને બધું એક સમયમાં જાણે છે. એમાં વળી આ નવું મારે છે, મારે છે એમ છે ત્યાં? મને આવ્યું, આ પ્રકૃતિ મેં બાંધી હતી અને મને આવ્યું એમ છે ત્યાં? આહાહા..! એય..!

મુમુક્ષુ :- .. શોભા?

ઉત્તર :- કોની પણ શોભા? આત્માની? ૬૪ ઈન્દ્ર આમ ચામર ઢાળે અને .. થાય.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

શું છે પણ આ? પણ એ તો બધું જ્ઞેય છે. જેમ લોકનો છેલ્લો આકાશનો પ્રદેશ અમાપ-અમાપ એમ જેમ જ્ઞેયમાં છે, આ પણ જ્ઞેય છે. નજીક કે દૂર એમાં ફેર એને શું? એ તો જ્ઞેય છે. કેવળજ્ઞાનમાં જ્ઞેય (છે). કેવળજ્ઞાન થયું ત્યારથી જ્ઞેય જાણે છે. એમાં એ મને આવ્યું, મારે આવ્યું એ છે જ ક્યાં ત્યાં? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જ્ઞાન પ્રગટ થઈ ગયું કેવળજ્ઞાન. એ તો રાગનો અભાવ કરી સ્વરૂપની સ્થિરતા કરી અને શ્રેણી માંડીને કેવળજ્ઞાન થયું. હવે પછી પહેલો શુભભાવ હતો એ ગયો. ... ગયો. એનો બંધ પડ્યો રહ્યો. પછી જ્યાં કેવળજ્ઞાન થયું ત્યારે સમવસરણને એ બધું (થયું). એ તો જ્ઞેય છે. આવે છે ને? ભાઈ! સમવસરણમાં ..

મુમુક્ષુ :- સમવસરણમાં તો અદ્ધર બિરાજે છે.

ઉત્તર :- પણ અદ્ધર.. સિદ્ધ બિરાજે છે ત્યાં નિગોદના જીવ છે લ્યો. અદ્ધર છે એ. અહીં માખી ઊંચે બેસે છે, જુઓ! અદ્ધર થઈ ગઈને, ઊંચી થઈ ગઈ તમારાથી?

જ્ઞાન જ્યાં કેવળજ્ઞાન થયું એટલે બધું જણાયું. હવે હેઠે ને ઉપર ને નીચે આ ધૂળ ને .. બધા સમવસરણ જ્ઞેયમાત્ર છે. આવે છે ને? સમવસરણ .. ભાઈ! સમવસરણની સ્તુતિમાં આવે છે. નથી એ જ્ઞેયોમાં (તુજ પરિણતિ) સન્મુખ જરા. છે ને પણ એ તો વસ્તુ. એ તો જ્ઞેય છે બધું. રાગ જે હતો એને સ્વરૂપની સ્થિરતા દ્વારા વ્યય થઈ ગયો, વીતરાગતા થઈ ત્યારે કેવળજ્ઞાન થયું. કેવળજ્ઞાન થયું તો થઈ રહ્યું હવે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણે. એમાં સમવસરણ આને આવ્યું, અહીં થયું અને આ શોભા છે એમ રહ્યું ક્યાં ત્યાં? આહાહા..!

જગતને બહારના પદાર્થો સંયોગ હોય ને એની શોભા (લાગે છે). અહીં તો કહે છે કે રાગની શોભા મિથ્યાત્વ છે. સાંભળને હવે. એ શોભા પામતું નથી. શુભરાગ કષાયની મંદતા (છે), ભાઈ! એ ચૈતન્યની શોભા નહિ. એ શોભા રાગની નહિ તો એના ફળ બંધ થયા એની શોભા નહિ, તો બંધ થયો એના ફળની શોભા નહિ, ભાઈ! સમજાણું કાંઈ? પ્રતિષ્ઠા પામતો નથી. આવશે ને શ્લોક હજી. કળશમાં આવે છે. અબદ્ધસ્પૃષ્ટ. શુભભાવ પ્રતિષ્ઠા પામતો નથી, શોભતો નથી, સ્થિતિ પામતો નથી. એ સ્વરૂપમાં એ શોભા પામતું નથી. આહાહા..! પંચ મહાવ્રતના પરિણામ, અગિયાર અંગના ભણતર, બે મહિનાના સંથારાનો ભાવ.. સમજાય છે? અને શ્રદ્ધા વ્યવહારુ,.. ભાઈ! કહે છે કે આત્મામાં એને આધાર મળતો નથી. આત્માની પ્રતિષ્ઠા એમાં નથી. આત્માની શોભા એથી નથી. સમજાણું કાંઈ?

'**તેને શ્રદ્ધાન જ કહી શકાતું નથી.**' લ્યો એમ પાઠ છે. શ્રદ્ધા કીધી એને વ્યવહારની.

અભૂતાર્થ ધર્મની શ્રદ્ધા છે. પણ જૂઠા ધર્મની શ્રદ્ધાને શ્રદ્ધા જ કહેવાતી નથી એમ કહે છે.

'**આ પ્રમાણે વ્યવહારનયને આશ્રિત અભવ્ય જીવને જ્ઞાન-શ્રદ્ધાન નહિ હોવાથી...**' દેખો! જ્ઞાન, શ્રદ્ધાન, સમ્યક્ જ્ઞાન, સમ્યક્ શ્રદ્ધાન નહિ હોવાને લીધે '**નિશ્ચયનય વડે કરવામાં આવતો વ્યવહારનો નિષેધ યોગ્ય જ છે.**' છે? છેલ્લા બોલમાં. '**આ પ્રમાણે વ્યવહારનયને આશ્રિત...**' પરને આશ્રિત '**અભવ્ય જીવને જ્ઞાન-શ્રદ્ધાન નહિ હોવાથી...**' વ્યવહારનયને આશ્રિત અભવ્ય જીવને એટલું. '**જ્ઞાન-શ્રદ્ધાન નહિ હોવાથી...**' એ કાંઈ સાચું જ્ઞાન-શ્રદ્ધા છે નહિ. '**નિશ્ચયનય વડે કરવામાં આવતો...**' સ્વભાવનો આશ્રય લઈને જ્ઞાન-શ્રદ્ધા કરતા તે '**વ્યવહારનો નિષેધ યોગ્ય જ છે.**' વ્યવહાર રત્નત્રય તે આદરણીય નથી. સમ્યગ્દૃષ્ટિને હોય છે. કહેશે આગળ.

'**અહીં એટલું વિશેષ જાણવું કે-આ હેતુવાદરૂપ અનુભવપ્રધાન ગ્રંથ છે...**' ભોગ નિમિત્ત કીધું ખરું ને? ભોગ નિમિત્ત એટલે ભોગનો હેતુ છે ને એવો ભાવ કરે તો તો અશુભ પાપ છે. પણ એને રાગનો અનુભવ છે તો રાગના ફળરૂપે તો સંયોગ જ મળે. આત્માનો અનુભવ નથી એમ કહીને ભોગનો નિમિત્ત (કહ્યું). કેટલાક એમ કહે છે કે જુઓ! એ તો ભોગનું કારણ હોય એને માટે વ્યવહાર ખોટો છે. પણ અમારે ક્યાં? અમારે તો નિર્જરા માટે અમે તો વ્યવહારનો આશ્રય કરીએ છીએ. સમજાણું કાંઈ? આમાંથી કહે એમ અર્થ કરે છે. ગાથાના અર્થ ફેરવી નાખે. ભોગને કારણે જો વ્યવહારનયનો આશ્રય કરે તો એને બંધનું કારણ છે. અમારે કાંઈ ભોગનો (હેતુ નથી), અમારે તો ધર્મનો હેતુ છે.

(સંવત) ૧૯૯૫માં ગયા હતા ને ત્યાં. ૯૫માં નહિ. ૯૬. ૯૫. ૯૬-૯૬. ત્યાં. ગિરનાર. ડોક્ટરનો ભાઈ હતો ને. ડોક્ટર નેમિચંદ નહિ? નેમિચંદ. નેમિચંદભાઈ હતા એક શ્વેતાંબર. ૯૫ની જાત્રા કરવા ગયા હતા. પછી આ વાત ચાલે વ્યવહારની. રાગ છે, પુણ્ય છે, ભગવાનની ભક્તિ પણ શુભરાગ છે. પણ અમારે ક્યાં શુભરાગ કરવો છે? અમારે તો ભક્તિથી ધર્મ પામવો છે અમારે તો. પણ ભક્તિનો ભાવ એ જ તારો શુભરાગ છે. સાંભળને હવે. આવા ને આવા. નેમિચંદભાઈ હતા, નહિ? ડોક્ટરનું શું નામ? દીપચંદભાઈ. દીપચંદભાઈના મોટા ભાઈ હતા શ્વેતાંબર. પહેલી વાર જાત્રા ગયેલા. રાજકોટનું ચોમાસું પૂરું કરીને. કીધું, ભગવાનની ભક્તિ આદિ છે એ શુભભાવ છે. ધર્મ નહિ. અમારે પણ ક્યાં શુભ જોઈએ છે? અમે તો વીતરાગ પાસે ભક્તિ કરીએ છીએ એમાં વીતરાગતાનો ભાવ છે અમારે તો. વીતરાગનો ભાવ છે. પણ તારો પરદ્રવ્ય ઉપરનો ભાવ છે એ પોતે રાગ છે. સાંભળને! ક્યાંથી વીતરાગતા લાવ્યો? અમારે પણ એનું ફળ તો વીતરાગી હોય. અમારે તો ભક્તિનું ફળ વીતરાગી. પણ તારો ભાવ ભક્તિનો એ રાગ છે. રાગના ફળમાં વીતરાગ ક્યાંથી આવશે? એવા દાખલા

(આપે). શ્વેતાંબર હતા. દીપચંદભાઈના ભાઈ હતા. બહુ ભગત કહેવાતા. ક્રિયા બહુ કરે. પૂજા ને ભક્તિ. ગામમાં જૂનાગઢમાં રહે. ભગત કહેવાતા. પડિક્કમણું કરાવે, આમ કરે ને ફલાણું કરે. ઊભો રાખે ઓલાને. ભગત કહેવાય. શું પણ શેના ભગત? સમજાય છે? એ કહે, અમે ભગવાનની પૂજા ભક્તિ કરીએ (એમાં) અમારો હેતુ તો વીતરાગતાનો છે. અમારે ક્યાં રાગ કરવો છે? અમારે ક્યાં રાગ જોઈએ છે? પણ તું કરે છો રાગ અને નથી જોતો ક્યાંથી આવ્યું? આવા ને આવા. ભગવાનનું સ્મરણ કરે. અમારે તો વીતરાગતા જોઈએ. પણ એ સ્મરણ કર એ રાગભાગ શુભ છે, ત્યાં ક્યાં ધર્મ હતો? ભારે ભાઈ! સમજાણું કાંઈ? એ એમ કહે છે. અમારે ભોગને નિમિત્તે નથી. એ તો ભોગ નિમિત્તે કરે એને માટે છે. અમારે તો નિર્જરા માટે અમારો શુભભાવ છે. લ્યો ઠીક. ભાઈ! શુભભાવ તારો નિર્જરા માટે તું માને છો એ જ મિથ્યાત્વ છે. આહાહા..!

'**ભવ્ય-અભવ્યનો અનુભવની અપેક્ષાએ નિર્ણય છે.**' અહીં ભવ્ય અને અભવ્યનો અનુભવની અપેક્ષાએ નિર્ણય કર્યો છે. સમજાય છે? અભવિને ત્રિકાળી વ્યવહારનયનો અનુભવ છે એને નિશ્ચયનો અનુભવ નથી. એથી એનો દાખલો આપીને આ વાત કરી છે. પછી વાત વિશેષ છે થોડી એ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**ભાદરવા વદ ૧, મંગળવાર તા. ૧૯-૦૯-૧૯૬૭**
**ગાથા-૨૭૫ થી ૨૭૭, પ્રવચન-૩૪૧**

સમયસારનો બંધ અધિકાર ચાલે છે. બે નયનો વિષય. નિશ્ચયનય છે. નિશ્ચયનય એટલે જે નિશ્ચયનું જ્ઞાન એક ત્રિકાળ ધ્રુવ સ્વરૂપનો આશ્રય કરે. સમજાય છે? વસ્તુ છે ને વસ્તુ-આત્મા સામાન્ય અને વિશેષ બે રૂપે છે. આત્મા સામાન્ય રૂપે ધ્રુવ છે ત્રિકાળ, વિશેષ રૂપે એના ગુણભેદ અથવા અવસ્થામાં રાગ અને એની અવસ્થા વગેરે ભેદ છે. એમાં આખી વસ્તુનો વિષય કરે તેને તો પ્રમાણ કહીએ અને એના એક એક અંશને વિષય કરે તેને નય કહીએ.

અહીંયાં બે નય છે : નિશ્ચય અને વ્યવહાર. આત્મા એકરૂપ શુદ્ધ ચૈતન્ય... બેનું જ્ઞાન કરવું એ બરાબર છે. સામાન્ય ત્રિકાળ છે અને વિશેષ અવસ્થાઓ છે, ગુણો અનંત છે- એમ ભેદરૂપે એનું જ્ઞાન કરવું. એ બે નયનું જ્ઞાન બરાબર કરવું જોઈએ. બે નયના જ્ઞાન વિના વસ્તુ યથાર્થ સિદ્ધ થતી નથી. પણ બે નયના જ્ઞાનમાં એક નયનો આશ્રય કરવા લાયક છે અને એક નય જાણવા લાયક છે. એવો એનો વિવેક કરવો જોઈએ. સમજાય છે કાંઈ?

એમાં નિશ્ચય જ્ઞાયક સ્વરૂપ છે એને અહીંયાં નિશ્ચયનયનો આશ્રય કહ્યો છે. ખરેખર એ નિશ્ચયનય સ્વરૂપ, શુદ્ધનય સ્વરૂપ છે એ. પણ એનો આશ્રય સ્વભાવ તરફનો આશ્રય તે નિશ્ચયનય છે. એનાથી આત્માને સંવર, નિર્જરા અને મોક્ષ થાય છે. વ્યવહારનો જે ભેદ અને રાગાદિ ને પર્યાય છે એનો આશ્રય કરવા જાય તો આસ્રવ અને બંધ ઉત્પન્ન થાય છે. સંવર, નિર્જરા અને મોક્ષ ઉત્પન્ન થાય, આમ જાય તો આસ્રવ અને બંધ ઉત્પન્ન થાય. જીવ અને અજીવ બે ચીજ છે. સમજાય છે કાંઈ? માટે અહીંયાં વ્યવહારનયના વિષયને પ્રતિષેધ કરતી નય, નિશ્ચયનયનો આશ્રય કરતી નિશ્ચયનય એ આદરણીય છે અને વ્યવહારનયનો વિષય આદર કરવા લાયક નથી.

મુમુક્ષુ :- નિશ્ચયનયનો આશ્રય કરવા..

ઉત્તર :- સ્વભાવનો આશ્રય કરવો એ નિશ્ચયનય છે. એમ. બેમાં. બેમાં ચૈતન્યમૂર્તિનો આશ્રય કરવો તે નિશ્ચયનય છે. ભેદાદિનો આશ્રય કરવો તે વ્યવહારનય છે, પર્યાયનો આશ્રય એ વ્યવહારનય છે. આશ્રય શબ્દે એનું અવલંબન લેવું છે અને આ છે એ વ્યવહારનય છે. એને આશ્રયે આત્માને લાભ નથી. અહીં બંધ છે ને? એ બંધનો અભાવ કરવા માટે તો નિશ્ચયનય જ કામની છે. કારણ કે વ્યવહારનય પોતે તો બંધભાવનું લક્ષ કરે છે, બંધભાવને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

જાણે છે એટલે એ તો જાણવા લાયક ભલે હો, પણ આદરવા લાયક (નથી). કારણ કે બંધને છેદવો છે, મોક્ષનું પ્રયોજન સિદ્ધ કરવું છે એને તો એ બંધભાવ અથવા રાગાદિ છે એ જાણવા લાયક છે. આદરવા લાયક નથી. કારણ કે જે બંધભાવ છે એનો આશ્રય કરે તો બંધભાવ છૂટતો નથી. સમજાય છે કાંઈ? અને બંધભાવનો અભાવ કરી અને મોક્ષભાવ પ્રગટ કરવો છે. એને તો અબંધ સ્વરૂપ એવો જે ત્રિકાળ તેનો આશ્રય કરવાથી અબંધ પરિણામ પ્રગટ થાય અને આગળ વધતા અબંધ પર્યાયરૂપ મોક્ષ પણ પ્રગટ થાય. વ્યવહારનયનો આશ્રય તો રાગ છે. અને એનો આશ્રય કર્યે, રાગનો આશ્રય કર્યે રાગ તૂટે? સમજાય છે કાંઈ? એથી આ બંધ અધિકારમાં બે નયમાં એક નિષેધ કરવા લાયક છે અને એક આદરણીય છે એમ કહ્યું. છે બેય વસ્તુ. પર્યાય પણ છે એનામાં, દ્રવ્ય પણ છે એનામાં. સામાન્ય વિશેષ છે બેય.

મુમુક્ષુ :- રાજમાર્ગને વ્યવહાર

ઉત્તર :- રાજમાર્ગને વ્યવહાર કહેવો. વ્યવહાર કહેવો એટલે એ જાણવા લાયક છે.

મુમુક્ષુ :- રાજમાર્ગ મોટો માર્ગ છે ને.

ઉત્તર :- રાગ રાજમાર્ગ છે એમ કહે છે કેટલાક. વ્યવહાર એ રાજમાર્ગ છે. વ્યવહારથી ઘણા જીવો મુક્તિને પામે. એમ છે પણ એમ શી રીતે હોય? વ્યવહાર છે એ ભેદરૂપ છે, રાગરૂપ છે, પર્યાય શુભરાગરૂપ છે. હવે એનો આશ્રય કરે તો મુક્તિ થાય? કારણ કે પોતે બંધરૂપ છે. બંધનો આશ્રય કરે તો બંધભાવ થાય. હવે એમાંથી મુક્તિ થાય ક્યાંથી? શેઠી!

મુમુક્ષુ :- એ તો બંધનો રાજમાર્ગ છે.

ઉત્તર :- બંધનો માર્ગ છે. એ કહેશે એકમાં. સંપ્રદાય. વ્યવહાર એક મોટો રાજમાર્ગ છે. વ્યવહારથી ઘણા જીવો મુક્તિને (પામે છે). કહે છે, સાંભળ્યું છે? કહે છે એમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. પણ કીધું એમને ખબર છે કે નહિ? એનામાં અવતર્યા છે ને ઘણાં? 'બહુ દળ દિસે જીવના વ્યવહારે શિવયોગ.' એમ યશોવિજય કહે છે. એના ગુર્જર સાહિત્યમાં. 'બહુ દળ દિસે જીવના...' ઘણા જીવોનો સમૂહ તો વ્યવહારનયથી આશ્રય કરીને મુક્તિ પામનારા છે. એય..! એમ છે નહિ ભાઈ!

અહીં તો ન્યાય આપ્યોને પહેલેથી? કે વસ્તુ છે એ સામાન્ય સ્વભાવ છે એ અબંધ સ્વરૂપ છે. એની વિશેષ દશામાં રાગનું એકત્વ, રાગનો બંધ પણ છે. ભાવબંધ આપણે અત્યારે લેવો છે. એ રાગપણું છે, સંસારપણું છે, વિકારપણું છે, દુઃખપણું છે. એ જાણવા લાયક બરાબર છે. કારણ કે એ અંશ એનો છે એમ જાણવું જોઈએ અને આ ત્રિકાળ પણ મારો

છે એમ જાણવું જોઈએ. પણ જાણવામાં આનો વિવેક આદરવામાં આવે છે અને આનો વિવેક છોડવામાં આવે છે. સમજાણું કાંઈ?

એથી અહીં કહ્યું કે વ્યવહાર છે તે પ્રતિષેધ્ય છે. પ્રતિષેધ નામ નિષેધ કરવાને લાયક છે. નિશ્ચય તેનો પ્રતિષેધક છે, નિષેધ કરનાર છે. એ પણ અપેક્ષાથી વાત કરી. એનો અર્થ કે વસ્તુ જે છે એનો આશ્રય કરતા વ્યવહાર ત્યાં આવતો નથી. વ્યવહાર છૂટી જાય છે. એટલે પ્રતિષેધક નિશ્ચય છે એમ કહેવામાં આવે છે. ભારે વાત. કહો, સમજાણું કાંઈ?

કહે છે કે અહીંયાં વ્યવહારનયનો અનુભવ કરનાર ભવિ અને અભવિ જીવો એનો અનુભવ કરે છે એ તો રાગનો અનુભવ છે. અને રાગનો અનુભવ ખરેખર તો ભોગના કારણરૂપ બંધનું કારણ છે. ભોગ નામ સંયોગ મળે તેના કારણરૂપ એ ભાવ છે. સમજાણું? અને નિશ્ચયનય છે એ આત્માનો આશ્રય કરે છે પોતે તેથી તે મુક્તિનું કારણ છે. નિશ્ચયનયાશ્રિત મુનિવરો પ્રાપ્તિ કરે નિર્વાણની. એ ગાથાથી ચાલ્યું આવે છે ને આ બધું?

મુમુક્ષુ :- સંસારમાં..

ઉત્તર :- હા, એ બંધમાર્ગ. વ્યવહારનયનો આશ્રય એ બંધમાર્ગ છે. નિશ્ચયનયનો આશ્રય એ મોક્ષમાર્ગ છે. બેય પર્યાય છે. સામાન્ય છે, વિશેષ છે, પર્યાય પણ એની છે, એનામાં છે. પરની સાથે કાંઈ સંબંધ નથી અત્યારે. એનામાં ને એનામાં રાગ-દ્વેષ, પુણ્ય.. સવારમાં આવ્યું હતું, રાગ-દ્વેષ પુણ્ય-પાપ કરે તો જીવ જ કરે છે. જીવની પર્યાયમાં છે. સંસાર એની દશામાં છે. એની પર્યાયમાં વિકાર બંધભાવ છે. પર્યાય એટલે અવસ્થા. રાગમાં અટકેલી અવસ્થા એની દશામાં છે. અને રાગરહિત જ્ઞાયકભાવ ત્રિકાળ ધ્રુવ અંશપણે પોતાનું સ્વરૂપ છે ત્રિકાળી. બેનું જ્ઞાન કરવું. પણ બેનો આશ્રય કરવા લાયક નથી. સમજાણું કાંઈ?

કેમ કે જે ત્રિકાળ ધ્રુવ છે, નિર્વિકારી છે, એકરૂપ રહેનાર છે. એનો આશ્રય કરે તો ત્યાં દૃષ્ટિ ટકે, સ્થિર થાય તો મુક્તિ થાય. પણ વ્યવહારનય તો રાગવાળો... રાગાદિ છે એમાં ટકે શી રીતે અને એનો આશ્રય લેવાય શી રીતે? અને આશ્રય લક્ષ કરવા જાય તો રાગ છે એ તો. રાગને આશ્રયે રાગ છૂટે એમ બને નહિ. માટે નિશ્ચયનયનો આશ્રય કરતાં વ્યવહારનયનો આશ્રય છૂટી જાય છે.

ત્યારે એને કહે છે કે આ અનુભવ પ્રધાનનો ગ્રંથ છે. '**તેથી તેમાં ભવ્ય-અભવ્યનો અનુભવની અપેક્ષાએ નિર્ણય છે.**' વ્યવહારનયવાળા ભોગને માટે અનુભવે છે એમ કીધું છે. ભોગ શબ્દે રાગનો અનુભવ છે ત્યાં. એટલે અંદરમાં ખરેખર તો સ્વભાવનો અનુભવ નથી. એ રાગનો અનુભવ છે દયા, દાન આદિ. એ રાગના ફળરૂપે સંસારની જ એને અંતરમાં અવ્યક્તપણે ઈચ્છા અને ભાવના છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- અંતરમાં...

ઉત્તર :- અવ્યક્તપણે. ખબર નથી આમ. પણ રાગનો અનુભવ છે એટલે એની જ એને ભાવના છે. રાગના ફળની જ એને ભાવના છે. સમજાણું કાંઈ?

**'હવે જો આને અહેતુવાદ આગમ સાથે મેળવીએ તો-અભવ્યને વ્યવહારનયના પક્ષનો...'** જુઓ! અભવિ અને ભવિ મિથ્યાદૃષ્ટિ અનાદિના. આ તો દાખલો અભવિનો આપ્યો. ત્રણે કાળે એ ન છૂટે બંધ. કારણ કે અંદરમાં રાગનું એકત્વપણું, એને અંશમાં વ્યવહારનયનો સૂક્ષ્મ પક્ષ રહી જાય છે. સાધુ થાય, ત્યાગી થાય, મુનિ થાય, દિગંબર સાધુ થાય પોતે. ભવિ અને અભવિ. અનાદિની મિથ્યાદૃષ્ટિ કેમ રહી છે? તેને વ્યવહારનો પક્ષ અંદર રહે છે. નિશ્ચય જ્ઞાયકભાવ છે તેનો આશ્રય એને આવતો નથી, લેતો નથી. એની યોગ્યતા નથી. વ્યવહારનયના પક્ષકારની નિશ્ચયનો આશ્રય લે (એવી) એની યોગ્યતા જ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ. અહીં મિથ્યાદૃષ્ટિ છે ત્યાં સુધીની વાત છે ને. ભવિ હો કે અભવિ હો. જ્યાં સુધી એને વ્યવહારનયનો પક્ષ છે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. અંદર વિકલ્પ અને રાગ જે પરાશ્રિત થયેલો એનો જેને પ્રેમ અને એનો જેને અનુભવ અને એના ફળની પરંપરા છે ખરેખર તો. સમજાણું કાંઈ?

**'આને અહેતુવાદ આગમ સાથે મેળવીએ તો-અભવ્યને વ્યવહારનયના પક્ષનો...'** જુઓ! વ્યવહારનયના પક્ષનો. **'સૂક્ષ્મ, કેવળીગમ્ય આશય રહી જાય છે...'** આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે તેનો આશ્રય નથી કરતો એટલે એને વ્યવહારનયનો આશ્રય છે. એવો સૂક્ષ્મ અભિપ્રાય કેવળી જાણે એવો રહી જાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સૂક્ષ્મ. કારણ કે આમ તો મુનિ છે એ અગિયાર અંગ જાણે છે. અગિયાર અંગ ભણ્યો છે, જૈનનો સાધુ થયો હોય, દિગંબર સાધુ હોય, નવ તત્ત્વ છે એમ માને છે, છ દ્રવ્ય એમ માને છે, પર્યાય છે એમાં રાગ થાય એ જાણે છે, વસ્તુ છે એ રાગ વિનાની છે એમ લક્ષમાં છે-જાણવામાં છે. પણ અંદર રુચિમાં ઓલા રાગનો જ પક્ષ અંદર પડ્યો છે એકલો. રાગ વિનાની ચીજ છે તેનો આશ્રય છે નહિ. માટે રાગનો આશ્રય એટલે સૂક્ષ્મ વ્યવહારનયનો પક્ષ મિથ્યાદૃષ્ટિ અનાદિને અથવા અભવિને ત્રિકાળ રહી જાય છે. અભવિને ત્રિકાળ રહી જાય છે અને ભવિને જ્યાં સુધી મિથ્યાત્વ છે ત્યાં સુધી વ્યવહારનો પક્ષ રહે છે. સમજાણું કાંઈ? ભારે.

ઊંડે ઊંડે ભગવાન આત્મા આનંદની મૂર્તિ છે. એ વાત વ્યવહારના પરાશ્રય રાગ વિકલ્પ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે દયા, દાન આદિ ભક્તિ, પૂજા, વ્રત.. સમજાય છે? એવા ભાવનો પક્ષ અંદરમાં મીઠાશ રહી જાય છે. એથી તેને ચૈતન્યના અંતરનો આશ્રય લેવાનો અવકાશ રહેતો નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ બંધ અધિકાર છે. વ્યવહારનયનો પક્ષ છે એ બંધ અધિકાર છે. આહાહા..!

મુમુક્ષુ :- આત્માના સ્વરૂપને વીતરાગી જાણે છે.

ઉત્તર :- લક્ષમાં છે. એને ખ્યાલમાં નથી આવ્યું કે આ વસ્તુ આવી છે? પણ રુચિમાં નથી આવી. એનો ખ્યાલ કર્યો પણ રુચિમાં આવી નથી. સમજાય છે?

મુમુક્ષુ :- રુચિ નથી તો શ્રદ્ધાન નથી.

ઉત્તર :- રુચિ અને શ્રદ્ધાન એક જ છે ને. એને રુચિમાં રાગની જ રુચિ પડી છે. કારણ કે પડખું ફેરવતો નથી. પડખું સમજો છો? કરવટ. એ અંદરમાં પર્યાય બુદ્ધિમાં, રાગબુદ્ધિમાં, વિકલ્પબુદ્ધિમાં પડ્યો છે તો પડખું ફેરવતો નથી. અંદરમાં ભિન્ન ચીજ છું એ દૃષ્ટિ કરતો નથી. માટે વ્યવહારનો સૂક્ષ્મ પક્ષ એને રહી જાય છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા. અહીંયાં ને અહીંયાં બહારની પ્રવૃત્તિ. બહાર નહિ, હોં! અંદર રાગ. વિકલ્પ રાગ દયા, દાન, શુભરાગ અંતર સૂક્ષ્મપણે મીઠાશનો અનુભવ રાગનો રહી જાય છે. એ વ્યવહારનયનો પક્ષ છે કેવળીગમ્ય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આપણા સમાજમાં એની મહિમા થાય છે.

ઉત્તર :- વાત જ એ કહે છે કે એને અંદરના સ્વભાવના ભાન વિના મેળ કોઈ દિ' ખાય એવું નથી. એવી વાત છે આ. પર સામું જોઈને વિકલ્પમાં મીઠાશ રહે ત્યાં સુધી એને વ્યવહારનો પક્ષ છે એમ કહે છે. કહો, શેઠી! આખા સમાજને માટે આ વાત છે. અનાદિનો સમાજ મિથ્યાદૃષ્ટિ વ્યવહારના પક્ષમાં કેમ રહ્યો અને કેમ સ્વભાવને પડખે નથી આવતો? અહીં તો અભવિનું દૃષ્ટાંત છે. ત્રણે કાળે એને વ્યવહારનો પક્ષ રહી જાય છે એનો દાખલો આપ્યો. ત્રણે કાળ એને રાગનો વ્યવહારનો પક્ષ રહી જાય છે એનો દાખલો આપ્યો. માટે વ્યવહારનય નિષેધ કરવા લાયક છે એમ સિદ્ધ કરવું છે અહીં તો. સમજાણું કાંઈ? આહાહા..!

વાત તો સીધી છે. ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે ને. એક સમયની પર્યાયમાં ભલે ચાહે તેટલો વિકાસ હો, ચાહે જેટલી વ્યવહારની શ્રદ્ધા આદિ હો, દેવ-ગુરુની શ્રદ્ધા હો, પંચ મહાવ્રતના પરિણામ હો, પણ એ બધો ભેદરૂપ વિકલ્પ છે એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કાંઈ આખો આત્મા નથી. એની ઊંડે રુચિ છે એ વ્યવહારનયની રુચિ છે અને એ બંધની જ રુચિ છે અને બંધમાં જ રહેનારો છે એ. સમજાણું કાંઈ?

‘**જે છદ્મસ્થને અનુભવગોચર નથી પણ હોતો,...**’ નથી પણ હોતો. નથી જ હોતો એમ કાંઈ નહિ. ‘**માત્ર સર્વજ્ઞદેવ જાણે છે; એ રીતે કેવળ વ્યવહારનો પક્ષ રહેવાથી તેને સર્વથા એકાંતરૂપ મિથ્યાત્વ રહે છે.**’ ભાષા જુઓ! ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ એવો આખો ભાગ દૃષ્ટિમાં રહી જાય છે. અને આટલો રાગની પર્યાયનો, પર્યાય અને રાગને અંશ વિકલ્પ દયા આદિનો ભાવ તેના લક્ષમાં રહી જાય છે. એ સર્વથા એકાંતરૂપ મિથ્યાત્વ છે. વ્યવહારનયના પક્ષમાં સર્વથા એકાંતરૂપ મિથ્યાત્વ છે એમ કહે છે, ભાઈ! નિશ્ચયનયના પક્ષમાં આવી અને વ્યવહાર ભાગ છે તેને જાણે તો અનેકાંત થઈ ગયું એ તો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં તો અનેકાંત મિથ્યા થઈ ગયું. એકલો રાગ ને પુણ્ય ને દયા, દાન ને વર્તમાન વિકાસ ઉઘાડ. બસ એટલું એમાં એકત્વપણું છે એ એકાંત મિથ્યાત્વ છે. આખો ભાગ પરમાત્મા નિત્યાનંદ સ્વરૂપ રહી ગયો. અને નિશ્ચય ત્રિકાળ જ્ઞાયકભાવનો આશ્રય લીધો, સમ્યક્ એકાંત કરીને, પછી રાગ બાકી છે એને જાણવા લાયક છે તો એને અનેકાંત થઈ ગયું. અંતરનો આશ્રય બિલકુલ નહિ ચૈતન્યનો અને એકલા રાગની ક્રિયાકાંડ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કેટલી તે શુક્લલેશ્યા (સુધીની). સમજાણું કાંઈ?

કહે છે, ‘**તેને સર્વથા એકાંતરૂપ મિથ્યાત્વ રહે છે.**’ ભાષાની શૈલી શું છે જુઓ! એ જયચંદ્ર પંડિતે ખુલાસો કર્યો છે. ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ અંતરમાં આશ્રય લેવાલાયક કે જેમાંથી નિધાન નીકળે. નિધાન આખું પડ્યું છે એના ઉપર દૃષ્ટિ નથી, એનું એને માહાત્મ્ય આવતું નથી. બસ, એ રાગની ક્રિયા વસ્તુ કષાય મંદ, કષાય મંદ, કોમળતા.. કોમળતા... ઓહોહો..! આહા..! એનો અંદર બસ, થઈ ગયું આપણે .. એવો વ્યવહારનયનો પક્ષ એકાંત મિથ્યાત્વ છે. શેઠી! આહાહા..! જયપુરથી આવ્યા અહીંયાં, ભાગ્યશાળી છે ને એટલા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. કારણ કે આ વસ્તુ એવી છે. આહાહા..!

ભાઈ! આખો પ્રભુ પડ્યો રહ્યો છે ને તારી પાસે? અને એક રાગની અને એક સમયની પર્યાયની રુચિ! બસ, ત્યાં આટલી રુચિ! એ વ્યવહારની રુચિ છે. એક સમયની પર્યાય અને રાગની રુચિ છે એ વ્યવહારની રુચિ છે. એકાંત વ્યવહારની રુચિ. સમજાય છે કાંઈ?

‘**અભવ્યને આ વ્યવહારનયના પક્ષનો આશય સર્વથા કદી પણ મટતો જ નથી.**’ સર્વથા અને કદી પણ. અભવિનો દાખલો દીધો છે ને? કદી કોઈ કાળે અને સર્વથા પણ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જરીએ છૂટતો નથી. એનો સિદ્ધાંત એ છે કે જ્યાં સુધી અજ્ઞાનીને સાધુ થાઓ, શ્રાવક નામ ધરાવો, ક્રિયાકાંડ કરો, નગ્ન મુનિ હો, અઠ્યાવીસ મૂળગુણ પાળો, પણ જ્યાં સુધી રાગનો વિકલ્પ છે તેનો પક્ષ છે અને આ મને ધર્મ છે એવો મિથ્યાત્વભાવ છે ત્યાં સુધી તેનું રખડવું મટતું નથી. સમજાણું કાંઈ?

**'હવે પૂછે છે કે નિશ્ચયનય વડે નિષેધ્ય (અર્થાત્ નિષેધાવાયોગ્ય) જે વ્યવહારનય, અને વ્યવહારનયનો નિષેધક જે નિશ્ચયનય-તે બન્ને નયો કેવા છે?'** સમજાય છે ને? **'એવું પૂછવામાં આવતાં વ્યવહાર અને નિશ્ચયનું સ્વરૂપ કહે છે :-'**

**आयारादी णाणं जीवादी दंसणं च विण्णेयं।**
**छज्जीवणिकं च तहा भणदि चरित्तं तु ववहारो।।२७६।।**
**आदा खु मज्झ णाणं आदा मे दंसणं चरित्तं च।**
**आदा पच्चक्खाणं आदा मे संवरो जोगो।।२७७।।**

નીચે હરિગીત.

**'આચાર' આદિ જ્ઞાન છે, જીવાદિ દર્શન જાણવું,**
**ષટ્જીવનિકાય ચરિત છે,-એ કથન નય વ્યવહારનું. ૨૭૬.**
**મુજ આત્મ નિશ્ચય જ્ઞાન છે, મુજ આત્મ દર્શન-ચરિત છે,**
**મુજ આત્મ પ્રત્યાખ્યાન ને મુજ આત્મ સંવર-યોગ છે. ૨૭૭.**

એની ટીકા. ક્યાં ટીકા શરૂ થાય છે? શેઠ!

મુમુક્ષુ :- આચારાંગ આદિ...

ઉત્તર :- બસ. બરાબર છે બરાબર. ભાઈ હવે શેઠિયા માણસનું ધ્યાન તો..

**'ટીકા :- આચારાંગ...'** એ શબ્દ લીધો છે. કેમ લીધો છે? કે ભગવાને સર્વજ્ઞે કહેલા જે શાસ્ત્ર એમ લેવું છે અહીં. અન્યમતિના શાસ્ત્રો અજ્ઞાનીએ કહેલા એને તો વ્યવહારજ્ઞાન પણ કહેવામાં આવતું નથી. એ વ્યવહારેય જ્ઞાન નથી. એવી વાત છે. એય..! **'આચારાંગ આદિ...'** નામ મૂળ લીધું છે આચાર્યે. આચારાંગ જે સર્વજ્ઞ ભગવાને કહેલા. અગિયાર અંગ. આચારાંગ, સૂયગડાંગ, ઠાણાંગ, સમવાયાંગ કીધું હતું ને? એક એક આચારાંગમાં ૧૮ હજાર પદ, એક એક પદમાં ૫૧ કરોડ જાજેરા શ્લોક. સર્વજ્ઞ સિવાયના જેટલા કથનો અજ્ઞાનીના, વેદાંતના, બીજાના એનું તો જ્ઞાન જ વ્યવહારે ખોટું છે એમ સિદ્ધ કરવું છે, ભાઈ! આહાહા..! જુઓ! આચાર્યની એક પદ્ધતિ. વ્યવહારનો નિષેધ નિશ્ચયથી. પણ ક્યો વ્યવહાર?

ભગવાને કહેલા **'આચારાંગ આદિ શબ્દશ્રુત...'** ભગવાનના મુખમાંથી નીકળેલા, પરમેશ્વરે કહેલા, જૈન પરમેશ્વરે કહેલા **'આચારાંગ આદિ શબ્દશ્રુત તે જ્ઞાન છે...'** એમ કહ્યું. **'કારણ**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**કે તે (શબ્દશ્રુત) જ્ઞાનનો...**’ એ જ્ઞાન જે ઉઘડે છે ને એમાં એ શબ્દશ્રુત આશ્રય છે. પણ એ ભગવાનના કહેલા શાસ્ત્રોનો આશ્રય છે માટે તે જ્ઞાનને વ્યવહાર કહેવામાં આવે છે. ન સમજાણું? સમજાણું કાંઈ? કે જે આ આચારાંગ આદિ સૂયગડાંગ, ઠાણાંગ આદિ છે ને એ શબ્દશ્રુત છે. એનું અહીં જાણપણું કરે છે એમાં એ જાણપણાનો આશ્રય એ શબ્દશ્રુત છે. માટે તે જ્ઞાનને વ્યવહાર કહે છે. નિશ્ચય જ્ઞાન નથી સાચું. શબ્દજ્ઞાન જ્ઞાન તો ઉઘાડ છે. પણ ઉઘાડમાં આ નિમિત્તનો આશ્રય છે. વીતરાગના કહેલા શાસ્ત્રોનો આશ્રય જ્ઞાનમાં છે. અજ્ઞાનીએ કહેલા શાસ્ત્રોનો જેને જ્ઞાનમાં આશ્રય છે એને તો વ્યવહાર પણ કહેવામાં આવતો નથી. આહાહા..! સમજાણું કાંઈ?

આ સમયસારની રચના તો અદ્વૈત અજોડ થઈ ગઈ છે! આહાહા..! આચાર. પાઠ કીધો છે ને? ‘**आयारादी णाणं**’ આચારાંગ હોં પાછા. આચાર એટલે આચાર પાળવો એમ નહિ. ભગવાનના મુખે નીકળેલી શાસ્ત્ર આગમ ધ્વનિ, દિવ્યધ્વનિ એમાંથી રચાયેલા ગણધરોએ આચારાંગ, સૂયગડાંગ આદિ. એના તરફના વલણવાળું જે જ્ઞાન એનો જ્ઞાનનો આશ્રય તો ઓલા શબ્દો છે. એ જ્ઞાનનો આશ્રય કાંઈ આત્મા નથી. માટે એ જ્ઞાનને વ્યવહાર કહેવામાં આવે છે. અને નિષેધવા લાયક છે એ જ્ઞાન. કારણ કે પર તરફના લક્ષવાળું છે. સમજાણું કાંઈ? આહાહા..! મોતીલાલજી! આહાહા..! ભારે વાત ભાઈ!

કહે છે કે, સર્વજ્ઞ પરમેશ્વર, જેને એક સમયમાં ત્રિકાળ જ્ઞાન હતું. એમની જે વાણી નીકળી, શાસ્ત્રરૂપે લખી ગણધરોએ અને એ શાસ્ત્રનું જેને જ્ઞાન થયું, તેના જ્ઞાનમાં એ શબ્દોનો આશ્રય નિમિત્ત છે. જેના જ્ઞાનમાં સર્વજ્ઞ સિવાયના શાસ્ત્રો વેદાંત આદિએ કહેલા, બૌદ્ધાદિએ કહેલા એવા શાસ્ત્રનો આશ્રય થઈને જે જ્ઞાન થાય એ તો વ્યવહારેય જ્ઞાન નથી. એનું જ્ઞાન તો વ્યવહારે પણ ખોટું છે. સમજાણું કાંઈ? આહાહા..! ક્યાં ભટકે છે કેટલાય જીવો. ક્યાંનું ક્યાંય જાણે ક્યાંક હશે, અહીં હશે, અહીં હશે. બિચારા.

અહીં તો પરમેશ્વરની વાત કુંદકુંદાચાર્ય એવી રીતે મૂકે છે કે પરમેશ્વરે કહેલા શાસ્ત્રો જેમાં ષટ્ દ્રવ્યની વ્યાખ્યા હોય. ભાઈ! ષટ્ દ્રવ્યની વ્યાખ્યા હોય, જેમાં ષટ્ દ્રવ્યના અનંત ગુણ પર્યાયની વ્યાખ્યા હોય. એવી અન્યમતમાં ક્યાંય હોઈ શકે નહિ. જેમાં ષટ્ દ્રવ્યમાં ધર્માસ્તિ, અધર્માસ્તિ, અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, એક એકમાં અનંતા ગુણો એની અનંતી પર્યાય, એવું જેનું વર્ણન શાસ્ત્રમાં છે, એવા શાસ્ત્રનું લક્ષ કરીને જે જ્ઞાન થયું એ પણ બંધનું કારણ છે, મોક્ષનું કારણ નથી. આહાહા..! એય..! .. ભગવાન કહે છે. આહાહા..!

જે કોઈ અજ્ઞાની હજી આવા સર્વજ્ઞના શાસ્ત્રોના જ્ઞાનને મૂકીને બીજાના શાસ્ત્રના અજ્ઞાનીનો આશ્રય લેવા જાય છે એને તો નિશ્ચય તો નથી પણ એનો વ્યવહાર પણ સાચો નથી.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- એકાંત વ્યવહાર...

ઉત્તર :- એકાંત વ્યવહાર પણ સાચો નથી. આહાહા..!

કુંદકુંદાચાર્યની રચના ગજબની છે! ત્રણેમાં મુકશે. જૈનદર્શનનો વ્યવહાર.

**'આચારાંગ આદિ શબ્દશ્રુત...'** છે એ તો. એનું જે જ્ઞાન છે અહીં ઉઘાડ પોતામાં, હોં! **'કારણ કે તે (શબ્દશ્રુત) જ્ઞાનનો આશ્રય છે,...'** ઉઘડેલા વિકાસના જ્ઞાનમાં ક્ષયોપશમમાં એ શબ્દશ્રુતનો આશ્રય નિમિત્ત છે. જેમાં ષટ્ દ્રવ્ય કહ્યા, નવ તત્ત્વ કહ્યા, પ્રમાણ-નયની વિશેષ વસ્તુ કીધી. સમજાય છે? એવા આચારાંગ, સૂયગડાંગ, ઠાણાંગ, સમવાયાંગ, ભગવતી, જ્ઞાતા, ઉપાસક, .. અને વિપાક. અગિયાર અંગના નામ છે આ. દૃષ્ટિવાદ તો બારમું છે. સમજાય છે કાંઈ? અહીં તો એમ પણ કહેવા માગે છે. જે આ જૈન સંપ્રદાયમાં પણ બીજો સંપ્રદાય પડ્યો છે એ આચારાંગ આદિ એનામાં છે જ નહિ. ભાઈ! એ તો કલ્પિત આચાર્યોએ બનાવેલા શાસ્ત્રો છે.

મુમુક્ષુ :- નામ તો આપ્યા છે.

ઉત્તર : નામ દીધું ને. નામ તો આચારાંગ આપ્યું છે. પણ એ આચારાંગ ભગવાનના કહેલા આચારાંગ નથી. કલ્પિત બનાવેલા છે. આહાહા..! એ આચારાંગમાં ભગવાનને બે મા ઠરાવ્યા, બે મા ઠરાવ્યા, બે બાપ ઠરાવ્યા. એય..! કલ્પસૂત્ર એ ભગવાનની વાણી નથી. એનું જે જ્ઞાન છે એ તો વ્યવહારે ખોટું જ્ઞાન છે. ઝીણી વાત છે, બાપુ! આહાહા..! સમજાણું કાંઈ? એય..! ભગવાનજીભાઈ! બધું સાંભળ્યું હશે કે નહિ તમે ચોમાસામાં? સાંભળ્યું નહિ હોય ક્યાંય?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ..માં થોડું થોડું. ..માં સમજે છે ને પહેલા. આઠ દિ' ચાલે ને.

મુમુશ્રુ :- આ વિશેષ વાત છે.

ઉત્તર :- આ તો એમ નહિ અહીં તો કેવી રીતે વ્યવહાર પણ મૂકે છે કે વ્યવહાર કેવો? કોને વ્યવહાર કહેવો કે જે વ્યવહાર નિષેધ યોગ્ય છે? આહાહા..! બીજો તો વ્યવહાર પણ નથી. એય.. શેઠ! એ શેઠે પણ ગપ્પા જ હલવ્યા છે અત્યાર સુધી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ બધા એમાં છે, જુઓ એ. સામાયિક કરનારા, પોષા કરનારા જુઓ. આ એના લગનમાં પણ રાતે ખાધું નહોતું એવા છે એ. લગનને દિવસે રાતે નહિ. ઓલું કહેવાય ને આપણે શું કહેવાય? કલવ્યો. કલવો. કલવો એ વખતે લગનનો દિવસ હોય ને રાતે લાપસી કાંઈક લઈ જાય છે. શું લઈ જાય છે? આપણને કાંઈ ખબર નથી હોં! કલવો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કલવો કરતા હોય. લાપસી. કંસાર લઈ જાય. લગનના દિવસે ત્યારે હું હતો ને. (સંવત) ૧૯૬૯ની સાલ. ગઢડા લગન કરવા આવ્યા હતા. .. કામદારને ત્યાં. વર એવા છે કે રાતે ખાતા નથી. પછી હું ગયો હતો એના બાપ પાસે. નાગરભાઈ પાસે. ઓલા કામદારને ત્યાં ઉતર્યા હતા. નહિ ઓલી મોંઘીબાઈનું? મોંઘીબાઈ કામદાર નહિ? ઓલી કોર મોંઘીબાઈ છે.

મુમુક્ષુ :- રાયચંદ કામદાર.

ઉત્તર :- હા. ત્યાં ઉતર્યા હતા. નરસીભાઈ ને હું બેય ત્યાં ગયા હતા. ૬૯ની વાત છે. સંવત્ ૬૯. ૭૦ પહેલા. દીક્ષા પહેલા. એ વર એવો આવ્યો છે કે રાતે ખાતા નથી. એવો .. છે. .. છે એમ વાતું ચાલતી હતી. જે હોય તે. એ તો સામાયિક કરનાર હોં! પોષા કરનારા, પડિક્કમણા કરનાર. ૯૯ની સાલમાં પણ વ્યાખ્યાન સાંભળવા ત્યાં જાય પહેલા, બપોરે વળી અહીં આવે. રાણપુરમાં ગયા હતા ને અમે જ્યારે ૯૯માં પરિવર્તન કર્યા પછી. ધર્મચંદભાઈ આવ્યા છે કે નહિ? નથી. નિશાળમાં ગયા હશે.

મુમુક્ષુ :- તાવ આવે છે.

ઉત્તર :- તાવ આવે છે હજી? હજી આવવા માંડે છે પાછો? ઓહોહો..! રાતે કલવો.. વર છે એ રાતે ચોવિહાર કરે છે. લગનમાં ચોવિહાર. લગનના દિવસે ચોવિહાર. લગન સમજો છો? શાદી. એ દિવસે રાતે. જગજીવનભાઈ ચોવિહાર કરે છે. પાણી નહિ, આહાર નહિ. બાયું લઈને આવે થોડું ખવડાવવા ફલાણું, ઢીંકણું. બોલતી હશે. બોલતી બોલતી આવે. ગપે ગપ હોય બધા. આ બધા ત્યાં અમે ધર્મ કરીએ છીએ એમ માનતા હતા. એય..! મલૂકચંદભાઈ!

મુમુક્ષુ :- બધાયની વાત ભેગી..

ઉત્તર :- આ તો એક દાખલો છે.

અહીં તો કહે છે કે જે અજ્ઞાનીના કહેલા શાસ્ત્રોનું જેને જ્ઞાન છે એને તો વ્યવહારે પણ જ્ઞાન કહેવામાં આવતું નથી. આહાહા..! તો એણે નક્કી કરવું પડશે કે નહિ? કે જ્ઞાનીના ક્યા શાસ્ત્રો છે અને અજ્ઞાનીના ક્યા શાસ્ત્રો છે? કહો, અમરચંદભાઈ! આહાહા..!

**'આચારાંગ આદિ...'** આદિ એટલે અગિયાર અંગ બધા. સૂયડાંગ, ઠાણાંગ, સમવાયાંગ. એ **'શબ્દશ્રુત તે જ્ઞાન છે...'** ભાષા જુઓ એની. કેમ? કેમ એ શબ્દશ્રુતને જ્ઞાન કહ્યું? **'તે (શબ્દશ્રુત) જ્ઞાનનો આશ્રય છે,...'** જે વિકાસ થયો છે એમાં શાસ્ત્રના શબ્દો આચારાંગના ભગવાનના કહેલા શાસ્ત્રોનું એમાં નિમિત્તપણું છે. નિમિત્તને લક્ષે વિકાસ પોતાથી અહીં થયેલો છે. પણ એ જ્ઞાન વ્યવહાર છે, બંધનું કારણ છે, એનો આશ્રય લેતા આત્માને રાગ થાય છે. સમજાણું કાંઈ? આરે.. આરે.. ભારે ભાઈ! એક વાત.

**'જીવ આદિ નવ પદાર્થો દર્શન છે...'** જુઓ! કેટલી શૈલી મૂકી છે! મૂળ પાઠમાં

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે હોં એ. '**जीवादी दंसणं**'. નવ તત્ત્વની વ્યાખ્યા. અને નવ તત્ત્વની વ્યાખ્યા એ વીતરાગમાર્ગમાં જ છે. જીવ, અજીવ, આસ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ આદિ. પુણ્ય-પાપ એમાં આસ્રવમાં આવી ગયા. એવા જે નવ પદાર્થ છે, જે ભગવાનના કહેલા છે, ભગવાનના શાસ્ત્રમાં કહેલા છે. બીજે તો નવ પદાર્થ હોય નહિ. બીજે તો કાં એકલો આત્મા છે, કાં તો બે જીવ અને જડ બે છે, કાં તો આમ છે ને તેમ છે. ધર્માસ્તિ, અધર્માસ્તિને માનતા નથી. વળી કેટલાક આકાશ ને કાળ ને એવું માને.

અહીં તો કહે છે કે જેમાં નવ તત્ત્વો (રહેલા છે), એની જેને શ્રદ્ધા છે. છે? '**જીવ આદિ નવ પદાર્થો દર્શન છે...**' નવ પદાર્થ તે દર્શન છે. એ સિવાયના એક-બે આદિ પદાર્થ માનતા હોય અને બીજા વિરૂદ્ધ પદાર્થ માનતા હોય એની શ્રદ્ધાને તો વ્યવહાર શ્રદ્ધા પણ સાચી કહેવાતી નથી. કહો, મોતીલાલજી! આહાહા..! ભગવાને કહેલો વ્યવહાર નિષેધવા લાયક છે. બીજાની તો વાત શું કરવી એમ કહે છે અહીં. આહાહા..! સમજાણું કાંઈ? '**જીવ આદિ નવ પદાર્થો...**' તે શ્રદ્ધા છે. સમકિત છે. વ્યવહાર. '**કારણ કે તે (નવ પદાર્થો) દર્શનનો આશ્રય છે,...**' વ્યવહાર સમકિત છે રાગ હોં! વ્યવહાર સમકિત કોઈ દર્શનની પર્યાય નથી. ઓલી જ્ઞાનની પર્યાય છે પહેલી ઉઘાડની (કહી તે). આ છે રાગની પર્યાય. પણ નવ તત્ત્વની શ્રદ્ધા છે. ભગવાને કહેલા નવ એના ભેદવાળી નવની શ્રદ્ધા છે એ વ્યવહાર શ્રદ્ધા છે. નવની શ્રદ્ધા તે વ્યવહાર છે. બીજા જે તત્ત્વો એક-બે કે અમુક કહે એની શ્રદ્ધાને તો વ્યવહાર શ્રદ્ધા પણ કહેતા નથી. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! ભગવાને કહેલા જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ. જીવ-અજીવ બે દ્રવ્ય છે અને પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ સાત પર્યાય છે. સાત પર્યાય છે-અવસ્થા છે. જીવની અહીં સાત અવસ્થા છે. જડમાં સાત અવસ્થા છે.

સામાન્ય-વિશેષ બેય છે એમ સિદ્ધ કરવું છે ને અહીં તો. એવું સામાન્ય વિશેષ નવ પદાર્થનું સ્વરૂપ છે એવું એ શ્રદ્ધે છે. એ શ્રદ્ધાને વ્યવહાર શ્રદ્ધા કહે છે, રાગરૂપી ભાવને વ્યવહાર શ્રદ્ધા કહે છે. નિષેધવા લાયક છે. આત્માને આશ્રય કરવા લાયક નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ફિર સે.

ઉત્તર :- અમારે મીઠાલાલજી મીઠા બહુ છે. વન્સ મોર કરે છે. નાટકમાં જઈએને જ્યારે. મોટા મોટા નાટકમાં કોઈવાર તો મોટો બેઠો હતો ગૃહસ્થ. વન્સ મોર નાખ્યું. પહેલાની વાત સાંભળી હતી. ઓલો રાજા હતો, નહિ? પછી બહુ સારું નાટક બનાવ્યું. ભર્તૃહરિનું. એમાં પાછું એવું હોય ને બત્તી કરે આમ. મોઢા ઉપર. આ બધું ચોપડેને. એવો રાજા ઊભો હતો.

ફરીને એક દાગીનો નાખ્યો. પાંચસો-હજારનો નાખ્યો રાજકુમારે. વન્સ મોર. ફરીને. એ દાગીના-બાગીના નહિ લઉં. હું રાજા છું. હું ભર્તૃહરિ છું. મારો ભેખ ભર્તૃહરિનો છે. બાણું લાખ માળવાનો અધિપતિ હું વર્તમાન રાજા છું. કોઈની ભેર લઉં નહિ. એય..! ભેખ કરે તોય સાચો. આ તો ભેખ પણ ખોટા. ખમ્મા કરજો. સમજ્યાને? .. કે હું તો રાજા છું. રાજા કોઈનો ભેર લે નહિ. પણ ફરીને દેખવું હોય તો ફરીને પાછું. પણ આ ભેર મળે છે માટે હું લઉં એમ નહિ. સમજાય છે? એમ અહીં સમજવા માટે ફરીને વાત આવે છે.

નવ તત્ત્વ જે છે એમાં બે દ્રવ્ય છે. સામાન્ય જીવ અને જડ. એની પછી સાત પર્યાયો છે. વિશેષ. પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. પુણ્ય-પાપ, આસ્રવ-બંધ એ વિકારી પર્યાય છે, સંવર, નિર્જરા, મોક્ષ એ નિર્વિકારી પર્યાય છે. સમજાય છે? અને જડમાં પણ જેવા અહીંયાં પુણ્ય પરિણામ થયા એવા ત્યાં પરમાણુ જે છે એ દ્રવ્યપુણ્ય છે. એ પાપ પર્યાય છે ત્યાં પાપના પરિણામ એ પાપપર્યાય છે. પર્યાય છે, પર્યાય. એમ આસ્રવ તે બે રજકણો એ જાતના આસ્રવ પર્યાય છે. સંવર આસ્રવ ત્યાં અટક્યો એ જાતનો એની પણ દ્રવ્યસંવર પર્યાય છે. અને અહીં શુદ્ધ નિર્જરા થઈ ત્યાં પણ રજકણો ખર્યા એ દ્રવ્યનિર્જરા છે. અહીં બંધ છે ભાવ, ત્યાં દ્રવ્યબંધ છે. અહીં ભાવ મોક્ષ થયો તો એ રજકણોની પર્યાય છૂટી ગઈ તો દ્રવ્યમોક્ષ થયો. એવી સાત પર્યાય જડમાં અને સાત પર્યાય ચૈતન્યમાં (થાય છે). શેઠી! આહાહા..! આવું જે માને છે તેને પણ હજી વ્યવહાર શ્રદ્ધા અને રાગ કહેવામાં આવે છે. આહાહા..! એય..! શેઠ! હજી અહીંયાં દ્રવ્યની ખબર ન મળે અને પર્યાયની પણ ખબર ન મળે ને ગુણની નહિ. જય ભગવાન.

મુમુક્ષુ :- દાન કરે છે.

ઉત્તર :- ધૂળમાંય દાન કરે નહિ. મરી જાય તોય કાંઈ થાય એવું નથી.

મુમુક્ષુ :- મરી તો કાંઈ જવાય?

ઉત્તર :- મરી જાય એટલે કે બધું આપી દે, એમ. જાવ આપી દઈએ બધું ધન આપી દઈએ. એવા તો કાંઈ આપી દે એવા નથી કાંઈ બધાય. છોકરા માટે રાખે કે બધું આપી દેતા હશે?

મુમુક્ષુ :- છોકરા માટે તો નહિ પણ પોતા માટે તો રાખે.

ઉત્તર :- પોતા માટે શું ત્યાં જશે .. નભાવ. પણ એને એમ કે છોકરા .. મભો જોઈએ. આપણે ૫૦, ૬૦. ૭૦ લાખ કરોડવાળા કહેવાઈએ. એના પ્રમાણમાં પાંચ છોકરા, બે આ છોકરા. સાત છોકરા, એને સરખો ભાગ-બાગ પાડવો જોઈએ કે નહિ? આપણે આટલા કહેવાઈએ અને છોકરા કાંઈ નાના કહેવાય તો ઓલી જાય. એટલે પોતાની મમતા માટે રાખે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. પોતાની મમતા માટે રાખે છે. છોકરા માટે નહિ, હોં! છોકરા માટે તમે નથી રાખતા.

અહીં તો ભગવાન કુંદકુંદાચાર્ય શું કહે છે વાત? ભાઈ! સર્વજ્ઞના માર્ગમાં તું આવ્યો અને એમાં તેં નવ તત્ત્વને શ્રદ્ધ્યા. સમજાય છે કાંઈ? અન્ય માર્ગમાં આવ્યા એની તો વાત છે નહિ. આહાહા..! એ ત્રિકાળી પરમ સત્ય વસ્તુ, એમણે કહેલા નવ પદાર્થ, એની તને શ્રદ્ધા (થઈ). એ શ્રદ્ધા નવ પદાર્થો તેનો આશ્રય છે. તો નવ તત્ત્વો છે એ તારી શ્રદ્ધામાં તો નિમિત્ત પરનો આશ્રય છે. માટે તેને વ્યવહાર શ્રદ્ધા કહેવાય છે. સાચું સમ્યગ્દર્શન કહેવાતું નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો ઉપરથી હજી નીચે આવે છે ને. આ વ્યવહાર સમ્યગ્દર્શન રાગ છે એમ પાછું. કોઈ કહે કે આ સમ્યગ્દર્શનની પર્યાય છે. માટે ખુલાસો કર્યો. આ વ્યવહાર સમ્યગ્દર્શન કોઈ સમ્યગ્દર્શનની ઊલટી કે સુલટી પર્યાય નથી. એ શ્રદ્ધાગુણની પર્યાય નથી. શ્રદ્ધાગુણની તો મિથ્યાત્વ પર્યાય ઊલટી અને સમ્યગ્દર્શન પર્યાય સુલટી. એ ત્રીજી પર્યાય નથી કે વ્યવહાર સમકિત કોઈ ત્રીજી પર્યાય છે સમ્યક્‌ની.

એ તો નવ તત્ત્વની શ્રદ્ધામાં જે વિકલ્પ ઉઠે છે રાગ કે આવા.. આવા.. આવા.. નવ. એને નિશ્ચય સમકિત જ્યાં હોય તો વ્યવહાર સમકિતનો આરોપ દેવાય છે. એકલા અહીં તો માનનારા જે વ્યવહાર છે એનો નિષેધ કરવામાં આવે છે. નિશ્ચયવાળાને તો વ્યવહાર નિષેધ છે. પણ એને એકાંત જ નવ તત્ત્વની શ્રદ્ધામાં વર્તે અને આત્માનો આશ્રય છે નહિ, તો મિથ્યાદૃષ્ટિની શ્રદ્ધા એને છે. એ વ્યવહાર સમકિત એટલે મિથ્યાત્વ. અરે..! સમજાણું કાંઈ? અને નિશ્ચયના ભાનવાળાને જે આ વ્યવહાર હોય તે શુભરાગ છે. એને મિથ્યાત્વ નથી. સમજાણું કાંઈ? આહાહા..! વસ્તુસ્થિતિ જ એવી છે ત્યાં બીજું શું થાય? એવું સ્વરૂપ જ જગતનું છે એવું ભગવાને કહ્યું છે, એવું જાણ્યું છે અને એવું છે. હવે એના લક્ષમાં ન આવે અને બીજી ઊંધી જ્યાં ત્યાં ભરડ્યા ભરડ કરે. સમજાણું? આહાહા..!

‘**છ જીવ-નિકાય ચારિત્ર છે...**’ ભાષા જુઓ. છ-છ જીવની કાય છે. છકાય જીવ છે. કહો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં હજી તો એક જણો હમણા પૂછતા હતા. પન્નાલાલજીએ પૂછયું કે આ પત્રમાં અસંખ્ય જીવ છે. અમે તો સાંભળ્યું નથી. એય.. પન્નાલાલજી! આ નહોતું કહ્યું? લીલોતરી, લીલોતરી. હરિકાયના એક પત્તામાં અસંખ્ય જીવ છે. આ જૈનમાં જન્મ્યા એને પણ ખબર નથી. એની તો વાત છે જ નહિ અહીં. એય..! જૈનમાં જન્મ્યા અને એક

એક પાંદડામાં, એક પાંદડાનો એક ટૂકડો લ્યો તો એમાં અસંખ્ય જીવ છે એકેન્દ્રિય. આ લીંબડાનો આ વનસ્પતિ પ્રત્યેક. એક ટૂકડામાં અસંખ્ય શરીર અને એક શરીરમાં એક એક જીવ અસંખ્ય છે. અને કોર લ્યો, એનું ફૂલ. લીંબડાનું ફૂલ, આદુ, શક્કરકંદ એની રાઈ જેટલી કટકી લ્યો તો એક કટકીમાં અસંખ્ય શરીર ઔદારિક છે. અને એક શરીરમાં અત્યાર સુધી જે સિદ્ધ થયા. છ માસ આઠ સમયે છસ્સો આઠ મુક્તિ, છ માસ ને આઠ સમયે છસ્સો ને આઠ મુક્તિ, એ સંખ્યા સિદ્ધની છે એના કરતા બટાટાની એક કટકીમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં સિદ્ધની સંખ્યા કરતા અનંતગુણા જીવ. એ બધા માને છે કહે છે આ. એને દયા પાળવાનો ભાવ છકાયનો છે એમ કહે છે. આહાહા..! એક કટકીમાં અસંખ્ય શરીર અને એક શરીરમાં સિદ્ધ કરતા અનંતગુણા જીવ. કોઈ દિ' બીડીમાંથી સાંભળ્યું છે કે દિ' એણે? એય.. શેઠ! આહાહા..! સ્થાનકવાસીમાં બહુ ચાલે એવું હોં. વનસ્પતિ જીવનું.

એ માટે ભગવાન આચાર્યે લીધા જીવનિકાય. પૃથ્વીકાય. .. છે ને? પૃથ્વીકાય. પૃથ્વીના એક કટકીમાં અસંખ્ય જીવ છે. આ પથરા ખોદે છે ને? ખાણ. આરસપહાણ કાઢે, પત્થર કાઢે, આ જીથરીનો પત્થર, તમારે મકરાણાનો પત્થર, તમારે જીથરીનો પત્થર થાય છે ને? જયપુરનો. થાતો હશે. ખાણ હોય ને.

મુમુક્ષુ :- આરસપહાણની ખાણ.

ઉત્તર :- આરસપહારણની ખાણ. આ તો કોઈ લાલ પત્થરની હોય છે, કાળા પત્થરની હોય છે. એક ખોદે એની કટકી આટલી લ્યો તો એમાં અસંખ્ય શરીર છે એકેન્દ્રિય જીવના. પૃથ્વીના. અને એક એક શરીરમાં એક એક જીવ છે. એક એક એકેન્દ્રિય છે ને પ્રત્યેક. એ પૃથ્વીકાય. એની છ કાયની દયા પાળે છે અહીં કહે છે. એ પૃથ્વીની દયા પાળવાનો અહીં ભાવ છે. પણ એ વ્યવહાર છે. એય..! તે દિ' એકવાર સાંજે કરતા હતો ને ઓલા? આ છે ને આ ભાઈ. આ વનસ્પતિમાં જીવ છે અમને ખબર નથી. જૈનમાં જન્મ્યા અને હજી વ્યવહારની ખબર ન મળે. ધર્મ તો ક્યાંય રહી ગયો. દિગંબરમાં જન્મ્યા છીએ અમે. એય.. નેમિચંદ પાટણી!

મુમુક્ષુ :- પણ કાંઈ ચાલતું નથી દિગંબરમાં.

ઉત્તર :- ચાલતું નથી પણ એટલી ખબર નથી કે આ વનસ્પતિ ઊગી છે આ બધી, જુઓને. ઊગી છે એ એક એક કટકીમાં એક એક કટકીમાં અસંખ્ય પ્રત્યેક શરીર છે. અને એક એક શરીરમાં એક જીવ છે આમાં. અને બટાટા, શક્કરકંદ, લસણ, ડુંગળી, આ લીંબડાના ફૂલ. ફૂલ થાય ને આ લીંબડાના ફૂલ? ઘણાં ફૂલ છે હોં! અત્યારે ફૂલ છે હજી. ફાગણમાં તો હોય પણ અત્યારે ફૂલ છે. આપણે અહીં જઈએ છીએ ને દિશાએ ત્યાં બહુ થયા છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ત્યાં પડે છે ફૂલ. ફુલ આટલું. એની એક એક કોર. કોર કહે છે ને? શું કહે છે? એની પાંદડી-પાંખડા. એમાં એક પાંખડીમાં જે રાયનો કટકો, ટૂકડો પાડો તો એમાં અસંખ્ય ઔદારિક શરીર છે. અને એક શરીરમાં સિદ્ધ ભગવાન કરતા અનંતગુણા આત્મા છે. એવી જેને શ્રદ્ધા છે, એનું જેને જ્ઞાન છે, એની જે દયા પાળે છે.

મુમુક્ષુ :- દયા પાળે છે. ચારિત્ર બતાવવું છે ને.

ઉત્તર :- ચારિત્ર બતાવવું છે ને. એ વ્યવહાર ચારિત્ર છે. છ કાયના જીવને ન મારવાનો ભાવ. છ કાયના. અજ્ઞાનીએ કહેલાની વાત નથી. પૃથ્વી, પાણી. એ પાણીનો બિંદુ. કૂવામાંથી નીકળે છે ને? એક બિંદુમાં અસંખ્ય શરીર છે, એક એક શરીરમાં એક એક જીવ. પૃથ્વી, પાણી, અગ્નિ. આ અગ્નિ છે ને દિવાસળી? બીડી તમારી. એ એક ભડકો થાય ને એનો? એમાં અસંખ્ય ઔદારિક શરીર છે અને એક એક શરીરે એક એક જીવ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઈલેક્ટ્રિસીટીમાં નથી?

ઉત્તર :- ઈલેક્ટ્રિસીટીમાં તો ... એ નહિ. પણ આ તો અગ્નિ.

વાયુ. જુઓ! આ વાયુ છે ને પવન? એમાં એક આટલા પવનમાં એક પવન ફૂંકાય એમાં અસંખ્ય શરીર છે. એક એક શરીરમાં એક એક જીવ છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ. આ પ્રત્યેક વનસ્પતિ. એમાં શરીર અસંખ્ય અને એક એક જીવ. સાધારણ વનસ્પતિ બટાટા ને એ. એમાં શરીર અસંખ્ય અને એક એક શરીરમાં અનંતગુણા આત્મા. એ છકાય થઈ ગઈ. અને ત્રસ. બે ઈન્દ્રિય, ત્રણ ઈન્દ્રિય, ચૌ ઈન્દ્રિય, પંચેન્દ્રિય. પંચેન્દ્રિયના ચાર ભાગ. નારકી, મનુષ્ય, દેવ અને પશુ. એ છકાયની દયા પાળવાનો ભાવ. છ કાયની દયા પાળવાનો ભાવ એને વ્યવહારચારિત્ર કહે છે. કેમ કે તે છકાય એમાં નિમિત્ત છે. એ છકાય '**છ જીવ-નિકાય...**' શબ્દ છે. છનો નિકાય-સમૂહ છે-ઢગલો. અનંતા છ કાય જીવનો ઢગલો છે બધો.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- અનંત કાયમાં એક શરીરમાં અનંત જીવ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અગ્નિમાં એક એક જીવ.

મુમુક્ષુ :- વીજળીમાં...

ઉત્તર :- વીજળીમાં શંકા છે. કોઈ કહે છે, અગ્નિ છે અને કોઈ કહે છે .... મેં નામ નથી (આપ્યું). મેં તો અગ્નિ છે એનું આપ્યું. આ દિવાસળી સળગાવે છે. અગ્નિ-ભઠ્ઠો નથી કરતા? આ રોટલી કરવા ને આ કરવા. એ જે ભડકો થાય છે ને આટલો એક જરીક તણખો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઊડે, એક તણખો રાઈ જેટલો એમાં અસંખ્ય શરીર છે અને એક એક શરીરે એક એક અગ્નિનો જીવ છે. ભગવાનજીભાઈ!

અહીં તો કહે છે કે છ જીવનો ઢગલો છે, એવી જેને ખબર છે. અને એ છે જીવ એવી એને શ્રદ્ધા છે. અને એ છકાયના જીવને ન મારવાનો એને ભાવ છે. છએ કાયને ન મારવાનો. (ફક્ત) ત્રસને નહિ પણ એકેન્દ્રિયને ન મારવાનો ભાવ. એ '**છ જીવ-નિકાય ચારિત્ર છે...**' એ ચારિત્ર છે, વ્યવહાર શુભરાગ. '**કારણ કે તે (છ જીવ-નિકાય) ચારિત્રનો આશ્રય છે;...**' એ વ્યવહાર ભાવ છે દયાનો, છ કાયને માને, છ કાયને જાણે અને છ કાયની હિંસા કરે નહિ. એવો ભાવ તેને વ્યવહારચારિત્ર કહે છે શુભરાગ. કેમ કે એમાં છ કાયના જીવોનું નિમિત્ત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે જ નહિ ચારિત્ર. એના ક્યાં, છ-કાયના ક્યાં ઠેકાણા છે હજી તો. આહાહા..! ચાલે તો... અહીં આવ્યા હતા એક ફેરી. આમ વ્હોરીને આવે. ક્યાંકથી લઈ આવ્યા. લીલ-ફૂગના ઢગલા પડ્યા હતા. લીલ નીચે. ફૂલ-ફૂલ. આમ ઊંચું જોઈને ચાલે. નીચે ઢગલા. કીધું, આ જોઈને ચાલતા નથી. નગ્ન મુનિ નામ ધરાવે. શું કરે? સમજાણું? ક્ષુલ્લક નામ ધરાવે અને ફૂલના હારને અડ્યા કરે આમ આમ સ્પર્શ્યા કરે એ તો વ્યવહાર પણ ખોટો છે એનો. અડાય નહિ. ક્ષુલ્લકને લીલ-ફૂગ, ફૂલના હારને હાથ અડાડાય જ નહિ. હાથ અડાડે ત્યાં અસંખ્ય જીવ મરે છે. અડાડે સમજો છો? છૂતે હૈં. સ્પર્શે છે. એ થોડું થોડું શેઠિયા સમજી લેશે. આ અડે ને? ફૂલ હોય ને ફૂલ ગજરા. આમ હાથ અડે. ઉષ્ણતાથી અસંખ્ય જીવ મરી જાય છે.

અહીં તો દયા પાળવાનો ભાવ. છકાયના જીવની દયાનો ભાવ. છ કાયના રક્ષક, છકાયના પીયર.. આવે છે ને? ખામણામાં આવે છે. અહીં તો કહે છે, ભાઈ! ભગવાને કહેલા જીવના સમૂહ અનંત. એક એક એણે માન્યા છે, એણે જાણ્યું છે અને એને ન મારવાનો ભાવ કર્યો છે અહિંસાનો. એ અહિંસાનો શુભભાવ એ વ્યવહારચારિત્ર છે, બંધનું કારણ છે. આહાહા..! એ.. ઈશ્વરચંદજી!

'**કારણ કે તે (છ જીવ-નિકાય) ચારિત્રનો આશ્રય છે;...**' ચારિત્ર એટલે શુભરાગ છે ને એ દયા, અહિંસા પાળવી એ. અહિંસા. છ કાયને ન મારવા હોં! પૃથ્વીને, પાણીને, અગ્નિને, વાયુને એકેન્દ્રિયને ન મારવા. છએને ન મારે. એવો જેનો ભાવ છે એ પણ શુભરાગ છે. એને વ્યવહારચારિત્ર કહેશે. એને ધર્મ માને તો મિથ્યાદૃષ્ટિ છે. ભારે! શેઠી! પરસેવા ઊતરી જાય એવું છે આ તો. કોઈ દિ' જયપુરમાં પણ સાંભળ્યું નહિ હોય એણે. દાંત કાઢે એવા

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. હા-ના પાડે નહિ ઝટ હોં! આહાહા..!

આ ત્રણ. શું કીધું? જુઓ! '**એ પ્રમાણે વ્યવહાર છે.**' છે? અંદર. '**એ પ્રમાણે વ્યવહાર છે.**' આવો હોય તેને વ્યવહાર કહેવામાં આવે છે. એ પણ નિષેધ કરવા લાયક છે, આશ્રય કરવા લાયક નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**શુદ્ધ આત્મા જ્ઞાન છે...**' હવે જુઓ. આ શુદ્ધ આત્મા જ્ઞાન છે. જેમ ઓલાને એમ કહ્યું હતું ને, શબ્દશ્રુત તે જ્ઞાન છે. એમ કહ્યું હતું ને? એમ શુદ્ધ આત્મા અખંડ આનંદ શુદ્ધ ચૈતન્ય પ્રભુ એ આત્મા જ્ઞાન છે. કેમ કે શુદ્ધ આત્મા જ્ઞાનનો આશ્રય છે. જ્યાં અંદર સમ્યગ્જ્ઞાન છે એનો આશ્રય આત્મા થયો. શુદ્ધ ચૈતન્ય ભગવાન જ્ઞાયક, એનો આશ્રય કરીને જે જ્ઞાન થયું. એ જ્ઞાનમાં, એ જ્ઞાનની પર્યાયને આશ્રય દ્રવ્યનો છે. જ્ઞાનની પર્યાયનો આધાર દ્રવ્ય છે. જ્ઞાનની પર્યાય એના આત્મા જ્ઞાયકને આશ્રયે પ્રગટી છે. માટે તે આત્મા, '**શુદ્ધ આત્મા દર્શન છે...**' ઓલું જ્ઞાન. '**કારણ કે તે (શુદ્ધ આત્મા) જ્ઞાનનો આશ્રય છે,...**' એ સમ્યગ્જ્ઞાન જે આત્માના અવલંબે પ્રગટ્યું. શુદ્ધ ચૈતન્ય ભગવાન, એને આશ્રયે પ્રગટ્યું જ્ઞાન તેને જ્ઞાન કહે છે. એને સાચું જ્ઞાન કહે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? વ્યવહાર-નિશ્ચયની બે વાત કરે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ વ્યવહારજ્ઞાન નિષેધ કરવા લાયક છે. પણ નિષેધ કોનો કરવો એનું જ્ઞાન તો કરવું પડે ને? કહો, જેઠાલાલભાઈ! અરરર..! આ ઊના પાણીના આ શું કરવું આમાં બધું? એ ઊના પાણી પીતા ઓલામાં નાખીને. સીંદરીનું ઓલું હોય એમાં નાખે. જ્યાં હોય ત્યાં સાથે.

કહે છે કે આ તો થોડી. પણ આ તો આખા પૂર્ણ છ-કાયની દયા. છ કાય જીવની દયા હોં. બરાબર ભાવ શુભ એનો. એ વ્યવહાર ચારિત્ર છે, બંધનું કારણ છે. આત્માને મોક્ષને માટે બિલકુલ લાભદાયક નથી. આહાહા..! આ તે વાત સાંભળવી કઠણ પડે માણસને. ઓલા ભડકી જાય. .. આમ થઈ જાય.. આમ થઈ જાય. સાંભળને ભાઈ! ભગવાન આત્મા.. ઓલા શબ્દશ્રુતના આશ્રયવાળું જ્ઞાન તે વ્યવહાર. આત્મા શુદ્ધ ચૈતન્ય મૂર્તિનો આશ્રય લઈને જે જ્ઞાનદશા થઈ તે સાચું જ્ઞાન છે. કેમ કે જે જ્ઞાનને આધાર આશ્રય મળ્યો છે શુદ્ધનો. શુદ્ધ આત્માનો આશ્રય મળ્યો છે. તેથી તે જ્ઞાનને સમ્યક્ શ્રુતજ્ઞાન નિશ્ચય કહેવામાં આવે છે. એ મોક્ષના માર્ગનું જ્ઞાન છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**ભાદરવા વદ ૨, બુધવાર તા. ૨૦-૦૯-૧૯૬૭**
**ગાથા-૨૭૬-૨૭૭, પ્રવચન-૩૪૨**

... ભગવાને કહેલા આચારાંગ આદિ શાસ્ત્રો છે. એનું જ્ઞાન કરતા એ જ્ઞાનમાં એ શબ્દશાસ્ત્ર નિમિત્ત પડે છે. એ જ્ઞાન. આ શાસ્ત્રનું જ્ઞાન કરતા શાસ્ત્રોના શબ્દો એ જ્ઞાનમાં નિમિત્ત પડે છે. તેથી તે જ્ઞાનને, જ્ઞાનનો આશ્રય શબ્દ હોવાથી તે જ્ઞાનને વ્યવહારજ્ઞાન કહેવામાં આવે છે. સંસારની વાતના જ્ઞાનની અહીં વાત નથી.

મુમુક્ષુ :- સંસારના વ્યવહારની વાત?

ઉત્તર :- આ સંસાર એલ.એલ.બી., બી.એ. આ બધા.. એય..! શોભાલાલભાઈ! આ તમાકુમાં પ્રવિણ ધંધાના ડહાપણ એ બધું અજ્ઞાન. એની અહીં વાત છે નહિ. આ હીરા-માણેકના ધંધા. એય.. તમારે ઝવેરીને.

અહીં તો વ્યવહાર અને નિશ્ચય કઈ જાતનો છે? પેલો વ્યવહાર એ વ્યવહાર જ નથી. એ તો મહા અજ્ઞાન છે આખું. આ વકીલાતનું જ્ઞાન, આ બીડીનું જ્ઞાન, આ તમારે હીરાનું જ્ઞાન.

મુમુક્ષુ :- પણ એકાદને તો બાકી રાખો.

ઉત્તર :- શેઠનું જ્ઞાન. આ બધું જુઓને આ બધી હુશિયારી કરી હશેને બધી? ડંફાસ કર્યા હશે ને? તમાકુ ને આમ ને આમ ને હોહા.. એ કહે છે કે એ વાતની તો અહીંયાં વાત છે જ નહિ. એ તો પાપબંધનનું કારણ છે. ઠીક આવ્યું હવે લ્યો. આ તો શાસ્ત્રનું જ્ઞાન છે એ પુણ્યબંધનું કારણ છે એમ કહેવું છે, લ્યો. આવ્યું ભાઈ આવ્યું લક્ષ કરતાં. કહો, સમજાણું કાંઈ? જેઠાલાલભાઈ!

આત્મા એ તો જ્ઞાનની મૂર્તિ ચૈતન્ય સૂર્ય છે. વસ્તુ ભગવાન આત્મા ચૈતન્ય. હવે એની દશામાં, એની વર્તમાન હાલતમાં સંસારીનું જે કાંઈ જાણપણું થાય એ તો પાપરૂપ છે.

મુમુક્ષુ :- કોરું પાપ?

ઉત્તર :- પૂરું પાપ. હીરા-માણેકના તમારા જ્ઞાન એ પાપરૂપ જ્ઞાન છે.

મુમુક્ષુ :- થોડું પાપ

ઉત્તર :- કોરું પાપ. કાંઈ છે થોડું ઘણું કે નહિ એમાં? એમ કહે છે. એકલું પાપ? એમ કહે છે. કહો, મલૂકચંદભાઈ! તમારે શું આ બધું ૨૨ (માળના) મકાન કરે છે તમારો છોકરો. એ જ્ઞાન કેવું કહેવાતું હશે? પાપ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- .. અક્કલ નહોતી આવી

ઉત્તર :- એ અક્કલ ક્યાં છે? ક્યાં હતી પણ અક્કલ? એ અક્કલને પાપ અક્કલ કહે છે. એ વળી કુદરતે શેઠની સામું જોતા આમ થઈ ગયું. એમ પાપ અને પુણ્ય... સમજાણું?

અહીંયાં તો એ પાપ જ્ઞાન છે એનું બંધન પાપ છે એની વાત અહીં નથી. અહીંયાં તો શાસ્ત્ર જે સર્વજ્ઞે કહ્યા એવા પરમેશ્વરે કહ્યા એવા શાસ્ત્ર, એનું જ્ઞાન કરે ત્યારે એ જ્ઞાનની પર્યાયમાં, વિકાસમાં એ શાસ્ત્રો નિમિત્ત છે શબ્દ. તેથી તે જ્ઞાન પુણ્યરૂપ ભાવનું જ્ઞાન છે. પુણ્યબંધનું કારણ છે. લ્યો હવે આમ આવ્યું. સમજાણું? ધર્મ એ જ્ઞાન નહિ. સમજાણું કાંઈ? શું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હિંસા કોને કહેવી? હિંસાની વ્યાખ્યા શું? આત્મામાં રાગની ઉત્પત્તિ થવી તે હિંસા છે. વ્યાખ્યા એ છે.

મુમુક્ષુ :- એ તો પુરુષાર્થસિદ્ધિ ઉપાયમાં કહ્યું છે.

ઉત્તર :- એ પુરુષાર્થસિદ્ધિ એટલે આત્મામાં એ છે. આત્મામાં એ લૌકિક જ્ઞાનનું રાગમિશ્રિત જે વાત છે એ રાગ પાપ છે. એથી જ્ઞાનમાં પાપ છે. એમાં હિંસા આત્માના જ્ઞાનની, સ્વભાવની હિંસા થાય છે.

મુમુક્ષુ :- કોણ મરી ગયું?

ઉત્તર :- મરી ગયો એનો ભાવ-જીવની દશા. ચૈતન્યમૂર્તિ પ્રકાશનો પુંજ પ્રભુ છે આત્મા, એની વિકાસશક્તિમાં રાગની એકતાથી તે જ્ઞાન થયું તે એનો વિકાસ છે તે હણાઈ ગયો. લ્યો, બીજી ઢબે આવ્યું. આ બધું વકિલાતનું જ્ઞાન ને .... ત્યારે કીધું છે એ જ્ઞાન પાપનું. અહીં તો શાસ્ત્રજ્ઞાન જે છે કે શાસ્ત્ર આમ કહે છે, આમ કહે છે એવો જે વિકાસ જ્ઞાનમાં દેખાય એ પુણ્યજ્ઞાન છે. એટલે પુણ્ય બંધનનું કારણ છે. એ ધર્મજ્ઞાન નહિ. શેઠી!

મુમુક્ષુ :- કાંઈક તો લાભ થયો ને.

ઉત્તર :- બોલો ને.

મુમુક્ષુ :- ભૂલથી આરોપ લાગી જાય એને વકીલ બચાવે.

ઉત્તર :- કોણ વકીલ બચાવે? એ તો પાપ છે એનું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પાપ છે. રાગ છે. પાપ છે. લ્યો ઠીક! બચાવે કોણ? એમાં વિકલ્પ છે ને, વિકલ્પ આવ્યો ને કે આમ કહું, આમ કહું એ પાપજ્ઞાન છે. કરો નક્કી. આહાહા..! સમજાણું કાંઈ? એની અહીં તો વાત છે જ નહિ.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીંયાં તો આત્મામાં સર્વજ્ઞે કહેલા શાસ્ત્રો, એનું જે જ્ઞાન કરે શાસ્ત્રને સાંભળીને, એમાં જે જ્ઞાન થાય છે તેને તે જ્ઞાનમાં શબ્દોનો આશ્રય છે, પર વસ્તુનો આશ્રય છે, માટે તે જ્ઞાનને વ્યવહારજ્ઞાન પુણ્યબંધનું જ્ઞાન કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- પુણ્યબંધમાં ધર્મ ન આવ્યો?

ઉત્તર :- ધર્મ-બર્મ છે નહિ કાંઈ જરીએ. કહો, સમજાય છે કાંઈ? લ્યો વળી ભાઈ! નવું લેતા એમાં એ આવ્યું.

'**આચારાંગ આદિ શબ્દશ્રુત તે જ્ઞાન છે...**' છે શબ્દ? એટલે કે જે કાંઈ સર્વજ્ઞ પરમેશ્વરે કહેલા શાસ્ત્રો ને શબ્દો જે શાસ્ત્રોના છે, તેના જ્ઞાનના ઉઘાડમાં એ શબ્દો નિમિત્ત છે. આશ્રય શબ્દો છે. એથી એ જ્ઞાનને બંધનું કારણ, પુણ્યબંધના કારણરૂપ જ્ઞાનને કહેવામાં આવે છે. અબંધસ્વરૂપી જ્ઞાન એ નથી. સમજાય છે કાંઈ? કહો, જેઠાલાલભાઈ!

મુમુક્ષુ :- સ્વભાવના આશ્રયે થયેલું નથી.

ઉત્તર :- એ નથી.

પછી એક વાત. જીવાદિ નવ પદાર્થો દર્શન છે. જગતની શ્રદ્ધા જે પાપની બીજાની શ્રદ્ધા તો એકલી પાપની છે. સમજાય છે? વાસ્તવિક ભગવાને કહેલા નવ તત્ત્વોથી વિરૂદ્ધ તત્ત્વોની શ્રદ્ધા વગેરે એ તો પાપશ્રદ્ધા છે. પણ નવ તત્ત્વની, ભગવાને કહેલા એવી નવની શ્રદ્ધા એ પુણ્યશ્રદ્ધા છે. એ શુભભાવરૂપી ભાવ છે. સમજાણું કાંઈ? એ ધર્મ નહિ-એ સમ્યગ્દર્શન નહિ. આહાહા..!

મુમુક્ષુ :- વ્યવહાર સમ્યગ્દર્શન.

ઉત્તર :- વ્યવહાર સમ્યગ્દર્શન એટલે કે નહિ. એવી વાત છે, ભાઈ! વસ્તુ એણે કોઈ દિ' લક્ષમાં (લીધી નથી). આત્મા અંદર જ્ઞાનાનંદ સ્વરૂપ, સચ્ચિદાનંદ પૂર્ણ પ્રભુ છે. પરમેશ્વર પોતાનું સ્વરૂપ છે અંદર. પણ કોઈ દિ' સામું જોયું હોય તો ને. આ શરીર અને આ હોળી કર્યા કરી છે આમ બહારની. આ શરીર ને બાયડી ને છોકરા ને આ રળવું ને ખાવું ને પીવું. એનું લક્ષ જ પરમાં છે આખું. એ તો મિથ્યાત્વભાવ અને પાપભાવ. પણ શાસ્ત્રજ્ઞાનનું જ્ઞાન કરીને પણ એને સમ્યગ્જ્ઞાન માનવું એ પણ મિથ્યાજ્ઞાન અને પુણ્યભાવ (છે). આહાહા..! સમજાણું કાંઈ? અને નવ પદાર્થોની. જેવા નવ પદાર્થ છે એની શ્રદ્ધા એ પુણ્યભાવરૂપી શ્રદ્ધા છે. શુભભાવરૂપ વ્યવહારશ્રદ્ધા છે. એ સિવાય, વાસ્તવિક તત્ત્વો સિવાયની શ્રદ્ધા એ તો પાપરૂપ શ્રદ્ધા. શ્રદ્ધા એ પાપ અને પરિણામ એ પાપ. સમજાય છે કાંઈ?

'**કારણ કે તે (નવ પદાર્થો) દર્શનનો આશ્રય છે,...**' નવ પદાર્થની શ્રદ્ધામાં-દર્શનમાં એ નવનો આશ્રય છે એટલે વ્યવહારશ્રદ્ધા છે, પુણ્યનો ભાવ છે, શુભભાવ છે, બંધનું કારણ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પર તરફનું છે ને એટલે. એ તો જ્ઞાનીને અંતરનું જ્ઞાન હોવા છતાં વ્યવહારે શાસ્ત્રનું જ્ઞાન છે એ મિથ્યાજ્ઞાન નથી પણ તે પુણ્યભાવનું વિકલ્પ જ્ઞાન છે. આત્માના ભાન વિના એકલું શાસ્ત્રજ્ઞાન, એકલા નવ તત્ત્વની શ્રદ્ધા એ એકાંત મિથ્યાત્વરૂપી ભાવ છે. એ અહીં વાત નથી. અહીં તો બેય સાથે લેવા છે. સમજાણું? કે જેને એકલો વ્યવહાર છે એ તો મિથ્યાશ્રદ્ધા છે. પણ જેને આત્માનું ભાન થઈને આવો ભાવ હોય તો એ વ્યવહાર છે એ પણ નિષેધ કરવા લાયક છે. એમ કહેવું છે અહીં. સમજાણું કાંઈ?

હવે ત્રીજું. '**છ જીવ-નિકાય ચારિત્ર છે...**' જે પ્રાણી જીવોને હણવાના ભાવવાળા છે... છે ને ત્રીજી લીટી? એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, પંચેન્દ્રિય, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, ત્રસ કાય. એને હણવાના ભાવવાળો છે એ તો જાણે વ્યવહાર ચારિત્ર પણ નથી. એ તો પાપ પરિણામ અશુભભાવ છે. પણ છકાયના જીવને ન મારવાના દયાના ભાવ છે એ શુભભાવ છે, પુણ્યભાવ છે. એ ભાવમાં છ કાયની દયાના ભાવમાં છકાયના જીવનું નિમિત્ત છે. એ ધર્મભાવ નહિ. છ કાયની દયાનો ભાવ એ ધર્મભાવ નહિ.

મુમુક્ષુ :- ચારિત્ર નથી.

ઉત્તર :- ચારિત્ર નથી. છ કાયના જીવને મારવાનો ભાવ છે એ તો પાપભાવ. અને હું મારી શકું છું એવો મિથ્યાત્વ સહિતનો પાપભાવ. અને છ કાયના જીવને ન મારે એવો જે દયાનો ભાવ, દયા એની પાળી શકું છું એવો ભાવ ભલે ન હોય. સમજાય છે? પણ છકાયના જીવને ન મારવાના દયાના ભાવ એ શુભભાવરૂપી પુણ્યભાવ છે. ધર્મ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કાલે તો આવ્યું હતું ને. આ તો વળી જરી પુણ્ય-પાપનું જરી ફેર આવ્યું મગજમાં. વાંચતા.

શું કહે છે? આ આત્મા છે ને વસ્તુ? ભગવાન આત્મા વસ્તુ છે ને? પદાર્થ છે કે નહિ? છે ને? છે એ વસ્તુ અનાદિની છે. છે એનો કોઈ દિ' નાશ થાય નહિ. આત્માનો નાશ થાય કોઈ દિ'? એ તો અનાદિની છે અને અનંત છે. થયું? હવે છે ઈ શું છે? કે અંદરમાં એનો જ્ઞાન, આનંદ, શાંતિ એવો એનો સ્વભાવ છે. વસ્તુ છે આત્મા, વસ્તુ છે એનો જ્ઞાન, આનંદ આદિ ત્રિકાળી આનંદ સ્વભાવ (છે). વસ્તુ જેમ ત્રિકાળી છે. એનું જાણવું, આનંદ, શાંતિ એટલે ચારિત્ર એવો ત્રિકાળી એમાં સ્વભાવ છે. હવે એવા સ્વભાવનો આશ્રય ન કરતા જેણે એકલા પાપભાવના પરિણામ કર્યા છે લૌકિક જ્ઞાનમાં, એને તો પાપરૂપી એકલો ભાવ છે. પણ લોકોત્તર એવા શાસ્ત્રોનું જ્ઞાન કરવાનો ભાવ છે અને એ જ્ઞાન છે એ પણ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પુણ્યરૂપી જ્ઞાન છે. ધર્મજ્ઞાન નહિ. અને નવ તત્ત્વ સિવાયની વિપરીત તત્ત્વની જેની શ્રદ્ધા છે એને તો પાપ મિથ્યાત્વની સાથે અશુભ પરિણામ છે. પણ નવ તત્ત્વની જેને શ્રદ્ધા છે અને એ શ્રદ્ધાનો ભાવ જે છે એ શુભભાવરૂપી શ્રદ્ધા છે. એ વ્યવહાર શ્રદ્ધા થઈ. એમ છ કાયના જીવને મારવાનો ભાવ છે, પાણી પીવાનો, પૃથ્વીને હણવાનો. કહો, સમજાય છે? આ પાણી ઠંડું પીવે છે ને કળશો? કૂવાનું પાણી ગાળીને પીવાનો ભાવ છે એ પાપ છે.

મુમુક્ષુ :- .. મરી જાવું ને.

ઉત્તર :- એ ગાળેલ પાણીમાં જીવ છે. એક એક બિંદુમાં અસંખ્ય જીવ છે. એક બિંદુ અસંખ્ય એકેન્દ્રિય જળકાયના જીવ છે. એય... શેઠ! વિસ્તાર માગે છે થોડો વિસ્તાર.

એ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ એ અંદર જીવ છે. એને મારવાનો, ખાવાનો ભાવ છે. આ લીલોતરી, લીલોતરી. આ દૂધી, કારેલા, કંટોલા, પરવર, ઘીંસોડા એ બધા ખાવાનો ભાવ છે એ પાપભાવ છે. પણ એને નહિ મારવાનો ભાવ છે એ પણ પુણ્યભાવ છે. ધર્મભાવ નહિ. કહે છે કે છ કાયના જીવનું ચારિત્ર છે. કારણ કે તે છકાય જીવનો ચારિત્રનો આશ્રય છે. છ જીવને ન મારવા એમ છે ને? એનો આશ્રય છે ને? એ શુભભાવ છે. એ પ્રમાણે વ્યવહાર છે.

હવે સાચી વાત. '**શુદ્ધ આત્મા જ્ઞાન છે...**' ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ પરમાનંદનો રસકંદ. સમજાય છે કાંઈ? વસ્તુ છે આત્મા એ શુદ્ધ ચૈતન્ય. એની વર્તમાન દશામાં વિકાર છે એ એનામાં વસ્તુમાં નથી. વસ્તુ છે ચૈતન્ય જ્યોત, જ્ઞાનાનંદ મૂર્તિ એવો જે શુદ્ધ આત્મા, એનું જે જ્ઞાન છે. શુદ્ધ આત્મા તે જ્ઞાન છે અહીં તો. એ શુદ્ધ આત્મા પવિત્ર છે, એનું જ્ઞાન કર્યું તેનું નામ જ્ઞાન છે. તે ધર્મજ્ઞાન છે. તે સંવર, નિર્જરારૂપી જ્ઞાન છે. મોક્ષના માર્ગરૂપી એ આત્માનું જ્ઞાન, શુદ્ધ આત્માનું જ્ઞાન એ મોક્ષના માર્ગનું જ્ઞાન છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ વસ્તુ અનંત શુદ્ધ ગુણ પવિત્રનું ધામ, એવો શુદ્ધ આત્મા તેને અમે જ્ઞાન કહીએ છીએ. કેમ કે શુદ્ધ આત્મા જ્ઞાનનો આશ્રય છે. જે સમ્યગ્જ્ઞાન પ્રગટ્યું એનો આધાર-આશ્રય આત્મા છે. એમાં નિમિત્ત અને શબ્દો નથી. સમ્યગ્જ્ઞાન અંતર સ્વરૂપનો આશ્રય કરી શુદ્ધ ચૈતન્ય ભગવાન જ્ઞાનમૂર્તિ છે એમ અંતરમાં જઈને આત્માને પકડીને અનુભવ કર્યો, એવું જે જ્ઞાન તેને સમ્યગ્જ્ઞાન કહેવાય છે. એનું નામ ધર્મજ્ઞાન છે, એનું નામ સુખરૂપ જ્ઞાન છે. એ જ્ઞાન મોક્ષના કારણરૂપ જ્ઞાન છે. સમજાણું કાંઈ? હળવે હળવે ચાલીએ છીએ ને હળવે હળવે. આહાહા..!

'**શુદ્ધ આત્મા જ્ઞાન છે...**' ભગવાન આત્મા પોતાનો જે જ્ઞાનનો પિંડ પ્રભુ ચૈતન્ય છે, એના સન્મુખ થઈને અંતરમાં જઈને એકાકાર થઈને જે જ્ઞાન પ્રગટ્યું એ જ્ઞાનનો આશ્રય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મા છે માટે તેને જ્ઞાન કહેવામાં આવે છે. માટે તે જ્ઞાન સંવર, નિર્જરા નામ બંધના અભાવરૂપ પરિણામવાળું જ્ઞાન છે અથવા મોક્ષના કારણરૂપ તે જ્ઞાનની દશા છે. અથવા તે શુદ્ધ જ્ઞાન, પવિત્ર જ્ઞાન, ધર્મરૂપ જ્ઞાન છે. કહો, શોભાલાલજી!

મુમુક્ષુ :- આત્મજ્ઞાન છે...

ઉત્તર :- હા, એ જ્ઞાન જ્ઞાન છે. બાકી લૌકિકના તમારા ધૂળના, બાકીના તમાકુના આ ફલાણી ઢીકણી જાત છે ને આ જાત છે એ ધૂળ જ્ઞાન બધું પાપ છે. શેઠે બહુ મહેનત કરી હશે પહેલા. શરૂઆતમાં તો કરી હશે. અજ્ઞાનની મહેનત મોટી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હવે પેદા થવું એ ક્યાં એના અજ્ઞાનથી થાય. એ તો પૂર્વના પુણ્ય હોય તો ધૂળ મળે. ધૂળ મળે. ધૂળ છે ને ત્યાં ક્યાં આત્મા છે?

મુમુક્ષુ :- ધૂળ તો મળી.

ઉત્તર :- ધૂળ મળી. ધૂળ મળી કહે છે. કો'ક કહે છે. એલા તારું આયુષ્ય ધૂળધાણી કરી નાખ્યું. એમ કીધું એનો અર્થ. આહાહા..!

અહીં તો વાત એવી આચાર્ય કરે છે ભાઈ! એ વાત તો એકકોર રહી ગઈ. પણ જેને શાસ્ત્રજ્ઞાન તરફના વલણનું ભાવનું જ્ઞાન શાસ્ત્રનું હોં. તે જ્ઞાન પણ પરાશ્રયવાળું છે માટે પુણ્યબંધનું કારણ છે. બંધ અધિકાર છે. ભગવાન આત્મા ચૈતન્યજ્યોત અબંધસ્વરૂપી પ્રભુ, એનું જ્ઞાન તે અબંધ પરિણામી જ્ઞાન તે મોક્ષનું કારણ છે. એ નિશ્ચયજ્ઞાન છે, ઓલા વ્યવહારજ્ઞાનનો નિષેધ કરે છે કે આ શ્રુતજ્ઞાન નહિ. સમજાણું કાંઈ? કહો, પ્રભાકરજી! સમજાય છે કે નહિ? થોડી ગુજરાતી છે. હુશિયાર માણસ લાગે છે પણ જરી ભાષા અને ભાવ જરી જુદી વાત છે ને. અને ચાલતામાં બધું ગડબડ ચાલે છે સંપ્રદાયમાં. આ વાત સાંભળવા મળે ત્યાં આમ લાગે અરર..! આ કઈ હશે આ તે? સમજાય છે?

એ તો આજે હરિભાઈએ લેખ લખ્યો છે એક. જુવાનોને ધર્મ નથી, એનો રસ નથી એમ નથી. ક્યાં ગયા હરિભાઈ? બહાર બેઠા. એ હમણાં એક વાંચ્યું થોડું. આજના યુવાનો કેટલાકને અત્યારે હવે રસ થયો છે. માટે એમ યુવાનોને એમ કાઢી નાખો તમે.. પહેલો લેખ આવ્યો છે. પહેલા એમાં ગયું. આજના લોકો ધર્મમાં રસ લેતા નથી એમ કેટલાક કહે છે. પણ અમે નમ્રતાપૂર્વક કહીશું કે એ વાત સાચી નથી. આજના આપણા હજારો સુશિક્ષિત જૈન યુવક બંધુઓ ધર્મમાં ઘણાં ઉત્સાહથી રસ લઈ રહ્યા છે. માત્ર દર્શન-પૂજન નહિ, ઉપરાંત ધર્મના તત્ત્વજ્ઞાનમાં પણ બહુ રસ લઈ રહ્યા છે. તત્ત્વચર્ચા કરે છે, ઉત્તમ શાસ્ત્ર વાંચન કરે છે. માત્ર આત્મધર્મના બાળવિભાગમાં ૬૦૦ ઉપરાંત કોલેજિયન યુવાનો છે. આપણે બાળવિભાગ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે ને આમાં? ૬૦૦ ઉપરાંત તો કોલેજિયન બાળ વિભાગમાં આવ્યા છે. શું કહેવાય તમારે બાળ વિભાગને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સભ્યો. આ ઠીક લેખ લખ્યો ભાઈએ. મેં કીધું આ. મોઢા આગળ મૂક્યો છે. છસ્સો તો બધા થઈને કેટલા થયા? ૧૯૦૦. બાળ વિભાગમાં આપણે છે ને? ૧૯૦૦ બાળ વિભાગના સભ્યો થયા છે. એમાં ૬૦૦ તો કોલિજયન છે. વાત આત્માની.. આત્મા છે, રસ લેશે કે નહિ? અને હવે તો પ્રચાર ઘણો થયો છે. ઠીક લેખ લખ્યો આ. ઘણાં જુવાનો આવે છે આપણે. જુઓને! કેટલા રસથી. કો'ક કહેતું હતું.

મુમુક્ષુ :- આ રહ્યા બધા જુવાન જ બેઠા છે ને.

ઉત્તર :- આ તો વળી મહાગુણી કહેવાય. એ તો વકીલ છે ને. આપણે આ.. આવ્યું હતું કાંઈક જુઓને. એમાં ઘણાં જુવાનો હતા. ક્લાસમાં, રાજકોટમાં, અહીં ક્લાસમાં ઘણાં જુવનો હતા. ભાઈ! આત્મા જુવાન એટલે એ તો દેહ જુવાન છે. આત્મા ક્યાં નવો જુવાન થયો છે? આત્મા જુવાન પણ ક્યાં છે, વૃદ્ધ પણ ક્યાં છે અને બાળ ક્યાં છે? એ તો છે ઈ છે અનાદિનો. એની અવસ્થા કાંઈ થઈ? એ તો અનાદિની છે એ આત્મા તો છે.

મુમુક્ષુ :- એને ક્યાં ઉંમર લાગુ પડે?

ઉત્તર :- એને ક્યાં ઉપર લાગુ પડે? એ તો અનાદિનો છે. આહાહા..! બરાબર છે?

કહે છે. બંધ અધિકાર. બંધ અધિકારમાં જે કાંઈ આત્મા સિવાયનું શાસ્ત્રજ્ઞાન છે, કહે છે કે એ બંધનું કારણ છે. ગજબ વાત કરે આ તે! વાહ! કારણ કે વ્યવહાર એટલે પરઆશ્રય. એ પહેલા આવી ગયું છે ૨૭૨માં. ૨૭૨. એનો જ આ વિસ્તાર ચાલે છે. વ્યવહાર એટલે પરાશ્રય. એ શાસ્ત્રજ્ઞાન એ પરાશ્રય છે. એ પુણ્યબંધનું કારણ છે. શુદ્ધાત્માનું જ્ઞાન તે જ્ઞાન છે. આત્મજ્ઞાન તે જ્ઞાન છે.

મુમુક્ષુ :- પ્રાથમિક દશા તો ...

ઉત્તર :- પ્રાથમિક દશા જ આ છે. ઠીક પૂછે છે. એમ કે કાંઈ શાસ્ત્રજ્ઞાન કરે પ્રાથમિક દશા. પ્રાથમિક એને કહેતા જ નથી. અહીં આત્મજ્ઞાન કરે ત્યારે ઓલું જે શ્રુતજ્ઞાન છે તેને વ્યવહારજ્ઞાન કહેવામાં આવે છે. નિશ્ચય વિનાનો વ્યવહાર પ્રાથમિક .. ક્યાંથી આવ્યું? ઠીક દલાલ મારે છે. સમજાણું કાંઈ? આહાહા..!

આત્મા અખંડ શુદ્ધ ચૈતન્ય પ્રભુ, એનું જ્ઞાન થાય એમાં જ્ઞાનની દશાનો આધાર તે આત્મા છે. વર્તમાન સમ્યગ્જ્ઞાન અંતરના અવલંબે થયું એ જ્ઞાનનો આશ્રય-આધાર આત્મા છે. માટે તે જ્ઞાનને આત્મજ્ઞાન અને શુદ્ધાત્મ જ્ઞાન કહીએ છીએ. એ જ્ઞાન જ મોક્ષનું કારણ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- એ જ્ઞાન તો આઠમા ગુણસ્થાને થાય.

ઉત્તર :- હવે ચોથાની વાત છે. આઠમાની ક્યાં, મફતના માંડ્યા છે. આ ચોથા ગુણસ્થાનની વાત છે. અમરચંદભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ચાર દુ આઠ.

ઉત્તર :- ચાર દુ આઠ. આ કહે કે ચાર ઓલો છે. ડબલ ફેર પડી ગયો એમ કહે છે. ડબલ નહિ તદ્દ્ન વિપરીત ફેર છે. વસ્તુની શરૂઆત જ્યાં ચોથે ન થાય તો આગળ ગયો ક્યાંથી પણ?

ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપી પ્રભુ એ જ્ઞાનશક્તિનો સત્ત્વ પુંજ છે તેનું જ્ઞાન, તેનું જ્ઞાન. તેને શુદ્ધાત્મ જ્ઞાન કહેવામાં આવે છે. એ જ્ઞાનને જ્ઞાન કહેવામાં આવે છે, ઓલા જ્ઞાનને વ્યવહાર જ્ઞાન કહેતા એ જ્ઞાન સાચું છે નહિ. આહાહા..! વ્યવહાર કહેતા ખોટું જ્ઞાન. ભાષા જુઓ. અભૂતાર્થ જ્ઞાન. અભૂતાર્થ કીધોને વ્યવહાર એટલે? પરાશ્રિત અભૂતાર્થ. ગજબ શૈલી છે! સમજાણું કાંઈ? કથનની પદ્ધતિમાં કેટલો મૂકે છે ન્યાય! આખા ભગવાન પરમાત્માનું રહસ્ય જે છે એ મૂકે છે.

'**શુદ્ધ આત્મા જ્ઞાન છે...**' ભગવાન આત્મા જે પરનું જ્ઞાન કરે છે તે સ્વનું જ્ઞાન કરે ત્યારે તેને જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આમાં કાંઈ એમ નથી કે આટલા શાસ્ત્ર ભણ્યો હોય તો સ્વનું જ્ઞાન થાય. એકેય શાસ્ત્ર શું શબ્દો પણ ન આવડતા હોય, આત્માનું નામ પણ ન આવડતું હોય. કહો. અંતર ચિદાનંદ ભગવાન જ્ઞાનની નિર્વિકલ્પ દશા થતાં જે જ્ઞાન થયું તે જ્ઞાનને જ્ઞાન મોક્ષનું કારણ, અબંધ પરિણામી જ્ઞાન, અબંધ સ્વભાવી ભગવાન, એના જ્ઞાનને મોક્ષનું કારણ કહેવામાં આવે છે. આહાહા..! ભલે થોડું હોય તોપણ એ વિજ્ઞાન છે, જ્ઞાન એ વિજ્ઞાન છે. એ મોક્ષનો માર્ગ છે. અને શાસ્ત્ર જ્ઞાન આદિ ઘણું હોય, પણ આ જ્ઞાન ન હોય તો એ જ્ઞાન વિજ્ઞાન કહેવામાં આવતું નથી. આહાહા..! આ લોકોની બુદ્ધિઓના બધા બેરિસ્ટરો, વકીલો શું બધા કહેવાતા હશે?

મુમુક્ષુ :- બુદ્ધિના બારદાન.

ઉત્તર :- પાંચ-પાંચ હજાર રૂપિયાનું દનિયું લે. પાંચ હજાર એક દિવસનું. પાંચ હજાર. ગોરો હતો ને, ભાઈ! બે હજાર. બુદ્ધિ મોટા... ગોરાઓ તો મોટા ઝભ્ભા પહેરે. આમ મોટા. ઝભ્ભા પહેરવા પડે કોર્ટમાં? તમે ક્યાં કોટ પહેરો છો? પણ આ તો મોટા મોટા ગોરા આવે ને? ગાદીએ બેસે ત્યારે પાછળ આમ... બેરિસ્ટર છે બધા. .. બેરિસ્ટર એટલે. અરે.. ભગવાન! તારું સ્વરૂપ શું છે? હજી તો શાસ્ત્રજ્ઞાનના ઠેકાણા નથી. સમજાય છે? અને એકલા બહારના જ્ઞાન તો પાપના જ્ઞાન છે. આહાહા..! કેમ હશે? જુગરાજજી!

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ... ચારથી પાંચ હજારનું.

ઉત્તર :- બસ. આ તમે પણ બધા ત્યાં કાપડની દુકાન-બુકાનમાં હુશિયાર કહેવાઓ છો ને? શું કહેવાય? માર્કેટ છે ત્યાં. મહાવીર માર્કેટ છે. જુગરાજજીની મહાવીર માર્કેટ છે મુંબઈમાં. સમજાણું? એમાં કાંઈક હુશિયાર હશે ત્યારે ભેગું કર્યું હશે કે નહિ? કેમ દુકાન કરવી? કેમ નાની કરવી? આમ કરવી... આમ કરવી.. ભાઈ ઓલો કહેતો હતો હમણાં નહિ?

મુમુક્ષુ :- થોડી જમીનમાં ઝાઝી દુકાન.

ઉત્તર :- હા. ઓલા ભાઈ નહોતા આવ્યા? શું કહેવાય? લીંબડીવાળા ટોળિયા. ટોળિયા આવ્યા હતા. થોડી જમીન લીધી એમાંથી એવા ભાગ પાડ્યા તો મહિને બે હજારનું ભાડું આવે છે. મહિને બે હજારનું ભાડું. પચ્ચીસ હજારનું ભાડું વર્ષમાં. લાઈનમાં આવી ગઈને પછી નાના નાના ભાગ પાડ્યા. તો એક એક માણસને વેપાર ધંધો ગોઠવી દીધો. ભાડે હોં. મહિને બે હજાર. લ્યો, આપણે તો રળવું મટી ગયું. એકકોર આ દે પચ્ચીસ હજાર. બીજા છોકરાઓ ધંધો કરે છે ચશ્માનો. કહો, એ આવડત હશે કે નહિ? નહિ? ધૂળમાંય નહિ. એ તો પૂર્વના પુણ્ય હોય તો થાય. કેમ હશે? શોભાલાલભાઈ! આવડત નહિ?

મુમુક્ષુ :- વર્તમાન પુરુષાર્થ શું કામ કરે.

ઉત્તર :- કામ ન કરે? કેટલા લાખો રૂપિયા લે છે. ત્યાં કાંઈ મફતના રહે? એક મહિનો રહે છે ત્યાં. ધૂળમાંય નથી, કહે છે. એ તો પૂર્વના પુણ્યને લઈને આવે છે. અને જ્ઞાન એ સંબંધીનું જ્ઞાન જ ખોટું જ્ઞાન છે, કહે છે. આહાહા..!

અહીં તો શાસ્ત્રનું જ્ઞાન અને શાસ્ત્રએ કહેલા નવ તત્ત્વની શ્રદ્ધા અને શાસ્ત્રે કહેલા છ જીવ-નિકાયની દયાનો ભાવ પુણ્યભાવ છે. ત્રણે પુણ્યભાવ છે, ધર્મભાવ નહિ. આહાહા..! સમજાય છે? ધર્મભાવ શુદ્ધ આત્મા જ્ઞાન. ભગવાન આત્મા, જ્ઞાનનો પુંજ, જ્ઞાનપુંજ. જ્ઞાનનું જેમ ધોકડું હોય ને ધોકડું. ધોકડુંને શું કહે છે? રૂની ગાંસડી. ગાંઠડી. ધોકડું તમારે ન કહે. નહિ? એમ આ જ્ઞાનની ગાંઠડી છે. ભગવાન આત્મા જ્ઞાનની ગાંસડી છે. પણ ક્યાં હશે? એને ખબરેય ન મળે કોઈ દિ'. એ જ્ઞાનની ગાંસડી છે. એ જ્ઞાનની ગાંસડીમાં અનંત અનંત રતન પડ્યા છે અંદર. શાંતિ, આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, પ્રભુત્વ, સ્વચ્છતા એવા અનંત રત્ન પડ્યા છે. એવા અનંત રતનનો ગાંઠડો આત્મા છે. એ અનંત રતનનો ગાંઠડો આત્મા એનું જે જ્ઞાન કરવું એને જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! કહો, જેઠાલાલભાઈ! તમારા ઓલા લખવાના .. શું કહેવાય એ? ઓડિટર. ઓડિટર ત્યાં પણ ગપ્પા મારતા હશે આમથી આમ ને આમથી આમ.

મુમુક્ષુ :- ચોપડા બરાબર તપાસે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- ચોપડા બરાબર તપાસે. એ અજ્ઞાન છે કહે છે. ભારે વાત ભાઈ!

અહીં તો શાસ્ત્રના જ્ઞાન અને શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા એ પુણ્યશ્રદ્ધા છે, પુણ્યભાવ છે. જો એને ધર્મ માની લે તો મિથ્યાત્વ છે. અને ધર્મ ન માને અને સ્વભાવને આશ્રયે ધર્મ માને તો એ ભાવ પુણ્ય છે. કહો, શેઠી! બહુ ફેરફાર બહુ કરવો પડે એવું છે આ તો આખું. બહુ બોલે એવા નથી. બહુ મીઠાલાલ ધીરા માણસ છે.

મુમુક્ષુ :- મતલબની વાત છે.

ઉત્તર :- મતલબની વાત છે.

ભગવાન! તેં તારી સામું કોઈ દિ' જોયું નથી, પ્રભુ! એમ કહે છે. ભાઈ! તું તો ચૈતન્યનો દરિયો છો અંદર. તને ખબર નથી. તું તે કોણ છો કેવડો? એ પુંજી મારામાં શું છે એની તને ખબર નથી. તેં બહાર જ, તારી દશાને બહાર જ ભટકાવી છે આમથી આમ. આહાહા..! અને એમ કરતાં બહાર અજ્ઞાનમાંથી ગયો ત્યાં શાસ્ત્રના જ્ઞાનમાં ભટકાવી તેં બુદ્ધિને. સમજાણું કાંઈ? આહાહા..! પણ તારા જ્ઞાનની બુદ્ધિને અંતરમાં તેં લીધી નથી. ભગવાન ચૈતન્ય પ્રભુ વસ્તુ સ્વરૂપે અનંત ગુણની ગાંસડી છે. એનું અંતરમાં જ્ઞાન થવું તેને ભગવાન જ્ઞાન કહે છે. એને ધર્મ એ જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! આવી ગયું?

હવે '**શુદ્ધ આત્મા દર્શન છે...**' હવે સમકિત. સમકિત કોને કહેવું? કે નવ તત્ત્વની શ્રદ્ધા એ વ્યવહાર સમકિત છે એટલે રાગ છે, પુણ્ય છે. ભગવાન આત્મા ચૈતન્યપ્રભુ નિર્વિકલ્પ આનંદની ગાંઠડી છે. નિર્વિકલ્પ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ શાશ્વત સચ્ચિદાનંદ. સત્ શાશ્વત જ્ઞાન અને આનંદનો પુંજ પ્રભુ છે અંદર. સાંભળ્યો પણ ન હોય. કોણ જાણે આ બહારના ધંધા આડે નવરો કે દિ' છે? ફૂરસદ નથી ભાઈ અમારે કહે છે લ્યો. એય.. શેઠ! શેઠિયાને ઉદ્દેશીને કહેતા હશે કોણ જાણે શું? ફૂરસદ નથી ધંધા આડે. આહાહા..!

ભાઈ! પ્રભુ! તું તો અંદર અનંત આનંદ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. ભાઈ! સત્ છો તું, સત્ છો. સત્ છે તે શાશ્વત છે અને તેનું જ્ઞાન અને આનંદ પણ શાશ્વત છે, ત્રિકાળ છે. એ જ્ઞાનનું જ્ઞાન, આનંદનું જ્ઞાન, આત્માનું જ્ઞાન, અંતર્મુખનું જ્ઞાન એને જ્ઞાન અને તે અંતર્મુખ આત્માની શ્રદ્ધાને સમકિત કહે છે. આહાહા..!

નવ તત્ત્વની શ્રદ્ધા તે વ્યવહાર સમકિત એટલે શુભરાગ એટલે પુણ્યભાવ. ભગવાને કહેલા હોં નવ તત્ત્વ. અન્યમાં તો એ છે નહિ. સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરે (કહેલાં). જેને એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક પ્રત્યક્ષ થયા છે પ્રભુને. એની વાણીમાં જે નવ તત્ત્વો આવ્યા, એની પણ જે શ્રદ્ધા કરે તે પરાશ્રય શ્રદ્ધા તેથી તેને વ્યવહારશ્રદ્ધા, તેને પુણ્યભાવ શ્રદ્ધા કહેવામાં આવે છે. ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુ એવા શુદ્ધ આત્માની અંતર્મુખ થઈને

રાગનો આશ્રય છોડી, સ્વભાવનો આશ્રય કરી નિર્વિકલ્પ અંદર શ્રદ્ધા ભાનમાં થાય તેને શુદ્ધાત્માનું દર્શન એટલે સમકિત કહેવામાં આવે છે. એ સમકિત તે મોક્ષનું કારણ છે. એ સમકિત તે સંવર નિર્જરારૂપ પવિત્ર પર્યાય છે. સમજાણું કાંઈ?

હવે માંડ નવરો થાય નહિ એમાં આ વાતું પાછી. હવે શાસ્ત્ર ભણવા અને શાસ્ત્રની શ્રદ્ધા કરવા પણ નવરો થયો, એમ કરતા આવ્યો તો કહે, એ નહિ. આત્માની શ્રદ્ધા તે દર્શન કહેવાય. કહો, સમજાણું? કીધુંને એક જણાએ કે એલા! દર્શન પડિમા લીધી? કે હા. કેટલી પડિમા? કહે સાત. દર્શન પડિમા એટલે શું? આ ભગવાનના દર્શન કરવા હંમેશા એ દર્શન પડિમા. એમ પ્રતિજ્ઞા લીધી છે. આવા ને આવા વાડામાં પાકે. હવે એને ધર્મની ખબર ન મળે.

એ દર્શન એટલે આત્મા, પૂર્ણાનંદ શુદ્ધ પ્રભુ એની અંતર શ્રદ્ધા, અંતર ભાન કરીને શ્રદ્ધા કરવી એને દર્શન સમકિત કહે છે. અને એમાં વિશેષે નિર્મળતા થઈ તે દર્શન પડિમા છે. સમજાણું કાંઈ? ઢસરડા કર્યા જગતે. ધર્મને નામે અધર્મ સેવે અને માને કે ધર્મ કરીએ છે. સ્વતંત્ર અનાદિ રખડે છે. આહાહા..!

મુમુક્ષુ :- અંધારું થઈ ગયું હતું.

ઉત્તર :- અંધારું. ભગવાન તેં તને જાણ્યો નહિ ભાઈ! તું કોણ છો તેની તને પ્રતીત નથી. ભાઈ! તું તો પરમેશ્વર છો ભાઈ! કારણ કે જે સર્વજ્ઞદશા થશે, પરમેશ્વરની દશા થશે એ ક્યાંથી આવશે? કાંઈ બહારથી આવે એવી છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આત્મામાં બધું પડ્યું છે. પરમેશ્વર પદ આખું પડ્યું છે. આખો પૂર્ણાનંદ પ્રભુ. એ અનંત કેવળજ્ઞાન, અનંત કેવળદર્શન, અનંત આનંદ અને અનંત વીર્ય એવી જે પર્યાય એટલે અવસ્થા એ રૂપ સિદ્ધપદ. એવી સિદ્ધપદની પર્યાયો તે અનંત અનંત થવાની છે. એ બધી પર્યાયો ભગવાન! તારા ગુણમાં, તારા સત્ત્વમાં પડી છે. ન હોય એમાંથી આવે નહિ. હોય એમાંથી આવે. એવડો જે આત્મા એનો આશ્રય કરવો, કેટલો પુરુષાર્થ છે? આવડો આત્મા. જેને સમ્યગ્દર્શન આવા આશ્રયે થાય એ સમ્યગ્દર્શનની કિંમત કેટલી! આહાહા..!

મુમુક્ષુ :- તત્ત્વાર્થ શ્રદ્ધાન..

ઉત્તર :- એ તત્ત્વાર્થ શ્રદ્ધાન આ સમ્યગ્દર્શન. આ તત્ત્વાર્થ શ્રદ્ધાન. તત્ત્વાર્થ શ્રદ્ધાન આ કહેવાય છે એ. આ છે કે નહિ? તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શન. દસલક્ષણીમાં બહુ બોલે. બોલે બહુ. સમજે નહિ કાંઈ. દસલક્ષણી પર્વમાં પહેલો ક્ષમા ધર્મ છે આ, બીજો આ માર્દવ, ત્રીજો.. પણ શું કહેવાય? કોને કહેવાય અને કોને હોય એ ખબર છે કાંઈ? કાંઈ નહિ લ્યો

આપણે ક્ષમા કરી દઈએ. એકમને દિ' ક્ષમા... ક્ષમા.. ક્ષમા. લ્યો ક્ષમા થઈ ગઈ. ધૂળમાંય ક્ષમા નથી, સાંભળને.

ભગવાન આત્માને ક્ષમા આપે કે ઓહો..! આત્મા બાદશાહ પૂર્ણાનંદનો નાથ તું પોતે છો. એમ સમ્યગ્દર્શનમાં એનો સ્વીકાર કરે ત્યારે એણે આત્માને ક્ષમા આપી કહેવાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આત્માની ક્ષમા કઈ રીતે કરવી?

ઉત્તર :- એ આત્મા એ જ ક્ષમા. આ ક્રોધ કરે છે એના ઉપર. રાગની રુચિ કરીને આત્મા ઉપર ક્રોધ કરે છે. સમજાય છે? એ પુણ્યના ભાવ, પાપના ભાવ એમાં પ્રેમ માને છે, પરમાં સુખ માને છે, આ ધૂળમાં સુખ છે, પૈસામાં સુખ છે, શરીરમાં સુખ છે, બાયડીમાં સુખ છે, હજીરામાં. હજીરો એટલે આ મકાન. શેઠ! આરસપહાણનું મકાન તમારે છે ને, છ લાખનો મોટો હજીરો લાંબો. સાગરમાં. એ બધા... શેઠી! શેઠે હમણાં મકાન કર્યા. મહેન્દ્રભાઈએ મકાન કર્યા. લાખ રૂપિયા.. બધા મકાન કર્યા ત્યાં ઈયળ પડી છે અંદર. મોટા મકાન. આહાહા..! મહેન્દ્રભાઈએ કર્યો છે. અહીં પણ કર્યું છે થોડું જુઓને ૫૦ હજાર નાખ્યા ને. પણ શું છે? મોટી આ ઈયળું નથી રહેતી? આ કહેવાય ધારું. આ પત્થરની ધારું હોય ને મોટી? એમાં ગુફામાં ઈયળું રહે, નોળકોળ રહે. એમ આ ભાન વિનાના મોટા નોળકોળ પડ્યા છે અંદર. શેઠી!

મુમુક્ષુ :- નોળકોળ કાંઈ..

ઉત્તર :- નોળકોળ જ છે. બીજું છે શું છે? આહાહા..!

કહે છે કે તારો આત્મા કેવો છે એની કિંમત કરીને તેં શ્રદ્ધા નથી કરી, એ કિંમત વિનાનો તું છો. આની કિંમત કરી નથી તો તું કિંમત વિનાનો છો. તેં પુણ્ય-પાપની કિંમત કરી, સંયોગની કિંમત કરી, એની મહત્તા આપી. કિંમત વિનાનો તું છે. માટે તું બીજાને કિંમત અને માહાત્મ્ય આપે છે. પુણ્યના ભાવનું માહાત્મ્ય, પુણ્યના ફળનું માહાત્મ્ય. ઓહોહો..! પાંચ-પાંચ કરોડ, દસ-દસ કરોડ. એય..! મલૂકચંદભાઈ! કહો, એના છોકરા પાસે અઢી કરોડ, ત્રણ કરોડ. બે છોકરા પાસે છ કરોડ.

મુમુક્ષુ :- એમાં તો હુંફ લાગી ગઈ છે.

ઉત્તર :- ધૂળમાંય હુંફ નથી. આજે ભાઈ કહેતા હતા, નવું નથી કરવું. સવારે સમાચાર આવ્યા હતા. કહેતા હતા, ભાઈ ચંદુભાઈ કહેતા હતા. ત્યાં ત્રણેક હજાર વાપર્યા. પચાસ હજાર ત્યાં ઊપજ્યા. મુંબઈ. પર્યુષણમાં ત્રણ હજાર.. હવે એમ કે નવું નથી કરવું, એવું કોઈક કહેતું હતું. નવા કર્યા જ કરે. હવે અઢી કરોડ, ત્રણ કરોડ રૂપિયા છે એની પાસે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બીજા નંબરનો છોકરો એનો મુંબઈ. પહેલા નંબરનો રહે છે સ્વીટ્ઝરલેન્ડ. એની પાસે ત્રણ કરોડ.

મુમુક્ષુ :- વાપરે નહિ.

ઉત્તર :- વાપરે નહિ, વાપરે તો એ શુભભાવ છે, એ પુણ્ય છે. બંધનું કારણ છે. રાખવાનો ભાવ એ પાપનું કારણ છે એમ કહે છે અહીં તો. શેઠી! આ તો માર્ગ નિરાળો છે બાપા નિરાળો. આહાહા..! એ પૈસા રાખવાનો ભાવ એ પાપ. છોકરા માટે રાખવા, બાયડી માટે રાખવું, આબરૂ માટે રાખવું, વ્યાજ ઊપજાવવા રાખવા એ બધો પાપ. અને કોઈ ધર્મને નામે ખર્ચવાનો ભાવ છે પાંચ-પચાસ હજાર, એ ભાવ પુણ્ય છે. ધર્મ નહિ. સમજાય છે?

ધર્મ તો આત્મા શુદ્ધ ચિદાનંદ પ્રભુ, એનું આલંબન લઈને જે શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ પ્રગટ કરે એને ધર્મ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? ગોઠે, ત્યાં મજા આવે લ્યો. છોકરા હોય આમ બધું આવળગોવળ એમ કહે છે અમારે કાઠિયાવાડમાં. આવળગોવળ એટલે બધા બાવળના ઝાંખા ભર્યા હોયને ચારેકોર. એ આવળબાવળ કહે છે. તમારી ભાષા હશે કાંઈક. બાળગોપાલ. બધા ભેગા. પાંચ-પાંચ છોકરા હોય, સાત છોકરા હોય, એની સારી કન્યાઓ લાવ્યા હોય. એક એક ઘરે તો ૫૦-૫૦ હજાર, લાખ રૂપિયા લાવ્યા હોય પિયરમાંથી. આહાહા..! ત્યાં ગયો ઊંડો. અધોગતિના પરિણામ છે તારા. હવે સાંભળને.

અહીં તો ઊર્ધ્વગતિના પરિણામ એને કહેવામાં આવે છે કે, ભગવાન આત્મા અનંત ચૈતન્ય રતનનો રત્નાકર ભગવાન આત્મા, એની અંતર્મુખ થઈને નિર્વિકલ્પ સમ્યગ્દર્શન કરવું એને ભગવાન સમ્યગ્દર્શન, સાચું દર્શન કહે છે. જેને આત્માની કિંમત કરતા આવડી એની કિંમતનું જે સમ્યગ્દર્શન એને સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાતું ભાઈ!

**'શુદ્ધ આત્મા દર્શન છે કારણ કે તે દર્શનનો આશ્રય છે,...'** છે ને? શુદ્ધ આત્મા તે સમકિત છે. દર્શન એટલે સમકિત. કારણ કે તે સમકિતનો આશ્રય છે આત્મા. શુદ્ધ આત્મા આશ્રય છે. જ્ઞાયકભાવ ચિદાનંદ પ્રભુ, અભેદ વસ્તુ અખંડાનંદ પ્રભુ, એને આશ્રયે થયેલું સમ્યગ્દર્શન, તે સમ્યગ્દર્શનનો આશ્રય આ, માટે તેને સમ્યગ્દર્શન સાચું કહે છે. એ ધર્મનો બીજો અવયવ છે.

**'શુદ્ધ આત્મા ચારિત્ર છે...'** હવે ચારિત્ર. છ કાયના જીવને ન મારવા, દયાના ભાવ છ કાયના એ ચારિત્ર નહિ. એ શુભભાવ. છ કાય જીવની દયા પાળવાના ભાવ, છકાયના હોં. એકેન્દ્રિય, લીલોતરી, કંદમૂળ, બટાટા, શક્કરકંદ (એમાં) અનંત જીવ છે. એની દયા પાળવાના ભાવ, નહિ મારવાના ભાવ દયા તે શુભભાવ છે. એ ચારિત્ર નહિ, પુણ્યભાવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે. ઓહોહો..! ગયા છે ન્યાલભાઈ. ન્યાલભાઈ યાદ આવ્યા. ન્યાલભાઈ ગયા છે. વૃદ્ધ માણસ છે ને. કેટલા વર્ષથી એણે રસ નહિ, ફલાણું નહિ. બહુ કરે. ઘણા વર્ષથી. લીલોતરી શાક નહિ બહુ ઘણા વર્ષથી. ત્યારે એને નડતું હતું ને. આ મહારાજ તો કાંઈ નથી પાળતા, એકાંત નહિ હોય? એમ થઈ જતું એને. હવે એમ થયું કે આ તો બધું અત્યાર સુધી સાંભળ્યું એ બધા ગપેગપ હતા. ભાઈ! તારા રસનો ત્યાગ શું? આત્મરસના ભાન વિનાના રસના ત્યાગમાં કદાચ શુભભાવ હોય તો મેં ત્યાગ કર્યો એવા મિથ્યાત્વભાવ સહિતનો પુણ્યભાવ છે.

મુમુક્ષુ :- મિથ્યાત્વ સહિત

ઉત્તર :- એ મિથ્યાત્વ સહિત છે. આ મેં રસ છોડ્યો. કે દિ' છોડ્યો? કે દિ' ગરી ગયો હતો તારામાં કે રસ છોડ્યો? રસ તો પર છે, જડ છે, આત્મામાં અડે છે રસ? મેં છોડ્યો એનો અર્થ કે મેં ગ્રહ્યો હતો. એ મિથ્યા માન્યતા છે. સમજાણું કાંઈ?

અહીં તો આત્માના આનંદરસની દશા થાય તેને ચારિત્ર કહે છે. છ કાયના જીવને દયાના ભાવ તે ચારિત્ર નહિ, વ્યવહાર ચારિત્ર છે. એટલે પુણ્યબંધનું કારણ છે. એ ધર્મ છે નહિ. આહાહા..! અહિંસા પરમો ધર્મ એ કોણ? કે આ આત્મા શુદ્ધ ચિદાનંદને આશ્રયે સ્થિરતા શાંતિની પ્રગટ કરે એવી અરાગી પરિણતિને ચારિત્રને અહિંસા પરમોધર્મ કહે છે. વ્યાખ્યા પણ જુદી બધી. શેઠ! સમજાય છે?

મુમુક્ષુ :- ફરીને.

ઉત્તર :- એ આત્મા શુદ્ધ ચિદાનંદ પ્રભુ, એની અંતર એકાકાર થઈને જે સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત સ્વરૂપમાં અવિકારી પરિણતિને પ્રગટ કરે તેને ચારિત્ર કહે છે. તે અહિંસા પરમોધર્મ ચારિત્ર તે છે. એ અહિંસા પરમો ધર્મ તે મોક્ષનું કારણ છે. છ કાયના જીવને ન મારવાનો ભાવ તે અહિંસા પરમો ધર્મ નથી. એ વ્યવહારરૂપી પુણ્ય ધર્મ છે.

મુમુક્ષુ :- ...બંધનું કારણ..

ઉત્તર :- પછી પુણ્ય બંધ થયું શું થયું? પુણ્યબંધ છે. બંધાય છે. આહાહા..! પ્રભાકરજી! આ માર્ગ એવો છે આ. કોઈ દિ' સાંભળ્યું નથી. બે દિ'થી બેસે છે, કોણ છે આ કીધું. ઓળખ્યા વિના ખબર ન પડે કઈ જાતની લાઈન છે. કહો, સમજાણું આમાં? આહાહા..!

અરે.. ભગવાન! તેં તને ઓળખ્યો નહિ, ભાઈ! તારી તને કિંમત નહિ, તારી તને ખબર નહિ, તારી તને પીછાણ નહિ, તારી તને માહાત્મ્ય દશા આવી નહિય બીજાના માહાત્મ્ય જ્યાં ત્યાં ઓહોહો..! આમ રાજ દેખે, પાટ દેખે આહાહા..! શું આહાહા, ધૂળેય નથી. સમજાણું કાંઈ? કહો, સમજાણું? ઓલો તમારો એક છે ને માણસ કો'ક? છોકરાનો કો'ક. એ ત્યાં ગયો હતો તમારે ઓલે પણે. સ્વીત્ઝરલેન્ડ. કો'ક ગયો હતો એ કહેતો હતો. કે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ ભાઈ પાસે સાહેબી છે એના કરતા ન્યાલભાઈ પાસે તો સાહેબી તો ઘણી છે. એમ કો'ક કહેતું હતું એનો માણસ. કો'ક કહેતું હતું નહિ?

મુમુક્ષુ :- રાજેન્દ્ર. એમનો કામ કરવાવાળો.

ઉત્તર :- હા એ. કો'ક કહેતું હતું, આપણને ક્યાં (ખબર હોય). આવું કાંઈક છે અઢી કરોડ રૂપિયા પણ ઓલા પાસે તો સાહેબી ન્યાલભાઈ પાસે બહુ છે. છોકરો નથી, એકલી છોકરી સાહેબી છે તો શું કરશે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ દીકરો જાતો નથી લઈને આમ જ બેસશે.. છોકરો. પહોંચેલો છે પહેલા કરતા. અહીં ગાડી લઈને જતો હતો. ખબર છે ને? ત્યાં પણ બેઠો હતો એવો નાનો. ત્યાં વ્હોરવા ગયા ને પહેલા અમે બહાર બેઠો. હું સાધુ છું આપો મને. લાવો પીરસો. એમ બોલ્યો. હું નાનો મહારાજ છું. બેસી ગયો અંદર. હું નાનો મહારાજ છું. એવો. લાવો. નહિ? પછી ત્યાંથી અહીં આવ્યા ત્યાં અહીં બેસી ગયો. પછી ભાઈએ પુનમચંદ એના બાપે ઉપાડી લીધો. એવું કર્યું. બે વખત થઈ ગયું હતું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. હું સાધુ છું. નાનો સાધુ છું. વ્હોરાવો આપો. કીધું આ ઠીક (છે). એય..!

અહીં તો કહે છે.. આહાહા..! અરે..! ભગવાન! ચારિત્ર કોને કહેવું? આ લૂગડા છોડ્યા અને નાગો થયો એ ચારિત્ર? બાયડી-છોકરા છોડ્યા એ ચારિત્ર? એ તો નહિ પણ અંદર છ કાયના જીવને ન મારવાનો એક લીલોતરી આમ હણાય તો.. અમારે માટે આહાર કર્યો છે. ન હોય. સમજાણું? એમાં લીલ-ફૂગ, બટાટા, શક્કરકંદ એક કટકી હણાય તો અનંત જીવ મરે. એવો (ન મારવાનો) ભાવ એ પુણ્ય બંધનું કારણ છે. ચારિત્ર નહિ. કહો, જેઠાલાલભાઈ! આહાહા..! આવી વ્યાખ્યા ભારે આકરી પડે માણસને. બાપુ! આ સમજ્યા વિના છેડા નથી. મરીને ગોદા ખાઈશ ચાર ગતિમાં નહિતર. ચાર ગતિમાં જ્યાં જાય ત્યાં દુઃખ જ છે એકલું. દુઃખ સિવાય કાંઈ છે નહિ. રાજા દુઃખી, દેવ દુઃખી, શેઠિયા દુઃખી, ભિખારી દુઃખી, હાથી દુઃખી, નારકી દુઃખી, દેવ દુઃખી. ગતિમાં પડેલા પરને આશ્રયે પડેલા ભાવમાં બધા જીવો દુઃખી છે. એનું ભાન નથી. સનેપાતિયાને દુઃખનું ભાન નથી. સનેપાતિયો દાંત કાઢે. સુખી છે? દુઃખી છે. બહુ દુઃખમાં આવ્યો ત્યારે સનેપાત થયો છે. એમ આ મિથ્યા શ્રદ્ધા, મિથ્યા જ્ઞાન, મિથ્યા રાગ. એકાકાર ઘૂંટાઈ ગયો અને માને કે અમે સુખી. મૂઢ છો સાંભળને હવે. સનેપાત વળગ્યો છે તને. એય.. શેઠી!

મુમુક્ષુ :- મોટો રોગ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- અરે..! મોટો રોગ. 'આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્‌ગુરુ વૈદ સુજાણ'. તને તારા સ્વરૂપની કિંમત નહિ અને તું રાગ ભ્રાંતિમાં પડ્યો, અહીં સુખ છે, અહીં પુણ્યમાં સુખ છે, મોટો ભ્રમ પડ્યો છે તને. એ ભ્રાંતિ મોટું દુઃખ છે. તને ખબર નથી. સમજ્યા? અસંખ્ય પ્રદેશે ઘા વાગે છે આકુળતાના. આહાહા..!

આત્મા અંદર શુદ્ધ ચિદાનંદ પ્રભુ, એનો આશ્રય લેતા જે શાંતિ પ્રગટે એ સુખરૂપ છે. એ સુખરૂપ છે. સમજાણું કાંઈ? એ અહીં સુખની વ્યાખ્યા છે આ. સમ્યગ્દર્શન, જ્ઞાન એ સુખરૂપ છે પણ ચારિત્ર વિશેષ સુખરૂપ છે. ભગવાન આત્મા આનંદસ્વરૂપની મૂર્તિ પ્રભુ, એનું જ્ઞાન કર્યું, એની શ્રદ્ધા કરી અને એમાં ઠર્યો. એ ઠરવાના આશ્રયમાં, આધારમાં શુદ્ધ આત્મા છે. એ શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રનો આશ્રય આત્મા છે. એ ત્રણનો આધાર આત્મા છે. માટે ત્રણને દર્શન, જ્ઞાન અને ચારિત્ર કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ સુખી છે? ક્યાં હતો? એય.. શેઠ! કોણ કહે? લોકો કહે ગાંડા. ગાંડાની હોસ્પિટલમાં ગાંડા ગાંડાને ડાહ્યો કહે બીજાને, લ્યો. એના કરતા બીજો એને ડાહ્યો લાગે. ગાંડાની હોસ્પિટલમાં બધા એક બીજા સુખી કહે ઓલાને કે આ સુખી છે. ધૂળેય નથી, સાંભળને હવે. સુખ તો આત્મામાં છે. એ આત્માના સુખનું ભાન નથી અને સુખ ક્યાંથી આવી ગયો તું? ધૂળ? આમાં એક ઠેકાણે આવે છે કે બહુ રોગ થાય, દુઃખ થાય ત્યારે રળેલા પૈસાનો કરજે ઢગલો અને મરવાની તૈયારી. હે પૈસા! તારા માટે મેં આ બધું કર્યું હોં. હવે મને કાંઈક મદદ કરીશ? મરી જાને, અહીંથી જાને ચાલ્યો. અહીં તે કોણ આવે તારી સાથે?

મુમુક્ષુ :- સિકંદર...

ઉત્તર :- હા સિકંદરનું આવે છે ને. પહેલા ગાતા. મારા હકીમો ઉપાડવા.. મારો જનાજો તે હકિમોને (ખભે) ઉપાડજો. મરી ગયો જ્યારે સિકંદર. અરે..! વર્ષાસન ખાનારા હકીમો! લાખ લાખ રૂપિયાના, બબ્બે લાખ, પાંચ-પાંચ લાખના વર્ષાસન આપતા. મરવામાં કાંઈ મદદ ન કરી. કાંઈ લઈને જાતો નથી. મારો જનાજો એ હકીમોને ઉપાડવા દેજો. એ હકીમો ઉપાડે જનાજો. ખબર પડે લોકોને આ હકીમો કાંઈ કરી શક્યા નહિ. શોભાલાલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. હકીમો ઉપાડીને મૂકવા જાય છે. જીવાડી શક્યા નહિ એને. ઉપર હાથ રાખીને ચાલજો. અને જેટલી મારી પોલીસ છે, લાખો પોલીસો, તલવાર અને બંદુક લઈને મોઢા આગળ ચલાવજો. આવા સાધન આ મડદું લઈને જાય છે. હું જીવતો લઈને ચાલતા.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ મડદાને કોઈ રાખી શક્યા નહિ મને. શેઠ! ત્યાં સૂડગડાંગમાં એવો એક લેખ છે. બહુ પૈસાના ઢગલા કર્યા હોય ને આબરૂના ને એની પાસે પોકાર કરજે મરતા. એય..! તારા માટે જિંદગી ગાળી, કાંઈક તો શરણ. ઓલો કહે મરીને ચાલ્યો જાને. કોણ આવ્યું છે તારી સાથે ખબર નથી તને?

'કાયા ચલો હમારી સંગે.' આનંદઘનમાં આવે છે. હે કાયા! અમે તને નવરાવ્યા, ધોવરાવ્યા, સાફ કર્યા. સવારમાં ઊઠીને પહેલું દિશાએ જાય, સાફ કરે, સાબુએ નવરાવ્યા. ચા પીધા, ઉકાળા પીધા. સમજ્યાને? ઓલું શું કહેવાય? કોફી. સવારમાં. પછી રોટલી, દાળ, ભાત, શાક, રસ, પૂરી સમજ્યાને? પતરવેલીયાના ભજીયા અને શિખંડ. બાપુ! તને બહુ ખવરાવ્યું, હવે ચાલને સાથે. હવે હાલ હાલ મૂરખ. કોઈ આવ્યું છે તારી સાથે? એવું છે હોં એક. એ આનંદઘનજીમાં છે. આનંદઘનજીનું સ્તવન છે. 'કાયા ચલો હમારી સંગે...' કોણ ચાલે તારી સાથે? એવું ગયું છે કોઈ? એવા તો અનંતા શરીર તેં છોડ્યા. અનંતા શરીર છોડ્યા આ ક્યાં મૂરખો થયો? કહે છે, ચાલ મારી સાથે. ચાલ્યો જા. જેવા ભાવ કર્યા એ ગતિમાં ચાલ્યો જા. આહાહા..! એને આત્માની ખબર ન મળે. એ આવા ભાવ કરીને ચાર ગતિમાં રખડવા-રખડવા ચાલ્યો જાય છે.

કહે છે કે ભગવાન આત્મા જેણે શુદ્ધ ચિદાનંદ પ્રભુને જાણી-શ્રદ્ધીને એમાં ઠર્યો છે. એ ઠરવાના આધારમાં, આશ્રયમાં, કારણમાં તો આત્મા છે. એ ઠરવાના હેતુમાં આત્મા છે. ઠરવામાં નિમિત્તરૂપે એટલે કારણરૂપે ભગવાન છે. રાગમાં નિમિત્તરૂપે હેતુ રૂપે પર હતું છ કાયના જીવો. આના નિમિત્તને હેતુ કારણરૂપે ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ? જુઓ! એમાં શબ્દો ઘણાં છે, હોં! આશ્રયત્વાત, હેતુત્વાત.. એવા ઘણાં છે. જયચંદ્ર છે ને? જયસેનાચાર્યમાં. બે-ત્રણ શબ્દો છે એવા હોં. કેટલામું છે એ? ૨૭૬. જુઓ છે.

જીવાદિ નવ પદાર્થ શ્રદ્ધાન વિષય '**जीवादिनवपदार्थः श्रद्धानविषयः सम्यक्त्वाश्रयत्वान्निमित्तत्वाद्**' વ્યવહાર થઈ ગયું. પછી નિશ્ચયની વાત લેશે. એ પરાશ્રિત વ્યવહારમોક્ષમાર્ગ. '**स्वशुद्धात्मा ज्ञानस्याश्रयत्वान्निमित्तत्वान्निश्चयनयेन मम सम्यग्ज्ञानं भवति।**' ત્યાં નિમિત્ત કીધું. ભાઈ! '**स्वशुद्धात्मा ज्ञानस्याश्रयत्वा**' શુદ્ધ જ્ઞાનનો આશ્રય. એનું '**न्निमित्तत्वान्निश्चयनयेन मम सम्यग्ज्ञान**' પછી '**शुद्धात्मा सम्यग्दर्शनस्याश्रयत्वात् कारणत्वात् निश्चयेन मम सम्यग्दर्शनं भवति।**' સમજાય છે? ઓલાને તો વ્યવહાર લાગે છે હોં! '**श्रद्धानविषयः सम्यक्त्वाश्रयत्वान्निमित्तत्वाद्**' '**षट्जीवनिकायरक्षाचारित्राश्रयत्वात् हेतुत्वाद्**' લ્યો, એમ લીધું. '**षट्जीवनिकायरक्षा**' છે ને? '**चारित्राश्रयत्वात् हेतुत्वाद् व्यवहारेण चारित्रं भवति।**' એ તો વગેરે વગેરે શબ્દો છે. એમ આત્મા. '**चारित्राश्रयत्वात्**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**हेतुत्वाद्**' જુઓ ભાષા. સ્વરૂપ આત્માનું જે શુદ્ધ ચૈતન્ય એમાં રમણતા એ '**चारित्राश्रयत्वात्**' કેમ? '**चारित्राश्रयत्वात्**' આત્માનો આશ્રય છે. એમાં આત્મા હેતુ છે. '**निश्चेयन सम्यक्चारित्रं भवति।**' સંસ્કૃત છે. આચાર્યોએ તો કેટલું સ્પષ્ટ કરી નાખ્યું છે. વાંચતા નથી, નવરાશ નથી. વાંચે તો વ્યવહારના પડયા એમાં પડ્યા. વ્યવહારના પણ ઠેકાણા નથી.

અહીં તો કહે છે કે આત્મા શુદ્ધ આત્મા તે ચારિત્ર. શુદ્ધ આત્મા ચારિત્ર છે. છે ભાઈ? એમાં છે? '**કારણ કે તે ચારિત્રનો આશ્રય છે;...**' કોણ? શુદ્ધ આત્મા એમ લેવું. ચારિત્ર એને કહીએ, ચરવું, રમવું. આનંદ સ્વરૂપ ભગવાન આત્મા એમાં રમે, જમે, અતીન્દ્રિય આનંદનું ભોજન કરે, અતીન્દ્રિય આનંદનો સ્વાદ લે એવી દશાને સાચું ચારિત્ર કહે છે. કે જે ચારિત્રમાં આધાર-આશ્રય ભગવાન આત્મા છે. એ ચારિત્રનો હેતુ આત્મા છે. એ ચારિત્રના હેતુમાં કોઈ રાગ અને નિમિત્ત છે નહિ. એમ. એ ચારિત્રમાં કોઈ રાગની મંદતા હતી માટે ચારિત્ર થયું એમ નથી. સમજાણું કાંઈ? કષાયની મંદતાનો, છકાયની અહિંસાનો ભાવ હતો માટે આ ચારિત્ર નિશ્ચય છે એમ નથી એમ કહે છે. નિશ્ચય ચારિત્રનો હેતુ આત્મા છે. આ રાગની મંદતા તે એનો આશ્રય છે નહિ. આહાહા..!

'**એ પ્રમાણે નિશ્ચય છે.**' લ્યો. એ નિશ્ચય સમ્યગ્જ્ઞાન શુદ્ધ આત્મા. ઓલું વ્યવહાર જ્ઞાન હતું તો નિશ્ચય જ્ઞાન છે એમ નહિ. વ્યવહારદર્શન હતું તો નિશ્ચય દર્શન છે એમ નહિ. વ્યવહાર ચારિત્ર હતું તો આ છે એમ નહિ. એનો વિસ્તાર આવશે થોડો. હેતુ આત્મા છે, આ વ્યવહાર હેતુ નથી એમ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**ભાદરવા વદ ૩, ગુરુવાર તા. ૨૧-૦૯-૧૯૬૭**
**ગાથા-૨૭૬-૨૭૭, પ્રવચન-૩૪૩**

આ સમયસાર અધિકાર ચાલે છે. બંધ અધિકાર. બંધભાવ વ્યવહારનયનો વિષય તે બંધભાવ છે. એટલે શું? કે આત્મા પોતાના સ્વભાવને ભૂલી કે ભૂલ્યા વિના જેટલો પરદ્રવ્યને આશ્રયે રાગ-શુભ રાગાદિ કરે છે એ બંધનું કારણ છે. સંસારીક જે આ લૌકિક જ્ઞાન અને લૌકિક બુદ્ધિ છે એ તો પાપબુદ્ધિ અને પાપનો બંધ કરનારી છે. સમજાણું કાંઈ? લૌકિકનું જે જ્ઞાન છે આ એલ.એલ.બી. એમ.એ. આ વકીલ, આ બધા હીરા-માણેકના બુદ્ધિવાળા એ બધા બેરિસ્ટરો હોય ને પાંચ-પાંચ હજાર એક દિવસના લેનારા, એ બુદ્ધિઓ બધી દુઃખરૂપ છે, પાપરૂપ છે, આકુળતારૂપ છે.

મુમુક્ષુ :- એ પોતે દુઃખરૂપ છે?

ઉત્તર :- એ પોતે દુઃખરૂપ છે. કેમ હશે શોભાલાલજી?

મુમુક્ષુ :- કબુલ કરે તો થઈ જાય?

ઉત્તર :- દુઃખ છે. માને નહિ તો દુઃખ છે એને ભાન નથી. અનાદિનો મૂઢ ચાર ગતિમાં દુઃખી થઈને રખડી રહ્યો છે. કાંઈ એને ભાન નથી. મનુષ્યપણું કો'ક દિ' મળે. એમાં પણ આવા પાપ કરીને જાય નરક અને નિગોદ ચાર ગતિમાં રખડવા.

કહે છે કે સંસારની બુદ્ધિની જેટલી ચતુરાઈ છે એ તો પાપ બંધનનું કારણ છે અને એકલું દુઃખરૂપ છે. પણ આ શાસ્ત્રનું જ્ઞાન કરવું, શાસ્ત્રનું જ્ઞાન કરવું, વીતરાગ પરમેશ્વર કહે છે, સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા કહે છે એવા આચારાંગ, સૂયગડાંગ, ઠાણાંગ એનું જ્ઞાન કરવું એ પણ પુણ્યબંધ છે અને દુઃખરૂપ છે. આહાહા..!

મુમુક્ષુ :- પુણ્યબંધ ... દુઃખરૂપ છે?

ઉત્તર :- પુણ્યબંધ છે કહો કે બંધભાવ કહો કે દુઃખરૂપ કહો. એના વડે દુઃખથી છૂટાતું નથી. ઝીણી વાત છે, ભાઈ! એણે કોઈ દિ' દરકાર કરી નથી. પોતાની દયા કોઈ દિ' ખાધી જ નથી. એમ ને એમ પોતાની હિંસા કરી, પોતાના ચૈતન્ય પ્રાણ, આનંદ પ્રાણ, શુદ્ધ સ્વભાવભાવ હણીને એણે આવા પુણ્ય અને પાપના ભાવ જ ઊભા કર્યા છે. કહો, સમજાય છે કાંઈ? આ દાન, દયા, ભક્તિ, પૂજાના ભાવ એ તો પુણ્યરૂપ છે. શેઠ! અહીં આવો. કેમ મોડું થઈ ગયું? સવારમાં ... હોય. હજી ગરજ નથી એટલી એને. કહો, સમજાય છે કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

શું કહે છે? અહીંયાં વ્યવહાર પ્રતિષેધ આવે છે, જુઓ! અહીં સુધી આવ્યું છે ને? '**એ પ્રમાણે નિશ્ચય છે.**' ત્યાં સુધી આવ્યું છે. છે અંદર? છે? ભાઈ શોભાલાલજી! '**તેમાં, વ્યવહારનય પ્રતિષેધ્ય અર્થાત્ નિષેધ્ય છે,...**' એ શબ્દ આવ્યો છે અત્યારે. છે? છે ભગવાનજીભાઈ! શું?

મુમુક્ષુ :- વ્યવહારનય પ્રતિષેધ્ય અર્થાત્ નિષેધ્ય છે.

ઉત્તર :- '**વ્યવહારનય પ્રતિષેધ્ય અર્થાત્ નિષેધ્ય છે,...**' એટલે શું કહે છે? કે જેટલું શાસ્ત્રજ્ઞાન તરફનું વલણ છે અને જેટલું શાસ્ત્રજ્ઞાન છે એ બધું પુણ્યરૂપ ભાવ છે. નિષેધવા લાયક છે. આત્માના આનંદની પ્રાપ્તિ માટે તેને નિષેધવા લાયક છે. આરે.. આરે..! ભારે વાત! સમજાણું કાંઈ? સમજાય છે શેઠ? આ તમારે બીડી અને તમાકુનું જ્ઞાન તો પાપવાળું છે. પણ શાસ્ત્ર છે એ પરવસ્તુ છે. વીતરાગની વાણી પણ પર છે. એના લક્ષે જે ઉઘાડ થાય, વિકાસ જ્ઞાનનો (થાય) એમાં એ નિમિત્ત પર છે. એટલે એ પરાશ્રિત જ્ઞાન કહેવાય છે. એ જ્ઞાનમાં પણ પુણ્ય બંધાય છે. એટલે કે દુઃખરૂપ દશા છે એ પણ. ભગવાનજીભાઈ! ભારે આકરી વાત. અરે..! બિચારા ઊંડા પડીને પડ્યા છે ક્યાંક ચોર્યાસીના કૂવામાં કાંઈ ખબર નથી કે ક્યાં છીએ અને શું છીએ? આહાહા..! અને જ્યાં ત્યાં અમે સુખી છીએ, સુખી છીએ. ધૂળેય સુખી નથી. દુઃખીના દાળીયા છે. દુઃખના ડુંગરમાં માથા ફોડે છે. આહાહા..! સમજાણું કાંઈ? આ પૈસા પાંચ, પચાસ લાખ, કરોડ, બે કરોડ, પાંચ કરોડ મળ્યા, આ ધૂળ, શરીર સારું મળ્યું. એનું લક્ષ જેટલું કરે એ બધું પાપરૂપ, દુઃખરૂપ, દાઝે છે આત્મા. આહાહા..!

મુમુક્ષુ :- પાપથી દાઝે છે...

ઉત્તર :- એ તો દાઝે છે એટલું એમ કે છે એ તો. પણ અહીં તો હવે કહે છે કે શાસ્ત્ર તરફના વલણવાળું જે જ્ઞાન છે એ પણ હજી ભાઈ પરલક્ષી છે એટલે વિકલ્પાત્મક શુભયોગ છે, શુભરાગ છે અને એ દુઃખરૂપ ભાવ છે. આત્માના આનંદનો આશ્રય કરીને તે નિષેધવા લાયક છે.

'**વ્યવહારનય પ્રતિષેધ્ય અર્થાત્ નિષેધ્ય છે,...**' એનો એ અર્થ છે. '**કારણ કે આચારાંગ આદિને જ્ઞાનાદિનું આશ્રયપણું અનૈકાંતિક છે-વ્યભિચારયુક્ત છે;...**' શું કહે છે? આહાહા..! અન્યમતિના, સર્વજ્ઞે કહેલા સિવાયના શાસ્ત્રોનું જ્ઞાન એ તો દુઃખરૂપ, પાપરૂપ મિથ્યાત્વ સહિત દુઃખરૂપ છે. પણ ભગવાને કહેલા, સર્વજ્ઞ પરમેશ્વરે કહેલા શાસ્ત્રનું જ્ઞાન પણ પરલક્ષી છે. ભગવાને કહેલા નવ તત્ત્વો સર્વજ્ઞે કહેલા એની શ્રદ્ધા એ પણ દુઃખરૂપ પુણ્યભાવ છે. અને પંચ મહાવ્રતના ભાવ, પરાશ્રિત દયા, દાનના, અહિંસા મુનિને એવો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જે અહિંસા, સત્ય, દત્તના ભાવ એ પણ પુણ્યરૂપ છે, દુ:ખરૂપ છે.

મુમુક્ષુ :- પુણ્યને તો સુખરૂપ કહ્યું છે.

ઉત્તર :- શું કહ્યું?

મુમુક્ષુ :- પાપને દુ:ખરૂપ કહ્યું છે.

ઉત્તર :- પાપરૂપ ક્યાં કહ્યું છે? તમારા ઘરે? મહેન્દ્રભાઈએ કહ્યું છે?

મુમુક્ષુ :- અમે સાંભળ્યું...

ઉત્તર :- ... હવે તો ઘણાં વર્ષ થઈ ગયા. ... સમજાય છે કાંઈ?

ભાઈ! તારે સુખી થવું હોય, આ જન્મ-મરણના ચોર્યાસીની ઘાણમાં દુ:ખી થઈ રહ્યો છો ભાઈ! એ દુ:ખ ટાળવું હોય તો ભગવાન આત્મા આનંદની મૂર્તિ જ્ઞાયકસ્વરૂપ છે, એનો આશ્રય લે. આ શાસ્ત્રનું જ્ઞાન પણ આશ્રય લેવા લાયક નથી. આહાહા..! અને નવ તત્ત્વની શ્રદ્ધા, કીધું ને? '**આચારાંગ આદિને...**' એટલે આચારાંગ આદિનું જ્ઞાન, નવ તત્ત્વની શ્રદ્ધા એમાં બધું આવી ગયું. અને પંચ મહાવ્રતના પરિણામ દયાના, મુનિના શુભભાવ, હોં! એ '**આશ્રયપણું અનૈકાંતિક છે.**' અથવા દોષયુક્ત વ્યભિચાર દોષ છે. એમાં દોષ આવે છે. કારણ કે એમાં કાંઈ સમ્યગ્જ્ઞાન હોતું નથી. ઓહોહો..! એ તો પાપની બુદ્ધિ ટાળીને હજી પુણ્યબુદ્ધિમાં આવે તો કહે છે કે દુ:ખરૂપ છે. જન્મ-મરણ ટાળવાનો એ ઉપાય નથી. જન્મ-મરણ ચોર્યાસીના અવતાર છે, ભાઈ! આહાહા..! માથે દુ:ખની મોઘઢીયુંના માર પડે છે તારી ઉપર. તને ખબર નથી. મૂઢ થઈ ગયેલો. મૂઢ. જ્યાં ત્યાં ગયો ત્યાં અમે સુખી છીએ. અમને મજા છે, બાદશાહી છે. શેની? દુ:ખની.

અહીં તો કહે છે, એ તો દુ:ખરૂપ જ છે. મોટા મહેલ મકાન ૧૫, ૨૦-૨૦ લાખના મકાનો. ૫૦-૫૦ લાખના મોટા હજીરા. એય..! ૨૨-૨૨ માળના મકાન. ગયા હતા ને તમારા છોકરાની દુકાને? બતાવ્યું હતું. આ ૨૨ માળનું મકાન કરાવ્યું હતું.

મુમુક્ષુ :- ભાડું ખાવા માટે.

ઉત્તર :- હા, પણ એ ભાડું ખાવા માટે હેરાન દુ:ખી થાય છે ને? ૨૨ માળના મકાન. એમનો દીકરો કરે છે ને મુંબઈ. ૨૨-૨૨ માળના મકાન. બે-અઢી, ત્રણ કરોડ રૂપિયા. હજી સખ નથી. દુ:ખી... દુ:ખી... દુ:ખી... દુ:ખી બિચારા. દુ:ખી છે કે નહિ? દુ:ખી હશે?

મુમુક્ષુ :- દેખાતું નથી, કહેવું પડે છે.

ઉત્તર :- ભાન ન મળે ભાન. દેખાતું નથી ભાઈ એમ કહે છે. સાચી વાત છે. એનું કારણ છે. આ આત્મા, એણે અનુમાનથી પણ એવો એણે નિર્ણય કર્યો નથી. અનુમાનથી કે આ વસ્તુ છે કોઈ ચીજ આત્મા, તો એ આત્મા પોતે છે એમાં દુ:ખ ન હોઈ શકે,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મા વસ્તુ છે. ભગવાન પરમેશ્વરે કહી છે અને એમ છે. તો વસ્તુ જે પોતે હોય એ દુઃખ ન હોઈ શકે. એ તો આનંદ અને નિર્મળ અને શુદ્ધ હોય તેને આત્મા કહેવાય. એવું આત્માનું ભાન નથી એટલે કે એને રાગ-દ્વેષ છે, તે આનંદથી ઊલટી એની દશા છે. સમજાણું કાંઈ?

સનેપાતિયો ખુશી થાય છે, રાજી થઈ જાય છે. સુખી છે ઈ? સનેપાત. સનેપાત સમજો છો? શું કહે છે સનેપાતને? ત્રિદોષ. ત્રિદોષ લાગ્યો છે. આમ ખડ ખડ દાંત કાઢે. ૩૨ વર્ષનો જુવાન છે. બે કલાકે ઠરી જવાનો, મરી જવાનો. દાંત કાઢે. પાંચ જણા પકડે તો પણ બળ એટલું. બળ હશે એ બધું? સુખી હશે એ દાંત કાઢતો હશે એ? દુઃખ છે, ભાઈ! દુઃખની પરાકાષ્ઠા વધી ગઈ છે ત્યારે અસાધ્ય થઈ જાય છે.

એમ સંસારના પ્રાણીને ભગવાન આત્માની શ્રદ્ધા ન મળે, એનું જ્ઞાન ન મળે એમાં શાંતિ કે એમાં ચારિત્ર ન મળે. એ વિનાના પ્રાણી મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યા રાગ-દ્વેષનો સનેપાત લાગ્યો છે એને. ત્રિદોષમાં પડ્યા છે એ બધા. એ ત્રિદોષી પ્રાણી દુઃખી છે. ત્રિરત્નપર્યાય પ્રગટ કરે તે સુખી છે. આહાહા..!

એ કહે છે કે '**આચારાંગ આદિના...**' જ્ઞાન. આદિ છે ને? નવ તત્ત્વની શ્રદ્ધા અને પંચ મહાવ્રતના શુભરૂપ ભાવ. એનું આશ્રયપણું અનૈકાંતિક, વ્યભિચાર દોષવાળું છે. '**(શબ્દશ્રુત આદિને જ્ઞાન આદિના આશ્રયસ્વરૂપ માનવામાં વ્યભિચાર આવે છે કેમ કે શબ્દશ્રુત...**' ના લક્ષે જ્ઞાન એ જ્ઞાન જ નથી. સમજાણું કાંઈ? જ્ઞાન તો ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય પ્રભુ, એનો અંતરમાં આશ્રય લઈને જે જ્ઞાન પ્રગટ થાય તે નિર્દોષ જ્ઞાન અને અવ્યભિચારી જ્ઞાન છે. સમજાણું કાંઈ? એ સુખરૂપ જ્ઞાન છે. આત્મા અંદર સચ્ચિદાનંદ સ્વરૂપ ભગવાન પરમેશ્વરે કહ્યો એવો. ત્રિલોકનાથ તીર્થંકર દેવ પરમાત્માએ જે આ આત્મા છે એવો જોયો કે આ આત્મા તો આનંદ અને જ્ઞાનની મૂર્તિ છે. એવું અંતરમાં જ્ઞાનનું જ્ઞાન કરવું એ સુખરૂપ છે. અને આત્માની શ્રદ્ધા-નિર્વિકલ્પ અંતર્મુખ થઈને નિર્વિકલ્પ શ્રદ્ધા કરવી એ સુખરૂપ છે. અને સ્વરૂપમાં આનંદમાં ઠરવું, અતીન્દ્રિય આનંદનું જ્ઞેયમાં જ્ઞાન કર્યા પછી ઠરવું, સ્વરૂપમાં ઠરવું એ ચારિત્ર તે આનંદદાયક છે. સમજાય છે કાંઈ?

'**કેમ કે શબ્દશ્રુત આદિ હોવા છતાં જ્ઞાન આદિ નથી પણ હોતાં,...**' નથી પણ હોતા. હોય છે તો એને લઈને નહિ. પણ શબ્દશ્રતુના જ્ઞાનથી જ્ઞાન નથી પણ હોતાં. એમ. એટલે શું આગળ કહેવા માગે છે? કે આત્માનું અંતર સ્વરૂપ છે એનું જ્ઞાન નથી અને એકલું શાસ્ત્રનું જ્ઞાન હોય તો ત્યાં જ્ઞાન નથી. અને આત્માના આનંદનું જ્ઞાન અને સ્વરૂપનું જ્ઞાન હોય ત્યાં શાસ્ત્રનું જ્ઞાન હોય તો એ વ્યવહારજ્ઞાન છે, નિશ્ચયજ્ઞાન તો આ છે. સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કાંઈ?

**'શબ્દશ્રુત આદિ હોવા છતાં જ્ઞાન આદિ નથી પણ હોતાં, માટે વ્યવહારનય પ્રતિષેધ્ય છે;...'** કેમ કે **'નિશ્ચયનય વ્યવહારનયનો પ્રતિષેધક છે,...'** શું કહે છે? ઝીણી વાત છે ભાઈ બહુ. ભગવાન આત્મા આનંદની ખાણ છે. અનંત આનંદની ખાણ આત્મા છે. એનો આશ્રય લઈ અને વ્યવહારનો આશ્રય ત્યજવા લાયક છે. વ્યવહાર છે તે પ્રતિષેધ્ય છે, નિષેધ કરવાને લાયક છે. સ્વભાવનો આશ્રય કરવો તે એને પ્રતિષેધ કરનાર છે વ્યવહારનો. ચિદાનંદ પ્રભુ વીતરાગ મૂર્તિ આત્મા છે, એનો આશ્રય કરીને. એ નિશ્ચયનય પરનો પ્રતિષેધ્ય છે. વ્યવહારનો પ્રતિષેધ્ય-નિષેધ કરનાર છે. વ્યવહાર તે નિષેધ કરવા લાયક છે. નિશ્ચય તે વ્યવહારનો પ્રતિષેધ-નિષેધ કરનાર છે. આહાહા..! ભારે વાતું ભાઈ! ક્યો વ્યવહાર હશે આ? બાયડી છોકરા ને આ બધા ધંધા ને વેપાર કરવા એ હશે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ તો વ્યવહાર કે દિ' હતો? એ તો ધૂળમાં એનો દુઃખનો વેપાર છે મહાપાપનો. આ તો શાસ્ત્રનું જ્ઞાન, નવ તત્ત્વની શ્રદ્ધા અને પંચ મહાવ્રતના પરિણામ, અઠ્ઠાવીસ મૂળગુણ મુનિઓને એ શુભરાગ પણ દુઃખરૂપ છે માટે નિષેધ કરવા લાયક છે. ભગવાન આત્મા અંતરના આશ્રયે તેમાં જોડાતો નથી, અહીં જોડાય છે માટે નિષેધ (કરવા લાયક છે). નિષેધ કરનાર નિશ્ચયનય છે. વ્યવહાર તે નિષેધવાને લાયક છે. વ્યવહારને આશ્રયે ક્યાંય કોઈ દિ' ધર્મ થતો નથી. આહાહા..!

મુમુક્ષુ :- નિશ્ચયમાં વ્યવહારનો પ્રવેશ નથી.

ઉત્તર :- નથી. એનો નિષેધ એટલે અહીં અંતર જતા એનો આશ્રય આવતો નથી. નિષેધ થઈ જાય છે, એનો અભાવ થઈ જાય છે. સમજાણું કાંઈ? મોટા આમાં વાંધા તકરારું છે મોટી સંપ્રદાયમાં. વ્યવહાર કરતા કરતા થાય. અહીં તો એ કહ્યું કે જે સમ્યગ્જ્ઞાન... છે ને?

**'કારણ કે શુદ્ધ આત્માને જ્ઞાન આદિનું આશ્રયપણું ઐકાંતિક છે.'** એટલે? જે સમ્યગ્જ્ઞાન થાય તેનો આશ્રય-આધાર-આત્મા છે. આત્માને આધારે સમ્યગ્જ્ઞાન થાય તે જ નિર્દોષ જ્ઞાન છે. એ શાસ્ત્રજ્ઞાન થયું માટે આત્માને આશ્રયે જ્ઞાન થાય છે એવું પણ નથી. શાસ્ત્રજ્ઞાન થયું માટે આત્માનું જ્ઞાન થાય છે એમ નથી. કેમ કે સમ્યગ્જ્ઞાનનો આશ્રય આત્મા છે. સમ્યગ્જ્ઞાનનો આશ્રય વ્યવહાર નથી. આહાહા..! બહુ વાતું પણ. કેટલાકે તો બિચારાએ સાંભળી પણ ન હોય. શું હશે આ ભગવાન જાણે. હોય એ ખરું. કેમ ભગવાનજીભાઈ! એ દેવચંદભાઈ જેવા ત્યાં ક્યા ઓલામાં માથા ફોડતા હોય આકાશમાં. શું કહેવાય એ? આફ્રિકા.

આકાશ આવી ગયું વળી.

મુમુક્ષુ :- અત્યારે આ વાત ચાલતી જ નથી. બધે થોથા...

ઉત્તર :- થોથા-થોથા મફતના હેરાન દુઃખી થાય છે. અમરચંદભાઈ! આહાહા..!

ભગવાન! એકવાર સાંભળ તો ખરો, ભાઈ! એમ કહે છે. એ વ્યવહાર છે ને. એ પરાશ્રય છે, દુઃખરૂપ છે તો એને આશ્રયે અહીં સમ્યગ્જ્ઞાન થાય છે એમ છે નહિ. અહીં જે જ્ઞાન થાય,... એને આશ્રયે જે જ્ઞાન થયું એ તો નિષેધ કરવા લાયક છે. અને અહીંયાં જે જ્ઞાન થાય. આત્મા અંતર જ્ઞાયકસ્વરૂપ છે, પૂર્ણાનંદ પ્રભુ, એનું અવલંબન લઈને-આશ્રય લઈને- જે જ્ઞાનની દશાને આત્માનો આશ્રય મળ્યો, તે જ્ઞાન આત્માને આશ્રયે થાય તે જ્ઞાનને સુખરૂપ જ્ઞાન કહે છે. એ જ્ઞાનને વ્યવહારનો આશ્રય છે નહિ. એમ કહે છે. સમજાણું કાંઈ?

વ્યવહારુ જ્ઞાન નિમિત્તને લક્ષે છે. નિશ્ચયજ્ઞાન આત્માને લક્ષે છે. બેની દિશા જ ફેર છે. આહાહા..! કહો, શેઠી! સમજાણું કાંઈ? લૌકિકની તો અહીં વાત જ નથી. લૌકિકમાં તો નામ હોય ને ઘણાં કેટલાક? પરને લગતી. બધી વાતમાં બેઠો હોય ડાહ્યો થઈને વાતું કરે. જાણે બધું આવડે છે. ધૂળેય નથી સાંભળને હવે. દુઃખની વાતું કરે છે બધી. દુઃખમાં કેમ ઊંડા જાવું. કહો, શેઠી! તમારા હીરા-માણેકની વાતું કરે. આહાહા..! ભાઈ ગોદિકા આમ કહેતા હતા આમ લ્યો. કેટલાક બતાવતા હતા. મેં કીધું કે ભાઈ, અમને તો પથરા લાગે છે. ઓલા પથરા બતાવતા હતા ને? નીલમ શું કહેવાય? શું કહેવાય એ? પન્ના-પન્ના. આટલા પથરા બતાવતા હતા. એક અઢી લાખનો હાર બતાવ્યો કે અમે આ અઢી લાખનો હાર રાખીએ. એક જરીક આવડો. ધૂળ લાગે છે ભાઈ, અમને તો આમાં કાંઈ લાગતું નથી. ભગવાનજીભાઈ! મેં એને કહ્યું. એના મકાનમાં ઉતર્યા હતા હમણાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ગૃહસ્થ માણસ ને. પૈસા ખર્ચ્યા હમણાં ૧૧ દિ'માં ૧૬ લાખ ખર્ચ્યા. ૧૧ દિવસમાં ૧૬ લાખ. અમે ત્યાં ૧૧ દિ' રહ્યા એમાં પાંચ લાખનો હોલ તો બનાવ્યો હતો. એમાં ૧૧ દિ'માં ૧૧ લાખ ખર્ચ્યા. ૬ લાખનો ખર્ચ અને ૫ લાખ આપ્યા નભાવવા માટે. ૧૬ લાખ. એય.. મલૂકચંદભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લે આ ઠીક. વાત તો આશય મારો એવો હતો કે એના છોકરા પાસે એના કરતા ઘણાં પૈસા વધારે છે. રામજીભાઈએ ઠીક કહ્યું. બે છોકરા પાસે છે છ કરોડ. ઓલા પાસે ત્રણ કરોડ ત્યાં પડ્યો છે. ક્યાં? સ્વીટ્ઝરલેન્ડમાં મોટો પડ્યો છે એની પાસે ત્રણ કરોડ. છોકરો ન મળે અને એક છોડી. અઢી ત્રણ કરોડ અહીં છે. બીજો છોકરાને. મુંબઈ.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ..

ઉત્તર :- આવવાના છે. હેરાન-હેરાન છે બધા. હેરાન બિચારા દુઃખી થાય છે. ઓલો તો કહે.. થોડાક લાવ્યા હતા બે શેર નીલમ. બે શેર હતો આવો. બે શેરનો ભૂક્કો. એ કહે અમેરિકાથી લાવ્યા. અમેરિકાને? ક્યાં કીધું? અમેરિકાથી બે શેર ભૂક્કો લાવ્યા છીએ. એમાંથી કેટલાય લાખો કાઢશે. બે શેર ભુક્કો સમજ્યાને? ચુરો. એમાંથી એક સાત-આઠ બતાવી હતી આટલી કણીઓ નાની નાની. કીધું, આની શું કિંમત? ગુંજામાં આટલો અડધા ભાગ. ચાર લાખ. એવા બે શેર છે. કહે, એમાંથી કેટલાય લાખ ઊપજશે. એ નજર પોગી છે. એ નજર પોગવાને લઈને પૈસા થતા હશે ને?

મુમુક્ષુ :- આપ ના કહો છો.

ઉત્તર :- ના, લોકો એમ કહે છે હોં! એને કોણ જાણે નજર એવી પોગે છે ગોદિકાને. સાધારણ માણસ હતા એને ઠેકાણે થઈ ગયા મોટા ધૂળના ધણી. એય.. શેઠ! આહાહા..!

મુમુક્ષુ :- ધૂળના?

ઉત્તર :- ધૂળ છે બીજું શું છે? ધૂળનો માલિક ધૂળ જડ હોય એમ કહે છે. એ ધૂળ તારી છે? એ માટી જડ છે. એનો ધણી થાય. ભેંસનો ધણી પાડો હોય. એમ જડનો ધણી થાય એ જડ હોય. એમ કહે છે. એય..! શેઠ!

અહીં તો કહે છે... આ તો અજબગજબની વાત છે. તારો નિસ્તાર કરવો હોય, આ ચોર્યાસીના દુઃખમાંથી નીકળવું હોય તો ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે તેનું અંતરમાં જ્ઞાન કર. કે જે જ્ઞાનની દશાને આધાર અને આશ્રય મળે આત્માનો. એ જ્ઞાનને શબ્દશ્રુતનો પણ આશ્રય છે નહિ. વ્યવહાર શાસ્ત્રનું જ્ઞાન કર્યું માટે અહીં જ્ઞાન આમ થાય છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? અને એ શુદ્ધાત્માની શ્રદ્ધા. ભગવાન આત્મા નિર્વિકલ્પ સ્વસંવેદનનું વેદન કરીને પ્રતીત થઈ કે આ આત્મા. એ સમ્યગ્દર્શન સુખરૂપ દશા છે. એ સમ્યગ્દર્શનનો આશ્રય આત્મા છે. એ સમ્યગ્દર્શન નવ તત્ત્વ ભગવાને કહેલા એવા ભેદરૂપ શ્રદ્ધા કરે તો એને આશ્રયે નિશ્ચય સમ્યગ્દર્શન થાય એમ નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- એમ છે જ નહિ.

ઉત્તર :- એમ થઈ શકતું નથી. એમ હોઈ શકે શી રીતે? કારણ કે અંતરનો આશ્રય લેવો છે અંદરનો અને આ છે બહાર આશ્રયવાળી વસ્તુ. નવ તત્ત્વ ભગવાને વીતરાગે કહેલા જીવને જીવ માને, અજીવને અજીવ માને, પુણ્યને પુણ્ય માને, પાપને પાપ. આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ (જેમ છે તેમ માને) પણ ભેદવાળી શ્રદ્ધા છે. નવની ભેદવાળી, રાગવાળી શ્રદ્ધા છે. એટલે રાગની શ્રદ્ધા આવી હોં! વીતરાગ સિવાયના જે અજ્ઞાનીઓએ કહેલા તત્ત્વો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એને માને એને તો મિથ્યાત્વ છે અને પાપબુદ્ધિ છે. સમજાણું કાંઈ? આહાહા..!

પરમેશ્વર સર્વજ્ઞને પહોંચવું છે, ભાઈ! તારે સર્વજ્ઞ થાવું છે. જો સર્વજ્ઞ થવું હોય તો સર્વજ્ઞે કહેલા તત્ત્વોને પણ વ્યવહાર તરીકે વિકલ્પથી માને તો એને આશ્રયે નિશ્ચય સમ્યગ્દર્શન ન થાય. તારો ભગવાન અંદર પૂર્ણાનંદનો નાથ પ્રભુ છે એનો અંદરમાં આશ્રય કર તો સમ્યગ્દર્શન થાય. એ નિર્દોષ સમ્યગ્દર્શન છે. એ વ્યવભિચાર રહિત છે. ઓલામાં વ્યભિચાર આવે છે કે એવું હોય તો એ જ્ઞાન હોય અને ન હોય તો (ન હોય). ન હોય તોપણ જ્ઞાન હોય છે. શાસ્ત્રનું જ્ઞાન હોય અને સમ્યગ્જ્ઞાન ન હોય, અને શાસ્ત્રનું જ્ઞાન હોય તો સ્વના આશ્રયનું જ્ઞાન પણ હોય છે. પણ એને લઈને નહિ. સમજાણું કાંઈ? વાત તો હજી પકડવી મુશ્કેલ પડે માણસને. શું કહે છે? આહાહા..!

કહે છે, ભગવાન! તું એક ચૈતન્ય નિધિ છો. તારી ખાણમાં તો અનંતા પરમાત્મા પડ્યા છે. આહાહા..! વસ્તુ ભગવાન આત્મામાં અનંતા સિદ્ધ ભગવાન પડ્યા છે અંદર. એવી ખાણવાળું તત્ત્વ એની અંદર અનુભવ કરીને દૃષ્ટિ કર અને જે સમ્યગ્દર્શન થાય એ સમ્યગ્દર્શનને આશ્રય આત્માનો છે. એને નવ તત્ત્વની શ્રદ્ધાના આશ્રય વિના શ્રદ્ધા થયેલી છે. નવ તત્ત્વના શ્રદ્ધાના આશ્રય વિના નિશ્ચય સમ્યગ્દર્શન આત્માને આશ્રયે થયેલું છે. આને આશ્રયે થયેલું નથી. આહાહા..! કહો, ઈશ્વરચંદજી! ભારે વાતું ભાઈ! બિચારા રાડ નાખે. અરે..! સોનગઢમાં આમ છે. હવે સાંભળને. સાંભળ્યું નથી ને તને ભાન નથી ને. સનાવદમાં ચાલે છે ને બધું? ઘણું ચાલે છે. ચારે કોર ખળભળાટ ખળભળાટ. ઘેંટા હહળ્યા, હહળ્યા હવે. આહાહા..!

ભગવાન! સાંભળને ભાઈ! ત્રણ લોકનો નાથ ચૈતન્ય પ્રભુ, પરમેશ્વર જેનું રૂપ છે, પ્રભુ તારું સ્વરૂપ છે, દેવાધિદેવ તું સ્વરૂપે છો. આહાહા..! એનો અંતરમાં આશ્રય લઈ, એમાં એકાકાર થઈ, આ વસ્તુમાં વ્યવહાર નથી. જે વસ્તુનો આશ્રય લે છે એમાં એ વ્યવહાર નથી. નિશ્ચય જે છે શ્રદ્ધા તે આત્માને આશ્રયે છે. એ પૂર્ણ અસ્તિરૂપ પૂર્ણ જ્ઞાયકભાવ અસ્તિ છે. એનો આશ્રય લેતા થાય એમાં વ્યવહાર એમાં નથી. એમાં નથી તે એને લઈને કેમ થાય? અને એ હોય તો કેમ થાય? સમજાણું કાંઈ? વ્યવહાર શ્રદ્ધા છે તો એને લઈને કેમ થાય? અને એ છે માટે અહીં થાય છે એમ કેમ થાય? સમજાણું કાંઈ? ભારે વાતું.

કહે છે કે '**નિશ્ચયનય વ્યવહારનયનો પ્રતિષેધક છે, કારણ કે શુદ્ધ આત્માને જ્ઞાન આદિનું આશ્રયપણું ઐકાંતિક છે.**' ઐકાંતિક એટલે બરાબર છે. વ્યભિચાર નથી. '**કેમ કે જ્યાં શુદ્ધ આત્મા હોય ત્યાં જ્ઞાન-દર્શન-ચારિત્ર હોય જ છે.**' જ્યાં ભગવાન આત્મા અંતર જ્ઞાનને આશ્રય મળ્યો, ભગવાન આત્માનો જ્ઞાનને આશ્રય મળ્યો એ જ્ઞાન સમ્યક્ હોય જ છે. જે જ્ઞાનની દશાને આત્માનો આશ્રય મળ્યો એ સમ્યગ્જ્ઞાન હોય જ છે. જે

શ્રદ્ધાને આત્માનો આશ્રય મળ્યો એ સમ્યગ્દર્શન હોય જ છે. જે શાંતિ, ચારિત્રને આત્માનો આશ્રય મળ્યો ચારિત્ર શાંતિ હોય જ છે. સમજાણું કાંઈ? પરનો આશ્રય મળ્યો એમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર હોતા નથી. શ્યામસ્વરૂપજી! ભારે વાતું ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મોટો ગોટાળો છે. ધર્મને નામે પણ સંપ્રદાયમાં ગોટાળા થઈ રહ્યા છે. આહાહા..!

અહીં તો કહે છે કે વ્યવહાર જે છે એ અંતર સ્વભાવનો આશ્રય લેતા એ વસ્તુમાં વ્યવહાર નથી. અને વસ્તુમાં વ્યવહાર નથી, અને વ્યવહાર છે માટે આશ્રય થયો છે ભગવાન આત્માનો એમ પણ નથી. કારણ કે એમાં એ નથી. એમાં નથી તો આશ્રય તો દ્રવ્યસ્વરૂપ જ્ઞાયકભાવ એનો આશ્રય થયો છે. એકલો પ્રભુ આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ, એનો આશ્રય થતાં એને સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર હોય છે. એમાં એ વ્યવહાર રત્નત્રય જે કહ્યા એ એમાં નથી અને એ છે માટે અહીં થાય છે એમ નથી. આહાહા..! નિશ્ચય નિરપેક્ષ છે એમ કહે છે. એઈ..!

મુમુક્ષુ :- પરમ નિરપેક્ષ વાત છે.

ઉત્તર :- હા. એમ કહે છે ભાઈ! વસ્તુ તારી એવી છે. બાદશાહ ત્રણ લોકનો નાથ છો નાથ! તારે વ્યવહારની અપેક્ષા હોય અને નિશ્ચય થાય એવો તું છો નહિ. એવો તું છો નહિ. એમ કહે છે. આહાહા..! માહાત્મ્ય ન આવે, મહિમા ન જાણે તત્ત્વની એટલે આત્માને રાંકો, રાંક જેવો માન્યો. સમજાય છે?

સવારમાં દિશાએ જઈએ ને? તો છોડી અને એનો બાપ નીકળે. છાણ વિણવા. એક છાણ પોદળો સારો આવે તો ખુશી થઈ જાય. છાણ સમજો છો? ગોબર. મોટો ઢગલો કર્યો પચાસ મણનો મોટો. ... છે ને ત્યાં? જીવાંત થઈ ગઈ. ગાડા ભરીને આવતો હોય ખાતર. કોળી છે કો'ક. છોડી લઈને હંમેશા નીકળે. છોડીને માથે હોય ઓલું. સારો પોદળો દેખે ત્યાં આહાહા..! ભિખારી તે પણ ભારે ભાઈ! એમ આ પોદળો એટલે આ પાંચ, પચાસ, દસ લાખ, પચાસ કરોડ મળે એ પોદળો છે, બીજું શું છે? ધૂળ. મોટો પોદળો છે હેય. ગોબર-ગોબર.

મુમુક્ષુ :- આત્માના ભાન વિના બધું ગોબર છે.

ઉત્તર :- ગોબર જ છે. ભાન હોય તોપણ ગોબર છે અને ન ભાન હોય તોપણ ગોબર છે.

એ તો ઠીક પણ અહીં તો કહે છે પ્રભુ! સાંભળ તો ખરો, જેમાં પરનો આશ્રય આવે એ વ્યભિચારી ભાવ છે. એ વ્યભિચાર છે. આહાહા..! જેમાં નિમિત્તનો આશ્રય, સ્વભાવ એકલો આશ્રય વિનાનું જે તત્ત્વ છે એ અવ્યભિચારી તત્ત્વ છે. આહાહા..! જેમાં નિમિત્તનો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આશ્રય થઈને પ્રગટ્યું એ વ્યભિચારી છે, દોષવાળું છે. એ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને ચારિત્રના પરિણામ શુભ એ દોષવાળા છે એમ કહે છે. ગજબની વાતું છે ને. કહો, સમજાય છે કાંઈ? જુગરાજજી! બરાબર છે કહે છે. આહાહા..!

પ્રભુ! તને તારા શરણ વિના ક્યાંય શરણ છે નહિ. અરિહંતા શરણં, સિદ્ધા શરણં, સાહૂ શરણં આવે છે ને? અરિહંતા શરણં. પણ એ શરણ તારું શરણ તું અરિહંત અહીં છે, સિદ્ધ અહીં છે, બધું અહીં છે અંદર. સમજાણું કાંઈ?

કહે છે, '**શુદ્ધ આત્માને જ્ઞાન આદિનું...**' એટલે કે ભગવાન આત્મા શુદ્ધ પવિત્ર છે એવો અંતર આશ્રય લઈને જે જ્ઞાન કર્યું એવા શુદ્ધ આત્માનો આશ્રય લઈને, અવલંબન લઈને, હેતુ બનાવીને, આધાર બનાવીને સમ્યગ્દર્શન થયું, એવો ભગવાન આત્મા શુદ્ધના આશ્રય હેતુ બનાવીને જે સ્થિરતા-ચારિત્ર થઈ એ ઐકાંતિક સમ્યક્ શુદ્ધતા અને નિર્દોષ છે. સમજાણું કાંઈ? '**કેમ કે જ્યાં શુદ્ધ આત્મા હોય ત્યાં જ્ઞાન-દર્શન-ચારિત્ર હોય જ છે. આ વાત હેતુ સહિત સમજાવવામાં આવે છે :-**' સમજાય છે કાંઈ આમાં?

'**આચારાંગ આદિ શબ્દશ્રુત એકાંતે જ્ઞાનનો આશ્રય નથી,...**' છે? શું કહે છે? એ શાસ્ત્રજ્ઞાનનું જ્ઞાન તે એકાંતે જ્ઞાનનો આધાર નથી. એટલે? કહે છે. કારણ હવે કહે છે ને. '**કારણ કે તેના સદ્ભાવમાં પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે જ્ઞાનનો અભાવ છે;...**' શાસ્ત્રના જ્ઞાનની હયાતી હોવા છતાં ભગવાન શુદ્ધ આત્માનું અંતર જ્ઞાન નથી, માટે તે જ્ઞાન અજ્ઞાન છે. આહાહા..! સમજાણું કાંઈ? અભવ્યનો દાખલો આપ્યો છે ને. આચારાંગ આદિ અગિયાર અંગ ભણ્યો. ભણ્યો શાસ્ત્ર. અહીં તો હજી શાસ્ત્ર ભણવાનો વખત મળતો નથી એને બિચારાને. ચોપડા પાપના ફેરવવા આડે.

અહીં તો કહે છે કે આ સંસારના ભણતર છોડી દઈને શાસ્ત્રના ભણતરમાં આવ્યો તો એની હયાતીમાં પણ અભવિને આત્માનું જ્ઞાન નથી. કેમ કે આત્મા.. એ છે અભવિને અગિયાર અંગનું જ્ઞાન થાય છે. અનંત વાર સાધુ થયો, અગિયાર અંગ ભણ્યો. એની હયાતીમાં પણ અભવ્યોને, જેને કોઈ દિ' મુક્તિ નથી એવા બંધભાવના સેવનારને અબંધભાવ એવા શુદ્ધ આત્માના અભાવને લીધે. ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ છે એનો અભાવ છે એને. તેથી અગિયાર અંગના જ્ઞાનને જ્ઞાનનો અભાવ કહીએ છીએ. એ અગિયાર અંગના જ્ઞાનને જ્ઞાનનો અભાવ કહેવામાં આવે છે. લે. શું છે?

ભગવાન આત્મા આમ ચૈતન્ય પ્રભુ જ્ઞાનનો સૂર્ય છે. એમાં અંતર એકાકાર થઈને જે જ્ઞાનના કિરણો સમ્યક્ ફાટ્યા, નિકળ્યા બસ એ જ્ઞાન છે. એને જ્ઞાની કહીએ અને એ જ્ઞાન છે અને એ સુખની દશા છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- અગિયાર અંગ ભણ્યો તોપણ અજ્ઞાન?

ઉત્તર :- અગિયાર અંગ ભણ્યો એને અજ્ઞાન કહ્યું, જ્ઞાનનો અભાવ કહ્યો. કારણ કે જ્ઞાન તો જેમાં વસ્તુ ચૈતન્ય ભગવાન છે એમાં જ્ઞાન પડ્યું છે. એનો આશ્રય લઈને જે જ્ઞાન થાય, ભલે થોડું થાય પણ તે જ્ઞાન છે. અને અગિયાર અંગ ભણે કેટલા? ૫૧ કરોડ જાજેરા શ્લોક. એવા શ્લોકના પાર ન મળે. તો કહે છે, અભવિને જેની મુક્તિ કોઈ દિ' નથી. એ પણ આચારાંગ આદિના જ્ઞાનના '**સદ્ભાવમાં પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે...**' ભગવાન આત્માના જ્ઞાન જેને કહીએ એનો અભાવ છે એને. સમજાણું કાંઈ?

'**જીવ આદિ નવ પદાર્થો દર્શનનો આશ્રય નથી,...**' એ નવ તત્ત્વની શ્રદ્ધા એ સમકિતનો આશ્રય નથી. નવ છે ને? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. એ નવ પદાર્થ દર્શન સમ્યગ્દર્શનનો આધાર નથી, આશ્રય નથી. સમ્યગ્દર્શનનો એ વ્યવહાર સમ્યગ્દર્શન હેતુ નથી. '**કારણ કે તેમના સદ્ભાવમાં પણ અભવ્યોને...**' નવ તત્ત્વની શ્રદ્ધા હોય છે. '**અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે...**' શુદ્ધ ચૈતન્ય ભગવાન એનો આશ્રય નથી, માટે તેને સમ્યગ્દર્શન કહેતા નથી. '**દર્શનનો અભાવ છે;...**' સમ્યગ્દર્શનનો અભાવ છે. એટલે મિથ્યાદર્શન છે. આહાહા..! નવ તત્ત્વની શ્રદ્ધા તે મિથ્યાદર્શન છે એમ કહે છે. એ આવી ગયું છે આપણે કળશમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નવ તત્ત્વની શ્રદ્ધા થઈને એ શ્રદ્ધા ભેદવાળી. એનું જ્ઞાન. મૂળ તો એ જ્ઞાન છે ને, શ્રદ્ધા-પ્રતીત.

મુમુક્ષુ :- અદર્શન કહે કે મિથ્યાદર્શન?

ઉત્તર :- અદર્શન કહો કે સમ્યગ્દર્શનનો અભાવ કહો કે મિથ્યાદર્શન કહો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આત્મા નથી માટે એને મિથ્યાદર્શન (કહે છે). આત્મા થયા પછી એને કહેશે વ્યવહારજ્ઞાન. વ્યવહારજ્ઞાન, વ્યવહાર શ્રદ્ધા એ કહેશે. પણ જ્યાં આત્મા સ્વઆશ્રયમાં આવ્યો નથી, લીધો નથી. એની નવ તત્ત્વની શ્રદ્ધા સમ્યગ્દર્શન નથી. જ્ઞાનનો અભાવ, દર્શનનો અભાવ એટલે કે અજ્ઞાન અને અદર્શન, મિથ્યાદર્શન. ભારે પડે.

મુમુક્ષુ :-

ઉત્તર :- પણ કોઈ દિ' આવ્યો નથી. સમજ્યાને? કોર્ટમાં જાવું હોય ને? કણબી હોય ને કણબી. કોઈ દિ' કોર્ટનું પગથિયું જોયું ન હોય. એમાં જ્યારે કોર્ટમાં જાવું પડે તો એને

હાઉ થઈ જાય એને અંદરથી. કોણ બેઠું હશે? કોને ચા-પાણી કેટલું અપાતું હશે? કોની પાસે રિપોર્ટ લખાતો હશે? શું કહેવાય? રિપોર્ટને?

મુમુક્ષુ :- અરજીઓ.

ઉત્તર :- અરજીઓ. હવે શું કરવું? અરજીઓ કેમ લખાતી હશે? અને કેટલાય પગથિયા ફાડી નાખ્યા હોય કેટલી વાર જઈને. એને તો કાંઈ નહિ. કહો, સમજાણું આમાં?

કહે છે, નવ પદાર્થો સમ્યગ્દર્શનનો આધાર નથી. આહાહા..! ભગવાને કહેલા નવ તત્ત્વની વિકલ્પવાળી શ્રદ્ધા તે સમ્યગ્દર્શન નથી અને તે સમ્યગ્દર્શનનો હેતુ નથી. સમ્યગ્દર્શનનો આશ્રય નથી. સમ્યગ્દર્શનનો આધાર એ નથી. આહાહા..! ભારે વાત પણ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શીખવું હોય એ શીખે આત્મા. આ ઠીક કહે છે શું શીખવવું. એ શીખ આત્મા. અંદર આત્મા પડ્યો છે ભગવાન આખો એનું શરણ લે. એ શીખવાનું છે. એ શીખવાનો હેતુ તો આ બધું છે. કહો, સમજાણું કાંઈ? એ તો આ શિક્ષણ વર્ગ કાઢે છે બબ્બે વખત તો શું કરવું? એમ કહે છે આ. એને આવું શીખવવું? ભાઈ! શીખીને પણ એને કહેવું છે એ છે ને? એ જેમ છે તેમ પહેલા નવ તત્ત્વો અને આચારાંગ આદિ જ્ઞાન એ જાણ. પણ એ જાણવા છતાં તેને દર્શન કહેવાતું નથી. એમ એને શીખવવાનું છે. કહો, સમજાણું કાંઈ?

એ નવ તત્ત્વમાં દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા આવી ગઈ છે. સાચા દેવ, સાચા ગુરુ, સાચા શાસ્ત્ર. અને વ્યવહાર શ્રદ્ધા એમાં આવી ગઈ છે. એ શ્રદ્ધા સમ્યગ્દર્શનનો આશ્રય નથી. લ્યો! ભીખાભાઈ! આ તમને જોઈને પાછું એ આવ્યું અંદર. એ નવ તત્ત્વમાં આવી જાય છે હોં. સંવર, નિર્જરા એ ગુરુનું સ્વરૂપ છે અને મોક્ષ એ દેવનું સ્વરૂપ છે. કહે છે, પણ એ ભેદવાળું છે અને પરાશ્રિત છે, એ શ્રદ્ધા સમ્યગ્દર્શનનો આશ્રય નથી. સમ્યગ્દર્શનનું કારણ અને હેતુ એ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો વિકલ્પ એ સમ્યગ્દર્શનનો હેતુ નથી. આહાહા..!

નિરપેક્ષ વસ્તુ ભગવાન બિરાજે છે ચૈતન્યમૂર્તિ છે ને ભાઈ, તને ખબર નથી. તારી નિધિની તને ખબર નથી. આહાહા..! ભાઈ! નવ તત્ત્વની બરાબર શ્રદ્ધા થાય તો પછી એને સમ્યગ્દર્શન થાય. ના. એમ કહે છે. એઈ..! કહો, જેઠાલાલભાઈ!

મુમુક્ષુ :- વચ્ચે હોય ખરું.

ઉત્તર :- હોય તો હોય. એ એના ઘરે રહ્યું. વચ્ચે-બચ્ચે નહિ. અહીં વચ્ચે પણ નહિ. એ પછી વચ્ચે કહેશે. પણ આ તો આનો આશ્રય લીધો છે ત્યારે અહીંયાં હોય છે તો એને વ્યવહાર કહેવાય છે. અહીં થયું એટલે ઓલાને વ્યવહાર કહેવાય છે. એમ. સમજાણું

કાંઈ?

જેમાં ભગવાન આત્મા ચિદાનંદ મૂર્તિ ચૈતન્યસૂર્ય જ્યાં આશ્રયમાં-અવલંબનમાં આવ્યો નથી એવા નવ તત્ત્વની શ્રદ્ધાને આ દર્શનનો આશ્રય છે નહિ. એ સમ્યગ્દર્શનનો આશ્રય તો આત્મા જ છે. એ નવ તત્ત્વની શ્રદ્ધા આશ્રય છે નહિ. ઓહોહો..!

**'કારણ કે તેમના સદ્ભાવમાં પણ અભવ્યોને શુદ્ધ આત્માના અભાવને લીધે દર્શનનો અભાવ છે; છ જીવ-નિકાય ચારિત્રનો આશ્રય નથી,...'** છ કાય જીવની દયા પાળવાનો ભાવ એ ચારિત્રના આધારે, એને આધારે ચારિત્ર પ્રગટે એમ નથી. આહાહા..! પૃથ્વીકાય, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ નથી આવતું? ઈર્યા..માં આવે છે. એકેન્દ્રિયા, બે ઈન્દ્રિયા, ત્રણ ઈન્દ્રિયા, ચૌ ઈન્દ્રિયા, પંચેન્દ્રિયા આવે છે ને? .. એ આવડતું પણ ન હોય ત્યાં. એકેન્દ્રિયમાં પૃથ્વીકાય, પાણી, વાયરો, વનસ્પતિ આવે છે. ગડિયાની પણ ખબર ન મળે.

કહે છે કે એકેન્દ્રિય પૃથ્વીના જીવ છે, પાણીના જીવ છે, અગ્નિના, વાયરાના. એની દયા પાળવાનો ભાવ, કોઈને ન મારવાનો ભાવ, છએ કાયના સમૂહને નહિ મારવાનો ભાવ, એને આધારે ચારિત્ર નથી. અથવા એ છે તો અહીં ચારિત્ર છે એને લઈને, એમ નથી. પછી કહેશે વ્યવહાર. પણ એ તો અહીં આત્માને આશ્રયે અહીં થયું છે ત્યારે ઓલો વ્યવહાર હોય તો વ્યવહાર કહો. પણ વ્યવહાર દયા, દાનના, પરિણામ, છ-કાયના અહિંસાના પરિણામ. છ-કાયના હોં. એકલા પંચેન્દ્રિય મનુષ્યના એમ નહિ. આ તો અત્યારે કહે મનુષ્યની દયા પાળો, મનુષ્યની રાખો ભાઈ. મનુષ્યની દયા બસ. મનુષ્ય કેમ સુખી થાય? એ તો ક્યાંય ગયો અજ્ઞાની. પણ આ તો છકાયના જીવની રક્ષા અને દયાના ભાવ એ ચારિત્રનું કારણ નથી કે આવા દયાના ભાવ છે માટે આને ચારિત્ર પ્રગટશે એમ નથી. કહો, સમજાણું કાંઈ? લખે છે નહિ ખામણા? સંવત્સરી થઈ ગયા પછી કાગળ (લખે), છ કાયના ગોવાળ, છ કાયના રક્ષક, છ કાયના પિયર... ખામણામાં લખે છે ને?

'મા હણો મા હણો જીવને...' એવું આવે છે. એ બોલે... 'એવી જિનવાણી જાણ' એમ કહે. એવું બોલે. ભોગીભાઈ બોલતા હતા. 'જે પાણી આવે એને છે નિર્વાણ...' એવું નહોતા બોલતા? પણ બીજા બોલતા. કહો, સમજાણું? મા હણો મા હણો. છકાયના જીવને ન હણવાનો તારો સાચો ભાવ. સમજાણું? એકેન્દ્રિય, વનસ્પતિ, બટાટા, શક્કરકંદ અનંત જીવ, એને નહિ મારવાનો ભાવ. એ ભાવ છે તો અહીં ચારિત્ર પ્રગટશે એમ નથી. કહો, સમજાણું કાંઈ? એ વ્યવહાર દયાના ભાવ છે માટે નિશ્ચયચારિત્ર પ્રગટશે અને વ્યવહાર દયાનો ભાવ તે નિશ્ચય ચારિત્રનો હેતુ થાશે એમ નથી. આહાહા..! લોકો કહે, બસ માણસની દયાઓ.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિધવાના આંસુઓ લૂછવા, એને દુ:ખી દેખીને આપણે આમ કરવું, ફલાણું કરવું અને પછી એ મોક્ષનું કારણ છે આપણને.

મુમુક્ષુ :- .. માને છે.

ઉત્તર :- માને છે તેથી તો કહે છે. તમે ભાન વિનાના અત્યાર સુધી એમ ને એમ માનતા. શેઠિયાઓને ભાન વિનાના કહે. રાડ નાખી જાયને અંદર. શેઠ! બુંદેલખંડના બાદશાહ આ તો બેય કહેવાય છે લ્યો. રાજા. અમે કહીએ છીએ કે મફતનો કાળ ગયો એમ કહીએ છીએ. રાજી રાજી થઈ જાય. પાંચ-દસ હજાર આપે, પચ્ચીસ હજાર આપે ત્યાં ઓહોહો..! સાહેબ કેવા? ધુરંધર ધર્મના. દાનવીર.

મુમુક્ષુ :- ધર્મભૂષણ.

ઉત્તર :- એ તો આ સમાજ ભૂષણ બેય શેઠિયાને આપ્યું છે નામ. સમાજ ભૂષણ. સમાજની શોભાવાળા. આત્માની શોભા નહિ. તમારા પુસ્તકમાં છે. આહાહા..! કહે છે, સમાજની ભૂષણ, શોભા થઈ માટે આત્માની શોભા પ્રગટશે એમ છે નહિ. આહાહા..! પદવી આપી દે મોટી લ્યોને કોઈ આચાર્ય, ઉપાધ્યાય, મોટી પદવી આપી દે. કહો એવી પદવી લોક આપે, લાખો માણસ તો કાંઈ ચારિત્ર પ્રગટે કે નહિ એને લઈને?

એક જણો એમ કહેતો હતો કે ભાઈ એની આબરૂ દુનિયામાં કેટલી? તો એમાં કાંઈક હશે ને? એમ વળી એક જણો કહેતો હતો. જુઓ એની કેટલી આબરૂ! પ્રરૂપણા આમ માણસો એટલું ભેગું થઈ જાય અને પાંચ-પાંચ લાખ એના વ્યાખ્યાનમાં અને એટલી છાપ. તો કાંઈક એનામાં હશે? ધૂળેય નથી સાંભળને હવે. તને ભાન નથી. દુનિયા ગાંડી હશે? ગાંડીના બાપ હશે. વળી દુનિયા ગાંડી શું? પાગલ છે દુનિયા. જુઓને! કેટલી વાત લીધી! ઓહોહો..!

એ એકેન્દ્રિયની દયા પાળનારો. ત્રસની દયા તો છે જ એમાં છ કાયમાં. પણ એકેન્દ્રિયની દયા પાળનારો ભાવ, એને કારણે ચારિત્ર પ્રગટે એ બિલકુલ નહિ. આહાહા..! અહીં તો એકેન્દ્રિયની દયા પાળનારો તો મોટો ચારિત્રવંત થઈ જાય. ચારિત્ર. ... ઠેકાણું ન હોય અને લૂગડા ફેરવે તો જાણે એમ થઈ જાય કે આહાહા..! ચારિત્ર ધાર્યું લ્યો. ચારિત્ર ચક્રવર્તી. નામમાં પૈસા બેસે છે કાંઈ?

અહીં કહે છે, ભાઈ! ભગવાન તારો આત્મા આનંદની ખાણ છે ને પ્રભુ! એના આશ્રયે ચારિત્ર થાય. શું છ કાયની દયાના આશ્રયે ચારિત્ર થાય? અને છ કાયના દયાનો ભાવ છે તો અહીં ચારિત્ર ટક્યું છે એમ નથી. આહાહા..! .. આશ્રયે ચારિત્ર થાય, છ કાયની દયા છે તો ચારિત્ર ટકે, છ કાયની દયા (હોય) તો ચારિત્ર વધે, એકેય વાતમાં માલ નથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે છે. એય.. ભારે વાત!

મુમુક્ષુ :- આ સોનગઢની છે કે...

ઉત્તર :- સોનગઢનું છે કે ભગવાનનું ઘરનું છે? આ તો ભગવાનના ઘરનું છે.

મુમુક્ષુ :- સત્યને શું વાંધો?

ઉત્તર :- સત્યને શું છે? અહીં કોણ બહાર મૂકે એવા છે? બહાર જ બેઠા છીએ હવે તો. ઓલા ...વાળા. નહિ. આવું નહિ. ચાલને હવે તું નીકળી જાને બહાર રખડવા. એય..! ચાર ગતિમાં રખડવા નીકળી જા હવે. સાંભળને. તત્ત્વનો માંડ કો'ક ચાંદલો કરવા આવ્યું તો કહે હું મોઢું ધોઈ આવું. કરવા દેને હવે ચાંદલો. સાંભળને આ વાત. આહાહા..!

તારી વસ્તુની મહિમા જ એવી પ્રભુ છે. કહે છે કે વ્યવહારના દયા-દાન પરિણામ હોય તો અહીં ચારિત્ર થાય એવી તારી વસ્તુ નથી એવી. આહાહા..! સમજાણું કાંઈ? વ્યવહાર સારો હોય તો એને નિશ્ચય પ્રગટે. કોલસાને સળગાવો તો કોલસા ધોળા થાય. કોલસાને ધોયે, સાબુ ધોયે કોઈ દિ' કોલસા ધોળા ન થાય. લાખ મણે ધોવે તોપણ ધોળા ન થાય. એમ વ્યવહાર કરતા કરતા નિશ્ચય થાય અને વ્યવહાર છે માટે નિશ્ચય ટકે એ વાત તદ્દન ખોટી છે કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જ્યાં છે ત્યાં પડ્યો છે મિથ્યાત્વમાં.

મુમુક્ષુ :- મિથ્યાત્વ મંદ તો થયું ને.

ઉત્તર :- મંદ થયું એ તો એની એ દશા છે. મિથ્યાત્વ મંદ હોય, અનંતાનુબંધી મંદ હોય. પણ એ તો દશા એની એ છે. મંદ હોય તો શું થયું? અભાવ વિના એ વસ્તુ છે નહિ. મંદ તો અભવિને હોય છે. આ શું કહે છે? ચારિત્રનું પાંચ મહાવ્રત પાળે છે, નવ તત્ત્વની શ્રદ્ધા છે એ મિથ્યાત્વ મંદ છે, મિથ્યાત્વ મંદ છે. અભવિને પણ મિથ્યાત્વ મંદ હોય છે. એમાં શું થયું? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... થાય ને.

ઉત્તર :- ધૂળમાંય થાય નહિ. રાગ છે. શુભભાવ એ ઝેર છે. એ ઝેરને લઈને અહીં અમૃત છે? ઝેરને આશ્રયે અમૃત પ્રગટે છે. ઝેર છે માટે અમૃત રહ્યું છે અહીંયાં? આત્મા ચિદાનંદ ભગવાન જેનો આશ્રય છે એવું જ્ઞાન-દર્શન-ચારિત્રનો આધાર તો આત્મા છે. વ્યવહાર-બ્યવહાર એનો આધાર-આશ્રય-છે નહિ. આહાહા..! ઓહો..! સમજાણું કાંઈ? અહીં તો દાંડી પીટીને (કહેવાય છે).

મુમુક્ષુ :- નિશ્ચય વ્યવહારને મૈત્રી ખરી ને?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- એ વ્યવહારથી મૈત્રી કહેવાય, પરમાર્થે મૈત્રી નહિ. વેરી છે બેય. એટલે કે નિશ્ચય આવો હોય ત્યાં આવો વ્યવહાર હોય એમ ગણીને વ્યવહારે મૈત્રી કીધી. પણ વ્યવહાર છે તો નિશ્ચય છે એમ નથી. પણ જ્યાં એની આવી આત્માની દૃષ્ટિ, આત્મજ્ઞાન અને શાંતિ છે એની ભૂમિકાના પ્રમાણમાં એને એવો વ્યવહાર હોય છે. હોય છે. પણ એ વ્યવહાર છે માટે અહીં નિશ્ચય છે એમ નથી. અને વ્યવહારની શુદ્ધિ ખૂબ છે માટે અહીં નિશ્ચયની શુદ્ધિમાં કાંઈક મદદ કરે છે (એમ) બિલકુલ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**છ જીવ-નિકાય...**' આહાહા..! છ જીવ-નિકાય છ કાયના ... હીરાજી મહારાજ કહેતા છ કાયનું. હીરાજી મહારાજ કહેતા અમારે સંપ્રદાયમાં, છ કાયની દયા બસ ધર્મ. અહિંસા ... એમ કહેતા. એ સૂયગડાંગનું અગિયારમું. અહિંસા. છ કાયની અહિંસા એ કરી એણે વીતરાગનો આખો માર્ગ જાણ્યો. એય..! એય.. છોટાભાઈ! એ વાત જ ચાલતી. વ્હોરવા જાય ભીક્ષા માટે આહાર અને પાણી બિલકુલ એના માટે કરેલો લે નહિ. બસ, એ ચારિત્ર છે. કહો, સમજાણું? અહીં કહે છે કે એ ચારિત્ર નથી. એ અચારિત્ર છે. અચારિત્ર છે. આહાહા..! ભારે વાત!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અભવ્યનું ઓલું કીધું આત્માના.. ચારિત્રનો અભાવ છે. ચારિત્રનો અભાવ કહો કે અચારિત્ર કહો. આહાહા..!

એક વાત થઈ અભવિની. હવે નિશ્ચયની વાત કરે છે. '**શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે,...**' ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ, જ્ઞાયકભાવ એનો આશ્રય લઈને જે જ્ઞાન થયું એ જ્ઞાનનો આશ્રય આત્મા શુદ્ધ છે. માટે તે જ્ઞાનને જ્ઞાન કહીએ છીએ. કહો, સમજાણું? '**શુદ્ધ આત્મા જ...**' એમ છે. જોયું? ઓલો વ્યવહાર જોડે હતો માટે આ (થયું) એમ નહિ. ભગવાન શુદ્ધ પ્રભુ એ શુદ્ધ ચૈતન્યમૂર્તિ એનું અવલંબન-આશ્રય તે જ્ઞાન છે. શુદ્ધ આત્મા જ્ઞાન છે. કેમ? કે એ જ્ઞાનનો આધાર એ છે. આચારાંગ આદિનું જ્ઞાન એ સમ્યગ્જ્ઞાનને આધાર નથી. વ્યવહાર, નિશ્ચયને આધાર નથી. નિશ્ચયનો આધાર તો ભગવાન છે. આહાહા..! કાં અભવિને માટે વ્યવહારનો નિષેધ છે. એમ વળી કેટલાક કહે છે. આ તો અભવિનો તો દાખલો આપ્યો છે, સાંભળને. અભવિ પણ એમ કહ્યું હતું ને એટલે પહેલા નહિ..? એ તો દાખલો આપ્યો. સમજાણું કાંઈ? અભવિ પણ. એમ આવ્યું હતું ને. પણ આવ્યું. અભવિ પણ આમ પાળે ત્યારે તું કોણ છો ભવિ પણ? તું ભવિ મિથ્યાદૃષ્ટિ છો આવું ને આવું પાળનારા.

એકલો ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુ ચૈતન્યનો અંતર આશ્રય ન થાય તો એને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સમ્યગ્દર્શન-જ્ઞાન થાય નહિ. સ્વઆશ્રય નિશ્ચય અને પરાશ્રય વ્યવહાર. એ પરાશ્રયનો નિશ્ચય નિષેધ કરે છે અને વ્યવહાર નિષેધ કરવાને લાયક જ છે. બંધનું કારણ છે અને હેય છે, હેય છે. એનો અર્થ કે સ્વરૂપમાં અંતર સ્થિર થતાં એ હેયરૂપે રહી જાય છે. એ અંદર સ્વરૂપમાં સ્થિર થતાં એ આવતું નથી. અને સ્થિર ન હોય ને જ્યારે દૃષ્ટિ, જ્ઞાન પણ .. હોય છે. ત્યારે હોય છે. હોય છે પણ એને લઈને અહીંયાં દર્શન-જ્ઞાન-ચારિત્ર છે એમ નથી.

'**શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે, કારણ કે આચારાંગ આદિ શબ્દશ્રુતના સદ્‌ભાવમાં કે અસદ્‌ભાવમાં...**' શું કહે છે? એ જ્ઞાનીને આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિનો આશ્રય થઈને સમ્યગ્જ્ઞાન થયું. એ જ્ઞાન સાચું જ્ઞાન નિશ્ચય. એને કદાચિત્ આચારાંગ આદિનું જ્ઞાન હોય પણ ખરું અને ન પણ હોય. સદ્‌ભાવમાં અને અસદ્‌ભાવમાં. સમ્યગ્જ્ઞાન આત્માને આશ્રયે થયું, શુદ્ધ ચૈતન્ય(ના આશ્રયે). એવા જ્ઞાનમાં એને આચારાંગ આદિનું વ્યવહારું જ્ઞાન હોય પણ ખરું અને ન પણ હોય. અસદ્‌ભાવ. ન પણ હોય. એકલા આત્માને આશ્રયે જે જ્ઞાન થયું તેને જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? શું કીધું?

'**શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે,...**' ભગવાન જ્ઞાયક સ્વરૂપનું વેદન થયું, ભાન અનુભવ થયો. એ જ્ઞાનનો આધાર આત્મા જ છે. કેમ કે એવા જ્ઞાનના આધારમાં જે જ્ઞાન પ્રગટ્યું એ જ જ્ઞાન છે. '**કારણ કે આચારાંગ આદિ શબ્દશ્રુતના સદ્‌ભાવ...**' હોય પણ ખરો. વ્યવહારું જ્ઞાન હોય પણ ખરું અને વ્યવહારું જ્ઞાન ન પણ હોય. એકલું જ્ઞાન છે તે આત્માને આધારે છે એને જ્ઞાન કહેવામાં આવે છે. કહો, સમજાણું આમાં? ગાથાઓ બહુ ઊંચી છે આ બધી.

'**આચારાંગ આદિ શબ્દશ્રુતના સદ્‌ભાવમાં કે અસદ્‌ભાવમાં તેના (અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્‌ભાવથી જ જ્ઞાનનો સદ્‌ભાવ છે;...**' અંતરનો જ્ઞાયકભાવ જે દૃષ્ટિમાં લીધો એનો આશ્રય વર્તે છે માટે જ્ઞાન છે. આચારાંગ આદિનું જ્ઞાન છે માટે આ જ્ઞાન છે એમ નથી. અને એ આચારાંગ આદિનું જ્ઞાન ન પણ હોય. તોપણ આત્માને આશ્રયે જે જ્ઞાન છે તે જ્ઞાન છે. સમજાય છે? એ મોક્ષનું કારણ અને એને આત્મધર્મ કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**ભાદરવા વદ ૪, શુક્રવાર તા. ૨૨-૦૯-૧૯૬૭**
**ગાથા-૨૭૬-૨૭૭, પ્રવચન-૩૪૪**

આ બંધ અધિકાર ચાલે છે. એટલે કે બંધનો ભાવ શું અને અબંધનો ભાવ શું? કહે છે. આપણે અહીં આવ્યું છે, જુઓ! '**શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે,...**' એટલે શું? કે આ આત્મા જે છે એ જ્ઞાનસૂર્ય ચૈતન્ય શુદ્ધ છે વસ્તુ. એનો અંતર આશ્રય કરવાથી અંતર સમ્યગ્જ્ઞાન થાય છે. એ સમ્યગ્જ્ઞાન એ ધર્મ છે અને એ સમ્યગ્જ્ઞાન મોક્ષનો માર્ગ છે. પણ એ સમ્યગ્જ્ઞાન દશા છે-પર્યાય. એ પર્યાયનો આશ્રય શુદ્ધ ચૈતન્ય છે. વસ્તુ જે જ્ઞાયકભાવ ધ્રુવ ચૈતન્ય છે એનો આશ્રય કરીને જે જ્ઞાન થાય તેને સાચું જ્ઞાન અને મોક્ષમાર્ગનું જ્ઞાન કહેવામાં આવે છે. કહો, શેઠ સમજાય છે? આવ્યું? શેઠી! શું?

'**શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે,...**' એટલે કે સાચું જ્ઞાન ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એને કહે છે કે... આ લૌકિક જ્ઞાન તો બધા અજ્ઞાન છે. એની તો વાત અહીંયાં છે જ નહિ.

મુમુક્ષુ :- અજ્ઞાની એટલે કાંઈ ગાંડા થોડા છે?

ઉત્તર :- ગાંડા બધા. પાગલ. એય..! શેઠ! લૌકિકના જ્ઞાન અને જાણપણા એને તો અહીં ભગવાન પાપજ્ઞાન કહે છે. કહો! આ રામજીભાઈ બધા વકીલાતમાં બહુ હુશિયાર હતા. બસ્સો રૂપિયા લેતા એક દિવસના. એ વકીલાતનું જ્ઞાન પાપનું જ્ઞાન છે એમ કહે છે. સાચું હશે આ? એય.. શેઠી! આ હીરા-માણેકનું આને હતું ઝવેરાતનું. ઝવેરી છે ને.

મુમુક્ષુ :- એ તો નિર્દોષ, એમાં કાંઈ પાપ નથી.

ઉત્તર :- હા એ ઠીક! ઝવેરાત અને માણેકનું જ્ઞાન એ જે વિચક્ષણતા એ પાપજ્ઞાન છે. આત્માની અંદરમાં શાંતિની હિંસા થાય છે એમાં. એમાં નિર્દોષતા છે ને? કાંઈ હીરા-માણેકમાં કોઈ એકેન્દ્રિય જીવ મરે છે? આહાહા..!

મુમુક્ષુ :- પૈસા મળે એને...

ઉત્તર :- પૈસા ધૂળમાં મળે. એ તો પૂર્વના પુણ્યને લઈને મળે છે. પૈસા કોને લઈને મળે છે? એ શું ડહાપણથી મળે છે? કેમ હશે? ..ભાઈ! પૈસા-બૈસા બધા ભેગા કર્યા એ બહુ ધ્યાન રાખીને કર્યું હશે ને?

મુમુક્ષુ :- આપની પાસે કાંઈ એમ કહેવાય?

ઉત્તર :- નહિતર ન્યાય કરે કે બુદ્ધિ થોડી હોય અને પૈસા કરોડો પેદા કરે છે અને

બુદ્ધિ ઘણી હોય અને પાંચસો પણ મહિને પેદા કરવું મુશ્કેલ પડે. બરાબર છે ને? પાનાચંદભાઈ! આ એના મામાના દિકરા તમારા ગામના જ છે ને?

મુમુક્ષુ :- એને ખબર છે. ઓળખે છે.

ઉત્તર :- એ તો ઓળખે છે. સવારે કહ્યું, ભાઈએ કહ્યું હતું. બુદ્ધિ કેટલી છે? બુદ્ધિ ઉપર છે આધાર? જે બુદ્ધિ છે એ તો પર તરફના વિકાસનું પાપજ્ઞાન છે. એનાથી તો પાપ બંધાય છે. પૈસા મળે છે એ બુદ્ધિથી નહિ. પૈસા એ પૂર્વના પુણ્યના કારણે. શાતા પડી હોય છે ને પૂર્વે? એ નોટ વટાય છે ત્યારે પૈસા દેખાય છે. દેખાય. ત્યાં એની પાસે ક્યાં ધૂળ આવે છે? એની પાસે તો મમતા આવે છે. એ તો બહાર રહી ગઈ ધૂળ. એ તો બહાર છે. ત્યાં ક્યાં ગરી ગઈ છે અંદર?

અહીં તો બીજું ... એ પાપજ્ઞાન છે અને શાસ્ત્રનું જ્ઞાન સર્વજ્ઞ ભગવાન પરમેશ્વર કહે છે, તીર્થંકરે કહેલા શાસ્ત્રો એનું જે જ્ઞાન કરવું જેમ છે તેમ તે પણ પરલક્ષી જ્ઞાન છે તે પુણ્યભાવનું જ્ઞાન છે. ધાર્મિક જ્ઞાન નહિ. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પાપ છે. એ તો કહ્યું ને. આ પુણ્ય છે.

મુમુક્ષુ :- આપ એકાંત પાપ કેમ કહો છો? એમ કહે છે.

ઉત્તર :- એકાંત પાપ છે તમારી બુદ્ધિમાં લૌકિક જ્ઞાન તો.

મુમુક્ષુ :- કાંઈક તો .. અનેકાંતનો આપો.

ઉત્તર :- અનેકાંતનું આપ્યું પાપ છે અને પુણ્ય અને ધર્મ નથી. લ્યો! અનેકાંત છે.

અહીં તો એથી આગળ બીજી વાત છે કે અહીંયાં શાસ્ત્ર ભગવાને કહ્યા. છે ને? '**શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે, કારણ કે આચારાંગ આદિ શબ્દશ્રુતના...**' આચારાંગ, સૂયગડાંગ, ભગવાને કહેલા તીર્થંકરદેવે. એના જ્ઞાનના સદ્‌ભાવમાં એનું જ્ઞાન હો કે એનું ન હો. પણ આત્માને આશ્રયે જ્ઞાન થાય તેને જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ! '**આચારાંગ આદિ શબ્દશ્રુત...**' એનો સદ્‌ભાવ. એ પર તરફના લક્ષવાળું જ્ઞાન. એ શુભભાવના લક્ષવાળું, પરને જાણવાના ક્ષયોપશમવાળું છે. એ શુભભાવ હો કે ન હો, એ આચારાંગ આદિનું જ્ઞાન ન પણ હો. એટલે કે સ્વરૂપમાં સ્થિર થતાં એ જ્ઞાન રહેતું નથી. અથવા કોઈને એ જાતના શબ્દોનું જ્ઞાન ન પણ હોય. જુઓ! સમ્યગ્દૃષ્ટિ, મુનિ આદિ એવા હોય છે. શિવભૂતિ. સાંભળ્યું છે ને? શબ્દની ખબર ન મળે. શબ્દશ્રુતજ્ઞાન ન મળે. ભાવ અંદર આત્મા આનંદ સ્વરૂપ જેવો પરમેશ્વર સર્વજ્ઞદેવે કેવળી ભગવાને જોયો એવો આત્મા અંતરમાં દૃષ્ટિ ધ્રુવ ઉપર આપતા અંદર ધ્રુવ ચીજ જે ધ્રુવ પોતે નિત્ય છે એના

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉપર નજર આપતા જે જ્ઞાન પ્રગટ્યું તેને શબ્દશ્રુતનું જ્ઞાન ન હો તોપણ તે જ્ઞાનને જ્ઞાન મોક્ષના માર્ગનું જ્ઞાન કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ્ઞાન ભાવ એટલે પર તરફનો શાસ્ત્રનો ઉઘાડ. અને ન પણ હોય કોઈને. એ બે પ્રકાર. ન હોય અને કોઈ વખત સ્થિર થઈ જાય છે અંદર ધ્યાનમાં ત્યારે શબ્દશ્રુતનું જ્ઞાન ત્યાં હોતું નથી. બે પ્રકાર. સમજાણું કાંઈ? ભારે ઝીણી વાત. લોકોને તત્ત્વદૃષ્ટિની ખબર ન મળે ને બહારથી આ માની બેસે આ. કાંઈક ભણ્યા ને ગણ્યા, આ થયું (એટલે) થઈ ગયું જ્ઞાન. શેઠી! આ શાસ્ત્રનું ભણ્યા જ્ઞાન. એ જ્ઞાન પણ નહિ. કહે છે કે એ જ્ઞાન કદાચિત કોઈને ઉઘાડરૂપ હો તોપણ જ્ઞાન તો એને કહીએ કે જે આમ આત્મા ચિદાનંદ જ્ઞાનસ્વરૂપ આનંદકંદ એના જ્ઞાનમાંથી જ્ઞાન આવે તે જ્ઞાનને જ્ઞાન કહીએ. અને ઓલા શબ્દશ્રુતનું જ્ઞાન ન પણ હો, ઠરવામાં ન હોય અને કોઈને શબ્દશ્રુતની યાદગીરી પણ ન હોય. સમજાય છે?

શિવભૂતિનું સાંભળ્યું છે ને? શિવભૂતિ મુનિ હતા. આત્મજ્ઞાની, આત્મધ્યાની આનંદકંદના. ભાન હતું. એને ગુરુએ કહેલું એટલો શબ્દ કે મા-રુષ, મા-તુષ. મા-રુષ, મહા-તુષ. આમ ભાન હતું. પણ વીતરાગતા પ્રગટ કરવા આટલું કહ્યું. મા-રૂષ. કોઈ ચીજથી ખેદ કરીશ નહિ અને કોઈ ચીજમાં અનુકૂળ દેખીને સંતોષાઈશ નહિ. મા-તુષ એટલે સંતોષાઈશ નહિ, મા-રૂષ (એટલે) દ્વેષ નહિ અને તુષ-સંતોષાઈશ નહિ. એટલે રાગ-દ્વેષ કરીશ નહિ. મા-તુષ અને મા-રૂષ એ શબ્દ યાદ ન રહ્યા. એટલા પણ યાદ ન રહ્યા. પણ અંતરનું આત્મજ્ઞાનમાં ભાન હતું. આ આત્મા ચૈતન્યમૂર્તિ આનંદ જે ભગવાને કહેલું એવું અંદર જ્ઞાન થયું.

એમાં કોઈ બાઈએ અડદની દાળ, અડદ અડદની સમજ્યા? અડદની દાળ પલાળેલી છડી કરતી હતી. છડી શું કહે છે તમારે? અમારે કાઠિયાવાડીમાં છડી એટલે આમ કાળા હોય ને પાણી પલળે અને છૂટો પડી જાય પછી આમ કરીને ફોતરા કાઢી નાખતી. એક બાઈ ધોતી હતી. આપણે આમ આમ કરીને ફોતરા છડી દાળ કરતી હતી. એમાં મુનિ ગયા. આમ મુનિએ જોયું. કોઈએ પૂછ્યું કે શું કરો છો બહેન? કે માસ-તુષ ભિન્ન કરીએ છીએ. માસ નામ અડદનો કસ અને તુષ નામ ફોતરું ઓલું કાળું, બે જુદા કરીએ છીએ. એટલું જ્યાં સાંભળ્યું... અંદર ભાન તો હતું. અંદરમાં ઓહો..! માસ નામ અડદનો ભાગ ધોળો અને તુષ નામ ફોતરું. બે જુદા કરે છે આ બાઈ. એમ કીધું. કોઈએ પૂછયું ને કહ્યું ને આ કાને પડ્યું. સાંભળ્યા ભેગા અંદર ઊતરી ગયા.

ઓહો..! આ ચૈતન્ય ભગવાન જ્ઞાનનો કસ અડદ જેવો નિર્મળ શુદ્ધ કસ છે. અને આ પુણ્ય અને પાપનો વિકલ્પ જે રાગ ઉઠે છે તે ફોતરું છે. સમજાણું કાંઈ? ઓલા મા-રુષ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અને મા-તુષ જેટલા શબ્દો પણ ન યાદ રહ્યા. પણ એમાંથી આ વળી એમ થયું કે આ ગુરુએ આ કીધું હશે. તુષ-માસ ભિન્ન, તુષ-માસ ભિન્ન. માસ એટલે અડદ. અડદ ધોળો સફેદ અને ઓલું ફોતરું. બે પલાળીને જુદા કરતા હતા. કો'કે પૂછયું અને મુનિ નીકળ્યા. એકદમ ઉતરી ગયા અંદર.

ભગવાન આનંદ સ્વરૂપ જ્ઞાનનું દળ છે અને પુણ્ય-પાપનો વિકલ્પ આદિ એ બધું ફોતરું તુષ છે તુષ. શુભ-અશુભ રાગ, વિકલ્પ દયા-દાનનો ભાવ એ પણ ફોતરું છે. પંચ મહાવ્રતનો વિકલ્પ ઉઠે છે મુનિને એ આસ્રવ પુણ્યબંધ અને ફોતરું છે. ફોતરું સમજો છો? તિનકા. અને અંદર ચૈતન્ય ભગવાન આનંદકંદ જ્ઞાનમૂર્તિ તે અડદ છે. એમ અંદર વિચાર કર્યો ધ્યાન કર્યું તો કેવળજ્ઞાન થઈ ગયું. સમજાય છે કાંઈ? આહાહા..!

અંતર ભગવાન સર્વજ્ઞે કહેલો અનંત ગુણનો પિંડ અને અસંખ્ય પ્રદેશી એવી ચીજ જે છે ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... પર્યાયને-વર્તમાન દશાને અંતર વાળતા ધ્રુવ સાથે બાંધતા જે જ્ઞાન થાય એને જ્ઞાન-સમ્યગ્જ્ઞાન અને તે ધર્મ અને તે મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ? ભારે વાતું. કેટલાયે સાંભળી ન હોય હજી જગતમાં. શેઠી!

નિહાલભાઈના ઓલામાં બહુ સારા આવશે બોલ. પત્રો આવશે ને. અને એનું ઘૂંટણ જ અંદરનું હતું. ઘણું ઘૂંટણ. એટલે એને કાંઈ બીજું કામ ન મળે. જે વસ્તુ છે એ અભ્યાસ રહે અંદર. બધા. એકલો ભગવાન આનંદકંદ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... એટલે કેટલાકને એમ લાગ્યું કે આ તે કાંઈ નિશ્ચયાભાસી હશે? ભાઈની દૃષ્ટિ અને સ્થિતિ પૂરી થવાની થોડા કાળમાં અને કામ કરી ગયા અંદરનું. સમજાય છે? નિહાલભાઈ, નિહાલભાઈ તમે નહિ ઓળખતા હો. સોગાની, કલકત્તા. હમણાં પત્રો બહાર છપાય છે. પત્રો. અજમેરના. મૂળ કલકત્તા. ઘણા લાખોપતિ ગૃહસ્થ છે. પણ પછી તો કાંઈ દરકાર કાંઈ નહિ. બાયડી ક્યાં, છોકરા ક્યાં, ઘણા લાખોપતિના વેપાર મોટા. કાંઈ ખબર નહિ. એક બાજુ પાંચ કલાક બસ ધ્યાનમાં જ રહે. એના બૈરાને પણ ખબર નહિ કે આ ધણી આવો છે ઘરે. કાંઈ ખબર કરે નહિ. કોઈને કહે નહિ. ધૂન ચડી જાય.

અહીં તો આત્માની વાત છે. પછી બાળક હોય કે યુવાન હોય કે નિર્ધન હો કે સધન હો કે સ્ત્રી-પુરુષ. એની સાથે આત્માને કાંઈ સંબંધ નથી. ભગવાન આત્મા અંદર ચૈતન્ય દેહના પરમાણુથી તદ્દન જુદી ચીજ છે. અનંત અનંત ગુણનો પિંડ છે. એનું જે જ્ઞાન, એનું જે જ્ઞાન તેને જ્ઞાન (કહીએ). જ્ઞાન એટલે સમ્યગ્જ્ઞાન એટલે શુદ્ધનું જ્ઞાન એ શુદ્ધ આત્માને આશ્રયે થયેલું તે જ્ઞાન છે. આચારાંગને આશ્રયે થયેલું જ્ઞાન હો તોપણ શુદ્ધ આત્માને આશ્રયે (થયેલું) જ્ઞાન તે જ્ઞાન છે અને શાસ્ત્રનું જ્ઞાન ન હો તોપણ આત્માના આશ્રયે થયેલું તે

જ્ઞાન છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એનો અર્થ તો એ થયો કે શાસ્ત્રના જ્ઞાનથી આત્માનું જ્ઞાન થતું નથી.

ઉત્તર :- એનાથી થતું નથી એ તો કીધું ને. એને આશ્રયે નથી એ તો અહીં વાત ચાલે છે. શાસ્ત્રજ્ઞાન એ તો હજી આપણે કાલે આવશે હજી. પણ તેથી કરીને શાસ્ત્રજ્ઞાન ન કરવું એમ નથી હોં! કારણ કે જેને કાંઈ ભાન નથી એને એ શાસ્ત્રજ્ઞાન આવે ખરું, પણ એ શાસ્ત્રજ્ઞાન છે માટે આત્મજ્ઞાન થાય એમ નથી. આહાહા..!

મુમુક્ષુ :- બેય વાત કરો છો. .. કરો અને કાઢી નાખો.

ઉત્તર :- કરવું તો પહેલું લક્ષ હજી શું ચીજ છે, એ દ્રવ્ય શું છે હજી સાંભળ્યું ન હોય. ભગવાન આ આત્મદ્રવ્ય શું છે? એની શક્તિ-ગુણ શું છે? એની અવસ્થા શું છે? પર્યાય શું છે? વિકાર શું છે? સંબંધ શું છે? અને કેટલા ગુણો છે? કેટલું ક્ષેત્ર છે? દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એની શું ચીજ છે એવું જ્ઞાન કર્યા વિના, વિકલ્પમાં એવું જ્ઞાન કર્યા વિના એને અનુભવમાં શું લેવું? સમજાય છે કાંઈ? પછી આ વસ્તુ ઓહો..! એકરૂપ ચિદ્દ્ઘન છે. જ્ઞાનનો એકલો પુંજ આત્મા છે. એકલું જ્ઞાનનું ધોકડું છે. ખબર જ ન મળે એને કોઈ દિ હું આ કોણ છું? સમજાય છે કાંઈ?

એ કહે છે કે '**શુદ્ધ આત્મા જ જ્ઞાનનો આશ્રય છે, કારણ કે આચારાંગ આદિ શબ્દશ્રુતના સદ્ભાવમાં...**' શાસ્ત્રનું જ્ઞાન હો તોપણ તે કારણે જ્ઞાન નથી. જ્ઞાન તો શુદ્ધ આત્માના આશ્રયે થયેલું જ્ઞાન તેને જ્ઞાન કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? ત્યારે ભાઈએ પ્રશ્ન કર્યો હતો ... રાતે. ચરણાનુયોગનો. ચરણાનુયોગમાં આવે છે ને? ... એ તો ત્યાં ચરણ અનુસારી જ્ઞાન ન આવ્યું. એ વાત બીજી છે. ત્યાં તો એમ કહેવું છે.. પ્રવચનસારમાં એક શ્લોક છે. આત્મા આમ શુદ્ધ ચૈતન્ય ભગવાન એની અંતર દૃષ્ટિ, જ્ઞાન અને રમણતારૂપ ચારિત્ર થયું તે કાળે એને કેવા વિકલ્પોનો ભાવ હોય, હોય તો કેવા હોય? કે એને પંચ મહાવ્રત, અઠ્યાવીસ (મૂળગુણ) આદિના એવા જ વિકલ્પ હોય. આ નવ તત્ત્વની શ્રદ્ધાના, આચારાંગ આદિ જ્ઞાન એવા વિકલ્પ હોય. એટલે એ અનુસરીને એમ જાણ કે આવી દશા ત્યાં હશે. આ દશા હોય ત્યાં આવા વિકલ્પ હોય છે. એટલી વાત છે ત્યાં. સમજાણું કાંઈ?

મુનિને જ્યાં છઠ્ઠું ગુણસ્થાન પ્રગટે અંતરના જ્ઞાન-દર્શન અને આનંદની દશા, ત્યારે તેને અનુસરીને એને વિકલ્પની જાત કેવી જાતની હોય? એ ભૂમિકામાં વિકલ્પો કેવા હોય? અચેલપણું, અખંડ રહેવું, પંચ મહાવ્રતના પરિણામ, અઠ્યાવીશ (મૂળગુણ), એકવાર આહાર. એવા વિકલ્પની હદ હોય. એટલે કાં આત્માના અનુભવની સ્થિરતા દ્વારા જો કે અહીં આવો વિકલ્પ હોય અને કાં વિકલ્પની જાતથી જો કે આવા વિકલ્પ છે ત્યાં અંદર સ્થિરતા આવી હોય છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આને લઈને નહિ, આને લઈને આ નહિ. એમ પ્રશ્ન નથી અહીં. પણ આવી જ્યાં ભૂમિકા હોય ત્યાં આવો વિકલ્પ હોય છે એમ જો. અને કાં આવી જાત છે ત્યાં અંદરમાં સ્થિરતા પણ ત્રણ કષાયના અભાવની હોય છે એમ જો. શેઠી! રાતે પ્રશ્ન બરાબર હતો ભાઈનો. ભાઈ! આ શું? અહીં તો ના પાડે છે અસદ્‌ભાવ કીધો. અને ત્યાં તો બેનું સદ્‌ભાવપણું સ્થાપે છે. એ પ્રશ્ન રાતે હતો.

અહીં તો કહે છે કે આચારાંગ આદિનું જ્ઞાન ન હોય, નવ તત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ ન હોય, છ કાયના દયાના ભાવ પણ ન હોય. તોપણ આત્માના આશ્રયે જ્ઞાન, દર્શન અને ચારિત્ર હોય છે. અહીં તો વસ્તુ સમ્યગ્જ્ઞાન આત્માને આશ્રયે થાય છે, પરને આશ્રયે થયેલું જ્ઞાન, માટે અહીં જ્ઞાન થયું છે એમ નથી. એટલું સિદ્ધ કરવું છે.

મુમુક્ષુ :- બંધ અધિકાર છે ને.

ઉત્તર :- આ બંધ અધિકાર છે. પરાશ્રયનું જેટલું જ્ઞાન છે તે બંધનું કારણ છે. અને સ્વ ચૈતન્યમૂર્તિનું જ્ઞાન છે તે અબંધ પરિણામનું જ્ઞાન છે. અબંધ પરિણામી જ્ઞાન વ્યવહાર જ્ઞાનનો આશ્રય લેતું નથી. અને એને આશ્રયે આ ટકતું નથી. માટે આ જ્ઞાન અંતરમાં વળે છે માટે આનો નિષેધ થઈ જાય છે. આ શાસ્ત્રનું જ્ઞાન અંતર જ્ઞાન વળતાં આનો નિષેધ થઈ જાય છે. માટે એ વ્યવહારનય નિષેધ કરવા લાયક છે અને નિશ્ચય નિષેધ કરનાર છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! વીતરાગમાર્ગનું શું સ્વરૂપ છે એ બિચારાએ સાંભળ્યું ન હોય વાડામાં જન્મ્યા છતાં. એમ ને એમ અનાદિ કાળનું... કહો, તમે તો વળી ઘણાં વખતથી આવનારા. સમ્મેદશિખર ને ફલાણે ઠેકાણે શું કહેવાય? ઈસરી ને.. એય..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ બીજી રીતે બચાવ કરે છે હવે બોલે ત્યારે કે એ વખતે આ નહોતું. હવે આવ્યું તો આમ માને છે લોકો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ .. એમ નહિ. એ વખતે એમ ચાલતું હતું તો એમ માનતા હતા. અત્યારે આમ ચાલે છે તો આમ માનીએ છીએ.

મુમુક્ષુ :- હવે બીજી દુકાન નીકળે તો બીજે જાય.

ઉત્તર :- પહેલું જે હતું એ ખોટું હતું. એય.. શોભાલાલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દિશા છે. પહેલું હતું માટે એમ માનતા અને હવે આવું આવ્યું ત્યારે આમ માનવા લાગ્યા. પહેલું હતું એ ખોટું હતું. સમજાણું કાંઈ? વસ્તુની ખબર નહોતી. કહેનારને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ખબર નહોતી અને માનનારને પણ ખબર નહોતી. પછી પરઆશ્રય આમ કરો, વ્યવહાર કરો, દયા, દાન ભાવ કરો, ભક્તિ, પૂજા કરો, વ્રતાદિ કરો, તપાદિ કરો તો તમને ધર્મ થશે. અહીં કહે છે, મરી જા તપ કરીને, અપવાસ કરીને તોપણ ધર્મ નથી. લે. આત્મા અંદર આનંદકંદનું અંદરમાં ભાન કરીને ન ઠર ત્યાં સુધી ધર્મ થાતો નથી. વીતરાગમાર્ગમાં ધર્મ નથી. સમજાણું કાંઈ?

**'આચારાંગ આદિ શબ્દશ્રુતના સદ્ભાવમાં...'** એટલે કે શાસ્ત્રનું જ્ઞાન ભગવાને કહ્યું એવું કદાચિત હોય પણ ખરું અને ન પણ હોય. પણ તેના સદ્ભાવથી. તેનો એટલે? ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ જે જ્ઞાનમૂર્તિ, તેની હયાતીને કારણે જે જ્ઞાન થયું, એના આશ્રયે થયું તે જ્ઞાન આત્માથી થાય છે. આને કારણે થતું નથી. તેના સદ્ભાવથી જ જ્ઞાનનો સદ્ભાવ છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ, એના આશ્રયથી જ જ્ઞાનનો આશ્રય થાય, સદ્ભાવ રહે છે. શુદ્ધ ભગવાન આત્માના સદ્ભાવને કારણે જ્ઞાનનો સદ્ભાવ થાય છે. આ વ્યવહાર જ્ઞાન હતું માટે આ સમ્યગ્જ્ઞાન થાય છે એમ છે નહિ. કહો, સમજાણું આમાં?

હવે બીજો બોલ. **'શુદ્ધ આત્મા જ દર્શનનો આશ્રય છે,...'** સમ્યગ્દર્શન. સમ્યગ્દર્શન જે વીતરાગ માર્ગનું પહેલું મુળિયું. સમજાણું કાંઈ? છે ને માથે? જુઓ! **'दंसणं मूलो धम्मो'**- ધર્મનું મૂળ દર્શન છે. ધર્મ એટલે ચારિત્ર, સ્વરૂપની રમણતા. એનું મૂળ સમ્યગ્દર્શન છે. એ સમ્યગ્દર્શન શું છે? કે **'શુદ્ધ આત્મા જ દર્શનનો આશ્રય છે,...'** ભગવાન પરિપૂર્ણ પરમાત્મા શુદ્ધ ચૈતન્ય, એનો આશ્રય લઈને અંદર શ્રદ્ધા-સમ્યગ્દર્શન-થાય તે સમ્યગ્દર્શનમાં આધાર અને આશ્રય આત્મા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ બધા સમિકત-સમકિત કરે છે ને? અમારું સમકિત અને તારું સમકિત. હવે સમકિત હતું કે દિ' ભાન વિના. સાંભળને. આ તો દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ પણ સમકિત નથી એમ કહે છે. અને દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાનો ભાવ હોય, નવ તત્ત્વની શ્રદ્ધાનો ભાવ હોય કે ન હોય પણ સમ્યગ્દર્શન તો શુદ્ધ આત્માને આશ્રયે થાય છે. આહાહા..! હજી સમ્યગ્દર્શન કોને કહેવું ઈ ખબર ન મળે. ચોપડી આદરે બાર વ્રતની. જાવ. સમકિત આદર્યું. તમે દેવ, તમે ગુરુ, ભગવાન અરિહંત ઈ દેવ. ભગવાન પ્રરૂપે કેવળી પણ્ણંતો ધમ્મો. .. પણ કહેવો કોને ધર્મ, સમજ્યા વિના? સમજાણું કાંઈ?

કહે છે કે **'શુદ્ધ આત્મા જ દર્શનનો આશ્રય છે,..'** ભગવાન ચૈતન્ય અનંત ગુણનો પિંડ એ સમ્યગ્દર્શનનો આશ્રય છે. સમ્યગ્દર્શન પ્રગટ થવામાં આત્મા જ કારણ છે. આત્મા શુદ્ધ વસ્તુની દૃષ્ટિ થતાં સમ્યગ્દર્શન થાય છે. સમજાણું કાંઈ? **'કારણ કે જીવ આદિ નવ**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**પદાર્થોના સદ્ભાવમાં...**' એ નવ તત્ત્વ ભગવાને કહ્યા એવી શ્રદ્ધા હો તોપણ એ વિકલ્પ છે. એ હોય પણ ખરી છતાં એને લઈને અહીં સમ્યગ્દર્શન છે એમ નથી. સમજાણું કાંઈ?

પૂર્ણ પ્રભુ ધ્રુવ ચૈતન્ય જ્ઞાયક એને પકડીને જે નિર્વિકલ્પ અનુભવમાં પ્રતીતિ થાય તે સમ્યગ્દર્શન યથાર્થ છે અને તેનો આશ્રય તે ભગવાન આત્મા છે. નવ તત્ત્વની શ્રદ્ધાનો રાગ હોય તોપણ સમ્યગ્દર્શન તો આત્માને આશ્રયે જ વર્તે છે અને નવ તત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ છૂટીને સ્થિર થઈ જાય અથવા નવ તત્ત્વના નામ ન આવડતા હોય અને એ જાતની શ્રદ્ધા ન પણ હોય. વિપરીત હોય એમ નહિ હોં! પાછું કોઈ કહે. આ અસદ્ભાવમાં એટલે? નવ તત્ત્વના અસદ્ભાવમાં એટલે? નવ તત્ત્વની બીજી શ્રદ્ધા હોય એમ નહિ એનો અર્થ. સમજાણું કાંઈ? ઓલામાં કહે કે આચારાંગ આદિનું જ્ઞાન અભાવમાં એટલે આચારાંગ જ્ઞાનનો અભાવ હોય અને બીજું જ્ઞાન હોય વ્યવહારે એમ અહીં નથી વાત. આહાહા..! સમજાણું કાંઈ?

શાસ્ત્રનું જ્ઞાન સર્વજ્ઞે કહેલા શાસ્ત્રનું જ્ઞાન હો તોપણ જ્ઞાન જેને કહીએ એ તો આત્માને આશ્રયે પ્રગટે તો જ જ્ઞાન કહીએ. અને એ આચારાંગ આદિનું ન હોય પણ એને ઠેકાણે બીજું ઊંધું જ્ઞાન હોય એમ નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? અરે..! એને રખડવું કેમ મટે એનો કોઈ દિ' ઉપાય ગોત્યો નથી. રખડ્યા રખડ, રખડ્યા રખડ. નરક અને નિગોદ. કોઈ સામું જોનાર નથી. ચાર ગતિના દુઃખો એ દુઃખ મટાડવાનો ઉપાય તો એક ચૈતન્યમૂર્તિનો આશ્રય લઈને નિર્વિકલ્પ સમ્યગ્દર્શન પ્રગટ કરવું તે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પચાસ ટકા જીવનો વાંક અને પચાસ ટકા સંભળાવનાર ન મળ્યા એનો વાંક.

ઉત્તર :- સંભળાવનારનો વાંક જરીએ નહિ. કોનો વાંક છે? એને બેઠું એ બસ એને બેઠું એને કારણે. અમને સંભળાવનાર નહોતા મળ્યા એમ શેઠ બોલે છે વારંવાર. શેઠ! નહોતા મળ્યા પણ તમને ઠેકાણું નહોતું તમારું માટે મળ્યા નહોતા એમ કહો ને. શોભાલાલજી! પોતાની યોગ્યતા હોય તો સત્ય મળ્યા વિના રહે નહિ. બરાબર છે ને શેઠ? ભગવાન બિરાજે છે. જુઓ! મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર પરમાત્મા ત્રિલોકનાથ કેવળજ્ઞાની બિરાજે છે. અત્યારે મહાવિદેહ. ત્યાં કેમ ન જન્મ્યો? સમજાય છે? બિરાજે છે ભગવાન. અત્યારે મનુષ્ય ક્ષેત્રે મહાવિદેહમાં પાંચસો ધનુષ્યનો દેહ, કરોડ પૂર્વનું આયુષ્ય. બિરાજે છે ત્યાં. કુંદકુંદાચાર્ય ગયા હતા. બે હજાર વર્ષ પહેલા. આ શાસ્ત્ર કરનાર. આ શ્લોક કરનાર કુંદકુંદાચાર્ય દિગંબર બે હજાર વર્ષ પહેલા ૪૯ની સાલમાં ભગવાન પાસે ગયા હતા. ભગવાન હજી બિરાજે છે. કરોડ પૂર્વનું આયુષ્ય છે ભગવાનનું. કરોડ પૂર્વ પણ સાંભળ્યા ન હોય હજી. કરોડ પૂર્વ કોને કહે.

એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ વર્ષ અને ૫૬ હજાર કરોડ વર્ષ જાય એને એક પૂર્વ કહેવાય.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પાનાચંદભાઈ! સાંભળ્યું પણ ન હોય કોઈ દિ'. ધંધા આડે નવરાશ ક્યાં પણ છે? એક પૂર્વમાં... ભગવાનનું આયુષ્ય કરોડ પૂર્વનું છે. અહીં ઋષભદેવ ભગવાન હતા ત્યારે એનું આયુષ્ય ૮૪ લાખ પૂર્વનું હતું. એમાં એક પૂર્વમાં ૭૦ લાખ કરોડ. સો કરોડ, બસો કરોડ, હજાર કરોડ એમ નહિ. લાખ કરોડ પણ નહિ. ૭૦ લાખ કરોડ અને ૫૬ હજાર કરોડ એટલા વર્ષનું એક પૂર્વ થાય. એટલું એટલું કરોડ પૂર્વનું આયુષ્ય છે ભગવાનનું. મહાવિદેહક્ષેત્રમાં અત્યારે બિરાજે છે. ભગવાનની ખબર નથી. મકાન કેટલું ટકે એની ખબર હોય કે આવું પાક્કું કરાવ્યું. શું કહેવાય આ? પ્લાસ્ટર. સીમેન્ટનું પ્લાસ્ટર અને વળી ઓલું શું કહેવાય? ચિરોડી. ચિરોડીનું આમ કરાવે તો બહુ પાક્કુ રહે. ચિરોડી હોય છે કે નહિ? ચિરોડી-ચિરોડી નથી હોતી? ઊંચી હોય છે ઊંચી. એની ખબર હોય. ધૂળેય ટકે (નહિ). એ તો એને કારણે ટકે. તારા કારણે ક્યાં ટકતું હતું? આ ટકનાર આયુષ્ય કેટલું દેહનું છે? આ એક મોટું મકાન છે જડ. માટીનું છે, ધૂળનો બંગલો. ભગવાન ચૈતન્ય મૂર્તિ અરૂપી ભિન્ન બિરાજે છે. કહો, સમજાય છે કાંઈ?

ભગવાન પાસે કુંદકુંદાચાર્ય ગયા હતા. આ શાસ્ત્ર કરનાર. આઠ દિ' ત્યાં રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા છે. પોન્નુર હિલ ટેકરી છે. મદ્રાસથી ૮૦ માઈલ આ બાજુ. વંદેવાસ ગામ છે. ત્યાં બે વાર ગયા છીએ, બે વાર ગયા છીએ. હજારો માણસ સાથે હતા. ૭૦ મોટર ને બધું. ત્યાં રહ્યા આઠ દિન ભગવાન પાસે. ત્યાંથી આવીને આ શાસ્ત્ર બનાવ્યા છે. સાક્ષાત્ પરમાત્મા ત્રિલોકનાથ બિરાજે છે ત્યાંથી. સમજાણું કાંઈ?

એ કહે છે કે પરમેશ્વર ત્રિલોકનાથ ભગવાન તીર્થંકરદેવ તો આમ ફરમાવે છે કે નવ તત્ત્વ ભગવાને કહેલા જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. એવા નવની (શ્રદ્ધા). બે દ્રવ્ય, સાત પર્યાય. બે દ્રવ્ય જીવ-અજીવ અને સાત એની પર્યાય છે- અવસ્થા. એને જેમ છે એમ માને, જાણે અને શ્રદ્ધા કરે તોપણ એ શુભરાગની શ્રદ્ધા છે. શુભરાગરૂપ દશા છે. એ સમ્યગ્દર્શન નથી. કારણ કે સમ્યગ્દર્શનની (-શ્રદ્ધાની) દશા તો બે જ છે. કાં સમ્યક્ અને કાં મિથ્યાત્વ. આ વ્યવહાર સમકિત છે એ સમકિત ખરેખર નથી. અને કહે છે કે અહીં તો એ નવ તત્ત્વની શ્રદ્ધા છે માટે સમ્યગ્દર્શન થાય છે એમ નથી. સમ્યગ્દર્શન એટલે સાચું દર્શન એટલે જેવો આત્મા છે તેવી અંતર ભાનમાં પ્રતીતિ (થવી), એ સમ્યગ્દર્શનનો આધાર તો આત્મા છે. સમજાણું કાંઈ? એ નવ તત્ત્વની વિકલ્પવાળી શ્રદ્ધા હો તોપણ સમ્યગ્દર્શનનો આશ્રય તો આત્મા જ છે. એ નવ તત્ત્વની શ્રદ્ધાને આશ્રયે સમ્યગ્દર્શન થાય છે એમ છે નહિ. આહાહા..!

કહે છે કે '**શુદ્ધ આત્મા જ દર્શનનો આશ્રય છે,...**' આ તો અધ્યાત્મ શાસ્ત્ર છે. આ કાંઈ એમ ને એમ વાંચી જાય અને ગોખી જાય એવી ચીજ નથી આ. ભગવાનના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પેટ જેમાં ખોલ્યા છે. કેવળજ્ઞાની.. આમ બોલે છે ને સાંજ સવાર? કેવળી પણ્ણંતો ધમ્મો શરણં. ભગવાન જાણે કેવો પણ્ણંતો હશે. પણ્ણંતો શું હશે? જુગરાજજી! આહાહા..!

મુમુક્ષુ :- મંગળિક છે.

ઉત્તર :- મંગળિક પણ કોને કહેવું મંગળિક સમજ્યા વિના? મંગ નામ પવિત્રતા, લ નામ લાતિ. આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ ભગવાન મંગળિકરૂપ છે આત્મા. એનો આશ્રય કરીને દર્શન કરવું, સમ્યગ્દર્શન એનું નામ મંગળિક કહેવાય છે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, શુદ્ધ ભગવાન પરમાત્મ સ્વરૂપ પોતાનું નિર્મળાનંદ છે. પુણ્ય-પાપના વિકલ્પો એ તો ફોતરું છે. કર્મ અને શરીર એ તો પર જડ છે. એને આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ પોતે અનંત શક્તિનું તત્ત્વ, એની દૃષ્ટિ આપતા ધ્રુવને અવલંબતા, જે પર્યાય ધ્રુવને અવલંબી અને જે પ્રતીત થાય એ નિર્વિકલ્પ આનંદના સહિતની પ્રતીતિ તેને સમ્યગ્દર્શન કહે છે. એ સમ્યગ્દર્શનનો આધાર ને આશ્રય અને અવલંબન શુદ્ધ આત્મા છે. નવ તત્ત્વની શ્રદ્ધા એનો આશ્રય અને અવલંબન નથી. કહો, સમજાણું કાંઈ?

**'શુદ્ધ આત્મા જ દર્શનનો આશ્રય છે, કારણ કે જીવ આદિ નવ પદાર્થોના સદ્‌ભાવમાં...'** નવ પદાર્થનો વિકલ્પ પણ હો, તોપણ નિર્વિકલ્પ આત્માને આશ્રયે દર્શન વર્તે છે. અને અસદ્‌ભાવમાં-નવ તત્ત્વનો વિકલ્પ ન હોય. સ્વરૂપમાં ઠરી ગયો હોય ત્યારે ન પણ હોય. અથવા કોઈને નવ તત્ત્વની શ્રદ્ધાની જાતનો વિકલ્પ પ્રગટ્યો ન હોય વ્યવહાર. અંદરમાં આત્માના અનુભવનું ભાન સમ્યગ્દર્શન થઈ ગયું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ન હોય, એને ખ્યાલમાં પણ ન હોય. નામેય આવડતા ન હોય, લ્યો..

મુમુક્ષુ :- નવ તત્ત્વનું ભાવભાસન તો હોય.

ઉત્તર :- નવનો અર્થ એ કે આ જીવ છે જ્ઞાયક, આ રાગ છે, આ પર, બસ એ ભાસવું. એમાં આવી ગયું. એ પણ ભાસવું. એમ આ નવના નામ આવડે એમ નથી. આ આનંદ સ્વરૂપ છે તે આત્મા અને આ રાગ છે એની ખબર નથી. આ દુઃખરૂપ છે, આનંદની સાથે જોતા દુઃખરૂપ છે. પછી એને આસ્રવ કહો, બંધ કહો. આ જ્ઞાયક તે આનંદ છે એવું તેને ભાનમાં ભાસન થયું છે. પણ નવના નામથી આવડે છે કે આ નવ તત્ત્વ આ એવો વ્યવહાર વિકલ્પ શ્રદ્ધા નથી. સમજાણું કાંઈ? એવી વાત છે.

પશુને કેટલાકને ક્યાં એ નવનો વિકલ્પ પણ નથી. પણ એ વસ્તુ તેથી અહીં કહે છે, કોઈને હોય અને થાય તો એ આત્માને આશ્રયે અને કોઈને ન હોય તો થાય એ આત્માને આશ્રયે થાય. અસંખ્યાતા પશુ સમકિતી છે સ્વંયભુરમણ સમુદ્રમાં. ભગવાને જોયા છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વયંભુરમણ સમુદ્ર છે. આ જંબુદ્વીપ છે ને આ? એને ફરતો લવણ છે. .. અસંખ્યમો દ્વીપ છે સ્વયંભુરમણ. એમાં અસંખ્યાતા પશુ પડ્યા છે-ઢોર. એમાં અસંખ્યાતા સમકિતી પડ્યા છે આ કહીએ છીએ એવા. સમજાણું કાંઈ? આત્માનો આશ્રય થયો, વાસ્તવિક તત્ત્વ, બસ અનુભવ થઈ ગયો, સમ્યગ્દર્શન. સમજાણું કાંઈ? આવે છે પડિક્કમણામાં. કે અઢી દ્વીપમાં, અઢી દ્વીપ બહાર અસંખ્યાતા શ્રાવક-શ્રાવિકા (છે). પણ એ બધા આવતા હોય એની ખબર પણ ન હોય. અસંખ્યાતા શ્રાવક-શ્રાવિકા છે. પશુ હોં! આ માણસ તો થોડા છે. અઢી દ્વીપમાં થોડા માણસો છે. અસંખ્યાતા.

એ અંદર આત્માનું અંતર પહેલું સાંભળેલું હોય, પહેલું સાંભળેલું હોય છે. સમજાય છે? અને એમાં અંતર ભગવાન આત્મા હજાર હજાર યોજનના મચ્છ. કહો. પૂછડું જરી હલાવે ત્યાં કેટલાય પ્રાણીના ... મરી જાય. હજાર જોજન. અંદરમાં ઉતર્યા. સાંભળવાનું નિમિત્ત તો બીજું નથી પણ આ કોઈ પ્રતિમા જેવી મૂર્તિ દેખે માછલાની કે આમ ચંદ્ર, સૂર્ય દેખે કે આ શું છે આ? એમાંથી એક પૂર્વનું યાદ આવી જાય અને ઊતરી જાય અંદર. સમજાય છે?

નવ તત્ત્વની શ્રદ્ધાનો વિકલ્પ હો, તોપણ સમ્યગ્દર્શન તો ભગવાન આત્માને આશ્રયે જ થાય છે. અને એ ન હો, ઠરી ગયેલો હોય અને એવું વિશેષ જ્ઞાન ન પણ હોય. સામાન્ય એના ખ્યાલમાં વાત આવી જાય. છતાં સમ્યગ્દર્શન, એનો આશ્રય એ શુદ્ધ ચૈતન્ય વસ્તુ ભગવાન આત્મા ધ્રુવ એનો આશ્રય છે. ધ્રુવને અવલંબે સમ્યગ્દર્શન પ્રગટે છે. વ્યવહારના અવલંબે સમ્યગ્દર્શન થતું નથી. વ્યવહારનો નિષેધ થાય છે એમ કહેવું છે. ભગવાનજીભાઈ! બહુ આકરું કામ. ઓહોહો..! આ રૂપિયા રળવામાં આવી મહેનત નહિ પડી હોય, એય.. શેઠ!

મુમુક્ષુ :- પણ એમાં જ મહેનત પડે.

ઉત્તર :- ધૂળમાંય મહેનત નથી. હવે ત્યાં ક્યાં મજૂરી કરવા ગયા હતા? રાગ કરતા હતા. રાગ કરતા હતા. શું કરતા હતા ત્યાં તમે? મોટા બંગલા, છ-છ લાખના મકાન એ તો એને કારણે થયા. તમારે કારણે થયા? એ તો જડ છે.

મુમુક્ષુ :- એ તો આવવાની ચીજ હતી તે આવી.

ઉત્તર :- હા. એને કારણે થઈ છે. ત્યાં કાંઈ ડાહ્યા છે માટે આ બરાબર આમ કરાવ્યું, આમ કર્યું.

મુમુક્ષુ :- પણ એનો રાગ તો નિમિત્ત હતો ને.

ઉત્તર :- નિમિત્ત હતો એટલે? નિમિત્તથી થયું છે ત્યાં? એના પરમાણુની, પરમાણુ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ભગવાન કહે છે કે એક એક રજકણમાં અનંતા ગુણ છે. એક એક પરમાણુ પોતાની પર્યાય એટલે અવસ્થાથી પલટતા પલટતા એ જાતનો ઢગલો થઈ ગયો મકાનનો. એવું છે.

મુમુક્ષુ :- પૈસા ખર્ચ્યા, ધ્યાન રાખ્યું...

ઉત્તર :- કોના પૈસા હતા? એના બાપના હતા?

મુમુક્ષુ :- બાપના તો હતા જ ક્યાં?

ઉત્તર :- એય..! બાપના નહોતા ભાઈ કહે છે. એના હતા. એના પણ કે દિ' હતા? પૈસા તો જડના છે. રાગ હતો. રાગ-રાગ. એ થયું ત્યારે રાગ હતો તો એને નિમિત્ત કહેવાય. પણ થયું ત્યારે નિમિત્ત કહેવાય ને? રાગ હોય અને ન થાય તો? એક ફેરી તમે બતાવવા આવ્યા હતા ને? સાગર. ક્યાંક ગયા હતા ને ઈંટનું મકાન થાતું હતું. દૂર. કોનું મકાન હતું? લઈ ગયા હતા એક ફેરી જોવા. ઈંટનું મકાન થાતું હતું તે દિ'. દસ વર્ષ થયા. (સંવત) ૨૦૧૫ની સાલ. નહિ? ૨૦૧૫.

એ તો ભાઈ પરમાણુઓનો પુંજ છે. જેમ પાણીનો પ્રવાહ હોય છે ને નદીમાં? એમ આ પરમાણુનો પુંજ પલટન કરતું... કરતું... કરતું... આ કાર્ય થાય છે એવી વાત છે. જગતને ખબર કે દિ' છે. સમજાણું કાંઈ? આ શરીરનો પિંડલો પણ રજકણનો પલટો કરતાં કરતાં શરીર બન્યું છે. આત્માથી નહિ. આ તો માટી છે, ધૂળ પુદ્ગલ અજીવદ્રવ્ય છે. સમજાણું કાંઈ? રાગ કર્યો છે બસ એટલું. અમે બરાબર ધ્યાન રાખ્યું માટે આવું કર્યું, આમ કર્યું, ઉગમણી બારી, આથમણી બારી, બેય બાજુની હવા આવે, તડકા આવે એવું અમે ધ્યાન રાખ્યું. એ ધ્યાન રહ્યું તારી પાસે, ક્રિયા થઈ ત્યાં. એ કાંઈ એને લઈને થઈ નથી. શોભાલાલજી! બરાબર છે? આહાહા..!

કહે છે, ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ ફરમાવે છે એમ સંતો ફરમાવે છે. ભાઈ! સમ્યગ્દર્શન જેને કહીએ, જેને ધર્મનો એક ભાગ કહીએ-સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, એ સમ્યગ્દર્શન ધર્મરૂપ છે, સંવર-નિર્જરારૂપ છે, અબંધ પરિણામ છે, મોક્ષના માર્ગનો ભાગ છે. એ અબંધ પરિણામ તે આત્માને આશ્રયે થાય છે. શુદ્ધ ચૈતન્ય ભગવાન એને અવલંબે ધ્રુવને અવલંબે થાય છે. વ્યવહારને અવલંબે એ સમ્યગ્દર્શન થતું નથી. અને વ્યવહાર હોય તો સમ્યગ્દર્શન થાય એમ પણ નથી, વ્યવહાર રહે તો સમ્યગ્દર્શન રહે છે એમ પણ નથી. વ્યવહાર ટકે તો સમ્યગ્દર્શન આગળ શુદ્ધિને પામે છે એમ પણ નથી. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ!

એ '**નવ પદાર્થોના સદ્ભાવમાં કે અસદ્ભાવમાં તેના (અર્થાત્ શુદ્ધ આત્માના) સદ્ભાવથી જ દર્શનનો સદ્ભાવ છે;...**' કેટલી સ્પષ્ટ વાત છે! ભગવાનજીભાઈ! હવે ત્રીજી. '**શુદ્ધ આત્મા જ ચારિત્રનો આશ્રય છે,...**' જુઓ! ચારિત્ર કોને કહેવું? કહે છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ લૂગડા ઉતારી નાખ્યા નગ્ન દશા એ ચારિત્ર નહિ. આ અંદરના પંચ મહાવ્રતના પરિણામના વિકલ્પ ઉઠે એ ચારિત્ર નહિ. છે ને? '**શુદ્ધ આત્મા જ ચારિત્રનો આશ્રય છે,...**' ભગવાન આત્મા ચૈતન્યબિંબ આનંદકંદની દૃષ્ટિ અને જ્ઞાનપૂર્વક અંદર રમણતા થાય, જેમાં ચરવું, રમવું, અતીન્દ્રિય આનંદનું ભોજન થાય એવી જે ચારિત્ર વીતરાગી દશા એને ચારિત્ર કહેવાય છે. એ ચારિત્ર મોક્ષનું કારણ છે, એ ચારિત્ર આત્માને આશ્રયે થાય છે. સમજાણું કાંઈ?

આત્મા શું એ જ એને બેસતું નથી. આત્મા આવડો આ શું છે આવડો? કેવડો હશે આત્મા? એક આ પર્યાયમાં ભાળીએ એટલે રાગ-દ્વેષ, પુણ્ય-પાપ કર્યું અને ઉઘાડ દેખાય એટલો. એ તો એક સમયની અવસ્થા છે. વિકાસ દેખાય થોડો જ્ઞાનનો, રાગ દેખાય પણ એ તો એક સમયની દશા છે. આખી ચીજ છે ને મોટી?

અખંડ અનાદિ અનંત જે ચૈતન્ય વસ્તુ ધ્રુવ એવો જે આત્મા એને અવલંબે ચારિત્ર થાય છે. એ પંચ મહાવ્રતના પરિણામ હોય તો ચારિત્ર થાય છે એને આશ્રયે, એમ નથી. અને પંચ મહાવ્રતના પરિણામ છે માટે ચારિત્ર ટકે છે એમ નથી અને પંચ મહાવ્રતના પરિણામ છે માટે ચારિત્રની અંદર શુદ્ધિ વધે છે એમ નથી. ચારિત્ર થાય શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્માને અંદર સ્થિરતા થતાં આત્માને આધારે થાય છે. ટકે છે આત્માને આધારે અને વૃદ્ધિ પણ આત્માને આધારે થાય. સમજાણું કાંઈ? ભારે! આવી વાતું તે કેવી વાતું! જૈનધર્મમાં આવી વાતું હશે? ઓલામાં તો લીલોતરી ન ખાવી, કંદમૂળ ન ખાવા, ચોવિહાર કરવો. લ્યો એવું કહે. હવે એ તો બધી શુભભાવની વાતું છે, સાંભળને હવે. મેં આને ખાધું, ન ખાધું એ તો મિથ્યાભાવ છે, મિથ્યાદૃષ્ટિ છે. આ મેં ખાધું-પીધું એ તો જડની ક્રિયા છે. જડની ક્રિયા મારાથી થાય છે એ અજીવનો ધણી થાય છે, મિથ્યાત્વ છે. અજીવને જીવ માને તો મિથ્યાત્વ. બોલે ખરો ગડીયામાં, સમજે નહિ કાંઈ. સમજાણું કાંઈ?

અમારે એક છોડી હતી ત્યાં. પોપટ શાહની નહોતી? સાયલાવાળા પોપટ શાહ હતા ને? એનો દીકરો લઘુ હતો એની દીકરી સાત વર્ષની હતી, બોટાદમાં. પછી બોલતી. 'સમજાવ્યો સમજે નહિ, કરે કાંઈનું કાંઈ, ફાનસ સળગાવો કહ્યું નાખ્યું ભડકા માંય.' ત્યાં બોટાદ ગાંધી-ગાંધી કુટુંબમાં પરણેલા, સાયલાના પોપટ શાહ. અમૃતલાલ ગાંધી હતા ને? રાયચંદ ગાંધીના કુટુંબી. એ અમૃતલાલ ગાંધીની બહેન. ત્યાં જ રહેતા ડેલો જોડે. પછી એના દીકરાની દીકરી હતી લઘુભાઈની. બરવાળા પરણ્યા હતા. બરવાળાને? તમારે નહિ? શેઠ કુટુંબમાં નહિ ખબર હોય તમને. તમારી ડેલીમાં. ડેલીમાં. ડેલીવાળા. એની દીકરી એક સાત વર્ષની હતી. પછી ક્ષયમાં મરી ગઈ બિચારી. પણ બોલતી હતી આમ શીખવ્યું હતું તો. 'સમજાવ્યો સમજે નહિ, કરે કાંઈનું કાંઈ. ફાનસ સળગાવો...' ફાનસ સમજો છો? ફાનસ એટલે શું? લાલટેન.

ફાનસ સળગાવો એમ કીધું. તમે તો કીધું હતું કે ફાનસ સળગાવો. ભડકો થયો તો નાખ્યું એમાં. પણ ફાનસ સળગાવવાનો અર્થ દીવો કર અંદર. સળગાવીને બાળી નાખવું છે તારે? અક્કલ વિના. એમ શાસ્ત્રના શબ્દોમાં શું કહે છે અને સમજ્યા વિના એમ ને એમ શાસ્ત્રને ઘૂંટે રાખે એવા અજાણ છે અજ્ઞાની જેવા એ તો કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કીધું સળગાવવો તો સળગાવ્યું.

ઉત્તર :- પણ સળગાવવાનો અર્થ દીવો કરવો એ સળગાવવાનો અર્થ કે અગ્નિમાં નાખી દેવું? ફાનસની રાખ કરી નાખ એમ કીધું હતું? એમ અહીં ક્યાક આવ્યું હોય કે વ્યવહાર હેતુ છે, વ્યવહાર કારણ છે, વ્યવહાર હોય તો નિશ્ચય થાય. એ સાંભળને હવે. એનો અર્થ એમ નથી. ફાનસ સળગાવવા જેવો અર્થ છે. આહાહા..!

ભાઈ! અહીં તો જુઓને કહે છે, ભગવાન આત્મા ચારિત્ર એને કહીએ કે જ્યાં શુદ્ધ ભગવાન આત્મા, એમાં લીનતા થઈ, વીતરાગી દશા પ્રગટે અતીન્દ્રિય આનંદનું વેદન ઉત્કૃષ્ટ થાય, આત્મા અતીન્દ્રિય આનંદનો પિંડ છે આત્મા. એમાં લીન થતાં અતીન્દ્રિય આનંદની શાંતિનો આનંદ વેદાય એ આનંદ આત્માને આશ્રયે હોય છે. એ ચારિત્ર કાંઈ રાગ અને પંચ મહાવ્રતના વિકલ્પને આશ્રયે અને વિકલ્પ છે માટે ચારિત્ર છે એમ છે નહિ. આ નગ્નપણું છે તો ત્યાં ચારિત્ર છે એમ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? અઠ્યાવીશ મૂળગુણ છે તો ચારિત્ર છે? ના. કોણે કહ્યું? હો. ઈ કહેશે.

'**શુદ્ધ આત્મા જ ચારિત્રનો આશ્રય છે,...**' ચારિત્ર એટલે ચરવું, રમવું. આત્મા આનંદ મૂર્તિ પ્રભુ, એમાં આત્માનું દર્શન કરી, જ્ઞાન કરી, રમવું ઠરવું એને ચારિત્ર કહે છે. એ મોક્ષનું કારણ છે. એ ચારિત્ર આત્માને આશ્રયે થાય છે. '**કારણ કે છ જીવ-નિકાયના સદ્દ્ભાવમાં...**' એ છ જીવની દયાનો ભાવ હોય. અહિંસા-છ જીવને ન મારે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસ. આવે છે ને? ઈચ્છામી પડિક્કમણામાં નથી આવતું? એકેન્દ્રિયા, બે ઈન્દ્રિયા, ત્રણ ઈન્દ્રિયા, ચોઈન્દ્રિયા, પંચેન્દ્રિયા.. એ બધાને ન મારતો હોય, દયાનો ભાવ હોય તોપણ એ પુણ્ય છે. એ ધર્મ નથી એમ કહે છે. ચારિત્ર નથી. કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઈ ઉથાપવા માટે તો વાત કરે છે. નિશ્ચય આત્માને આશ્રયે થાય છે. વ્યવહારનો નિષેધ થાય છે એમ કહે છે. વ્યવહાર બંધનું કારણ છે. છ કાયની દયાનો ભાવ બંધનું કારણ છે. પુણ્યબંધનું કારણ છે. એ પુણ્યબંધનું કારણ ચારિત્રને માટે કારણ થાય એમ નથી. ભારે વાતું ભાઈ! ઓલા કહે, પરોપકાર કરો, આમ કરો, વિધવાના આંસુ લૂછો અને તમને

મળ્યું છે, ભગવાને આપ્યું છે તો કાંઈક દાન દયો. તમને કલ્યાણ થાશે. અહીં કહે છે કે, હરામ થાય તો એને લઈને. એય..! રાગની મંદતા, પુણ્ય થાશે શુભભાવ. એ પુણ્ય છે એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ?

શું કહે છે જુઓ! '**છ જીવ-નિકાયના સદ્ભાવમાં...**' છ જીવ-નિકાય એટલે? એ તો નિમિત્તથી વાત કરી છે. એના દયાના ભાવમાં છ જીવ-નિકાયનું નિમિત્ત છે ને? એટલે જે દયાનો ભાવ છે અહિંસાનો. છ જીવને ન મારવા. પૃથ્વી, પાણી, અગ્નિ. પૃથ્વીના જીવ એણે કબુલ્યા છે હોં પહેલા. એક કણમાં અસંખ્ય જીવ છે પૃથ્વીમાં. આ પૃથ્વી, આ મીઠું, સંચળ, આ પથરા લાવે છે મકાનના. એની એક એક કટકીમાં અસંખ્ય જીવ (છે). પાણીના એક બિંદુમાં અસંખ્ય જીવ. આ પાણી જે છે ને આ ગોળાનું ને કૂવાનું. એક બિંદુ વરસાદનું. અસંખ્ય જીવ છે. એવી અગ્નિમાં એક આટલા તણખામાં અસંખ્ય જીવ, વાયુમાં, આટલા થોડામાં વાયુમાં અસંખ્ય જીવ. વનસ્પતિમાં પ્રત્યેક આ પાંદડું, એની કટકી જેટલા પાંદડામાં અસંખ્ય જીવ અને બટાટા, શક્કરકંદની એક કટકી જેટલામાં અનંત જીવ. એ બધાને નહિ ખાવાનો ભાવ, નહિ મારવાનો ભાવ, દયા પાળવાનો ભાવ એ પુણ્યભાવ છે. આરે.. આરે..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ કહે છે કે એને કારણે ધર્મ ઊભો ન થાય, એને કારણે પુણ્ય થાય. બંધ થાય. સ્વ ભગવાન આત્મા ચૈતન્યનો આશ્રય લઈને અને નિર્વિકારી વીતરાગી દશા પ્રગટ કરે એ ધર્મ અને એ મોક્ષનું કારણ ચારિત્ર છે. સમજાણું કાંઈ? ભારે વાત જગતથી ઊંધી. દુનિયાથી ઊંધી. દુનિયા ઊંધી એનાથી ઊંધી. દુનિયાથી ઊંધી એટલે આ સવળી થઈને. વીતરાગ પરમેશ્વરનો કહેલો માર્ગ ભાઈ! જિનેશ્વર ત્રિલોકનાથ પરમેશ્વરે જે કહ્યો માર્ગ તે અલૌકિક અપૂર્વ છે. અને જેના ફળ કેવળજ્ઞાનની પ્રાપ્તિ અને મુક્તિ એના ધર્મ કેવા હોય? આવી સાધારણ ચીજ હોય? એ બધા સાધારણ બાળક પણ કરે, મૂઢ કરે એ ધર્મ હશે? સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે '**શુદ્ધ આત્મા જ ચારિત્ર...**' ચારિત્ર એટલે સ્વરૂપની રમણતા. એ રમણતા ભગવાન આત્માને આશ્રયે જ પ્રગટ થાય છે. એમાં લીન થતાં ચારિત્ર થાય છે. એને છ-કાયના જીવનો સદ્ભાવ હોય, છ કાયના જીવનો સદ્ભાવ. ભાષા એવી લીધી છે નિમિત્ત. એને દયાનો ભાવ હોય એમ કહેવું છે. એના લક્ષે હતું ને એટલે એને એમ કીધું. છ જીવને મારે નહિ હોં! અનંત જીવ છે. ભાઈ! નહિ. દયાનો ભાવ કોમળતા, કરૂણા. કહે છે કે એ શુભભાવ છે. શુભભાવ છે માટે ચારિત્ર છે એમ નથી. છ કાયમાં પંચ મહાવ્રત આવી ગયા. છ કાયની દયા છે ને? સ્થાવરની દયા. ત્રસની દયા તો શ્રાવકને હોય. અને આ તો છ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કાય એટલે ત્રસ અને સ્થાવર બેયની દયા. એટલે પંચ મહાવ્રત થઈ ગયા. સ્થાવર જીવ એકેન્દ્રિય, પૃથ્વી, પાણી, અગ્નિને ન મારવા. પગ પડે ને હિંસા થાય. એવી દયાનો ભાવ પણ એ બધો પરલક્ષી ભાવ છે. માટે તેને શુભભાવ ને પુણ્ય બંધનનું કારણ કહે છે. એવો ભાવ હોય તોપણ ચારિત્ર તો આત્માને આશ્રયે થાય છે. એ છે માટે થાય છે એમ છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

અપૂર્વ ધર્મ છે ભાઈ! અપૂર્વ. અનંત કાળમાં એણે કર્યો નથી. અનંત કાળ વીતી ગયા.

અનંત કાળથી આખડ્યો વિના ભાન ભગવાન,
સેવ્યા નહિ ગુરુ સંતને મૂક્યા નહિ અભિમાન.

શ્રીમદ્‌માં આવે છે. શ્રીમદ્ રાજચંદ્રમાં. કડી ખબર છે? શ્રીમદ્ રાજચંદ્ર વાંચ્યું છે કોઈ દિ' કે નહિ? આવે છે, એક કડી આવે છે. 'અનંત કાળથી આથડ્યો...' શ્રીમદ્‌ને તો નાની ઉંમરમાંથી આત્મજ્ઞાન હતું. હતા બાયડી, છોકરા, કુટુંબ બધું હતું પણ આત્મભાન હતું. સમજાય છે? એ દશાશ્રીમાળી વાણિયા હતા શરીરે. આત્મા વાણિયો-બાણિયો નથી. એ કહ્યું એમણે. 'અનંત કાળથી આથડ્યો...' આથડ્યો સમજ્યો? રૂલા. 'વિના ભાન ભગવાન, સેવ્યા નહિ ગુરુ સંતને મૂક્યા નહિ અભિમાન.' અભિમાન મૂક્યા નહિ. જ્યાં હોય ત્યાં હું સમજું છું, મને આવડે છે, મને ખબર છે. મરી ગયો એમાં ને એમાં. શેઠ! પણ ભગવાને કહેલો જે આત્મા અને એનું જે અંદર ચારિત્ર શું છે એની એણે કોઈ દિ' ખબર કરી નથી, જ્ઞાન કર્યું નથી. સમજાણું કાંઈ?

કહે છે કે અંતર સ્વરૂપ ભગવાન આત્મા એને આશ્રયે જે ચારિત્રદશા થાય એની દશામાં છ કાયના જીવોને (નહિ મારવાનો) પંચ મહાવ્રત અહિંસાનો ભાવ હો તોપણ એ ભાવને કારણે અહીં ચારિત્ર નથી. અને કદાચિત્ એ ભાવ ન પણ હોય ઠરી ગયો અંદરમાં તો. સમજાય છે? કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... નહિતર એકાંત થઈ જશે.

ઉત્તર :- પણ એકાંત-સમ્યક્ એકાંત થાય ત્યારે જ અનેકાંત થાશે. 'નિજપદ રમે સો રામ કહીએ.' કહો, રામસ્વરૂપજી! એ છે. નિજ સ્વરૂપમાં રમે. આનંદ જ્ઞાનની મૂર્તિ પ્રભુ.

મુમુક્ષુ :- રાગમાં રમે તો લાભ થાય ને.

ઉત્તર :- રાગમાં રમે અને ચારિત્ર હોય તો રાગ વિકલ્પ ઉઠે છે, વૃત્તિ ઉઠી. આ જીવને ન મારવા અને આની દયા પાળવી એ તો રાગ છે, એ તો વિકલ્પ છે. વિકલ્પ એ ચારિત્ર-ફારિત્ર નથી. એ ધર્મ નથી. એય..! ભાઈ! પરમેશ્વરનો માર્ગ, તીર્થંકરનો માર્ગ એ સમજવો ઘણી લાયકાત માગે છે. અને એનો અનુભવ કરવો એ તો પાત્ર થઈ ગયો મોક્ષને માટે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મોક્ષનો પાત્ર થઈ ગયો. મોક્ષ એની હથેળીમાં. સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે, છ જીવ-નિકાય.. એનો અર્થ એવો નથી કે છ જીવ-નિકાયનો ભાવ દયાનો ન હોય અને હિંસાનો ભાવ હોય અને અહીં ચારિત્ર હોય એમ ન હોય. સમજાય છે કાંઈ? છ જીવ-નિકાયનો કીધો ને સદ્ભાવ. અસદ્ભાવ કીધો ને? અસદ્ભાવ. અસદ્ભાવનો એવો અર્થ નથી કે છ જીવની દયાનો ભાવ ન હોય અને હિંસાનો ભાવ હોય અને અહીં ચારિત્ર હોય એમ ન હોય. સમજાય છે કાંઈ?

અહીં તો છ જીવ-નિકાયના જીવને, ભગવાને કહેલા જીવોને ન મારવાનો ભાવ વ્રતનો ભાવ પ્રગટ્યો, કહે છે કે એને આધારે ચારિત્ર પ્રગટતું નથી, એ પોતે ચારિત્રનું રૂપ નથી. ચારિત્ર તો ભગવાન આત્મા ધ્રુવને અવલંબીને ઠરે છે, પર્યાય ઠરે છે. ભલે પર્યાય બદલતી હોય છે. પણ એ ઠરતી બદલે છે. ધ્રુવમાં ઠરતી બદલે છે. એવા ચારિત્રનો આશ્રય ભગવાન ધ્રુવ આત્મા આશ્રય છે. તેને ચારિત્ર કહીએ. એને સદ્ભાવની છ કાયની દયાનો હોય પણ ખરો, વિકલ્પ ભલે હો. પણ ચારિત્ર એને લઈને નથી. અને એ વિકલ્પ ન પણ હો અને ઠરી ગયો હોય, સમજાય છે કાંઈ? તોપણ ચારિત્ર તો આત્માના આશ્રયે પ્રગટે એને હોય છે. ચારિત્ર આત્મા શુદ્ધને આશ્રયે પ્રગટે, શુદ્ધને આશ્રયે ટકે અને શુદ્ધને આશ્રયે વધે. કષાયની મંદતા ખૂબ કરે તો ચારિત્ર વધે એમ નથી. આરે.. ભારે વાત. કહો, સમજાણું આમાં? કહો, શાંતિભાઈ! રાજકોટ. અમારે શાંતિભાઈ રાજકોટ. શાસ્ત્રના વાંચનારા છે. આહાહા..!

કહે છે, ભગવાન! એકવાર સાંભળ તો ખરો પ્રભુ! તારી પ્રભુતાને અંદર જાણ્યા વિના, અનુભવ્યા વિના ચારિત્ર ત્રણ કાળમાં ન થાય. તારી દયા પાળીને છ કાયની અહિંસા ભાવ હોય તો શુભભાવ છે. પુણ્યબંધ થાશે. આ ધૂળ મળશે ક્યાંક સંયોગ, પાછો ત્યાંથી રખડીને પડીશ ચાર ગતિમાં.

મુમુક્ષુ :- એ એક ગતિ તો સુધરે ને?

ઉત્તર :- ધૂળેય સુધરતી નથી. ગતિ કોને કહેવી? ચાર ગતિ દુઃખરૂપ છે. ચાહે તો દેવમાં જન્મે, ચાહે તો નારકીમાં જન્મે, ચાહે તો આ ધૂળના ધણીમાં શેઠિયા અબજોપતિ થાય. એ બધા દુઃખી... દુઃખી... પરને આશ્રયે દુઃખી છે. સુખ તો ભગવાન આત્મા આનંદનું મૂળ છે પ્રભુ, એની અંદરમાં આશ્રય કરીને આનંદ પ્રગટે તેને સુખી કહીએ.

કહ્યું હતું ને એક ફેરી?

સુખીયા જગતમાં સંત, દુરિજન દુઃખીયા રે.
એક સુખીયા જગતમાં રે સંત, દુરિજન દુઃખીયા રે,
ન આવે અકળામણનો અંત એ મૂરખમાં મૂખિયા રે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ બધા પૈસાવાળા અને બુદ્ધિવાળા મૂરખમાં મુખિયા છે એમ કહે છે. મૂરખનો મુખિયો.

મુમુક્ષુ :- હવેલીમાં...

ઉત્તર :- એ હવેલીનો મુખિયો આ મૂરખનો મુખિયો. તારા આત્મામાં આનંદ છે એની તને ખબર નથી. આત્મા શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધ સમાન ભગવાને જોયો એવો આત્મા છે. એની જેને શ્રદ્ધા ને જ્ઞાન ને ચારિત્ર નથી એ સુખી નથી. દુઃખી છે. અહીં તો કહે છે કે ચારિત્રના સદ્ભાવમાં ઓલા મહાવ્રત હોય...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**ભાદરવા વદ ૫, શનિવાર તા. ૨૩-૦૯-૧૯૬૭**
**શ્લોક-૧૭૪, ગાથા-૨૭૬ થી ૨૮૦, પ્રવચન-૩૪૫**

સમયસાર. ૨૭૬-૨૭૭. એનો ભાવાર્થ ચાલે છે. અધિકાર બંધનો છે. આત્માને પાપનું બંધન, પુણ્યનું બંધન અને બંધન રહિત એવા ત્રણ પ્રકારના પરિણામ હોય છે. એ પાપના પરિણામરૂપ બંધન, એ પુણ્યના પરિણામરૂપ બંધન અને એક પુણ્ય-પાપ રહિત આત્માના અબંધ પરિણામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. એમાં એની નિશ્ચય અને વ્યવહારની વ્યાખ્યા છે. પાપના પરિણામના બંધનની વ્યાખ્યા તો અહીં છે નહિ. કારણ કે એ તો ઘણું પાપ આઘું.

કહે છે કે '**આચારાંગ આદિ શબ્દશ્રુતનું જાણવું,...**' ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે કહેલા આચારાંગ શાસ્ત્રો એનું (જાણવું). શબ્દશ્રુત છે એ. એનો આશ્રય લઈને જે જાણવું એ જ્ઞાન નથી. સમજાણું? જેને આત્માનું જ્ઞાન નથી, આત્મા જ્ઞાનસ્વરૂપ છે એવું જ્ઞાન નથી એને તો એ આચારાંગ આદિનું જ્ઞાન એ જ્ઞાન જ વ્યવહારે પણ જ્ઞાન નથી. અજ્ઞાન છે. એ આવી ગયું છે. શબ્દશ્રુતના સદ્ભાવમાં પણ આત્માના અભાવને લીધે જ્ઞાનનો અભાવ છે, એને જ્ઞાન કહેતા નથી. સમજાણું કાંઈ? આચારાંગ સર્વજ્ઞે કહેલા શાસ્ત્રો હોં! સર્વજ્ઞ સિવાયના કહેલા (એની તો વાતેય નથી) હજી તો સર્વજ્ઞપણું બેસવું લોકોને વ્યવહારે મુશ્કેલ છે. શેઠી! એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણે એવા પરમેશ્વરને અરિહંત અથવા સર્વજ્ઞ કહે છે. જે પહેલું પદ છે. નમો અરિહંતાણં. સમજાણું કાંઈ? છે બીજું અંદર. ચારે કોર શરીરની વ્યાધિઓ છે. અને એક રાગ-દ્વેષની વ્યાધિ.

મુમુક્ષુ :- બધું રાગ-દ્વેષમાં તો આવી જાય છે.

ઉત્તર :- ઓલી શરીરની વ્યાધિ થાય છે.

અહીં તો કહે છે, પરમેશ્વર કેવળજ્ઞાની પરમાત્મા અરિહંતદેવ, જેને એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ ત્રણ લોક જેને જાણવામાં આવ્યા. એમણે કહેલા શાસ્ત્રો. ભાષા તો એ વજન છે. હજી એની જેને ખબર નથી. સર્વજ્ઞ શું છે અને સર્વજ્ઞના કહેલા શાસ્ત્રો કોણ છે એની જેને ખબર નથી, એની તો અહીં વાત લીધી નથી. એ તો અનાદિ અજ્ઞાનમાં પડ્યા ચાર ગતિમાં રખડનારા પ્રાણી છે. સમજાણું કાંઈ?

અહીંયાં તો ભગવાને કહેલા આચારાંગ, સૂયગડાંગ, ઠાણાંગ, સમવાય, .. કેટલું એમાં દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન ભર્યું હોય છે. એને જાણે છતાં એને આત્માનું અંદર, આત્મા જે વસ્તુ જ્ઞાન અને આનંદ છે એનું જ્ઞાન ન હોય તો તેને વ્યવહારજ્ઞાન પણ કહેવામાં આવતું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી. અજ્ઞાન કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચડિયાતા એટલે પુણ્યભાવવાળો ખરો. ઓલા પાપભાવવાળા છે બીજા. સર્વજ્ઞ સિવાય બીજા અજ્ઞાનીઓના ભણતરવાળા કે શાસ્ત્રના ભણતરવાળા એ બધા પાપ પરિણામવાળા છે. સમજાય છે કાંઈ? સમજાણું કે નહિ આમાં?

અહીંયાં તો ભગવાન પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા કેવળજ્ઞાની અનંત થઈ ગયા, વર્તમાનમાં બિરાજે છે, અનંત થશે. લાખો કેવળીઓ બિરાજે છે, અત્યારે મહાવિદેહક્ષેત્રમાં લાખો કેવળીઓ. તીર્થંકર એક એક ક્ષેત્રમાં. એવા વીસ છે. એમણે કહેલી વસ્તુ સ્વરૂપ હોં! પણ એ શાસ્ત્રને પરલક્ષી વસ્તુ છે ને? આહાહા..! તેથી તેને (જ્ઞાન કહેતા નથી). એ જાણવું તો અભવિને પણ હોય છે. છતાં તેને જ્ઞાન કહેવાતું નથી. આહાહા..!

'**જીવાદિ નવ પદાર્થોનું શ્રદ્ધાન કરવું...**' ભગવાને કહેલા નવ પદાર્થનું શ્રદ્ધાન એ પણ મિથ્યાદર્શન છે. આત્માના અંતર દર્શન વિના એ નવ તત્ત્વની શ્રદ્ધા ભેદરૂપ છે એ મિથ્યાદર્શન છે. અજ્ઞાનીઓના કહેલા તત્ત્વોને માનવા એ તો તીવ્ર મિથ્યાત્વ છે. આવી વાત. કોઈ દિ' માણસને દરકાર જ નથી, એની પોતાની દરકાર જ નથી. પોતાની દરકાર નથી સમજ્યા?

શું છે આ તે વસ્તુ? કોણ છે આ? એકલો જ્ઞાનનો પુંજ પ્રભુ જેની સર્વજ્ઞ દશા, જેનું સ્વરૂપ જ સર્વજ્ઞ છે અને જેની દશા પ્રગટ થતાં સર્વજ્ઞ ત્રણ કાળ ત્રણ લોકને એક સમયમાં જાણે એવી એની પર્યાય તાકાત છે એની. એવા થયેલા, એમણે કહેલા નવ તત્ત્વ. તો એમાં તો દેવ-ગુરુ-શાસ્ત્ર પણ આવી ગયા. ભલે શાસ્ત્ર પહેલામાં આવ્યા હતા. આમાં દેવ-ગુરુ. એને સાચા દેવ, સાચા ગુરુ એની પરલક્ષી એને શ્રદ્ધા હોય છે. ખોટા દેવ-ગુરુની શ્રદ્ધાવાળા તો તીવ્ર મિથ્યાદૃષ્ટિ છે. એની અહીં વાત નથી. સમજાણું કાંઈ?

ઓહો..! એક સમયમાં સર્વજ્ઞપણું એ તે માનવું, એ પણ માને તો કહે છે કે નવ તત્ત્વની શ્રદ્ધામાં એ આવે છે તો એ શુભભાવ છે, પરલક્ષી છે. સમજાણું કાંઈ? આત્મા ભગવાને કહ્યો એવો જે આત્મા અસંખ્ય પ્રદેશી અનંત ગુણનું ધામ એના અનુભવની પ્રતીતિ એ નિશ્ચય દર્શન. અને આ છે તેને વ્યવહાર દર્શન કહેવામાં આવે છે. આ (નિશ્ચયદર્શન) જ્યાં નથી એને તો વ્યવહાર દર્શન પણ કહેવામાં આવતું નથી. એ તો મિથ્યાદર્શન છે. આહાહા..! દીપચંદભાઈ! અરે..! આવો અવતાર એને મળ્યો, પણ એને શું કહેવું છે પરમેશ્વરને અને શું હોય છે એની પણ દરકાર કરી નહિ. આત્મા એ તો એકકોર રહ્યો.

અહીં તો કહે છે, દૃષ્ટાંત અભવિનો આપ્યો છે. એ નવ તત્ત્વની શ્રદ્ધા કરે છે છતાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મિથ્યાદષ્ટિ છે. આમ ભગવાન આત્મા એકલો જ્ઞાયકસ્વરૂપ અખંડ ગુણનો પિંડ પ્રભુ, અનંતા અનંત જેમાં ગુણની રાશિ ઢગલો પ્રભુ છે. એને સ્પર્શીને જે અનુભવમાં પ્રતીત થવી એ સમ્યગ્દર્શન છે. એને આવા નવ તત્ત્વની શ્રદ્ધા હોય તો વ્યવહાર દર્શન કહેવામાં (આવે), શુભરાગ કહેવામાં આવે. અને એવું જેને નથી એને તો એકલું મિથ્યાદર્શન છે. આહાહા..! કહો, રામસ્વરૂપજી! ભારે ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પહેલા બેને એક ખાનામાં નાખી દેવા...

ઉત્તર :- ક્યા પહેલા બેને?

મુમુક્ષુ :- .. એક ખાનામાં કેમ નાખો છો?

ઉત્તર :- બંધનું કારણ છે. ઓલાને પાપ બંધનું કારણ, આને પુણ્ય બંધનું કારણ એટલો ફેર છે.

મુમુક્ષુ :- મિથ્યાદષ્ટિના ખાનામાં નાખો છો ને?

ઉત્તર :- મિથ્યાદર્શન છે. અહીં વસ્તુ નથી તો મિથ્યાજ્ઞાન અને મિથ્યાદર્શન છે.

મુમુક્ષુ :- એક ખાનામાં નાખ્યા હવે શું કરવું?

ઉત્તર :- આહાહા..! અરે..! ચૈતન્ય રતન ભગવાન, જેના એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણે એવી તો અનંતી પર્યાયો જેના જ્ઞાનગુણમાં અત્યારે પડી છે. એને ખબર ક્યાં કોણ છે અને કેવડો આત્મા છે. સમજાણું કાંઈ?

એ જ્ઞાન એકલો જ્ઞાન, જ્ઞાનનો પુંજ પ્રભુ છે એકલો. એવા તો અનંત ગુણ સાથે. આ તો એક જ્ઞાનગુણની પ્રધાનતાથી લ્યો તો એક જ ગુણમાં અનંતી કેવળજ્ઞાનની પર્યાયોનું સામર્થ્ય પડ્યું છે. અનંતી કેવળજ્ઞાનની પર્યાય. વસ્તુ છે ને. એના સ્વભાવનું શું કહેવું? જેનો સ્વભાવ તેનું શું કહેવું? એક પરમાણુ છે, રજકણ પોઈન્ટ આ જડ, એ પણ જ્યારે રંગપણે પરિણમે છે તો એક સમયમાં ધોળો અનંતગુણો થઈને પરિણમે રજકણ પોઈન્ટ. બીજે સમયે એ લાલ થઈને અનંતગુણો પરિણમે. એવો એનો પરમાણુ પોઈન્ટ નાનામાં નાનો એનો એ સ્વભાવ છે. સમજાણું કાંઈ? શું હશે આ? વસ્તુની ખબર નથી દુનિયાને.

વસ્તુ જે છે... શ્રીમદ્દ્ તો એમ કહ્યું ચૈતન્યને માટે કે અરે..! સૃષ્ટિને ગુપ્ત ચૈતન્ય ચમત્કારની શ્રદ્ધા નથી, ખબર નથી. એમ પોકાર કરે છે. સમજાણું કાંઈ? આ ચૈતન્ય ચમત્કારી વસ્તુ છે. જેમાં અનંત કેવળજ્ઞાન, અનંત આનંદ પડ્યા છે એ પુંજ ગુણનો (છે) એની એને શ્રદ્ધા નથી. આ તે શું હશે? સમજાય છે? ગુપ્ત ચૈતન્ય ચમત્કારનું સૃષ્ટિને લક્ષ નથી. એવો એક શબ્દ મૂક્યો છે. સમજાણું કાંઈ? સાત વર્ષે તો જાતિસ્મરણ થયું હતું. ૩૩ વર્ષે ગુજરી ગયા. છેલ્લી સ્થિતિનું આ છે. જીર્ણ સંગ્રહણીનું દર્દ થયેલું. સંગ્રહણી. આમ તો બહારમાં લાખોના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મોતીના વેપાર હતા, બાયડી-છોકરા હતા બહારથી. અંદરમાં કાંઈ નહોતું. અંદરમાં તો આત્મા આનંદ અને જ્ઞાનમૂર્તિ. જેમ નાળિયેરમાં ગોળો છૂટો એમ જ્ઞાનીને છૂટો ગોળો ભાસે. રાગથી ભિન્ન. શરીર તો ક્યાંય રહી ગયું. બહાર તો બાયડી-છોકરા ક્યાંય રહી ગયા.

એવું જે આત્માનું અંદર ભાન થઈને શ્રદ્ધા થવી તેને સમ્યગ્દર્શન કહે છે. એની સાથે આ નવ તત્ત્વની શ્રદ્ધા હોય તો તેને વ્યવહાર શ્રદ્ધા, પુણ્ય પરિણામ કહે છે. અને આ શ્રદ્ધા ન હોય તો એકલા નવ તત્ત્વની શ્રદ્ધા તે શુભભાવ સહિત મિથ્યાદષ્ટિનો શુભભાવ છે. આહાહા..! સમજાય છે કાંઈ? ઓલો સમ્યગ્દષ્ટિનો શુભભાવ છે. સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા અનંત ચૈતન્ય સ્વભાવનું પૂર પોતે છે એવી અંતરમાં અનુભવમાં પ્રતીતિ (થવી) એ સમ્યગ્દર્શન અને એનું જ્ઞાન એ સમ્યગ્જ્ઞાન. એની સાથે શાસ્ત્રનું જ્ઞાન એ પુણ્ય પરિણામનું જ્ઞાન, પુણ્ય પરિણામ અને નવ તત્ત્વની શ્રદ્ધા એ શુભ રાગરૂપી બંધન ભાવનો શુભભાવ છે. અજ્ઞાનીને આત્મા જ્યાં પત્તો નથી આત્મા કેવડો અને કેમ છે એનું જ્ઞાન જ નથી, એને શાસ્ત્રનું જ્ઞાન તે બધું અજ્ઞાન છે. અજ્ઞાન સાથે શુભભાવ છે. સમજાણું કાંઈ? શેઠી! કેમ થઈ ગયું આમ?

મુમુક્ષુ :- કેવળજ્ઞાનીના વચન છે.

ઉત્તર :- વચન છે તો શું છે? પર છે. એ પર તરફનું લક્ષ છે. જ્ઞાન પર નિમિત્તને લક્ષે પોતાની ઉપાદાન પર્યાયમાં ઉત્પન્ન થાય છે. તે જ્ઞાન યથાર્થ જ્ઞાન નથી. તે ઈન્દ્રિય જ્ઞાન છે. અરે.. ભગવાન! આ તો બહુ જૂના માણસ છે. ગર્ભ દિગંબર કહેવાય એ. ગર્ભ શ્રીમંત કહેવાયને માણસ? એને પણ ખબર નથી. એમ કહું છું.

મુમુક્ષુ :- એમ કહીને શું આપને કહેવું છે?

ઉત્તર :- ભાઈ! આ વસ્તુ એવી છે. સર્વજ્ઞે કહી છે એ તો બરાબર છે પણ એવી વસ્તુ છે ત્યારે કહી છે પ્રભુએ. ભાઈ! આ શાસ્ત્રજ્ઞાન અને નવ તત્ત્વની શ્રદ્ધા એ શુભભાવ છે. જો આત્માનું દર્શન અને જ્ઞાન હોય તો તે શુભભાવ પુણ્યવાળો ભાવ છે એકલો. અહીં શુદ્ધતા છે, સમ્યગ્દર્શન-જ્ઞાન છે, અહીં શુભભાવ છે. અને જેને આત્મદર્શન અને જ્ઞાનનું ભાન નથી એને જે શાસ્ત્રજ્ઞાન છે, નવ તત્ત્વની શ્રદ્ધા છે એને એ મિથ્યાજ્ઞાન, મિથ્યાશ્રદ્ધા સહિતનો શુભભાવ છે. કહો, શેઠી! આહાહા..! સમજાણું કાંઈ? અને જેને સર્વજ્ઞે કહેલા શાસ્ત્રના જ્ઞાન વિનાના અજ્ઞાનીઓનું જ્ઞાન છે એને તો મિથ્યાત્વ સહિત એને જરી શુભભાવ હોય થોડો પણ એ બધું પાપ જ છે ખરેખર. આહાહા..! સમજાણું કાંઈ? ભારે વાતું આકરી.

'**તથા છ કાયના જીવોની રક્ષા-...**' છ કાય ભગવાને જોયેલા અનંતા આત્માઓ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે. અનંત એક નિગોદમાં આત્મા છે, અનંતા અનંતા લીલ-ફૂગમાં આત્મા (છે). કાઈ. એવા અનંત આત્મા એકેન્દ્રિયમાં એક શરીરમાં અનંતા. બીજા પ્રત્યેકમાં એક શરીરમાં એક, એવા અનંત અનંત જીવોની અને ત્રસની પણ દયાના ભાવ છે. દયાના ભાવ છે એ શુભભાવ છે. જેને આત્માનું દર્શન અને જ્ઞાન નથી એને એ શુભભાવ અચારિત્ર મિથ્યાચારિત્રમાં જાય છે. સમજાણું કાંઈ? જેને આત્મદર્શનપૂર્વક ચારિત્ર સ્વરૂપમાં સ્થિરતા થઈ છે એને એ છ કાયની દયાના ભાવ શુભ પરિણામમાં જાય છે, શુભભાવમાં. સમજાણું કાંઈ? ઓહો..! છતો જીવ, છ કાયના. છ કાય. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયરો, વનસ્પતિ અને ત્રસ એ છ કાય છે. સમજ્યા? શેઠ! તારણસ્વામીમાં બધું ઘણું આવે છે પણ કોઈ દિ' વાંચવું છે કે દિ'? એમાં ઘણી વાત આવે છે. જ્ઞાન સમ્મુચયમાં અને શ્રાવક આચારંગમાં બહુ આવે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની જેને સાચી શ્રદ્ધા નથી. ખોટા છે એ તો નિગોદગામી છે એમ જ કહે છે એ તો. પાધરા નિગોદ જાશે. ફડાક દઈને. સમજાણું કાંઈ?

અહીં પણ આત્માના દર્શન અને જ્ઞાન વિનાનો જે કાંઈ ભાવ છે એ પણ મિથ્યાત્વ સહિત છે, તે પણ જાવ નિગોદ ગચ્છઈ. શાસ્ત્રમાં બહુ આવે છે ત્યાં. એની પણ ખબર ન મળે એય.. શોભાલાલજી! તમારા ઘરની વાતની તમને ખબર ન મળે. પોકાર બહુ કર્યો છે એમણે જ્યાં હોય ત્યાં કે હું જૈન.. જૈન... જૈન. તારણસ્વામી.. જૈન છું... હું જૈન છું... હું જૈન છું.. પોકાર કર્યો છે. કો'ક એને ઓલો નિશ્ચયવાળી વાત કહે, કો'કને વેદાંતી લઈ જાય, કો'ક ક્યાંક લઈ જાય. એમાં બહુ આવે છે. વાંચનારને ખબર ન મળે. નિવૃત્તિ ન મળે અને ખબર કાંઈ ન મળે.

અહીં તો પરમેશ્વરે કહેલો જે ચારિત્રનો ભાવ-આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપનું ભાન અને અનુભવ એમાં ઠરવું. એવી ચારિત્રની દશા તેને ચારિત્ર કહે છે. એવું જ્યાં ચારિત્ર નથી અને છ કાયના જીવની દયાનો ભાવ છે. કાં તો મિથ્યાત્વ સહિતનો શુભભાવ છે. અને જ્યાં આ ચારિત્ર છે તો એને છ કાયની દયાનો ભાવ હોય ત્યાં શુભભાવ છે. કહો, શેઠી! કેટલા પલાખા યાદ રાખવા આમાં? આહાહા..!

**'ચારિત્ર નથી હોતાં, તેથી વ્યવહારનય તો નિષેધ્ય છે;...'** શાસ્ત્ર જ્ઞાન, નવ તત્ત્વની શ્રદ્ધા, છ કાયના એકેન્દ્રિયના ભાવ દયાના હોં! એ અનંતા નિગોદના જીવ માનીને એની દયાનો ભાવ. આહાહા..! બટાટા, શક્કરકંદ, આલુ એમાં અનંતા જીવ છે. એમ માની અને એની દયા પાળવાનો ભાવ એ પણ એકલો શુભભાવ છે. એનો અહીં નિષેધ કર્યો છે કે તે ચારિત્ર નથી, તે ધર્મ નથી. રામસ્વરૂપજી! આહાહા..!

મુમુક્ષુ :- ધર્મ ..

ઉત્તર :- નથી થતો. એ અહીં સિદ્ધ કરવું છે.

ધર્મ તો આત્મા-ધર્મી-અનંત અનંત જ્ઞાનનો આખો પુંજ પ્રભુ, સમજાણું? ઉકેલ કરવાનું કોકડું આખું. કોકડું સમજો છો? આ દોરાના નથી (હોતા)? રીલ. મોટી રીલ હોય. અને ત્યાંથી આમ તાણીને કોકડું બનાવે. રૂનું બનાવે છે ને? આ રૂની દોરી-દોરી. શું કહેવાય રેંટિયો કરીને કોકડું નથી બનાવતા દોરાનું? આમ પહેલું જાડું પછી થોડું... થોડું... થોડું... આમ કરીને. એ કોકડું કહે. તમારે શું કહેતા હશે? શી ખબર પડે, તમારી ભાષામાં.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા એ .. એ વણે પણ આ તો મોટી આવડી થાય ને રેંટિયા ઉપર. રૂનું કરીને કરતા. એ કોકડામાંથી દોરી નીકળે આમ દોરી. એમ આત્મા કેવળજ્ઞાનનું કોકડું છે. એમાંથી કેવળજ્ઞાનનો તાણો નીકળે છે. તાણો સમજો છો ને? ઓલો દોરો હોય ને. લાંબો દોરો નીકળે. મોટા કોકડા હતા અહીંયાં અમે ગયા હતાને ભાઈ? ઉજ્જૈન.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ. એ. આ શેઠની મીલમાં ગયા હતા. ત્રણ કરોડનું નવું મીલ લીધું છે. ભાઈ લાલચંદ શેઠ ગુજરી ગયા. આવ્યા હતા. એ ત્યાં ગયા હતા લઈ ગયા. ત્રણ કરોડનું એક. બીજા બે મીલ જુદા હતા. ત્યાં ગયા હતા. વગર માણસ. માણસ નહિ. એકાદ માણસ ક્યાંક ઊભો હોય. અહીં રૂ નાખે એવું ત્યાં કપડું નીકળી જાય તૈયાર થઈને. કોકડા આવડા આવડા મોટા હતા. એમાંથી દોરો-દોરો ફટ ફટ ફટ નીકળે. આમથી દોરો આવે આમ થઈને આમ નીકળી જાય. આમથી વીંટાતો જાય અને આમથી નીકળતો જાય. એમ ને એમ કપડું થાય. એ કહે, હિન્દુસ્તાનમાં પહેલું અમારે આ છે. મરી ગયો, લ્યો! ધૂળમાં. કોકડા રહી ગયા ત્યાં. આમ એક સાથે ભાઈ કોકડા હતા. ખબર છે ને? કોકડા. એક સાથે સેંકડો આમ કોકડા. એવી સાંકળ સંચો હોં કુદરતી! આખા હિન્દુસ્તાનમાં પહેલો છે આ. વિલાયતમાંથી.. આમ એક સાથે કોકડા. સેંકડોની હાર હતી. આમથી દોરો થતો આવે, આમથી દોરો નીકળતો જાય. આમ કપડું થાતું જાય. એક માણસ (હોય). ક્યાંક દોરો તૂટે તો સંચો બંધ થઈ જાય. દોરો જો તૂટ્યો ક્યાંક તો સંચો બંધ થઈ જાય. એટલે એક માણસને ઊભા રહેવું પડે. એક દોરો સાંધવા. પાછુ શરૂ થઈ જાય. એ કોકડું અંદરમાંથી છે એમાંથી નીકળે છે, કહે છે. ભાષા તમારી હશે. ભાષાની તમને ખબર નથી? તમે વકીલ છો ને હુશિયાર માણસ. ન ખબર હોય. સંસારની ભાષા એવી ન આવડતી હોય. વાત ઈ. .. ગયા હોય તો ખબર પડે.

મુમુક્ષુ :- ...

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- પુણી-પુણીમાંથી. ના પુણી નહિ. પુણીમાંથી દોરી વીંટાઈને નીકળે છે ને. વીંટાઈ છે ને દોરી? લોઢાના સરિયા ઉપર આ વીંટાઈ છે ને? લોઢાનો સરિયો હોય ને? એવા આ કેવળજ્ઞાનના સરિયા અંદરથી દોરા નીકળે એવો આત્મા અનંત કેવળજ્ઞાનનો દોરો નીકળે એવો કોકડું છે. ક્યાં એની એને ખબર જ કે દિ' છે? કહો, સમજાણું કાંઈ?

કહે છે કે આવો ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય પ્રભુ, એની અંતર શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર નથી એને આ વ્યવહાર એકલો પુણ્યબંધનું કારણ છે. અને હોય તો એ વ્યવહાર છે, માટે વ્યવહારનય નિષેધ છે. આ નિશ્ચયનું દર્શન-જ્ઞાન-ચારિત્ર હોય છતાં પરાશ્રિત ભાવ છે વ્યવહાર એ બંધનું કારણ છે. આત્માર્થીને એ હેયબુદ્ધિએ વર્તે છે. સમજાણું કાંઈ?

**'તેથી વ્યવહારનય તો નિષેધ્ય છે; અને શુદ્ધાત્મા હોય...'** ભગવાન આત્મા શુદ્ધ સ્વરૂપ જ્યાં અંતર દૃષ્ટિમાં લીધો ત્યાં તો સમ્યગ્દર્શન હોય જ. શુદ્ધાત્મા જ્યાં જ્ઞાનમાં લીધો તેને સમ્યગ્જ્ઞાન હોય જ અને સ્વરૂપમાં ઠર્યો એનો આશ્રય લીધો આત્માનો ત્યાં ચારિત્ર હોય જ. સમજાણું કાંઈ? આહાહા..! એ આઠ આઠ વર્ષના બાળકો આત્માજ્ઞાન પામી, કેવળજ્ઞાન પામીને મોક્ષ જાય છે. અને ૬૦-૬૦ વર્ષના માણસને સમજાવું કેટલું મુશ્કેલ પાર ન મળે, કાંઈ ખબર ન મળે. એય..! શેઠી! ઓલા આઠ વર્ષના હોં રાજકુમાર. આમ સાંભળેને આ જ્યાં અંદર રુચિ દૃષ્ટિ પેઠી. હે મા! મને ક્યાંય રુચિ નથી, મને ગમતું નથી. હું હવે સ્વરૂપમાં ઠરવા જંગલમાં ચાલ્યો જાવ છું. આમ રતનના મહેલ હોય હોં! મૃગા.. આવે છે ને મૃગાપુત્રનું. આહાહા..! એ તો અન્યમતિમાં આવે છે હોં! ઓલું આવે છે ને શું કહેવાય? ઓલો રોવે છે, .. એની મા. ગોપીચંદ. 'ગોપીચંદ લ..'

એક ગોપીચંદ રાજકુમાર હતો. બહુ સુંદર શરીર. ગોપીચંદ નહાતો હતો. એમાં એની મા. એનો બાપ મરી ગયો. એની મા પાળતી હતી. આમ જોયું. એમાં એના બાપ યાદ આવી ગયા. આહાહા..! આવું શરીર એના બાપનું હતું. અરે..! આ છોકરા .. એની આંખમાંથી આંસુ નીકળ્યા. એ પડ્યું એમાં. ગરમ લાગ્યું. આ શું? અત્યારે અહીં વરસાદ નથી. આમ જોવે છે તો માતા. માતા! પણ બિંદુ ક્યાંથી આવ્યું? દીકરા! તને દેખીને મને આંસુ આવ્યા. તારો બાપ યાદ આવ્યો. આ રાજમાં તારો બાપ આમ જ હતો. .. તારું શું થશે? એમાં મને રુદન આવ્યું. એ વખતે આ .. છે. મા! બસ, છોડી દે. મારો આત્મા છે એને સાધીશ. એ તો લૌકિક હતો મિથ્યાદૃષ્ટિ. પણ એને એ જાતનો વૈરાગ્ય. આ તો રાજકુમાર ચૈતન્યના સાધનારા. સમજાય છે?

જુઓને! ભરતના નથી આવતા? ૧૦૮ પુત્ર આવે છે. શું નામ કીધું? ભૂલી ગયા નામ. કીર્તિ કેવા? રવિકીર્તિ. રવિકીર્તિ આદિ ૧૦૮ રાજકુમાર હોં. સોનાની દડીએ રેતીમાં આમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રમતા હતા. એમાં ભગવાન ઋષભદેવની પાસે એનો જે.. ભરત ચક્રવર્તીનો જે સેનાપતિ છે. જયકુમાર. જયકુમાર અબજો મનુષ્યોનો પતિ. એનો સેનાપતિ. પૂર્વના સંસ્કાર હતા. એને જાતિસ્મરણ થઈ ગયેલું. એની વહુને જાતિસ્મરણ થઈ ગયેલું. કેવી સ્ત્રી? સુલોચના. સુલોચના. એને જાતિસ્મરણ થઈ ગયેલું. દીક્ષીત થઈ ગયા. નગ્ન મુનિ દિગંબર. આત્માના આનંદમાં સાધનારા. એવું સાંભળ્યું.. ઓલા સાંભળ્યું. ઓલા રમતા હતા કે તમારા જયકુમાર દીક્ષિત થયા ભગવાન પાસે. ઓહો..! ભગવાન કરોને પરમેશ્વર ... ચાલી નીકળ્યા. ૧૦૮ ત્યાં .. ગયા. સમવસરણમાં જઈને. રવિકુમાર. ૧૮-૧૮ વર્ષના હોં! ૧૮-૧૮. મણિરત્નની પૂતળીઓ. બાપા! અમારો આત્મા સર્વજ્ઞ પરમેશ્વરે જોયો એવો અમારો આત્મા. એનું ભાન થઈને ઠરવા હવે માગીએ છીએ. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, એ '**શુદ્ધાત્મા હોય ત્યાં જ્ઞાન, દર્શન, ચારિત્ર હોય જ છે,...**' એટલે શું કહ્યું? શુદ્ધાત્મા તો છે જ. પણ જેણે શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રમાં શુદ્ધાત્માનો આશ્રય લીધો છે. સમજાણું કાંઈ? શુદ્ધાત્મા તો છે. એ તો ત્રિકાળી છે. બધાનો આત્મા શુદ્ધાત્મા જ છે. પણ પર્યાયમાં એ શુદ્ધાત્માનો આશ્રય લીધો ત્યારે કહે છે કે શુદ્ધાત્મા હોય ત્યાં જ્ઞાન, દર્શન, ચારિત્ર હોય છે. શ્રદ્ધા, જ્ઞાનમાં સ્થિરતામાં એ શુદ્ધાત્મા આવ્યો છે. આહાહા..! શું આ તે પણ વાત! ભગવાન પૂર્ણાનંદનો નાથ આત્મા, જેની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિમાં એ આવ્યો છે. એટલે શુદ્ધાત્મા હોય ત્યાં દર્શન-જ્ઞાન-ચારિત્ર (હોય). એમ. સમજાણું કાંઈ? અને જ્યાં પરાશ્રય ભાવ આ હોય છે ત્યાં એ સાચું દર્શન-જ્ઞાન-ચારિત્ર હોતું નથી.

'**તેથી નિશ્ચયનય વ્યવહારનો નિષેધક છે.**' વ્યવહાર પુણ્યના પરિણામરૂપ છે એ નિષેધ કરવા લાયક છે. કેમ કે પરાશ્રય છે, બંધનું કારણ છે. ભગવાન આત્માને આશ્રયે જે દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય એ વ્યવહારનો પ્રતિષેધક છે-નિષેધ કરનાર છે અને આ નિષેધ થવાને લાયક છે. '**માટે શુદ્ધનય ઉપાદેય કહ્યો છે.**' દેખો! માટે શુદ્ધનય ઉપાદેય કહ્યો છે. સરવાળો. શુદ્ધનય એટલે ત્રિકાળી જ્ઞાયકભાવ તે શુદ્ધનય. એને આદરણીય કહ્યો છે. એ સિવાય આદરવા જેવું કાંઈ છે નહિ. અંતર દૃષ્ટિમાં એ આદરવા જેવું છે. કહો, સમજાય છે કાંઈ?

'**હવે આગળના કથનની સૂચનાનું કાવ્ય કહે છે :-**' હવે તકરારી ગાથા આવે છે. ૨૭૮-૨૭૯. પહેલો કળશ છે. કહેવાનું છે એનો આ કળશ છે.

**रागादयो बन्धनिदानमुक्ता-**
**स्ते शुद्धचिन्मात्रमहोऽतिरिक्ताः।**
**आत्मा परो वा किमु तन्निमित्त-**
**मिति प्रणुन्नाः पुनरेवमाहुः।।१७४।।**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કુંદકુંદાચાર્યને શિષ્ય પૂછે છે. ગ્રંથકર્તા, શાસ્ત્રકર્તા કુંદકુંદાચાર્ય છે એને શિષ્ય પૂછે છે, પ્રભુ! મને શંકા થાય છે. શું?

'**શ્લોકાર્થ :- આપે રાગાદિકને બંધના કારણ કહ્યા...**' છે ને અર્થ? રાગ, પુણ્ય, પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ એને બંધના કારણ કહ્યા. '**અને વળી તેમને શુદ્ધચૈતન્યમાત્ર જ્યોતિથી (અર્થાત્ આત્માથી) ભિન્ન કહ્યા;...**' બે વાત શી રીતે? આ શું કહેવું છે તમારે? એક કોર કહો છો કે પુણ્ય અને પાપના વિકલ્પો ઉઠે છે એ બંધનું કારણ છે. એક બાજુ કહો છો કે ચૈતન્ય શુદ્ધથી વિકાર ભિન્ન છે. ત્યારે કોને બંધ પડ્યો અને આ વિકાર કોનામાંથી ઉત્પન્ન થયો? એનો ઉત્પાદ કરનાર કોણ ત્યારે? રાગાદિ, પુણ્ય વિકલ્પ છે છ કાયની દયાનો ભાવ, નવ તત્ત્વની શ્રદ્ધા, આ શાસ્ત્ર જ્ઞાન વગેરે. એને તમે રાગ કહ્યો અને એ બંધનું કારણ કહ્યું. આમ પ્રશ્ન ઉઠ્યો છે અત્યારે. સમજાણું? અને વળી એક બાજુ શુદ્ધ ચૈતન્યથી રાગ જુદો છે એમ કહ્યું. આમાં મેળ શી રીતે? રાગની ઉત્પત્તિનું ઉત્પાદક કોણ છે ત્યારે? સમજાણું કાંઈ?

પ્રશ્ન સમજો બરાબર. શિષ્યનો પ્રશ્ન કેટલો ગંભીર છે. રાગાદિ તો બંધનું કારણ કહ્યું. તમે શુભભાવ, છ કાયની દયાનો ભાવ, શાસ્ત્રનું જ્ઞાન, નવ તત્ત્વની શ્રદ્ધા એવો રાગ એ તો બંધનું કારણ તમે કહો છો. વળી એક બાજુ કહો છો કે એ રાગ ચૈતન્ય શુદ્ધથી ભિન્ન છે, પરભાવ છે. ચૈતન્ય જ્ઞાન આનંદમૂર્તિ પ્રભુ એનાથી વિકારભાવ પુણ્ય ભિન્ન છે. '**ત્યારે તે રાગાદિકનું નિમિત્ત આત્મા છે કે બીજું કોઈ?**' તો એ વિકારનો ઉત્પાદક તે આત્મા છે કે વિકારનો ઉત્પાદક તે કોઈ પર કરાવે છે?

મુમુક્ષુ :- અહીં તો પર કરાવે છે.

ઉત્તર :- પર કરાવે છે નહિ, એ કહેશે. શેઠી! એ પરને લક્ષે થાય છે વિકાર. દ્રવ્યના સ્વભાવમાંથી થતો નથી. એમ કહે છે. બહુ વાત તો ભાઈ આ તો મૂળ વાત છે અધ્યાત્મની એટલે... જુઓ! આ ગાથાઓની મોટી તકરાર છે. હમણાં એમ કહેશે આમાંથી. જુઓ! આમાં આવ્યું, પરદ્રવ્યથી વિકાર થાય, આત્મા કારણ નિમિત્ત નથી. અહીં નિમિત્ત આવ્યું ને? રાગાદિનું નિમિત્ત આત્મા છે કે બીજું કોઈ? પ્રશ્ન એમ છે નિમિત્ત. એટલે ઓલાને પકડ્યું જુઓ! રાગાદિનું આત્મા નિમિત્ત નથી, રાગાદિનું કારણ પરદ્રવ્ય છે, પરદ્રવ્યને કારણે રાગ થાય છે. આ આમાં લખ્યું. માટે રાગનું કારણ આત્મા નથી. એમ નથી સાંભળ તો ખરો. સમજાણું કાંઈ? આહાહા..!

'**એવા (શિષ્યના) પ્રશ્નથી પ્રેરિત થયા થકા આચાર્ય ભગવાન...**' કુંદકુંદાચાર્યદેવ '**ફરીને આમ (નીચે પ્રમાણે) કહે છે.**' '**पुनरेवमाहुः**' ફરીને કહે છે. એમ કે કહેવાઈ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

તો ગયેલું છે પણ ફરીને વિશેષ કહે છે. પ્રશ્નમાં સમજાય છે? તમે કહો છો કે રાગ, દયા, દાન, વ્રતાદિના વિકલ્પો વ્યવહાર તે બંધનું કારણ અને વળી કહો છો કે શુદ્ધ ચૈતન્યથી રાગ ભિન્ન છે. તો હવે રાગ આવ્યો ક્યાંથી? પુણ્ય, પાપ, રાગ, વિકલ્પ, ઉપાધિનો વિકારભાવ એ આવ્યો ક્યાંથી? શુદ્ધ ચૈતન્યમાં નથી. અને એને તમે બંધનું કારણ કહો છો. આત્મામાં નથી અને આ બંધનું કારણ વળી થયું ક્યાંથી? સમજાણું કાંઈ? એનો ઉત્તર આપે છે લ્યો.

**'ઉપરના પ્રશ્નના ઉત્તરરૂપે આચાર્ય ભગવાન ગાથા કહે છે :-'**

**जह फलिहमणी सुद्धो ण सयं परिणमदि रागमादीहिं।**
**रंगिज्जदि अण्णेहिं दु सो रत्तादीहिं दव्वेहिं।।२७८।।**
**एवं णाणी सुद्धो ण सयं परिणमदि रागमादीहिं।**
**राइज्जदि अण्णेहिं दु सो रागादीहिं दोसेहिं।।२७९।।**

નીચે હરિગીત.

**જ્યમ સ્ફટિકમણિ છે શુદ્ધ, રક્તરૂપે સ્વયં નહિ પરિણમે,**
**પણ અન્ય જે રક્તાદિ દ્રવ્યો તે વડે રાતો બને; ૨૭૮.**
**ત્યમ 'જ્ઞાની' પણ છે શુદ્ધ, રાગરૂપે સ્વયં નહિ પરિણમે,**
**પણ અન્ય જે રાગાદિ દોષો તે વડે રાગી બને. ૨૭૯.**

જ્ઞાની એટલે આત્મા. (સંવત) ૨૦૦૬ની સાલમાં રાતે પ્રશ્ન મોટો ઉઠ્યો હતો આ. આ ગાથા. હિંમતભાઈની બનાવેલી છે આ.

મુમુક્ષુ :- શું બનાવેલી છે?

ઉત્તર :- આ ગાથા. જુઓને. બોલ્યા હતા નહિ? દેસાઈ! હતા કે નહિ તમે? મોટી સભા. ૨૦૦૬ સાલ. ૧૭ વર્ષ થયા. મંદિર થયું ને મંદિર? છઠ્ઠી સાલમાં.

**જ્યમ સ્ફટિકમણિ છે શુદ્ધ, રક્તરૂપે સ્વયં નહિ પરિણમે,**

ભાષા તો તમારી હતી આ બધી.

**પણ અન્ય જે રક્તાદિ દ્રવ્યો તે વડે રાતો બને; ૨૭૮.**
**ત્યમ 'જ્ઞાની' પણ છે શુદ્ધ, રાગરૂપે સ્વયં નહિ પરિણમે,**

રાગ શબ્દે વિકાર બધા હોં. એનું વજન અહીં હતું.

**પણ અન્ય જે રાગાદિ દોષો તે વડે રાગી બને. ૨૭૯.**

કર્મ વડે આત્મા વિકારી થાય. આ તમે આમાં લખ્યું, લ્યો. એય.. જેઠાલાલભાઈ!

મુમુક્ષુ :- ચોખ્ખી વાત છે.

ઉત્તર :- ચોખ્ખી વાત નથી. ગોટાવાળી વાત છે. બીજી ચોખ્ખી છે. સાંભળ તો ખરો.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહો, અમરચંદભાઈ! જુઓ! મોટો આમાં વાંધો છે આખો. ત્યાં પણ આ ગાથા મૂકાણી છે. શું કહેવાય? રેકોર્ડ. છે આમાં કે નહિ? નહિ હોય. આમાં નહિ હોય. ત્યાંથી છપાણી છે ને રેકોર્ડ મધુર વનમાંથી. સમજાણું? આમાં હશે. છપાણી છે ને ફાગણ સુદની રેકર્ડ છપાણી છે. આમાં નથી. બીજામાં હશે. ક્યાંક હશે. છે. એમાં જ છે લ્યો. પૂજ્ય શ્રી વર્ણીજીકા પ્રવચન. ટેપ રેકોર્ડીંગ. એમાં બે ગાથા આવી. સમજ્યા?

મુમુક્ષુ :- અંધારાનો દિવસ છે.

ઉત્તર :- હા, ફાગણ સુદ. જુઓ! એ ગાથા મૂકી.

**जह फलिहमणी सुद्धो ण सयं परिणमदि रागमादीहिं।**
**रंगिज्जदि अण्णेहिं दु सो रत्तादीहिं दव्वेहिं।।२७८।।**

આ શ્લોક. એમાં શું લખ્યું છે? કે આ વિકાર તો પરદ્રવ્યથી જ થાય. એમ એમાં લખ્યું છે. શોભાલાલજી! અહીં એમ નથી એનો અર્થ. એમાં તો લખ્યું છે. પણ તમને તો ક્યાં વાંચવું નથી, વિચારવું નથી. શેઠને કહું છું. આવી છે ચોપડી તમારી પાસે? નહિ આવી હોય. લે નહિ આવે તોપણ. હજાર-બે હજાર છપાવી હતી. બાબુલાલ છે ને ઓલો બાબુલાલ જૈન, કલકત્તા. પ્રથમ આવૃત્તિ-૨૦૦૦, દ્વિતિય આવૃત્તિ-૨૦૦૦, ૧૫-૪-૫૭ કેટલા વર્ષ થયા? ૧૦. ૧૦ થયા. ૧૩ની સાલ. ૧૩માં પહેલા અમે ગયા હતા ને. ચર્ચા થઈ હતી ને પહેલી? એના પછીની છે. તરતની છે, તરતની છે.

મુમુક્ષુ :- પંડિતોએ...

ઉત્તર :- આ એની છે પંડિતની. એ પંડિત એની પોતાની માન્યતા એવી હતી. પંડિતો શું કરાવે? શેઠ બચાવ કરે છે જરી.

મુમુક્ષુ :- એ પંડિતોએ ભેગા થઈને એને ભોળવી લીધા.

ઉત્તર :- ભોળવે તો ભોળવે તો મફતના ભોળવાતા હશે? એને બેઠું હશે માટે ભોળવાણા છે.

મુમુક્ષુ :- એમ નહિ પંડિતો ખુશી થાય માટે ભોળવાણા.

ઉત્તર :- ના ના બિલકુલ ખુશી થાય કોકને, તારી મા ગઈ હતી, વિધવા હતી તો ફલાણા સાથે ગઈ હતી. તો ખુશી થાતો હશે બોલીને? બીજાએ એને ભોળવ્યો માટે કહે છે એમ હશે? એય..! માન્યતા એ હતી. એટલે આ બધા લખાણ છે.

મુમુક્ષુ :- બધાએ ભેગા થઈને એને ઘેર્યા તો શું કરે?

ઉત્તર :- પંડિતો શું કરે?

મુમુક્ષુ :- આપણે તો ચોખ્ખી બધી વાત કરી હતી.

ઉત્તર :- આપણે તો ચોખ્ખી કરી હતી. ત્યાં કરી હતી અંદર. પંડિતો બધા બેઠા હતા.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ફૂલંચદજી હતા, ભાઈ સમજ્યાને? બંસીધરજી હતા, વર્ણીજી હતા, અમારા બધા હતા. રામજીભાઈ હતા, વલ્લભભાઈ હતા. તમે હતા? ઓરડામાં હોં. કમરામાં. વિકાર છે તે નિશ્ચયથી નિરપેક્ષ આત્માથી થાય છે. ચોખ્ખી વાત મૂકી હતી ૧૩ની સાલ. એ આપણે વ્યાખ્યાનમાં આવતા હતા ને. ... સામે રૂમ હતો મોટો. ચોખ્ખી વાત કરી હતી. બધા બેઠા હતા. પંચાસ્તિકાયની ૬૨મી ગાથા. શાસ્ત્ર આધાર જોઈતો હોય તો.

નિશ્ચયથી આત્મા પોતાની વર્તમાન દશામાં મિથ્યાત્વ, રાગ-દ્વેષના વિકારો પોતે કરે છે, પોતાનું કાર્ય છે, પોતાના સાધનથી કરે છે, પોતે કરીને રાખે છે, પોતાને આધારે કરીને, પોતે બદલીને પોતે થાય છે. ષટ્કારકો વિકારના નિશ્ચયથી આત્મા પોતાથી કરે છે. કર્મથી કહેવું એ નિમિત્ત અને વ્યવહારની ભાષા છે. બધું કહ્યું હતું તે દિ'. બધા બેઠા હતા ને કહ્યું હતું. પછી આ ઊંધું લખાણું. નહિ, એમ નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લે જુઓ હજી. પણ આ રેકોર્ડિંગના શબ્દો છે ને. તે માટે તો આ બતાવ્યું. છે જુઓ. ટેપ રેકોર્ડીંગમાં પ્રવચન. પૂજ્ય વર્ણીજીનું પ્રવચન ટેપ રેકોર્ડીંગમાં. ટેપ રેકોર્ડીંગ થઈ ગયું. તમે મફતમાં માની જાવ એમ નથી ત્યાં કાંઈ. નહિતર તો કાઢી નાખે. આ ગાથા મૂકીને.. એમાં કાઢી નાખ્યું. હવે ગાથાનો અર્થ સાંભળો. સમજાય છે? શેઠી!

અહીં તો ભાઈ એવું. એ પાછી વાત થઈ હતી કલકત્તા. ભાઈ ઉપર શાહૂજી ઉપર. પૂછો, વિકાર આત્મામાં રાગ-દ્વેષ થાય છે એ શેનાથી થાય છે? ભાઈ ગજરાજજીને ત્યાં આહાર હતો. ગજરાજજી છે ને? એને ત્યાં આહાર હતો. ત્યાં આહાર કરીને બેઠા હતા ત્યાં શેઠ આવ્યા શાહૂજી. લાંબા કાગળ લઈને. આમાં આના ઉત્તર થઈ ગયા છે બધાના. ઉઠો. શાહૂજી આવ્યા છે. શાહૂજી હોય તો અમારે શું છે અહીં. ગજરાજજીને ત્યાં આહાર હતો મેડી ઉપર. શાહૂજી આ બધા પ્રશ્ન લઈને આવ્યા. મેં કીધું, ઉત્તર ત્યાં થઈ ગયા છે.

વિકાર પોતાથી આત્મા કરે નિશ્ચયથી તો પોતાથી થાય છે. કર્મથી નહિ એ દાંડી પીટીને કહેવાણું છે અને એ વાત ત્રિકાળ રહેશે. સમજાણું કાંઈ? વિકાર તે પર કરાવતો હશે? નમાલો છો? શેઠી! વિકાર તું કરે છો. પરના સંગમાં તું જઈને તું કરે છો. તને કોઈ કરાવતું નથી. કોઈ કરાવે તો એ ટળે ત્યારે ટળે. એટલે તારા હાથમાં તો કાંઈ રહે નહિ. એમ નથી. મોટો ગોટો છે આનો આખો. (સંવત) ૧૯૭૧ની સાલનો ગોટો છે. ૭૧થી. બધા સામે આ ગોટો છે. અહીં પણ નીકળ્યો એ ગોટો. સ્થાનકવાસીમાં વિરોધ, દેરાવાસીમાં વિરોધ અને આ દિગંબરમાં પણ એ નીકળ્યું છે. વિકાર કર્મથી થાય. ત્રણ કાળમાં ન થાય.

ભગવાન આત્મા પોતાની પર્યાયમાં ભૂલીને કે અસ્થિરતાથી વિકાર પોતે કરે છે. પોતે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કરે અને પોતે ટાળે. કોઈ કરાવનાર બીજો નથી અને ટાળનાર બીજો નથી. વસ્તુની એવી સ્થિતિ નક્કી નહિ કરે તો ભ્રમણામાં પડશે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પર કરાવે એવો વસ્તુનો સ્વભાવ છે, એમ લખ્યું છે.

ઉત્તર :- વસ્તુનો સ્વભાવ એ છે કે દ્રવ્ય સ્વભાવથી ન થાય, પરના સંગથી થાય એવો વસ્તુનો સ્વભાવ છે. એમ એનો અર્થ છે. સ્વ સંગથી ન થાય.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. હવે શેઠીએ વળી બરાબર અર્થ કર્યો. પરનું લક્ષ કરે તો તું કરે છો પરના લક્ષે કાંઈ. તને કોઈ કરાવે છે એમ નથી. શેઠી! એ કહે છે, જુઓ. ટીકા છે ને?

'**ટીકા :- જેવી રીતે ખરેખર કેવળ (-એકલો) સ્ફટિકમણિ,...**' સ્ફટિકમણિનો દાખલો આપ્યો છે હોં. મૂળ પાઠમાં છે ને. એના એ બધા તમારા કહે છે ને. રામવિજયે એ કહ્યું હતું છઠ્ઠી સાલમાં ત્યાં. પાલિતાણા જાત્રા ગયા હતા ને ત્યાં.

મુમુક્ષુ :- એ એનું જાત્રાનું મુખ્ય સ્થાન, આ એની જાત્રાનું મુખ્ય સ્થાન.

ઉત્તર :- બેય.. લ્યો ઠીક. ૧૩ની સાલમાં ત્યાં થયું હતું અને છઠ્ઠી સાલમાં અહીં હતું થયું હતું. તીર્થધામમાં બેય વાત થઈ છે. તમારા રામવિજય મોટા.. વ્યાખ્યાનમાં તો અમારે ઘણું માણસ હતું.

વિકાર જીવ પોતે કરે, ઊલટો પુરુષાર્થથી તો થાય. કર્મથી રખડતો નથી, પોતાની ભૂલથી રખડે છે. એ એને કાને ગયું તો કહે, નહિ, એમ નહિ. ત્રિલોકનાથ તીર્થંકરદેવ કહે છે કે કર્મને લઈને રખડે છે જડને લઈને. બિલકુલ જૂઠી વાત છે. શેઠી! એ છઠ્ઠી સાલમાં ત્યાં ઊઠ્યું અને તેરની સાલમાં ત્યાં ઊઠ્યું. આ ૭૧ની સાલથી દામનગરથી ઉઠ્યું હતું. વિકાર પરથી થાય, પોતાથી નહિ. બિલકુલ નહિ. તો ટકા રાખો. એ તો અમારે શેઠ આવ્યા. પચાસ ટકા રાખો પુરુષાર્થના અને પચાસ ટકા કર્મના. એમ કરીને વિકાર થાય એમ રાખો. પછી એમ કહે કે ના, ના બહુ ન હોય એટલું રાખો. ૫૧ ટકા પુરુષાર્થના, ૪૯ ટકા કર્મના. ટકો-ફકો નહિ.

મુમુક્ષુ :- બેય ૫૦-૫૦ ટકા ચાલે છે.

ઉત્તર :- ૫૦ ટકા ચાલે છે હજી ચાલે છે. એ અહીં શેઠ આવ્યા હતા ત્યારે જીવંધરે કહ્યું હતું. જીવંધર પંડિત. છાપામાં આવ્યું હતું હમણાં. ૫૦ ટકા. જુઓ ગપ્પ માર્યા. કોઈને બિચારા વાડામાં પડ્યા ખબર ન મળે. સમજાણું કાંઈ? ધર્મ તો એક કોર રહ્યો પણ વિકાર કરે છે એ પોતે સ્વતંત્રપણે કરે એની પણ ખબર ન મળે. ૫૦ ટકા કર્મ કરાવે અને ૫૦ ટકા આત્મા કરે. કહો, જેઠાલાલભાઈ! ગુરુએ એમ કહ્યું હતું. ચર્ચા કરવા જતા અમે. કર્મ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

રખડાવે છે એ પહેલું માન્ય છે? પછી ચર્ચા કરીએ તમારી સાથે. એ નહિ. આ કહે, અમારે નથી. ચાલો. એમ કરીને નીકળી ગયા. .. કર્યું તોપણ. એ તો કરે જ ને. એટલું પાપ તો કરેને ભેગું. એય..! ઊંધું મારે છે ને અને .. શેનું હોય? મ.. સમજો છો? મસ્તકથી નમન. ઊંધું હોય એને નમન કેવા વળી?

અહીં તો ભગવાન આચાર્ય કહે છે, '**(-એકલો) સ્ફટિકમણિ, પોતે પરિણમનસ્વભાવવાળો હોવા છતાં,...**' પરિણમન સ્વભાવ છે ને સ્ફટિકનો. બદલવું સ્વભાવ છે આમ બદલે છે. '**પોતાને શુદ્ધસ્વભાવપણાને લીધે...**' સ્ફટિક તો શુદ્ધ સ્વભાવી ધોળો-સફેદ જ છે. સફેદ. સમજાણું? ત્યાં જોયું હતું જામનગરમાં. મોટો સ્ફટિક આવડો પત્થર હોં. ધોળો સફેદ. પછી એમાં સૂરજના રંગ હતા.

'**સ્ફટિકમણિ, પોતાને શુદ્ધસ્વભાવપણાને લીધે...**' રંગનું '**નિમિત્તપણું નહિ હોવાથી...**' રાગાદિ એટલે રંગ. રંગનું કારણપણું, ઉત્પાદકપણું, રંગનું ઉત્પાદકપણું, શુદ્ધ સ્વભાવમાં સ્વભાવને લઈને નથી. સ્ફટિક જે શુદ્ધ છે એમાંથી રંગપણું ઉત્પન્ન થાય એવો એનો સ્વભાવ નથી. રંગ, રંગ, રાગાદિ શબ્દ છે ત્યાં રંગ લેવો. રંગ આદિનું કારણપણું શુદ્ધ સ્ફટિકપણામાં નહિ હોવાથી, '**(અર્થાત્ પોતે પોતાને લાલાશ-આદિરૂપ...**' લાલ એટલે રાતો. '**પરિણમનનું નિમિત્ત...**' પોતે લાલપણે પરિણમે એવો સ્ફટિક શુદ્ધ સ્વભાવ તેનો એ ભાવ નથી.

'**પોતાની મેળે રાગાદિરૂપે...**' એટલે કે એકલો શુદ્ધ સ્ફટિક પોતાની મેળાએ નિમિત્તના સંગ વિના એકલો રંગરૂપે પરિણમે એવો સ્ફટિકનો સ્વભાવ નથી. '**પોતાની મેળે રાગાદિરૂપ પરિણમતો નથી,...**' રાગાદિ એટલે રંગ લેવો ત્યાં. લાલ, પીળો. '**પરંતુ જે પોતાની મેળે રાગાદિભાવને પામતું...**' ફૂલ આદિ. સમજાય છે? જોડે ફૂલ હોય ને રાતા, પીળા સ્ફટિકની જોડે. એ પોતે રાતા આદિ પરિણમે છે, લાલ આદિ પરિણમે છે તો એ ફૂલ. પણ તે રાગાદિભાવને પામતું નથી.

'**પોતાની મેળે રાગાદિભાવને પામતું હોવાથી...**' કોણ? ફૂલાદિ. '**સ્ફટિકમણિને રાગાદિનું નિમિત્ત થાય છે...**' જુઓ! રંગનું ઉત્પાદક કારણ એ થાય છે-નિમિત્ત. અશુદ્ધ ઉપાદાન એનું પોતાનું છે. સમજાણું કાંઈ? '**સ્ફટિકમણિ...**' એકલો કેવળ છે ને? '**પોતે પરિણમન સ્વભાવવાળો હોવા છતાં...**' શુદ્ધપણે એકલો બીજાના સંગના લક્ષ વિના, લક્ષ તો અહીં બીજાના સંગ વિના રંગપણે પરિણમતો નથી. પણ બીજો સંગ લાલ ફૂલાદિનો થાય તે કારણે પોતાની પર્યાયમાં પરદ્રવ્યના સંબંધે પરિણમે છે. સ્વદ્રવ્યના સંબંધે રાગરૂપે પરિણમવું એવો સ્ફટિકમણિનો સ્વભાવ નથી.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- બે શબ્દ છે. લાલ

ઉત્તર :- એ લાલનો અર્થ રાગ રંગ.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એ હવે. હજી આવ્યું નથી. હજી આવશે.

'**પરંતુ જે પોતાની મેળે રાગાદિભાવને પામતું હોવાથી...**' એ રાગાદિ એટલે લાલ આદિ '**સ્ફટિકમણિને રાગાદિનું નિમિત્ત થાય છે એવા પરદ્રવ્ય વડે જ,...**' એવા પરદ્રવ્ય વડે જ. કેમ કે એને પરદ્રવ્યના સંબંધ વડે જ. એમ. '**શુદ્ધસ્વભાવથી ચ્યુત થતો થકો જ,...**' પોતાના શુદ્ધ સ્વભાવથી સ્ફટિકમણિ ચ્યુત થયો થકો. '**રાગાદિરૂપે પરિણમાવાય છે;...**' જુઓ ભાષા શું છે? રંગરૂપે પરિણમાવાય છે. એનો અર્થ કે પરિણમનાર પોતે પર્યાયપણે પરિણમે છે ત્યારે ફૂલ તેને પરિણમાવે છે તેમ નિમિત્તથી કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- નિમિત્ત...

ઉત્તર :- એ કહેશે આગળ. આમાં તરત આવશે. ૮૨માં. ૮૨માં આવશે. સમજાણું? ૮૨માં આવશે. પોતાની મેળે પરિણમતો નથી અને પર વડે પરિણમાવાતો નથી. એ ગાથા આવશે. ૨૮૦માં. સમજાણું કાંઈ?

અહીં પણ એ થયું કે સ્ફટિક પોતે સ્વચ્છ સ્વભાવથી પોતે પોતાના સ્વસ્વભાવથી રંગરૂપે પરિણમવાનો દ્રવ્ય સ્વભાવ નથી. પણ ફૂલ આદિના સંગમાં-સંબંધમાં આવ્યો. લાલાદિપણે પરિણમવાની પર્યાયની એની ઉત્પાદક યોગ્યતા પોતાની છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- થોડું કઠણ પડે એવું છે.

ઉત્તર :- આમાં તો સીધી વાત છે. આમાં કાંઈ કઠણ પડે એવું નથી. એય..! અહીં ગયો, સંબંધ કર્યો તો થાય. એને સ્ફટિકની સ્વચ્છતા છે. પરદ્રવ્યના સંગમાં સંબંધમાં આવ્યો. એ સંબંધમાં આવ્યો એની યોગ્યતા તો પોતાની છે કે નહિ? એને લઈને રંગપણે, કાળા, રાતાપણાની ઝાંયપણે સ્ફટિક પોતે પરિણમે છે. કહો, સમજાણું કાંઈ?

અહીં પણ એ વાત છે ને? '**પરદ્રવ્ય વડે જ,...**' એમ. '**શુદ્ધ સ્વભાવથી ચ્યુત થતો થકો જ,...**' પણ એ શુદ્ધ સ્વભાવથી પોતે પોતાથી ચ્યુત થયો થકો, પરદ્રવ્ય વડે કે નિમિત્તના સંબંધમાં. '**રાગાદિરૂપે પરિણમાવાય છે;...**' પરિણમે છે એમ નથી. પરિણામાવાય છે. એટલે કે એ પરિણમાવે છે. પણ એનો અર્થ કે પોતે પરિણમે છે એટલે તે પરિણમાવે છે એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. આ લાકડું નહિ પરિણમે જુઓ. આ લાકડું છે. આ લાકડું છે. લાલ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નહિ થાય ત્યાં. કેમ કે એની પોતાની યોગ્યતા નથી. સ્ફટિકની થશે. એ સ્ફટિકની પોતાની યોગ્યતા છે. એવી લાલરૂપે થવાની એની પોતાની લાયકાત છે. પરને લઈને નહિ. પરને લઈને હોય તો આમાં થવું જોઈએ લાલ. જુઓ. સમજાણું કાંઈ? વિકાર થવાની લાયકાત પોતાથી પોતાને લાયકને કારણે છે. ત્યારે સ્ફટિકને ફૂલાદિનું નિમિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ... થવાની યોગ્યતા એનામાં છે.

ઉત્તર :- હા. પર્યાયમાં-અવસ્થામાં યોગ્યતા ઉત્પન્ન કરવાની પોતાની લાયકાત છે. ભાઈએ અર્થ કર્યો બહુ સારો કર્યો. આ શ્લોકનો. કળશટીકામાં. ઉપાદાન તું છો. એમ કહ્યું છે.

મુમુક્ષુ :- અર્થ જ નિમિત્તનો.

ઉત્તર :- હા. ઉપાદાન જ તું છો. એમ કર્યું છે. બહુ સરસ વાત છે આ. એના કળશની ટીકાનો અર્થ. આ શ્લોક આવ્યોને આપણે? એ શ્લોકનો અર્થ જ એવો કર્યો છે. કેટલામો શ્લોક છે? ૧૭૫.

**'જે દ્રવ્યનો સંયોગ પ્રાપ્ત થવાથી અન્ય દ્રવ્ય પોતાના પર્યાયરૂપ પરિણમે છે; તે તો જે દ્રવ્યનો, તે દ્રવ્યમાં હોય છે, અન્ય દ્રવ્યગોચર હોતો નથી એવો નિશ્ચય છે. જેવી રીતે મૃત્તિકા ઘટ પર્યાયરૂપે પરિણમે છે, તેનું ઉપાદાનકારણ છે મૃતિકામાં ઘટરૂપ પરિણમનશક્તિ; નિમિત્તકારણ છે બાહ્ય કુંભાર, ચક્ર, દંડ ઈત્યાદિ; તેવી જ રીતે જીવદ્રવ્ય અશુદ્ધ પરિણામે-મોહ-રાગ-દ્વેષરૂપે પરિણમે છે, તેનું ઉપાદાનકારણ છે જીવદ્રવ્યમાં અન્તગર્ભિત વિભાવરૂપ અશુદ્ધ પરિણમનશક્તિ;...'** છે. ભારે અર્થ છે. સમજાણું કાંઈ? '**નિમિત્ત કારણ છે.**' '**परसङ्गः एव**' હવે શ્લોક આવશે. '**દર્શનમોહ-ચારિત્રમોહકર્મરૂપ બંધાયેલો જે જીવના પ્રદેશોમાં એકક્ષેત્રાવગાહરૂપ પુદ્‌ગલદ્રવ્યનો પિંડ તેનો ઉદય.**' નિમિત્ત છે. ઉપાદાન અહીં છે. અશુદ્ધ ઉપાદાન તું પરિણમે છે ત્યારે ઓલાને નિમિત્ત કહેવાય છે. અમરચંદજી! સમજાય છે કાંઈ? બહુ અર્થ આનો... આ તો હજી સ્ફટિકનો દાખલો આપ્યો. હવે આત્માનો આપશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**ભાદરવા વદ ૬, રવિવાર તા. ૨૪-૦૯-૧૯૬૭**
**શ્લોક-૧૭૫, ગાથા-૨૭૮-૨૭૯, પ્રવચન-૩૪૬**

સમયસાર, બંધ અધિકાર. ૨૭૮-૨૭૯ ચાલે છે. સ્ફટિકનો દૃષ્ટાંત ગયો. શું કહે છે? આ બંધ અધિકાર છે. એટલે સ્ફટિક જેમ સ્વચ્છ છે અને પોતે સ્વચ્છપણાના પરિણમન સ્વભાવવાળું છે. છતાં સ્ફટિક પોતાની સ્વચ્છતાને કારણે પર રંગપણે પરિણમે એવો એનો સ્વભાવ નથી. એ નિમિત્તના સંબંધમાં આવેલી પર્યાય એનો સ્વભાવ પરદ્રવ્યના સંગે થયેલો, સંબંધે થયેલો લાલ, પીળા આદિથી પરિણમે છે. સ્વયં સ્ફટિક પોતાના કારણે પરિણમતું નથી. વસ્તુના સ્વભાવની અપેક્ષાએ હોં! પર્યાયમાં પોતે પરિણમે છે સંગને લઈને. હવે આમાં છે જુઓ!

‘**તેવી રીતે ખરેખર કેવળ (-એકલો) આત્મા,...**’ એકલો આત્મા જ્ઞાન સ્વભાવ શુદ્ધ આનંદ સ્વચ્છ સ્વભાવ એને આત્મા કહીએ. એ ‘**પોતે પરિણમનસ્વભાવવાળો હોવા છતાં,...**’ એ બદલવાના, પલટવાના, પર્યાયમાં પરિણમવાના સ્વભાવવાળો હોવા છતાં ‘**પોતાને શુદ્ધસ્વભાવપણાને લીધે...**’ વસ્તુ સ્વભાવ શુદ્ધ ચૈતન્ય આનંદ જ્ઞાયકને લીધે ‘**રાગાદિનું નિમિત્તપણું નહિ...**’ પુણ્ય-પાપના વિકારી ભાવોનું કારણપણું શુદ્ધ સ્વભાવપણે નથી. સમજાણું કાંઈ? જુઓ! આ ગાથાનો મોટો ગોટો ઉઠે છે. જ્યાં હોય ત્યાં આ ગાથા લોકો મોઢા આગળ કરે છે. પરદ્રવ્ય વડે વિકાર પરિણમાવાય છે, સ્વદ્રવ્ય વડે નહિ. એ માટે આ ગાથાઓ મૂકે છે. પણ એનો અર્થ પરદ્રવ્ય વડે એટલે? સ્વદ્રવ્યના સ્વભાવ વડે નહિ અને પરદ્રવ્યના મમતા વડે પોતે વિકારપણે પરિણમે છે. એમ પરદ્રવ્ય વડે પરિણમાવાય છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અહીં દ્રવ્ય સ્વભાવ બંધનું કારણ નથી. દ્રવ્ય સ્વભાવ ચૈતન્ય બંધનું કારણ વસ્તુ સ્વભાવ નથી. તેથી બંધનું કારણ એને નિમિત્તના સંગમાં જતાં, મમતા થતાં જે પર્યાયમાં બંધ થાય છે એ ભાવબંધ પર્યાયદૃષ્ટિથી થાય છે. સમજાણું કાંઈ?

‘**રાગાદિનું નિમિત્તપણું...**’ અહીં વજન છે લોકોનું. નિમિત્ત નથી. જુઓ! વિકારનું નિમિત્ત જીવ નથી. નિમિત્ત તો કર્મ જ છે અને એને લઈને જીવને વિકાર થાય છે. એમ આમાંથી કાઢે છે. તો એમ નથી એનો અર્થ. દ્રવ્ય સ્વભાવમાં વિકાર નથી એટલે સ્વભાવ કારણ છે નહિ. એને રાગ અને દ્વેષ થવામાં પોતાનો સ્વભાવ કારણ નહિ, ‘**(અર્થાત્ પોતે પોતાને રાગાદિરૂપ પરિણમનનું નિમિત્ત નહિ હોવાથી)...**’ સ્વભાવ સ્વભાવને કારણે વિકારી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થાય એવું એનું સ્વરૂપ છે નહિ.

'**પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી,...**' એટલે પોતાના સ્વભાવને આશ્રયે, દ્રવ્યને આશ્રયે રાગાદિ વિકારપણે પરિણમતો નથી. કેમ કે દ્રવ્ય તો અબંધ સ્વભાવી છે. અહીં બંધ સિદ્ધ કરવો છે. એટલે દ્રવ્ય પોતે જ્ઞાયકભાવ અબંધ સ્વરૂપી એને કારણે પોતે બંધ થાય છે કે વિકાર થાય છે એમ છે નહિ. પોતે વિકારના પરિણમનનું નિમિત્ત નહિ હોવાથી '**પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી,...**' પોતાની મેળે એટલે? સ્વભાવને આશ્રયે એકલો અસંગ સ્વભાવ છે તેને આશ્રયે પરિણમતો નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એય..! એ એમ છે. પ્રશ્ન ઉઠ્યો છે કે આ બંધભાવ કેમ થાય છે? ઓલામાં કહ્યું હતું ને કે વ્યવહાર છે એ બંધનું કારણ છે. માટે નિશ્ચયથી તે બંધનો નિષેધ છે. સ્વભાવનો આશ્રય અને સ્વભાવમાં બંધપણું છે નહિ. નિશ્ચયનય વ્યવહારનો નિષેધ કરે છે, એનો અર્થ કે સ્વ ચૈતન્ય પ્રભુ પોતાનો આશ્રય લઈ અને પરનો આશ્રય તેમાં આવતો નથી. તેથી વ્યવહારનો નિશ્ચયથી નિષેધ થાય છે. ત્યારે કહે, નિશ્ચયના સ્વભાવથી એનો નિષેધ થાય તો એ બંધ થાય છે કઈ રીતે? તે બંધની ઉત્પત્તિ કોનું કારણ છે? કે બંધની ઉત્પત્તિ નિમિત્તના સંગમાં નિમિત્તની મમતાથી થાય છે. સમજાણું કાંઈ? એ શ્લોક છે ને એનો અર્થ પણ કર્યો છે. આ શ્લોક છે ને શ્લોક? હવે આવશે.

મુમુક્ષુ :- બનારસીદાસે એનો અર્થ કર્યો છે.

ઉત્તર :- હા, બનારસીદાસે એ કહ્યું છે. શ્લોક હવે આવશે. એના હવેના શ્લોકના અર્થમાં એ કહ્યું જુઓ બનારસીદાસે.

મુમુક્ષુ :- આમાં નથી.

ઉત્તર :- એ એમાં જ છે. એવો અર્થ જ છે એનો. શું છે આ? બંધ અધિકાર. સમજાણું?

'**શિષ્યકી શંકાકા સમાધાન.**' શિષ્યની શંકા હતી કે મહારાજ! '**બંધ જીવકા હી સ્વભાવિક ધર્મ હૈ અથવા ઈસમેં પુદ્‌ગલ દ્રવ્યકા નિમિત્ત હૈ? ઈસપર શ્રીગુરુ ઉત્તર દેતે હૈં,...**'

**'જૈસે નાના બરન પુરી બનાઈ દીજૈ હેઠ,**
**ઉજ્જલ વિમલ મનિ સૂરજ-કરાંતિ હૈ.**
**ઉજ્જલતા ભાસૈ જબ વસ્તુકૌ વિચાર કીજૈ,**
**પુરીકી ઝલકસૌં બરન ભાંતિ ભાંતિ હૈ.**'

સ્ફટિકને કે .. જોડે બેઠો હોય એને લઈને દેખાય. વસ્તુના સ્વભાવમાં એમ નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**તૈસે જીવ દરબકૌં પુગ્ગલ નિમિત્તરૂપ,**
**તૈસે જીવ દરબકૌં પુગ્ગલ નિમિત્તરૂપ,**
**તાકી મમતાસૌ મોહ મદિરાકી ભાંતિ હૈ.**
**તાકી મમતાસૌ મોહ મદિરાકી ભાંતિ હૈ.**

આ જુઓ શબ્દ ચોખ્ખો કર્યો છે. એ હવે શ્લોક આવશે એનો અર્થ. સમજાણું? પરદ્રવ્યની મમતા છે એટલે પરદ્રવ્યે એ થયું એમ કહેવામાં આવે છે. શેઠી! મોટી આ તકારર છે આ શ્લોક માટે.

મુમુક્ષુ :- .. ચલાવવો પડે ને.

ઉત્તર :- એ તો ચલાવી જ લીધો છે. અત્યારે ક્યાં ચલાવવો છે હવે? કહો, સમજાણું આમાં? કહે છે...

મુમુક્ષુ :- .. તેરાપંથી...

ઉત્તર :- .. તેરાપંથી એ બીજી વાત છે. આ બીજી વાત છે. એ આખી વાત જ જુદી રહી. ઓલી તો સ્થૂળ વાત છે ઓલાની.

આ તો કહે છે.. વસ્તુ સ્વભાવ. એ તો એનો એ દાખલો ઘણીવાર આપે છે ને ઓલો ૧૩મી ગાથાનો. એકલો નવપણે પરિણમતો નથી. એમ કે વિકાર હેતુ છે, અજીવ હેતુ છે ને વિકાર.. પણ એ તો એકલો સ્વભાવ છે એ કેમ પરિણમે? એમ કહેવું છે. વિકારપણે થવામાં બેકલાપણું એટલે બીજાના સંગના સંબંધે અનેક વિકારપણે પરિણમે છે. પણ પરિણમે છે પોતે પોતાને કારણે ત્યારે એને નિમિત્ત કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? હજી તો અહીં વાંધા. વિકાર કર્મ કરાવે એ એની સાચી શ્રદ્ધા.

મુમુક્ષુ :- એનું નામ જ સમ્યગ્જ્ઞાન છે.

ઉત્તર :- એનું નામ સમ્યગ્જ્ઞાન.

મુમુક્ષુ :- એ આવ્યું હતું...

ઉત્તર :- આવ્યું હતું ને. છાપામાં આવ્યું હતું. પહેલા નક્કી કરો કે કર્મથી વિકાર થાય તો એ સમ્યગ્જ્ઞાન. કહો, આવી વાત આવી હતી. સમજાણું?

ભાઈ! અહીં તો વિકાર પોતાની પર્યાયમાં.. એ ૬૨મી ગાથા કીધી તે દિ' ત્યાં. શું કહેવાય? મધુ. મધુવન. મધુવન. પંચાસ્તિકાયની ૬૨મી ગાથા છે ને.

મુમુક્ષુ :- એ તો અભેદનો...

ઉત્તર :- અભેદનો અર્થ શું? માંડી હતી બેય જણાએ. પણ અભેદનો અર્થ શું કીધું આ? અભિન્ન કારકનો અર્થ શું? પોતાથી થયું. અભિન્નકારક એ છે એમાં. વિકાર, પુણ્ય અને

પાપનો વિકાર કે મિથ્યાત્વની ભ્રાંતિ એનો આત્મા જ કર્તા પર્યાયમાં છે. ષટ્કારકનું પરિણમન જીવનું પોતાનું પોતાથી છે. શેઠ! એ શ્લોક છે હોં પંચાસ્તિકાયનો ૬૨મો. મેં કહ્યો હતો, ૨૦૧૩ની સાલમાં. ગાથા. અરે..! ભગવાન! હજી તો વિકાર કો'ક કરાવે ત્યારે એને માને કે સાચી વાત. પણ વિકાર કો'ક કરાવે પછી તારે વિકારને ટાળીને આ બાજુ આવવું એ તો તારા હાથમાં રહેતું નથી. શોભાલાલજી! કો'ક કરાવે એટલે તારામાં આવવાનું.. કારણ કે એ તો કરાવ્યા જ કરશે વિકાર તો.

મુમુક્ષુ :- કો'કવાર ખસી પણ જાય.

ઉત્તર :- ખસી જાય એ એની મેળાએ ખસી જાય ને? એને પોતાને જોવા તરફ ક્યાં આવ્યું એને? પોતાનો સ્વભાવ કરે વિકાર તો પોતે ત્યાંથી ખસીને આ બાજુ આવે. પણ કો'ક કરાવતું હોય તો એની સામું જોવાનું રહે એને. થઈ રહ્યું. ભાઈસાહેબ આ કે દિ' અનુકૂળ થાશે? અનુકૂળ થાશે? આવે છે ને? તાકીને બેસે. અરે.. ભગવાન! શું થાય? જીવને જે વાત બેસે એ રીતે પરિણમી ગયું છે ને દ્રવ્ય? દ્રવ્ય પરિણમે છે. એમ અનંત કાળથી એણે કર્યું છે. એણે કાંઈ નવું કર્યું નથી.

અહીં તો કહે છે કે ભાઈ! વસ્તુનો સ્વભાવ. જ્ઞાની લીધો છે ને અહીં? ભાઈ! હિંમતભાઈ! જ્ઞાની. પછી દ્રવ્ય ભલે પણ જ્ઞાની લીધો છે. આમાં તો લીધું છે ને એમાં જ્ઞાની લીધો. આગળ છે પ્રશ્ન. છે ને? જયસેનાચાર્યની ટીકામાં લીધું છે, ૪૮૨ પાને લીધું. ૪૮૨ પાનું છે. જુઓ! ૪૮૨ જુઓ. એ જ્ઞાનીને લાગુ પડે છે જુઓ. શું કર્યું? અહીં પ્રશ્ન થયો છે કે ને કે ભાઈ કર્મ કરાવે... કર્મ કરાવે... કર્મને લઈને વિકાર થાય. સમજાય છે? તમે તો પહેલા કહેતા આવ્યા હતા. **'एवं णाणी सुद्धो ण सयं परिणमदि रागमादीहिं।'** એ શ્લોક મૂક્યો છે એ. એ શ્લોક મૂક્યો છે.

**एवं णाणी सुद्धो ण सयं परिणमदि रागमादीहिं।**
**राइज्जदि अण्णेहिं दु सो रागादीहिं दोसेहिं।।२७९।।**

.. રાગાદિ નામ અકર્તા જ્ઞાની. ત્યાં તો તમે કહ્યું હતું કે રાગનો કર્તા આત્મા નથી, સ્વભાવ નથી, જ્ઞાની નથી. અને પરદ્રવ્ય જનિત આ રાગાદિ.. ત્યાં તો પરદ્રવ્ય જનિત રાગને કહ્યો વિકારને. ત્યાં આપણે ચાલે છે એમાં. અહીંયા '...' ત્યાં કહો છો કે પોતાની બુદ્ધિને કારણે રાગદ્વેષ, દયા-દાન વિકલ્પો થાય છે. ... કર્મનો દોષ છે નહિ. તો પૂર્વાપર વિરોધ (થયો). અમરચંદભાઈ! હવે અહીં તમે ૭૮-૭૯માં એમ કહેતા આવ્યા છો કે પરદ્રવ્ય જનિતા રાગ-દ્વેષ. એનો અર્થ કે સ્વદ્રવ્ય જનિતા નહિ, દ્રવ્યના સ્વભાવે નહિ. અહીં તમે કહો છો કે સ્વની બુદ્ધિને કારણે રાગ-દ્વેષ થાય. તો વિરોધ આવે છે. એમ નથી ભાઈ!

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સાંભળ તો ખરો.

અત્ર તત્ર બંધ અધિકાર વ્યાખ્યાને. આપણે ચાલે છે એ. ... વસ્તુનો શુદ્ધ સ્વભાવ દૃષ્ટિમાં જ્ઞાનીને આવ્યો છે તો એ જ્ઞાની રાગપણે પરિણમતો નથી. સ્વભાવપણે પરિણમે છે એ જ્ઞાનીની વાત કરી. તેથી ત્યાં નિમિત્તના લક્ષે થયેલા રાગાદિ જ્ઞાની પોતાના માનતો નથી. સમજાણું કાંઈ? રાગાદિ વિના પરિણમે છે. ... અજ્ઞાની જીવ ... પરનો દોષ નથી. શબ્દ આદિનો. દોષ પરનો નથી.

અહીં તો એમ કહે છે કે વસ્તુ જે છે સ્વદ્રવ્ય જ્ઞાયકમૂર્તિ, એ પોતે શુદ્ધ હોવા છતાં અને પરિણમવાનો સ્વભાવ હોવા છતાં એ શુદ્ધપણે પરિણમે પણ વિકારપણે પરિણમે એવો તો દ્રવ્યનો સ્વભાવ નથી. સમજાણું? તેમ એવો કોઈ ગુણ નથી એનામાં કે વિકારપણે થાય. એ ગુણ તો કર્મના નિમિત્તે પર્યાયમાં થાય એથી પરદ્રવ્ય વડે થયા, એની મમતાથી થયા, માટે બંધભાવ એથી ઊભો થાય છે. એ પોતે કરે તો બંધભાવ ઊભો થાય પરના સંગે. વસ્તુના સ્વભાવનો જાણનાર પરનો સંગ કરતો નથી. એમ કહેવું છે અહીં. વસ્તુનો સ્વભાવ નહિ જાણનાર પરનો સંગ કરે છે. આહાહા..! વાંધા મોટા વાંધા પહેલેથી તે ઠેઠ સુધી. સમજાણું?

કહે છે, પોતે રાગાદિ ભાવને પોતાની મેળે પામતો હોવાથી. કોણ? ઓલું કર્મ. કર્મ છે એનામાં રાગ-દ્વેષ થવાની યોગ્યતાનો એનો સ્વભાવ કર્મનો છે. એ આત્માને રાગાદિનું નિમિત્ત થાય છે. એ આત્માને પરની મમતા કરે ત્યારે એ કર્મ રાગાદિનું કારણ થાય છે.

મુમુક્ષુ :- અજ્ઞાનીને રાગાદિનું.

ઉત્તર :- અજ્ઞાનીને. અજ્ઞાની એટલે સ્વસંગ કરતો નથી, સ્વભાવનો વસ્તુ સ્વભાવ છે એનો સંગ કરતો નથી. વસ્તુના સ્વભાવને છોડી પરના ઉપર લક્ષમાં જાય છે, પર્યાયબુદ્ધિવાળો પરના લક્ષમાં જાય છે. એ પરના લક્ષમાં એને વિકાર થાય તો એને કર્મ નિમિત્ત કહેવાય છે. સમજાણું કાંઈ? આ ગાથા બધે ઘણે ઠેકાણે મૂકે છે લોકો. જ્યાં હોય ત્યાં મૂકે બધા પંડિતો કેટલાક.

મુમુક્ષુ :- એના લાભની છે ને.

ઉત્તર :- લાભની કાંઈ નથી. ઊંધી દૃષ્ટિએ કાઢે છે. લાભની કે દિ' હતી? અરે.. પણ વિકાર. પણ તારી દશાની ભૂલ તું કર અને નાખ કો'કને માથે? ઓલામાં ન કહ્યું ટોડરમલજીએ? એ બોલ કહ્યો હતો તે દિ' ત્યાં તેરની સાલમાં. વિકાર તું કર અને નાખ કર્મની માથે આવી અનીતિ? તું તો મહંત રહેવા ચાહે છો. ટોડરમલજી કહે છે. તું તો મહંત રહેવા ચાહે છે. મારે તો કાંઈ નહિ પણ કર્મ આવે એટલે વિકાર થાય. તું મહંત રહેવા ચાહે છો અને વિકારનો દોષ પરને માથે નાખે છો. જો તું જિનની આજ્ઞા માન તો ઐસી અનીતિ સંભવે નાહિ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમજાય છે કાંઈ? ટોડરમલજીનો એ બોલ તે દિ' ત્યાં આપ્યો હતો. સમજાણું? છે ને? નવમા અધ્યાયમાં છે. નવમામાં છે ને? કેટલામું પાનું? ૩૧૩. કોણે કહ્યું? એ જુઓ!

એક એક ને તત્ત્વ નિર્ણય કરવામાં અમે શું કરીએ? કર્મનું જોર માટે અમે તત્ત્વનો નિર્ણય કરી શકતા નથી. સમજાણું? '**મુખ્યપણે તો તત્ત્વનિર્ણય કરવામાં ઉપયોગ લગાવવાનો પુરુષાર્થ કરવો. અને ઉપદેશ પણ એ જ પુરુષાર્થ કરાવવા અર્થે આપીએ છીએ. એ પુરુષાર્થથી મોક્ષના ઉપાયનો પુરુષાર્થ સ્વયમેવ થશે. વળી તત્ત્વનિર્ણય ન કરવામાં કાંઈ કર્મનો તો દોષ છે નહિ પણ તારો જ દોષ છે. તું પોતે તો મહંત રહેવા ઈચ્છે છે...**' ભાઈ! દોષ વિકાર થાય, કર્મનો જેવો ઉદય આવે એવો વિકાર થાય. આપણે કાંઈ કરવાનો ભાવ છે? તો કરવાના ભાવ વિના થયો છે? જુઓ!

'**તું પોતે તો મહંત રહેવા ઈચ્છે છે અને પોતાના દોષને કર્માદિકને લગાવે છે!**' તારો દોષ કર્મમાં કાં નિમિત્ત બહાર નોકર્મમાં લગાવે છે. '**પણ જિનઆજ્ઞા માને તો આવી અનીતિ સંભવે નહિ. તારે વિષયકષાયરૂપ રહેવું છે માટે આવું જૂઠું બોલે છે.**' સ્પષ્ટ વાત છે. આ તો પહેલેથી આ તો અમે ૮૩ની પહેલેથી ચર્ચા ચાલતી ત્યાં કહેતા. અમારે .. કર્મના જોરવાળું ... એ કહે કર્મથી થાય.. કર્મથી થાય.. કીધું, હરામ કર્મથી ન થાય. કહો, શું તમારે કરવું છે? ૫૧ દોકડા પુરુષાર્થના રાખો બહુ તો અને ૪૯ દોકડા કર્મના રાખો. એકેય દોકડો નહિ. હવે અહીં ૫૦-૫૦ દોકડા આવ્યા છે. શેઠની સાથે આવ્યા હતા જીવંધરજી એ ૫૦-૫૦ દોકડા કહેતા હતા. હવે અહીં છાપામાં આવ્યું હતું. ૫૦ દોકડા રાખો કર્મના ૫૦ અને વિકાર દોષના ૫૦.

મુમુક્ષુ : એ મખ્ખનલાલજી..

ઉત્તર :- અરે.. ભગવાન! શું કરે છે? એ પ્રવાહ જ આખો એ રીતે ચાલ્યો છે. સમજાય છે? બંધમાં વિકાર.. કારણ કે ઓલો જ્ઞાનાવરણીય શબ્દ છે. જ્ઞાનાવરણીય અને ઘાતિ માટે. જ્ઞાનાવરણીયે જ્ઞાનને ઘાત્યું, ઘાત્યું. માટે જ્ઞાનની હીણી દશા થઈ, જ્ઞાનાવરણીય વિના હીણી દશા થાય નહિ, પોતાની મેળાએ થાય નહિ. એ બધું લખ્યું છે આમાં.

મુમુક્ષુ :- એમ જ થાય ને. લાકડી તો બીજો કોક મારે..

ઉત્તર :- ધૂળેય લાકડી મારતો નથી. તું નો તું મારનાર અને તું નો તું ખાનાર. વિકાર કરનારો તું, ભોગવનારો તું, સાધન તું, લે તું, દે તું. આહાહા..!

મુમુક્ષુ :- ... આધાર છે.

ઉત્તર :- એ આધાર છ કારક છે. છએ કારક કીધા ને. કહો, સમજાણું કાંઈ? અહીં એ કીધું જુઓને.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'માટે આવું જૂઠું બોલે છે. જો મોક્ષની સાચી અભિલાષા હોય તો તું આવી યુક્તિ શા માટે બનાવે?'** કર્મ વિકાર કરાવે, કર્મ વિકાર કરાવે. તને મોક્ષની સાચી અભિલાષા છે જ નહિ. તારે બંધમાં રહેવું છે, વિષય-કષાયરૂપ તારે રહેવું છે. મોક્ષમાર્ગ (પ્રકાશકનો) નવમો અધ્યાય છે. સમજાણું કાંઈ?

કહે છે **'આત્માને રાગાદિનું નિમિત્ત થાય છે એવા...'** અહીં વજન છે. **'નિમિત્ત થાય છે એવા પરદ્રવ્ય વડે જ,...'** એમ. એટલે કર્મ નિમિત્ત થાય છે. વિકાર કરે છે એ પરના સંગે કરે છે. પરસંગે કરે છે એવા પરદ્રવ્ય. એમ. સમજાણું કાંઈ? પોતાના શુદ્ધ સ્વભાવથી ચ્યુત થયો થકો. એ આવશે ૨૮૦માં. ૨૮૦માં આવશે મૂળ શ્લોક. ૨૮૦માં આનો અર્થ છે જુઓ ચોખ્ખો. **'યથોક્ત વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની...'** ૨૮૦. યથોક્ત એટલે વસ્તુ શુદ્ધ સ્વભાવથી ચ્યુત થતો જ નથી. ધર્મી જ્ઞાની આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એવી દૃષ્ટિને લઈને સ્વભાવથી ખસતો જ નથી. **'તેથી રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોરૂપે પોતાની મેળે પરિણમતો નથી અને પર વડે પણ પરિણમાવાતો નથી,...'** પરિણમતો નથી માટે પર વડે પરિણમાવાતો નથી. અહીં સ્વ વડે પરિણમે છે એટલે પર વડે પરિણમાવાય છે એમ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ?

કહે છે, પોતાનો સ્વભાવ, વસ્તુનો સ્વભાવ જુઓ તો ઈ ક્યાં એવો છે? કે પોતે પોતાના સ્વભાવના સંગે વિકાર રૂપે થાય. એનો સ્વભાવ ભૂલીને પોતે પરસંગની મમતાથી સ્વભાવથી ચ્યુત થયેલો વિકારપણે પરિણમે છે એમાં નિમિત્ત પર છે. એ **'નિમિત્ત થાય છે એવા પરદ્રવ્ય વડે જ,...'** 'જ' શબ્દ છે ને એટલે. **'શુદ્ધસ્વભાવથી ચ્યુત થતો થકો જ,...'** જોયું? પોતે શુદ્ધ સ્વભાવ જ્ઞાનાનંદ સહજાનંદ મૂર્તિ છે, એવા સ્વભાવની શ્રદ્ધાથી ચ્યુત થતો થકો જ **'રાગાદિરૂપે પરિણમાવાય છે.'** એમ કીધું છે. એ પોતે શુદ્ધ સ્વભાવથી ચ્યુત થઈને રાગરૂપે પરિણમે છે ત્યારે પરદ્રવ્ય વડે પરિણમાવાય છે તેમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બેયનો 'જ' છે. બરાબર છે. પરદ્રવ્ય વડે જ છે એ, સ્વદ્રવ્ય વડે નથી. સ્વદ્રવ્યના સ્વભાવ વડે નથી.

મુમુક્ષુ :- સ્વદ્રવ્ય સ્વભાવ તો શુદ્ધ હોય.

ઉત્તર :- સ્વદ્રવ્ય તો અબંધ છે, શુદ્ધ સ્વભાવ છે. બંધ અધિકાર છે ને એટલે સ્વદ્રવ્યના સ્વભાવ વડે બંધ છે નહિ. પરદ્રવ્ય વડે જ. એટલે પરદ્રવ્યની મમતા વડે જ બંધનો ભાવ ઉત્પન્ન થાય છે. આહાહા..! આમાં હજી તકરાર. ભૂલ કરે તે ભૂલ પરને માથે નાખી. ગોમ્મટસારમાં લખાણ આવે ને? જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય અને દર્શનાવરણીયથી દર્શન રોકાય, આનાથી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ રોકાય. સમજાણું કાંઈ?

**'આવો વસ્તુનો સ્વભાવ છે.'** લ્યો જોયું! ભૂલેલો પર્યાયમાં પરસંગે કરે છે એવો વસ્તુનો સ્વભાવ છે. સ્વભાવને સંગે આત્મા વિકાર કરી શકતો નથી. આમ વસ્તુનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- છે ને, કરે છે એ તો કીધું. આવો વસ્તુનો સ્વભાવ છે. શુદ્ધ સ્વભાવથી વસ્તુ જે શુદ્ધ છે એ પોતાને કારણે એકદમ રાગરૂપે પરિણમે, સ્વભાવને કારણે રાગરૂપે શી રીતે પરિણમે? એ સ્વભાવથી ચ્યુત થયેલો નિમિત્તના સંગે પરિણમે છે તો પર વડે પરિણમાવાય છે એમ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આવો વસ્તુનો સ્વભાવ છે. પોતાના સ્વભાવે પરિણમે નહિ. પોતાના સ્વભાવથી ચ્યુત થઈને પરદ્રવ્ય વડે પરિણમે છે ત્યારે પર એને પરિણમાવાય છે એમ કહેવામાં આવે છે. પરિણામાવાય છે એમ કીધું છે ને? ત્યારે પરિણમે છે એ પરિણમે છે. ત્યારે પરિણમાવાય છે એમ કહેવામાં આવે છે. અરે.. ભગવાન! શું કરે?

આ બોલે લ્યો. છઠ્ઠી સાલમાં એ બોલ્યા હતા. છઠ્ઠી સાલમાં દેસાઈ ઊભા થઈને બોલ્યા હતા. છઠ્ઠી સાલમાં થયુંને મંદિર. બહુ ધ્યાન રાખ્યું. આ ગાથા. હિંમતભાઈની કરેલી છે ને?

**ત્યમ 'જ્ઞાની' પણ છે શુદ્ધ, રાગરૂપે સ્વયં નહિ પરિણમે,**
**પણ અન્ય જે રાગાદિ દોષો તે વડે રાગી બને. ૨૭૯.**

જુઓ આવ્યું આ. ભાઈ! આ તમારું બોલીએ છીએ અમે. જુઓ કહે છે, તમારું બોલીએ છીએ. છઠ્ઠી સાલની વાત છે. સત્તર વર્ષ. અરે.. ભગવાન! બાપુ! એમ નથી. તને દોષ તું કર ત્યારે પરના સંગ વડે મમતા વડે કર. તારા સ્વભાવના સંગ વડે કરતો નથી. એ વાત છે અહીં તો. સમજાણું કાંઈ? પરદ્રવ્યને અડતો પણ નથી જીવ. અને અડતો નથી ઈ પર એને કરાવે? કર્મનો જે ઉદય છે એ જડની પર્યાય છે, રૂપી છે, માટી છે. સમજાણું? ભગવાન અરૂપી આત્મા છે. એ રૂપીને અડતો પણ નથી. અહીં અડતો નથી સ્વભાવ તરફ એટલે આમ લક્ષ જાય છે એને પર વડે કરીને વિકાર પરિણમે છે. એમ અહીં કહે છે. બંધ અધિકાર સિદ્ધ કરવો છે. દ્રવ્ય સ્વભાવ બંધનું કારણ નથી. પરદ્રવ્યની મમતાને કારણે પર્યાય દૃષ્ટિમાં પર વડે પરિણમાવાય છે. પરિણમે છે માટે એમ કહેવામાં આવે છે. ઓહોહો..! હજી તો વિકાર પરને માથે નાખવો. હવે એને ધર્મ તો કે દિ' કરવો? એ કરાવે.. એ કરાવે... ત્યારે એને સાચુ માન્યું કહેવાય. તો તમે સાચુ માન્યું કહેવાય.

મુમુક્ષુ :- સમ્યગ્જ્ઞાન.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- સમ્યગ્જ્ઞાન કહેવાય તો. મિથ્યાજ્ઞાન છે. અડતું નથી પરદ્રવ્ય તને, ષટ્કારકની પર્યાયથી તું પોતે તારાથી કરે અને પર તને કરાવે એમ માન, મિથ્યાદષ્ટિ છે, તીવ્ર મિથ્યાત્વ છે. એની દૃષ્ટિ બહિર્બુદ્ધિ છે તદ્દન. પર્યાયમાં મારા દોષથી થાય છે તો તેટલી પર્યાયની સ્વતંત્રતા સ્વીકારી. અને એટલો સ્વીકાર થયો તો હવે ટાળવામાં પણ હું તૈયાર છું. મારો સ્વભાવ શુદ્ધ વસ્તુ છે, એનો આશ્રય હું સ્વતંત્રપણે લઈ શકું છું. કેમ કે એ કરાવે ત્યાં તો એમ કરાવ્યા કરે, પણ ત્યાંથી ખસીને સ્વતંત્રપણે અવાતું નથી. પણ એ નથી. હું પોતે વિકાર કરું છું કર્તા થઈને, એ સ્વભાવનો કર્તા થઈને તેને ટાળું છું. એને પુરુષાર્થનો અવકાશ ક્યારે રહે? એ કર્તાપણે વિકાર હું કરું છું એમ માને તો. કર્મ કરાવે તો એને પુરુષાર્થ કરવાનો અવસર રહેતો નથી. એય.. શેઠી! તમારે બધે એમ ચાલે છે હોં ઘણે ઠેકાણે. ઘણે ઠેકાણે એમ ચાલે છે ત્યાં. પણ કાંઈ સાંભળનારને ખબર ન મળે. ઓલા કહેતા હોય એ સાચું.

મુમુક્ષુ :- પાટ માથે બેસે ને.

ઉત્તર :- પાટે બેસે. પાટ માથે તો કૂતરા પણ બેસે છે. એટલે શું થઈ ગયું? .. પણ એનો અર્થ ઓલો વહેમ પડી જાય. નવી કાથીમાં સૂવે તો મરી જાય માણસ. એ મડદું કાથીમાં બાંધ્યો કહેવાય. ઠાઠડી બાંધે ને? આવા ને આવા. કૂતરા બેસે ત્યાં ઊંચા. સારો ખાટલો ઊંચો હોય આટલો. રોટલા નાખે તો જાણે એકદમ ન ચડી શકે તો રોટલો નાખે તો આમ પગ મૂકી ફડાક બેસે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જોખમ માટે (નહિ), એ તો રોટલો ખાવા આવે છે. જોખમ માટે ક્યાં? એ તો રોટલો. રોટલો સમજ્યાને? રોટી. રોટલીના ટૂકડા. ત્યાં ખાય બેઠો બેઠો હોં. ખાઈને પછી ઉઠે ત્યારે ઓલાને વહેમ જાય. હવે એલા પાથરી દયો ખાટલો.

મુમુક્ષુ :- હજી પણ એવું કરે?

ઉત્તર :- હા, ગામડામાં એવો રિવાજ છે. એમ ઊંચે ખાટલે બેઠો એટલે શું થઈ ગયું પણ? કહો, શેઠી! તમારે નહિ હોય. હવે તો બધા શહેરમાં ઓલું થઈ ગયું ને. ફેરફાર થઈ ગયોને બધો. અમારે તો ગામડામાં પહેલું હતું. હજી ગામડામાં છે.

અહીં કહે છે કે એ વિકાર છે એ દોષ છે. તો સ્વભાવ નિર્દોષ છે વસ્તુ. તો નિર્દોષના સંગે, લક્ષે દોષ થાય એમ કોઈ દિ' બને નહિ. તો પરલક્ષે થાય એટલે પરલક્ષવાળી ચીજ નિમિત્ત થાય છે. એના સંગમાં, મમતામાં એ નિમિત્ત થાય છે. એ વડે પરિણમાવાય છે એમ કહેવામાં આવે છે. કહો, શેઠી!

મુમુક્ષુ :- ... ચક્કર દઈને માથુ પકડે એવું શું કરવા..

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- એમ કે સીધું મૂકવું હતું ને. પણ અહીં બંધ અધિકાર છે.

બંધ અધિકાર છે. વસ્તુનો સ્વભાવ બંધ નથી. વસ્તુ પોતે વસ્તુ છે એ બંધનું કારણ નથી એમ સિદ્ધ કરવું છે. સમજાણું? પોતાનું સ્વરૂપ બંધરૂપ હોય તો કોઈ દિ' બંધ રહિત થઈ શકે નહિ. ભગવાન આત્મા અબંધ સ્વરૂપ છે એને બંધ કેમ છે એમ અહીં સિદ્ધ કરવું છે. અબંધ સ્વભાવરૂપ ભગવાન જ... કર્મને બંધ તો સ્વતંત્ર કર્મને થાય, પણ એને નિમિત્ત થવાનો વિકાર પણ દ્રવ્ય સ્વભાવમાં નથી. વસ્તુ સ્વભાવ કર્મના બંધને નિમિત્તરૂપે થાય એવો એનો સ્વભાવ નથી. કર્મબંધને નિમિત્તરૂપે થાય એ વિકારભાવ થાય છે, વસ્તુનો સ્વભાવ નથી. એમ વિકાર સ્વભાવને આશ્રયે થતો નથી, સ્વભાવના સંગે થતો નથી. અબંધ સ્વરૂપ છે. અબંધ સ્વરૂપના લક્ષે અબંધ પરિણામ થાય. બંધ પરિણામ થાય નહિ. માટે બંધ પરિણામ નિમિત્તને લક્ષે નિમિત્ત દ્વારા થાય તેમ કહેવામાં આવ્યું છે. આહાહા..! ભારે ભાઈ વાત!

પ્રવચનસારમાં કહ્યું છે કે શુદ્ધનયનું એ કથન છે. શુદ્ધનયનું કથન છે કે વિકાર જીવ પોતાથી કરે છે. પોતાનો દોષ પોતે કરે છે એવો પાઠ છે. શુદ્ધનયનું એ કથન છે. શુદ્ધનય તો સ્વભાવને બતાવે. એ શુદ્ધનય અહીં બીજો. પરદ્રવ્યના સંગ વિના પોતે કરે છે તે શુદ્ધનય અને કર્મના પરલક્ષે થાય એમ કહેવું તે અશુદ્ધનય વ્યવહારનયનું કથન છે. અમરચંદભાઈ! આ વાત બહુ ત્યાં થયેલી દસ વર્ષ પહેલા. વ્યાખ્યાનમાં. ૭૨મી ગાથા ચાલતી હતી કર્તાકર્મની. એમાં આ ખળભળાટ થઈ ગયેલો. ચર્ચા કરો... ચર્ચા કરો... ચર્ચા કરો. અરે.. ભગવાન! શું કરે ચર્ચા, ભાઈ! તારી ભૂલ જ તારાથી થાય એની હજી કબુલાત નથી એમાં તને ભૂલ રહિત કરાવવાની દૃષ્ટિ કરાવવી. નહિ બેસે.. નહિ બેસે. શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ૧૩ની સાલમાં. મધુવનમાં. ૨૦૧૩. આહાહા..! તમે હતા? ખબર ન હોય ને. આ પણ હતા બધા. એને ક્યાં.. જે કહે એ સાચું. ત્યાં ક્યાં.. અમારે ભાઈ દાંત કાઢે છે. ખબર ન હોય તો શું કહે. મોટા માણસને મોટા તરીકે બેઠા હોય. આહાહા..!

અરે..! ભગવાન! એ ભૂલ્યો તોપણ તું અને ભૂલને ભાંગ તોપણ તું. એ ભૂલ પણ નિમિત્તની અપેક્ષા વિના નિશ્ચયથી તું કરે છો એમ તારે નક્કી કરવું પડશે. નિમિત્તની અપેક્ષા કહેવી એ તો વ્યવહાર છે. અહીં તો વ્યવહાર સિદ્ધ કરવો છે. સ્વભાવનો સંગ નથી અને અહીંનો સંગ છે. નિમિત્ત સિદ્ધ કરવું છે અહીં તો. સમજાણું કાંઈ? વ્યવહાર પરાશ્રિત છે, રાગાદિ પરાશ્રિત છે. સ્વઆશ્રયે વિકાર હોઈ શકે નહિ.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ભગવાન મોક્ષમાર્ગમાં તો પોતે કારણ છે. આત્મા મોક્ષનું કારણ છે. બંધનું કારણ વસ્તુ નથી. સમજાણું કાંઈ? એ તો મોક્ષનું બીજડું છે. પૂર્ણ કેવળજ્ઞાનાદિ

પ્રગટ થવાનું એ બીજડું છે. એ રાગનું બીજડું આત્મા નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એનું બીજ નિમિત્તને આધીન પર્યાયમાં પ્રગટ થાય તેવો એનો પર્યાયનો સ્વભાવ છે. આહાહા..! જેઠાલાલભાઈ! એણે તો બહુ માંડી હતી એણે કર્મની. કર્મથી થાય માંડો તો ચર્ચા કરીએ.

મુમુક્ષુ :- પછી ચર્ચા શું થઈ?

ઉત્તર :- પછી ચર્ચા માંડીએ કે જુઓ! આ શુભથી ધર્મ થાય, પુણ્યથી થાય, એમ.

મુમુક્ષુ :- પછી સમજાય.

ઉત્તર :- પછી સમજાય. આ વિના નહિ સમજાય. પણ પહેલી વાતમાં એમ કહો કે કર્મને લઈને શુભભાવ થાય. પરને લઈને થાય ને? અને શુભભાવથી ધર્મ થાય એટલે કર્મને લઈને ધર્મ થયો. એમ થયો એનો અર્થ.

મુમુક્ષુ :- એમ માને છે.

ઉત્તર :- એમ માને છે. મોટા મોટા મહંત નામ ધરાવનારા. નામ ધરાવનારા. વસ્તુ એમ નથી. કહો, સમજાણું કાંઈ? અહીં જે કહ્યું છે એ આ કારણે કહ્યું છે જુઓ.

'**एवं णाणी सुद्धो ण सयं परिणमदि रागमादीहिं।**' એકલો આમ સ્વભાવને આશ્રયે પરિણમતો નથી. '**राइज्जदि अण्णेहिं दु सो रागादीहिं दोसेहिं।।**' જે કર્મનું નિમિત્ત છે. તેના સંગે તે વડે રાગપણે અહીં પરિણમે છે. અમરચંદભાઈ! શબ્દ આમ આવ્યોને. જુઓને! પરદ્રવ્ય વડે. આત્માને વિકારાદિનું નિમિત્ત થાય છે એવા પરદ્રવ્ય વડે. શુદ્ધ સ્વભાવથી ચ્યુત થયો થકો. એમણે તો અધ્યાત્મ તરંગિણીમાંથી નાખ્યું છે ભાઈ. આમાં તો. ત્યાં તો એવું છે કે શુદ્ધ સ્વભાવથી ચ્યુત કરતો થકો પરિણમાવાય છે એમ છે ત્યાં. પરમઅધ્યાત્મ તરંગિણી. એનો અર્થ એ કે દ્રવ્ય સ્વભાવથી ચ્યુત થાય છે પોતે ત્યારે પરદ્રવ્ય એને પરિણમાવે છે વિકારપણે એમ કહેવામાં આવે છે. આહાહા..!

પોતાને ભૂલીને પોતે ભૂલ કરે, પોતાને ભૂલીને.. શ્રીમદ્‌નું એક ટૂંકું વાક્ય છે. બહુ. બહુ. કે અનંત સંતોની એ શિખામણ છે કે પરને પોતાનું માન્યું અને પોતાને ભૂલી ગયો. એ તારો દોષ. એમ સંતો કહે છે. પરને પોતાનું (માન્યું). સંતોની એ શિખામણ છે કે, પરને પોતાનું માન્યું અને પોતાને ભૂલી ગયો. બસ, આટલી વાત છે. એમાં કર્મ-બર્મની વાત પણ નથી. એ શબ્દ છે ત્યાં. બોટાદમાં નાખ્યો છે ટૂકડો. આ લોકોએ. ઓરડીની ઉપર મેડી ઉપર.. નાખ્યો છે. સમજાણું કાંઈ? છે ને એવો શબ્દ શ્રીમદ્‌માં? કે એમાં કેમ કર્મ-બર્મનું નામ લીધું એમાં? આહાહા..! ધવલમાં બીજું કીધું હશે? એક ને એક અઢી કીધા હશે? સમયસારમાં એક ને એક બે કહે અને બીજે કીધા એક ને એક અઢી. અઢી સમજ્યા? ઢાઈ.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એક ને એક કેટલા થાય? અઢાઈ. એમ ક્યાંય લખ્યું હોય? એક ને એક બે જ થાય. અઢી ક્યાંથી લાવ્યો તું?

એમ અહીં કહે છે, એકલો આત્મા સ્વભાવને આશ્રયે પરના સંગ વિના, પરના લક્ષ વિના વિકારપણે પરિણમે તે એનો સ્વભાવ નથી. ભગવાન આત્મા પોતાના સંગને છોડી, સ્વભાવને છોડી, ચ્યુત થઈ લક્ષ છોડી ચ્યુત થયો થકો પરના સંગ વડે પરિણમે છે એવો જ એનો પર્યાયનો ધર્મ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અતિ સ્પષ્ટતા..

ઉત્તર :- અતિ સ્પષ્ટતા છે તો પછી હમણાં કહ્યું તમે કે આવું કેમ બહુ લાંબુ?

મુમુક્ષુ :- .. થાય તો વાદી-પ્રતિવાદી બેયને.. આ તો એકલા વાદીને માથે જ બધું આવી ગયું.

ઉત્તર :- બધું આવ્યું, વાદીને માથે જ છે. ૪૯૩ લખ્યું છે ક્યાંક આમાં. ૪૯૩ પાનું. કેટલામું છે આ? ૪૯૩. આમાં હોં. હા ઠીક. ઓલા આવે છે ને? કોઈ આત્માના ઘાતક કર્મને જ કર્તા વિચારીને આત્માના કર્તાપણાને ઉડાડે છે ને? શ્લોક છે ને? એ શ્લોક છે ૨૦૪. ૨૦૪ કળશ-કળશ. ૨૦૪ કળશ.

મુમુક્ષુ :- ગુજરાતીમાં .. પાનું.

ઉત્તર :- ગુજરાતીમાં અહીંયાં ૪૯૩ પાનું છે. આ તો શ્લોક કળશ કાઢો ૨૦૪ એટલે પછી ગમે ત્યાં હોય. ૨૦૪. છે એનો અર્થ? જુઓ.

**'કોઈ આત્માના ઘાતક (સર્વથા એકાંતવાદીઓ) કર્મને જ કર્તા વિચારીને આત્માના કર્તાપણાને ઉડાડીને,...'** રાગનો આત્મા કર્તા છે એને ઉડાડે છે. ૨૦૪ કળશ. ૨૦૪ કળશ. કાઢતા વાર લાગે છે. ૨, ૦ ને ૪. એ હીરા-માણેકમાં એમ ન વાર લાગે એને. કહો. **'કોઈ આત્માના ઘાતક...'** ભાષા જુઓ. મૂળ પાઠ છે હોં એ. **'हतकैः'** જુઓ શબ્દ છે સંસ્કૃત. **'कर्मैव प्रतितर्क्य ट्रकर्तृ हतकैः' 'કોઈ આત્માના ઘાતક કર્મને જ કર્તા વિચારીને આત્માના કર્તાપણાને ઉડાડીને, આ આત્મા કથંચિત્ કર્તા છે એમ કહેનારી અચલિત શ્રુતિને કોપિત કરે છે (-નિર્બાધ જિનવાણીની વિરાધના કરે છે);....'** એ લીધું ટોડરમલે. જિનાજ્ઞા માન તો અનીતિ સંભવે નહિ. એ દરેકમાં શાસ્ત્રની આજ્ઞા પ્રમાણે બોલનારા બધા છે. ટોડરમલજી. જુઓ આ. છે ને?

**'(નિર્બાધ જિનવાણીની વિરાધના કરે છે); તીવ્ર મોહથી જેમની બુદ્ધિ બિડાઈ ગઈ છે એવા તે આત્મઘાતકોના જ્ઞાનની સંશુદ્ધિ અર્થે વસ્તુસ્થિતિ કહેવામાં આવે છે - કે જે વસ્તુસ્થિતિએ સ્યાદ્વાદના પ્રતિબંધ વડે વિજય મેળવ્યો છે...'** વિકાર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તું કરે છો ત્યારે તે નિમિત્ત છે એમ ત્યાં સિદ્ધ કરવા માગે છે. ઘાતકો! વિકાર તું કર અને કર્મને માથે નાખ, આત્માનો ઘાત કરનાર છો. કઠણ વાત છે આ તો. સંતો નાગા છે ને. નગ્ન મુનિ છે. સમજાણું? પછી છે ને?

'**આત્મા સર્વથા અકર્તા નથી, કથંચિત્ કર્તા પણ છે...**' એ છેલ્લી ગાથાઓ છે. ત્યાં તો એવો શબ્દ આચાર્ય અમૃતચંદ્રાચાર્ય પોતે વાપરે છે. આત્માના ઘાતક વિકાર તને કર્મ જ કરાવે છે? જ્ઞાનાવરણીયને લઈને તારું જ્ઞાન હીણું પડી જાય છે? દર્શનાવરણીયને લઈને તારું દર્શન હીણું પડી જાય છે? મોહને લઈને તારી દશા ઘાત પામે છે? માળા ઊંધા. પર્યાયમાં તીવ્ર મિથ્યાત્વ લીધું છે. એટલું માને છે પણ છતાં સ્વરૂપમાં ન વળે તો હજી મંદ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? આ તીવ્ર મિથ્યાત્વ છે. તારી પર્યાયની તીવ્ર મિથ્યાત્વ છે. મિથ્યા નામ બુદ્ધિ તીવ્ર આકરી પાપની છે. બિડાઈ ગઈ છે બુદ્ધિ એમ લખ્યું છે. તારે લઈને તારી બુદ્ધિ મિથ્યાત્વભાવથી બિડાઈ ગઈ છે. ભાઈ! સ્વતંત્રપણે વિકારનો કર્તા (થાય). અને કર્તાની વ્યાખ્યા જ એ છે. સ્વતંત્રપણે કરે તે કર્તા, ક્રિયાનો કરનાર તે કર્તા. તો ક્રિયા જે વિકારનું પરિણમન એ ક્રિયા છે, એનો કર્તા આત્મા અજ્ઞાની પોતાની પર્યાયમાં પોતે કરે છે. સમજાણું કાંઈ? ઓહોહો..!

'**ભાવાર્થ :- સ્ફટિકમણિ પોતે તો કેવળ એકાકાર શુદ્ધ જ છે;...**' આપણે ચાલતો વિષય. '**સ્ફટિકમણિ પોતે તો...**' પોતે સમજ્યાને? અપને. થોડું થોડું સમજી લેવું હવે. '**એકાકાર શુદ્ધ જ છે;...**' એક આકાર. શુદ્ધ સ્ફટિક એકાકાર શુદ્ધ. '**તે પરિણમનસ્વભાવવાળો હોવા છતાં...**' તે સ્ફટિકને બદલવાના, પરિણમવાના.. હોઈ શકે.. સમજાણું કાંઈ? ઘણાં દાખલા કેટલાય નાખે. આ દાખલો એણે આપ્યો છે. આ શું કહેવાય ચર્ચા? જયપુરની ચર્ચા. એમાં નાખ્યો છે. જુઓ! પરને લઈને વિકાર થાય, પોતાથી નહિ. આહાહા..! જ્યાં ત્યાં આ ગાથાઓ પહેલેથી ચાલે છે હોં! ભાઈએ તો નયાભાસ કહ્યું છે.

કર્મને શરીરનો કર્તા જીવને માનવો એ નય જ નથી. મિથ્યાદૃષ્ટિનો નયાભાસ છે. પંચાધ્યાયી. આમથી લેવું છે ને એને. શરીર અને કર્મ જે મૂર્ત અને જડ વસ્તુ. એની સમય સમયની સ્વતંત્ર પર્યાયનો આત્મા કર્તા અને ભોક્તા માને તે નય નથી પણ તે નયાભાસ મિથ્યાદૃષ્ટિનો નય છે. સમજાણું કાંઈ? ચાર નય લીધી છે ને ચાર? નયાભાસ. પહેલી જ એ લીધી. ફૂલચંદજીએ એ જ પહેલા પંડિતજીએ નખાવી. શરીર અને જીવ બે એક માનવા, જીવનું શરીર એમ માનવું એ પહેલો નયાભાસ. પ્રશ્ન ત્યાં ઉઠ્યો. એય..! દેવાનુપ્રિયા! સજીવ શરીરથી.. પહેલું નયાભાસ છે પંચાધ્યાયીમાં. જીવ અને શરીર એક માનનારા. અથવા જીવનું શરીર એમ માનનારા તે મિથ્યાદૃષ્ટિ નયાભાસ છે. શરીરના રજકણોની પર્યાય સ્વતંત્ર, તું સ્વતંત્ર. વળી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શરીર આવ્યું ક્યાંથી તારું?

મુમુક્ષુ :- વ્યવહારે કહે છે.

ઉત્તર :- વ્યવહારનો અર્થ શું? છે નહિ એને કહેવું એનું નામ વ્યવહાર છે. બીજો નય એ લીધો કે કર્મને બીજા નોકર્મનો કર્તા અને ભોક્તા જીવને માનવો. નયાભાસ મિથ્યાદૃષ્ટિનું અજ્ઞાન છે. સમજાણું? ત્રીજો નયમાં નયાભાસ એ લીધો કે શાતાવેદનીયથી મળેલી ચીજો. પૈસા, સ્ત્રી, પુત્ર, લક્ષ્મી આદિ. એનો અર્થ બીજો કર્યો છે. ફૂલચંદજીએ. શાતાવેદનીયમાં નિમિત્ત થતાં એવા એમ લીધો છે. એમ નથી. શાતાવેદનીયથી મળતા દૂરના, ઓલા નજીકની વાત લીધી. પછી દૂરના. આ પૈસા, લક્ષ્મી, મકાન એને આત્મા કરે છે અને ભોગવે છે એ માન્યતા નયાભાસ મિથ્યાદૃષ્ટિની છે. કહો, શેઠી! આ મકાન-બકાન કરાવ્યા મેં અને મેં ભોગવ્યા એ મૂઢ છો એમ કહે છે.

મુમુક્ષુ :- મકાનમાં રહેવું કે ન રહેવું?

ઉત્તર :- કોણ રહે છે મકાનમાં? આત્મા આત્મામાં છે. આત્મા મકાનમાં ગરી ગયો છે? ત્રણ લીધા. ચોથું.. જ્ઞેયમાં જ્ઞાન.. પ્રવચનસારમાં આવે છે. નયાભાસ કહ્યું. કહો, સમજાણું કાંઈ? પ્રવચનસારમાં આવે છે ને જ્ઞેયમાં જ્ઞાન. અપેક્ષાથી સમજાવવા. જ્ઞાનની પૂર્ણતા સમજાવવા. જ્ઞેય અહીં છે ને જ્ઞાન, પણ એ કહે કે જ્ઞાનમાં જ્ઞેય અને જ્ઞેયમાં જ્ઞાન નયાભાસ છે. એકદમ સ્વદ્રવ્યના સંબંધનું એક કથન છે ને? સ્વદ્રવ્યના સમયનું કથન છે. એ તો કહે છે કે શુદ્ધનયના બે ભેદ માને એ સર્વજ્ઞની આજ્ઞા બહાર મિથ્યાદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- વાત પણ સાચી છે.

ઉત્તર :- ના, પણ પાઠ છે ને ૧૧મી ગાથામાં. '**शुद्धनय एक एव भूतार्थत्वात् भूतमर्थं प्रद्योतयति**'. '**एक एव**' એવો પાઠ છે ને? શુદ્ધનય એક જ છે. ત્રિકાળ જ્ઞાયકભાવને જણાવનારી શુદ્ધનય એક જ છે. શુદ્ધનયના ભેદ હોઈ શકે નહિ. એણે સમયસારની અપેક્ષાએ કહ્યું છે. પછી બીજા દ્રવ્યસંગ્રહ આદિમાં આવે, જયચંદ્ર પંડિતમાં આવે છે. પણ મૂળ આ છે. શુદ્ધનયના બે ભેદ જ નથી. ઓલા અશુદ્ધનયથી રાગનો કર્તા અને ફલાણું આ. કહે ના એ બધો વ્યવહાર છે. '**एक एव**'. અમૃતચંદ્રાચાર્ય એની શૈલી. પંચાધ્યાયીકારે બધું શાસ્ત્રના આધાર લઈને વાત કરી છે. ઘરની વાત નહિ. પંડિતો પહેલાના શાસ્ત્રોને લઈને (વાત કરે છે). ભવભીરુ હતા. અરે..! અમારા ઘરની વાત નથી. આ તો ભગવાનની કહેલી, સંતોએ કહેલી વાત છે. તો એ વાત મૂકીએ છીએ. અમારો ઘરનો એક પણ શબ્દ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

કહે છે કે સ્ફટિકમણિ '**લાલાશ-આદિરૂપે પરિણમતો નથી પરંતુ લાલ આદિ પરદ્રવ્યના**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**નિમિત્તે...**' લાલ-રાતા આદિ ફૂલ. '**(અર્થાત્ સ્વયં લાલાશ-આદિરૂપે પરિણમતા...**' ફૂલ આદિ કે કપડા લાલ આદિ '**એવા પરદ્રવ્યના નિમિત્તે) લાલાશ-આદિરૂપે પરિણમે છે.**' એ નિમિત્ત છે. ઉપાદાન આનું છે. '**તેવી રીતે...**' એ તો ઉપાદાન આનું છે ત્યારે પરિણમે છે. એને લઈને પરિણમે તો કીધું ને લાકડું પરિણમવું જોઈએ. લાકડાનો દાખલો આપ્યો ને પહેલા. દિવાસળીનો આપ્યો. દિવાસળી. દિવાસળી સળગતી હોય અહીં દિવાસળી અને અહી કોરું હોય હાથ. આ બાજુ બિલકુલ ગરમ ન થાય અને લોઢાનો સરિયો પાંચ હાથનો તો ચાર તસુ અગ્નિમાં હોય, આમ ચાર તસુ. આ સરિયો નહિ પકડાય. એ અગ્નિને કારણે નથી. લોઢાનો સ્વભાવ એવો છે કે અગ્નિનો .. થઈને ઊનું થઈ જાય છે. અગ્નિને કારણે નથી. એ લોઢાને કારણે છે. એમ લાકડું ઊનું થતું નથી અને ત્યાં જ રહે છે એ લાકડાનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? લાકડું દિવાસળીમાં હોય છે ને, જુઓને. અહીં ઊનું ન હોય અને અહીં સળગે. અને લોઢાનો સરિયો આટલો હોય. સરિયો સમજો છો? શું કહે છે? સરિયા મોટા. એ ચાર તસુ અગ્નિમાં હોય, આટલો. આ બાજુ પાંચ હાથ ગરમ થઈ જાય. પકડાય પણ નહિ. એ અગ્નિને કારણે નહિ. અગ્નિને કારણે હોય તો લાકડું પણ એમ થવું જોઈએ. એમ કર્મને કારણે વિકાર નહિ. એમ સ્ફટિકમાં લાલ થાય છે એ લાલને કારણે નહિ, પોતાની યોગ્યતાને કારણે છે. સમજાણું કાંઈ?

'**તેવી રીતે આત્મા પોતે તો શુદ્ધ જ છે; તે પરિણમનસ્વભાવવાળો...**' શુદ્ધ છે અને પરિણમનસ્વભાવવાળો છે એમ બે વાત. '**છતાં એકલો એકલો પોતાની મેળે રાગાદિરૂપે પરિણમતો નથી...**' વિકારપણે થતો નથી. '**પરંતુ રાગાદિરૂપ પરદ્રવ્યના નિમિત્તે...**' રાગાદિરૂપ પરદ્રવ્ય એટલે કર્મ. '**(અર્થાત્ સ્વયં રાગાદિરૂપે પરિણમતા...**' ઓલા કર્મ '**એવા પરદ્રવ્યના નિમિત્તે) રાગાદિરૂપે પરિણમે છે. આવો વસ્તુનો સ્વભાવ છે,...**'

મુમુક્ષુ :- આમાં પરિણમાવે છે લીધું ..

ઉત્તર :- આમાં પરિણમાવે ન લીધું. કીધું ને. પરિણમે છે એમ લેવું છે. ભાષા ફેરવી નાખી ટીકાકારે.

'**આવો વસ્તુનો જ સ્વભાવ છે, તેમાં અન્ય કોઈ તર્કને અવકાશ નથી.**' બંધ ભાવ અબંધ સ્વભાવને આશ્રયે પ્રગટ થતો નથી. બંધ ભાવ પરની મમતાને કારણે પર્યાયમાં ઊભો થાય છે. આ સિદ્ધ કરવું છે. આહાહા..! સમજાણું કાંઈ? આ વાત. આવી ચર્ચા અને આવી તકરારુંમાં અટકે. એને અંતરમાં જવાનો અવસર પણ ક્યારે મળે? આહાહા..! બહિર્બુદ્ધિમાં છે. એ તો બહિર્બુદ્ધિ થઈ. પછી કહે કે આત્મા જ્ઞાતાદૃષ્ટા. પણ જ્ઞાતાદૃષ્ટા

ક્યાંથી તેં નક્કી કર્યો? કારણ કે કર્મને લઈને તારામાં મિથ્યાત્વ થશે. ક્યાંથી જ્ઞાતા-દૃષ્ટા નક્કી કર્યો? સમજાણું કાંઈ? નિમિત્તથી થનારાઓ એમ માને કે અમે તો આત્મા જ્ઞાતા-દૃષ્ટા. ક્યાંથી પણ તેં માન્યું જ્ઞાતા-દૃષ્ટા? જ્ઞાતા-દૃષ્ટા તો વિકાર તારાથી થતો હોય એને છોડીને જ્ઞાયક સ્વરૂપની દૃષ્ટિ કરતાં આત્મા જ્ઞાતા-દૃષ્ટા છે એવો નિર્ણય થાય. એ વિના જ્ઞાતા-દૃષ્ટા આવ્યો ક્યાંથી? સમજાણું કાંઈ?

'**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**' લ્યો. એ આ વાંચ્યું હતું ને હમણાં ઈ.

**न जातु रागादिनिमित्तभाव-**
**मात्मात्मनो याति यथार्ककान्तः।**
**तस्मिन्निमित्तं परसङ्ग एव**
**वस्तुस्वभावोऽयमुदेति तावत्।।१७५।।**

હવે આમાં ચોખ્ખું કરી નાખ્યું. ઓલા '**परसङ्ग एव**'. પરના સંગની મમતાના કારણે. પોતે એની વ્યાખ્યા એમ કરી. સમજાણું કાંઈ? સંગ કર્યો તેં પરનો માટે બંધ થાય છે. સ્વના સંગે બંધ હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ?

'**શ્લોકાર્થ :- સૂર્યકાંતમણિની માફક...**' સૂર્યકાંત મણિ થાય છે ને? સૂર્યકાંતનો. '**(અર્થાત્ જેમ સૂર્યકાંતમણિ પોતાથી જ અગ્નિરૂપે પરિણમતો નથી,...**' એકલો અગ્નિરૂપે ન પરિણમે. એને સૂર્યનું નિમિત્ત હોય. '**તેના અગ્નિરૂપ પરિણમનમાં સૂર્યનું બિંબ નિમિત્ત છે,...**' એ આ છોકરાઓ કરતા કાચનું હોય ને? ઓલા રૂ મૂકેને પછી નહોતા સળગાવતા? આ સૂર્યનું કિરણ. છોકરા નાની ઉંમરમાં કરતા એ. કાચ હોય ને સૂર્યકાંત. પછી એમ કરતા. પણ એ એકલું એકલું ન હોય. એને જ્યારે સૂર્યનું નિમિત્ત (મળે) ત્યારે એની યોગ્યતામાં અગ્નિ થાય. પછી રૂ આમ બળે રૂ. રૂ સમજો છો? રૂઈ.

'**સૂર્યકાંતમણિની માફક (અર્થાત્ જેમ સૂર્યકાંતમણિ પોતાથી જ અગ્નિરૂપે પરિણમતો નથી, તેના અગ્નિરૂપ પરિણમનમાં સૂર્યનું બિંબ નિમિત્ત છે,...**' સૂર્ય. એ છોકરાઓ આમ બિંબની સામે રાખે. '**આત્મા પોતાને રાગાદિકનું નિમિત્ત કદી પણ થતો નથી,...**' એટલે વસ્તુ સ્વભાવ રાગનું કારણ કોઈ દિ' થતો નથી. '**તેમાં નિમિત્ત પરસંગ જ...**' અહીં .. છે હોં. '**(પરદ્રવ્યનો સંગ જ)...**' નિમિત્ત છે. પરદ્રવ્યનો સંગ કરે તે કારણ છે. સ્વદ્રવ્યનો સંગ કરતો નથી તે કારણ છે. આમ કહે છે લ્યો. સમજાણું કાંઈ? ફૂલચંદજી આ શ્લોક બોલતા. ભાઈ એમ કહેતા બંસીધરજી. બંસીધરજી ને? '**परसङ्ग एव**' પરસંગને કારણે છે. પરને કારણે નહિ. સંગ કર્યો માટે છે. એમ. વાત એ બરાબર. સમજાણું? એકલો કાચ સૂર્યના નિમિત્ત વિના એકલો અગ્નિપણે પરિણમતો નથી. પણ એને પરિણમવાના

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અગ્નિકાળમાં સૂર્યનું નિમિત્ત હોય છે.

મુમુક્ષુ :- એનો સંગ હોય તો થાય.

ઉત્તર :- સંગ હોય છે. એ સંગ હોય તો અહીં થવાની યોગ્યતા હોય ત્યારે એનો સંગ હોય છે. એમ. સમજાણું કાંઈ?

**'આત્મા પોતે...'** રાગ નામ પુણ્ય-પાપના વિકારનું કારણ એકલો કદી પણ થતો નથી. તેમાં નિમિત્ત પરસંગ નામ પરદ્રવ્યનો સંગ છે. એ પરનો સંગ કરે છે તે વિકારનું કારણ છે. કહો, **'આવો વસ્તુસ્વભાવ પ્રકાશમાન છે.'** પરનો સંગ કરે તો વિકાર થાય એવો વસ્તુનો સ્વભાવ છે. સ્વનો સંગ કરે તો થાય નહિ. કહો, સમજાય છે કાંઈ? પાછા આમાં શું લે? આવો વસ્તુનો સ્વભાવ પ્રકાશમાન છે. એટલે એમ કહે કે પર વડે જ વિકાર થાય એવો વસ્તુનો સ્વભાવ છે. અરે..! ભગવાન! એની પણ બલિહારી છે ને. એમ કહે, જુઓ! આવો વસ્તુનો સ્વભાવ છે કે આત્મા પોતાની મેળે વિકાર ન પરિણમે, પર વડે જ વિકાર થાય એવો વસ્તુનો સ્વભાવ છે. પણ એનો અર્થ શું? પર્યાયમાં વિકાર પરના સંગે થાય એવો વસ્તુનો સ્વભાવ છે. સ્વના સંગે થાય નહિ. એમ વાત છે. અરે.. ભગવાન! એને ગોઠતું નથી. સ્વતંત્રપણે વિકાર થાય તે ગોઠતું નથી. દ્રવ્યમાં નથી, ગુણમાં નથી. છ દિ' સુધી અહીં ચર્ચા ચાલી. ભાઈ! ઓલા રહેતા હતા ને ચિદાનંદજી? ઓલા હાથ નહિ ઓલા લૂલા. ચિદાનંદજી નથી એક ક્ષુલ્લક?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- હા. એ. ઈ અહીંયાં બે વર્ષ ... ૨૦૦૯ અને ૨૦૧૦ની સાલ. સાંભળ્યું નથી. બિચારા ક્ષુલ્લક થઈને ફરે. છ દિવસ સુધી. વિકાર કેમ થયો? વિકાર કેમ થયો? દ્રવ્યમાં નથી, ગુણમાં નથી. વિકાર કેમ થયો? વિકાર થયો પોતાની પર્યાયથી. બે .. સાંભળો. પછી ઘણું .. હા વાત સાચી. અમને .. ખબર નહિ. સમજ્યા? પણ એ બિચારા એમ કહે, અમે ક્ષુલ્લક નથી. હવે અમારે શું કરવું? કીધું, અમે કોઈને કહેતા નથી.

મુમુક્ષુ :- એ તો કહેતા હતા, બહાર પણ કહેતા હતા.

ઉત્તર :- કહેતા હતા ને. અમે ક્ષુલ્લક નથી. આપ કહો છો એ હિસાબે અમે ક્ષુલ્લક નથી. .. શું કરવું? શું કરવું શું? અમે કોઈને કહેતા નથી. અમે તો વસ્તુની સ્થિતિ બતાવીએ છીએ. તમારે શું કરવું એ અમારી જવાબદારી નથી.

મુમુક્ષુ :- એ તો અત્યારે ...

ઉત્તર :- કહે છે ને કહે છે. અમે ક્ષુલ્લક નથી. અમે ક્ષુલ્લક સાચા નથી. હવે કહે છે. અમને ઉપકાર છે એમનો. એમ ચોખ્ખું ભોપાલમાં હજારો માણસો વચ્ચે કહ્યું હતું. રાતે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નહિ? છેલ્લે દિવસે. ભાઈ! આ વસ્તુ આવી છે. એમાં કોઈના ઘરની વાત નથી. આહાહા..!

'**આવો વસ્તુસ્વભાવ પ્રકાશમાન છે. (સદાય વસ્તુનો આવો જ સ્વભાવ છે, કોઈએ કરેલો નથી.**)' એ પોતાને આત્મા ભૂલે ત્યારે નિમિત્તની મમતાથી વિકાર કરે છે. આવો વસ્તુનો સ્વભાવ છે. એમાં કોઈનો કરેલો કે કોઈના પક્ષનો નથી. એનો નિર્ણય કરો કરવો જોઈએ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**ભાદરવા વદ ૭, સોમવાર તા. ૨૫-૦૯-૧૯૬૭**
**શ્લોક-૧૭૬-૧૭૭, ગાથા-૨૮૦-૨૮૧, પ્રવચન-૩૪૭**

સમયસાર. બંધ અધિકાર. ૧૭૫ કળશ થઈ ગયો.

‘**આવા વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની...**’ ત્યાંથી આવ્યું છે. આવા એટલે શું? ‘**इति तावद्वस्तुस्वभावः**’ છે ને? મૂળ તો આવશે અર્થ કળશમાં. એનો અર્થ નથી કર્યો. એનો એ કર્યો છે. .. પછી ઓલો અર્થ કરે છે. ‘**આવા વસ્તુસ્વભાવને...**’ એટલે શું? કે આત્મા અંતર્મુખ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે, એવી અંતરની દૃષ્ટિમાં જેને સ્વભાવનું ભાન થયું છે તે રાગાદિકને પોતાના કરતો નથી. બહિર્બુદ્ધિ એને નથી એથી નિમિત્તના સંગમાં રાગાદિને કરતો નથી. સમજાણું કાંઈ?

ઓલામાં આવ્યું હતું ને પહેલું સ્ફટિકમાં? કે આ પર કરાવે છે. એ કરાવતો નથી. પોતે પરસંગમાં જોડાય છે. અંતર્મુખ સ્વભાવ જે શુદ્ધ ચૈતન્ય છે, એ અંતર્મુખ સ્વભાવની દૃષ્ટિ નથી તેથી તે બહિર્મુખની દૃષ્ટિમાં નિમિત્તના સંગમાં ગયેલી પર્યાયદૃષ્ટિ રાગ ને વિકાર ને મિથ્યાત્વપણે થાય છે. કહો, સમજાય છે કાંઈ? અને વસ્તુ શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકભાવ એવી અંતર્મુખ દૃષ્ટિને લઈને એવા વસ્તુ સ્વભાવને જાણતો જ્ઞાની ‘**રાગાદિકને પોતાના કરતો નથી...**’ એટલે કે રાગરૂપે ખરેખર એ પરિણમતો જ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. પરિણમતો જ નથી.

ઉત્તર :- પરિણમતો જ નથી.

મુમુક્ષુ :- તો ખોટારૂપે પરિણમે છે?

ઉત્તર :- ના. ના. ખરેખર પરિણમતો જ નથી. આ કરતો નથી એટલો શબ્દ આવ્યો ને એટલે અર્થ કરવો પડ્યો. પોતાના કરતો નથી એટલે રાગ થાય છે એને પોતાના કરતો નથી એમ નહિ. શું કહ્યું? રાગ કરે છે અને પોતાના (કરતો નથી એમ નથી). રાગ કરતો જ નથી. પોતાની પર્યાયમાં સ્વભાવ સન્મુખ દૃષ્ટિ છે, શુદ્ધ ચૈતન્ય એનું એકરૂપ દૃષ્ટિમાં આવ્યું છે. એવા સ્વભાવ દૃષ્ટિવંત ધર્મી રાગને પોતાના કરતો નથી એટલે પોતાની પર્યાયમાં પરિણમતો જ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કઠણ પડે.

ઉત્તર :- હા. થોડું કઠણ છે પણ એ વસ્તુ એમ જ છે ઈ. રાગ, દ્વેષ, મોહ આદિ ભાવોનો અકર્તા છે. જુઓને! એમાં એ આવશે. કહો, સમજાણું?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વાત એવી છે કે વસ્તુ છે આત્મા એક સમયમાં શુદ્ધ ચૈતન્યમૂર્તિ. શુદ્ધનયનો વિષય એટલે કે વસ્તુ. જે અંતરમાં દૃષ્ટિ ગઈ, વસ્તુમાં ચૈતન્ય શુદ્ધ ઉપર દૃષ્ટિ ગઈ એટલે એનું પરિણમન વિકારપણે થવાનો નિમિત્તનો સંગ રહ્યો જ નહિ. અસંગ સ્વભાવની દૃષ્ટિમાં સંગ કરવાની દૃષ્ટિ રહી નહિ. માટે જ્ઞાની વસ્તુ સ્વભાવ શુદ્ધ ચૈતન્ય છું એવું જાણતો રાગરૂપે પરિણમતો નથી, પણ શુદ્ધ સ્વભાવપણે પરિણમે, થાય છે. કહો, સમજાય છે કાંઈ આમાં? કહો, જુગરાજજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નહિ. રાગરૂપ પરિણમતો જ નથી.

મુમુક્ષુ :- પર્યાય

ઉત્તર :- છે નહિ. પરિણમતો નથી. અજ્ઞાની પરિણમે એમ કહે છે. વસ્તુ શુદ્ધ ચૈતન્ય સ્વભાવ જ્ઞાયક એના અંતર્મુખ આ સ્વભાવ છે એનો આશ્રય નથી એવો અજ્ઞાની પરના નિમિત્તના સંગમાં જોડાઈને વિકારરૂપે પરિણમે છે. સમજાણું કાંઈ? સમજાણું આમાં? આ મોટા ગોટાની ગાથાનો ખુલાસો છે આ. આવ્યું કે નહિ? અમરચંદજી! વાંચ્યું કે નહિ? થોડું વાચ્યું હશે.

મુમુક્ષુ :- વાંચ્યું છે.

ઉત્તર :- આખું વાંચ્યું? .. હાથમાં રાખીને ને? શોભાલાલજીને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- સમજ્યા નહિ. વાંચ્યા એટલે થઈ રહ્યું. પછી બેય શેઠિયાને સમજાવું જોઈએ એને. કેમ? એ માટે શેઠે પણ માગ્યું હતું. ચોપડી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. છે. રાતે બતાવશે. પછી વખત મળશે ત્યારે. કહો, સમજાય છે કાંઈ? '**એવા અર્થનો, આગળની ગાથાની સૂચનારૂપ શ્લોક હવે કહે છે :-**' હવે શ્લોક આવશે ને ૨૮૦નો એનો આ ઉપોદ્ઘાત શ્લોક છે જુઓ.

**इति वस्तुस्वभावं स्वं ज्ञानी जानाति तेन सः।**
**रागादीन्नात्मनः कुर्यान्नातो भवति कारकः।।१७६।।**

અર્થ છે ને અર્થ?

'**શ્લોકાર્થ :- એવા પોતાના વસ્તુસ્વભાવને...**' એટલે કે પોતાનો શુદ્ધ આનંદ અને જ્ઞાનસ્વભાવ છે તેને ધર્મી જાણતો. તે '**જ્ઞાની જાણે છે...**' કોને? પોતાના વસ્તુ શુદ્ધ ચૈતન્ય સ્વભાવ, પવિત્ર સ્વભાવ, ધ્રુવ સ્વભાવ, આનંદ સ્વભાવ, એકરૂપ ચૈતન્ય સ્વભાવ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એવા ચૈતન્યરસ સ્વભાવને જાણતો ધર્મી, એને જાણતો ધર્મી. '**તેથી તે રાગાદિકને પોતાના કરતો નથી,...**' તેથી તે રાગપણે પોતાના સ્વરૂપમાં પરિણમતો નથી. '**તેથી તે (રાગાદિકનો) કર્તા નથી.**' કહો, સમજાણું કાંઈ? કર્તા નથી એટલે પરિણમતો નથી માટે કર્તા નથી. એ ગાથા છે, જુઓ હવે ૨૮૦.

**ण य रागदोसमोहं कुव्वदि णाणी कसायभावं वा।**
**सयमप्पणो ण सो तेण कारगो तेसिं भावाणं।।२८०।।**
**કદી રાગદ્વેષવિમોહ અગર કષાયભાવો નિજ વિષે**
**જ્ઞાની સ્વયં કરતો નથી; તેથી ન તત્કારક ઠરે. ૨૮૦.**

જુઓ! અહીં ૭૮ અને ૭૯નો અહીં ખુલાસો આવે છે. એમાં બધા ઘણાં પંડિતો અને ઘણાં ત્યાગીઓ એમાં એમ કહે છે કે એ પરદ્રવ્યને લઈને જ આત્માને વિકાર થાય. પાછા અપ્રતિક્રમણમાં એ દાખલો આપશે. પણ એનો અર્થ એમ નથી. પરદ્રવ્યના સંગથી થાય. સ્વસંગ જે ચૈતન્ય છે એનો સંગ જે કર્યો એને પરસંગના નિમિત્તની દૃષ્ટિ જ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- '**परसङ्ग एव**'.

ઉત્તર :- હા. '**परसङ्ग एव**' એ જોવાની ચીજ છે. '**परसङ्ग एव**' કાલે આવ્યું હતું ને? આવ્યું હતું ને? જુઓને અંદર. શ્લોકમાં. પરસંગ, પરદ્રવ્યનો સંગ જ. પણ એનો અર્થ એ કરે કે પરદ્રવ્યનો સંગ છે માટે અહીં વિકાર થાય. એમ નહિ. પરદ્રવ્યનો સંગ કરે છે માટે વિકાર થાય એમ એનો અર્થ છે. સમજાણું કાંઈ? ઘણાંને એવી બેસી ગઈ છે વાત કે કર્મને લઈને વિકાર થાય. એટલે એ દૃષ્ટિએ કોઈ રીતે શાસ્ત્રની ગડ બેસાડવી. સમજાણું કાંઈ? પણ એમ છે જ નહિ. આત્માની પર્યાયમાં વિકાર પરના સંગની બુદ્ધિએ થાય. સ્વસંગની બુદ્ધિએ થતી નથી. બસ ખલાસ. એ પોતાનું કારણ છે. રામસ્વરૂપજી! ખબર નહિ પણ શું કરે? આખી વાત..

ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ છે, વસ્તુ છે, અનંત ગુણનો પિંડ. અતીન્દ્રિય આનંદનો રસકંદ આત્મા છે, પૂર્ણ આનંદમૂર્તિ નિત્યાનંદ આત્મા. એવી વર્તમાન દૃષ્ટિએ અંતર્મુખ કરીને આત્માના સ્વભાવને જાણ્યો, માન્યો, અનુભવ્યો એ જ્ઞાનીને પરસંગની બુદ્ધિ નથી એટલે રાગ-દ્વેષાદિ થતા નથી. નથી જ થતાં. થોડા થાય છે એ પણ પરિણમન-પોતાના પરિણમનમાં ભેળવતો નથી. એટલે એને થતા નથી. સમજાણું કાંઈ? ભારે ઝીણું!

વસ્તુ છે ને આખો ભગવાન આત્મા? એ પૂર્ણ અનંત જ્ઞાન, દર્શન, આનંદ, આદિ સત્ત્વ તત્ત્વ છે. હવે એની જે વર્તમાન દશાએ અંતર્મુખ થઈને આત્માનું જ્ઞાન કર્યું તો વસ્તુ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સ્વરૂપ જે પરિપૂર્ણ છે એનું જે જ્ઞાન કર્યું... સમજાય છે? એ વસ્તુના સ્વભાવનું જ્ઞાન થયું. અને એ સ્વભાવનું જ્ઞાન થયું એટલે અસંગ સ્વભાવનું ભાન થતાં તેને પરના સંગની બુદ્ધિએ જે વિકાર થતો એ જ્ઞાનીને થતો નથી.

મુમુક્ષુ :- પરસંગ કરનારો પણ...

ઉત્તર :- હા. એ આવશે પછી ગાથામાં. સંગ એ પરસંગ અજ્ઞાની પોતે ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ આનંદ, એની અંતર દૃષ્ટિ કરતો નથી એટલે વર્તમાન પર્યાયમાં દૃષ્ટિ પરસંગ ઉપર એની જાય છે. સમજાણું કાંઈ? એ તો આ ભાઈ કેવા? ઈન્દોરવાળા બંસીધરજી એમ જ કહેતા હતા. પરસંગ. પરથી નહિ. પર એવ નહિ. પરસંગ. સમજ્યા? અમરચંદભાઈ! પર એવ નહિ, પર વડે થાય એમ નહિ. પરસંગ. સંગ કર્યો પરનો પોતે માટે વિકાર થાય છે. વસ્તુમાં ક્યાં છે? વસ્તુની દૃષ્ટિ અને વસ્તુના સ્વભાવવાનને નથી. વસ્તુમાં નથી એથી વસ્તુના સ્વભાવવાનને વિકાર નથી. સમજાણું કાંઈ? એની ને એની દૃષ્ટિમાં પોતાનો વસ્તુ સ્વભાવ, તેને દૃષ્ટિમાં લેતો નથી એથી તેની દૃષ્ટિ સંગ ઉપર, કર્મ ઉપર, પર ઉપર જાય છે. એટલે પરસંગ પોતે કરે છે તો વિકાર થાય છે. કહો, સમજાણું આમાં?

'**એવા પોતાના વસ્તુસ્વભાવને જ્ઞાની જાણે છે તેથી તે રાગાદિકને પોતાના કરતો નથી,...**' એટલે પરિણમતો નથી. પોતામાં વિકારપણે થતો નથી. કારણ કે પોતે જે છે એ તો શુદ્ધ સ્વરૂપ છે. એ શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિને લઈને પોતામાં વિકારપણે થતો નથી. શુદ્ધ સ્વભાવપણે થાય છે. '**તે (રાગાદિકનો) કર્તા નથી.**' કરતો નથી એટલે પરિણમતો જ નથી. એમ. સમજાણું કાંઈ? આહાહા..!

'**હવે, એ પ્રમાણે જ ગાથામાં કહે છે :-**' ગાથા બોલાઈ ગઈને? જુઓ! એનો અર્થ. હવે ટીકા દેખો. ગાથા છે? શેઠ! ૨૮૦. એ કળશ ગયો. હવે ગાથા એની ટીકા.

'**ટીકા :- યથોક્ત...**' યથોક્ત-યથા-ઉક્ત '**(અર્થાત્ જેવો કહ્યો તેવા)...**' વસ્તુ સ્વરૂપને. '**વસ્તુસ્વભાવને...**' ચૈતન્ય દ્રવ્ય જ્ઞાનમૂર્તિ આનંદસ્વરૂપ શુદ્ધ આત્માને '**જાણતો જ્ઞાની (પોતાના) શુદ્ધસ્વભાવથી જ ચ્યુત થતો નથી...**' જુઓ. સમજાણું? પોતાનો શુદ્ધ સ્વભાવ છે તેને જાણતો, શુદ્ધ સ્વભાવથી ચ્યુત થતો નથી. '**તેથી રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોરૂપે પોતાની મેળે પરિણમતો નથી...**' જુઓ! અહીં તો બંધ સિદ્ધ કરવો છે. પર્યાયબુદ્ધિએ પરનો સંગ કરે તો બંધ થાય છે. સ્વભાવબુદ્ધિએ પોતે અબંધસ્વરૂપ છે એવી દૃષ્ટિ થતાં તેને બંધ છે નહિ. સમજાણું કાંઈ? પરસંગ કરે છે તો બંધ કરે છે. પોતાના સ્વભાવ ઉપર દૃષ્ટિ કરે તો બંધ છે નહિ. વસ્તુમાં નથી.

'**વસ્તુસ્વભાવને જાણતો નથી (પોતાના) શુદ્ધસ્વભાવથી જ...**' જોયું! પોતે શુદ્ધ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વભાવ ચૈતન્ય જ્ઞાનાનંદ છું એવી દૃષ્ટિને લઈને ત્યાંથી દૃષ્ટિ ખસતી નથી એટલે શુદ્ધ સ્વભાવથી હટતો નથી.

મુમુક્ષુ :- પરને કારણે...?

ઉત્તર :- પરને કારણે કાંઈ નથી. પોતે શુદ્ધ સ્વભાવની દૃષ્ટિ કરી છે માટે શુદ્ધ સ્વભાવથી હટતો નથી.

'**તેથી રાગ-દ્વેષ-મોહ આદિ...**' પુણ્ય-પાપ આદિ વિકારપણે. જુઓ! મોહ આદિ લીધું ને? મિથ્યાત્વ આદિ ભેગું. '**પોતાની મેળે...**' એટલે સ્વયં '**પરિણમતો નથી...**' સ્વભાવ સન્મુખની દૃષ્ટિમાં સ્વભાવનો આશ્રય લેતા, અસંગ સ્વભાવને દૃષ્ટિમાં લેતાં જ્ઞાની અસંગ સ્વભાવરૂપે પરિણમે છે. એ રાગ-દ્વેષપણે, પુણ્ય-પાપપણે પોતે પરિણમતો નથી. કારણ કે એના સ્વભાવમાં નથી અને સ્વભાવદૃષ્ટિ થઈ એમાં પણ નથી. આહાહા..! સમજાણું કાંઈ? જુઓ, આ ગાથા બહુ તકરારી છે અત્યારે હિન્દુસ્તાનમાં.

મુમુક્ષુ :- ગાથા તકરારી છે?

ઉત્તર :- એ ગાથા તકરારીનો અર્થ કે અર્થ કરનારની તકરારી દૃષ્ટિ છે. શેઠી! આને તો કાંઈ ખબર ન મળે, બીજાઓ તમારે માથે બેઠા કહે હા. હા. આ તો મહા મૂળ સિદ્ધાંત છે. બંધ અધિકારમાં બંધપણું દ્રવ્ય સ્વભાવમાં નથી એટલે દ્રવ્ય સ્વભાવ દૃષ્ટિવાળો બંધપણે પરિણમતો જ નથી એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

જુઓ! ખુલાસો અહીં કરી નાખ્યો કે '**ભાવોરૂપે પોતાની મેળે...**' એટલે પરસંગ નથી જ્ઞાનીને. ધર્મીને તો સ્વભાવ ચૈતન્યમૂર્તિ અખંડ એનો સંગ છે. તેથી પોતાની મેળે વિકારપણે થતો નથી તો '**પર વડે પરિણમાવાતો નથી,...**' તો પર એને પરિણમાવે (એમ નથી). એમ પરિણમતો નથી માટે પર વડે પરિણમાવાતો નથી. ખલાસ થઈ ગયું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. ..

ઉત્તર :- પણ એ તો પોતે કરે તો પર પરિણમાવે એમ કહેવામાં આવતું હતું. પોતે જ પરિણમતો નથી તો પછી પર ક્યાંથી પરિણમાવે? ઓલામાં આવ્યું હતું ને? પરિણમાવે છે પરદ્રવ્ય વડે. આવ્યું હતું ને? આત્માને રાગાદિ.. એવા પરદ્રવ્ય વડે શુદ્ધ સ્વભાવથી ચ્યુત થતો થકો રાગાદિરૂપ પરિણમાવાય છે. પરિણમાવાય છે. એનું પોતામાં દ્રવ્યમાં, ઓલું ઓલામાં. દાખલામાં. આવો વસ્તુનો સ્વભાવ છે. ૭૭ અને ૭૮માં આવી ગયું છે. ૭૮ અને ૭૯. પરદ્રવ્ય વડે જ શુદ્ધ સ્વભાવથી ચ્યુત થતો થકો. અમરચંદભાઈ! ગાથા ગઈને એમાં એ આવ્યું. ૭૮. ૨૭૮, ૨૭૯ છેલ્લો. આત્માને રાગાદિનું નિમિત્ત પરદ્રવ્ય થાય છે. '**એવા પરદ્રવ્ય વડે જ શુદ્ધ સ્વભાવથી ચ્યુત થતો થકો.**' ચ્યુત કરાવતો થકો એમ નથી ત્યાં. પોતે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચ્યુત સંગ પરને કરે છે, સ્વભાવથી ચ્યુત થાય છે. ૨૭૮, ૨૭૯ની ટીકાની છેલ્લી લીટી. ટીકા થઈને ટીકા? ૨૭૮, ૨૭૯. ૨૭૮, ૨૭૯ની ટીકા. એની છેલ્લી લીટી. '**ચ્યુત થતો થકો જ, રાગાદિરૂપે પરિણમાવાય છે.**' પરિણમાવાય છે. એટલે? પોતે પરસંગ કરે છે, વિકારપણે પરિણમે છે તેથી પરદ્રવ્ય વડે તે વિકારને પરિણમાવાય છે. અહીં સ્વયં સ્વભાવની બુદ્ધિ હોવાને લીધે, પરસંગની બુદ્ધિ નહિ હોવાને લીધે, જ્ઞાની રાગરૂપે પરિણમતો નથી તો બીજો એને પરિણમાવે છે એમ પણ નથી. સમજાણું કાંઈ?

મૂળ તત્ત્વની આખી વસ્તુનો ફેરફાર અને પછી કરો, ધર્મ કરો, પણ ક્યાં ધર્મ થાશે? સમજાણું કાંઈ? હજી બંધભાવ પરને લઈને થાય એવું જ્યાં માને છે એની દૃષ્ટિ પરસંગ ઉપર છે. એ ભલે આ માને પણ દૃષ્ટિ પરસંગ ઉપર છે. ભાઈ! શું કહ્યું સમજાણું? આમાંથી એમ કાઢે કે પરદ્રવ્ય વડે વિકાર કરે છે. જુઓ! એની દૃષ્ટિ પરસંગ ઉપર પર્યાયબુદ્ધિમાં છે. એને વિકારપણે પરિણમવું નથી પણ પર પરિણમાવે છે એમ માનવું છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ એવી ક્યાં માથાકૂટ કરવા બેસે? આપણે કરો, દયા પાળો, વ્રત કરો, અપવાસ કરો, પોષા કરો, પડિક્કમણા કરો. એય..! શેઠ! આ શેઠ જેવા હોય એ પૈસા ખર્ચે ક્યાંક પૈસા. જાવ. બિરૂદ આપી દે, ધર્મ... ધર્મ ભૂષણ, સમાજ ભૂષણ. એય.. શેઠ!

મુમુક્ષુ :- એમાં કાંઈ લાડવા ન થાય.

ઉત્તર :- લાડવા કાંઈ ન થાય. આહાહા..! આત્મ ભૂષણ-આત્મ અલંકાર. ભગવાન આત્મા પૂર્ણ ચૈતન્ય શુદ્ધ સ્વભાવ, એની અંતર્મુખ થઈ દૃષ્ટિ તે અલંકાર દશા-સમ્યગ્દર્શન-જ્ઞાન પ્રગટ્યું એ પરપણાને અડતું નથી. તેથી તેને પરના સંગે વિકાર થાય તે થતો નથી. આહાહા..! સમજાણું કાંઈ? આ ગાથા બધે મુકાઈ ગઈ. એમાં પણ પહેલી એ મૂકી. રેકોર્ડિંગમાં એ ગાથા પહેલી જ આવી છે. જુઓ! આ પરિણમાવાય છે. આમાં લખ્યું. પાછી આની ટીકા નથી નાખી. એ અધ્યાત્મ તરંગિણીની નાખી છે. કારણ કે એમાં એવો શબ્દ છે. અધ્યાત્મ તરંગિણી છે ને આમાં?

આમાં તો આમ છે. '**શુદ્ધસ્વભાવથી જ ચ્યુત થતો થકો...**' ઓલામાં શુદ્ધ સ્વભાવથી ચ્યુત કરાવતો થકો. આહાહા..! દૃષ્ટિવાન છે ને? આમાં છે. સમજ્યાને? જુઓ છે ને ઈ? કેટલામો છે એ શ્લોક? (૧૩મો) '**शुद्धस्वभावत्वेन रागादिनिमित्तत्वाभावात् स्वयं न परिणमते परद्रव्येणैव रागादिनिमित्तभूतेन स्वस्वरूपात्प्रत्याव्य रागादिभिः परिणम्यते**'. સ્વસ્વરૂપ આવે છે.

મુમુક્ષુ :- પણ પોતે પોતાથી ... થયો ત્યારે..

ઉત્તર :- થયો ત્યારે એમ કહે છે મૂળ તો અહીં. '**स्वस्वरूपात्प्रत्याव्य रागादिभिः**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**परिणम्यते तथा केवलः आत्मा परिणामस्वभावत्वे सत्यपि रागादिनिमित्तत्वभावात् स्वयं न परिणमते परद्रव्येणैव तत्‌निमित्तभूतेन्‌ स्वस्वरूपत्प्रत्याव्य तैः परिणम्यते**'. સ્વભાવની દૃષ્ટિ નથી તેથી સ્વ સ્વરૂપથી પ્રચ્યુત છે-ભ્રષ્ટ છે. તે પરસંગમાં રાગ અને વિકારપણે થાય છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..! હજી તો ભૂલ ...

મુમુક્ષુ :- પોતાની ભૂલ નહિ, બીજાની ભૂલ.

ઉત્તર :- ના. એ બીજો ભૂલ કરાવે તે વાત સાચી. એય..! આ તો પહેલી હજી ભૂલમાં પણ વાંધા, ગુણ તો પછી રહ્યા. એમ છે જ નહિ. ભૂલ તું કરે છો, સ્વસંગના સ્વભાવથી ભ્રષ્ટ થયેલો, પરસંગમાં તારી બુદ્ધિ પર્યાયબુદ્ધિ છે. અંશ, પર્યાયનો અંશ છે તેના ઉપર તારું લક્ષ છે એટલાનું અસ્તિત્વ સ્વીકારી આમ પરના સંગે ગયો તેથી તને વિકાર થાય છે. સમજાય છે કાંઈ?

'**રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોરૂપે પોતાની મેળે પરિણમતો નથી...**' કેમ કે ધર્મીની દૃષ્ટિ દ્રવ્ય સ્વભાવ વસ્તુ શુદ્ધ ઉપર અંતર્મુખ પરિણમન હોવાને કારણે પર વડે, પરના સંગમાં નથી માટે પોતા વડે પરિણમતો નથી અને પર વડે પણ પરિણમાવાતો નથી. અહીં તો આ આવ્યું. એય..! અમરચંદભાઈ! પર વડે. ઓલા પરદ્રવ્ય વડે હતું ને ત્યાં પરદ્રવ્ય વડે, અહીં કહે છે, પરદ્રવ્ય વડે પરિણમાવાતો નથી. પોતે પરિણમતો નથી માટે પરદ્રવ્ય વડે પરિણમાવાતો નથી. તો ત્યાં એમ આવ્યું પોતે પરિણમે છે તેથી પરદ્રવ્ય વડે પરિણમાવાય છે. એમ લેવું. વાત જ એમ છે ને પણ.

આ શુદ્ધનય માટે જરી વિચાર આવ્યો હતો. શુદ્ધની .. ગાથા છે ને પંચાધ્યાયીની? વિશેષણ વાપર્યું. સર્વો. કીધું, સર્વો શું હશે? ચાર વિશેષણ છે. એક, સર્વો, નિરદ્વંદ્વ અને નિર્વિકલ્પ ચાર શબ્દ વાપર્યા છે. આણે એવો અર્થ કર્યો છે, શુદ્ધનય એક, પરિપૂર્ણ, નિર્દ્વંદ્વ અને નિર્વિકલ્પ. ઓલાએ એમ કર્યું. નયનું આખું કર્યું. સંપૂર્ણ નય. એક, નિર્દ્વંદ્વ, નિર્વિકલ્પ. એમ અર્થ કર્યો છે. એવો સરખો લાગુ પડે છે. એને કાંઈ ખબર નથી. આ પંડિત, ઠીક! એ કહે, અમને ખબર પડતી નથી. હવે ત્યારે અમારે કોને પૂછવું? એ ગાથા છે ૧૩૪-૩૫મી, બીજા અધ્યાયની.

મુમુક્ષુ :- એ તો આગળ-પાછળની મેળવીને...

ઉત્તર :- હા. ભલે મેળવે. એ એક જ પદમાં છે. એમાં કાંઈ આગળ-પાછળ નથી. એ એક જ ગાથામાં જ છે એનો આખો વિષય. એમાં કાંઈ બીજો વિષય ત્યાં શુદ્ધનય અને બદ્ધાબદ્ધ તે અશુદ્ધ વ્યવહારનય એ લીધો. બદ્ધાબદ્ધ. બદ્ધ-અબદ્ધ પર્યાય છે ને? એને ભેદવાળો વ્યવહાર. એકલું આમ... આ સર્વો શબ્દ પડ્યો છે. સર્વોપિ શબ્દ નથી. શુદ્ધનય

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એક આમ વસ્તુ સ્વરૂપ અખંડ છે. એક અને સર્વો એ પૂર્ણ વસ્તુ પરિપૂર્ણ છે એમ કહ્યું ભાઈએ. વસ્તુ પરિપૂર્ણ છે પણ એમ કે એક છે એમાં તો પરિપૂર્ણ વિશેષણ લાગુ પાડ્યું. એક. બાકી વ્યવહારનયના ઓલામાં લીધું ને ૧૧ ગાથામાં? '**एक एव भूतार्थत्वात् भूतमर्थं**'. શુદ્ધનય એક જ છે. અખંડ વસ્તુ શુદ્ધ ચૈતન્ય સ્વભાવ એની અંતર દૃષ્ટિ તે શુદ્ધનય એક જ છે. સમજાય છે કાંઈ? આવી વાતું, ભાઈ!

આ વસ્તુ છે ને પોતે ચૈતન્ય? આ છોડી દો. શરીર, વાણી, દેહમાં છે નહિ, કર્મ એમાં છે નહિ. હવે વસ્તુ જે વસ્તુ. વસ્તુ છે ને? એ ચિદ્ઘન છે, જ્ઞાનઘન છે, આનંદપિંડ છે એવી વસ્તુ છે. હવે એ વસ્તુમાં જેની દૃષ્ટિ વર્તમાન દશાઓ ઉપર છે અને તેનો સંગ પર ઉપર જાય છે, માટે તેને વિકાર થઈને બંધન થાય છે. પણ એ આખી વસ્તુ છે એવી જ્યાં અંતર દૃષ્ટિ થઈ; ઓલી તો પર્યાયના અંશ ઉપર લક્ષવાળો તો આમ રાગમાં અને પર ઉપર જાય છે અને આ આખી ચીજ વસ્તુ છે શુદ્ધ એ ઉપર અંતર દૃષ્ટિ થઈ, દૃષ્ટિ એટલે અંદર પર્યાયને અંતર્મુખ વાળી અને જે પૂર્ણ શુદ્ધ સ્વભાવમાં એકત્વ થઈ એને તો બંધન છે નહિ, રાગ છે નહિ. વસ્તુમાં નથી ને દૃષ્ટિ નિર્મળ થઈને એમાં પરિણમી. સમજાણું કાંઈ? એને થોડોઘણો રાગ થાય એ પરદ્રવ્યમાં જાય છે. એની પર્યાયના પરિણમનમાં એક જ રૂપ પરિણમન છે. એક જ પરિણમન છે. પરિણમન ધર્મીનું એક જ શુદ્ધ જ પરિણમન છે. તેથી કહ્યું ને વ્યવહારથી મુક્ત છે. આહાહા..! વ્યવહાર એટલે? એને દયા, દાન, વિકલ્પ શુભ આવે ખરા, પણ એનાથી સ્વભાવ સન્મુખની દૃષ્ટિમાં નિશ્ચયમાં લીન છે એટલે ત્યાં દૃષ્ટિનું પરિણમન થઈ ગયું છે. આનાથી મુક્ત છે એટલે પરદ્રવ્ય જેવી એ તો વસ્તુ થઈ. જેને લોકો દયા, દાન, આખો ધર્મ માને છે ને એ તો પરદ્રવ્યમાં જાય છે. આહાહા..! ભગવાનજીભાઈ! બહુ ઝીણું છે ભાઈ! એવું છે આ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. શુદ્ધ ચૈતન્ય સ્વભાવ આખો શુદ્ધ છે ને પૂર્ણ. ચૈતન્યપિંડ આત્મા, અખંડ ગુણનો રસ. એ ઉપર અંદર દૃષ્ટિ થઈ છે. એટલે દૃષ્ટિ થઈ છે એટલે પરનો સંગ કરતો નથી. પરનો સંગ કરતો નથી એટલે બંધન છે નહિ. જે પરનો સંગ કરે છે, સ્વસંગ કરતો નથી એવો પરસંગ દ્વારા પોતે બંધન મિથ્યાત્વ આદિ રાગ-દ્વેષને પરિણમે છે. એવી સીધી વાત છે. કેમ અમરચંદભાઈ!

મુમુક્ષુ :- સ્વસંગ ન કરે ઈ પરસંગ કર્યા વિના રહે જ નહિ.

ઉત્તર :- રહે જ નહિ, પણ કરે જ નહિ. અહીં અંતર જ્ઞાયકમૂર્તિ આ વસ્તુ છે એનો જ્યાં સંગ નથી એટલે અંતર દૃષ્ટિ નથી એને બહિર્દૃષ્ટિ છે. બહિર્દૃષ્ટિ એટલે નિમિત્તનો સંગ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એને ભલે ખબર ન હોય પણ એની અંદર પરનો સંગ જ એનો પડ્યો છે એને. તેથી એને રાગ ને દ્વેષ વિકાર મિથ્યાત્વનું બંધન છે, એમ કહે છે. તેથી પરસંગના લક્ષમાં જતાં તેને મિથ્યાત્વ અને રાગદ્વેષના ભાવ ઉત્પન્ન થાય છે. ભલે કોઈ દયા-દાનના પરિણામ હોય, પણ એનું લક્ષ પર ઉપર છે, સ્વભાવ ઉપર દૃષ્ટિ નથી તેથી દયા, દાનના પરિણામમાં તેની એકત્વબુદ્ધિ છે. કારણ કે એટલો એ હું અને મેં ઉત્પન્ન કર્યા એની અંદર પડ્યો છે એમાં. એટલી દયાના પરિણામ કાળે પણ મિથ્યાત્વભાવની ઉત્પત્તિમાં એ પડ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ?

અને અહીંયા.. સામે સમ્યક્. વસ્તુ શુદ્ધ ચૈતન્ય વસ્તુ (છે) એની અંતર દૃષ્ટિ થતાં, અંતર વળતા શુદ્ધ સ્વભાવ એકરૂપ છે તે ઉપર દૃષ્ટિ થતાં તેનું પરિણમન શુદ્ધ જેવો સ્વભાવ છે તેવી શુદ્ધ પરિણતિ-દશા થાય છે. બસ! તેને રાગાદિ થતો નથી. એટલે રાગરૂપ પરિણમન (એને નથી). વસ્તુ પોતે શુદ્ધ પરિણમે છે એટલે અશુદ્ધપણે પરિણમવું ધર્મીને રહ્યું નહિ. સમજાણું કાંઈ? કેવું સરસ લીધું! ચોખ્ખું લીધું જુઓ!

મુમુક્ષુ :- પર વડે પરિણમાવી શકાતો નથી.

ઉત્તર :- પરિણમાવી શકાતો છે જ નહિ. પણ પોતે પરનો સંગ કરે છે અને પરિણમે માટે પર પરિણમાવે છે એમ કહેવામાં આવે છે. આહાહા..! ભારે વાતું. કર્મ ઉપર જ આખું લાકડું બધું ગરી ગયું છે સંપ્રદાયમાં. અમરચંદભાઈ! આ કર્મ એટલે બસ, કર્મને લઈને.. કર્મને લઈને. ઓલા ઈશ્વરને જે કર્તા માને એને ઈશ્વર મોટો થઈ ગયો. આ ઈશ્વર ન માને એટલે આને કર્મ મોટો થઈ ગયો. અને ઈશ્વર કરતાં કર્મ મોટો થયો. કર્મ, બાપુ કર્મ આવે એવો વિકાર કરવો પડે. ડિગ્રી ટુ ડિગ્રી. નથી આવતું? અહીં તાવ હોય, થર્મોમીટર મૂકે તો એટલું પ્રમાણ આવે એમાં. એટલા પ્રમાણમાં આવે કે નહિ? ઓછું વત્તુ આવે? બસ, જેવો કર્મ ઉદય આવે એમ વિકાર કરવો જ પડે એટલા પ્રમાણમાં.

મુમુક્ષુ :- અને એમ માને એને સમ્યગ્જ્ઞાન છે.

ઉત્તર :- અને આમ માને એનું નામ સમ્યગ્જ્ઞાની. આ કાળા કેર કરે છે ને. આહાહા..!

સમ્યગ્જ્ઞાન તો વસ્તુ ચૈતન્ય વસ્તુ છે, જ્ઞાનપ્રભુ છે એનું વસ્તુનું અંતર્મુખનું જે જ્ઞાન થયું, બસ! એ જ્ઞાન. એને એ રાગરૂપે પરિણમવું, પહેલો એ માનતો કે હું પરના સંગે પરિણમતો એમ એ માનતો. હવે મારા પોતાના સંગે હું પરિણમતો નથી. એમ એ માને છે. પહેલા હું માનતો ભ્રમણામાં પરસંગને લઈને કરતો ત્યાં દૃષ્ટિ માટે પરિણમતો. સ્વભાવના સંગે હું પરિણમતો નથી. આહાહા..! સમજાય છે કે નહિ?

મુમુક્ષુ :- બહુ સરસ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- બહુ સરસ વાત. જુવાનિયાને આ બધું તૈયાર કરવું પડશે. જૈન ધર્મનું આખું ફેરફાર ફેરફાર થઈ ગયો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનો વાંધો નથી, એ તો હુશિયાર માણસ છે. એવા જુવાન આવા પાકશે ત્યારે અંદર સમજાશે એને વસ્તુ. આ તો ન્યાયથી બે ને બે ચાર જેવી વાત છે.

ભગવાન આત્મા આ દેહાદિથી ભિન્ન, રાગાદિથી ભિન્ન વસ્તુ એવી ચીજ છે. કારણ કે રાગાદિ એટલે આસ્રવતત્ત્વ, રાગાદિ એટલે આસ્રવતત્ત્વ. કર્મ, શરીર એટલે અજીવતત્ત્વ. થયું? હવે સાત તત્ત્વમાં અજીવ અને આસ્રવ બે ભિન્ન તત્ત્વ છે. ત્યારે તત્ત્વ શું રહ્યું? એકલો જ્ઞાન અને આનંદનો કંદ એને આત્મતત્ત્વ કહેવાય. હવે એ આત્મતત્ત્વ ઉપર દૃષ્ટિ થઈ એટલે આ આસ્રવ અને અજીવથી ભિન્ન પડી ગઈ. ભિન્ન પડી ગઈ. ભિન્ન પડી એટલે સ્વભાવ સાથે અભિન્ન થઈ ગઈ. અહીંથી ભિન્ન પડી અને આનાથી અભિન્ન થઈ ગઈ. અભિન્ન સ્વભાવના સંગે એને બંધન છે નહિ. કારણ કે સ્વભાવમાં વિકાર થવાનો કોઈ ગુણ નથી. દ્રવ્ય એવું નથી અને ગુણ પણ એવો નથી. સમજાણું કાંઈ? જુઓ! કેટલી સરસ વાત કરી. આચાર્યે તો ઘણું સ્પષ્ટ કર્યું છે. પણ પોતાની દૃષ્ટિએ એવા અર્થ કરવા છે શાસ્ત્રના.

પોતાની મેળે વિકારરૂપે (પરિણમે છે). કેમ પોતાની મેળે? કે વસ્તુ શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકમૂર્તિનો આશ્રય અને દૃષ્ટિ હોવાથી પોતાની મેળે એટલે સ્વભાવપણે પરિણમનાર છે એ પોતાની મેળે વિકારપણે પરિણમતો નથી. સમજાણું કાંઈ? અને પોતાની મેળે.. કારણ કે પોતે કેમ પરિણમે? વસ્તુ શુદ્ધ ચૈતન્યની જ્યાં દૃષ્ટિ થઈ, શુદ્ધ જ્ઞાયકમૂર્તિ છે. પુણ્ય-પાપના વિકલ્પ છે એનાથી ભિન્ન, કર્મ અને અજીવથી ભિન્ન. કર્મ અને શરીર અજીવતત્ત્વ છે, પુણ્ય-પાપ એ આસ્રવતત્ત્વ છે. હવે જ્ઞાયક તત્ત્વ. હવે જ્ઞાયક તત્ત્વ આ છે એમ ક્યારે નક્કી થાય એને? કે એ પર્યાયને અંતરમાં આ શુદ્ધ ચૈતન્યપણું છે, આનાથી (વિકલ્પથી) ભિન્ન પડે ત્યારે અંતરમાં એકત્વ થાય ત્યારે આ જ્ઞાયકતત્ત્વનું એને ભાન થાય. સમજાણું કાંઈ? એવું જ્ઞાયક તત્ત્વનું જ્યાં ભાન છે એ પોતાની મેળાએ, કારણ કે પોતે તો શુદ્ધ સ્વભાવ છે, શુદ્ધસ્વભાવપણે પરિણમે છે એટલે પોતાની મેળે રાગપણે પરિણમતો નથી એટલે પર પરિણમાવતો નથી. બસ! અને અજ્ઞાનમાં... એ પોતે આગળ લેશે ૨૮૧માં. ૨૮૧માં. સમજાણું?

અજ્ઞાની પોતાની મેળે એટલે વસ્તુનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય છે એવી દૃષ્ટિ અને અંતર્મુખ પરિણામ નથી. એથી તે પોતાની મેળે કર્મના સંગે પરિણમતો વિકારપણે પરિણમે છે, તેથી બીજો એને પરિણમાવે છે એમ કહેવામાં આવે છે. બરાબર છે કે નહિ? આહાહા..! આગ્રહ જરી છોડી દઈને સત્ય શું છે અને કેમ છે એ એને લક્ષમાં લેવું જોઈએ. એમ માને કે

અમે આમ પકડ્યું હતું, અથવા અમારા આવા ગુરુ કહેતા હતા માટે. મોટા કહેતા હતા ને. મોટા કહે કે નાના કહે એની સાથે સંબધ નથી. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. તો સમજાય. નહિતર ન સમજાય.

અમારા હીરાજી મહારાજની બહુ પ્રતિષ્ઠા હતી. સંપ્રદાયના ગુરુ હતા ને. એ મૂળ પાલીના કણબી હતા. પાલી-પાલી નથી? મારવાડ. ત્યાં ગયા હતા. ત્યાં કણબી-કણબી સમજ્યાને? કૃષિકાર. પણ ગરીબ માણસ હતા. તો એની માતા અને .. જાત્રા કરવા નીકળ્યા હતા. પછી એની માતા ગુજરી ગઈ. એને રોગ બહુ હતા. પછી વાણિયા લોકોએ ... અમુક જાતની પ્રકૃતિ ને એટલે એકદમ સાધુપણું લેવાનું મન થયું. થયા પછી તો એટલી એની પ્રકૃતિ નરમ, શાંત... દૃષ્ટિની ખબર નહિ. આ તો તત્ત્વ હતું જ ક્યાં? પણ કષાય મંદ આદિ. એની સાથે જ્યારે આ પ્રશ્ન ઉઠ્યો (સંવત) ૧૯૭૨માં કે કેવળજ્ઞાનીએ દીઠું એમ થાય એવું જેને બેસે એને ભવ હોય નહિ. મોટો પ્રશ્ન થયો હતો. શેઠી! શેઠ!

કેવળજ્ઞાનીએ દીઠું એવું જેને બેઠું... એણે એમ કહ્યું કે કેવળજ્ઞાનીએ દીઠું ત્યારે ભવ ઘટશે. અત્યારે નહિ ઘટે, અત્યારે કામ નહિ કરે. એમ બોલ્યા હતા. અમારે હીરાજી મહારાજ નહિ. ગુરુ તો.. બીજા ગુરુભાઈ હતા. ૭૨ની સાલમાં. ૫૧ વર્ષ થયા. કહ્યું કે નહિ. જો એમ કહે કે કેવળજ્ઞાનીએ દીઠું એમ ભવ નહિ ઘટે એ વાણી જ આગમની નથી. કીધું. ભાઈ! માટે આગમ કોઈ આમ કહેતું હોય તો એ આગમ જોતા નથી, આ એના માનનારા ગુરુ પણ જોતા નથી અને સંપ્રદાય જોતો નથી. મેં તો એ વખતે કીધું હતું. સમજાણું કાંઈ? ગુરુ નહિ, સંપ્રદાય નહિ, એ માન્યતા નહિ, એ શાસ્ત્ર નહિ. કહો, સમજાય છે કાંઈ? આ ન હોય. અંદર ભવછેદની વાણી હોય. ફડાક અંદર ભગવાનની વાણી નીકળે કે અરે.. આત્મા!

મુમુક્ષુ :- ભવછેદક

ઉત્તર :- ભવછેદક. ભવછેદ કરીને બેઠા એની વાણી ભવછેદક હોય. ભવના છેદ કરીને બેઠા પરમાત્મા કેવળજ્ઞાની. આહાહા..! એની વાણી ભવછેદક (હોય). આવી વાણી! પામર જેવી? કીધું, આ મિથ્યાદૃષ્ટિની વાણી છે. એય.. શેઠ! ગુરુ ન જોઈએ, આ સંપ્રદાય ન જોઈએ આ માન્યતા હોય તો અને આ શાસ્ત્ર એમ કહેતું હોય તો એ શાસ્ત્ર નહિ. શોભાલાલજી! એ વાત (સંવત) ૮૨માં નીકળી પ્રવચનસારમાં. ૮૦મી ગાથા આવે છે.

ભગવાન કેવળજ્ઞાનીએ બીજાના દ્રવ્ય-ગુણ-પર્યાય કેવળીના જાણ્યા, પોતાનું જાણ કર્યું, જ્ઞાન થયું, રાગદ્વેષ ઘટાડી, કેવળ પામ્યા. વાણી એવી નીકળી કે અમે જેમ કર્યું તેમ તમે કરો. તમને મોક્ષ થયા વિના રહેશે નહિ. સમજાણું કાંઈ? અમારા ગુરુ આમ કહેતા હતા.

એમ ન ચાલે. વાત જોઈએ, કીધું. સમજાણું કે નહિ? એય..! શેઠ! શેઠને ઉતરવું કઠણ પડે. આમાં તો બહુ સીધી સાદી વાત છે. હવે આ તો ૧૫મી વાર વંચાય છે. આ ૧૫મી વાર વંચાય છે સભામાં. આહાહા..!

અરે.. ભગવાન! ભાઈ! આ તારી રમતું તો ઊલટી સ્વભાવમાં અંતર દૃષ્ટિ ન કર તો તારી રમત પર ઉપર જાય છે. એના ઉપર દૃષ્ટિ ગઈ અને અંદરમાં છે તો અંદરની રમતું ઊભી થઈ. બસ, એમાં રાગનું પરિણમવાનું છે ક્યાં? સમજાણું કાંઈ?

કહે છે કે '**યથોક્ત વસ્તુસ્વભાવને જાણતો જ્ઞાની...**' યથોક્ત એટલે? શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ આત્મા, એની પર્યાયમાં રાગ-દ્વેષ છે તે વસ્તુ સ્વભાવ નથી. પર્યાયમાં-અવસ્થામાં-રાગદ્વેષ છે તે વસ્તુ સ્વભાવ નથી. અને વસ્તુનો સ્વભાવ તો ચૈતન્ય આનંદ અને જ્ઞાયક, અભેદ એકાકાર છે. એવા વસ્તુ સ્વભાવને જાણતો. એ જ્ઞાની ધર્મી '**શુદ્ધ સ્વભાવથી જ...**' કારણ કે એને જાણ્યું અને અંતર્મુખ દૃષ્ટિ થઈ એટલે એમાંથી ખસતો નથી, ચ્યુત થતો નથી. અહીંથી શુદ્ધ સ્વભાવની દૃષ્ટિના પ્રતીતમાંથી ખસતો નથી માટે, ખસતો નથી સમજ્યાને? હટતા નહિ. '**તેથી રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોરૂપે...**' તેથી રાગદ્વેષમોહ આદિ ભાવોથી પોતાની મેળે એટલે કે પોતાની મેળે તો પોતે સ્વભાવરૂપે પરિણમે છે એટલે પોતાની મેળે રાગરૂપે પરિણમતો નથી. એટલે ન્યાય આપ્યો એ તો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- આ પરિણમતો નથી અહીં. પોતે જ્ઞાન સ્વરૂપ શુદ્ધ છું એમ જ્યાં અંતર દૃષ્ટિ થઈ એ પોતાની મેળાએ તો શુદ્ધપણે પરિણમે છે. શ્રદ્ધા-જ્ઞાન-શાંતિ રૂપે પરિણમે છે. એટલે પોતાની મેળાએ રાગરૂપે પરિણમતો નથી તો બીજો પરિણમાવે છે એમ પણ કહેવામાં આવતું નથી. રામસ્વરૂપજી! આહાહા..!

'**માટે ટંકોત્કીર્ણ એક જ્ઞાયકભાવસ્વરૂપ જ્ઞાની...**' લ્યો! માટે એક ચૈતન્યમૂર્તિ જ્ઞાનસ્વભાવ ભગવાન, એવો ને એવો અદબદનાથ, આવે છે ને? એવો ચૈતન્ય સ્વભાવ, એકલો જ્ઞાયકભાવ, શુદ્ધ પરિપૂર્ણ ધ્રુવ ચૈતન્ય '**એક જ્ઞાયકભાવસ્વરૂપ...**' જુઓ! એક આવ્યું આમાં. એક જ્ઞાયકભાવ. ત્યાં શુદ્ધનયમાં એક આવ્યું હતું ને? શુદ્ધનય એક છે. ૧૧મી ગાથામાં. શુદ્ધનય એક છે. પંચાધ્યાયીનું જોર એ ઉપર છે. શુદ્ધનયના બે ભેદ પાડે તે સર્વજ્ઞની આજ્ઞા બહાર છે. આ રીતે કહે, સ્વસમયનું એકપણું છે. શુદ્ધનયનો વિષય શુદ્ધનય એક જ છે. અભેદને લક્ષ કરે છે તે એકલી શુદ્ધનય એક જ છે. એના બે પ્રકાર હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? સ્વસમયના...

મુમુક્ષુ :- ...

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- એવો ને એવો. જેમ છે તેમ. ટાંકણેથી જેમ કરે ને. નિત્ય એવો ને એવો. એમ. એક નિત્ય એવો ને એવો. એમ ને એમ છે એવો. એમાં વળી આ રાગ હતો.. કાંઈ નહિ. છે જ એવો. રાગ વિનાનો શુદ્ધ ચૈતન્ય જ્ઞાયકભાવ જ એવો છે. છે જ એવો. એવો જ્ઞાની '**રાગ-દ્વેષ-મોહ આદિ ભાવોનો અકર્તા જ છે-**' એટલે કે રાગ-દ્વેષપણે પરિણમતો નથી એમ કહેવું છે હોં. અકર્તા એટલે પરિણમતો નથી. એ પરિણમતો નથી એટલે અકર્તા છે, પરિણમે છો તો કર્તા છે એમ થાય. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નહિ. નહિ. એને નથી થતા, એ તો બહાર રહી ગયા. એ જ્ઞેય તરીકે રહી ગયા. પોતામાં શુદ્ધ ચૈતન્ય સ્વભાવના પરિણમનની એકતામાં રાગની એકતા થતી નથી. એટલે ભિન્ન રહી ગયું એ. જેમ જડ શરીરાદિ ભિન્ન છે એમ રાગ પણ ભિન્ન રહી ગયો. એ જ્ઞાનનું જ્ઞેય રહી ગયું. જુદી વાત છે. સમજાણું કાંઈ? અમરચંદભાઈ! આહાહા..!

પરિણમે તે કર્તા એ વ્યાખ્યા શાસ્ત્રની. આ પોતે પરિણમતો જ નથી. આહાહા..! અજ્ઞાનભાવ હતો, વસ્તુના શુદ્ધ ચૈતન્ય ભગવાન આત્માનું ભાન નહોતું ત્યારે એ પરસંગમાં રાગ-દ્વેષ અને મિથ્યાત્વપણે પરિણમતો હતો, ભ્રાંતિ અને રાગ-દ્વેષ બેય એક જ વસ્તુ છે આમ. સમજાણું? સ્વભાવનું ભાન થતાં તે સમ્યક્ અને વીતરાગપણે પરિણમે છે. આમ (વિપરીતતામાં) મિથ્યાત્વ અને રાગ-દ્વેષપણે પરિણમતો હતો. સમજાણું કાંઈ?

'**ભાવાર્થ :- આત્મા જ્ઞાની થયો...**' એટલે આત્મા જેવો છે તેવું અંતર્મુખ થઈને ભાન થયું. ભગવાન આત્મા શુદ્ધ આનંદ અને જ્ઞાનની મૂર્તિ છે એવું ભાન થયું '**ત્યારે વસ્તુનો એવો સ્વભાવ જાણ્યો...**' જુઓ! વસ્તુનો એવો સ્વભાવ જાણ્યો '**કે આત્મા પોતે તો શુદ્ધ જ છે-**' એ તો શુદ્ધ જ છે. રાગ વિનાની ચીજ વીતરાગપિંડ આત્મા છે. સમજાણું કાંઈ? '**દ્રવ્યદૃષ્ટિએ અપરિણમનસ્વરૂપ છે,...**' જુઓ! અપરિણમન એટલે વિકારપણે પરિણમવું એ વસ્તુમાં જ નથી. આહાહા..! સમજાણું કાંઈ? શું કીધું? જેઠાલાલભાઈ!

મુમુક્ષુ :- વિકારપણે પરિણમવું એ...

ઉત્તર :- પણ દ્રવ્યદૃષ્ટિએ અપરિણમન છે એમ લીધું છે. દ્રવ્યદૃષ્ટિએ અપરિણમન. ભાષા વાંચો. ક્યાં છે?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- પછી?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એટલે શું? એટલે શું? દ્રવ્ય વસ્તુ છે અને એની દૃષ્ટિ અંદર છે એટલે દ્રવ્યદૃષ્ટિએ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રાગરૂપે પરિણમવું એ વસ્તુ જ નથી. વસ્તુ જાણી છે અને આ વસ્તુ ચૈતન્ય છે એમ જે દૃષ્ટિ થઈ, તો દ્રવ્યદૃષ્ટિએ વિકારપણે પરિણમવું એ વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? પર્યાયદૃષ્ટિએ પરિણમન છે. પર ઉપર લક્ષ જાય છે ત્યારે એને વિકારનું પરિણમન (થાય છે). અહીં વસ્તુથી ખસી જાય છે અને રાગપણે પુણ્ય-પાપપણે પરિણમે છે ત્યારે તે પરિણમનવાળો વિકારની પર્યાયવાળો મિથ્યાદૃષ્ટિને થાય છે. આહાહા..!

'**દ્રવ્યદૃષ્ટિએ અપરિણમનસ્વરૂપ છે,...**' જુઓ! વસ્તુ ભગવાન આત્મા ચૈતન્યનો નાથ પૂર્ણાનંદ પ્રભુ, એવી જ્યાં અંતર દૃષ્ટિ થઈ તે વસ્તુ પરિણમન વિકારપણે થાય એવું નથી અને દૃષ્ટિને પોતે વિકારપણે થાય એવી દૃષ્ટિ નથી. એટલે દ્રવ્યદૃષ્ટિએ તો વિકારપણે પરિણમવું એ છે જ નહિ. સમજાણું કાંઈ? '**પર્યાયદૃષ્ટિએ પરદ્રવ્યના નિમિત્તથી રાગાદિરૂપે પરિણમે છે;...**' જુઓ! પર્યાયદૃષ્ટિએ એટલે વર્તમાન દશાના અંશમાં લક્ષ અને રાગ ઉપર લક્ષ જતાં, એવી દૃષ્ટિએ, પરદ્રવ્યના નિમિત્તથી ત્યારે કર્મનું નિમિત્ત, એમાં પર્યાયદૃષ્ટિથી, કર્મના નિમિત્તથી. જુઓ ભાષા! પર્યાયદૃષ્ટિથી પરદ્રવ્યના નિમિત્તથી, પર દૃષ્ટિએ પર નિમિત્તથી રાગાદિરૂપે પરિણમે છે. એટલે મિથ્યાત્વ અને વિકારપણે થાય છે. પર્યાયદૃષ્ટિથી, પર્યાયદૃષ્ટિથી પરના નિમિત્તમાં મિથ્યાત્વ અને રાગાદિરૂપે પરિણમે છે. પોતે પરિણમે છે એમાં બીજો પરિણમાવે છે એ વાત ક્યાં છે એમાં? સમજાણું કાંઈ?

'**માટે હવે જ્ઞાની પોતે તે ભાવોનો કર્તા થતો નથી,...**' એટલે તે ભાવરૂપે પરિણમતો નથી. આ '**ઉદયો આવે તેમનો જ્ઞાતા જ છે.**' આ પ્રશ્ન આવ્યો હતો જરી. શેઠ! શોભાલાલજી! જરી રાગ આવ્યો, એનું જ્ઞાતાનું પરિણમન એનું છે, રાગનું પરિણમન નહિ. જાણે છે કે છે આ. જેમ શરીરાદિ પરચીજ છે. એ કાંઈ વઈ જાય છે કાંઈ ચીજ? એમ આ રાગ છે એ ભિન્ન રહી જાય છે. અંતર્મુખના પરિણમનથી બહિર્મુખનું પરિણમન ભિન્ન રહી જાય છે. ભારે વાતું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. સમજાણું?

'**ભાવોનો કર્તા થતો નથી, ઉદયો આવે તેમનો જ્ઞાતા જ છે.**' ખરેખર એ પરિણમતો જ નથી. પરિણમન એક જ નિશ્ચયનું છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**આવા વસ્તુસ્વભાવને અજ્ઞાની જાણતો નથી...**' આવો ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ અખંડાનંદ આનંદ ધ્રુવ ચૈતન્ય, તેને અજ્ઞાની અંતરદૃષ્ટિના અભાવથી જાણતો નથી '**તેથી તે રાગાદિક ભાવોનો કર્તા થાય છે...**' તેથી તે વિકારરૂપે પરિણમી જાય છે. '**એવા અર્થનો, આગળની ગાથાની સૂચનિકારૂપ શ્લોક હવે કહે છે :-**' લ્યો!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**इति वस्तुस्वभावं स्वं नाज्ञानी वेति तेन सः।**
**रागादीनात्मनः कुर्यादतो भवति कारकः।।१७७।।**

‘**શ્લોકાર્થ :- એવા પોતાના વસ્તુસ્વભાવને અજ્ઞાની જાણતો નથી...**’ આહાહા..! પંચ મહાવ્રતના પરિણામ, અઠ્યાવીશ મૂળગુણના પરિણામ અનંત વાર કર્યા. એ એનામાં પરિણમ્યો. આ વસ્તુ શું છે એને જાણી નહિ. દિગંબર, નગ્ન દિગંબર જેને એક વસ્ત્રનો તાણો નહિ, એવા અઠ્યાવીશ મૂળગુણ પાળે, ઊભા-ઊભા આહાર, એકવાર આહાર પણ એ વિકલ્પો છે એની ઉપર દૃષ્ટિ અજ્ઞાનીની છે. તેથી એ પર્યાયદૃષ્ટિવાળો, સમજાણું કાંઈ? અજ્ઞાની વસ્તુના સ્વભાવને જાણતો નથી. સ્વસન્મુખમાં શું ચીજ છે એની એને ખબર નથી. ‘**તેથી તે રાગાદિકને (-રાગાદિભાવોને) પોતાના કરે છે,...**’ એટલે વિકારપણે પરિણમે છે. પોતાના કરે છે એટલે વિકારપણે પરિણમે છે. ‘**તેથી (તેમનો) કર્તા થાય છે.**’ પરિણમે તે કર્તા થાય છે. સમજાણું કાંઈ?

‘**હવે આ અર્થની ગાથા કહે છે :-**’ ૨૮૧.

**रागम्हि ये दोसम्मि य कसायकम्मेसु चेव जे भावा।**
**तेहिं दु परिणमंतो रागादी बंधदि पुणो वि।।२८१।।**
**પણ રાગ-દ્વેષ-કષાયકર્મનિમિત્ત થાયે ભાવ જે,**
**તે-રૂપ જે પ્રણમે, ફરી તે બાંધતો રાગાદિને. ૨૮૧.**

‘**ટીકા :- યથોક્ત વસ્તુસ્વભાવને...**’ જુઓ! ઓલામાં પણ એ આવ્યું હતું. જેવો છે તેવો ભગવાને કહ્યો યથા-ઉક્ત કહ્યો. શુદ્ધ ચૈતન્ય સ્ફટિક રત્ન એવું જે આત્મસ્વરૂપ. એને ‘**નહિ જાણતો...**’ એના સ્વભાવ સન્મુખ નહિ થયેલો ‘**અજ્ઞાની (પોતાના) શુદ્ધ સ્વભાવથી...**’ દેખો ભાષા! ‘**અનાદિ સંસારથી માંડીને ચ્યુત જ છે...**’ લ્યો. આ ચ્યુત કરાવે છે એ વાત પણ ન લીધી. ચ્યુત જ છે. અહીં સ્વભાવથી ચ્યુત જ છે. આહાહા..! સમજાણું કાંઈ?

જે કરવો જોઈએ એ પુરુષાર્થ કરે નહિ અને બીજો કરીને માને ધર્મ થાય. શું થાય? ચૈતન્યની ભૂમિકા તદ્દન નિર્મળ, નિરાવરણ, શુદ્ધ જ્ઞાનકંદ, એની એ વસ્તુને જાણતાં, વસ્તુની દૃષ્ટિમાં અને વસ્તુમાં વિકાર છે નહિ, વિકારરૂપે જ્ઞાની પરિણમતો નથી. એ વસ્તુનું જ્યાં ભાન નથી અને પર્યાયબુદ્ધિએ પડ્યો છે તેથી વાત ચોખ્ખી કરી. સમજાણું કાંઈ? પર્યાયદૃષ્ટિએ પરદ્રવ્યના નિમિત્તથી રાગાદિરૂપે પરિણમે છે. પર્યાયદૃષ્ટિએ એમ કીધું ને? ખુલાસો જુઓ. પર્યાયદૃષ્ટિએ પરદ્રવ્યના નિમિત્તે પરિણમે છે. એટલે ૨૭૮-૨૭૯માં એ લેવું. પર્યાયદૃષ્ટિવાળો પરિણમે છે તેને પરદ્રવ્ય વડે પરિણમાવાય છે એમ કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વસ્તુદૃષ્ટિ અને પર્યાયદૃષ્ટિ. બસ! બેની વાત છે. વસ્તુદૃષ્ટિએ ચૈતન્ય ભગવાન છે. એ જ્યાં દૃષ્ટિ થઈ, વસ્તુમાં વિકારપણે થવું એ છે નહિ. તો એ દૃષ્ટિવંત વિકારપણે પરિણમે એ નથી. કાંઈક રાગ આવ્યો છે એનો જ્ઞાતાપણે રહે છે. વાત એવી છે બહુ ઝીણી. અને બહુ મીઠી અને ઘણી સરસ. આહાહા..!

'**યથોક્ત વસ્તુ સ્વભાવને નહિ જાણતો...**' જુઓ! વસ્તુ સ્વભાવને નહિ જાણતો એમ કીધું. કર્મને લઈને નહિ જાણતો ને ઢીંકણાને લઈને નહિ જાણતો એમ નથી વાત લીધી. પોતે નથી જાણતો એમ લીધું. ઓલામાં એમ લીધું. વસ્તુસ્વભાવને જાણતો એમ લીધું. કર્મ ખસ્યું માટે જાણતો, આના માટે આમ ખસ્યું, નિમિત્તનો અભાવ થયો, એ વાત જ નથી. ભગવાન આત્મા ચૈતન્યનો પિંડ પ્રભુ, એના સ્વભાવને જાણતો જ્ઞાની, એમાં કર્મ ખસ્યું માટે જાણ્યો એ રહ્યું નહિ. આ નહિ જાણતો અજ્ઞાની એ પણ પોતાને કારણે નહિ જાણતો અજ્ઞાની.

મુમુક્ષુ :- અનાદિનો નહિ જાણતો...

ઉત્તર :- અનાદિ પછી નહિ જાણતો કર્યું કે અનાદિનો એમ ને એમ છે.

'**નહિ જાણતો અજ્ઞાની (પોતાના) શુદ્ધસ્વભાવથી...**' ભગવાન આત્મા ચૈતન્ય આનંદમૂર્તિ છે એનું એને શ્રદ્ધાનું ભાન નથી. એની શ્રદ્ધાની ખબર નથી, શ્રદ્ધાનો વિષય આવો છે એવી દૃષ્ટિ એણે કરી નથી. કેમ કરી નથી? કે શુદ્ધ સ્વભાવથી અનાદિથી ચ્યુત છે. આહાહા..! એ દુઃખી છે એમ કહે છે. આહાહા..! એ પંચ મહાવ્રતનો પાળનાર હોય, અઠ્યાવીશ મૂળગુણનો પાળનાર હોય તોપણ દુઃખી છે, મિથ્યાદૃષ્ટિ છે એમ કહે છે. વિકલ્પ ઉઠે છે ને વિકલ્પ? એના ઉપર જેની દૃષ્ટિ છે એ તો પર્યાયદૃષ્ટિ થઈ, એ તો અંશ ઉપર દૃષ્ટિ થઈ. અંશ ઉપર દૃષ્ટિ છે એ તો મિથ્યાત્વ છે. આખી ચીજ તો પડી રહી. અથવા બીજી રીતે કહીએ તો પુણ્ય-પાપ તે આસ્રવતત્ત્વ છે. આસ્રવતત્ત્વ ઉપર દૃષ્ટિ છે અને સ્વભાવ ઉપર દૃષ્ટિ નથી માટે મિથ્યાદૃષ્ટિ થયો. એ તો પર્યાયદૃષ્ટિએ તો વાત કરી પણ એનો અર્થ, દયા, દાન, વિકલ્પ જે છે એ આસ્રવતત્ત્વ છે. આસ્રવ ઉપર દૃષ્ટિ છે તો પર્યાયદૃષ્ટિ થઈ, વસ્તુદૃષ્ટિ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**યથોક્ત વસ્તુસ્વભાવને નહિ જાણતો...**' ત્યાંથી ઉપાડ્યું છે. જ્ઞાનાવરણીયને લઈને નહિ જાણતો, દર્શનમોહને લઈને નહિ જાણતો. એવા લાકડા ખોસી દે ને. બસ! જ્ઞાનાવરણીયને લઈને આત્મામાં હીણપ થાય અને જ્ઞાનાવરણીય આત્માને હીણું કરાવે. કાનજીસ્વામી કહે છે કે પોતાની મેળાએ હીણો થાય, કર્મને લઈને નહિ. નહિ. એ વાત સાચી નથી. આહાહા..! અહીં તો કહે છે કે હીણી થાય છે એ સ્વભાવ ઉપર દૃષ્ટિ નથી માટે હીણી કરે છે. સમજાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે કાંઈ? ભગવાન એમ કહે છે. ત્રિલોકનાથ પરમાત્માએ ઈન્દ્રોની સમક્ષમાં આ ફરમાવ્યું હતું. સમજાય છે કાંઈ? આહાહા..!

યથા-ઉક્ત. યથા-ઉક્ત એટલે જેમ છે તેમ કહેલો. '**વસ્તુસ્વભાવને નહિ જાણતો અજ્ઞાની (પોતાના) શુદ્ધસ્વભાવથી અનાદિ સંસારથી માંડીને ચ્યુત જ છે...**' નિગોદથી માંડીને પર્યાયબુદ્ધિ છે માટે શુદ્ધ સ્વભાવથી ચ્યુત છે. કહો, સમજાય છે કાંઈ? આમાં રસ લેવો જોઈએ, વિચારમાં મનન-મંથન કરવું જોઈએ. એવી વાત છે. નહિતર મળે નહિ. ઓલા પૈસા જેમ ઢગલા થઈ ગયા એમ મળે એવું નથી આ. ધર્મ કાંઈ અંદર માંડ્યો નથી. કોઈ કહે ધર્મ કર્મમાં માંડ્યો હશે તો થાશે. એક જણો એમ કહેતો હતો. એક જણો અમારો થયો ને પૈસાવાળો એ કહે છે. ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ વાત છે, ભાઈ! તારી ચીજમાં પ્રભુ પૂર્ણ શુદ્ધતા જે તું પ્રગટ કરવા માગે છો, શાંતિ, સુખ, આનંદ, સમ્યગ્દર્શન વગેરે એ બધું સત્ત્વ તો તારા તત્ત્વમાં પડ્યું છે. એ કાંઈ પુણ્ય-પાપના તત્ત્વમાં અને અજીવતત્ત્વમાં એ પડ્યું નથી. સમજાય છે કાંઈ? જે કાંઈ તું સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર, ઈચ્છાનિરોધ આનંદ વગેરે જે પ્રગટ કરવા માગે છો એ તો તારા સ્વભાવમાં છે. એ કાંઈ પુણ્ય-પાપના વિકલ્પમાં નથી, અજીવમાં નથી. હવે એ દૃષ્ટિ કરતો નથી અને અહીં પુણ્ય-પાપના વિકલ્પમાં દૃષ્ટિ કરે છે તો મિથ્યાદૃષ્ટિ છે. સ્વ તત્ત્વની દૃષ્ટિ છોડીને જે તત્ત્વ પોતામાં નથી તેની દૃષ્ટિવાળો, પર્યાયદૃષ્ટિવાળો વસ્તુના સ્વરૂપને આસ્રવ રહિત છે તે જાણતો નથી. કહો, સમજાણું કાંઈ? બહુ સરસ વાત છે.

'**અનાદિ સંસારથી માંડીને...**' નિગોદથી માંડીને. નવમી ગ્રૈવેયક અનંત વાર ગયો દિગંબર સાધુ થઈને. કહે છે, અનાદિ પોતાના શુદ્ધ સ્વભાવની દૃષ્ટિથી ચ્યુત જ છે. એની દૃષ્ટિ રાગ અને પુણ્યના આસ્રવતત્ત્વ ઉપર પડી છે. એટલે જે તત્ત્વ છે પોતે એના ઉપર નથી અને પર ઉપર પડી છે. એ કારણે અનાદિથી સ્વભાવથી ચ્યુત થયેલો છે. આહાહા..! સમજાય છે? '**તેથી કર્મના ઉદયથી ઉત્પન્ન થતાં રાગદ્વેષમોહાદિ ભાવોરૂપે પરિણમતો...**' એમાં વિશેષ કહેશું એમાં પાછું. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**ભાદરવા વદ ૭, મંગળવાર તા. ૨૬-૦૯-૧૯૬૭**
**ગાથા-૨૮૧ થી ૨૮૫, પ્રવચન-૩૪૮**

૨૮૧ ગાથા. એનો ભાવાર્થ. આ બંધ અધિકાર છે. એટલે શું? કે અજ્ઞાનીને બંધ થાય છે, જ્ઞાનીને બંધ થતો નથી. એ વર્ણન છે.

'**ભાવાર્થ :- અજ્ઞાની વસ્તુના સ્વભાવને તો યથાર્થ જાણતો નથી...**' છે? ભોગીલાલભાઈ! એટલે શું કહ્યું? અજ્ઞાની એટલે શું? કે '**વસ્તુના સ્વભાવને તો યથાર્થ જાણતો નથી...**' એટલે શું? કે આત્મા પુણ્ય અને પાપના વિકલ્પ નામ રાગ રહિત છે. અત્યારે. આ આત્મા જે છે એ શરીર અને કર્મ એ તો અજીવ છે, અજીવતત્ત્વ છે. અજીવતત્ત્વથી તો ભિન્ન છે. પણ પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ થાય એ આસ્રવતત્ત્વ છે. એનાથી ચૈતન્યતત્ત્વ ભિન્ન છે.

મુમુક્ષુ :- બેયનું સ્થાન જુદું?

ઉત્તર :- તદ્દન જુદું છે. કેમ કે પુણ્ય-પાપના ભાવ થાય છે એ દુઃખરૂપ છે અને આત્મા આનંદરૂપ છે.

મુમુક્ષુ :- પુણ્યનો ભાવ દુઃખરૂપ?

ઉત્તર :- પુણ્યનો ભાવ દુઃખરૂપ હશે? એય.. શેઠી! એય.. શેઠ! લ્યો, આ બધા પૈસાવાળા છે બધા જુઓ. સુખી છે, તમને સુખી કહે છે બધા પૈસાવાળાને. ધૂળમાંય સુખ નથી. વિકલ્પ ઉઠ્યો છે. અહીં તો હજી પૂર્વના પુણ્યને લઈને સંયોગ મળ્યો એમાં જે સુખ માને એ તો મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. એને તત્ત્વની ખબર નથી. એ તો એક કોર રહો. પણ વર્તમાનમાં રાગની મંદતાના, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના ભાવ થાય એ શુભરાગ છે. એ શુભરાગમાં સુખ છે. એમ માનનારને આત્મતત્ત્વની શ્રદ્ધા નથી.

મુમુક્ષુ :- આવડો મોટો દંડ?

ઉત્તર :- દંડ ક્યાં? કહો, શેઠી!

મુમુક્ષુ :- પુણ્ય તે સુખ તો...

ઉત્તર :- ક્યાં પણ ક્યાં સુખ છે? કોણ કહે છે? પુણ્ય-પાપ બેય પરિણામ તો દુઃખ છે. દુઃખ ન હોય તો છોડીને પરમાત્મા સિદ્ધ કેમ થયા?

મુમુક્ષુ :- અત્યારે તો ખબર છે. પહેલા એમ સાંભળ્યું હતું.

ઉત્તર :- ના. ના. પહેલા સાંભળ્યું હતું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અહીં તો કહે છે કે આ ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વર, કેવળજ્ઞાની, ત્રિલોકનાથ તીર્થંકરદેવે જોયો એ આત્મા તો અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનની મૂર્તિ આત્મા છે એવું જેને શ્રદ્ધામાં નથી એની શ્રદ્ધા તો પુણ્ય-પાપના રાગમાં પ્રેમ છે અને સુખ છે એવી એને બુદ્ધિ છે. તેને અજ્ઞાની કહેવામાં આવે છે. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? અજ્ઞાની એટલે અસત્ય દૃષ્ટિ, એટલે કે મિથ્યાદૃષ્ટિ એટલે કે જૂઠી દૃષ્ટિ. એટલે કે આત્મા જ્ઞાન અને આનંદનો સ્વભાવ છે એને આનંદ આત્મામાં છે, એમ ન માનતા પુણ્ય-પાપના ભાવ થાય તેમાં આનંદ માનવો કે પુણ્યના ભાવથી બંધાયેલું કર્મ અને કર્મથી મળેલી આ ધૂળની સામગ્રી. આ પૈસા, બાયડી, છોકરા, કરોડ, બે કરોડ, પાંચ કરોડ એમાં સુખ છે એવી માન્યતા તે મિથ્યાદૃષ્ટિ છે, અસત્યબુદ્ધિ છે, અધર્મ છે. માણેકચંદજી!

સત્ય છે એને અસત્ય માને છે અને અસત્યને સત્ય માને છે. કરો ન્યાય. ન્યાયથી તો તુલના કરવી પડશે કે નહિ? કે ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ (છે). એમાં જે શુભ અને અશુભ વિકલ્પ ઉઠે છે એ તો આસ્રવતત્ત્વ છે. તો આસ્રવ છે એ સ્વભાવથી વિરૂદ્ધ ભાવ છે. આત્મામાં આનંદ છે. કારણ કે સહજ વસ્તુ એમાં દુઃખ ન હોય, વિકાર ન હોય. એ તો આનંદ છે. એનાથી વિરૂદ્ધ પુણ્ય-પાપના ભાવ એ આનંદથી વિરૂદ્ધ એ તો દુઃખ છે. વલ્લભદાસભાઈ!

મુમુક્ષુ :- બધી આકુળતા છે.

ઉત્તર :- આકુળતા છે. ખબર ન મળે તત્ત્વની અને માને કે અમે ધર્મ કરીએ છીએ. પણ ક્યાં ધર્મ? શેનો ધર્મ? આ તો પુણ્યના ભાવ પૂર્વે કરેલા, એનું પુણ્ય બંધન થયું અને એને લઈને આ કાંઈક મળ્યું, પાંચ, પચાસ લાખ, કરોડ, બે કરોડ તો એ તો ધૂળ અજીવતત્ત્વ છે. હવે અજીવતત્ત્વમાં મને ઠીક પડે છે એવી માન્યતા સત્યના સ્વભાવનું ખૂન કરે છે.

મુમુક્ષુ :- એવું ચોખ્ખું સંભળાવો તો સમજાય.

ઉત્તર :- પણ ન્યાયથી જોશો કે નહિ? વસ્તુથી. ભગવાનનો માર્ગ **'न्या-वयम्'** છે. ન્યાયથી સિદ્ધ કરે છે અને તે પણ સામાને જે રીતે વસ્તુની સ્થિતિ છે એ રીતે સિદ્ધ કરે છે. એકવાર સાંભળ. સાંભળવાનું મળ્યું ન હોય એટલે માની બેસે એટલે કાંઈ કામ આવે?

આ આત્મા વસ્તુ છે, પદાર્થ છે. વસ્તુ છે. અનાદિઅનંત છે, અણકરેલો છે અને એનો સ્વભાવ આનંદ, શાંતિ, જ્ઞાન, દર્શન આદિ એનો સ્વભાવ છે. એ આત્મા. હવે એનાથી વિરૂદ્ધ જે કાંઈ પુણ્ય અને પાપના વિકલ્પ ઉઠે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, ભાવ એ બધો ભાવ આત્માના સ્વભાવથી વિરૂદ્ધ આસ્રવતત્ત્વ છે. હવે એ તત્ત્વમાં સુખ છે અથવા આનાથી પરંપરાએ સુખ મળશે એવી માન્યતા તે અસત્ય માન્યતા છે. અસત્ય માન્યતા

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહો કે જૂઠી માન્યતા કહો કે મિથ્યાદષ્ટિ કહો. ભોગીદાસભાઈ! આકરૂં કામ છે. કહો, શેઠ!

મુમુક્ષુ :- શેઠિયા પાસે કબુલ કરાવ્યું.

ઉત્તર :- આ બધા પૈસાવાળા કરોડોપતિ બેઠા છે આ. એને બેસે છે કે નહિ આ વાત? ક્યાં ગયા મલૂકચંદભાઈ ગયા હમણાં આજ. એના બિચારા બૈરાને ઓલું છે ને. ગયા.

મુમુક્ષુ :- બ્લડ પ્રેશર.

ઉત્તર :- બ્લડ પ્રેશર. કહો, સમજાણું કાંઈ?

અહીં તો '**અજ્ઞાની વસ્તુના સ્વભાવને તો યથાર્થ જાણતો નથી...**' એટલી લીટીનો અર્થ ચાલે છે. અજ્ઞાની એટલે કે ભાન વિનાનો. વસ્તુના સ્વભાવને. વસ્તુ જ્ઞાન ચૈતન્યમૂર્તિ છે, ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે આત્મા એવો જોયો અને એવો છે. કારણ કે પરમેશ્વર થયા વીતરાગ ત્યારે એમાં રાગ રહે છે? પુણ્ય રહે છે? પુણ્ય અને પાપની ઈચ્છા રહે છે? એ પુણ્ય-પાપ તો રાગ છે. તો રાગ ટાળે છે ત્યારે વીતરાગ થાય છે. બરાબર છે? ત્યારે રાગ પુણ્ય અને પાપના ભાવ એ આત્માની ચીજ નથી. જો આત્માની ચીજ હોય, સર્વજ્ઞ પરમેશ્વર થાય તો એમાં ભેગી રહેવી જોઈએ. ન્યાયથી તો સમજશે કે નહિ? એય... સોગનચંદજી! આહાહા..! શું થાય?

વીતરાગ પરમેશ્વર કેવળજ્ઞાની, જેણે એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા અને તેની સાથે વીતરાગતા પ્રગટી પર્યાયમાં અને અનંત આનંદ પ્રગટ્યો. એ આત્મા. હવે એમાંથી નીકળી ગયું શું? કે પુણ્ય અને પાપના વિકલ્પો નીકળી ગયા. અલ્પજ્ઞપણું ગયું. પૂર્ણ થઈ ગયો. એનું નામ આત્મા. જો એ આત્મામાં પુણ્ય અને પાપનો ભાવ જો આત્માની જાતનો હોય તો સાથે રહેવો જોઈએ. ન્યાયથી સમજાય છે? ત્યારે એ પુણ્ય અને પાપના ભાવ જે ઉઠે છે વૃત્તિ, વિકલ્પોનું ઉત્થાન (થાય છે) એ વિકાર છે, એ દુઃખ છે અને એનું ફળ બંધાય કર્મ જડ એ અજીવ છે. એનું ફળ મળે ધૂળ આદિ બહાર એ તો અજીવ તત્ત્વ સંયોગ છે. તો અજીવતત્ત્વમાં મને મઝા પડે છે એ માન્યતા મિથ્યાત્વ છે. અજીવને એણે જીવ માન્યો. અને પુણ્ય અને પાપના ભાવ છે તે આસ્રવ છે. નવા કર્મોનું આવવાનું કારણ વિકારભાવ છે. એ વિકાર મને ઠીક પડે છે, એ વિકારનો જેને પ્રેમ છે તેને દુઃખનો પ્રેમ છે. એને સુખનો પ્રેમ છે નહિ. માટે તેને મિથ્યાદષ્ટિ કહે છે. આમ તો બધા કહે મિથ્યાદષ્ટિ-મિથ્યાદષ્ટિ. સમજાણું?

મુમુક્ષુ :- એનો અર્થ સમજવો જોઈએ.

ઉત્તર :- પણ સમજવું જોઈએ ને? ઘણાં વર્ષ પહેલા એક ફેરી ભાવનગર આવેલાને ૭૭માં. ૭૭માં ભાવનગર પહેલાવહેલા આવેલા. કારતક વદ અમાસ. પછી ઓલા હતા ને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દામોદર વકીલ, વૈષ્ણવ નહિ? ડોસા. દામોદર વકીલ હતા. એ રાયચંદ ગાંધીના વેવાઈ થાય. રાયચંદ ગાંધી આપણે બોટાદવાળા. વૈષ્ણવ હતા. ડોસા હતા. બહુ વૃદ્ધ હતા તે દિ'. ૭૭માં આવેલા. પછી મારી પાસે આવ્યા. પછી કહે, મહારાજ! આ બધા જૈનો અમને મિથ્યાદષ્ટિ કેમ કહે છે? ભાઈ! ભોગીલાલભાઈ! ડોસા હતા ડોસા વકીલ. દામોદરભાઈ. એ રાયચંદ ગાંધીના એના દિકરા વેરે દીકરી હતી રાયચંદ ગાંધીની. આપણે મોટા દશાશ્રીમાળી. મોટું ઘર. એ પહેલા આવેલો બધા ઓળખીતા ખરા એ લોકો ત્યાં બોટાદ આવે. આ લોકો મને મહારાજ મિથ્યાત્વી કહે છે. મેં કીધું ભાઈ જુઓ. દામોદરભાઈ! કીધું, સાંભળશો કીધું? પછી બહુ વૃદ્ધ હતા ને. હું ત્યાં ને ત્યાં હતો ત્યાં પાંચ-સાત દિ'માં ગુજરી ગયા. ત્યાં ને ત્યાં હતો ત્યાં. ૭૭ના કારતક વદ અમાસે ત્યાં આવ્યા હતા. ૭૬માં ચોમાસુ હતું ને દામનગર.

જુઓ ભાઈ! મિથ્યાત્વી શું કરવા કહે છે તમને? કે બટાટા, શક્કરકંદ આદિ એમાં અનંત જીવ છે. એને તો શું બીજું કહેવું? એય..! ભોગીલાલભાઈ! અને અનંત આત્માઓ છે એમાં. તમને ભલે ન બેસે પણ છે આત્માઓ અંદર. અને એ આત્માને શરીર છે આ બહારનું દેખાય એ. એ અનંત છે એને ન માને તો એનું નામ અસત્ય કહેવાય, એનું નામ મિથ્યા કહેવાય, માટે તમને મિથ્યાત્વ કહે છે. ભોગીલાલભાઈ! ડોસો વકીલ હતો અને આમ બુદ્ધિવાળા હતા. પણ ઉંમર મોટી થઈ ગયેલી. ત્યાં એમાં પંદર દિ' સત્તર દિ' રહ્યા હતા. ત્યાં ને ત્યાં ગુજરી ગયા હતા. રાયચંદ ગાંધી આવ્યા હતા. કાણે આવ્યા હતા. મેં કીધું, ડોસાએ આમ પૂછયું હતું છેલ્લે. જુઓ! ભાઈ! આ આત્મા છે ને કીધું અહીં. એવા એવા આત્માઓ બટાટા, શક્કરકંદમાં અનંતા છે અને એ અનંત આત્મા છે એને અનંત નથી એમ માને તો એનું નામ શ્રદ્ધા ખોટી કહેવાય કે નહિ? કીધું. તો કહે, હા. માટે તમને મિથ્યાત્વી કહે છે. ભોગીલાલભાઈ! શેઠ!

એમ અહીંયાં આત્મામાં થતાં પુણ્ય અને પાપના ભાવ એ વિકાર અને દુઃખરૂપ અને આત્માના સ્વભાવની જાતથી વિરૂદ્ધ જાત છે, જે વિકાર છે. એમાં સુખ માને એનું નામ મિથ્યાત્વ છે. કહો, સમજાય છે કાંઈ આમાં? આમાં તો સીધી વાત છે. આમાં કાંઈ બહુ ગડીયા શીખવાના નથી.

મુમુક્ષુ :- આમાં તર્ક હોય તો સરળ પડે એવું નથી.

ઉત્તર :- સરળ નથી. પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા, જેણે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા ભગવાને. ભગવાન બિરાજે છે. ભગવાન અરિહંત આદિ મોક્ષ પધાર્યા મહાવીર આદિ. મહાવિદેહ ક્ષેત્રમાં સર્વજ્ઞ પ્રભુ, સીમંધર પ્રભુ બિરાજે છે વર્તમાનમાં. તો એ ભગવાને ત્રણ કાળ ત્રણ લોક જોયા. એમાં એણે એમ કહ્યું. વાણી ઈચ્છા વિના આવી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હમણાં કો'ક પૂછતું હતું ને ઈચ્છાથી વાણી બોલાય છે. ઈચ્છાથી વાણી નીકળે. આ સુગમચંદજી! સુગમચંદજી! તમે પૂછતા હતા ને? બધાને એમ છે કે ભગવાન બોલે ને? ઓલો કાંઈક કહે તો ભગવાન બોલે. એને ઈચ્છા-ભગવાનને ઈચ્છા હશે? ભગવાન તો સર્વજ્ઞ વીતરાગ છે. વીતરાગ પૂર્ણ છે, ભગવાનને જ્ઞાન પૂર્ણ થયું ત્યારે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણ્યા. તો કોણ પૂછશે ક્યારે, એનું જ્ઞાન છે. એનો વાણીમાં અવાજ કેવો આવશે, વાણી કાંઈ પોતે વાણી કરતા નથી, વાણી કેવી નીકળશે એનું જ્ઞાન છે. ભગવાન વાણીના કર્તા નથી, બીજાને સાંભળતા નથી. એ તો ત્રણ કાળ ત્રણ (લોકનું) જ્ઞાન છે. ભોગીલાલભાઈ! પણ એની ખબર ન મળે. ભગવાનને પૂછે, પછી ભગવાન સાંભળે અને પછી એનો ઉત્તર આપે.

મુમુક્ષુ :- ભગવાન ના સાંભળે તો શું થાય?

ઉત્તર :- પણ એને સાંભળવું છે કે દિ'? અરે.. ભગવાન! હજી અરિહંતની પણ ખબર ન મળે. નમો અરિહંતાણ એવો નમસ્કાર (કરે). પણ અરિહંત કેવા હશે આપણને કાંઈ ખબર નહિ. એ તો ભગવાન મોટા જ્ઞાની કહેવાય વીતરાગી. અને બહુ પૂછે તો તરત જવાબ આપે. એવો ભગવાનને જવાબ આપવાનો ભાવ થતો હશે? એ તો રાગ કહેવાય. એય.. શેઠ! ખબર જ ન મળે તત્ત્વની. અરિહંત શું છે અને કોને અરિહંત કહેવા? નામ લેવા નમો અરિહંતાણં.. નમો અરિહંતાણં.

અહીં તો કહે છે કે કેવળજ્ઞાન થયું એને ઈચ્છા હોય નહિ. કારણ કે ઈચ્છા તો પહેલી નાશ થાય બારમે ગુણસ્થાને. ગુણસ્થાન છે ને ચૌદ? બારમી ભૂમિકામાં વીતરાગ થઈ જાય. પછી અંતર્મુહૂર્તે કેવળજ્ઞાન થઈ જાય. એટલે એને ઉપદેશમાં એને ઈચ્છા ન હોય, એક વ્યક્તિને ઉદ્દેશીને ઈચ્છા કરીને ઉપદેશ ન હોય. વાણી એને મેળાએ નીકળી જાય છે, જડની અવસ્થા. એ જડની અવસ્થા આત્મા કરતો નથી. સમજાય છે? અને એ વાણી આત્મા કરે એમ માનનાર અરિહંતને ઓળખતો નથી. એને જડને જડરૂપે જાણતો નથી. જડની દશા આત્મા કરે તો જડને જાણતો નથી.

એમ આ પુણ્ય અને પાપના ભાવ વિકારી વિકલ્પ છે અને વાણી ને શરીર તે અજીવ છે. તો આત્માનું સુખ આત્મામાં છે એમ ન માનતા એ અજીવમાં અને પુણ્ય-પાપમાં સુખ માને તો મિથ્યાદૃષ્ટિ છે, અજ્ઞાની છે. ભગવાને કહેલા તત્ત્વોથી વિપરીત માન્યતાવાળો છે. ભોગીદાસભાઈ! આ તો સાદી વાત છે. આમાં કાંઈ મોટા પલાખા શીખવા એવા નથી. એય.. વલ્લભદાસભાઈ! વીતરાગના વાડામાં જન્મ્યા પણ વીતરાગનું શું કહેવું છે એની ખબરું ન મળે. છે કે નહિ? સામાયિક કરો, પોષા કરો, પડિક્કમણા કરો, ભક્તિ કરો, પૂજા કરો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જાવ. પણ શું છે? એમાં શું ભાવ થાય છે? આ ક્રિયા શું છે? તું કોણ છો એની કાંઈ ખબર નહિ. અમને કાંઈ ખબર નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યારે ખબર વિના વીતરાગનો માર્ગ થાતો હશે?

એટલે અહીં કહે છે કે '**અજ્ઞાની વસ્તુના સ્વભાવને...**' એટલે આત્માનો સ્વભાવ આનંદ અને શુદ્ધ ચૈતન્ય છે એને '**યથાર્થ જાણતો નથી...**' યથાર્થ છે ને? યથાર્થ-વાસ્તવિક રીતે, જેમ છે તેમ. આ એના શબ્દનો અર્થ ચાલે છે. ભગવાન આત્મા વસ્તુ પ્રભુ છે, શુદ્ધ ચૈતન્ય છે. એ પુણ્ય-પાપના રાગ અને કર્મ અને શરીર વિનાની ચીજ છે એવું અજ્ઞાની યથાર્થપણે જાણતો નથી. કહો, માણેકચંદજી! સમજાય છે કે નહિ? આ ગુજરાતી ભાષા સમજાય છે કે નહિ? થોડી-થોડી સમજી લેવી.

'**અને કર્મના ઉદયથી...**' હવે શું કહે છે જુઓ. '**જે ભાવો થાય છે...**' જુઓ! કર્મના નિમિત્તમાં પોતે જે પુણ્ય અને પાપના ભાવ રાગાદિ કરે છે '**તેમને પોતાના સમજીને પરિણમે છે,...**' કહો, શુકનચંદજી! ન્યાયથી જોવું પડશે કે નહિ? એમ ને એમ કાંઈ, એમ ને એમ વીતરાગમાં ભગવાન સાચા, ભગવાન સાચા. શું પણ ભગવાન સાચા? ભગવાને કહ્યું શું? અને ક્યા તત્ત્વો કેવી રીતે છે? નવ તત્ત્વને ભગવાને કહ્યા. નવને નવ રીતે બરાબર જાણવા પડશે ને? જાણ્યા વિના એકનું તત્ત્વ બીજામાં, બીજાનું તત્ત્વ ત્રીજામાં (માને) એ મિથ્યાદૃષ્ટિ છે કહે છે. શોભાલાલજી!

મુમુક્ષુ :- ... કરવું પડશે.

ઉત્તર :- હા. એમ નહિ ચાલે અમે .. લ્યો અમે કાંઈક કરીએ છીએ. કાંઈક દાન કરીએ છીએ પાંચ-પચાસ હજારનું. અને સામાયિક હંમેશા કરીએ, ચોવિહાર કરીએ, રાતે ન ખાઈએ. એ ધર્મ-બર્મ નથી. સમજાણું કાંઈ? રાગની મંદતા હો, પુણ્ય છે. અને રાગની મંદતા પણ દુઃખ છે. રાગ વિનાની ચીજ આત્મા છે, એવું જેને ભાન નથી એને ધર્મ કાંઈ થતો નથી. શેઠી! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધર્મીને માટે. જેને ધર્મ કરવો હોય એને માટે. શેઠ!

મુમુક્ષુ :- .. ધર્મ કરવો હોય તો?

ઉત્તર :- આ શું ચાલે છે? એને તો માટે હજી તો અજ્ઞાનીની વાત ચાલે છે. જેને ધર્મ કરવો હોય તેને આત્મા આનંદ જ્ઞાનસ્વરૂપ છે એવો એણે નિર્ણય કરવો પડશે. અને જેને પુણ્ય અને પાપના ભાવ છે એ દુઃખરૂપ છે એવો ગૃહસ્થીએ નિર્ણય કરવો પડશે અને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પુણ્ય-પાપના ફળરૂપે સંયોગ મળે એ પર અને અજીવ છે, એ મને કાંઈ એમાં લાભદાયક નથી. એમ એણે નિર્ણય કરવો પડશે. આ તો નિર્ણયની વાત હજી ચાલે છે. સાધુ ભાઈ એ તો જુદી ચીજ છે, એની એને ખબર નથી. આહાહા..! કહો, વલ્લભભાઈ!

'**અજ્ઞાની વસ્તુના સ્વભાવને તો યથાર્થ જાણતો નથી...**' આહાહા..! એકમાં બધું આવ્યું. '**અને કર્મના ઉદયથી...**' કર્મનો સંબંધ કરીને જે આત્મામાં અપરાધ પુણ્ય-પાપનો થાય છે, શુભ-અશુભ રાગ થાય છે, '**જે ભાવો થાય છે...**' એમ. જે દશા વિકારી થાય છે '**તેમને...**' કેમ કે વિકાર રહિત મારી ચીજ છે એવી એને શ્રદ્ધાનું જ્ઞાન નથી. તેથી '**જે ભાવો થાય છે...**' જુઓ! ભાવો થાય છે પાછા હોં!

મુમુક્ષુ :- વર્તમાનમાં.

ઉત્તર :- હા વર્તમાનમાં. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના ભાવો થાય છે. '**તેમને પોતાના સમજીને...**' એમને પોતાના માનીને તે રૂપે વિકાર રૂપે '**પરિણમે છે,...**' વિકાર રૂપે થાય છે. તે મિથ્યાદૃષ્ટિનું આચરણ છે. કહો, જેઠાલાલભાઈ! ભાઈ! આમાં તો સીધી વાત છે. હવે આમાં કાંઈ બહુ ઊંચા ગડીયા ભણવા પડે એવું કાંઈ નથી. પણ હવે એની કાંઈ દરકાર જ કરી નથી ને. માથું ઊંચુ કર્યું નથી. શું છે આત્મા? શું છે આસ્રવ? શું છે અજીવ? શું છે પુણ્ય-પાપ? શું છે બંધ, શું છે સંવર, નિર્જરા અને મોક્ષ? સમજાણું કાંઈ?

અજ્ઞાનીને એક આત્મા છે. ખરું? હવે એને વસ્તુ સ્વરૂપ જે આત્મા શુદ્ધ ચૈતન્ય છે એની શ્રદ્ધાનું ભાન નથી. અને પુણ્ય-પાપના ભાવ થાય તેને પોતાના માની એટલે આસ્રવ છે એને પોતાના માને છે. એટલે આસ્રવતત્ત્વ થયું. એમાં અટક્યો તે બંધતત્ત્વ થયું. આત્મતત્ત્વ તો દૃષ્ટિમાં રહ્યું નહિ એને. સમજાણું કાંઈ? આ બંધતત્ત્વ છે ને? પુણ્ય-પાપનો ભાવ એ ભાવબંધ છે. એ ભાવબંધને પોતાનું સ્વરૂપ માનીને આત્મા ભાવબંધ રહિત સ્વરૂપ છે. આહાહા..! આત્મા જ્ઞાનાનંદ ચૈતન્ય જ્યોત એ પુણ્ય-પાપના વિકલ્પ જે ભાવબંધ છે એનાથી રહિત છે. એવા વસ્તુના સ્વરૂપને નહિ જાણતો, આવા પુણ્ય-પાપના પરિણામ જે કર્મના નિમિત્તે વિકારી પરિણામ થયા, પોતે કરીને, એને પોતાના સમજીને, એને જ પોતાના માનીને તેને પરિણમે છે. એટલે મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વભાવમાં રાગ-દ્વેષનું પરિણમન છે. એને સંવર ને નિર્જરા અને મોક્ષ હોતો નથી. આહાહા..!

'**માટે તેમનો કર્તા થયો થકો...**' એટલે કે પરિણમતો થકો. એમ. પુણ્ય અને પાપના ભાવરૂપે વસ્તુના સ્વરૂપની દૃષ્ટિના અભાવે, વસ્તુના સ્વરૂપને નહિ જાણતો થકો, એ શુભ અને અશુભ વિકારીપણાને કર્તાપણે પરિણમતો થકો '**ફરી ફરી આગામી કર્મ બાંધે છે...**'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નવા દર્શનમોહ અને મિથ્યાત્વના કર્મ બાંધે છે. આહાહા..! **'એવો નિયમ છે.'** છે ને? સંસ્કૃતમાં એમ છે. **'एवेति प्रतिनियमः'** એમ છે. સંસ્કૃતમાં. **'एवेति प्रतिनियमः'** એવો વસ્તુનો નિયમ છે. વસ્તુનો કાયદો એવો છે. સમજાણું કાંઈ?

**'તેથી આમ ઠર્યું (અર્થાત્ પૂર્વોક્ત કારણથી નીચે પ્રમાણે નક્કી થયું) એમ હવે કહે છે :-'** લ્યો. ૨૮૨. મૂળ ગાથા ૨૮૨.

**रागम्हि य दोसम्हि य कसायकम्मेसु चेव जे भावा।**
**तेहिं दु परिणमंतो रागादी बंधदे चेदा।।२८२।।**

એનું હરિગીત નીચે. ૨૮૨નું હરિગીત.

**એમ રાગ-દ્વેષ-કષાયકર્મનિમિત્ત થાયે ભાવ જે,**
**તે-રૂપ આત્મા પરિણમે, તે બાંધતો રાગાદિને. ૨૮૨.**

**'ટીકા :- ખરેખર અજ્ઞાનીને,...'** એટલે પુણ્ય-પાપના તત્ત્વને અને આત્માના તત્ત્વના ભાન વિનાનો. પુણ્ય-પાપનું તત્ત્વ અને ચૈતન્યતત્ત્વ અને અજીવતત્ત્વના ભાન વિનાનો **'પુદ્ગલકર્મ જેમનું નિમિત્ત છે...'** કર્મ જડનું નિમિત્ત છે. **'એવા જે આ રાગદ્વેષ-મોહાદિ પરિણામો છે,...'** પુણ્ય અને પાપ એ રાગમાં જાય છે. દ્વેષ એ પણ અંદર વિકારમાં જાય છે, મોહ એટલે મિથ્યાત્વ પરિણામો છે. શું કહ્યું? ચૈતન્યના સ્વભાવના ભાન વિના અને પુણ્ય-પાપના પણ ભાન વિના કે મારું તત્ત્વ એનાથી જુદું છે. એવું જેને જ્ઞાન નથી તે રાગ-દ્વેષ અને મિથ્યાત્વના પરિણામે પરિણમે છે. સમજાણું કાંઈ? ચાહે તો સાધુ થઈને બેઠો હોય દિગંબર નગ્ન. પણ જેને આત્મા આનંદ સ્વરૂપ પુણ્ય-પાપના વિકલ્પથી જુદો છે એવું ભાન નથી એ પંચ મહાવ્રતના પરિણામના ભાવને પુણ્યને પણ પોતાના માનીને તે પરિણમી રહ્યો છે. એ મિથ્યાદષ્ટિ રાગ-દ્વેષપણે પરિણમે છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..!

નગ્ન દિગંબર હોય નગ્ન. રાણી (હજારો છોડી હોય) પણ અંતર આત્મા આ રજકણથી જુદો અને પુણ્ય-પાપના રાગથી જુદો અને આનાથી પુણ્ય-પાપ જુદા, એવું જેને અંતર દર્શન અને સમ્યગ્જ્ઞાન નથી એ અજ્ઞાની પુણ્યના પરિણામ એ મારા છે તેમ પરિણમે છે એટલે મિથ્યાત્વ સહિત રાગ અને દ્વેષપણે થાય છે. સ્વભાવપણે થતો નથી, ધર્મપણે થતો નથી, અધર્મપણે થાય છે. ભારે વાત. સમજાણું આમાં કાંઈ? આહાહા..! જુઓ! રાગદ્વેષમોહાદિપણે પરિણામો છે ને? જુઓ! **'એવા જે આ રાગદ્વેષમોહાદિ પરિણામો છે,...'** એને પોતાના માનતો **'તેઓ જ ફરીને રાગદ્વેષમોહાદિ પરિણામોનું નિમિત્ત...'** તેના બંધનું કારણ થાય છે. શું કહે છે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આત્મા આનંદ ચૈતન્યમૂર્તિ છે અને પુણ્ય-પાપ વિકાર દુઃખરૂપ છે. એવું બેનું જેને ભેદજ્ઞાન નથી અને બેનું જેને એકરૂપ જ્ઞાન છે. એ એકરૂપ જ્ઞાનવાળાને રાગ-દ્વેષ અને મોહના પરિણામપણે પરિણમતો, નવા કર્મ જે બંધાય એમાં એ પરિણામ નિમિત્ત થાય છે. અને બંધાય તે ઉદયમાં આવે ત્યારે એને એ રાગ-દ્વેષમાં એ નિમિત્ત થાશે. સમજાણું કાંઈ? શું કીધું જુઓ. પોતાના આનંદ સ્વરૂપની રુચિ નથી અને જેને પુણ્ય-પાપના પરિણામની રુચિ અને પ્રેમ છે તે પુદ્ગલ કર્મ જેમનું નિમિત્ત એવા એને રાગ-દ્વેષ મોહ પરિણામો જ છે. એમ ભાઈ કહે છે. આત્માના પરિણામ નથી એમ કહે છે. શું કીધું સમજાણું આમાં?

વસ્તુ ભગવાન આત્મા પુણ્ય અને પાપના રાગ વિનાનો આત્મા, એવી દૃષ્ટિ જેને હોય છે ધર્મીને. એના પરિણામ તો રાગદ્વેષ વિનાના શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિના પરિણામ હોય છે તે ધર્મ કહેવાય છે. સમજાણું કાંઈ? અત્યારે તો આ બધું ધામધુમ ચાલે ધમાધમ. ફરીને જોતો નથી હું તે ક્યા ભાવે પરિણમું છું. સમજાય છે? કેમ કે જેણે પોતાના સ્વભાવની શુદ્ધતાને જોઈ નથી, માની નથી, ઓળખી નથી તે જીવ રાગ અને પુણ્યના પરિણામોપણે પરિણમતો. કારણ એ એના પરિણામ છે. આત્મા તો (દૃષ્ટિમાં) છે નહિ. સમજાણું કાંઈ? આત્મા તો છે નહિ અજ્ઞાનીને. આત્મા છે એ તો રાગ અને પુણ્ય-પાપ વિનાનો છે. એવી દૃષ્ટિ નથી એટલે એના પરિણામમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણામ નથી.

મુમુક્ષુ :- આસ્રવ...

ઉત્તર :- બસ, આસ્રવ અને બંધના પરિણામ છે એને.

મુમુક્ષુ :- આસ્રવ બંધ...

ઉત્તર :- બસ, વસ્તુ છે એની ખબર નથી, એની શ્રદ્ધા નથી. શું વસ્તુ છે એની ખબર નથી. એમ ને એમ આ પુણ્ય કરીએ છીએ, આ કરીએ છીએ, ધર્મ થાશે, આમ ધર્મ થાશે.. આમ ધર્મ થાશે. એ શુભભાવથી જુદો પડીને આત્માને જાણીને આત્માના શુદ્ધ પરિણામ થવા જોઈએ તે ધર્મ છે. હવે એ આત્મા છે તેવો રાગથી ભિન્ન જાણ્યો નથી તેથી રાગને જ પોતાનો માનીને રાગપણે, દ્વેષપણે મિથ્યાત્વપણે પરિણમે છે એ અધર્મ પરિણામપણે પરિણમે છે. એને ધર્મના પરિણામ હોતા નથી. આહાહા..! સમજાણું કાંઈ?

એ પરિણામો છે. નથી એમ નહિ. ભ્રમ છે. સત્ય એકલું છે અને રાગ-દ્વેષ નથી એમ નહિ. સત્ય વસ્તુ ભગવાન આત્મા પરમેશ્વરે કહ્યો, પૂર્ણાનંદનું સ્વરૂપ, તેની જેને દૃષ્ટિની ખબર નથી. એ જ્ઞેય છે મારા જ્ઞાનમાં જ્ઞાનનું. રાગ મારો છે જ નહિ. એવું જેણે અંતરમાં જાણ્યું અને માન્યું નથી. તેની દૃષ્ટિ તો કર્મના સંગમાં પડ્યો. અહીં સંગ છોડી દીધો. ત્યાં સંગમાં પડ્યો પુણ્ય અને પાપના મોહભાવના પરિણામ છે. એની દશામાં તો રાગદ્વેષ અને મોહ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પરિણામ છે. આહાહા..! રાજમલજી! કહો, સમજાય છે કે નહિ આ? ગૃહસ્થાશ્રમની વાત ચાલે છે આ.

મુમુક્ષુ :- કર્મનું વધારે જોર હોય તો..

ઉત્તર :- લે કર્મનું વધારે જોર એ ક્યાંથી કાઢ્યું? કર્મનું જોર છે નહિ આત્મામાં. એ તો પર જડ છે. એય..! અમરચંદભાઈ! એ તો માંડી છે. આ તમને બતાવ્યું. ચોપડી આપી. લખ્યું છે, કર્મનું જોર રહે નહિ. કર્મનું જોર હોય ને મને વિકાર થાય એ માન્યતા મૂઢ જીવની છે. અજીવના કર્મને કારણે મને ... એ જડ છે. એને તો ખબર પણ નથી. માટી છે. જેવી આવી માટી છે એવી સૂક્ષ્મ માટી છે. કર્મ ઝીણી માટી છે. ઝીણી માટી એને કંઈ ખબર નથી, એ તો રજકણ છે. તું એનો સંગ કરે તો વિકાર થાય છે.

મુમુક્ષુ :- .. આવી ગયું ને એ.

ઉત્તર :- પરસંગનું આવી ગયું છે. એની તો આ વાત છે. આ પરસંગ કરે છે એને આવા જ પરિણામ થાય છે એમ કહે છે. સ્વસંગ કરે એને એ પરિણામ થતા નથી એમ કહેવા માગે છે. ભગવાન આત્મા... ભલે પુણ્ય-પાપનો વિકલ્પ હો, પણ દૃષ્ટિ સ્વભાવના સંગે પડીને ધર્મદશા પ્રગટી છે એને તો ધર્મ પરિણામ જ થાય છે એમ કહેવું છે અહીં. એ રાગાદિ થાય એનો એ જ્ઞાતા-દૃષ્ટા છે. આહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. વસ્તુની ખબર છે. ઓલાને વસ્તુની ખબર નથી. ઓહોહો..!

મુમુક્ષુ :- આ બધી ખબર ઉપર લાવ્યા.

ઉત્તર :- ક્યાં સુધી લઈ ગયા છે વાતને જુઓને. નવમી ગ્રૈવેયકે દિગંબર સાધુ થઈને ગયો. પણ એ વિકલ્પ છે રાગ અને શરીરની ક્રિયા, એના અસ્તિત્વમાં આ અસ્તિત્વ જે ભિન્ન છે ચૈતન્યમૂર્તિ, એ ભિન્નની દૃષ્ટિ કરી નહિ અને આ દૃષ્ટિમાં રહ્યો. મિથ્યાદૃષ્ટિપણે, રાગપણે જ પરિણમ્યો છે. એના પરિણામમાં રાગ અને મિથ્યાત્વ જ છે. આહાહા..! સમજાણું કાંઈ? વલ્લભદાસભાઈ! હજારો રાણી છોડીને રાજાનો કુંવર હોય ને છોડ્યું. પણ ભાન, આત્મા શું છે એની દૃષ્ટિની ખબર ન મળે. બહારથી રાગ ઘટાડ્યો, મંદ કર્યો કાંઈક. પણ એ મંદ કર્યો એ મારી ચીજ છે, એ મારી છે. એટલે મારી રાગ વિનાની ચીજ છે એમ એણે માન્યું નહિ.

મુમુક્ષુ :- ... તો લાભ થયો ને.

ઉત્તર :- ધૂળમાંય લાભ નથી. કીધું ને. મંદ વખતે તેને પુણ્ય અને એ મારા એટલે મિથ્યાત્વ અને પુણ્યપણે તે પરિણમે છે. મિથ્યાત્વનું મોટું લાકડા સહિત શુભભાવપણે પરિણમે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- લાકડા કાઢી દ્યો ત્યારે બીજું શું થાય.

ઉત્તર :- કહો આમાં શું... એય.. વલ્લભદાસભાઈ! કહે છે કે સમજ તું. ભૂલ કરી એણે અને ટાળવું એને છે. કોઈ ટાળી દે એવો બીજો છે? તીર્થંકર ભગવાન ટાળી દે એવું છે? એ પોતે સમજે કે મારી ચીજ તો, મારી ચીજ હોય એ મારી પાસે સદાય રહેવી જોઈએ. અને મારાથી જુદી પડી જાય એ મારી ચીજ નહિ. તો શરીર, વાણી આદિ તો જુદી પડી જાય માટે મારી ચીજ નહિ. અને પુણ્ય-પાપના વિકાર પણ છૂટા પડી જાય છે. કારણ કે વિકાર કાંઈ આત્મામાં રહેતો નથી. માટે મારી ચીજ નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દ્રવ્ય, ગુણ અને પર્યાય. બસ, એ વસ્તુ. એની પછી શ્રદ્ધા કરી તે એની પર્યાય. દ્રવ્ય નામ આત્મા અને એમાં જ્ઞાન, આદિ અનંત ગુણ. એ હું એવી જે પર્યાય શ્રદ્ધા-જ્ઞાન એ આત્મા. એને આત્માના પરિણામ થયા કહેવાય. અને આ આત્માના ભાન વિના ચાહે તો દયા, દાન અને વ્રતના (પરિણામ હોય), પણ અંદર બુદ્ધિ તો રાગ ઉપર પડી છે. એટલે મિથ્યાત્વ છે. વસ્તુના સ્વરૂપની ખબર નથી. એટલે મિથ્યાત્વ સહિત પુણ્યના પરિણામ વિકારરૂપે પરિણમે છે. એ પરિણામમાં છે, એ પરિણામો એના છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**આ રાગદ્વેષમોહાદિ પરિણામો છે,...**' અસ્તિમાં. કેમ કે અજ્ઞાની છે. ચૈતન્ય પ્રભુ એ રાગ અને અજીવ વિનાની ચીજ ભિન્ન છે એવા વસ્તુના સ્વરૂપના ભાન વિના એ કર્મના.. કારણ કે દૃષ્ટિ છે પર ઉપર. તેથી કર્મના સંગના લક્ષે જે કાંઈ મિથ્યાત્વ અને રાગદ્વેષના પરિણામ થયા તે પરિણામોમાં છે. એ એના પરિણામ છે. '**તેઓ જ ફરીને...**' એ જ પરિણામ જે થયા. એ ફરીને '**રાગદ્વેષમોહાદિ પરિણામોનું...**' ભવિષ્યના થશે તેનું '**નિમિત્ત જે પુદ્‌ગલકર્મ તેના બંધનું કારણ છે.**' આહાહા..! સમજાણું કાંઈ? ફરીને કહીએ.

'**તેઓ જ ફરીને...**' એટલે જે પરિણામ રાગદ્વેષરૂપે પરિણમ્યો છે, શુદ્ધ ધર્મની ખબર નથી, ચૈતન્ય સ્વભાવ જ્ઞાનાનંદ છે એની પ્રતીત નથી, પ્રતીત છે રાગ તે હું એવી પ્રતીત છે. એથી મિથ્યાત્વ સહિતના ભાવ ભલે શુભ કે અશુભ ગમે તે હો. એ વખતે શુભ કે મિથ્યાત્વ સહિત પરિણમતો એ ભાવ નવા જ્યારે રાગદ્વેષમોહ થશે તેના બંધનું કારણ તે પરિણામ થાય છે. સમજાણું કાંઈ?

'**તેઓ જ ફરીને રાગદ્વેષમોહાદિ પરિણામોનું નિમિત્ત...**' કોણ? '**જે પુદ્‌ગલકર્મ...**' બંધાય છે તે. એમ. '**રાગદ્વેષમોહાદિ પરિણામોનું નિમિત્ત જે પુદ્‌ગલકર્મ તેના બંધનું**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કારણ છે.**' આહાહા..! સમજાણું કાંઈ? બંધનું કારણ થાય છે કહે છે. એમાં તો કાંઈ ધર્મ-બર્મ છે નહિ. આહાહા..! શુભભાવ કર્યો હોય ને તોપણ એની દૃષ્ટિ શુભભાવ ઉપર છે. શુદ્ધ વસ્તુ ભિન્ન છું એના ઉપર તત્ત્વની દૃષ્ટિ નથી તે શુભને મિથ્યાત્વ સહિતના ભાવ નવા કર્મને બાંધે છે અને નવા કર્મ રાગદ્વેષ પરિણામ જેનું નિમિત્ત છે. સમજાય છે કાંઈ? તેના બંધનું કારણ છે. ફરીને પાછા થાશે તેને નિમિત્ત થાશે. એ ચક્ર ચાલ્યા કરશે. આહાહા..! હવે જરી ઝીણી વાત છે થોડી. કઠણ છે. હવેની ગાથાઓ કઠણ છે. આ બહુ કઠણ જરી. પણ હવે.

**'ભાવાર્થ :- અજ્ઞાનીને કર્મના નિમિત્તે જે રાગદ્વેષમોહ આદિ પરિણામો થાય છે તેઓ જ ફરીને આગામી કર્મબંધના કારણ થાય છે.**' તેઓ જ ફરીને આગામી નવું બંધાય એનું કારણ થાય છે. એટલું લીધું. તેઓ જ ફરીને આગામી પરિણામોનું નિમિત્ત એ પુદ્ગલકર્મ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વધશે. દુઃખ વધશે દુઃખ. આહાહા..! પોતાનું કરવું એને સૂઝ પડતી નથી. સૂઝ પડતી નથી. સાંભળવા મળ્યું નથી. એટલે ઓઘે ઓઘે આંધળે ચાલ્યો જાય છે અને એમાં કાંઈ પરિણામ શુભ હોય અને બહારથી કાંઈ આચરણ બહારના ઓલા અશુભ ટળ્યા હોય એટલે જાણે કે આપણે ધર્મ કર્યો.

મુમુક્ષુ :- બીજે બેસવું એની કરતાં અહીં બેસવું...

ઉત્તર :- પણ એ બેસે ક્યાં? બેઠો છે આત્મા છે ત્યાં બેસવું જોઈએ. બેઠો છે ક્યાં? ભલેને મંદિરમાં દેરાસરમાં, ભગવાનની સામે બેઠો સમવસરણમાં લ્યોને. સમવસરણ પરમાત્મા ત્રિલોકનાથનું હોય એને સાંભળવા ગયો.

મુમુક્ષુ :- આત્માની સ્થિરતા...

ઉત્તર :- પણ પહેલી દૃષ્ટિની ખબર નથી, સ્થિરતાની ક્યાં વાત છે? સ્થિરતાની આ વાત પણ ક્યાં છે? હજી દૃષ્ટિમાં જ આત્મા સર્વજ્ઞ સ્વભાવી ચૈતન્ય આનંદ સ્વરૂપ એ આત્મા, એની તો દૃષ્ટિની ખબર નથી. એથી જે કાંઈ ક્રિયામાં રાગની મંદતા થાય તે હું, એ મારું કર્તવ્ય અને એમાં હું પરિણમું છું. સમવસરણમાં બેઠો હોય તો મિથ્યાદૃષ્ટિ રાગરૂપે પરિણમે એ એના પરિણામ છે. ભગવાનની વાણી સાંભળતો હોય ત્યારે પણ. આહાહા..!

મુમુક્ષુ :- એટલો લાભ નહિ?

ઉત્તર :- લાભ શું પણ? ઘર મૂકીને, પોતાનું ઘર મૂકીને બહાર ગયો છે. નિજઘર જે શુદ્ધ છે એ ઘરની તો શ્રદ્ધા કરતો નથી. સમજાય છે? આવે છે નહિ ભક્તિમાં?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અબ તો કબહુ ન નિજઘર આયે,
પરઘર ભમત અનેક નામ ધરાયે
અબ હમ કબહુ ન નિજઘર આયે.

નિજઘર તો જ્ઞાનાનંદ સ્વરૂપ પરમાત્મા પોતે સ્વરૂપ છે. એ નિજઘર છે. ભોગીદાસભાઈ! આ મીલ-બીલ પણ ઘર નહિ.

મુમુક્ષુ :- એ તો નક્કી થઈ ગયું. એ મજૂરોએ નક્કી કરાવી દીધું.

ઉત્તર :- ભોગીદાસભાઈનું ચાલે નહિ .. મીલના અધિપતિ છતા ત્યાં. મજૂર કહે, નહિ. આટલું દેવું પડશે, આટલું દેવું પડશે. આહાહા..! કોણ કોના ધણી, ભાઈ! આહાહા..!

અહીં તો કહે છે પ્રભુ! એ શુભરાગ ઉઠ્યોને વિકલ્પ, એનો જો સ્વામી થા તોપણ મિથ્યાદષ્ટિ છે.

મુમુક્ષુ :- વિકારનો સંગ છે.

ઉત્તર :- તારું સ્વ જે તારું સ્વ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ એ સ્વ તારું ધન છે. એનો સ્વામી ન થતાં રાગનો સ્વામી થાય તેને પરમેશ્વર મિથ્યા અસત્ય બુદ્ધિ, સત્યબુદ્ધિથી વિરૂદ્ધ બુદ્ધિ મિથ્યાદષ્ટિ (કહે) છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મિથ્યાદષ્ટિનો અર્થ શું થયો? પાપબુદ્ધિ છે. મિથ્યાત્વ એટલે પાપ. આહાહા..!

જ્ઞાન સ્વરૂપ પ્રભુ એમાં ચૈતન્ય જ્યોતમાં તો પુણ્ય-પાપના વિકલ્પોનો અભાવ છે. એવો આત્મા, એની જેને ખબર નથી, એને કર્મના સંગે... સ્વભાવના સંગે જો સ્વભાવનું ભાન (હોય તો), સ્વભાવના સંગે તો નિર્મળ દશા થાય. તો એ નિર્મળ દશા થઈ એ ધર્મ પરિણામ છે. પણ સ્વભાવના સંગની ખબર નથી તો પરનો સંગ કર્યો. પુણ્ય અને પાપ રહ્યા. અને પુણ્ય-પાપમાં પોતાપણું માન્યું એ હું છું અને હું કાંઈક કરું છું. એ મિથ્યાત્વભાવ સહિતના પુણ્યના પરિણામ નવા બંધનું કારણ છે. એની એકતાનું બિલકુલ કારણ નથી. કહો, સમજાણું? શું કહ્યું હતું શેઠી? પહેલાં પૂછયું હતું કે શું?

મુમુક્ષુ :- એણે પૂછયું ને કે પુણ્યથી ધર્મ થાય...

ઉત્તર :- અહીં તો વાત ધર્મ ક્યાં, ધર્મ તો સ્વભાવથી થાય કે પુણ્યથી થાય? ધર્મ જેનામાં ભર્યો છે એ આત્મા સ્વભાવમાં વીતરાગતા પડી છે. એ સ્વભાવ છે એની શ્રદ્ધા-જ્ઞાન કરે તો ધર્મ થાય. બહારમાં વિકલ્પમાં ધર્મ છે? સમજાણું?

**'ભાવાર્થ :- અજ્ઞાનીને કર્મના નિમિત્તે...'** નિમિત્તથી હોં! ઉપાદાન તો તારું છે. **'જે આ રાગદ્વેષમોહ આદિ પરિણામો થાય છે...'** એને પોતાના માને છે જેથી તે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ફરીને નવા કર્મ બંધનું કારણ થાય છે.

‘**હવે પૂછે છે કે આત્મા રાગાદિકનો અકારક જ શી રીતે છે?**’ આમાં તો પ્રભુ તમે એવું ઠરાવ્યું કે રાગને કરે એ આત્મા નહિ. આત્મા રાગનો કર્તા જ નથી એવો તો સ્વભાવ છે. એનો ધર્મનો કર્તા એ આત્મા છે.

મુમુક્ષુ :- વીતરાગતાનો કર્તા...

ઉત્તર :- હા. વીતરાગતાનો કર્તા ઠરાવ્યો તો રાગનો કર્તા નથી શી રીતે આત્મા? કારણ કે પુણ્ય-પાપના વિકલ્પ કરે તો તો આત્માને વિકારી માન્યો એણે. સમજાણું? વસ્તુ જે છે ચિદાનંદ જ્ઞાનમૂર્તિ એ રાગનો કર્તા નથી. વસ્તુ છે અને વસ્તુની દૃષ્ટિ છે એ રાગ અને વિકાર પુણ્યનો કર્તા નથી. પુણ્યનો કર્તા હોય તો સદાય પુણ્યમય થઈ જાય આત્મા. સમજાણું કાંઈ?

‘**હવે પૂછે છે કે આત્મા...**’ રાગ એટલે પુણ્ય હોં! પુણ્ય, દયા, દાન, વિકલ્પો ઉઠે તે. તેનો ‘**અકારક જ શી રીતે છે?**’ આપે તો અકારક ઠરાવ્યો એને. ‘**તેનું સમાધાન (આગમનું પ્રમાણ આપીને) કરે છે :-**’

**अप्पडिकमणं दुविहं अपच्चखाणं तहेव विण्णेयं।**
**एदेणुवदेसेण य अकारगो वण्णिदो चेदा।।२८३।।**
**अप्पडिकमणं दुविहं दव्वे भावे अपच्चखाणं पि।**
**एदेणुवदेसेण य अकारगो वण्णिदो चेदा।।२८४।।**
**जावं अप्पडिकमणं अपच्चखाणं च दव्वभावाणं।**
**कुव्वदि आदा तावं कत्ता सो होदि णादव्वो।।२८५।।**

સૂક્ષ્મ વાત જરી પડશે, ભાઈ! ધીમેથી સાંભળવું. એકદમ મર્મ છે વાત.

હરિગીત. હરિગીત ૨૮૩.

**અણપ્રતિક્રમણ દ્વયવિધ, અણપચખાણ પણ દ્વયવિધ છે,**
**-આ રીતના ઉપદેશથી વર્ણ્યો અકારક જીવને. ૨૮૩.**
**અણપ્રતિક્રમણ બે-દ્રવ્યભાવે, એમ અણપચખાણ છે,**
**-આ રીતના ઉપદેશથી વર્ણ્યો અકારક જીવને. ૨૮૪.**
**અણપ્રતિક્રમણ વળી એમ અણપચખાણ દ્રવ્યનું, ભાવનું,**
**આત્મા કરે છે ત્યાં લગી કર્તા બને છે જાણવું. ૨૮૫.**

ઓહોહો..! ટીકા. ટીકા-ટીકા, એ ગાથાની ટીકા છે ને. ૪૩૦ પાનું છે આમાં એ ને? નવામાં. એ જૂનું હશે. જરી શાંતિથી પકડાય એવી વાત છે ભઈ આ. એકદમ ભગવાને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કુંદકુંદાચાર્યે... કહે છે કે ભાઈ! આત્મા પોતે વસ્તુ સ્વભાવ છે. એ પોતાના સ્વભાવની દૃષ્ટિએ રાગનો કર્તા કેમ થાય? વસ્તુ જે છે ચૈતન્ય જ્ઞાનાનંદ સ્વભાવ એ પોતાના સ્વભાવની દૃષ્ટિએ સંગે રાગનો કર્તા કેમ હોય? જો રાગનો કર્તા એ હોય તો તો રાગપણે તન્મય સદાય રહ્યા કરે. સમજાણું કાંઈ?

**ટીકા :- 'આત્મા...'** એમ શબ્દ લીધો છે પહેલો. પોતાની **'પોતાથી...'** એટલે વસ્તુના સ્વભાવથી. પોતાનાથી એટલે વસ્તુની દૃષ્ટિ કરતા. વસ્તુ ચૈતન્યમૂર્તિ છે એની દૃષ્ટિ થતાં તો એ આત્મા પોતે લીધો. ભલે દૃષ્ટિવંત ન લીધો ભલે, પણ આત્મા લીધો એટલે દૃષ્ટિવંત જે છે એ આવી ગયો. **'રાગાદિકનો અકારક જ છે;...'** ધર્મી અને, ધર્મીની દૃષ્ટિ અને ધર્મીનો આત્મા બેય વિકારનો અકરનાર છે.

મુમુક્ષુ :- ધર્મીની દૃષ્ટિ અને ધર્મીનો આત્મા.

ઉત્તર :- દૃષ્ટિ આત્માની થઈ ને? આત્મા અકારક છે કે નહિ? આત્મા અકારક ક્યારે થાય? એની દૃષ્ટિ આત્માની થાય ત્યારે. એ જ કહે છે જુઓ!

**'આત્મા પોતાથી રાગાદિકનો...'** પુણ્ય-પાપ. આ રાગ શબ્દે માણસ રાગની વ્યાખ્યા એ કરે કે આ બાયડી, છોકરાનો રાગ થાય અને ફલાણો રાગ. એમ નહિ. અહીં તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો વિકલ્પ ઉઠે એ પણ રાગ છે.

મુમુક્ષુ :- શાસ્ત્રનો અભ્યાસ એ પણ રાગ છે?

ઉત્તર :- રાગ છે. શાસ્ત્રનો અભ્યાસનો વિકલ્પ રાગ છે. એમાં શું છે? આ સાંભળવાનો ભાવ એ વિકલ્પ રાગ છે. કહેવાનો વિકલ્પ ઉઠે એ રાગ છે. શેઠી! ભલે પુણ્ય હો, પણ છે રાગ.

અહીં તો કહે છે કે આત્મા, પોતાથી એટલે પોતા વડે વસ્તુના સ્વભાવથી, રાગ અને દ્વેષ, પુણ્ય-પાપનો અકારક જ છે. વસ્તુ સ્વભાવમાં રાગનો કર્તા ક્યાંથી હોય?

**'કારણ કે, જો એમ ન હોય તો (અર્થાત્ જો આત્મા પોતાથી જ રાગાદિભાવોનો કારક હોય તો)...'** પોતાથી, નિમિત્તના સંગ વિના, સ્વભાવના સંગે. આહાહા..! ભગવાન આત્મા પોતાથી જ એટલે પોતાના સ્વભાવથી, રાગાદિભાવનો કર્તા હોય તો તો અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો દ્વિવિધપણાનો ઉપદેશ બની શકે નહિ. ભગવાને કહ્યું કે નિમિત્ત અને નિમિત્ત તરફનો રાગ બેની દૃષ્ટિ છોડી દે. નિમિત્ત અને નિમિત્તના સંબંધે થયેલો રાગ એ છોડી દે. કેમ કે વસ્તુમાં નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જરા કઠણ પડે છે.

ઉત્તર :- હળવે હળવે પોચું કરશું. બાયું લોટને કેળવે ને રોટલી કરવી હોય તો ધીમે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ધીમે. હળવે હળવે કેળવતા હશે ને? થોડી વાર પણ લાગે. એય.. શેઠી! આ રોટલી કરે ને રોટલી? લોટ બાંધીને એમ ને એમ ન રાખે. થોડો કેળવે. કેળવે ત્યારે પછી રોટલીનું સરખું આમ થાય ને? ત્યારે કુણી થાય, ત્યારે સરખી રોટલી થાય. નહિતર તો એક છેડો આમ નીકળે અને એક છેડો આમ નીકળે. સરખું ન થાય ઈ. રોટલી સમજો છો ને? ગોળ. એ લોટને કેળવે છે. કેળવેની ખબર નથી પડતી? એને એમ થઈ જાય કે આ ભાષા આપણે સમજતા નથી. કેળવે સમજતા નથી? આ લોટને પાણી નાખીને આમ આમ કરે. ગુંદતે હૈં, તમારી ભાષા. પણ અનુમાન થઈ જાયને કે લોટને કેળવે એમ કાંઈક કહે છે ને એનો અર્થ કે આમ કરે એમ અનુમાન આવી જવું જોઈએ ને મગજમાં.

કહે છે, '**આત્મા પોતાથી રાગાદિકનો અકારક...**' હોય તો? '**અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન...**' બે પ્રકારનો ભગવાનનો ઉપદેશ છે. અપ્રતિક્રમણ એટલે પ્રતિક્રમણનો અભાવ અને પ્રત્યાખ્યાનનો અભાવ. એવા '**દ્વિવિધપણાનો ઉપદેશ...**' છે. '**અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો જે ખરેખર દ્રવ્ય અને ભાવના ભેદે દ્વિવિધ (બે પ્રકારનો) ઉપદેશ છે...**' શું કહે છે હવે? અનાદિથી પરદ્રવ્યનું જે નિમિત્ત છે, એનું લક્ષ છોડ્યું નથી તો એ દ્રવ્યનું અપ્રત્યાખ્યાન અને અપ્રતિક્રમણ કહેવાય. અને પરદ્રવ્યના નિમિત્તે થતા વિકાર, એને છોડ્યો નથી સ્વભાવનો આશ્રય કરીને ત્યાં સુધી એને દ્રવ્ય અને ભાવનું અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન કહેવાય.

મુમુક્ષુ :- પ્રતિક્રમણનો અર્થ સમજાવો.

ઉત્તર :- પ્રતિક્રમણનો અર્થ ખરેખર તો રાગ અને દ્વેષના પરિણામ છે એનાથી હઠી અને સ્વભાવની દૃષ્ટિ કરવી એનું નામ મિથ્યાત્વનું પ્રતિક્રમણ પહેલું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સંવત્સરીનું પ્રતિક્રમણ ક્યાં ગયું?

ઉત્તર :- એ પછી. હજી ક્યાં એને હજી સંવત્સરીની ક્યાં ખબર છે. એ તો બધા ભેગા થઈને હો-હા. પછી પૂરું થાય એટલે ખમાવીએ છીએ, ખમાવીએ છીએ. પણ શેનું પણ?

અહીં તો શું કહે છે? જરી જુઓ. અપ્રતિક્રમણ.. એક મિથ્યાત્વભાવ છે ને? તો મિથ્યાત્વભાવનું નિમિત્ત છે. કુગુરુ, કુદેવ, કુશાસ્ત્ર આદિ નિમિત્ત છે. અને તેના નિમિત્તથી ઉત્પન્ન થયેલા પોતામાં મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વભાવ એ ભાવ છે અપ્રતિક્રમણ અને ઓલું નિમિત્ત છે દ્રવ્ય અપ્રતિક્રમણ. આ ભાવ અપ્રતિક્રમણ છે અને ઓલું દ્રવ્ય અપ્રતિક્રમણ. એમ ભવિષ્યનું ન કરે તો ભાવ અપચ્ચખાણ ભાવ અપ્રત્યખ્યાન નિમિત્ત. એનાથી હઠવાનું ભગવાને કહ્યું છે. કારણ કે એના સ્વભાવમાં નથી. બેનો સંબંધ કરે તો વિકાર થાય છે,

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સ્વભાવનો સંગ કરે તો વિકાર થાતો નથી. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ! આવા ન્યાય કાઢવા પાછા એમાંથી.

કહે છે કે વસ્તુ જે છે એ પરસંયોગી ચીજનું નિમિત્ત અને નિમિત્તના સંબંધે થતો વિકાર. એ બેને અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન કહે છે. એને એમ કીધું કે તું છોડ. એટલે એ ભાવને છોડ એટલે તારા સ્વભાવમાં એ નથી. સ્વભાવનો સંગ કરીને એ ભાવ છોડ. છોડ કહેતા જ એના સ્વભાવમાં છે નહિ. એટલે આત્મા ખરેખર અકર્તા છે. પણ નિમિત્તના સંગે ગયેલો રાગનો કર્તા થાય છે, મિથ્યાત્વનો કર્તા થાય છે તો મિથ્યાત્વનું નિમિત્ત છે એને પણ એણે છોડ્યું નથી અને મિથ્યાત્વભાવને છોડ્યો નથી. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ પડિક્કમણું અને પચ્ચખાણ. આ બહાર મિચ્છામી દુક્કડમ એ પડિક્કમણું અને પચ્ચખાણ નથી. આહાહા..! અંદરમાં રાગનો ભાવ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર એ નિમિત્ત. એના સંબંધમાં મિથ્યાત્વભાવ થાય તે નૈમિત્તિક. પોતામાં થાય તે, નિમિત્ત સંબંધમાં થાય તે. એ બેનો સંબંધ છે ત્યાં સુધી તે બેમાં અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનમાં છે. એને છોડ્યું નથી. એનું પ્રત્યાખ્યાન અને પડિક્કમણું ક્યારે કહેવાય? કે નિમિત્ત અને નિમિત્તના સંબંધે થયેલો મિથ્યાત્વ એ સ્વભાવને સંગે જાય એ છૂટી જાય ત્યારે એણે પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન કર્યું કહેવાય. આહાહા..! કહો, જેઠાલાલભાઈ! ભારે વાત ભાઈ! ભગવાનનું પડિકમણું...

મુમુક્ષુ :- અઠ્ઠમ કરો, બધા કહે છે પડિકમણું કરો.

ઉત્તર :- ઈ શું પણ? પડિકમણું શેનું? એનો અર્થ થયો કે નહિ? એની પાસે અપ્રતિક્રમણ છે. પ્રતિક્રમણ કરવું એમ કહેવાય છે ને? ત્યારે એની પાસે છે શું? અપ્રતિક્રમણ છે, અપ્રત્યાખ્યાન છે. એથી પ્રતિક્રમણ કરવાનું (કહેવાય છે). કરો આમ પ્રતિક્રમણ અને કરો આમ પ્રત્યાખ્યાન. એનો અર્થ થયો કે તારી પાસે અપ્રતિક્રમણ, અપ્રત્યાખ્યાન છે. એટલે તારી પાસે પરના સંગવાળો મિથ્યાત્વ અને રાગભાવ છે અને તેમાં નિમિત્ત પરચીજ છે. એમાં પરચીજ નિમિત્ત છે. એમાં આત્મા નિમિત્ત છે નહિ. એટલે નિમિત્ત નૈમિત્તિક સંબંધ જે આમ છે મિથ્યાત્વનો અને મિથ્યાત્વના નિમિત્તનો, એને છોડ એટલે કે તારામાં એ નથી. તારો સંગ કર અંદરમાં તો મિથ્યાત્વ અને નિમિત્તનું લક્ષ બેય છૂટી જશે. આ એણે ખરેખર મિથ્યાત્વનું પ્રત્યાખ્યાન અને પચ્ચખાણ કર્યું કહેવામાં આવે છે. આહાહા..!

મુમુક્ષુ :- ઘણી મતલબની વાત છે.

ઉત્તર :- હા. હા. બરાબર છે. અહીં તો આપણે પહેલા મિથ્યાત્વનું ઉતાર્યું. સમજાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે કે નહિ? આહાહા..!

કહે છે, સાંભળ ભાઈ! ભગવાને એમ કહ્યું કે એક દ્રવ્ય મિથ્યાત્વ એટલે મિથ્યાત્વ અને એનું નિમિત્ત કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર. એ નિમિત્ત કહેવાય. અને નિમિત્તના લક્ષે થયેલો મિથ્યાત્વભાવ. કાંઈ આત્માને લક્ષે મિથ્યાત્વભાવ થાતો નથી. આ પુણ્યમાં ધર્મ છે, પાપમાં લાભ છે, એવું પુણ્યમાં સુખ છે એવો મિથ્યાત્વભાવ એ અપ્રતિક્રમણ કહેવાય છે. અને એનું નિમિત્ત જે સામે છે એને પણ દ્રવ્ય અપ્રતિક્રમણ કહેવાય છે. એમ ભવિષ્યને માટે પણ એ મિથ્યાત્વભાવ જે છે એ ભવિષ્યનું અપ્રત્યાખ્યાન છે. એને પ્રત્યાખ્યાન છે નહિ. તો એનું નિમિત્ત જે છે પણ અપ્રત્યાખ્યાન દ્રવ્ય કહેવામાં આવે. એ બે આમ સંબંધ કીધો એનો અર્થ થઈ ગયો કે આત્મા આમ સંગ પર્યાયમાં પરસંગે કરે છે ત્યાં સુધી એને અપ્રતિક્રમણ, અપ્રત્યાખ્યાન છે. એને છોડે છે ત્યારે સ્વભાવની દૃષ્ટિ થાય છે તો એનામાં રાગનું કરવું એ છે નહિ. છે નહિ માટે છૂટી જાય છે એમ કહે છે. આહાહા..! અમરચંદભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- થોડો થોડો આવ્યો છે હજી. હજી તો શરૂઆત કરી છે. આ તો મોટી વાત છે. મહાસિદ્ધાંતો છે. ભાઈ! આહાહા..!

અહીં તો કહે છે કે અકારક જો ન હોય તો ભગવાને આ બે પ્રકારનો ઉપદેશ કેમ કર્યો? સમજાણું? કે અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન. અપ્રતિક્રમણ દ્રવ્ય અને ભાવ આમ નિમિત્ત અને નૈમિત્તિક. એ બેની વ્યાખ્યા કરી. તો બે છે. હવે એ અપ્રતિક્રમણ અપ્રત્યાખ્યાન છે તો વસ્તુની દૃષ્ટિએ નથી એટલે વસ્તુમાં નથી. વસ્તુ પોતાની સ્વભાવની દૃષ્ટિ છોડીને નિમિત્તનો સંબંધ કરે છે ત્યારે નૈમિત્તિક ભાવ થાય છે. એને અપ્રતિક્રમણ અપ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. એમ કહેતા જે છોડવા લાયક છે અને આત્માનો સંગ કરવા લાયક છે. એટલે આત્મા પરનો કર્તા નથી. રાગનો કર્તા નથી અને રાગના નિમિત્તનો લક્ષ કરનારો પણ એ નથી. આહાહા..! લ્યો, શું કીધું વળી?

મુમુક્ષુ :- રાગના નિમિત્તનો...

ઉત્તર :- લક્ષ કરનારો એ નથી. રાગનો કર્તા પણ નથી અને રાગનું લક્ષ જે નિમિત્ત છે એ લક્ષ કરનારો પણ આત્મા નથી. એ તો રાગ છે એ લક્ષ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઠીક છે. કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર એક નિમિત્ત છે. એનું લક્ષ કરનારો જે મિથ્યાત્વભાવ છે. મિથ્યાત્વભાવ. તો મિથ્યાત્વભાવમાં આ સાચા છે, સારા છે અને પુણ્ય-પાપમાં ઠીક

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે એવો જે મિથ્યાત્વભાવ. એ મિથ્યાત્વભાવ તે નૈમિત્તિક છે. અંદર થયેલી દશા.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કુગુરુ નિમિત્ત છે. હવે એમ કહ્યું કે નિમિત્તનો તારો સંબંધ છે એ છોડ. એ અપ્રતિક્રમણ, અપ્રત્યાખ્યાન છે, પાપ છે. ત્યારે એ રાગ અને પર તરફનો મિથ્યાત્વભાવ છોડ એનો અર્થ આત્મા તે મિથ્યાત્વનો કર્તા છે નહિ. વસ્તુ કર્તા નથી. તેથી એને સંગ છોડવાનું કહેવામાં આવે છે. અને રાગ છૂટતાં રાગનું જે નિમિત્ત હતું એનું લક્ષ પણ છૂટી જાય છે. આમાં એમ આવશે કે લક્ષ છોડે પછી નૈમિત્તિક છૂટે છે એમ આવશે. નૈમિત્તિક છૂટતા અકારક થાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લક્ષ છોડે. બીજું શું છે ત્યાં? પર (વસ્તુ) તો છૂટેલી જ પડી છે. સમજાણું કાંઈ?

જ્ઞાયક ચૈતન્ય ભગવાન નિમિત્ત નૈમિત્તિક સંબંધમાં જોડાય છે તે જ મિથ્યાત્વ અને અજ્ઞાનભાવ છે. એમ કહે છે. એ સંબંધને છોડ કારણ કે નિમિત્ત નૈમિત્તિક સંબંધ એ કૃત્રિમ ઊભો કરેલો છે. વસ્તુમાં છે નહિ. એવી વસ્તુની દૃષ્ટિ કરીને મિથ્યાત્વ અને મિથ્યાત્વના નિમિત્તનો ત્યાગ થાય છે. નહિતર ત્યાગ થતો નથી. એનો વિસ્તાર કરશે વિશેષ...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**ભાદરવા વદ ૮, બુધવાર તા. ૨૭-૦૯-૧૯૬૭**
**ગાથા-૨૮૩ થી ૨૮૫, પ્રવચન-૩૪૯**

આ સમયસાર ગાથા ૨૮૩, ૨૮૪ અને ૨૮૫ ચાલે છે. આ બંધ અધિકાર છે. આત્માને બંધ કેમ થાય છે? પોતે આત્મા સ્વભાવ દ્રવ્ય તો અબંધ છે. વસ્તુ પોતે આત્મા અબંધ સ્વરૂપ છે-દ્રવ્ય. આત્મા અબંધસ્વભાવી છે. છતાં એને બંધ કેમ થાય છે? એ પરના સંગમાં, નિમિત્તના સંગમાં લક્ષ જતાં એને નૈમિત્તિક વિકારભાવ થાય છે તે બંધનું કારણ છે. પોતાનો સંગ કરે, સ્વભાવ ચૈતન્ય શુદ્ધ આનંદ છે એવો પોતાનો સ્વભાવ છે તેનો સંગ કરે, દૃષ્ટિ કરે, આશ્રય કરે તો એને બંધ હોતો નથી. સમજાય છે કાંઈ?

તેથી કહે છે કે '**આત્મા...**' પહેલી લીટી. '**પોતાથી...**' એટલે પોતાના સ્વભાવથી '**રાગાદિકનો...**' એટલે વિકારીભાવનો '**અકારક જ છે;...**' કરનારો નથી. વસ્તુ દૃષ્ટિએ આત્મા વિકારનો કરનારો નથી. સમજાય છે કાંઈ? '**કારણ કે, જો એમ ન હોય તો...**' એટલે કે આત્મા પોતાથી વિકારભાવોનો કરનારો હોય તો, પરના સંગ વિના એકલો સ્વસંગે જ આત્મા વિકાર કરનારો હોય તો '**અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનના દ્વિવિધપણાનો ઉપદેશ બની શકે નહિ. અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો જે ખરેખર...**' એ દ્વિવિધની વ્યાખ્યા કરે છે. '**દ્રવ્ય અને ભાવના ભેદે દ્વિવિધ ઉપદેશ છે...**' જે પરદ્રવ્ય છે તેને ગ્રહ્યા હતા અને એની જે મમતા અને સંસ્કાર છે. અને વર્તમાન જે રાગાદિ થાય તેના ભાવો એને માને ત્યાં સુધી એને દ્રવ્ય પર અને ભાવ વિકારી, બેનો એને ત્યાગ નથી. સમજાય છે કાંઈ?

પરદ્રવ્યને ગ્રહતા, એ ખુલાસો છે એમાં જુઓ. ભાવાર્થમાં. પરદ્રવ્યોનું ગ્રહણ કર્યું હતું તેમને વર્તમાનમાં ભલા જાણવા, તેમના સંસ્કાર રહેવા, તેમના પ્રત્યે મમત્વ રહેવું તે દ્રવ્ય અપ્રતિક્રમણ છે. દ્રવ્ય એટલે વસ્તુ તરફનું લક્ષ છોડ્યું નથી તો તેનો ત્યાગ એને છે નહિ. અને તે પરદ્રવ્યના નિમિત્તે જે રાગાદિ ભાવો થયા હતા. પુણ્ય અને પાપના ભાવ જે વિકલ્પ અને વિકાર થયા હતા તેમને વર્તમાનમાં ભલા જાણવા. ભાવાર્થમાં છે. '**તેમના સંસ્કાર રહેવા, તેમના પ્રત્યે મમત્વ રહેવું, તે ભાવ-અપ્રતિક્રમણ છે.**' ગયા કાળના દ્રવ્યને ગ્રહ્યા, એના સંસ્કાર રહેવા અને એના નિમિત્તે થતાં વિકાર, એના ભાવની અનુમોદના રહેવી. એને દ્રવ્ય અને ભાવ બે પ્રકારે અપ્રતિક્રમણ કહેવામાં આવે છે. એમ ભવિષ્યનું. સમજાણું? છે ને? '**આગામી કાળ સંબંધી પરદ્રવ્યોની વાંછા રાખવી, મમત્વ રાખવું, તે દ્રવ્ય-**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**અપ્રત્યાખ્યાન છે...**' ભવિષ્યમાં પરદ્રવ્યની ઈચ્છા રાખવી કે આ પરદ્રવ્ય આવા હોય તો ઠીક. '**અને તે પરદ્રવ્યોના નિમિત્તે આગામી કાળમાં થનારા જે રાગાદિભાવો તેમની વાંછા રાખવી, મમત્વ રાખવું, તે ભાવ અપ્રત્યાખ્યાન છે.**' એ નિમિત્ત પર અને નૈમિત્તિક વિકાર. બેના સંબંધે જે વિકાર થાય તેને અહીંયાં દ્રવ્ય અપ્રતિક્રમણ અને દ્રવ્ય અપ્રત્યાખ્યાન પરની અપેક્ષાએ (કહે છે). પોતાના વિકારભાવની અપેક્ષાએ ભાવ અપ્રતિક્રમણ અને ભાવ અપ્રત્યાખ્યાન (કહે છે). ઝીણું છે ભાઈ! તેથી કહ્યું, ધીમેથી સાંભળવા જેવું છે આ. આ દરિયો ઝટ સમજાય એવો નથી.

અહીં તો એમ કહે છે, વસ્તુ જે ચૈતન્ય મૂર્તિ આત્મા છે એ પોતે દ્રવ્ય વસ્તુ છે, એ વિકારનો કરનાર છે જ નહિ. અને એ વિકાર કરનાર હોય તો એની કોઈ દિ' મુક્તિ થાય નહિ અને વિકાર કરવો એનો સ્વભાવ થઈ જાય. નિમિત્તનું લક્ષ કરતા વિકાર કરે છે તેથી નિમિત્ત અને નૈમિત્તિક સંબંધ તે વ્યવહાર છે. એ વ્યવહારનો જે આશ્રય અને આદર કરે છે તેને દ્રવ્ય અને ભાવ અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન છે. ફરીને હજી (લઈએ). શેઠી!

વસ્તુ જે છે ચૈતન્યપ્રભુ એ તો અનંત આનંદ આદિ ગુણનો પિંડ આત્મા છે. હવે એ વસ્તુ પોતે જો વિકાર કરનાર હોય તો વિકાર કરવો અને વિકારનું ધરવું, રાખવું એ તો એનું સ્વરૂપ થઈ જાય. તો કોઈ દિ' વિકારથી રહિત થવાનો એને અવકાશ રહે નહિ. કહો, સમજાય છે કાંઈ? શોભાલાલજી! થોડું થોડું સમજવું ભાઈ માણેકચંદજી! ગુજરાતી છે ને તેથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નવા આવ્યા છે એટલે એને એકદમ ગુજરાતી કઠણ પડે. પણ આ વિષય એવો છે કે હિન્દીમાં બરાબર લેવાય નહિ.

આ વસ્તુ છે ને આત્મા, ચૈતન્ય સત્ત્વ છે ને વસ્તુ તત્ત્વ પદાર્થ. હવે એ ચૈતન્ય વસ્તુ ત્રિકાળી પદાર્થ છે એ પોતે જો વિકાર કરનાર હોય, વિકાર નામ દોષ, દોષ કરનાર એ તત્ત્વ હોય તો તો દોષમાં તન્મય થઈ ગયેલું તત્ત્વ હોય. તો તો એને દોષ રહિત થવાનો પ્રસંગ રહેતો નથી.

મુમુક્ષુ :- તો નિર્દોષ ન થઈ શકે.

ઉત્તર :- ન થઈ શકે.

એની પર્યાયમાં, અવસ્થાબુદ્ધિમાં જે રાગ-દ્વેષ છે તેનું નિમિત્ત પર છે. એટલે એનું લક્ષ પર ઉપર જાય છે. સ્વ ઉપર જાય તો તો અકારક છે. સમજાણું કાંઈ? ચૈતન્ય જ્ઞાયક આનંદમૂર્તિ, એનું વર્તમાન દશાનું લક્ષ અંતરમાં જાય તો તો એ અકારક છે. રાગનો કરનાર નથી. પણ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અંતરમાં ન જતાં જેટલે દરજ્જે નિમિત્તના લક્ષમાં જઈને નૈમિત્તિક વિકાર ભાવ કરે છે એ પર્યાય ક્ષણિક વિકારી ભાવ અને ઓલો નિમિત્ત, એ બેનો સંબંધ તે વ્યવહાર છે. એ વ્યવહાર તે બંધનું કારણ છે. સમજાણું કાંઈ? અને તેથી ભગવાને કહ્યું કે એ પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન એટલે કે દ્રવ્ય અને ભાવનું લક્ષ છોડ. એનું લક્ષ છોડ અને વિકાર છોડ. ભૂતનો કે ભવિષ્યનો. વિકારનું પ્રતિક્રમણ કર. પ્રતિક્રમણ એટલે? પાછો હઠી જા. પર્યાય લક્ષમાં જે વિકારી ભાવ છે એનું લક્ષ પર ઉપર જાય છે. (ત્યાંથી) હઠી જા, સ્વભાવ ઉપર આવ. સ્વભાવ ઉપર આવતા સ્વભાવ બંધનું કારણ નથી. સ્વભાવનું લક્ષ અને આશ્રય નહોતો ત્યાં સુધી... અહીં મૂળ તો એ વસ્તુ છે. પછી દૃષ્ટાંત તો જ્ઞાનીનો પણ આપશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, પણ છતાં વસ્તુ તો આ છે.

ચૈતન્ય ભગવાન આત્મા એની એક સમયની દશા, એક સમયની દશા. દશા સમજાય છે? વિકારી ભાવ. એ વિકારી ભાવ નિમિત્તના લક્ષે ઉત્પન્ન થાય છે. સ્વના લક્ષે થતો નથી. કારણ કે સ્વમાં એ વિકાર છે નહિ. તો કહે છે કે આત્મા પોતાથી તો અકારક જ છે. વસ્તુની દૃષ્ટિએ, વસ્તુના સ્વભાવે અને વસ્તુની દૃષ્ટિ કરનારો. તત્ત્વની દૃષ્ટિ કરનાર આત્મા એ સમ્યગ્દૃષ્ટિ તો રાગનો અકારક છે. સમજાણું કાંઈ? શેઠી! કેટલું સૂક્ષ્મ પડે છે?

આમ વસ્તુ છે ચૈતન્ય જ્ઞાયકપિંડ સચ્ચિદાનંદ પ્રભુ. એ વસ્તુ છે એ વસ્તુ અને વસ્તુની દૃષ્ટિ. વસ્તુની દૃષ્ટિ કરી સમ્યક્ તો એ વસ્તુ પણ અકારક છે અને સમકિતી પણ રાગનો અકર્તા છે. સમજાણું કાંઈ? વજુભાઈ! રહી ગયા હતા આમાં? મોટર ગઈ કે નહિ તમારી? ઠીક. છતાં આવી ગયા. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વ્યવહાર પ્રતિક્રમણ એટલે શું? એ તો વિકલ્પ એ વ્યવહાર. અને નીચે સ્થિરતા એ જુદી વસ્તુ છે, આ બીજી વાત છે.

અહીં તો દ્રવ્ય અપ્રતિક્રમણ એટલે પરપદાર્થ તરફથી લક્ષ હઠતું નથી એટલું દ્રવ્ય અપ્રતિક્રમણ કહેવાય છે. અને દ્રવ્ય અપ્રતિક્રમણના લક્ષે દ્રવ્યના જે વિકારી ભાવ થાય તેને ભાવ અપ્રતિક્રમણ કહેવાય છે. એમ ભૂતકાળની અપેક્ષાએ એને અપ્રતિક્રમણ, ભવિષ્યની અપેક્ષાએ તેને અપ્રત્યાખ્યાન. સમજાણું કાંઈ?

અહીંયાં તો બંધ અધિકારમાં બંધપણું સિદ્ધ કરવું છે. જે વસ્તુ પોતે ચૈતન્ય છે એનો સંગ કર્યો-અંતરમાં અનુભવ કર્યો, ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત જ્ઞાનમૂર્તિ છે એમ અનુભવ કર્યો એટલે વસ્તુ અને અનુભવદૃષ્ટિ બેય રાગની કરતા નથી. પણ જ્યાં વસ્તુની દૃષ્ટિ નથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અને વર્તમાન જ્યાં નિમિત્ત ઉપરના સંગમાં લક્ષની દૃષ્ટિ છે પર્યાયબુદ્ધિ, એ એક સમયનો વિકારી નૈમિત્તિક પુણ્ય-પાપનો ભાવ અને એક સમયનું વિકારીનું લક્ષ નિમિત્ત ઉપર. એ બે થઈને બેને અપ્રતિક્રમણ અને ભવિષ્યને માટે બેને અપ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ધર્મને સમજવા માટે આ બધું સમજવું પડતું હશે કે નહિ?

કહે છે કે વિકાર થાય છે એ તને પરના લક્ષમાં જાય છે તો થાય છે. સ્વના લક્ષે જા તો વિકાર થાય નહિ. પરના લક્ષના સંબંધથી બંધ ઊભો થાય છે. સમજાણું કાંઈ? '**અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો જે ખરેખર દ્રવ્ય અને ભાવના ભેદે દ્વિવિધ (બે પ્રકારનો) ઉપદેશ છે તે, દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો,...**' એટલે શું કહે છે? દ્રવ્ય એટલે પરવસ્તુ સિદ્ધ કરે છે અને પરવસ્તુના લક્ષે થતો વિકાર પણ ત્યાં સિદ્ધ થાય છે. એ દ્રવ્ય અને ભાવના, દ્રવ્ય તે નિમિત્ત છે સામી ચીજ. અને નૈમિત્તિક તે પોતાનો થતો નિમિત્તને લક્ષે પુણ્ય-પાપનો વિકાર, તેને જાહેર કરતો, નિમિત્ત-નૈમિત્તિક સંબંધને પ્રસિદ્ધ કરતો '**આત્માના અકર્તાપણાને જ જણાવે છે.**' જુઓ. દ્રવ્ય અને ભાવ બે નિમિત્ત નૈમિત્તિક (સબંધને) પ્રસિદ્ધ કરતો, આત્મા તેના સંગ વિનાની વસ્તુ છે એ અપેક્ષાએ આત્મા અકર્તા સિદ્ધ થાય છે. ભારે વાત! સમજાણું કાંઈ? જેઠાલાલભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે એ જ બંધનું કારણ છે એમ કહે છે. અહીં સ્વભાવમાં આવ્યો એટલે નિમિત્ત સંબંધ એને છે જ નહિ. વસ્તુદૃષ્ટિમાં અને વસ્તુમાં નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે જ નહિ. સમજાય છે કાંઈ? ચૈતન્ય જ્ઞાનમૂર્તિ જ્યાં અંતરમાં ઢળ્યો, અંતર્મુખ દૃષ્ટિ થઈ, અંતર્મુખ દૃષ્ટિ અંતર સ્વભાવના સ્વીકારની દૃષ્ટિ થઈ એટલે એને નિમિત્તના સંગનું લક્ષ રહેતું, હોતું નથી. એને સ્વભાવનો આશ્રય હોય છે. એથી આત્મા અને આત્માની દૃષ્ટિ કરનાર બેય વિકારના કરનારા નથી અને એ વિકાર થાય તેને જાણનારા-દેખનારા છે. સમજાણું કાંઈ? અમરચંદભાઈ! ભાઈ! વાત તો એવી છે આ. એ આખું તત્ત્વ છે ને? પણ એને આખી ચીજ શું છે એની ખબર નથી. આ પર્યાય-વર્તમાન અવસ્થા જાણવું, દેખવું દશા અને એ દશા આમ આઘી જાય તો પુણ્ય-પાપને દેખે, આ બહાર નિમિત્તને સંબંધ કરે, બસ! એટલી એની હાર. હાર એટલે એ એનો સંબંધ. પણ જ્ઞાનની પર્યાયે પોતાનો ત્રિકાળ સ્વભાવ એનો સંબંધ કર્યો નથી. એ સંબંધ કર્યો નથી માટે નિમિત્તનો સંબંધ કરે છે તેને વિકારભાવ ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ?

માટે '**આત્માના અકર્તાપણાને જ જણાવે છે.**' જોયું! એ દ્રવ્ય નામ પરવસ્તુ અને

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભાવ નામ વિકારી પરિણામ. બેનો સંબંધ એમ પર્યાયમાં, લક્ષમાં જણાવે છે કે તે બંધનું કારણ છે. અને એના વિનાની જે આ વસ્તુ છે તે અકર્તા છે. પર્યાયબુદ્ધિ પરના સંગવાળી બંધનો કર્તા છે એમ સિદ્ધ કરે છે. વજુભાઈ!

મુમુક્ષુ :- તર્કસિદ્ધ વાત છે.

ઉત્તર :- તર્કસિદ્ધ વાત છે?

**'દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાને જાહેર કરતો થકો, આત્માના અકર્તાપણાને જણાવે છે.'** શું કીધું? ભગવાન આત્મા વર્તમાન દશામાં-વર્તમાન હાલતમાં-વર્તમાન પર્યાયમાં એનું લક્ષ નિમિત્ત નામ પર ઉપર હોય છે. કારણ કે એનું લક્ષ અંતરમાં હોય તો તો તેને નિમિત્તનું લક્ષ હોઈ શકે નહિ. સમજાય છે કાંઈ? એટલે ચૈતન્ય ભગવાન આત્મા એની વર્તમાન દશાનું લક્ષ પર ઉપર છે. અને તે નિમિત્તના સંબંધે એને વિકાર ઉત્પન્ન થાય છે. વિકાર પોતે કરે છે પણ એનું લક્ષ નિમિત્ત ઉપર છે. નિમિત્ત કરાવે છે એમ નથી. એ... શેઠ! શેઠ હમણાં બોલ્યા હતા, નિમિત્તથી થાય. બોલ્યા હતા ને હમણાં? પ્રશ્ન તો કરે ને? પ્રશ્ન તો બધા અનેક પ્રકારના થાય. નિમિત્ત કરાવે. આ દુકાન, બીડીનો ધંધો હોય તો રાગ કરાવે ત્યાં લ્યો. શોભાલાલજી! પણ આ છોકરો હોય એ રાગ કરાવે. છોકરો જેને ન હોય એને રાગ થાય? એ તો છોકરો હોય એનું લક્ષ કરે કે 'આ મારો' તો રાગ થાય. રાગ નૈમિત્તિકભાવ છે. નૈમિત્તિક એટલે? નિમિત્તના લક્ષે વર્તમાનમાં થતો વિકાર ભાવ તેને નૈમિત્તિક કહે છે અને સામી ચીજને નિમિત્ત કહે છે. સમજાણું કાંઈ? લ્યો! ૫૦ છોકરા હોય ૫૦. છોકરા ૫૦. આમ જોવે તો આમ છે. ૫૦ને જોવે, જોવામાં કાંઈ ફેર છે? આ મારો. એ ક્યાંથી આવ્યું?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ક્યાં હતું પણ? ધૂળમાંય નથી. બોલો. ભાઈ! શોભાલાલજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ત્યાંથી તો ૫૦ને દેખે છે. એમાં એક માણેકચંદજી ઊભા હોય અને એક ઊભા હોય ડાલચંદજી. આ મારો. આમ જોવામાં તો બધું એક છે. આ જ્ઞાન જાણે છે અને જ્ઞેય જણાય છે, બસ એટલું. એ જણાય છે અને જાણનાર એ સંબંધ બરાબર છે. એ ઉપરાંત આ સંબંધ ક્યાંથી કર્યો? કહે છે?

મુમુક્ષુ :- એ પણ જ્ઞાન નક્કી કરે છે ને કે આ મારું છે ને તારું છે એ પણ જ્ઞાન નક્કી કરે છે.

ઉત્તર :- જ્ઞાન એને ચોંટે છે (કે) આ મારું થઈ ગયું. હતું કે દિ' તારું એમાં? એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નિમિત્તના લક્ષે નિમિત્તની ઉપસ્થિતિમાં નૈમિત્તિક ભાવમાં એને રાગ અને દ્વેષ થાય છે. એ નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે તો થાય છે. સમજાય છે? સ્વ સંબંધ જો હોય તો થાય નહિ. વાત સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ... થાતું નથી.

મુમુક્ષુ :- દીકરાનું.

ઉત્તર :- દીકરા. પણ કે દિ' દીકરો હતો? એ તો પરદ્રવ્ય છે વસ્તુ. આત્મા એનો પર, શરીર એનું પર. હવે ક્યાં આવ્યું એની પાસે? એને હીરાલાલ વળગ્યો છે ગળે.

મુમુક્ષુ :- હીરો.

ઉત્તર :- હીરો? હીરો તો હીરો છે ને. એકનો એક દિકરો અને વળી આમ બાપુજી... બાપુજી... બાપુજી... ભાઈ... ભાઈ... ભાઈ.. આહાહા..! આમ એવું માખણ ચોપડે. માખણ હોય ને .. ભાઈ! તમારે ત્યાં રહેવું. ના પાડી તમે ત્યાં આવશો તો તમારે દુકાને આવવું પડશે. તમે મમતા વિનાના તમે નહિ રહો. ત્યાં આવશો તો દુકાને આવશો. બેસી રહ્યો, અહીં ને અહીં રહો. ત્યારે આમ અંદર થાય કે આહાહા..! છોકરો પણ હીરો પાક્યો છે ને. હૈયું ઠરે કે નહિ કાંઈક? એય.. જેઠાલાલજી! ભગવાન!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ કહે છે કે આ વસ્તુનો સ્વભાવ તો સ્વલક્ષે, સ્વને-પરને જાણવાનો છે. આત્માનો સ્વભાવ તો સ્વના લક્ષે, સ્વને જાણતા પર છે તે જાણવાનો સ્વભાવ છે. એ ઉપરાંત આ નવો ઊભો કરે છે એ બંધનું કારણ છે એમ કહે છે. શેઠી! શેઠીને બાબુલાલજી... બાબુલાલજી... આહાહા..! પિતાજી સાહેબ! પિતાજી સાહેબ! કહે.

મુમુક્ષુ :- કેમ પિતાજી સાહેબ નથી?

ઉત્તર :- ધૂળમાંય નથી. પિતાજી ક્યાં હતો?

આ આત્મા એ જ્ઞાનસ્વરૂપ છે. એ ચૈતન્ય સ્વભાવ એનું જો અંદર જ્ઞાન કર્યું તો એનું જ્ઞાન થતાં. એનું સમજો છો ને? ઉસકા. અહીં આમ કરું છું એટલે એનો અર્થ સમજી લેવો એનું. એ જરી ચેષ્ટાથી સમજાય. આત્મા જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ (છે). એનું એટલે એનું જ્ઞાન કરતાં સ્વનું જ્ઞાન થયું. એમાં જ્યારે પર એને લક્ષમાં આવે છે તો પરનું જ્ઞાન પણ સ્વમાં સ્વપરપ્રકાશક થાય છે. બસ! આ એનો સ્વભાવ છે. એનો બીજો કોઈ સ્વભાવ છે નહિ.

પોતાને જાણતા ચૈતન્ય સ્વભાવ ભગવાન, ચૈતન્ય સૂર્ય સ્વભાવ છે. એને જાણતા એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જાણવાની દશામાં સ્વપરપ્રકાશક જ્ઞાન જે પ્રગટ્યું એ સ્વના સંગે પ્રગટ્યું. એમાં પર છે એ સ્વપરપ્રકાશક પોતાની દશા છે એમ આ છે એમ કહેવામાં વ્યવહાર જાણવામાં આવે છે. એટલો તો સ્વભાવ છે. પણ એ ઉપરાંત સ્વભાવ નાખે છે કે આ વસ્તુ નિમિત્ત અને એ મને રાગનું કારણ, રાગ આ ઠીક... આ ઠીક.. આ અઠીક.. એવો જે રાગદ્વેષ, એનું નિમિત્ત એ અને નૈમિત્તિક એનો રાગદ્વેષ ભાવ. બસ, એ ઊભો કર્યો નવો એ બંધનું કારણ છે. સમજાય છે કાંઈ? આધાકર્મીનો દાખલો મુનિનો આપશે. મુનિ છે ને પોતે.

મુમુક્ષુ :- એકવાર ઓર ફરમાવો.

ઉત્તર :- એકવાર ઓર ફરમાવો. વન્સ મોર કરે છે ઈ.

શું કહે છે? જુઓ! '**માટે એમ નક્કી થયું કે પરદ્રવ્ય નિમિત્ત છે,...**' એ છોકરો, મકાન, પૈસા. મકાન-મકાન. બંગલો. હજીરો નહિ બંગલો લ્યો ભાઈ. અહીં તો જ્ઞાનસ્વરૂપ છે આત્મા. જ્ઞાન પોતે પોતાને જાણે અને જ્ઞાન પરને જાણે એટલી જ એની મર્યાદા અને હદ છે. એ સિવાય કોઈ બીજી છે નહિ. એ મકાન નિમિત્ત અને એને લક્ષે થયું કે 'આ મારું' એ રાગ. અને એ રાગ મારો એ મિથ્યાત્વભાવ. સમજાય છે કાંઈ? એ મિથ્યાત્વભાવ અને નિમિત્ત સામે વસ્તુ, એવો નિમિત્ત નૈમિત્તિક સંબંધ. જુઓ! '**પરદ્રવ્ય નિમિત્ત છે અને આત્માના રાગાદિભાવો નૈમિત્તિક છે.**' કુગુરુ, કુશાસ્ત્ર, કુદેવ એ પરવસ્તુ છે. એનું લક્ષ કરીને આ દેવ ઠીક છે, આ ગુરુ ઠીક છે એવો જે મિથ્યાત્વભાવ. એ મિથ્યાત્વભાવ તે નૈમિત્તિક પોતાની દશામાં થયો. એમાં નિમિત્ત એ ચીજ છે. એ નિમિત્ત નૈમિત્તિક સંબંધ મિથ્યાત્વનો આ રીતે છે. વસ્તુમાં એ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પર્યાયમાં નવો ઊભો કરે છે.

ઉત્તર :- ઊભો કરે છે. ક્ષણે ક્ષણે એ વસ્તુ વસ્તુમાં નથી તે કૃત્રિમ વિકાર અને મિથ્યાત્વ અને રાગ ઊભો કરીને નિમિત્ત સામું, નૈમિત્તિક આ. એ બેનો સંબંધ તે વ્યવહાર છે. એ હેય છે, છોડવા જેવો છે એમ ન માનતા તેને આદરીને પડ્યો છે એનું નામ દ્રવ્ય અને ભાવનું અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાન કહેવાય છે. વજુભાઈ!

'**જો એમ ન માનવામાં આવે તો દ્રવ્ય-અપ્રતિક્રમણ...**' એટલે પરવસ્તુથી છૂટવું. પરવસ્તુના લક્ષમાં રહેલું અને '**દ્રવ્ય-અપ્રત્યાખ્યાન...**' ભવિષ્યમાં દ્રવ્યનો ત્યાગ ન થવો એવા જે બે પ્રકાર '**કર્તાપણાનાં નિમિત્ત તરીકેનો ઉપદેશ નિરર્થક જ થાય,...**' દ્રવ્ય અપ્રતિક્રમણ અને દ્રવ્ય અપ્રત્યાખ્યાનનો કર્તા પણ આનો નિમિત્ત.. આ હું કરું છું, આ મારું છું એમ સામે છે નિમિત્ત? નિમિત્તપણાના કર્તાનો ઉપદેશ નિરર્થક થાય અને તે નિરર્થક થતાં એક જ આત્માને વિકારના ભાવનું કારણપણું આવી પડતાં '**નિત્યકર્તાપણાનો પ્રસંગ**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આવવાથી મોક્ષનો અભાવ ઠરે.**' શું કીધું? કે દ્રવ્ય અપ્રતિક્રમણ અને દ્રવ્ય અપ્રત્યાખ્યાન એમ નિમિત્ત લીધા છે પહેલા, હોં! ભાવ પછી લેશે. એવું જે કર્તાપણામાં નિમિત્ત તરીકેનો ઉપદેશ છે એનો કર્તા એટલે આ નિમિત્ત મારું કાર્ય છે અથવા નિમિત્તથી મને આ થાય છે એવો જે નિમિત્ત કર્તા, એ નિમિત્ત તરીકેનો ઉપદેશ નિરર્થક થાય. '**અને તે નિરર્થક થતાં...**' નિમિત્ત વિના થયું છે એમ જો માને, નિમિત્તને લક્ષે થયું છે તો નિમિત્તને અપ્રત્યખ્યાન અને દ્રવ્ય અને ભાવનું અપ્રત્યાખ્યાન થયું.

'**અને તે નિરર્થક થતાં એક જ આત્માને રાગાદિભાવોનું નિમિત્તપણું આવી પડતાં...**' એકલો આત્મા પરના લક્ષ વિના, પરના આશ્રય વિના, પરના સંબંધ વિના, એકલો આત્મા પોતે રાગ-દ્વેષને કરે એવું ઠરતાં આત્મા સદાય વિકારપણાનો કર્તા રહી જાય. સમજાણું કાંઈ? '**મોક્ષનો અભાવ ઠરે.**' તો વિકાર છૂટે નહિ કોઈ દિ'. સમજાણું કાંઈ? લોજિક છે આ બધું.

મુમુક્ષુ :- પરના લક્ષે કરે તો પરનું લક્ષ છોડે...

ઉત્તર :- એ પરનું લક્ષ છોડે. પરનું લક્ષ કરે છે માટે નિમિત્તનો કર્તા થયો એ અને અહીં રાગનો કર્તા થયો. પરિણમનારો. હવે જો એમાં નિમિત્ત નૈમિત્તિક સંબંધનું ન હોય તો એકલો આત્મા કર્તા થાય તો આત્મા ત્રિકાળ વિકારનો કર્તા રહે. તો વિકાર રહિત કોઈ દિ' મોક્ષ થાય નહિ. ભારે ભાઈ!

પર વસ્તુથી ખસે નહિ. ગયા કાળના દ્રવ્યમાં અને ભવિષ્યમાં. એનો કર્તાપણાનો નિમિત્ત તરીકેનો ઉપદેશ છે. તું નિમિત્તનું લક્ષ કરે છો. પરદ્રવ્યમાં તું લક્ષ કરે છો અને તેથી તને રાગ-દ્વેષ થાય છે. એવો જે ભગવાને કર્યો ઉપદેશ,... જો એકલો આત્મા નિમિત્તના સંબંધ વિના કરતો હોય તો એકલા આત્માને રાગદ્વેષનું કરવાપણું આવે. તો એ રાગદ્વેષ કોઈ દિ' છૂટે નહિ.

'**માટે પરદ્રવ્ય જ આત્માને રાગાદિભાવોનું નિમિત્ત હો.**' અહીં આખું વજન છે. એય.. શેઠ! જુઓ! આ પરદ્રવ્ય નિમિત્ત છે વિકારનું. શું કહે છે જુઓ! '**પરદ્રવ્ય જ આત્માને રાગાદિભાવોનું નિમિત્ત હો.**' એટલે કે આત્મા રાગનું, વિકારનું, નિમિત્ત કારણ નથી. આત્મા વસ્તુ ચિદાનંદ સ્વરૂપ છે એ વિકારનું કારણ નથી. એથી વિકારનું કારણ નિમિત્ત છે એના લક્ષે જાય છે તો વિકાર થાય છે.

મુમુક્ષુ :- નિમિત્ત કારણ છે એમ કહે છે.

ઉત્તર :- નિમિત્ત કારણ છે. આહાહા..! ભારે વાતું આમાં. આમાં ક્યાં આવી નવરાશ જ છે નક્કી કરવાની? ભગવાનજીભાઈ!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જ કીધું છે. પરસંગ કરે તો થાય. એટલે આ પણ કહે છે, પરસંગ કરે છે તો નિમિત્ત ઓલાને કહેવાય છે અને વિકાર થાય છે. તેથી બંધનું કારણ છે. પરસંગ ન કરે અને સ્વસંગ કરે તો એમાં બંધ છે નહિ. સમજાણું કાંઈ? અહીં તો પર્યાયબુદ્ધિએ નિમિત્તમાં લક્ષ જાય છે, દ્રવ્યબુદ્ધિએ સ્વભાવ લક્ષ જાય છે એ વાત સિદ્ધ કરવી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કોણે કહ્યું? એ ક્યાં કહ્યું છે? એય.. અમરચંદભાઈ! આ શેઠ કહે છે, નિમિત્તનું જોર કરાવે. એ તો માંડી છે અત્યાર સુધી શેની આ? પોતે દ્રવ્ય ઉપર લક્ષ કરતો નથી અને પર ઉપર લક્ષ કરે છે તેથી તે ચીજને નિમિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પરઆશ્રયે તો વિકાર થાય. એમ સિદ્ધ કરવું છે જોડે આગળ જતા જુઓ. ચાહે તો દેવ, ગુરુ અને શાસ્ત્ર હો પર. આહાહા..! પણ પરના આશ્રયે તો વિકાર પુણ્યનો ભાવ જ થશે. એમાં પરને આશ્રયે ધર્મભાવ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આહાહા..!

'**પરદ્રવ્ય જ આત્માને રાગાદિભાવોનું નિમિત્ત હો.**' જોયું! '**માટે પરદ્રવ્ય જ આત્માને રાગાદિભાવોનું નિમિત્ત હો.**' ઉપાદાન તો પોતાનું છે. અહીંયાં આમ લક્ષ કર્યું છે ને એટલે. શુદ્ધ ઉપાદાન છે એમાં તો પરના સંગનો પર્યાય ઉત્પન્ન થાય એવું છે જ નહિ. સમજાણું કાંઈ? શુદ્ધ ચૈતન્ય ભગવાન પૂર્ણ શુદ્ધ ચૈતન્ય એ શુદ્ધ ઉપાદાન. એની અંતર દૃષ્ટિ થતાં વસ્તુ તો શુદ્ધતાને જ પ્રગટ કરે એ છે. રાગને પ્રગટ કરે એવું વસ્તુમાં છે નહિ. પણ એ શુદ્ધ ઉપાદાન ચૈતન્યને ભૂલેલો વર્તમાન અશુદ્ધ ઉપાદાનમાં વિકાર કરતો પરના લક્ષમાં જાય છે. એટલે વિકારમાં પરનું નિમિત્ત હો પણ વિકારમાં સ્વનું કારણ હો નહિ એમ સિદ્ધ કરે છે. સ્વનું કારણ એટલે ત્રિકાળ દ્રવ્ય કારણ નથી. ભીખાભાઈ! સમજાય છે કે નહિ આ? કોણ જાણે શું આવું લોજિક. ભીખાભાઈ!

મુમુક્ષુ :- આપ સ્પષ્ટ સમજાવો એટલે સમજાય ને.

ઉત્તર :- સમજાય એટલે પોતાથી સમજાય. પરથી સમજાય છે? એમ છે. સમજવાને કાળે એનો પર્યાય ત્યાં તૈયાર છે કે નહિ? કાંઈ નિમિત્તને લઈને પર્યાય થાય છે ત્યાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જુદી વાત. બોલવાની વાત જુદી છે અને વસ્તુનું સ્વરૂપ જુદું છે. સમજાણું કાંઈ?

અહીં તો ત્યાં સુધી પરમેશ્વર દાખલો આધાકર્મનો આપશે. આચાર્ય. એમાં એમ કે જ્યાં સુધી તારું આ સમ્યગ્દર્શન અને જ્ઞાન થયું સ્વલક્ષે, પણ જ્યાં સુધી હજી દેવ-ગુરુ-શાસ્ત્રના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

લક્ષે પણ અંદર રાગનો ભાવ થાય ત્યાં સુધી નિમિત્ત નૈમિત્તિક સંબંધનો વ્યવહાર છે, એ બંધનું કારણ છે. સમજાણું કાંઈ?

એક ન્યાયે દૃષ્ટિ થઈ એ એને બંધનું કારણ છે નહિ. પણ અહીં તો પર્યાયે પર્યાયે વિકાર જે થાય તેનું નિમિત્ત ઉપર લક્ષ જાય છે, પરઆશ્રય ભાવમાં વિકાર હોય, સ્વઆશ્રય ભાવમાં હોય નહિ. એટલી વાત સિદ્ધ કરવા, ગમે તે નિમિત્ત પર હોય તેના લક્ષે એને વિકાર જ થાય. માટે વિકારનું નિમિત્ત પર હો, પણ વિકારનું કારણ સ્વદ્રવ્ય હો નહિ, સ્વદ્રવ્ય ન હો. એમ.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- સ્વતંત્ર છે ને. એ તો પોતાની વાત છે. એ તો કહે છે. કે તું છોડ રાગ અને નિમિત્તનું લક્ષ. એનું નામ પ્રતિક્રમણ. એટલે સ્વના લક્ષમાં જા. કેમ કે એ છૂટી શકે છે. સ્વભાવ નથી કે જે છૂટે નહિ. જ્ઞાન જાણવું-દેખવું કોઈ દિ' છૂટે નહિ અને છૂટી શકે એ માટે તારી ચીજ છે નહિ. સમજાણું કાંઈ?

'**(આ રીતે જોકે આત્મા રાગાદિકનો અકારક જ છે)...**' આ રીતે હોં! ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ, પોતે પોતાના સ્વભાવને સંગે વિકાર કરે એ વસ્તુ હોઈ શકે નહિ. એથી આ રીતે તો આત્મા અકારક છે. નિમિત્ત નૈમિત્તિકનો સંબંધ છે તે વિકારનો કર્તા છે. સમજાણું કાંઈ? '**તોપણ જ્યાં સુધી તે નિમિત્તભૂત દ્રવ્યને પ્રતિક્રમતો નથી...**' અહીં વજન આવે છે હવે અહીં. આ લોકો ત્યાંથી કહે છે જુઓ. સમજાણું? વજુભાઈ! '**નિમિત્તભૂત દ્રવ્યને પ્રતિક્રમતો નથી...**' જે વિકારનું નિમિત્ત છે તેનું લક્ષ છોડતો નથી ત્યાં સુધી તેના લક્ષે થયેલા વિકારનો ત્યાગ કરી શકતો નથી. સમજાણું? આજ શેઠી આવ્યા ઝટ. કારણ કે એણે વાંચ્યું હશે ને આ છે ઝીણું. ધ્યાન રાખવું. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- .. પ્રતિક્રમણ તો કરવું પડશે ને?

ઉત્તર :- પ્રતિક્રમણની વ્યાખ્યા શું? કે પરદ્રવ્ય ઉપરથી લક્ષ છોડવું એથી તેના પ્રત્યેનો વિકાર છે તે છૂટી જાય છે. એમ બતાવવું છે અહીં તો. પરદ્રવ્યનું લક્ષ છૂટતા પરદ્રવ્ય સંબંધમાં જે રાગ છે તે રહેતો નથી, તેથી તેની નિર્મળ દશા સ્વભાવને આશ્રયે પ્રગટ થાય છે. એમ છે. એનું નામ પ્રતિક્રમણ છે. પરના નિમિત્તે જે રાગ થયો તેને સ્વના આશ્રય સંબંધમાં તે નિમિત્ત નૈમિત્તિક સંબંધને છોડી દેવો એનું નામ ખરું પ્રતિક્રમણ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આત્મા રાગનો અકારક છે?

ઉત્તર :- વસ્તુ તો અકારક જ છે. પણ ક્યારે? કે આ નિમિત્ત નૈમિત્તિક સંબંધ છોડીને

અકર્તા થાય ત્યારે. સમજાણું કાંઈ? ભારે વાત. ... પર્યાય સમજ્યા? અવસ્થા. એ જે વિકાર છે એ વિકાર સ્વને લક્ષે ન હોઈ શકે. વિકાર પર આશ્રયે હોય. પરાશ્રય તે વ્યવહાર એમ આવ્યું હતું ને? પરને આશ્રયે એટલે પર નિમિત્ત છે. એ આશ્રય છે વિકારનો માટે વિકારનું નિમિત્ત પર હો. પણ વિકારનું કારણ દ્રવ્ય ન હો. એમ. પર્યાય થાય છે તો પોતાની નૈમિત્તિક છે.

'**તોપણ જ્યાં સુધી તે નિમિત્તભૂત દ્રવ્યને...**' પરવસ્તુનું લક્ષ છોડે નહિ ત્યાં સુધી તેને '**પ્રતિક્રમતો નથી...**' ગયા કાળના દ્રવ્યનું લક્ષ છોડતો નથી, ભવિષ્યના પદાર્થનું લક્ષ છોડતો નથી. '**જ્યાં સુધી નિમિત્તભૂત દ્રવ્યનું પ્રતિક્રમણ તથા પચખાણ કરતો નથી ત્યાં સુધી નૈમિત્તિકભૂત ભાવને પ્રતિક્રમતો નથી...**' તેના સંબંધે થતાં વિકારને ત્યાં સુધી છોડતો નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વિકાર છોડાવવાની વાત છે.

ઉત્તર :- અહીં તો વિકાર છોડાવવાની વાત છે. લક્ષ છોડી અને વિકાર છોડ. લક્ષ કરે ત્યાં સુધી વિકાર થશે. આમ સંબંધ અહીં થાય છે ને? એ નિમિત્ત નૈમિત્તિક સંબંધ જ વિકારનું કારણ છે, કહે છે. સ્વભાવનો સંબંધ એ વિકારનું કારણ નથી. આધાર આપ્યો છે ઓલામાં-ચર્ચામાં. જુઓ! આ દ્રવ્યને પ્રતિક્રમે ત્યારે ધર્મ થાય. સાંભળને હવે, દ્રવ્યનું ક્યાં કીધું? સાંભળ તો ખરો.

જ્યાં સુધી. '**ત્યાં સુધી...**' એમ છે ને? '**નૈમિત્તિકભૂત ભાવને પ્રતિક્રમતો નથી...**' રાગ વિકારને છોડતો નથી. ભૂતકાળના અને ભવિષ્યના. '**અને જ્યાં સુધી ભાવને પ્રતિક્રમતો નથી...**' જુઓ! જ્યાં સુધી રાગ-દ્વેષના ભાવને છોડતો નથી. કેમ પહેલા નહોતું આપ્યું એમને? ક્યાં ગયું? પાનું ફરી ગયું હશે. પહેલા આપવું જોઈએ ને અજાણ્યા માણસને. વાત આખી નવી ખરી ને. પાછી ગુજરાતી. ભાવ કોઈ દિ' ઘરે આવે નહિ. ઘરે વાતું કરતા હોય એમાં આ વાત આવે? છોકરાઓ બેઠા હોય તો આમ કર્યું, બીડીનું આમ કર્યું, ... આમ થયું ને આમ થયું. કાનપુર ગયા તો લાખ રૂપિયા લઈ આવ્યા હતા. ફલાણું થયું, આમ થયું, ઓણ આટલી પેદાશ થઈ અને એટલી બીડી ખપી. એ હોય ત્યાં બધું. કાં તો હા ફલાણાનો સંગ કર્યો માટે આમ થયું ને ફલાણાનો અસંગ કર્યો માટે આમ થયું. એનું એ છે કહે છે.

પરના નિમિત્તના લક્ષે થતો નૈમિત્તિક વિકારી ભાવ પરનું લક્ષ છોડે ત્યારે તેને વિકારી ભાવ પણ છૂટી જાય છે. ત્યારે તે રાગ અને વિકારનું પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન કર્યું કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બસ. બસ બે. બીજું શું હતું? આ નિમિત્ત નૈમિત્તિક સંબંધની જે છે દૃષ્ટિ ત્યાં એ છોડી દે. જ્ઞાયક ચૈતન્ય છે એમ દૃષ્ટિ કર. ભૂતકાળ અને ભવિષ્ય બેયના થઈ ગયા પ્રતિક્રમણ અને પ્રત્યાખ્યાન. સમજાણું કાંઈ? ઓલો મિચ્છામી દુક્કડમ. સાંજે (કરે). શેના મિચ્છામી દુક્કડમ? એય.. જુગરાજજી! કેટલા પડિક્કમણા કર્યા એ? આ એક ક્ષણ પ્રતિક્રમણ આવું કરે એને સંસાર રહે નહિ. સમજાણું કાંઈ?

આમ વિકારમાં પરાશ્રય ભાવમાં પર નિમિત્ત છે. એ પરઆશ્રય ભાવ નિમિત્તનું લક્ષ છોડતા તેના સંબંધીનો વિકાર છૂટતા એનું લક્ષ સ્વભાવ ઉપર જાય છે. તેથી સ્વભાવ ઉપર જતાં શુદ્ધતા ધર્મની પ્રગટ થાય છે એમ કહે છે. કહો, શેઠી! બહુ યાદ રહેવું મુશ્કેલ છે આ તો બધું હોં! યાદ રાખવાની વાત નથી. આહાહા..! સંસારનું કેટલું ભણે જુઓને. એલ.એલ.બી. ને એમ.એ. મોટા મોટા પૂંછડા વળગાડે છે. કેટલા મેટ્રીકના ભણ્યા બિચારા આ જુઓને હમણાં પરીક્ષા છે. મેટ્રિકવાળા છોકરા આવતા નથી. લ્યો. તમારો આવતો નથી. એને રસ છે. શું કરે પણ પાસ થવું ત્યાંથી. આમાં પાસ થવાની મહેનત ન મળે.

કહે છે, જ્યાં સુધી નિમિત્ત એટલે પરદ્રવ્યને છોડતો નથી લક્ષમાંથી, ભૂતના-ગયા કાળના કે ભવિષ્યના, ત્યાં સુધી તે સંબંધીના વિકારભાવને છોડતો નથી. ગયા કાળના છોડતો નથી અને ભવિષ્યના છોડતો નથી. '**જ્યાં સુધી ભાવને પ્રતિક્રમતો નથી તથા પચખતો નથી...**' અને તે સંબંધી ભાવને છોડતો નથી, રાગ છોડતો નથી, સ્વભાવમાં આવતો નથી '**ત્યાં સુધી કર્તા જ છે;...**' વિકારી પરિણામનો પર્યાયદૃષ્ટિમાં પરના લક્ષે વિકારનો કર્તા અજ્ઞાની છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બેય. ગયા કાળના દ્રવ્ય હોય છે ને. આ સારું હતું, આ છોકરો સારો હતો, આ મકાન સારું હતું, ગયા કાળમાં .. સારું થયું એમ માને છે ને. સંસ્કાર .. ભાવના સંસ્કાર. ઓલો રાગ કર્યો તે ઠીક હતો. બરાબર કરવા જેવો છે. તો દ્રવ્ય અને ભાવ બેયને ઠીક માને. ભવિષ્યમાં પણ આવું દ્રવ્ય હોય તો ઠીક, આવું દ્રવ્ય હોય તો ઠીક.

મુમુક્ષુ :- વર્તમાન પર્યાયમાં...

ઉત્તર :- એ તો વર્તમાન પર્યાયની વાત છે ને બેયની? ભૂત અને ભવિષ્યની વર્તમાનમાં છે. આવું દ્રવ્ય હોય ને, આવી અનુકૂળતા હોય ને, આવું હોય ને આમ થાય અને એ સંબંધીનો વિકાર આવો હોય ને તો ઠીક. એ બધોય નિમિત્ત નૈમિત્તિક સંબંધ બંધનું કારણ છે. એને છોડ જ્યારે ત્યારે આત્મા ખરેખર અકર્તા થાય. જ્યાં સુધી નિમિત્ત નૈમિત્તિક સંબંધના

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભાવમાં પડ્યો છે ત્યાં સુધી પર્યાયમાં કર્તા છે. સમજાય છે? ત્યાં સુધી પર્યાયમાં કર્તા છે એમ. પર્યાયદૃષ્ટિએ વિકારનો કર્તા છે.

**'જ્યારે નિમિત્તભૂત દ્રવ્યને પ્રતિક્રમે છે તથા પચખે છે ત્યારે જ નૈમિત્તિકભૂત ભાવને પ્રતિક્રમે છે...'** ત્યારે ભાવને પ્રતિક્રમે પચખે ત્યારે સાક્ષાત્ અકર્તા છે. જુઓ. એ પુણ્ય અને પાપના વિકલ્પો જે રાગ છે એને સ્વનો આશ્રય કરીને છોડે છે ત્યારે ખરેખર તે પર્યાયમાં અકર્તા રાગનો થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- દરકાર કરી નથી. એમ હોય? ત્યાં દુકાને જાય ત્યાં રસ કેટલો પડે? હીરાભાઈ ના પાડે કે હવે તમારું કામ નથી. ત્યાં તમને નથી કીધું તમે ત્યાં રહો? તો નવરા હોય તો બે કલાક જાવ કે નહિ, કલાક?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અમસ્તા નહિ. કાંઈક મોટી વ્યવસ્થા થાય, દેખે ત્યાં હાશ એમ થઈ જાય. છોકરો રળે છે બરાબર. ભાણો બેસાડ્યો છે. કામ ઠીક ચાલે છે, આમાં કાંઈ વાંધો આવતો નથી. કેટલી મીઠાશ આવે અંદર.

મુમુક્ષુ :- એ નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે.

ઉત્તર :- હા, એ નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. જેઠાલાલભાઈને એમ છે. કહે, બાપુજી ત્યાં દિવાળી ન કરશો. દિવાળી અહીં કરજો. એય.. જેઠાલાલભાઈ! અમારી સામે રહો અને રાગ કરો અમારી સામે રહીને. દિવાળી એકલા ત્યાં કરો તો અમારી સામે રહો ને. અમારે ફાવાભાઈને કહેતા હતા, મનહર. બાપુજી ત્યાં આવો. અમને આશીર્વાદ તો દયો દિવાળી ઉપર. એમ કહેતા હતા. મનહર છે ને અમારે, ફાવાભાઈનો. બાપુજી! બાપા! તમારે ત્યાં રહેવું દિવાળીમાં. બીજું કામ નથી. અમને વર્ષ બેસતા આશીર્વાદ દેવો. વડીલોના આશીર્વાદ. આશીર્વાદથી કાંઈ થાતું હશે? આહાહા..!

ભગવાન આત્મા નિમિત્ત એ પોતાના જ્ઞાનને જાણતું નિમિત્તને પોતામાં રહીને જાણવું એવો એનો સ્વભાવ છે. એવા સ્વભાવને ભૂલીને નિમિત્ત ઉપર લક્ષમાં પર્યાયદૃષ્ટિમાં રાગ ને દ્વેષ ને વિકાર ને ભાવ મિથ્યાત્વાદિ ઉત્પન્ન કરે એવું તો આને નિમિત્ત હોય છે. એ નિમિત્તનો ત્યાગ નથી કરતો ત્યાં સુધી નૈમિત્તિક ભાવનો ત્યાગ નથી. નૈમિત્તિક ભાવનો ત્યાગ નથી ત્યાં સુધી આત્મા વિકારનો કર્તા છે. સમજાણું? આહાહા..! સમજાણું કાંઈ?

**'ત્યારે સાક્ષાત્ અકર્તા જ છે.'** પર્યાયમાં છૂટ્યો દ્રવ્યને લક્ષે ત્યારે અકર્તા છે. દ્રવ્ય તો અકર્તા છે, વસ્તુ તો અકર્તા છે, પણ એ અકર્તા ભાસ્યું પરિણમ્યું ક્યારે? કે વિકારના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભાવ, તેનું લક્ષ છોડી એના નિમિત્તનું અને વિકાર ભાવ છોડી વસ્તુના સ્વભાવ ઉપર આશ્રય કરીને નિર્મળ પરિણતિ ઊભી કરે ત્યારે તે ખરેખર અકર્તા પર્યાયમાં થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પ્રતિક્રમણ...

ઉત્તર :- એ બધું થઈ ગયું. જરી વાત ધીમેથી પકડે તો એ વાત છે. કારણ કે અભ્યાસ ન મળે. વસ્તુ શું છે એની ખબર ન મળે અને વસ્તુમાં વર્તમાન દશામાં વિકાર કૃત્રિમ થાય છે, એ કૃત્રિમ થયેલાનો આશ્રય નિમિત્ત છે એની એને ખબર નથી. સમજાય છે? એ નિમિત્તનું લક્ષ કરે છે તો વિકાર થાય છે. સ્વના લક્ષે વિકાર હોઈ શકે નહિ એમ સિદ્ધ કરવું છે. એ નિમિત્તના લક્ષે ઉત્પન્ન થયેલો ભાવ નિમિત્ત નૈમિત્તિક સંબંધ તે બંધનું કારણ છે. તો જ્યાં સુધી એ પરના નિમિત્તના લક્ષે વિકાર કરે ત્યાં સુધી બંધ ઊભો થાય છે. અને સ્વનો આશ્રય કરીને બંધભાવનો આશ્રય છૂટી જાય, નિમિત્તનો આશ્રય છોડે ત્યારે તે આત્મા વર્તમાન દશામાં પર્યાયનો, રાગનો અકર્તા સિદ્ધ થાય. અભ્યાસ નહિ ને અભ્યાસ નહિ. આ વસ્તુનો અભ્યાસ નહિ. આત્માનો અભ્યાસ મળે નહિ. આ શું કરું છું? ક્યાં જાઈશ હું? બહારમાં માંડી આ બધી. ઓહોહો..!

અહીં તો જે સંગ છે એનું ચાલ્યું આવે છે. '**परसङ्ग एव**' એ પરસંગ વસ્તુ બંધ કરાવતી નથી. પણ તેના પરસંગના લક્ષે ભાવ થાય તે ખરેખર બંધનું કારણ છે. એ ભાવ પોતે ભાવબંધ છે અને નવા બંધનું કારણ છે. સમજાણું કાંઈ? વસ્તુ પોતે ચૈતન્ય ભગવાન આત્મા ભાવબંધના વિનાનો છે. કર્મના દ્રવ્યબંધ વિનાનો તો છે જ પણ ભાવબંધનો જે વિકલ્પ દયા, દાન, વ્રત એ મારા એવો જે ભાવબંધ એ વિનાની ચીજ છે. એવી ચીજની દૃષ્ટિ અને જ્યાં સુધી એનો આશ્રય-અનુભવ નથી ત્યાં સુધી તેને વર્તમાનમાં પુણ્ય-પાપના ભાવોનો કર્તા થઈ અને નિમિત્તનું લક્ષ કરે છે. ત્યાં સુધી એને મિથ્યાદર્શનનું શલ્ય પડ્યું છે. અહીં તો દાખલો જ્ઞાનીનો આપશે પણ મૂળ વસ્તુ આમ છે. સમજાણું કાંઈ?

**ભાવાર્થ :-** એ વંચાઈ ગયું છે થોડું પહેલાં. ભાવાર્થ વાંચ્યો હતો થોડો. '**અતીત કાળમાં જે પરદ્રવ્યોનું ગ્રહણ કર્યું હતું...**' જુઓ! ગયા કાળમાં શરીર, કર્મ, સ્ત્રી, કુટુંબ આદિ જે મળ્યા એને ગ્રહણ કર્યા હતા '**તેમને વર્તમાનમાં સારાં જાણવા,...**' ઠીક. ઠીક પૂર્વે સ્ત્રી મળી હતી, દેવનો દેહ મળ્યો હતો, આવું મળ્યું હતું, આવું મળ્યું હતું. એમ પરદ્રવ્યને ઠીક જાણે ત્યાં સુધી એની બુદ્ધિ પરદ્રવ્ય ઉપર છે. આત્માને ઠીક જાણતો નથી. અને '**તેમના સંસ્કાર રહેવા...**' ગયા કાળની ચીજનો પરનો જે સંબંધ થયો હતો તેના સંસ્કાર રહેવા કે તે ઠીક છે. '**તેમના પ્રત્યે મમત્વ રહેવું,...**' ઓહોહો..! એ તો ભાઈ અમારી ચીજ હતી ને? સમજાય છે? એ શરીર અમારું હતું, એ સ્ત્રી અમારી હતી, એ મકાન અમારા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

હતા, એ ઘરબાર અમારા, એ ગામ અમારા. '**તે દ્રવ્ય-અપ્રતિક્રમણ છે...**' તે દ્રવ્ય એટલે પર વસ્તુથી પાછો હઠ્યો નથી એને દ્રવ્ય અપ્રતિક્રમણ કહેવાય છે.

'**અને તે...**' સ્પષ્ટ છે ને ભાઈ? રાજમલજી! '**તે પરદ્રવ્યોના નિમિત્તે જે રાગાદિભાવો થયા હતા...**' ભૂતકાળમાં. મકાન, સ્ત્રી, વગેરે. સમજાય છે? પૈસા, આબરૂ. એના નિમિત્તે જે રાગાદિ ભાવો થયા હતા, પૂર્વે વિકારી ભાવ '**તેમને વર્તમાનમાં ભલા જાણવા,...**' એ કરવા જેવા હોય. એ વખતે કરવા જેવા. અત્યારે નથી.

મુમુક્ષુ :- બહુ સારા વિચાર આવ્યા હતા.

ઉત્તર :- હા, સારો રાગ આવ્યો હતો. આ પ્રશસ્ત રાગ હતો ને આ બધાને જુઓને. કેટલું કામ થઈ ગયું આપણું. જગતને સ્વતંત્ર થઈ ગયું. એવો ભાવ વિકલ્પ આવ્યો હતો એ સારો હતો. એને લઈને આ બધું જુઓ સ્વરાજ મળ્યું. એ ભૂતકાળના રાગને ભલો જાણે ત્યાં સુધી મિથ્યાદષ્ટિ રાગને જ સારો જાણે છે. આત્માને સારો જાણતો નથી. આહાહા..! ભારે ભાઈ! '**તેમને વર્તમાનમાં સારાં જાણવા, તેમના સંસ્કાર રહેવા,...**' ભૂતકાળના રાગના સંસ્કાર. જામી જાય.. જામી જાય.. અમે આમ કર્યું હતું.. અમે આમ કર્યું હતું... અમે આમ કર્યું હતું. '**તેમના પ્રત્યે મમત્વ રહેવું,...**' ગયા કાળના વિકાર પ્રત્યે, હોં! '**તે ભાવ-અપ્રતિક્રમણ છે.**' તે ભાવનો ત્યાગ નથી, એ રાગનો ત્યાગ નથી. ગયા કાળના રાગનો ત્યાગ નથી. એ ભાવ અપ્રતિક્રમણ.

'**તેવી રીતે આગામી કાળ સંબંધી પરદ્રવ્યોની વાંછા રાખવી,...**' એ પરદ્રવ્ય પરદ્રવ્ય આવું રહે તો ઠીક.

મુમુક્ષુ :- સારા દેવ-ગુરુ-શાસ્ત્ર મળે.

ઉત્તર :- અરે..! સમવસરણ મળે.. આ મળે.. આ મળે.. એવા પરદ્રવ્યની વાંછા રહે ત્યાં સુધી પરના રાગનો અને પરના નિમિત્તનો ત્યાગ નથી એને.

મુમુક્ષુ :- સારાને હિસાબે થાય ને.

ઉત્તર :- સારો કોને કહેવો? સારો તો આત્મા છે. સમજાણું કાંઈ?

'**તેવી રીતે કાળ સંબંધી પરદ્રવ્યોની વાંછા રાખવી, મમત્વ રાખવું, તે દ્રવ્ય-અપ્રત્યાખ્યાન છે...**' ભવિષ્યનો ત્યાગ નથી ત્યાં સુધી. ત્યાં એને સંબંધ કરવાનો ભાવ છે. પરદ્રવ્યની સાથે હજી સંગ કરવો છે અને એના ઉપર લક્ષ જાય, નિમિત્ત હોય તો આ લક્ષ જાય ઠીક એવો એને સંબંધ કરવો છે. એનું નામ દ્રવ્ય અપ્રત્યાખ્યાન છે. '**અને પરદ્રવ્યોના નિમિત્તે આગામી કાળમાં થનારા...**' રાગ, ભવિષ્યમાં રાગ, ભક્તિ, પુણ્ય-પાપ કોઈ થાય, થવાના હોય '**તેમની વાંછા રાખવી,...**' એવો ભાવ હોવો જોઈએ. રાગ એવો હોવો જોઈએ.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એવા રાગ વિના ચાલે નહિ. તે રાગનું '**મમત્વ રાખવું, તે ભાવ અપ્રત્યાખ્યાન છે. આમ દ્રવ્ય-અપ્રતિક્રમણ અને ભાવ-અપ્રતિક્રમણ તથા દ્રવ્ય-અપ્રત્યાખ્યાન ને ભાવ-અપ્રત્યાખ્યાન-એવો જે અપ્રતિક્રમણ અને અપ્રત્યાખ્યાનનો બે પ્રકારનો ઉપદેશ...**' નિમિત્ત નૈમિત્તિક સંબંધનો. '**તે દ્રવ્ય-ભાવના-નિમિત્ત-નૈમિત્તિકભાવને જણાવે છે.**' નિમિત્ત સામું અને ભાવ આ, એને જાહેર કરે છે.

'**માટે એમ ઠર્યું કે પરદ્રવ્ય તો નિમિત્ત છે અને રાગાદિભાવો નૈમિત્તિક છે...**' નિમિત્તના લક્ષે, સંબંધે ઉત્પન્ન થયેલા તે નૈમિત્તિક વિકાર છે. એ આત્માના સ્વભાવમાં નથી. પર્યાયમાં ઊભા થાય છે. '**આ રીતે આત્મા રાગાદિભાવોને સ્વયમેવ નહિ કરતો હોવાથી...**' એટલે કે પોતે પોતાના લક્ષે, નિમિત્તના લક્ષ વિના નહિ કરતો હોવાથી '**રાગાદિભાવોનો અકર્તા છે એમ સિદ્ધ થયું. આ પ્રમાણે જોકે આ આત્મા રાગાદિકભાવોનો અકર્તા જ છે તોપણ જ્યાં સુધી તેને નિમિત્તભૂત પરદ્રવ્યનાં...**' ત્યાગ નથી. પરનું લક્ષ છોડતો નથી, ભૂતકાળ અને ભવિષ્યનું, ત્યાં સુધી તેને વિકારી ભોવોનો ત્યાગ ગયા કાળનો અને ભવિષ્યનો, ત્યાગ નથી. એટલે ત્યાં સુધી અત્યાગ છે.

'**અને જ્યાં સુધી રાગાદિભાવોનાં અપ્રતિક્રમણ-અપ્રત્યાખ્યાન છે ત્યાં સુધી તે રાગાદિભાવોનો કર્તા જ છે;...**' જ્યાં સુધી નિમિત્તનું લક્ષ છોડતો નથી, નિમિત્તને આશ્રયે લાભ માને છે ત્યાં સુધી નિમિત્તનું અપ્રતિક્રમણ છે અને એના સંબંધે વિકાર થયો એનું પણ અપ્રતિક્રમણ છે અને એનો પણ અત્યાગ છે. ત્યાગ નથી. '**જ્યારે તે નિમિત્તભૂત પરદ્રવ્યનાં પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન કરે...**' એટલે નિમિત્તનું લક્ષ છોડે '**ત્યારે તેને નૈમિત્તિક રાગાદિભાવોનાં પણ પ્રતિક્રમણ પ્રત્યાખ્યાન થઈ જાય છે,...**' પરલક્ષ છોડે એટલે સ્વના લક્ષમાં આવી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ નિમિત્ત નૈમિત્તિક સંબંધ જ પર્યાયબુદ્ધિવાળો છે વ્યવહાર છે એમ કહે છે અહીં. એનો સંબંધ છોડતા ચૈતન્યનો સંબંધ થાય છે. ચૈતન્યનો સંબંધ કરે ત્યારે એ સંબંધ છૂટી જાય છે. આહાહા..!

મુમુક્ષુ :- બંને એક જ સમયે.

ઉત્તર :- અહીં થયો તો ઓલો છૂટી ગયો.

'**નૈમિત્તિક રાગાદિભાવોનાં પણ પ્રતિક્રમણ પ્રત્યાખ્યાન થઈ જાય છે, અને જ્યારે રાગાદિભાવોનાં પ્રતિક્રમણ-પ્રત્યાખ્યાન થઈ જાય છે ત્યારે...**' વિકારી ભાવ જ છૂટી જાય, સ્વનો આશ્રય કરતા, '**ત્યારે તે સાક્ષાત્ અકર્તા જ છે.**' કહો, સમજાણું? ઘરે વાંચ્યું હતું કે નહિ આ?

મુમુક્ષુ :-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- આ જરી ઝીણું છે તો ભાઈ પહેલા વાંચી લઈએ. અમારી નિશાળમાં એવું હતું. અમારી નિશાળમાં એવું હતું. અમારે માસ્તર હતા ને. પહેલું તમે વાંચીને આવજો એમ કહેતા એ માસ્તર. ... એક માસ્તર હતા. નરોત્તમ કરીને માસ્તર બ્રાહ્મણ. આ તો ઘણા વર્ષની વાત છે હોં. ૬૫ વર્ષ. એક ફેરી વાંચીને આવજો. પછી તમને ખબર પડે કે આ મેં વાંચ્યું હતું એમાં આટલો ખ્યાલ આવ્યો હતો અને આ ખ્યાલ નહોતો આવ્યો. એવો હતો. અમારે રામજીભાઈ વળી એમ કહે, ભાઈ! તમે વાંચ્યા વિના આવજો. આ તો અમે નાની ઉંમરના જ્યારે હતા ને. પાંચમી-છઠ્ઠી ચોપડી ભણતા. પાંચમી-છઠ્ઠી ત્યારે. ગુજરાતી. ત્યારે એક માસ્તર એવો હતો. અમારી મેડીએ આવજો. હુશિયાર છોકરાને બોલાવે. સાધારણને નહિ, હુશિયાર હોય એને. ત્યાં આવજો. બે-ત્રણ છોકરા હોય એને. વાંચીને આવજો. જે પાઠ અહીં સમજવો હોય એ વાંચીને આવજો. તેથી તમને ખબર પડશે કે અમને વાંચતા આવડ્યું નહિ. આ કહે છે કે એવો પાઠ અમને હવે સમજવામાં આવ્યો. એમ. ત્યારે તમને મહત્તા આવશે, એમ. એમ આ પહેલું વાંચ્યું હતું કે નહિ એમ કીધું. કહો, સમજાણું કાંઈ?

આહાહા..! શું આચાર્ય કેટલી સિદ્ધ વાત કરે છે! આહાહા..! વસ્તુ જ્યારે દ્રવ્યે તો અકર્તા છે પણ અકર્તાપણું ત્યારે પરિણમ્યું જ્યારે.. ત્યારે અકર્તા આત્મા પર્યાયે ખરેખર થયો ત્યારે તે અકર્તા દ્રવ્યે છે એમ નક્કી થયું. એમ કહે છે આ. '**ત્યારે તે સાક્ષાત્ અકર્તા જ છે.**' હવે એનું દૃષ્ટાંત આપશે કે એને શી રીતે સમજવું? પરવસ્તુનું લક્ષ છોડવું અને પર સંબંધીનો ભાવ છોડવો. ન છૂટે ત્યાં સુધી શું થાય એનો અહીં દાખલો આપે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**ભાદરવા વદ ૯, ગુરુવાર તા. ૨૮-૦૯-૧૯૬૭**
**ગાથા-૨૮૩ થી ૨૮૭, પ્રવચન-૩૫૦**

આ સમયસાર, બંધ અધિકાર ચાલે છે. ૨૮૬ અને ૨૮૭ ગાથા છે. પહેલા આવી ગયું ૨૮૩, ૨૮૪, ૨૮૫માં. શું કહે છે જરી? બહુ ઝીણી વાત છે થોડી. ત્યાં આવી ગયું છે કાલે.

આત્મા, વસ્તુ જે આત્મા પદાર્થ છે એ જ્ઞાન, દર્શન, આનંદના સ્વભાવથી ભરેલો એ પદાર્થ છે આત્મા. આત્મા પોતાના સંગે વિકાર કરી શકે એવો એનો સ્વભાવ નથી. સમજાય છે કાંઈ? આત્મા વસ્તુ છે. એનામાં અનંત જ્ઞાન, અનંત આનંદ, અનંત શાંતિ એટલે ચારિત્ર વીતરાગતા એવા અનંતા ગુણો એનામાં કાયમી, આત્મા જેમ કાયમી છે એમ એની સ્વભાવ, શક્તિઓ પણ કાયમી છે. એવો ગુણ અને ગુણનો ધરનાર આત્મા, વિકારનો અકારક છે. વિકાર કરવો એ વસ્તુનો સ્વભાવ નથી. કાલે આવી ગયું છે.

હવે આજે તો દૃષ્ટાંત છે જરી. આત્મા વસ્તુ છે એ પોતે રાગ અને પરથી રહિત ભિન્ન ચીજ છે. આત્મા પોતે પોતાથી વિકાર કરે એવો એનો સ્વભાવ નથી. એને વિકાર કરવાની વર્તમાન દશામાં જે કાંઈ મિથ્યાત્વ થાય કે રાગદ્વેષ થાય એ બીજી ચીજનો-નિમિત્તનો-આશ્રય છે એનાથી વિકાર થાય. એ નિમિત્ત છે એ બંધનું કારણ નથી, પણ નિમિત્તને આશ્રયે જે ભાવ થાય તે બંધનું કારણ છે. એ એની વર્તમાન દશામાં પરલક્ષી ભાવ તે બંધનું કારણ છે એમ અહીંયાં સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ?

પરલક્ષી ભાવ સમજો છો? માણેકચંદજી! પરલક્ષી ભાવ એટલે શું? પરઆશ્રય. પરનો આશ્રય કરે છે ને? પરનો આશ્રય કરે ને એ પરલક્ષી. વસ્તુ છે ને વસ્તુ છે. જુઓ! આ શરીર, કર્મ અને આદિ તો અજીવતત્ત્વ છે. એ અજીવ છે. આ શરીર અજીવ છે, કર્મ અજીવ છે. હવે એની દશામાં પુણ્ય અને પાપના ભાવ થાય એ અવસ્થા વિકારી દશા છે. બરાબર છે? હવે વિકારી દશા વિનાનું જે તત્ત્વ છે એ તો નિર્મળ શુદ્ધ ચૈતન્યમૂર્તિ જ્ઞાનનો ભંડાર અને આનંદનો કંદ છે. એક સમયની જે પર્યાય છે વિકારી, એ પુણ્ય અને પાપ કહો કે મિથ્યાત્વ કહો-પુણ્યથી ધર્મ થાય, મને આ દયા, દાનના વિકલ્પથી ધર્મ થાય, પરની સહાયથી ધર્મ થાય અથવા કર્મ અને કર્મના નિમિત્તના સંગમાં જે થયેલો વિકાર એ રહિત આત્મા છે, એને સહિત માનવો એનું નામ મિથ્યાત્વ છે. એ મિથ્યાત્વ એની વર્તમાન દશામાં છે. વસ્તુ ત્રિકાળ છે એનામાં એ નથી. એ એની અવસ્થામાં, પર્યાય એટલે હાલતમાં મિથ્યાત્વભાવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

(રહ્યો છે). કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને માનવા કે પાપના પરિણામ થાય તેમાં સુખબુદ્ધિ રહેવી, એ પુણ્ય પરિણામ જે દયા, દાનના, શુભ થાય તે મારું હિત છે એમ માનવું એનું નામ મિથ્યાદષ્ટિપણું-મિથ્યાત્વ-છે. એ મિથ્યાત્વભાવ અને એની સાથે અનંતાનુબંધીનો કષાય છે. અનંત સંસારનું કારણ એવો ક્રોધ, માન, માયા, લોભ એ વિકાર કષાય છે. એ એક સમયની દશા છે. એક સમયની દશા છે. તો એ દશા વિનાનું જે તત્ત્વ આખું છે એ તો જ્ઞાન અને આનંદની મૂર્તિ છે. એવો જે આત્મા તે વિષયના વિકલ્પથી રહિત, નિમિત્તથી રહિત. કર્મ આદિ નિમિત્તથી અને વિકલ્પથી રહિત. એવા આત્મા, એવો આત્મા પોતાને કારણે વિકાર કરે એવું એના સ્વરૂપમાં છે નહિ. જો પોતાને કારણે વિકાર સ્વના સંગે કરે તો તો વિકારમય થાય અને કોઈ દિ' વિકાર ટળે નહિ. શેઠી! આમ તો બોલે છે ઘણાં **'न्या-वयम्'** ભગવાનનો માર્ગ છે. ... આવે છે ને? આવે છે? પાંચમા .. સૂત્ર નથી આવતું? પાંચમું શ્રમણ સૂત્ર તમારે નહિ બોલતા હોય. સ્થાનકવાસીમાં એમ બોલાય છે આ બાજુમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના ના. સ્થાનકવાસીમાં એમાં તો હોય છે. પણ મારવાડમાં નહિ હોય. પાંચ શ્રમણ સૂત્ર નથી આવતું? તમારે નથી? અહીં હોય છે. પાંચ શ્રમણ સૂત્ર આવે છે. એમાં પાંચમું .... અહીં તો બધા શ્રાવકો સંપ્રદાયવાળા બોલે છે. તમારે હશે. ભગવાનભાઈને આવડે છે ને? એ બધા અહીંના તો બધા બોલતા. અમે તો ગૃહસ્થાશ્રમમાં હતા ત્યારથી શીખેલા, નાની ઉંમરમાં. (સંવત) ૧૯૬૪-૬૫ની સાલથી. ... આ નિર્ગ્રંથના વચનો વીતરાગ પરમેશ્વરના કેવા છે? ... **'न्या-वयम्'** એમ છે. ન્યાયવાળા છે. એમ છે આખું શ્રમણસૂત્ર છે. તમારે મોઢે હતું કે નહિ? મોઢે હતું? તમારે હશે. બધા ઘણાં હજારો અહીં તો બધા. **'न्या-वयम्'**- ન્યાયથી સિદ્ધ થાય એવો પરમાત્માનો માર્ગ છે. સમજાય છે? .. શુદ્ધ છે. .. મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર એવા જે શલ્ય એનો નાશ કરનાર છે. અથવા માયા, મિથ્યાદર્શન, સમજાય છે? અને નિદાન એ ત્રણ શલ્યનો નાશ કરનાર વીતરાગનો માર્ગ છે. ઘણું લાંબુ છે એમાં. તમારે નથી આવતું છેલ્લું? ... આવે છે. પણ એ એના પાંચમા સૂત્રનો છેલ્લો ભાગ છે. ... ... આવે છે ને? ... એ બધા અર્થ કરતા, પહેલા સંપ્રદાયમાં કરતા. ભાઈ! આમાં શું લખ્યું છે તમે સમજો તો ખરા કે સમજ્યા વિના ઢસરડા કર્યા કરો છો. અક્ષય જેના જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ છે એવા સાધુ તેને અમે વંદન કરીએ, બીજાને વંદન ન કરીએ એવું તો એમાં લખ્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. એ એક કોર રાખો. એ તો સંપ્રદાય છે ને. સંપ્રદાય જુદો નથી એટલે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ રાખ્યું છે. મુનિને વસ્ત્ર ને પાત્ર ને રજોણું હોઈ શકે નહિ. એ વસ્તુ આખી એવી ઝીણી છે વાત જરી. પણ એ તો સંપ્રદાય જુદો પડ્યો અનાદિમાંથી, દિગંબર સનાતન દિગંબર માર્ગ હતો. પણ એમાંથી નભી ન શક્યા એટલે શ્વેતાંબર જુદા પડ્યા. બે હજાર વર્ષ થઈ ગયા એને. અને એમાંથી સ્થાનકવાસી તો હમણા ૫૩૦ વર્ષ પહેલા નીકળ્યા. એમાં આ તેરાપંથી તો હમણાં ૨૦૦ વર્ષ પહેલા નીકળ્યા. એ બધી વાત એવી છે જરી આઘો જઈને, વિચાર કરીને મંથન કરે એને ખબર પડે.

અહીં તો કહે છે કે વીતરાગનો માર્ગ ન્યાયથી સિદ્ધ થાય એવો છે. એમ ને એમ માનવું એમ નથી. ત્યારે અહીં કહે છે, જેને આત્માનો સ્વભાવ વસ્તુ પોતે જે છે, વસ્તુ ત્રિકાળી એક સમયનો મિથ્યાત્વ અને રાગ-દ્વેષના પરિણામ તો એક ક્ષણના છે, બીજે ક્ષણે નવા થાય, પહેલાના જાય એ નવા થાય. એ પર્યાય કહેવાય છે. અને ગુણ અને દ્રવ્ય ત્રિકાળી જે છે એને વસ્તુ કહેવાય છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય. એટલે એક સમયની અવસ્થામાં એને મિથ્યાત્વ અને અનંતાનુબંધી રાગ અને કષાયાદિ છે. વસ્તુ નથી. વસ્તુમાં. એટલે વસ્તુ ત્રિકાળી છે એ તો પોતે.. આવી ગયું ને? **'આત્મા પોતાથી રાગાદિકનો અકારક જ છે;...'** પહેલી લીટી આવી ગઈ. પહેલી લીટી. જુઓ છે ને? ૨૮૩, ૨૮૪, ૨૮૫ના ટીકાની પહેલી લીટી.

**'આત્મા પોતાથી રાગાદિકનો અકારક જ છે;...'** પોતાથી સમજો છો? અપનેસે. એટલી ભાષા થોડી સમજી લેવી. પોતાથી-ખુદસે-આત્મા પોતાથી રાગાદિકનો અકારક જ છે. એટલે કે ચૈતન્ય વસ્તુ આનંદ સ્વરૂપ ભગવાન ધ્રુવ નિત્ય જે વસ્તુ છે આત્મા, એ તો રાગ અને પુણ્ય અને વિકારનો કર્તા છે જ નહિ. વસ્તુ જો કર્તા હોય તો કર્તાપણું કોઈ દિ' ટળે નહિ અને મુક્તિ કોઈ દિ' થાય નહિ. એની પર્યાયમાં-અવસ્થામાં, અવસ્થાદૃષ્ટિમાં રાગ-દ્વેષ મિથ્યાત્વાદિ છે. એનો આશ્રય પર છે. એ મિથ્યાત્વ અને રાગ-દ્વેષનો આશ્રય પર વસ્તુ છે. એનો આશ્રય સ્વ ન હોઈ શકે. સમજાય છે? એ બેનો નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. આ એને અહીંયાં નિમિત્ત નૈમિત્તિક સંબંધે એને વ્યવહાર કહે છે. એ આત્માનો આશ્રય કરીને તે નિમિત્ત નૈમિત્તિક સંબંધ છોડવા જેવો છે. સમજાણું કાંઈ? આ એનો દાખલો આપે છે જુઓ હવે.

**'હવે દ્રવ્ય અને ભાવના નિમિત્ત-નૈમિત્તિકપણાનું ઉદાહરણ કહે છે :-'** એ ૨૮૬ અને ૨૮૭ ઉપરનો શબ્દ. આ તો ભાઈ તાત્વિક વાત વીતરાગની એવી છે જરી ઝીણી. લોકોને તો બિચારાને મળી નથી સાંભળવા. એટલું કહે છે, **'દ્રવ્ય અને ભાવના...'** દ્રવ્ય એટલે વસ્તુ સામી એ નિમિત્ત. અને નૈમિત્તિક એટલે એના લક્ષવાળો છે ભાવ એને નૈમિત્તિક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કહે છે. એનું '**ઉદાહરણ કહે છે :-**' દાખલો આપે છે હોં. ૨૮૬ અને ૨૮૭.

**आधाकम्मादीया पोग्गलदव्वस्स जे इमे दोसा।**
**कह ते कुव्वदि णाणी परदव्वगुणा दु जे णिच्चं।।२८६।।**
**आधाकम्मं उद्देसियं च पोग्गलमयं इमं दव्वं।**
**कह तं मम होदि कयं जं णिच्चमचेदणं वुत्तं।।२८७।।**

એ મૂળ શ્લોક. હવે એનું હરિગીત નીચે. હરિગીત છે. દરેકનું હરિગીત કર્યું છે અમારા પંડિતજીએ.

**આધાકરમ ઈત્યાદિ પુદ્ગલદ્રવ્યના આ દોષ જે,**
**તે કેમ 'જ્ઞાની' કરે સદા પરદ્રવ્યના જે ગુણ છે? ૨૮૬.**
**ઉદ્દેશી તેમ જ અધઃકર્મી પૌદ્ગલિક આ દ્રવ્ય જે,**
**તે કેમ મુજકૃત હોય નિત્ય અજીવ ભાખ્યું જેહને? ૨૮૭.**

મુનિપણાનું દૃષ્ટાંત આપીને વાત કરી છે. પોતે મુનિ હતા ને! કુંદકુંદાચાર્ય ભાવલિંગી મુનિ. ત્રણ કષાયનો જેને નાશ હતો. મુનિને ત્રણ કષાયનો નાશ હોય છે. સમજાય છે કાંઈ? ક્યા ત્રણ કષાય? એ સાંભળ્યા નહિ હોય. શેઠી! અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ, અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય એ ત્રણ. એક સંજ્વલનનો કષાય હોય મુનિને. જે સાચા મુનિ અંતર ભાવલિંગી, જેને અંતરનો અનુભવ રાગરહિત આત્માનો અનુભવ થયો હોય. સમજાય છે કાંઈ? એ પુણ્ય-પાપ, દયા-દાનના વિકલ્પથી પાર આત્મા, એનો અંતરમાં અનુભવ અને આત્માના આનંદનો સ્વાદ આવીને જેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન પ્રગટ્યું હોય. પછી એના ઉપરાંત સ્વરૂપમાં સ્થિરતા, આનંદની સ્થિરતા, શાંતિની સ્થિરતા, એટલી શાંતિની સ્થિરતા હોય કે જેને ચોથા ગુણસ્થાનવાળા સર્વાર્થસિદ્ધના દેવ કરતા પાંચમા ગુણસ્થાનવાળાને શાંતિ ઘણી હોય છે. અંતરમાં હોં! કષાય છૂટીને નિર્વિકારી આનંદ પ્રગટ્યો હોય છે. કોને? સાચા શ્રાવકને. જે ચોથા ગુણસ્થાનવાળા સર્વાર્થસિદ્ધના દેવ છે સમકિતી એને પણ આત્માના આનંદનું ભાન થઈને આનંદનો અંશ અને શાંતિનો અંશ એને વેદાય છે સમ્યગ્દૃષ્ટિમાં. એના ઉપરાંત જ્યારે સાચો શ્રાવક થાય-ભગવાન કહે છે એવો-ત્યારે તે ચોથા ગુણસ્થાનવાળા સર્વાર્થસિદ્ધના દેવ કરતા પણ આને શાંતિ ને આનંદનો અંશ વધેલો હોય છે અંદર. સમજાણું કાંઈ?

આત્મા અખંડાનંદ પ્રભુ શુદ્ધ ગુણનો પિંડ છે, એનો અંતર આશ્રય લઈને જે એકત્વ થઈને રાગ અને પુણ્યના વિકલ્પથી વિભક્ત પડીને, જુદો પડીને સ્વરૂપનું ભાન થઈને પહેલું સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થાય ત્યારે પણ શાંતિ અનંતાનુબંધીના અભાવની અને અંદર આનંદનો અંશ પણ ભેગો હોય. એને ચોથું ગુણસ્થાન સમકિતીનું કહેવામાં આવે છે. એના

ઉપરાંત જ્યારે સ્વરૂપની સ્થિરતા અંશે વધે ત્યારે આનંદનો અંશ પણ વધે. એને પાંચમા ગુણસ્થાનવાળો સાચો શ્રાવક કહેવામાં આવે છે.

એનાથી પણ આગળ જ્યારે મુનિ થાય ત્યારે આત્મામાં અંદરમાં આનંદનો એટલો ઉભરો સ્વસંવેદનનો પ્રસંગ (આવે). સમજાય છે કાંઈ? સ્વસંવેદન-આત્માના આનંદનું વેદન અને શાંતિનું વેદન એટલું ઘણું હોય કે જેને શ્રાવક અને પંચમ ગુણસ્થાનવાળા કરતા પણ આનો આનંદ વધી ગયો હોય અંદર. એને સાચા સાધુ અને સંત મુનિ જૈન દર્શનના કહેવામાં આવે છે. સુગમચંદજી! ખબરેય નથી. આ તો વીતરાગ માર્ગની વાત છે, બાપા! વાડામાં તો ખબરેય નથી. સાધુ કોને કહેવા? લૂગડા છોડીને બેઠા અને આ દયા અને આ વિકલ્પ ઉઠ્યા એ સાધુ. બાપા! સાધુ જુદી વાત છે. 'માણસ હોના મુશ્કેલ હૈ તો સાધ કહા સે હોય? સાધુ હુઆ તો સિદ્ધ હુઆ કહેણી ન રહી કોઈ.' આહાહા..! જેની છઠ્ઠી-સાતમી ભૂમિકા હોય છે મુનિને. ક્ષણમાં સાતમુ ગુણસ્થાન આનંદનું આવે, ક્ષણમાં વિકલ્પ ઉઠે જરી વૃત્તિ ઉઠે વાંચવું, બોલવું એવો વિકલ્પ ઉઠે એ છઠ્ઠું. આત્માનો આનંદ ઘણો હોય અંદર. શાંતિ ત્રણ કષાયના અભાવની. શાંતિ.. શાંતિ.. ઠરી ગયેલા હોય છે. પણ જ્યારે સાતમું ગુણસ્થાન હોય ત્યારે તો ધ્યાન ચડી જાય ક્ષણિકમાં, બીજે ક્ષણે છઠ્ઠું આવે ત્યારે વિકલ્પ ઉઠે જરી. કોઈને કહું, દુઃખ બીજાને ન થાય એવો દયાનો ભાવ એવો વિકલ્પ. એ પુણ્યનું કારણ છે. સાતમે જ્યારે ઠરે છે ત્યારે એ પુણ્યનો વિકલ્પ છૂટી જાય. એવું સાચા સાધુને એક દિવસમાં હજારો વાર આવે. સમજાણું કાંઈ?

અહીં કહે છે કે એવા જે સંત હોય છે એની દશામાં શાંતિ અને આનંદ ઘણો ત્રણ કષાયના અભાવનો છે. એને માટે કરેલો જે આહાર હોય આધાકર્મી. એને માટે બનાવેલું પાણી. સમજાય છે કાંઈ? આ દાખલો આપે છે હોં! આવી દશા જ્યાં થાય. પહેલી સમ્યગ્દર્શન દશા થાય ત્યારે તેને મિથ્યાત્વ જાય અને મિથ્યાત્વના નિમિત્તો કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર અને એના માનનારાનું લક્ષ એનું છૂટી જાય. શું કીધું સમજાણું કાંઈ? જેને સાચો ધર્મ સમજાણો નથી, સાચો ધર્મ જેનામાં કહ્યો નથી, સાચા ધર્મને પામ્યા નથી, એવા ખોટા ધર્મને માનનારા, ખોટા દેવને માનનારા, ખોટા ગુરુને માનનારા અને ખોટા શાસ્ત્ર. એને જે માને એનો મિથ્યાત્વ ભાવ છે. એ મિથ્યાત્વ ભાવ પરના લક્ષે ઉત્પન્ન થાય છે. નિમિત્ત એના કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર. સમજાણું કાંઈ? છે ને અંદર જુઓને.

કુદેવ, કુદેવના મંદિરો, કુશાસ્ત્ર. કુશાસ્ત્રના ધરનારા એ કુમુનિપણા-જેને મુનિપણું સાચું નથી અને એવા મુનિપણાના ધરનારા અને એના માનનારા. સમજાણું કાંઈ? અને કુતપ. ખોટું મુનિપણું અને ખોટા મુનિપણાના ધરનારા, આ એને જે માને... એ એમાં નથી. એ ઉપરથી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વાત છે. એમાં નથી. એ તો અહીં ન્યાયમાં છે. આ તો નિમિત્ત છે. એ નિમિત્ત હમણાં કાઢ્યું હતું નહિ? નિમિત્તનો અર્થ. નિમિત્તની ખબર છે ને? નિમિત્ત નૈમિત્તિકપણું, નિમિત્ત એટલે પર વસ્તુ. એ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર અને એના માનનારાઓ એ નિમિત્ત છે અને અહીં છે મિથ્યાત્વ ભાવ તે નૈમિત્તિક છે. વિપરીત માન્યતા, વિપરીત માન્યતા-મિથ્યાત્વભાવ. એના માનવામાં ઓલા નિમિત્તો છે સામે. એને માનવાનું લક્ષ કાંઈ આત્મા નથી. સમજાણું કાંઈ?

જૈનમાં રહેલા પણ જે કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને સ્વીકારે છે અને જેને હજી સાચા તત્ત્વ દૃષ્ટિની ખબર નથી, એવા જે કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર એને માનનારાઓનું મિથ્યાત્વ એમાં નિમિત્ત એ ચીજ છે. એ નિમિત્ત અને આ વિકાર મિથ્યાત્વ બેનો સંબંધ છે. પરનો આશ્રય. હવે એ બે સંબંધ ક્યારે તૂટે? કે જ્ઞાનાનંદ સ્વરૂપનો આશ્રય કરી અને સમ્યગ્દર્શન પ્રગટ કરે ત્યારે મિથ્યાત્વનો નાશ અને તેના નિમિત્તનું લક્ષ છૂટી જાય. એને પછી માને નહિ. સમજાણું કાંઈ? અને એની સાથે અનંતાનુબંધીનો નાશ થાય. અનંતાનુબંધીના નિમિત્તો પણ એ છે. કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર. એ પણ અંદરમાં સાચા તત્ત્વનું ભાન સમ્યગ્દર્શન થતાં એના નિમિત્ત ઉપરનો આશ્રય છૂટી સ્વનો આશ્રય થાય. સ્વનો આશ્રય થાય ત્યારે સમ્યગ્દર્શન અને અનંતાનુબંધીના અભાવની શાંતિ તેને પ્રગટ થાય. એને તો હજી ચોથું ગુણસ્થાન કહેવામાં આવે છે. એને એટલો નિમિત્ત નૈમિત્તિક સંબંધ છૂટી ગયો. અમરચંદભાઈ!

હવે અહીં તો પાંચમા ગુણસ્થાનમાં જ્યારે આવે, ત્યારે એને નિમિત્ત શું? વિશેષ તીવ્ર રાગ ગયો છે અંદર. એટલે એને મંદ રાગાદિ છે એના નિમિત્તો એને હોય. સ્ત્રી, કુટુંબ પરિવાર એ રાગ તો છે તીવ્ર ભલે શુભ પણ એનું એટલું નિમિત્ત. એટલું લક્ષ. નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. એ નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. ત્યાં સુધી તેને રાગ છે અને રાગનું લક્ષ પર છે. એ રાગનો જ્યારે સ્વનો આશ્રય કરીને રાગ છૂટ્યો ત્યારે તેનું એ નિમિત્ત લક્ષ ચાલ્યું ગયું. સ્ત્રી, કુટુંબ, પરિવાર, ધંધાનું લક્ષ ગયું અને અંદરનો રાગ સ્વને આશ્રયે ગયો, ત્યારે રાગ અનંતાનુબંધી ઉપરાંત અપ્રત્યાખ્યાનીય ગયો અને એના ઉપરાંત પ્રત્યાખ્યાનાવરણીયનો ગયો. ત્યારે એને એવી દશા મુનિની હોય છે. એનો એક દાખલો અહીં તો આપે છે. પણ પહેલેથી ઓલો ચોથેથી નિમિત્ત નૈમિત્તિક સંબંધ કેટલા હોય અને કેટલા છૂટે એનો અહીં દાખલો છે.

મુનિ થયો એટલે જેને આત્મદશા, આનંદના... સમજાય છે? સ્વસંવેદન, પ્રચુર સ્વસંવેદન (છે). .... થાય છે ત્યારે આકુળતા છે. અનંતાનુબંધીની, અપ્રત્યાખ્યાનીય હવે એ જ્યારે ટળ્યો, કષાય ટળ્યો ત્યારે આત્માનું કાંઈક થવું જોઈએ કે નહિ? આત્મામાં શાંતિ... શાંતિ... શાંતિ... અકષાય ભાવની શાંતિ એને વેદનમાં આવે છે. એ શાંતિ ચોથે ગુણસ્થાને થોડી,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પાંચમે વિશેષ, મુનિને વિશેષ. એવી શાંતિમાં એને માટે કરેલા આધાકર્મી આહાર એનો એને લેવાનો વિકલ્પ ન હોય. એ વિકલ્પને, રાગને, આધાકર્મી આહારને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. શેઠી! ઝીણી વાતું ભાઈ! પણ આ તત્ત્વદૃષ્ટિ સહિત, હોં! એકલા આધાકર્મી આમ ન લે એવું તો અનંત વાર (કર્યું). એ કાંઈ વસ્તુ (નથી), નિમિત્ત સંબંધ એને છૂટ્યો નથી. હજી મિથ્યાત્વ અને મિથ્યાત્વના નિમિત્તો છૂટ્યા નથી, એને પછી કહે અમે આહાર નિર્દોષ લઈએ છીએ, અમે આધાકર્મી લેતા નથી એટલે અમે (સાધુ છીએ), એ તો એને છે જ નહિ. એ તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

અહીં તો મુનિને યોગ્ય જે નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે એમાં એમ કહે છે કે એને એટલી દશા આનંદ અને ત્રણ કષાયના અભાવની પ્રગટી છે એવો જે નૈમિત્તિક દશા, સ્વભાવનો ભાવ એ તો સ્વભાવને આશ્રયે (પ્રગટ થયો છે), એમાં રાગ જે છે એવો ન હોય એને. કે જે એને માટે કરેલો આહારને લેવાની વૃત્તિ થાય એવો ભાવ ન હોય, એટલે એ રાગને અને ઓલા આહારને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. એ મુનિને છૂટી ગયો હોય છે. સમજાણું કાંઈ? ભારે વાતું ઝીણી. એ કહે છે જુઓ ટીકા.

**ટીકા :- 'જેમ અધઃકર્મથી નીપજેલું...'** અધઃકર્મ (અર્થાત્) એને માટે બનાવેલો આહાર, પાણી, ઔષધ. ટીકા છે ને એ ગાથાની? અધઃકર્મ. અધઃકર્મનો અર્થ કરશે ત્યાં. પાપકર્મથી આહાર નીપજે તે પાપ કર્મને અધઃકર્મ કહે છે. અધઃ એટલે હલકું કર્મ. સાધુ માટે આ મકાન બનાવવું, અપાસરા બનાવવા. સમજાય છે કાંઈ? ઓરડીયું બનાવવી, એને માટે આહાર બનાવવો, એને માટે કપડા વેચાતા લઈને લાવવા એ બધો દોષ છે-પાપ. મુનિને એવા પાપભાવ હોઈ શકે નહિ. જેને ત્રણ કષાયનો નાશ થયો છે એને એવી જાતનો રાગ ન હોય કે જેને અધઃકર્મી આદિ લેવાની વૃત્તિ થાય એવું નિમિત્ત એને હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? જેટલે દરજ્જે અંદર શાંતિ અને સ્થિરતા અંદર આવી એટલે દરજ્જે તેને રાગ ગયો અને ગયો એટલે એનું નિમિત્તપણું રાગનું અહીં આમ હતું એટલું ગયું. અમરચંદભાઈ! બહુ વાત (ઝીણી). આહાહા..!

કહે છે, **'અધઃકર્મથી નીપજેલું અને ઉદ્દેશથી નીપજેલું...'** એને ઉદ્દેશીને કરે કે ભાઈ આ દવા કરો, આપણે આને માટે જરી પાણી ઊનું બનાવો. ઊનું પાણી છે કે નહિ? પાણી સમજો છો કે નહિ? જળ જળ. પાણી ક્યાં જાશે લેવા? દસ શેર બનાવો ઊનું. એ પાપ છે. એવી લેવાની જેને વૃત્તિ છે એને સાધુપણું હોઈ શકે નહિ. કેમ કે એ વૃત્તિને અને બેને નિમિત્ત નૈમિત્તિક સંબંધ ત્યાં જાય છે. એટલો સંબંધ સાધુ થયા એને છૂટી ગયેલો હોય છે. એમ કહે છે. સમજાણું કાંઈ? પણ પહેલા મિથ્યાત્વ અને મિથ્યાત્વના નિમિત્તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છૂટ્યા છે, અનંતાનુબંધી અને એના નિમિત્તો છૂટ્યા છે, અપ્રત્યાખ્યાનીય અને એના નિમિત્તો છૂટ્યા છે, પ્રત્યાખ્યાનાવરણી ગયું એના નિમિત્તો છૂટ્યા છે. સમજાણું કાંઈ? એટલે આ નિમિત્તો એને હોય નહિ. એને માટે આહાર બનાવેલો.

એક દાખલો.. મુનિને વસ્ત્ર-પાત્ર તો નહોતા. એ તો બધું કૃત્રિમ પછી ગર્યું છે. સનાતન વીતરાગ માર્ગમાં તો જંગલમાં સંતો રહેતા. અનાદિ વીતરાગ માર્ગ... મહાવિદેહમાં પરમાત્મા બિરાજે છે સીમંધર પ્રભુ, વીસ તીર્થંકર, લાખો કેવળીઓ. ત્યાં બધા સંતો દિગંબર નગ્ન જ હોય છે. એકલા નગ્ન નહિ પણ અંદરમાં ત્રણ કષાયના અભાવના આનંદના વેદનારા હોય છે. એને નમો લોએ સવ્વ સાહૂણંમાં ગણવામાં આવે છે. સમજાણું કાંઈ? કેટલાક તો એવા જાગ્યા છે હમણાં. નમો લોએ સવ્વ સાહૂણં. પણ એ કાંઈ જૈનના સાધુ હોય? ગમે તે સાધુ હોય. એમાં ક્યાં કહ્યું છે કે નમો લોએ સાહૂણં જૈન. નમો લોએ સવ્વ (સાહૂણં એટલે) બધા સાધુ (લેવા). અરે..! એમ નથી સાંભળને!

મુમુક્ષુ :- સાધુ જ નથી.

ઉત્તર :- સાધુ જ નથી. હજી જ્યાં આત્મદર્શન નથી, વીતરાગે કહેલું આત્મદર્શન નથી, વીતરાગે કહેલું જ્ઞાન નથી. એને સાધુપણું હોય ક્યાંથી? નમો લોએ સવ્વ સાહૂણં. બધાને નમસ્કાર હો. એ તો મિથ્યાદૃષ્ટિ છે. જેને ભાન નથી. એને એવા નિમિત્તોનું લક્ષ છૂટી ગયું હોય. જેને મિથ્યાત્વ ગયું છે અને મિથ્યાત્વ જઈને સ્વનો આશ્રય થઈને સમ્યગ્દર્શન થયું છે એને એ મિથ્યાત્વના આવા કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને વંદન કરવું એવો ભાવ એને હોતો નથી. સમજાણું કાંઈ? શોભાલાલજી! જય નારાયણ બધાને નહિ, એમ કહે છે. એય..! લ્યો શેઠ! એને બહુ જાવું પડે ઓલા બાવા-બાવા મોઢા આગળ બેસાડે જઈને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ચોથા કાળની ચર્ચા છે આ? અત્યારની છે આ. ઠીક માંડે છે. બચાવ કરતા આવડે છે એને. શેઠ! અત્યારની વાત છે આ. એય.. રાજમલજી! શું આ તમારા શેઠ કહે છે આ? બચાવ કરે છે. આ પંચમકાળ... આ મુનિ થયા પંચમકાળમાં ને? વર્તમાનને કહે છે કે ભૂતકાળવાળાને કહે છે?

મુમુક્ષુ :- ત્રણે કાળવાળાને.

ઉત્તર :- ત્રણે કાળવાળાને કહે છે. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' વીતરાગમાર્ગનો એક જ પંથ હોય, એના પંથ-બંધ બીજા ઝાઝા હોય નહિ. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ પરમાત્મા પરમેશ્વરે કહેલા સાધુ, આચાર્ય, ઉપાધ્યાય, સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર તો ભગવાને કહેલું એવું બધે ત્રણે કાળે સરખું હોય. કોઈ કાળે વળી ફેર હોય એમ નહિ. પણ એને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ત્યાં જાવું પડેને જ્યાં ત્યાં ચોખા મૂકવા. શોભાલાલજી! એક ફેરી સાંભળ્યું હતું કે એક બાબા પાસે ગયા. ઓલા શેઠીયા મોઢા આગળ કરે ને. જય નારાયણ કરે પછી આમ. એય..! રાજમલજી! પણ હોય એવી વાત તો આવે કે નહિ બધી?

મુમુક્ષુ :- તો ભૂલ સુધારી શકાય.

ઉત્તર :- ભૂલ હોય તો સુધારવી.

અહીં કહે છે ભાઈ! તારા હિતની વાત છે. વીતરાગ માર્ગમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સિવાય ક્યાંય માર્ગ ત્રણ કાળમાં બીજે હોઈ શકે નહિ. જૈન પરમેશ્વરે કહેલો માર્ગ તે એક જ ઠેકાણે માર્ગ છે. એ સિવાય જેનામાં સર્વજ્ઞ નથી અને પોતાની કલ્પનાએ તત્ત્વો કહ્યા અને વાતું કરી છે એ બધા કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર છે. સમજાણું કાંઈ? એને વંદન કરવાનો ભાવ છે ત્યાં સુધી કહે છે કે મિથ્યાત્વ છે એમ કહે છે. અને મિથ્યાત્વનું એ નિમિત્ત છે. સમ્યગ્દષ્ટિને એ નિમિત્ત અને મિથ્યાત્વ છૂટી ગયેલા હોય છે, એમ કહે છે. શેઠ! અહીં તો વાત એવી છે. અહીં કોઈ સિફારીશ-બિફારીશ લાગુ પડે એવી નથી. સિફારીશને શું કહે છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ જ પચ્ચખાણ છે. બીજા પચ્ચખાણ ક્યા છે? આત્માના આનંદમાં ઠરી જવું અને વિકલ્પની વૃત્તિ ન ઉઠે એવું જ્ઞાનનું ઠરવું એને પચ્ચખાણ કહે છે. ભગવાન એને પચ્ચખાણ કહે છે. આવા તો કુપચ્ચખાણ, એવા તો અનંત વાર કર્યા. સમજાણું કાંઈ? આહાહા..! અલૌકિક માર્ગ ભાઈ! વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા મહાવિદેહક્ષેત્રમાં ફરમાવી રહ્યા છે. ત્રણ કાળના તીર્થંકરો એ જ રીતે કહેનારા છે અને કહી ગયા છે. સમજાણું કાંઈ? એ જૈન સંપ્રદાય કોઈ વાડો નથી, કોઈ સંપ્રદાય નથી. એ તો વસ્તુનું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? એટલે અહીંયાં દાખલો આચાર્યે પોતાની મુનિની દશાનો આપ્યો છે. ભાઈ! આહાહા..!

જુઓ! નિમિત્ત નૈમિત્તિક સંબંધનો દાખલો આપું છું કે '**જેમ અધઃકર્મથી નીપજેલું અને ઉદ્દેશથી નીપજેલું એવું જે નિમિત્તભૂત (આહાર આદિ) પુદ્‌ગલદ્રવ્ય તેને નહિ પચખતો...**' એટલે શું? તેને લેવાનો જેને ભાવ છે, એને લેવાનો ભાવ છે તેને નિમિત્ત ઉપર લક્ષ જાય છે. '**નહિ પચખતો આત્મા નૈમિત્તિકભૂત બંધસાધક ભાવને પચખતો નથી,...**' એ નિમિત્તનું લક્ષ લેવાનું છે તેને નિમિત્ત તરફના જે ભાવ છે, આધાકર્મી ઉદ્દેશી લેવાનો ભાવ પાપ, એ પાપ છે એ બંધનું સાધન છે. એ બંધના સાધનને તેણે છોડ્યું નથી. તો એ મુનિ હોઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બેય છે. બેય છૂટી ગયા. જેટલા હોય ત્યાં સુધી એને.. મુનિ છૂટી ગયા બેય.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'તેને નહિ પચખતો આત્મા નૈમિત્તિકભૂત બંધસાધક ભાવને...'** છોડે છે. જેને આત્માની શાંતિ સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું. એ ઉપરાંત ચારિત્રદશા થઈ-સ્વરૂપમાં રમણતા વિશેષ. એને દાખલો અહીં તો આપ્યો નિમિત્ત નૈમિત્તિકનો કે એને આધાકર્મી-એને માટે બનેલો આહાર, પાણી, ઔષધ, વસ્ત્ર. મુનિને તો વસ્ત્ર હોતા નથી. આહાર, પાણી, ઔષધ એને માટે કરેલું જે છે ચીજ એ નિમિત્ત કહેવાય અને એનો લેવાનો ભાવ તે નૈમિત્તિક છે. એ નૈમિત્તિકભાવને જે છોડતો નથી એને બંધનો સાધકભાવ ઊભો છે, તેને એકલું એને બંધન થાય છે. સમજાણું કાંઈ? કહો, જેઠાલાલભાઈ! તમારે ત્યાં ગાડા ને ગાડા લૂગડા ફરે. એને સાધુ માને. હજી તો શ્રદ્ધાની-દર્શનની ખબર નથી. એને માટે કપડા વેચાતા (લે). કપડા મુનિને હોય નહિ, કપડું લેવાનો ભાવ છે ત્યાં મુનિપણું હોય નહિ એમ કહે છે. કપડું લેવાનો ભાવ હોય જેને, એને મુનિપણું હોય નહિ. કારણ કે નિર્ગ્રંથ છે એ. નિર્ગ્રંથ છે. આહાહા..! ગ્રંથ નામ રાગની એકતા તો છૂટી છે, પણ રાગની ઘણી અસ્થિરતા છૂટી ગઈ છે. એને નિર્ગ્રંથ કહેવામાં આવે છે.

આ તો દાખલો આપ્યો છે કે નિમિત્ત નૈમિત્તિક સંબંધ કોને કહેવો અને એને એણે છોડ્યો એ કોને કહેવો? એમાં પહેલેથી લેવું કે જેને મિથ્યાત્વભાવ પડ્યો છે એને નિમિત્ત કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માને, બહુમાન કરે એ મિથ્યાત્વનું નિમિત્ત છે. એ મિથ્યાત્વ છે બંધસાધક ભાવ છે. મિથ્યાત્વ તે બંધના સાધનનું કારણ છે. એ મિથ્યાત્વ જેણે છોડ્યું છે એટલે જેણે આત્માનો આશ્રય કરીને સમ્યગ્દર્શન-જ્ઞાન અને અનુભવ કર્યો છે એણે બંધ સાધકભાવનો નાશ કર્યો છે. એથી એના નિમિત્તનું આશ્રય લક્ષ પણ છૂટી ગયું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ તો મુનિનો દાખલો આપ્યો છે. શરૂઆત તો ત્યાંથી છે નિમિત્ત નૈમિત્તિકની. સમજાણું કાંઈ?

આ તો પોતે મુનિ છે ને? ભાવ (લિંગી) સંત જંગલમાં રહેનારા સંતો. સમજાણું કાંઈ? કુંદકુંદાચાર્ય. એ મદ્રાસથી ૮૦ માઈલ આ બાજુ એક પોન્નુર હિલ નામની ટેકરી છે. જ્યાં વંદેવાસ ગામથી પાંચ માઈલ દૂર છે. બે વાર જઈ આવ્યા છીએ ત્યાં. ત્યાં રહેતા હતા. ત્યાંથી ભગવાન પાસે ગયા હતા. કુંદકુંદાચાર્ય ત્યાંથી ભગવાન પાસે ગયા હતા, આઠ દિ' ત્યાં રહ્યા હતા. ત્યાંથી આવીને આ શાસ્ત્ર રચ્યા છે. શેઠી!

એ કહે છે કે ભગવાન આમ કહેતા હતા કે જેને આત્માનું દર્શન થયું છે, આત્માનું જ્ઞાન થયું છે અંતર નિર્વિકલ્પ, એ ઉપરાંત જેને મુનિપણાની દશા ચારિત્રની એટલે શાંતિ અને અવિકારી પરિણતિ નામ દશા થઈ છે, એને માટે કરેલો નિમિત્ત નૈમિત્તિક જે ઓલો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉદ્દેશિક આદિ એ નિમિત્ત અને એને લેવાનો ભાવ નૈમિત્તિક. એ ભાવ એણે છોડી દીધો છે. એ ભાવ એને હોતો નથી. અને એ ભાવ જો હોય તો તેને મુનિપણું હોતું નથી. તો એ બંધનો સાધકભાવ છઠ્ઠે ન હોય તેવો એણે ઊભો કર્યો તો બંધનો સાધકભાવ તેણે છોડ્યો નથી. તો તેને મુનિપણાની દશા છે નહિ. સમજાણું કાંઈ? શેઠ! સમજાય છે કે નહિ? અત્યાર સુધી સાંભળ્યું ઈ બફમ થઈ જાય અંદર, શું હશે આ?

મુમુક્ષુ :- ચોથા કાળના મુનિઓને...

ઉત્તર :- પંચમકાળ અને ચોથા આરામાં ફેર હશે? સુખડી કરો છો કે નહિ? સુખડીને શું કહે છે? શીરો. સુખડી. ગોળ, લોટ અને ઘી ત્રણની સુખડી બને છે કે નહિ? કે પાંચમે આરે ગોળને ઠેકાણે કાદવ નાખે તો? .. છે ને અને ઘીને ઠેકાણે પેશાબ નાખે તો? ચોથા આરાની સુખડી અને પાંચમા આરાની સુખડીમાં ફેર હોય કે નહિ? સુખડી સમજો છો? આ સુખડી નથી કરતા ગોળ, ઘી અને લોટ.

મુમુક્ષુ :- લાપસી.

ઉત્તર :- લાપસી નહિ. સુખડી-સુખડી. શું કહે છે? એ તમારું કામ નહિ. એ તમારી ગુજરાતી ભાષા. આ તો હિન્દીવાળાની. શીરો કહે એ જુદી વાત છે. પણ લોટને ઘીમાં શેકીને પછી ગોળ નાખીને આમ હલાવે. એ નાખે તો આમ પાપડી બની જાય પાપડી.

મુમુક્ષુ :- પાપડી

ઉત્તર :- પાપડી આવી ગઈ ભાષા લ્યોને. આ .. પાપડી. પાપડી થાય છે ને? શેરો તો નરમ થઈ જાય. પણ જે ગોળમાં ઘીમાં લોટને શેકીને પછી બનાવે. તદ્દન લાપસી જેવું ન કરે એ. વાસણમાં પાથરે. અમારે તો બહુ થાય. આટલું આટલું જાડુ હોય. કોઈ એટલી જાડી, કોઈ પાતળી. તમારે મહાજનમાં બહુ જાડી થાય. એ જોઈ છે. ત્રણ ત્રણ ... જાડી હોય. માણસ ખાય બહુ ને પાંચ-પાંચ શેર. અમારે અહીંયાં એક એક ખાય. પાતળી થાય. પાતળી. પણ એ તો ગોળ, આટો-લોટ અને ઘી ત્રણની બને. એમાં કોઈ બીજું નાખે આ ગોળ કે ઘી ન નાખે તો તેલ નાખે પણ કાંઈ પેશાબ નાખીને સુખડી થાતી હશે? તો પાંચમા આરાની અને ચોથા આરાની સુખડી એક પ્રકારની હોય. એમ ચોથા આરાનો અને પંચમ આરાનો મોક્ષમાર્ગ એક પ્રકારનો હોય. સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર. જેમ ઓલા ગોળ, લોટ અને ઘી. એમ અહીં સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર. શેઠી! ન પહોંચી શકે તો લોટને ઠેકાણે લોટ આવ્યો નહિ. ભાઈ! નાખો ધૂળ થોડી. ધૂળ સમજો છો કે નહિ? ધૂળ. ઘણી પડી છે બહાર. નાખો થોડી આમાં. દાળ ખૂટી. તો દાળ ખૂટે તો નાખો.. પાણી નાખે હજી. થોડો .. હળદર અને પાણી નાખે. નાખો થોડો પેશાબ છોકરાનો ભર્યો હશે. નાખતા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

હશે એમાં?

એમ વીતરાગ માર્ગ પરમાત્માએ કહેલું આત્મતત્ત્વ, જે ત્રણે કાળે જેવું છે તેવું એને અંતરમાં પ્રતીત અને અનુભવ કરે એનું નામ સમ્યગ્દર્શન. ચોથે આરે એ, પાંચમે આરે એ, દેવમાં એ, નરકમાં એ અને પશુમાં એ. સમજાણું કાંઈ? ... નથી આવ્યું? ખામણામાં આવે છે. અસંખ્યાતા શ્રાવક બહાર છે-તિર્યંચ. ... ખામણામાં આવે છે. સમજાય છે? છઠ્ઠા ખામણામાં. અઢી દ્વીપ બહાર અસંખ્યાતા તિર્યંચ પડ્યા છે સમકિતી. આ કહીએ છીએ એવા આત્મજ્ઞાની. પશુ સ્વયંભુરમણ સમુદ્રમાં. એ ખામણામાં આવે છે. છઠ્ઠા ખામણામાં. પણ ક્યાં એને ખબરેય છે? કોણ જાણે શું હશે? અસંખ્યાતા શ્રાવક-શ્રાવિકા આત્મજ્ઞાની છે. .. એવું આવે છે ખામણા કરે એમાં. પણ એને અર્થની ખબર ન મળે. જય ભગવાન!

'વિહુયરયમલા' નહોતું કહ્યું એક ફેરી? લોગસ્સમાં આવે છે. 'વિહુયરયમલા' એ તો એમાં આવે છે પણ અર્થ મળે નહિ. 'વિહુયરયમલા' એ લોગસ્સ. લોગસ્સ સમજ્યા? ૨૪ તીર્થંકરની સ્તુતિનો ભાવ આવે છે. તમારે બહુ નથી. આપણે છે. દિગંબરમાં પાઠ છે. 'વિહુયરયમલા પહીણજરમરણા;...' તો વિહુયરયમલામાં. એક અમારે લીંબડી હતી. અહીં લીંબડી છે ને? તો દશાશ્રીમાળી અને વિશાશ્રીમાળી અમારે બે નાત છે. એટલે દશાશ્રીમાળી વાણિયાને વીશાશ્રીમાળી સાથે વિરોધ. તો વિરોધ એટલે એક ડોશી હતી દશાશ્રીમાળીની વૃદ્ધ. આ પાઠ આવ્યો ને વિહુયરયમલા. વીશા રોઈ મળ્યા. આ ક્યાંથી? આપણે લોગસ્સમાં આવું? વીશા સમજ્યાને? વીશાશ્રીમાળી અહીં વાણિયા છે. આ જુઓ અમારા ખીમચંદભાઈ વીશાશ્રીમાળી છે, આ રામજીભાઈ દશાશ્રીમાળી છે. એ બેની આ નાત છે. એમાં ઘણી નાત છે. દશાશ્રીમાળીમાં ઝાઝા છે. પછી લીંબડીમાં તકરાર થઈ બેને દશા-વીશાને. તકરાર સમજ્યાને? તો એક ડોસી હતી તે લોગસ્સ બોલતી હતી. બોલતા બોલતા 'એવંમએ અભિથુઆ' વીશા રોહી મળ્યા. 'એવંમએ અભિથુઆ' આવે છે ને? 'એવંમએ અભિથુઆ વિહુયરયમલા' એટલે એમાં વિહુયરમલાને ઠેકાણે વીહા રોઈ મળ્યા. લોગસ્સમાં વીહા-વીશાશ્રીમાળી રોયા એમ કહે. એલા પણ આ ક્યાંથી આવ્યું આમાં? આપણે તકરાર થઈ એ વાત લોગસ્સમાં ક્યાંથી આવી? ભાઈ! આ આવો નથી અર્થ. આમાં તમને કાંઈ અક્કલ ન મળે અને હાંકે રાખો. ઘડીયાળું લઈને બેસે. ઓલી ઘડીયાલ હોય ને? .. આ પૂરું થયું અને ચાલ્યા. થઈ ગઈ સામાયિક. ધૂળમાંય નથી હવે સામાયિક તારી. હજી આત્મા શું છે? રાગ શું છે? પુણ્ય શું છે? જડની ક્રિયા શું? ભાન કાંઈ નથી, સામાયિક ક્યાંથી આવી તારે? શેઠી!

એમાં તો વિહુય-વિશેષે. હુય એટલે ધૂઈ-ટાળ્યા છે. વિહુય નામ ટાળ્યા છે. રયમલા-હે પરમાત્મા! આપે રય એટલે રજ. આઠ કર્મની ઝીણી ધૂળ. એને રય કહેવાય. રય કહેવાય.

રય. યનો જ થાય. રય અને મળ. પુણ્ય-પાપનો ભાવ છે તેને વિકારી ભાવને ભાવ કહે છે-મળ કહે છે. વિહુયરયમલા. ટાળ્યા છે કર્મના રજ અને મેલ પુણ્ય-પાપના મેલને. હે પરમાત્મા! આપ વીતરાગ વિજ્ઞાન થયા છો. એમ કહે છે એમાં. સમજાણું કાંઈ? ઓલા કહે કે વિહારોઈમળા. પાઠની ખબર ન મળે, અર્થની ખબર નહિ, એને તત્ત્વની ક્યાં ખબરું? જરી સામાયિક થઈ ગઈ પછી અમારે. રોઈમળ્યા નહિ સમજ્યા હિન્દીમાં? રોઈ મળ્યા એટલે અમારે અહીં થાય છે. જ્યારે કોઈ માણસ મરી જાય ને. મરી જાય પછી સ્નાન આવે ને સ્નાન? કાણે આવે કાણે. કાણે સમજ્યાને? લૌકિક મળે, રોતા રોતા મળે. જોયું છે તમે? સાંભળ્યું છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. રોતા રોતા મળે. પહેલા આવે એટલે પહેલા બેસે પછી બહેન હોય, ભાઈ હોય આમ માથું નાખીને બેય (મળે) એ રોતા મળે કહેવાય. રોતા સમજ્યા કે નહિ? એમ રોવે. અમથા જ્યારે મળે તો તો આમ કરે ને એમ કરે. પણ કોઈ મરી ગયું હોય ૨૫ વર્ષનું, ૫૦ વર્ષનું. અને જ્યારે કાણે જાય ત્યારે બહેન અને ભાઈ આવે તો બહેનને કાંધે ભાઈ .. એમ રોતા રોતા મળે. એ રોઈ મળ્યા કહેવાય. સમજાણું કાંઈ? આ તો બધું જોયું છે ને. અમને બધી ખબરેય છે ને.

એ તો પહેલા એકવાર જોયેલું. અમારે શિવલાલભાઈ હતા ને એના નાના ભાઈ ગુજરી ગયા હતા. તો બધા ભેગા થયા. આપણે કોઈ દિ' જોયેલું નહિ અને આ બધા ભેગા થાય. કીધું આ શું કરે છે? ૬૮ની સાલમાં. સંવત્ ૧૯૬૮. અમારે શિવલાલભાઈ હતા ને? એનો નાનો ભાઈ મગન હતો. એ ગુજરી ગયા હતા. તે દિ' .. બધા આવ્યા કાણે. બધા ભેગા હતા ને બે-ચાર પાંચ વર્ષે મળ્યા હોય, આ બહેન અને ભાઈ અને ભાઈ-બહેન રોવે ભેગા. માથુ નાખીને આમ રોવે. અહીં માથુ નાખે. એ રોઈ મળ્યા કહેવાય. એમ ભાન ન મળે તો વીશા રોઈ મળ્યા. કહો, ચંપકભાઈ! છે ને? ખબર ન મળે હજી તત્ત્વ શું? અર્થ શું? ભાવ શું? આત્મા તો ક્યાંય રહી ગયો.

મુમુક્ષુ :- અર્થનો અનર્થ.

ઉત્તર :- અર્થનો અનર્થ. ખબર ન મળે વસ્તુની.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીં તો વસ્તુની ભાષા સમિતિ ક્યાં રહી પણ હજી શ્રદ્ધાનું ભાન ન મળે ત્યાં સમિતિ ક્યાં હતી?

અહીં તો કહે છે કે **'જેમ અધઃકર્મથી નીપજેલું અને ઉદ્દેશથી નીપજેલું એવું જે નિમિત્તભૂત (આહાર આદિ)...'** પાણી આદિ સમજ્યાને? પાણી, મકાન. આ પ્રશ્ન તો

અમારે પહેલો થયેલો કીધું ને? પહેલો. (સંવત) ૧૯૬૮-૬૯માં. .. ચોમાસું હતું જોધપુર. કાલે કહ્યું હતું. જોધપુર છે ને તમારું? ત્યાં ચોમાસુ હતું ત્યારે હું ત્યાં ગયેલો. આઠ દિ' ત્યાં રહ્યો હતો. આ જ પ્રશ્ન મેં પૂછેલો પહેલો. સાધુ માટે બનાવેલું મકાન, સાધુ જો ઉતરે તો? મનસા કાયસા... તેમાં નવમાંથી કઈ કોટી તૂટે? કયો ભંગ તૂટે? એવો પ્રશ્ન કર્યો હતો. સંવત ૧૯૬૮-૬૯ની દિવાળી. પછી કહ્યું, એમાં પાપ લાગે, પાપ લાગે એમ કરે. એ તો કહેતા હતા અનુમોદન કહેવાય. વાપરે તો અનુમોદન કહેવાય. અમારા ગુરુને પૂછ્યું તો કહે, વાપરે ઈ અનુમોદન ન કહેવાય. તમારા ખુશાલભાઈએ તમારા માટે મકાન બનાવ્યું, તમે હા ન પાડો અને વાપરો એમાં અનુમોદન શું આવ્યું? એણે એમ જવાબ આપ્યો. હિરાજી મહારાજે. સમજ્યાને? ઉતરે ખરાને એટલે પછી ત્યાં ... પાઠ દશ વૈકાલિકમાં છે. એવો શબ્દ છે. દશવૈકાલિક મોઢે કરેલું. તે દિ', દશવૈકાલિક. એમાં એ શબ્દ છે કે જે કાંઈ વાપરે તેનું અનુમોદન છે એને. એને માટે બનેલી ચીજ છે એ વાપરે, ત્યાં જાય તો એનું અનુમોદન પાપનું છે. અનુમોદન વિના ત્યાં વાપરવા જાય નહિ. ક્યાં ખબર કોઈને. સાધુ થવું હતું ને અમારે, એટલે કોની પાસે લઈએ? આવા હોય તો આપણે સાધુપણું નથી લેવું. બધું સાધુપણું ખોટું હતું. કહો, સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે તેવા '**પુદ્‌ગલદ્રવ્ય તેને નહિ પચખતો...**' નહિ પચખતો એટલે નહિ છોડતો. એને એના ઉપરનો ભાવ છે લેવાનો. તે '**(-મુનિ) નૈમિત્તિકભૂત...**' તેના લક્ષે થયેલો વિકારી ભાવ, નૈમિત્તિક એટલે વિકારી ભાવ. '**બંધસાધક...**' છે. એ બંધનો સાધનારો વિકાર છે. એવા ભાવને છોડતો નથી. આ દાખલો આપ્યો. નિમિત્ત નૈમિત્તિકનો દાખલો. '**તેમ સમસ્ત પરદ્રવ્યને નહિ પચખતો...**' જેટલું પરદ્રવ્ય ઉપર લક્ષ જઈને રાગ થાય છે એટલો રાગ નહિ છોડતો અને સ્વનો આશ્રય નહિ કરતો '**આત્મા તેના નિમિત્તે થતા ભાવને પચખતો (ત્યાગતો) નથી.**' સમજાય છે કાંઈ? આહાહા..!

મુનિ સાચા હોય છે એને પણ જેટલો એ રાગ દેવ-ગુરુ-શાસ્ત્રને માનવા તરફ જાય છે એટલો પણ હજી રાગ છૂટ્યો નથી. ત્યાં સુધી એને ભલે મુનિપણું છે. પણ એ છૂટે ત્યારે કેવળ થાય. સમજાણું કાંઈ? કહો, જેઠાલાલભાઈ! આહાહા..! સમસ્ત દ્રવ્ય. એકલો દ્રવ્યનો આશ્રય થઈ બધા દ્રવ્ય તરફનું લક્ષ છૂટી જાય અને એટલી વીતરાગતા અંદર થાય ત્યારે તેને કેવળ થાય. સમજાણું કાંઈ?

જુઓ! '**સમસ્ત પરદ્રવ્યને નહિ...**' છોડતો. આ નહિ છોડતોનો અર્થ કે પરદ્રવ્યનું લક્ષ નહિ મૂકતો. '**તેના નિમિત્તે થતાં...**' વિકારી ભાવને છોડતો નથી. સમજાણું કાંઈ? ચૈતન્ય ભગવાન જ્ઞાનમૂર્તિ આત્મા આનંદ, એનો આશ્રય લઈને જેટલી રાગની એકતા છૂટી

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તેટલા એને નિમિત્તો છૂટી ગયા. પણ જેટલો આશ્રય બાકી છે અને પર ઉપર આશ્રય જાય છે તેટલા રાગભાવ થાય છે અને તેનું નિમિત્ત પર છે. તો બધા દ્રવ્યોનું નિમિત્ત છોડતો નથી ત્યાં સુધી તેને તે સંબંધીનો રાગ છૂટતો નથી. અને તે સંબંધીનો રાગ છૂટ્યા વિના વીતરાગતા આવતી નથી. સમજાણું કાંઈ?

મુનિપણાની દશામાં આધાકર્મી ને ઉદ્દેશીને આહારનો ભાવ ન હોય. એ તો મુનિપણું આત્માના આનંદની દશા સહિતનું બરાબર છે. પણ એને પણ હજી દેવ-ગુરુ-શાસ્ત્રને વંદન આદિનો જે વિકલ્પ છે એટલો રાગ અને સામે નિમિત્ત છે. ત્યાં સુધી હજી એને કેવળ નહિ થાય. મુનિપણું રહેશે. સમજાણું કાંઈ? સમસ્ત દ્રવ્યના ઉપરનું લક્ષ છોડી અને તે સંબંધીના નિમિત્તનો ભાવ છોડીને સ્વનો આશ્રય પૂર્ણ કરશે ત્યારે એને કેવળજ્ઞાન થશે. સમજાણું કાંઈ? આહાહા..! પદ્ધતિ તે કથન પદ્ધતિની રીત. સ્વનો આશ્રય કર્યો એટલો પરના આશ્રયવાળો રાગ છૂટ્યો અને તેટલું નિમિત્ત પણ છૂટ્યું કહેવાય. નિમિત્ત છૂટ્યું કહેવાય અસદ્ભુત વ્યવહારનયે. સમજાણું?

ચોથે ગુણસ્થાનથી અનંતાનુબંધી કષાય સ્વરૂપની સ્થિરતા દ્વારા છૂટ્યો તો એને અનંતાનુબંધી ગયો, એના નિમિત્તો પણ એને આશ્રયે ગયા. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર અને એના માનનારાઓ અને એના તરફની માન્યતા ટળી ગઈ, એના તરફનો રાગ હતો એ ગયો. પણ જ્યાં સુધી કુગુરુ, કુદેવ એના માનનારા અને એને માને છે ત્યાં સુધી એને મિથ્યાત્વભાવ છે, અનંતાનુબંધી કષાય છે અને ઓલું સામે નિમિત્ત છે. એ નિમિત્ત નૈમિત્તિક સંબંધ જ્યાં સુધી સ્વનો આશ્રય લઈને છોડે નહિ ત્યાં સુધી એને મિથ્યાત્વ અને અનંતાનુબંધી બંધના સાધકનો ભાવ એની પાસે ઊભો છે. ભાઈ! સમજાણું કાંઈ?

કેમ કે ચીજ ભગવાન આત્મા વસ્તુ છે એ તો ચૈતન્ય પ્રકાશનું પુંજ નૂરછે એક તો. શુદ્ધ... શુદ્ધ... શુદ્ધ પવિત્રનું ધામ ભગવાન છે. એની વર્તમાન દશામાં જે મિથ્યાત્વ અને રાગાદિ છે એ તો એક સમયની અવસ્થા છે. એ તો અવસ્થામાં નિમિત્ત પર છે અને નૈમિત્તિક એનો વિકાર છે. વસ્તુ અકારક છે પણ પર્યાયમાં જ્યારે દૃષ્ટિમાં રાગ થઈને જ્યારે લક્ષ પરમાં જાય છે ત્યારે એવો નિમિત્ત નૈમિત્તિક સંબંધ ઊભો છે એનું નામ બંધ સાધકભાવ છે. સમજાણું કાંઈ? મિથ્યાત્વના બંધને સાધવાનો એ મિથ્યાત્વભાવ છે. કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર એના મંદિરો અને એનો આશ્રય માને, એની પ્રતીતિ કરે ત્યાં સુધી એને મિથ્યાત્વભાવ બંધનો, દર્શનમોહના બંધનો સાધક છે. સમજાણું કાંઈ? ભારે વાતું. એ નિમિત્ત બંધનું કારણ નથી હોં! બંધનો સાધકભાવ કહ્યો છે અહીં. ભાષા જુઓને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બધા. મિથ્યાત્વથી માંડીને જેટલો એના રાગનો ભાવ છે હજી મુનિને, શ્રાવકને, તે તે રાગનું લક્ષ પર ઉપર છે. એને ને એને નિમિત્ત સંબંધ છે. એ નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે ત્યાં સુધી એ જાતના ભાવનો બંધનો સાધક છે. તે ભાવ સ્વભાવનો આશ્રય કરીને છોડે ત્યારે બંધભાવ ગયો અને એનું નિમિત્તનું લક્ષ ગયું. ત્યારે એને અબંધ પરિણામ પ્રગટ થયા. ભારે વાતું ભાઈ ઝીણી એવી. કહો, વજુભાઈ! આ બરાબર છે કે નહિ? તર્ક સિદ્ધ છે? ઓલા ભાઈએ કહ્યું નહોતું? ઢેબરભાઈએ કહ્યું હતું. ઢેબરભાઈ છે ને આપણા મોટા? એક ફેરી આવ્યા હતા વ્યાખ્યાનમાં. ઢેબરભાઈ નહિ? એ વ્યાખ્યાનમાં આવ્યા. મહારાજ! આહાહા..! ભારે વાત. તર્ક સિદ્ધ વાત છે. તર્ક સિદ્ધ છે. પણ પાછા ઘડીકમાં ફરી જાય. બધું કરવું કરવું છે ને જગતનું. નેતાઓને અભિમાન આ. કો'કનું કરું. ધૂળેય કરી શકતો નથી, સાંભળને હવે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- નવો નથી કાઢ્યો, વીતરાગનો પંથ છે. નવો એટલે અજ્ઞાનીઓએ ચલવ્યો હતો એનાથી જુદો વીતરાગનો માર્ગ છે આ, પરમેશ્વર ત્રિલોકનાથનો.

મુમુક્ષુ :- આ જૂનો છે કે આ નવો છે?

ઉત્તર :- આ ક્યારનો છે જુઓને! આ લખાણ બે હજાર (વર્ષ પહેલાનું) છે આ તો. એને સમજવામાં ન આવે અને ઊંધું સમજ્યો એનાથી બીજી વાત આવે તો નવું લાગે. માર્ગ નવો છે. અનાદિ સનાતન વીતરાગ પરમેશ્વરે કહેલો માર્ગ ચાલ્યો આવે છે. ધોખ માર્ગ અનાદિનો ચાલ્યો આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! એની રીત તો જુઓ!

આમ સ્વદ્રવ્યનો આશ્રય જેટલો કર્યો એટલો પરનો આશ્રયનો ભાવ છૂટ્યો એટલે પરઆશ્રય છૂટ્યો કહેવાય. અને જેટલો સ્વઆશ્રય બાકી છે અને રાગ બાકી છે એ રાગ નૈમિત્તિક છે અને એનું નિમિત્ત એ છે. એટલે ત્યાં સુધી રાગ એને બંધનકર્તા (છે). મુનિ હોય તોપણ જેટલો રાગ દેવ-ગુરુ અને શાસ્ત્ર ઉપર પ્રેમમાં ભક્તિમાં જાય છે, એ રાગ પણ એને બંધનું કારણ છે. મુનિપણું ન જાય એને. સમજાય છે? પણ જ્યાં સુધી નમો અરિહંતાણં.. નમો અરિહંતાણં.. એવો વિકલ્પ ઉઠે છે એ રાગ છે. અને રાગનું લક્ષ જાય છે દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર. એટલો પણ હજી પણ મુનિ થયા પછી પણ, મુનિપણું રહેવા છતાં આવો બંધભાવ હોય. એ બંધભાવ છૂટે તો તો કેવળ થઈ જાય. સમજાણું કાંઈ? અધિકાર એવો આવ્યો ને.

ભાઈ! આત્મામાં મિથ્યાત્વ વિકાર, અનંતાનુબંધીનો વિકાર કે બીજો રાગ-દ્વેષનો વિકાર કોઈપણ કે વિષય-વાસના લ્યો. તો એ વાસના છે એ વિષયની એ નૈમિત્તિક છે. અને

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એનું નિમિત્ત સામે સ્ત્રી આદિ છે. પુરુષને સ્ત્રી, સ્ત્રીને પુરુષ. એનું લક્ષ ત્યાં જાય છે એવો અહીં વિકાર બંધભાવ છે. એ બંધભાવ ક્યારે છૂટે? કે સ્વભાવનો આશ્રય કરીને એ ભાવ છૂટે ત્યારે નિમિત્તનું લક્ષ છૂટ્યું કહેવાય. એવો નિમિત્ત નૈમિત્તિક સંબંધ વિકારને અને પરને છે. આત્મા સાથે વિકારનો સંબંધ છે નહિ. સમજાણું કાંઈ? કહો, જગજીવનભાઈ! શું હશે આવી વાતું? .. કેટલાક કહે, નવો કાઢ્યો. ભાઈ કહે છે. ભાઈ! ભગવાન કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અનાદિનો છે. પ્રભુ! તને ખબર નથી. વીતરાગનો માર્ગ અત્યારે લોપ કરી નાખ્યો લોકોએ. બીજે જ માન્યું ક્યાંકનું ક્યાંક માન્યું અને અમે જૈન છીએ એમ માને છે. એમ આને કોથળીમાં કરિયાતા. કરિયાતા. થેલીમાં કરિયાતા અને ઉપર લખે સાકર. કાંઈ કડવાશ મટી જતી હશે? એમ અમે જૈન છીએ. નામ લખ્યું સાકરનું. જૈનનું તો ભાન ન મળે અંદર. જૈન કોને કહેવો? કે સ્વભાવની દૃષ્ટિનું ભાન કરીને મિથ્યાત્વને જીતે અને અનંતાનુબંધીનો નાશ કરે, સ્વભાવના આનંદનું વેદન કરીને એને જૈન કહેવામાં આવે છે. જૈન કોઈ સંપ્રદાય નથી. જૈન તો વસ્તુનું સ્વરૂપ છે. અમરચંદભાઈ! આહાહા..!

મુમુક્ષુ :- ના પાડે.

ઉત્તર :- ના પાડે તો વસ્તુમાં ક્યાં ના પડે એવી છે? વસ્તુ જ એવી છે ત્યાં. એ કાંઈ ભગવાને કરી નથી. ભગવાને કરી નથી. જાણી છે એવી કહી છે. ભગવાને કરી છે કાંઈ? ભગવાન તો કેવળજ્ઞાની છે ત્રિકાળ. એ તો જ્ઞાનમાં જેવી વસ્તુ જણાણી એવી કહી છે કે આ પ્રમાણે છે. વાણીમાં એમ આવ્યું. હવે તારે માનવું હોય તો માન અને ન માન તો રખડે છો. કહો, સમજાણું કાંઈ?

કહે છે, હવે જરી વાત એવી લે છે. '**અધઃકર્મ આદિ જે પુદ્‌ગલદ્રવ્યના દોષો તેમને આત્મા ખરેખર કરતો નથી...**' મુનિની દશામાં. કહે છે આધાકર્મી બન્યું છે ત્યાં, પણ અહીં લેવાનો ભાવ છે ને તે ભાવ જ્ઞાનીને, મુનિને હોતો નથી. એને હોતો નથી માટે ઓલો કરતો નથી. '**પુદ્‌ગલદ્રવ્યના દોષો તેમને આત્મા ખરેખર કરતો નથી કારણ કે તેઓ પરદ્રવ્યના પરિણામ હોવાથી તેમને આત્માના કાર્યપણાનો અભાવ છે,...**' એને માટે કરેલો ભાવ. ઓલી વસ્તુ, એને માટે કરેલો અહીં ભાવ થાય લેવાનો તો એને કાર્ય થયું, તો તો એને કરેલું એનો સ્વીકાર થયો. સમજાણું કાંઈ? પણ એ પરના દોષો એના (માટે) બનેલા, એના ઉપર લક્ષ નથી અને પોતાનું કાર્ય રાગ રહિત છે એમ કરનારને... '**આત્માના કાર્યપણાનો અભાવ છે,...**' આધાકર્મી આહાર અને એના નિમિત્તે ઉત્પન્ન થયેલો વિકાર. એવા વિકારના કાર્યનો જ્ઞાનીને અભાવ છે. મુનિને એવા વિકાર કાર્યનો અભાવ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. કેમ કે પરદ્રવ્યની ક્રિયા છે એના નિમિત્તમાં લક્ષ ગયું નથી, લક્ષ નથી. સમજાણું કાંઈ? માટે તેના કર્તાપણાનો જ્ઞાનીને અભાવ છે. જ્ઞાની એટલે મુનિ લેવા. સમજાણું કાંઈ?

**'કે તે નિત્ય અચેતન હોવાથી તેને મારા કાર્યપણાનો અભાવ છે...'** એ તો જડ છે પુદ્‌ગલ. એના ઉપર લક્ષ જાય તો રાગ થાય. પણ રાગ છૂટી ગયો છે. સ્વભાવનો આશ્રય કર્યો છે ચૈતન્યનો આનંદનો. એટલે એનું કાર્ય મારું છે એવું જ્ઞાનીને હોતું નથી. જ્ઞાની એટલે મુનિ. અહીં મુનિની વાત છે. છઠ્ઠે ગુણસ્થાને મુનિ. એ પ્રમાણે નિમિત્ત નૈમિત્તિક સંબંધમાં બધામાં જેટલા પ્રમાણમાં વિકાર તેટલા પ્રમાણમાં નિમિત્તનો આશ્રય, એ બધો છૂટે ત્યારે સ્વનો આશ્રય પૂર્ણ થાય. ત્યારે એને સમ્યગ્દર્શનમાં મિથ્યાત્વ છૂટે અથવા પાંચમામાં અનંતાનુબંધી, પ્રત્યાખ્યાનીય છૂટે, છઠ્ઠામાં પ્રત્યાખ્યાનીય છૂટે અને આધાકર્મીમાં આહાર લેવાનો ભાવ છૂટે. સમજાણું કાંઈ? એમ આગળ વધતા જેટલા પ્રમાણમાં રાગ છૂટે એટલું નિમિત્ત ઉપરનું લક્ષ વયું જાય અને સ્વનો આશ્રય કરે. લ્યો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**ભાદરવા વદ ૧૦, શુક્રવાર તા. ૨૯-૦૯-૧૯૬૭**
**ગાથા-૨૮૬-૨૮૭, પ્રવચન-૩૫૧**

આ સમયસાર બંધ અધિકાર છે. છેલ્લી ગાથા છે. ૨૮૬-૨૮૭. જરી વાત એવી છે સૂક્ષ્મ છે પણ સમજાય એવી છે. આ આત્મા છે એને બંધ કેમ થાય છે અને એને બંધનો અભાવ કેમ થાય છે? બેય વાત છે આમાં. બંધન, બંધન. જે વિકારના મિથ્યાત્વભાવ કે રાગ-દ્વેષ ભાવ, વિપરીત માન્યતા કે વિપરીત રાગ-દ્વેષના પરિણામ એ ખરેખર ભાવબંધ છે. ભાવબંધ. એ ભાવબંધમાં નિમિત્ત અહીંયાં પરવસ્તુ છે એમ લેવું છે અત્યારે. કારણ કે એવો એક શબ્દ છે શાસ્ત્રમાં આગળ '**सदव्वा हु सुगइ परदव्वादो दुग्गइ।**' શું કીધું? શેઠી! સ્વદ્રવ્યથી સુગતિ અને પરદ્રવ્યથી દુર્ગતિ. એટલે શું? હવે એટલે શું? કે આત્મા જે જ્ઞાનાનંદ અનંત ગુણનો પિંડ પ્રભુ વસ્તુ છે એનો અંતરમાં આશ્રય કરતાં, અનુભવ કરતાં, પુણ્ય અને પાપ અને મિથ્યા ભ્રાંતિનો છેદ કરી સ્વભાવનો આનંદનો અનુભવ કરી અને જેટલો આત્માનો આશ્રય કરીને જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય એ સુગતિ છે. એ સાચી ગતિ છે. એ પરિણમન સાચું છે અને મોક્ષનું એ કારણ છે.

મુમુક્ષુ :- ચારે ગતિની વાત આવી ગઈ?

ઉત્તર :- ચાર ગતિની વાત આમાં આવશે હવે પછી.

જેટલો પરદ્રવ્યનો લક્ષ કરીને સંબંધ કરીને વિકાર કરે છે એટલી આત્માની દુર્ગતિ છે. દુર્ગતિ એટલે એનો બંધ થાય છે. અને બંધ ફળમાં એને દેવગતિ આદિ મળે. એ બધી દુર્ગતિ છે. આહાહા..! ભગવાન આત્મા ચૈતન્યના અનંત ગુણનો રસકંદ છે. એ આત્મા એટલે શું? એ ચૈતન્ય સૃષ્ટિ અનંત ગુણનો પિંડ છે. એક એક ગુણ, એક એક શક્તિ અનંત શક્તિનું સામર્થ્ય ધરાવે છે. એવી એવી એક આત્મામાં અનંતી શક્તિઓ ત્રિકાળ પડી છે. એવા ત્રિકાળ અનંત શક્તિનો પિંડ એકરૂપ તેને આત્મા કહીએ. એ આત્માનો જે આશ્રય લે અંતરમાં. તત્ત્વજ્ઞાન, એ તત્ત્વ વસ્તુ તેનું જ્ઞાન, એની અંતરમાં જઈ, અંતરમાં એનું સમ્યગ્દર્શન અને અંતરમાં એનો આશ્રય કરીને સ્થિરતા (કરે), એવો જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણામ એ સ્વદ્રવ્યને આશ્રયે થાય. એ પરિણામ સુગતિનું કારણ અથવા મોક્ષનું કારણ છે. સમજાય છે કાંઈ?

આત્મા પ્રભુ છે, અનંત ગુણનું રૂપ સ્વરૂપ છે. એનો અંતરમાં આશ્રય લઈ અને જે અંતરમાં એકાકાર થઈ વિકલ્પ નામ રાગ વિનાની અંતરની આત્માની વીતરાગી પ્રતીતિ, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્ર એવી દશા સ્વદ્રવ્યને આશ્રયે થાય તે સુગતિનું કારણ છે. સુગતિ

એટલે મોક્ષ. અને જેટલો રાગ કરીને પરના નિમિત્ત સાથે સંબંધ કરે છે, દયા, દાન હો કે ભક્તિ હો ચાહે એ ભાવ પુણ્ય છે એનું નિમિત્ત પર છે, આમ સંબંધ (કરે છે). એટલો એને બંધ થાય છે એટલી દુર્ગતિ છે. એટલે આત્માની એ પરિણતિ અશુદ્ધ છે, મેલી છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે રાગ અને વિકાર આદિ છે એનું નિમિત્ત પર ઉપર લક્ષ જાય છે. એવો જે વિકારી નૈમિત્તિક ભાવ એને મુનિપણાને યોગ્ય કેટલો ચુકેલો હોય અને કેટલો રહ્યો હોય એની વ્યાખ્યા છે આ દાખલો. દાખલો મુનિપણાનો આપ્યો છે. બાકી પહેલેથી સમ્યગ્દૃષ્ટિને પણ આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિનો અનુભવ થઈને જે પ્રતીત અને રમણતા અંશે થઈ એથી તેને મિથ્યાત્વભાવ ટળ્યો, અનંતાનુબંધી ટળ્યો તેટલા તેને કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રના આશ્રયનો નિમિત્તનો નૈમિત્તિક સંબંધ તૂટી ગયો છે. સમજાણું કાંઈ?

આગળ જતાં શ્રાવક દશા જ્યારે સાચી સમ્યગ્દર્શન ઉપરાંત સ્વરૂપની શાંતિનો વિશેષ એકાગ્ર થઈને બીજા કષાયનો અભાવ થઈને શાંતિની ઉગ્રતા વધતા, સ્વભાવ શાંતિનો સાગર આત્મા છે, અવિકારી સ્વરૂપનો રસ આત્મા એનો આશ્રય લઈને જેટલી શાંતિ ઉગ્ર પાંચમે ગુણસ્થાને પ્રગટે એટલી અશાંતિનું કારણ જે કષાય ટળી ગયા હોય અને એના નિમિત્તનો સંબંધ પણ એટલો છૂટી ગયો હોય. એને હજી સ્ત્રી, કુટુંબ આદિ પરિવાર ધંધાનું નિમિત્ત છે અને એટલો રાગ પણ છે. તો એ રાગને અને એને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. એટલી ત્યાં દોષ દશા છે. પણ ત્યાં પંચમ ગુણસ્થાનને યોગ્ય જે શુદ્ધ પરિણતિ આત્માને આશ્રયે જે દશા પ્રગટી છે તે ધર્મ દશા છે અને જેટલો રાગ અને પરની સાથે સંબંધ રહ્યો છે એટલો અધર્મભાવ છે. શેઠી!

અહીં હવે મુનિની વાત કરે છે. દાખલો તો (ઈ આપે છે). પોતે મુનિ છે ને. મુનિની દશા હોય એને આત્માના આનંદનો અનુભવ હોય અને સ્વસંવેદન શાંતિનું (વેદન) ઘણું વધી ગયું અંતરમાં. અને એ કારણે અંદર ત્રણ કષાયો જે અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનીય, પ્રત્યાખ્યાનીય એ કષાય છે ત્રણ એનો એને નાશ થયો હોય. એથી તેના સંબંધરૂપ જે લક્ષ કરવાનું હતું એ દ્રવ્ય એને રહેતા નથી. એને સ્ત્રી, કુટુંબ, પરિવાર, કપડા આદિ લેવાનો જે વિકલ્પ હતો પહેલા એનું નિમિત્ત એ હતું, એ ટળતા એ નિમિત્તનો સંબંધ એને રહેતો નથી. સમજાણું કાંઈ?

મુનિને અંતર સ્વરૂપમાં વીતરાગી આત્મા ભગવાન છે. એમાંથી શક્તિના અવલંબે પ્રગટ શક્તિમાંથી વીતરાગતા નિર્વિકલ્પતા અનુભવની વિશેષતા પ્રગટી એટલો આશ્રય સ્વભાવનો લીધો છે. એમાં જેટલો રાગ છે એટલું પરનું નિમિત્ત છે. મુનિને આધાકર્મી આહારનો રાગ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી. કેમ કે એને શુદ્ધ પરિણતિ એટલી પ્રગટી છે કે એને માટે બનાવેલો આહાર લેવાનો વિકલ્પ અને એનો એ નિમિત્ત સંબંધ એને હોઈ શકતો નથી. સમજાણું કાંઈ? પણ એને હજી પંચ મહાવ્રતનો વિકલ્પ રહ્યો છે. એ રાગ છે.

મુનિને ત્રણ કષાયનો નાશ થઈ આત્માના આનંદની સ્થિરતા અને વીતરાગતા વધી ગઈ છે. એ સાચું મુનિપણું અને એ ધર્મ છે. એટલો તો નિમિત્ત સંબંધ એને વસ્ત્ર તરફનો, પાત્ર તરફનો, સ્ત્રીનો, કુટુંબનો, વેપારના ધંધાનો એ સંબંધીના નિમિત્તના લક્ષે જે વિકાર હતો એટલો એને ગયો છે. એટલો ઉગ્ર આશ્રય આત્માનો કર્યો છે. શેઠી! એ બધું સમજવા જેવી છે આ બધી ગાથાઓ. તમારી મેળે ત્યાં વાંચ્યું હશે પણ શું સમજ્યા હશો એ સમજવા જેવું હશે. સમજવા જેવું હશે એમ કીધું ને?

ભાઈ! આ પ્રભુ આત્મા છે એમાં તો અનંત અનંત ગુણનો નિધાન છે એ. એને ખબર નથી. એ નિધાન છે મોટું. અંતરની એકાગ્રતા કરતા અંદર શાંતિ, આનંદ એટલો પ્રગટે કે ઉગ્ર શાંતિ થાય તો અનંત શાંતિ અને અનંત આનંદ (પ્રગટે), જે કેવળજ્ઞાનીને છે તે. એ અંતરના આશ્રય નિધાનમાંથી કાઢેલી, નીકળેલી વાત છે. એ કાંઈ બહારથી આવતી નથી. હજી શું નિધાન કાંઈ ખબર નજર પડતી નથી. સાંભળ્યું નથી. આહાહા..! અરે..! ભગવાન આમ જો તો ખરો અંદર. પહેલો ખ્યાલમાં તો લે કે આ એક વસ્તુ છે, પદાર્થ છે, સત્ છે, અનાદિઅનંત છે, અવિનાશી છે, અણકરેલું છે, નાશ ન થાય એવો એ પદાર્થ છે. અને તે પદાર્થમાં નાશ ન થાય એવા અનંતા ગુણો છે. સમજાણું કાંઈ? તે પદાર્થ એટલે? આત્મા. આત્માનું અત્યારે ચાલે છે કે નહિ? ધ્યાન રાખવું મુશ્કેલ પડે છે શેઠને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પાછા પ્રશ્ન ન કરે. ત્યારે તે પદાર્થ એટલે શું?

મુમુક્ષુ :- આવડતું હોય તો બોલવાની હિંમત ન કરે.

ઉત્તર :- લે ઠીક. આ તમારો બચાવ કરે છે થોડો. પણ એમ કીધું કે આ આત્માથી તો વાત ચાલે છે અત્યારે.

આ આત્મા વસ્તુ અનાદિ અનંત અણકરેલ ન નાશ થાય એવી અવિનાશી ચીજ. એમાં અનંતા ગુણો પણ અવિનાશી છે. એવી વસ્તુ અવિનાશી છે એવો એમાં જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ, સ્વચ્છતા, પ્રભુતા, વિભુતા, કર્તા, કર્મ, કરણ આદિ શક્તિઓ અનંત અવિનાશી ત્રિકાળ છે એમાં. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ થોડું થોડું? ભાઈ માણેકચંદજી! થોડું-થોડું. માનમાં ઓલામાં ગુંચવી દીધા હોય એમાં આ ભાષા વળી ગુજરાતી ભાષા. પણ હળવે હળવે ગુજરાતી શીખવું પડશે. કહો, સમજાણું આમાં? આહાહા..! સમજ્યા વિના ચાલતું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હશે? માલ લેવા જાય તો સમજ્યા વિના કોઈ માલ લેવા આવતા હશે? માણેકચંદજી! તમારે ત્યાં માલ લેવા આવે. આ પાંચસો રૂપિયા અમારા બાપુજીએ આપ્યા છે. બીડી આપજો. પણ કઈ બીડી? કે મને ખબર નથી. તો શું કહો તમે એને? મૂરખ કહે. કઈ બીડી? ટીમરુની, આપટાની? આવે છે કે નહિ? મોરછાપમાં ટીમરું આવે છે ને. અને આપટાના.

મુમુક્ષુ :- નાની-મોટી..

ઉત્તર :- નાની-મોટી અને આ તો પાંદડામાં ફેર હોય છે. ઓલા ટીમરુના પાન આવે ને. ટીમરુના. ટીમરુ નહિ લાંબા પાન? એ એક જ પાંદડાની બીડી થાય. ટીમરું. અને આપટાની બે-ત્રણ હોય. અમારે દુકાનમાં બધું ધંધો મોટો હતો ત્યાં. એ આપટાના પાંદડા બહુ નાના હોય. એટલે બે-ત્રણ કરે.

મુમુક્ષુ :- ... પાંદડા ભેગા કરે.

ઉત્તર :- બે-ત્રણ ચાર ભેગા કરે. ઓલું લઈ તમાકુ આમ નાખે વળી બીજું પાંદડું જોડી દે, પછી ત્રીજું જોડે. એમ કરીને લાંબી કરે. અને ટીમરુનું પાંદડું એક જ હોય મોટું. એક જ હોય. શોભાલાલજી! તમારા બીડીની ખબર તો છે ને અમને ત્યાં. દુકાને ત્યાં અમારે પાંચ-પાંચ હજાર, દસ-દસ હજારની તમાકુ રાખતા ત્યાં. એ વખતેની વાત છે હોં! ૬૦ વર્ષ પહેલાની. તમાકુના દસ-દસ હજારના આખા પડીયા. અને બીડી પણ વેચાતી. અહીં .. લાવતા. ૨૦-૨૦ હજાર, ૨૫-૨૫ હજાર, ૫૦-૫૦ હજાર તે દિ' અહીં ઉમરાળેથી મગાવતા ત્યાં. અમારે કુંવરજીભાઈને .. મોટો હતો.

અહીં શું કહેવું છે? કે પાંચસો રૂપિયાની બીડી આપજો એમ કહે લ્યો. શોભાલાલજી! કઈ? મને ખબર નથી. પણ કઈ પણ આપવી ત્યારે અમારે? ટીમરુની આપવી? આપટાની આપવી? આ નાની આપવી? મોટી આપવી? અંદર... સમજ્યાને? પાછી બીડીમાં પણ આવે છે ને? સુગંધી આવે છે. વરિયાળી નાખેલી. વરિયાળી નાખેલી આવે છે. ત્યાં બને છે આપણે આ શું આનું ગામ પટેલનું? કરમસદ. કરમસદ છે ને ત્યાં. એ બધું વેપાર ત્યાં લેવા ગયો હતો એક ફેરી બીડીયું કરમસદમાં. એ બીડીમાં નાખેલું હોય છે વરિયાળીનો રસ. વરિયાળી વરિયાળી સમજો છો? સોંફ. હા હા સોંફનો અંદર રસ નાખે. અને એ પટેલ હતા એક. ભૂલી ગયા નામ. ..ભાઈ હતા. ગૃહસ્થ માણસ હતા. મોટા ગૃહસ્થ હતા. એક ફેરી માલ લેવા ગયેલા. ગુણી આખી ભરેલી. વરિયાળી રસની. વરિયાળી સમજ્યા? શું સમજ્યા? માણેકચંદજી! વરિયાળીને શું કહે? સોંફ. તમારી સોંફને અમારે અહીંયાં વરિયાળી કહે છે. ત્યારે બીડીનું નામ તો આપવું પડે કે નહિ? આ સોંફની બીડી, આ નાની બીડી. સમજ્યા વિના? સમજ્યા વિના માલ લેવા જાતો હશે એ? મૂરખ કહે. કઈ લેવા આવ્યો છો? તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કહે, મને ખબર નથી. તો ત્યાં સમજીને કામ (કરે) અને અહીં સમજ્યા વિના થાતું હશે? શેઠ! ત્યાં સમજ્યા વિના થાતું હશે? ત્યાં કાપડ લેવા જાય. આ ૨૦૦ રૂપિયાનું કાપડ આપજો. મારા બાપે કીધું છે. ક્યું કાપડ? મને ખબર નથી. પણ મૂરખ છો? આ કાપડ તો પચાસ જાતનું પડ્યું છે અહીં. અહીં તો રેશમી પડ્યું છે, આલપાટ છે, મલમલ છે, ખાદી છે. કઈ જાતનું? મને ખબર નથી. મૂરખ છો? જા પૂછી આવ ઘરે જઈને. એમ આમાં આત્મા કોણ છે? ગુણ શું છે? કાંઈ જાણવું નથી અને ધર્મ કરવો છે એને.

મુમુક્ષુ :- વ્રત કર્યા.

ઉત્તર :- ધૂળેય નથી. એમાં વ્રત ક્યાંથી આવ્યા એને? મિથ્યાત્વ પડ્યું છે અંદર. હજી આત્મા શું છે? એના ગુણ શું છે? એની પર્યાય એટલે અવસ્થાનું પરિણમન કઈ રીતે છે? એમાં વિકાર કેમ છે? અવિકાર કેમ થાય છે? એની ખબરું વિના ક્યાં અંદરમાં જાશે અને ક્યાંથી અંદરથી લાવશે? શેઠી!

અહીં તો કહે છે, કે વસ્તુ જે ભગવાન આત્મા, વસ્તુ તરીકે જેમ અવિનાશી છે. જેમ સાકર. કાયમ રહેનારી .. એમ એની સફેદાઈ અને મીઠાશ પણ કાયમ રહેનારી છે ને ત્યાં સુધી સાકરેય. એમ આત્મા અનાદિઅનંત શાશ્વત છે. એમ એમાં જ્ઞાન, દર્શન, આનંદ એવા અનંતા ગુણો શાશ્વત છે. નિત્યાનંદ નિત્ય ગુણો રહેનારા છે. એનો આશ્રય કરતા, વર્તમાન દશા એનો આશ્રય કરતા એમાંથી નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ પ્રગટ થાય છે. એ સ્વદ્રવ્ય આશ્રયે સુગતિ થાય છે. સુગમચંદજી! અને પરદ્રવ્યમાં જેટલું લક્ષ જાય એટલો રાગ (થાય), તે દુર્ગતિ છે તેટલું બંધનું કારણ છે. સમજાય છે કાંઈ?

અહીંયાં ચોથા ગુણસ્થાનમાં સમ્યગ્દષ્ટિને તો આત્મા આશ્રયે જેટલું સમ્યગ્દર્શન-જ્ઞાન અને અંશે સ્થિરતા પ્રગટી છે એટલો તો એનો નિર્મળ ભાવ ધર્મ છે. અને જેટલો એને હજી ત્રણ કષાયનો રાગ-દ્વેષ આદિ ભાવ છે એટલો એ અધર્મ છે. એ અધર્મમાં પરદ્રવ્યનું નિમિત્ત સંબંધ છે. ધર્મમાં સ્વદ્રવ્યનો સંબંધ છે. અધર્મનો પરદ્રવ્ય સાથે સંબંધ છે. એમ પાંચમા ગુણસ્થાનમાં આવતા. શ્રાવક સાચા.. સાચા હોં! આ બધા તો વાડાના. ખબરેય ક્યાં છે શું શ્રાવક કહેવાય. એય.. જુગરાજજી! આ બધા જૂના શ્રાવક કહેવાય.

મુમુક્ષુ :- .... પડદો ખોલી નાખ્યો.

ઉત્તર :- વસ્તુ તો હોય એમ રહે ને. શું રહે? પુંજી મુડી ન હોય અને મુડીવાળો મનાવે તો કાંઈ મૂડી રહેતી હશે? મુડી સમજ્યા? પુંજી. અમારે પાંચ કરોડના આસામી. ઘરમાં તો ધૂળેય ન હોય. એમ તે કાંઈ ચાલતું હશે પાંચ કરોડ કહેવાય એટલે?

આમ આત્મા અનંત શાંતરસ અને અનંત આનંદનો, અનંત જ્ઞાનનો રસ પ્રભુ આત્મા

છે. ભાઈ! એની અંતર સન્મુખ જતાં, એનો આશ્રય લેતા, શ્રદ્ધા જ્ઞાનમાં આ આત્માનો આશ્રય લેતા, શ્રદ્ધા જ્ઞાનમાં આત્માને આશ્રય બનાવતા એની દશા ધર્મની થાય છે. એટલી સમ્યગ્દર્શન-જ્ઞાન વીતરાગી પર્યાય તેટલો સ્વદ્રવ્યનો આશ્રય તે ધર્મ. જેટલો એને હજી પરદ્રવ્યના લક્ષરૂપી રાગ રહી ગયો છે ચોથે એટલો રાગ અધર્મ. ચાહે તો શુભ હો કે અશુભ હો. જેઠાલાલભાઈ!

એમ પાંચમા ગુણસ્થાનમાં... અહીં સિદ્ધ કરે છે આમ નિમિત્ત નૈમિત્તિક સંબંધ, બંધનો ભાવ અને એને નિમિત્તનો સંબંધ, અબંધના પરિણામને આત્માનો સંબંધ છે. અબંધ પરિણામ એટલે મોક્ષમાર્ગ. અબંધ પરિણામ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામ. પરિણામ છે એ પર્યાય છે. એ પરિણામ પર્યાયને આશ્રય સ્વદ્રવ્યનો છે. સમજાણું કાંઈ? અને જેટલો રાગાદિ રહ્યો છે ચોથે એટલો પરદ્રવ્યનો સંબંધ છે. પાંચમે બે કષાય જઈને સ્વનો આશ્રય થઈને જેટલી ઉગ્ર શાંતિ વધી એટલો સ્વનો આશ્રય તેટલો ધર્મ છે. એને જેટલા હજી બે પ્રકારના રાગ રહી ગયા પરના લક્ષવાળા એટલો અધર્મ છે.

મુનિને હવે જ્યારે મુનિ સાચા થયા ત્યારે એને આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ જે પાંચમે હતી એથી વધી ગઈ. અંતર સ્વનો આશ્રય ઉગ્ર થયો. વસ્તુનો આશ્રય અવલંબન ઉગ્ર પુરુષાર્થથી થયો. એથી જે સ્વને આશ્રયે જે સમ્યગ્દર્શન ને ચારિત્રની રમણતા જે વધી તે સ્વ આશ્રયે વધી તે ધર્મ છે. એને હવે આધાકર્મી આહાર કે પાણી લેવાનો વિકલ્પ રૂપી અધર્મ એને હોતો નથી. સમજાણું કાંઈ? એવો જો વિકલ્પ હોય તો તેને મુનિપણું હોતું નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. આહાર-પાણી વિના શું કરવું? મરી જવું? એમ કહે છે. મરી જવું એટલે શું? જીવતા રહેવું અંદરમાં. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કોણ ખાય? વિકલ્પ આવે અને ક્રિયા થવાની હોય તો થાય. ખાય કોણ ને પીવે કોણ? એ તો જડની ક્રિયા છે. હજી હું ખાઉં એ તો અજીવને પોતાનું માન્યું. મૂઢ છે, મિથ્યાદષ્ટિ છે, અજ્ઞાની છે, અધર્મી છે. આહાહા..!

અહીં તેથી કહે છે ને તત્ત્વજ્ઞાનપૂર્વક એમ શબ્દ પડ્યો છે. આત્મા આવો છે એનો આશ્રય લીધો એ તત્ત્વજ્ઞાન સહિત છે. અને રાગાદિ બાકી છે એ પુણ્ય છે એવું એ તત્ત્વ એનું જ્ઞાનનું જ્ઞાન છે એનું. સમજાય છે કાંઈ? એથી કહે છે કે મુનિને '**તત્ત્વજ્ઞાનપૂર્વક નિમિત્તભૂત પુદ્‌ગલદ્રવ્યને પચખતો...**' કોણ? ઓલો આધાકર્મી આહાર એને (માટે) બનેલો, એના

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિકલ્પને છોડતો. એટલે? પચખતો એટલે? કે એટલો સ્વદ્રવ્યને આશ્રયે સ્થિરતા પ્રગટ કરતો. સમજાણું કાંઈ? નિમિત્તથી આમ કથન નાસ્તિથી કર્યું છે.

મુનિને આત્માના આનંદની એટલી દશા વધી ગયેલી હોય છે, એટલી વધી ગયેલી હોય છે કે જેને વસ્ત્ર-પાત્ર લેવાનો વિકલ્પ દશા હોય નહિ. એને માટે આહાર કરેલાની વિકલ્પ દશા-વૃત્તિ-એને હોય નહિ. એટલો સ્વદ્રવ્યને આશ્રયે ચૈતન્ય ભગવાનને અવલંબે આનંદની સ્વસંવેદન દશા પ્રગટ થઈ છે. એવા તત્ત્વજ્ઞાનપૂર્વક જેને, એને માટે કરેલા આહાર-પાણીનો વિકલ્પ છોડ્યો છે એટલે પરનો આશ્રય છોડીને સ્વરૂપની સ્થિરતા કરી છે એને છઠ્ઠા ગુણસ્થાનવાળા સંત અને મુનિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? એને હજી પંચ મહાવ્રતનો અને અઠ્યાવીશ મૂળગુણનો રાગ રહે છે મુનિને. એકવાર આહાર, ઊભા ઊભા આહાર, જંગલમાં રહેવું વગેરે. એવા પંચ મહાવ્રત, અહિંસા એ પણ હજી રાગ છે. તો એ રાગનો સંબંધ નિમિત્ત ઉપર જાય છે. પર જીવને દુઃખ ન દઉં, આમ કરું એટલો રાગ એ બંધનું કારણ છે. એ પણ ખરેખર અધર્મ છે. આહાહા..!

મુમુક્ષુ :- વૃત્તિ ઉઠે...

ઉત્તર :- એ વૃત્તિ પંચ મહાવ્રતની હોય છે પણ એ પરદ્રવ્યના લક્ષવાળી છે. સ્વદ્રવ્યનો આશ્રય એટલો નથી. વાતું બાપા માર્ગ વીતરાગ, એણે કોઈ દિ' કર્યો નથી, સાંભળ્યો નથી. જેઠાલાલભાઈ! એ તો બધા કૂટે છે માથા તો. ઘણાં બધાને જોયા છે ને.

ભાઈ! પ્રભુ તારો અનંત ગુણનો પિંડ છે. સમજાય છે? એવા પ્રભુનો અંતરમાં નિર્વિકલ્પ દૃષ્ટિ, જ્ઞાન અને આશ્રય કરતા જે દશા પ્રગટ થાય તેને ધર્મ અને શાંતિ અને મોક્ષનો માર્ગ કહે છે. જેટલો એને પરદ્રવ્યના સંબંધનો રાગ રહે છે એ એને પંચ મહાવ્રત છે એ પુણ્યના પરિણામ છે. નિશ્ચયથી કહો તો તે અધર્મ છે. કારણ કે વૃત્તિ ઉઠે છે રાગની. છતાં મુનિપણું ન જાય ત્યાં. મુનિપણું ન જાય. મુનિપણાને યોગ્ય જે છે કે આધાકર્મી કે એને માટે કરેલો જે વિકલ્પ છે એનો એણે નાશ કર્યો છે સ્વનો આશ્રય લઈને. એટલે એનું પચખાણ કર્યું, એનો અર્થ કે સ્વમાં એટલો લીન વધારે થઈ ગયો છે. એટલે એને મુનિપણું, મહાવ્રતના વિકલ્પ ઉઠતાં મુનિપણાનો નાશ ન થાય. પણ એને આગળ વધવા માટે જે પંચ મહાવ્રત વિકલ્પ છે તે રોકનાર રાગ છે. કેમ કે પર આને દુઃખ ન થાય, જોઈને ચાલું, વિચારીને બોલું, એ બધો પરદ્રવ્યના લક્ષે વિકલ્પ ઉઠે. કહો, જુગરાજજી! ભારે કઠણ જગતની વાત. વીતરાગ સર્વજ્ઞનો કહેલો પદાર્થ..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એટલો ઉપયોગ બહારમાં જાય છે. કારણ કે આને જોઈને ચાલવું, બીજાને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દુઃખ ન થાય, એ વૃત્તિ ઉઠે છે, વૃત્તિનું ઉત્થાન છે. એ પુણ્યભાવ છે. એટલો પરદ્રવ્યનો આશ્રય છે. એ આશ્રય છઠ્ઠે ગુણસ્થાને રહે છે. એ આશ્રય છૂટતાં સાતમું થઈ જાય છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માર્ગ છે, કીધું ને આ ત્રણ. દર્શન-જ્ઞાન-ચારિત્ર જેટલો આત્માને આશ્રયે પ્રગટ્યો એટલો છે. પણ હજી પંચ મહાવ્રતના પરિણામ છે એટલો હજી રાગ છે. એ બંધમાર્ગ છે. સર્વથા જો મોક્ષમાર્ગ પ્રગટ્યો હોય તો તો પછી નીચે હોય નહિ, તો તો તેરમે આગળ વધી ગયો હોય. માર્ગ જ એવો આમ સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય એની વાત (છે).

આ બંધ અધિકાર છે ને. વસ્તુ ભગવાન આત્મા અનંત ગુણનો સાગર સરોવર પ્રભુ, એમાં જેટલો ડૂબકી એકાગ્ર થઈને સ્વમાંથી જેટલી શાંતિ, સમ્યગ્દર્શન, વીતરાગતા પ્રગટ કરી એટલો ધર્મ, એટલો મોક્ષનો માર્ગ. પણ હજી એને પૂર્ણ દશા થઈ નથી, સમજાય છે કાંઈ? એથી મુનિને પણ હજી પંચ મહાવ્રતના ભાવ, અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પો જેને કહે છે, અઠ્યાવીશ મૂળગુણ કહે છે ને? અચેલપણું. સમજાય છે? ઊભા ઊભા આહાર, અદંતધોવન, 'અદંતધોવન આદિ..' એવો શબ્દ છે. એ પણ રાગનો ભાગ છે, પુણ્યનો ભાગ છે. એ ધર્મ નથી. કારણ કે એ છૂટીને સ્વનો ઉગ્ર આશ્રય કરે છે ત્યારે સાતમું ગુણસ્થાન થઈ જાય છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- સાતમે શું છે?

ઉત્તર :- સાતમામાં શાંતિની ઉગ્રતા થાય છે. અપ્રમત્ત દશામાં વીતરાગતાની ઉગ્રતા થાય છે. ઓલો રાગનો પરાશ્રય ઘટીને સ્વના આશ્રયની ઉગ્રતા થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**એમ તત્ત્વજ્ઞાનપૂર્વક...**' હવે અહીંથી ચાલે છે મુદ્દાની રકમ. એટલે આત્મદર્શન, આત્મજ્ઞાન અને તત્ત્વના પુણ્યતત્ત્વ આ છે, વિકલ્પ ઉઠે એ પુણ્યતત્ત્વ છે મહાવ્રતાદિનો અને મારો સ્વભાવ છે આ. એવું તત્ત્વનું પરનું અને સ્વના તત્ત્વજ્ઞાનપૂર્વક. '**પુદ્ગલદ્રવ્યને...**' છોડતો. પચખતો એટલે. આહાર તરફના લક્ષને છોડતો. એટલે કે એટલો સ્વઆશ્રયને ઉગ્રપણે વધારતો. '**(-મુનિ) જેમ નૈમિત્તિકભૂત બંધસાધક ભાવને પચખે છે,...**' એટલે કે તેને આધાકર્મી સંબંધીનો જે વિકલ્પ હતો એ બંધને સાધનારો હતો. એટલો એણે છોડ્યો સ્વભાવને સાધકમાં આવ્યો એટલો એને મોક્ષના સાધકની પર્યાય ઉગ્ર થઈ. આહાહા..!

અહીં તો નવેય તત્ત્વની કેમ સંધી છે એ વસ્તુ કહે છે. જીવદ્રવ્યનો આશ્રય લઈ અને જેટલી સ્થિરતા, દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગપણું પ્રગટ્યું છે તેટલું મુનિપણું છે, તેટલો ધર્મ છે. અને જેટલા હજી પંચ મહાવ્રતના પરિણામ ઉઠે છે એટલો હજી અધર્મ નામ રાગ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

તેટલો હજી પરદ્રવ્ય સંબંધીનો નિમિત્ત નૈમિત્તિક સંબંધ ભાવ છે. એ બંધ સાધકભાવ છે. પણ એને એના ગુણસ્થાનને યોગ્ય જે છે કે એને માટે કરેલા આહાર પાણીનો જે વિકલ્પ બંધસાધક હતો-બંધને સાધનારો હતો, એ આત્મામાં એકાગ્ર સ્થિરતા થઈને, જ્ઞાનમાં, આનંદમાં સ્થિરતા થઈને એ બંધ સાધકને તોડ્યો છે. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં હિંમતભાઈ! એય.. પ્રવિણભાઈ! આ તો કાલ બધું આવી ગયું છે.

વસ્તુ સ્વભાવ ભગવાન આત્મા અંતરના આનંદમાં જેટલી દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા થઈ એટલી તો શાંતિ અને મોક્ષનો માર્ગ. એને પણ જેટલો હજી રાગ પંચ મહાવ્રત આદિનો રહી જાય છે એટલો બંધભાવ છે. સમજાણું કાંઈ? એને મુનિને પણ બંધસાધક ભાવ છે. આહાહા..! એક કોર સમ્યગ્દૃષ્ટિને બંધ હોય નહિ એમ કહે. એક કોર છઠ્ઠે ગુણસ્થાને પણ પંચ મહાવ્રતના વિકલ્પ ઉઠે એટલો બંધભાવ છે (એમ કહે). એય.. વજુભાઈ!

અહીં તો પર્યાય પર્યાયની પરિણતિ સ્વઆશ્રયે છે કે પરઆશ્રયે છે એનો વિવેક કરાવીને એનું જ્ઞાન કરાવે છે. સમજાણું કાંઈ? સ્વઆશ્રય શું ને પરઆશ્રય શું? ગ્રીક-લેટીન જેવું લાગે ન સમજાય એને તો. કોઈ દિ' પરિચય તત્ત્વનો કર્યો નથી. કહે છે, ભાઈ! ભગવાન આત્મા છે ને. મોટો પ્રભુ છો તું ભાઈ! પરમેશ્વર તું છો. લે. સમજાય છે? તારામાં એ અનંતી શક્તિરૂપી તત્ત્વ છે. એ શક્તિ વિના ભગવાનને ચાલે નહિ એવો એ આત્મા છે. એ ગુણ વિના ગુણી રહે નહિ એવો એ આત્મા છે. સમજાણું કાંઈ?

કહ્યું હતું ને એક ફેરી? મોરબીમાં ગયા હતા. શક્તિ દેવીનું સ્થાન છે. કેવું કીધું? સનાળા. સનાળા ને? દલિચંદભાઈના મકાન છે. ગયા હતા તો બધા સાંજે આહાર કરીને આમ ફરવા નીકળે ને જરી. ત્યાં એક શક્તિનું મંદિર હતું ત્યાં ગયા. બાવાજી હતા. કહે, આવો આવો. કીધું શું છે આ? શક્તિનું મંદિર. શક્તિનું મંદિર. દેવી. આ દેવી વિના ઈશ્વરને ચાલ્યું નહોતું, કહે. કીધું, એ શક્તિ વિના ચાલ્યું નહોતું વાત સાચી. પણ કઈ શક્તિ? કીધું. આત્મામાં આનંદ, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ, પ્રભુત્વ, જ્ઞાન, દર્શન, આનંદ આદિ શક્તિઓ છે આત્મામાં. એ વિના આત્માને ચાલે નહિ. ગુણ વિના ગુણી રહી શકે નહિ.

મુમુક્ષુ :- .... થઈ ગઈ.

ઉત્તર :- કીધી હતી ને. કીધું, શક્તિ આ. એ તો બિચારા બાવાને.. એને બિચારાને રોટલા માટે ભગવાન પધરાવી મૂકીને ઓલા પગે લાગવા આવે. જયનારાયણ.

આ ભગવાન આત્મા એવો છે કે અનંતી શક્તિમાંથી એક શક્તિ ઓછી થાય તો એને ચાલે એવું નથી. ચાલે એવું નથી સમજાય છે? ચાલી શકે નહિ, ટકી શકે નહિ. એમાં અનંતી શક્તિઓ છે. કેટલી છે એ તો એણે સાંભળી ન હોય કોઈ દિ', માધવપ્રસાદે. એક આત્મામાં

અનંતી કેટલી છે? કેટલી છે તમે સાંભળી ન હોય આખી જિંદગીમાં. નહિ? સાંભળો. અત્યાર સુધી જે સિદ્ધ ભગવાન થયા ને. છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ મુક્તિને પામે છે. એમ ભગવાન કેવળજ્ઞાનીએ જોયું છે પરમાત્માએ. છ મહિના અને આઠ સમયમાં ૬૦૮ સિદ્ધ થાય. મુક્તિને પામે અનાદિથી. એવા ચાલ્યા જ આવે છે. એ જેટલી સંખ્યા સિદ્ધની થઈ અત્યાર સુધીની. એના કરતાં એક નિગોદના શરીરમાં અનંતગુણા જીવ છે. નિગોદ સમજ્યા? આ બટાટા, શક્કરકંદ, આલુ. એની એક રાઈની કટકી હોય આટલી. એ કટકીમાં અસંખ્યાતા શરીર છે ઔદારિક. અને એમાં એક શરીરમાં આટલા સિદ્ધ થયા એથી અનંતગુણા જીવ છે. એવા એવા અસંખ્યગુણા શરીર જગતમાં છે. કોના? નિગોદના.

એના કરતા પરમાણુ અનંતગુણા છે. આ પરમાણુ છે એ. આ રજકણો છે ને. આ રજકણો છે ને? જેટલી જીવની સંખ્યા છે સંસારીની એના કરતા રજકણની સંખ્યા અનંતગુણી છે. એના કરતા ત્રણ કાળના સમય અનંતગુણા છે. એક સેકન્ડમાં આંખ મીંચીને ઉઘાડે એમાં અસંખ્ય સમય જાય. કાળના સૂક્ષ્મ ભાગ. એ ત્રણ કાળના જેટલા અસંખ્ય સમય ગણાય અનંત, એ પરમાણુની સંખ્યા કરતા અનંતગુણા સમય છે. એક આંખ મીંચીને ઉઘાડે એમાં અસંખ્ય સમય જાય. એવા ત્રણ કાળના સમય કરતા પરમાણુ અનંતમે ભાગે છે અને પરમાણુથી સમય અનંતગુણા છે. અને એના કરતા આકાશના પ્રદેશ અનંતગુણા છે. આમ આકાશ છે ને આકાશ? લોકની બહાર આખો ખાલી છે. આ દેખાય એ આકાશ નહિ. એ અરૂપી છે.

મુમુક્ષુ :- આ આકાશ નહિ?

ઉત્તર :- આ આકાશ નથી. અહીંયાં છે. અહીં બધે આકાશ છે. લોક-અલોકમાં સર્વવ્યાપક છે, આકાશ અરૂપી પદાર્થ છે. સુકનચંદજી! લ્યો, હવે આ બધા જૂના માણસ એને પણ ખબર નહિ. આ દેખાય એ આકાશ. એ તો રૂપી દેખાય છે. આકાશ તો અરૂપી છે. અહીં બધે આકાશ છે. આખા લોકમાં અહીં બધે ભરેલો છે. એમ ને એમ આખો આકાશ અલોક સુધી ચાલ્યો ગયો. અલોક ખાલી ભાગ. ક્યાંય આકાશનો અંત છે ક્યાંય? પછી અંત છે? ક્યાં અંત? પછી શું? એ અલોકિક પછી શું? પણ આકાશ ક્યાં સુધી ચાલ્યો ગયો? પછી શું... પછી શું... પછી શું... પછી શું..? એમ ને એમ ચાલ્યો જ ગયો આકાશ. અંત નહિ. એના એક પરમાણુ મૂકે એટલા એક પ્રદેશને પ્રદેશ કહીએ એવા અનંતા પ્રદેશ કાળના સમય કરતા અનંતગુણા છે. અને એના કરતા એક આત્મામાં અનંતા અનંતા ગુણો છે. એવા અનંતા ગુણોએ આત્મદ્રવ્ય વિના ચલવ્યું નથી અને આત્મદ્રવ્યે ગુણ વિના ચલવ્યું નથી. ચલવ્યું નથી એટલે સમજાય છે? ચલા નહિ, ટિક નહીં સકતા.

એવા અનંતા અનંતા ગુણ એક એક આત્મામાં છે. એવા અનંતા અનંતા ગુણ એક પરમાણુમાં

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. એક પરમાણુ છે ને પોઈન્ટ? એમાં એટલા ગુણો છે. આમાં આનંદ અને ચૈતન્ય છે, ઓલામાં આનંદ અને ચૈતન્ય નથી. એક રજકણ પોઈન્ટમાં પણ એટલા જ ગુણ છે. આકાશના પ્રદેશથી અનંતા અનંતગુણા. ક્યાં લોકોને તત્ત્વ શું છે અને વસ્તુનો સ્વભાવ શું છે એની ખબર ન મળે. માટે અંદર આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. ગયો દુર્ગતિના પરિણામથી ચાર ગતિમાં. સમજાણું કાંઈ?

એવો જે ભગવાન અનંતગુણોનો સમૂહ પ્રભુ અનંતા અનંતી શક્તિ એનો અંતરમાં આશ્રય લઈને જેટલી શક્તિની વ્યક્તતા પ્રગટ વીતરાગી સમ્યગ્દર્શન, વીતરાગી જ્ઞાન અને વીતરાગી ચારિત્ર રાગ વિના જેટલું પ્રગટ કર્યું એટલો ધર્મ. અને જેટલો એને પરદ્રવ્યના સંબંધ, નિમિત્ત નૈમિત્તિકના સંબંધનો રાગ રહી જાય છે એટલો અધર્મ, એટલો બંધનો ભાવ. કહો, સમજાણું?

મુનિ '**જેમ નૈમિત્તિકભૂત બંધસાધક ભાવને પચખે છે,...**' એટલે કે ઓલા આધાકર્મીને એને માટે કરેલો આહાર એ સંબંધી લેવાનો રાગ એ સ્વરૂપની સ્થિરતા દ્વારા, આનંદ દ્વારા એ ભાવ છૂટી ગયો છે એથી એને નિમિત્ત સંબંધ પણ ભાવ છૂટી ગયો છે.

આ તો અધ્યાત્મગ્રંથ છે. એટલે એમ ને એમ હાથ આવે એવું નથી. અપૂર્વ વાતું છે, ભાઈ! આ તો અલૌકિક વાત છે. સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય. કારણ કે વિકાર છે એ સ્વદ્રવ્યને આશ્રયે ન થાય. કારણ કે સ્વ વસ્તુમાં વિકાર નથી. પર્યાયમાં વિકાર થાય એ પરના લક્ષે થાય છે. એ પરનો સંબંધ એટલો કરે તેટલો બંધભાવ છે. સ્વનો સંબંધ કરે તેટલો અબંધભાવ છે.

મુમુક્ષુ :- પર વિકાર કરાવે છે?

ઉત્તર :- કરાવે છે કોણે કહ્યું? આ પણ ઠીક. પરનો આશ્રય કરે એટલો વિકાર પોતામાં છે એમ કીધું. પર કરાવે કોણે કહ્યું?

'**તેમ...**' આ તો દૃષ્ટાંત આપ્યો મુનિનો. '**તેમ સમસ્ત પરદ્રવ્યને પચખતો...**' બધા અનંતા દ્રવ્યનું લક્ષ છોડતો, અનંતો ગુણનો પિંડ ભગવાનના ઉગ્રપણે આશ્રયપણે રહેતો તે '**આત્મા તેના નિમિત્તે થતા ભાવને પચખે છે.**' કહો. અનંત પરદ્રવ્ય છે, એક આત્મા સિવાય એ અનંતા પરદ્રવ્યનું લક્ષ છોડતા અનંતા ગુણનો પિંડ ભગવાનનો આશ્રય ઉગ્ર લેતા એને વીતરાગતા પ્રગટ થઈ જાય છે. સમજાણું કાંઈ? કહો, જયકુમારજી! બહુ સરસ છે. આ ગાથા એવી આવી છે. આહાહા..! કહો, ભાઈ! સમજાય છે કે નહિ? દિલ્હી.

'**તેમ સમસ્ત પરદ્રવ્યને પચખતો...**' અહીં નિષેધથી વાત કરી છે. પણ એનો અર્થ કે જેટલો આત્મામાં સ્વઆશ્રય કરીને ઉગ્રપણે ઠર્યો છે એટલો એને રાગભાવ ગયો છે, એટલો એને રાગનું લક્ષવાળું નિમિત્ત પણ એને સંબંધ રહેતો નથી. સમજાણું કાંઈ? આ મુનિ. આત્મદશા ઉગ્ર પ્રગટી છે આનંદની જેને. એ પણ જ્યાં સુધી દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો, નામ સ્મરણનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જે રાગ આવે છે એ રાગ પણ પરના લક્ષવાળો, સંબંધવાળો છે. એટલો એને બંધભાવ છે. એય.. શેઠ!

આ જિનવાણી ઉપર જેટલું લક્ષ જાય છે એટલો રાગ છે. વિકાર છે. પરાશ્રય જાય છે ને. રાગ વિકાર છે. એ તો વાત અહીં સિદ્ધ કરે છે. સમસ્ત પરદ્રવ્યની વાત કીધીને પછી? એય..! વાણી? વાણી તો પરદ્રવ્ય છે. આ ક્યાં આત્મદ્રવ્ય હતું? અરિહંત? તે પરદ્રવ્ય છે. એ ક્યાં આત્મદ્રવ્ય હતું? ગુરુ? એ પરદ્રવ્ય છે. શાસ્ત્ર-દેવ-ગુરુ પરદ્રવ્ય છે. જેટલો એના ઉપર લક્ષ જઈને ભલે એની શ્રદ્ધા, એનું બહુમાન એવો જે વિકલ્પ ઉઠે છે એટલો બંધનો સાધક છે. એટલો અબંધભાવને એ રોકે છે. અબંધભાવ તો સ્વને આશ્રયે જેટલો પ્રગટ્યો તે અબંધભાવ છે. અબંધભાવ કહો કે મુક્તિ. અબંધ એટલે મુક્તિનો માર્ગ. સમજાણું કાંઈ?

આ વાત વીતરાગમાર્ગ સિવાય સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યા સિવાય પર્યાય પર્યાયની જવાબદારી કેટલી? પર્યાય પર્યાયનો સંબંધ આ બાજુ છે પરમાં. આહા..! ગજબની વાત છે! પરદ્રવ્ય સિદ્ધ કરે છે, પરદ્રવ્યના લક્ષવાળો રાગ પણ કેટલો ભૂમિકા પ્રમાણમાં હોય એ સિદ્ધ કરે છે અને જેમ જેમ આગળ વધે તેમ સ્વદ્રવ્યનો આશ્રય ઉગ્ર વધી જાય છે, પર્યાય શુદ્ધ વધે છે, પર્યાય શુદ્ધ વધે છે. આહાહા..! સમજાણું કાંઈ? એય..! વજુભાઈ! એની પદ્ધતિ તો જુઓ! વીતરાગ સર્વજ્ઞ સંતોની. કુંદકુંદાચાર્ય આહાહા..! ગજબ વાત છે! પર્યાય પર્યાયનો વિવેક. અમરચંદભાઈ!

ભગવાન! ભાઈ! પ્રભુ છો ને નાથ! તારામાં તો અનંત ગુણ છે. એવો અનંત ગુણનો પિંડ પ્રભુ આત્મા. એનો જે અંતરમાં પર્યાય એટલે અવસ્થાએ જે આશ્રય લીધો એટલી તો સ્વદ્રવ્યને આશ્રયે-અવલંબે-શુદ્ધતા શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ જેટલી પ્રગટી, બસ, એ ધર્મ છે. એ બંધના રહિતના અબંધ પરિણામ છે. એટલે કે તે મોક્ષના માર્ગના પરિણામ છે. અને જેટલો એને પરદ્રવ્યના લક્ષ ઉપર રાગ રહે છે એટલો બંધસાધક છે. સર્વ પરદ્રવ્ય સંબંધી રાગ છૂટીને, લક્ષ છૂટીને સ્વભાવમાં ઉગ્રપણે આવી ગયો એ સર્વસ્થિરતા થઈને વીતરાગ થઈ જાય છે. આહાહા..! સુકનચંદજી! સહી માર્ગ એવો છે. ત્રિકાળ એવો છે.

દ્રવ્ય-ગુણ સિદ્ધ કર્યા અને પર્યાયની ક્ષણે ક્ષણે સ્વઆશ્રય તેટલો ધર્મ અને પરવસ્તુ સિદ્ધ કરી. પાછી એક જ આત્મા છે એમ નહિ. અનંત આત્મા, અનંતા પરદ્રવ્ય રજકણો છે. ભગવાને કેવળજ્ઞાનમાં છ દ્રવ્ય જોયા છે. છ દ્રવ્ય છે. જીવ અનંત, પુદ્ગલ અનંત, આકાશ એક, ધર્માસ્તિ એક, અધર્માસ્તિ એક, કાળ અસંખ્ય અણુઓ છે. એવા છ દ્રવ્ય અનાદિઅનંત ભગવાને જોયા કેવળીએ. એમાં આ આત્મદ્રવ્યનો આશ્રય છોડીને જેટલો પરદ્રવ્યના આશ્રયમાં લક્ષ જાય એટલો રાગ અને એટલો નિમિત્ત સંબંધ છે એને. આહાહા..! મુનિ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પણ જેટલો પરદ્રવ્ય સંબંધીના વિકલ્પમાં રોકાય છે એટલું નિમિત્ત છે સામે અને રાગ એટલો એને બંધ છે હજી મુનિને. આહાહા..! એય. વજુભાઈ!

એક કોર સમ્યગ્દૃષ્ટિને બંધ નથી, ભાઈ એમ આવ્યું. આમાં ને આમાં. આમાં ને આમાં પહેલી શરૂઆતમાં. ભાઈ! એ તો કઈ અપેક્ષાએ કીધું છે એમ સમજને. એ તો દૃષ્ટિનું જોર છે આત્મા એકલો જ્ઞાયક અનુભૂતિ થઈ છે. એની અપેક્ષાએ એને બંધ નથી. પણ છતાં પર્યાયે પર્યાયે જેટલો દોષ છે એટલો બંધ છે. તે અહીં બધો વિસ્તાર કરીને બતાવ્યું છે. અમરચંદભાઈ! ભાઈ! એને સમજવા માટે જરી.. કહો, સમજાણું આમાં? પ્રવિણભાઈ! ઓલા કહે, ભગવાન-ભગવાન કરો. ભગવાન-ભગવાન કરો. શું ભગવાન કરે? સાંભળને હવે. ભગવાન-ભગવાન જાપ કરો. ૐ... ૐ... ૐ... ૐ... સાંભળ! આ ૐ... ૐ... કર એટલું ભગવાન ઉપર લક્ષ જાય છે પર ઉપર એટલો પુણ્યભાવ છે, બંધભાવ છે.

મુમુક્ષુ :- ધર્મ નથી થાતો?

ઉત્તર :- ધર્મ કિંચિત્ નથી. એ માટે તો સ્વદ્રવ્ય અને પરદ્રવ્યના આશ્રયની વાતનું તો કથન ચાલે છે. એ વિકલ્પ ઉઠે છે મનનો સંબંધ છે, એને પરનો સંબંધ છે. દેવ આવા હોય, આમ આમ કરે પુણ્ય ભાવ છે. પુણ્યભાવ છે તે બંધનો સાધક છે. પુણ્યભાવને પર નિમિત્ત છે. અને જેટલો સ્વભાવનો આશ્રય લઈને નિર્મળ દશા થઈ છે. એમાં પરનો આશ્રય છે નહિ. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે મોક્ષનો માર્ગ એમાં પરનો આશ્રય જરીએ નથી. એકલા ચૈતન્ય ભગવાનનો અંદર દૃષ્ટિ, જ્ઞાન અને રમણતા એ સ્વનો આશ્રય છે. એટલી શુદ્ધતા અને એટલો ધર્મ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ ગાથા બરાબર આવી. આહાહા..! સંતોની કથનની પદ્ધતિ, સત્‌ને પ્રસિદ્ધ કરવાની રીત, દ્રવ્ય-ગુણ અને પર્યાયને નિર્મળતાની પ્રસિદ્ધ કરવાની અને એમાં મલિનતાનો અંશ કેટલો છે એને પ્રસિદ્ધ કરવાની રીતનો આ દાખલો છે. આહાહા..!

મુમુક્ષુ :- ... આવો વિસ્તાર.

ઉત્તર :- વાત સાચી છે. વાત તો એમ જ છે.

ભાઈ! પર્યાય એ અવસ્થા છે ને-દશા? એ દશાએ દશાએ વિવેક છે. એ દશા જેટલી અંતરના અનુભવમાંથી અંતર આશ્રય લઈને પ્રગટે છે શુદ્ધ ચૈતન્યના અવલંબે સમ્યગ્દર્શન, શુદ્ધ ચૈતન્યના અવલંબે સમ્યક્‌જ્ઞાન, શુદ્ધ ચૈતન્યના અવલંબે સ્થિરતા-શાંતિ એટલે ચારિત્ર. એનું નામ ધર્મ અને મોક્ષનો માર્ગ. એને જેટલું પરદ્રવ્ય ઉપરનું લક્ષ સાચા દેવ-ગુરુ અને શાસ્ત્ર છે સાચા. સાચા ત્રણ લોકના નાથ તીર્થંકર સમવસરણમાં બિરાજતા હોય, ભગવાન બિરાજે છે મહાવિદેહમાં, ત્યાં બેઠા ગણધર પણ જે સાંભળે છે એમાં પરનું જેટલું લક્ષ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એટલો રાગ વિકલ્પ છે.

મુમુક્ષુ :- ગણધરને બંધ થાય?

ઉત્તર :- એને એ વિકલ્પ છે એટલો બંધ છે. નહિતર પર ઉપર લક્ષ કેમ ગયું? એમ કહે છે. આહાહા..! ભગવાન અંદર સમાવો જોઈએ. અંદર પૂર્ણ સમાય ત્યારે એને પરનું લક્ષ બિલકુલ રહે નહિ. પૂર્ણ સમાઈ જાય ત્યારે વીતરાગતા અને કેવળજ્ઞાન થઈ જાય. સમજાય છે કાંઈ?

'**આ પ્રમાણે દ્રવ્ય અને ભાવને નિમિત્ત નૈમિત્તિકપણું છે.**' આ રીતે દ્રવ્ય એટલે પરવસ્તુ અને ભાવ એટલે એનો વિકારી પર્યાય બેને આવો સંબંધ છે. એ સંબંધ સ્વભાવને આશ્રયે તોડે એટલો મોક્ષનો માર્ગ છે.

'**ભાવાર્થ :- અહીં અધઃકર્મ અને ઉદ્દેશિક આહારના દ્રષ્ટાંતથી...**' આ તો દાખલો આપ્યો છે. એના નિયમો તો બધા જ્યાં જ્યાં જે ગુણસ્થાને સ્વનો આશ્રય એટલો ધર્મ અને પરને આશ્રયે જેટલો રાગ એટલો બંધ. એ બધું પર્યાયદીઠ વાત લઈ લેવી. આ તો એક દાખલો આપ્યો. '**અહીં અધઃકર્મ અને ઉદ્દેશિક આહારના દ્રષ્ટાંતથી દ્રવ્ય...**' એટલે પર વસ્તુ '**અને ભાવનું...**' એટલે વિકારી પર્યાય '**નિમિત્ત-નૈમિત્તિકપણું દ્રઢ કર્યું છે.**'

'**જે પાપકર્મથી આહાર નીપજે તે પાપકર્મને અધઃકર્મ કહેવામાં આવે છે,...**' સાધુ માટે આહાર બનાવે કે પોતે કરે કરાવે સમજાય છે? એ ભાવને જ પાપકર્મ કહેવાય છે. અધઃકર્મ. પાપનું. જેટલું .. અને '**તેમ જ તે આહારને પણ અધઃકર્મ કહેવામાં આવે છે.**' બેય. સાધુ માટે આહાર બનાવ્યો, વસ્ત્ર લાવ્યા કે મકાન બનાવ્યું. વસ્ત્ર તો એને હોય નહિ. સમજાણું? સાંભળો ભાઈ, પછી તમને સમજાશે. નહિતર વયુ જશે હોં! એક ન્યાય જાશે તો. અહીંયાં.. જુઓ ચાલતો વિષય. સાધુ માટે મકાન બનાવ્યું હોય, આહાર બનાવ્યો હોય, પાણી બનાવ્યું હોય, ઓરડી બનાવી હોય, લાકડી બનાવી હોય કે કોઈ પુસ્તક એને માટે રચ્યું હોય, બનાવ્યું હોય. સમજાણું કાંઈ? એ ભાવને પાપ કહે છે. અધઃકર્મ પાપ કહે છે. અને એ ચીજને આધાકર્મી કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મુનિ પણ એને માટે કરેલો લે? આ બધા તમે ત્યાં બેસીને સવારથી માંડીને ચોકા કરો છો એ તો અધઃ પાપ છે એકલું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો એના... આ તો એમ કે રેકર્ડમાં ઉતરે છે આ બધું.

શું કહે છે અહીંયાં? સાધુ માટે એણે કીધું ન હોય. તો તો ઉદ્દેશિક કહેવાય. પણ એણે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કાંઈક કહ્યું હોય કે આવું જોશે. શરદી બહુ છે તો થોડો શેરો. એવું કહે, ભાઈ! અમારે ત્યાં હતા બરવાળામાં સાધુ. કહેતા કે આજે ભજીયા કરજો. આ તો અમારે તો બધા અનુભવ થઈ ગયા છે ને. સ્થાનકવાસીના સાધુ હતા. આ બરવાળા સંપ્રદાયના. તો અમારે ઉમરાળા ગામ ખરું ને. ત્યાં આવે એટલે કહે. સ્થાનકવાસી સાધુ. અમારી માટે ભજીયા કરજો. પુડલા-બુડલા કરજો આજ સાંજે. એમ કહે. ઓલા કરી દે ભગત છે તો લાવને ભાઈ હાલને. પુડલા સમજો પુડલા? પુડલા સમજો છો? ઘી નાખે. નહિ? કહે છે. અમારે પાલેજ આવ્યા ત્યારે વાત થઈ હતી. મણિલાલજી આવ્યા હતા. મણિલાલજી આવ્યા. પાલેજમાં. તે દિ' દીક્ષા નહોતી લીધી મેં. ત્યારે ત્યાં આવ્યા હતા.

મુમુક્ષુ :- માણેકચંદજી

ઉત્તર :- મણિલાલજી એકલા હતા. માણેકચંદજી નહિ. માણેકચંદજી પહેલા ગુજરી ગયા. મણિલાલજી, રતિલાલ... એના પહેલા હશે. એ તો એમ ખાલી વાત કહેતા કે ગાંડાભાઈ સાથે અમારે એવો સંબંધ કે અમારે કાંઈક ખાવું હોય તો કહી દઈએ. અને એક સાધુ તો એવો હતો, એ તો પછી સાધુપણુ મૂકી દીધું. લાઠીમાં બાવો હતો. .... બાવો થયો. એ મને મળ્યો હતો પાછો બાવો.

મુમુક્ષુ :- ત્યાં દામનગર હતો.

ઉત્તર :- હા. એ. એ તો સાધુ થયેલો. અપાસરામાં અગ્નિ રાખે, તેલ રાખે, ભજીયા ઘરે બનાવે અપાસરામાં. ભજીયા સમજો છો? પકોડી. એમ કોઈ સાધુ નગ્ન હોય અને કો'કને ઈશારો કરી દે કે અમને આમ જોશે. એ પરિણામ છે એ પાપ પરિણામ છે. અને એને માટે ન કહે અને એને ઉદ્દેશીને બનાવ્યો હોય કોઈએ. એણે ન કીધું હોય. પણ આજે મહારાજ આવે છે આપણે .. છે. ત્રણ સાધુ છે. એને એવું પાણી જોશે. કૂવાના પાણી સવારમાંથી કાઢી, ગાળી લાવો. એ બધો ઉદ્દેશીક આહાર છે. એને માટે પાણી દસ શેર, પાંચ શેર નાખવું કમંડળમાં. એને માટે ઊનું કરીને દેવું પાણી. સમજ્યાને? આહાર. રોટલી થોડી વધારજો. ઘરમાં આપણે ત્રણ માણસ છીએ અને સાધુ ચાર છે. આવશે લેવા. આપણે લોટ નાખજો વધારે. દાળ થોડી નાખજો, થોડા ચોખા વધારે નાખજો. એ ઉદ્દેશીક આહાર કર્યો કહેવાય. આહાર ગ્રહણ કરનારના નિમિત્તે બનાવવામાં આવ્યો હોય. તો કોને માટે બનાવ્યો હતો એ શેઠ? તમારે ત્યાં દેવા આવતા હતા એ કોના માટે હતો? તમારા ઘરના માટે હતો? શું લખ્યું છે જુઓ.

મુમુક્ષુ :- .. એને પૂછવું પડે...

ઉત્તર :- હા. એને પૂછવું પડે. એ કહે એ પ્રમાણે અમે કરી દઈએ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- બિમાર હોય તો દવા...

ઉત્તર :- દવા-બવા કાંઈ નહિ. ઘરમાં દવા હોય, નિર્દોષ પડી હોય. આહાર લેવા મુનિ આવે તો આહારમાં દવા દઈ દે. એવી વાત છે. નિર્દોષ પડી હોય તો. બનાવીને દે એ બિલકુલ નહિ.

મુમુક્ષુ :- લગાડવાની કોઈ દવા...

ઉત્તર :- લગાડવાની-ફગવવાની દવા નહિ. એને ક્યાં એને હોય? લગાડવું-બગાડવું એને હોય નહિ. પટ્ટી-બટ્ટી એને હોય નહિ. ઝીણો માર્ગ. મુનિનો માર્ગ બહુ આકરો છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પટ્ટી-બટ્ટી લગાવે નહિ. કપડા ખપે નહિ. કપડા ખપે નહિ. અહીં તો મુનિ.. સિંહવૃત્તિ છે ભાઈ. મુનિનો માર્ગ તો અલૌકિક છે. અત્યારે તો મુનિનો માર્ગ શું છે એની લોકોને ખબર નથી. સમજાય છે કાંઈ? ... કર્યું હશે ને તમારે કર્યું હશે.

મુનિ! આહાહા...! જેને ક્ષણમાં આનંદનો, અતીન્દ્રિય આનંદનો અનુભવ આવી જાય ક્ષણમાં અને ક્ષણમાં વિકલ્પ ઉઠે તો અતીન્દ્રિય શુદ્ધિ તો પડી જ છે અંદર. વિકલ્પ ઉઠે કાંઈ બોલવાનો આદિ. એવું હજારો વાર એક દિવસમાં આનંદ આવે અને નિદ્રા હોય તો મુનિને એક પોણી સેકન્ડ સિવાય નિદ્રા વધારે ન હોય. એને મુનિપણું કહે છે. ભગવાન વીતરાગના માર્ગમાં આ મુનિપણું છે. બાકી જે એક મિનિટ પણ ઊંઘ આવે છઠ્ઠુ ગુણસ્થાન એને રહી શકે નહિ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- એક મિનિટ નિદ્રા?

ઉત્તર :- એક મિનિટ નિદ્રા આવે તો મુનિપણું રહી શકે નહિ. છઠ્ઠા ગુણસ્થાનની સ્થિતિ જ એટલી નથી. આ માર્ગ એવો છે. નથી તો મુનિપણું નથી. છે જ નહિ ને.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- લ્યો, ખોટો ધર્મ કરે? ધર્મ તો અંતરની દૃષ્ટિએ જે ચાલે છે એ સ્વઆશ્રયે ચાલે છે. મુનિ છે ક્યાં? મુનિ છે જ નહિ કોઈ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ છે ક્યાં તે ટકે? મુનિપણું છે જ નહિ અત્યારે, કોઈની પાસે. બધા ગૃહીત મિથ્યાદૃષ્ટિ છે. જરી સૂક્ષ્મ વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પાછલી રાતે થોડું .. લે. અને શ્વેતાંબરમાં પણ ભાઈ થોડી વાત છે કે એક પહોરની સજ્ઝાય કરે, બીજે પહોરે... સમજ્યાને? ધ્યાન કરે અને ત્રીજે પહોરે નિંદ્રે મુખે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એવો પાઠ ઉત્તરાધ્યયનમાં છે. જો કે એમાં તો સાધુ હોઈ શકે નહિ. વસ્ત્ર-પાત્રવાળા માને એ તો દૃષ્ટિ ખોટી છે. પણ એનામાં આવું લખાણ છે. સૂવાનું બે પહોર સુધી નહિ. ત્રીજે પહોરે નિદ્રા મૂકે. અહીં તો નવ વાગે ત્યારે એય નિરાંતે સૂવે અને પગ દબાવે. ક્યાં હતા સાધુપણા અને ક્યાં હતા મુનિપણા?

મુમુક્ષુ :- .. એક મિનિટ..

ઉત્તર :- એક મિનિટ આવે તો છઠ્ઠું ગુણસ્થાન રહેતું નથી એમ ભગવાન કહે છે. કેવળજ્ઞાની પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વર એમ ધવલમાં ફરમાવે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ પછી જરી ઢળે એટલું. ઊંઘ નહિ. પાછલી પહોરે એટલું ઢળી જાય શરીર.. ચોથે પહોરે. નિદ્રા એક સેકન્ડની અંદર. વળી પાછું સાતમું ગુણસ્થાન આવી જાય ત્યાં આનંદ, વળી છઠ્ઠું આવે તો એક થોડી નિદ્રા લે. એવું પાછલા પહોરમાં હોય. એ વસ્તુની એવી સ્થિતિ છે અત્યારે લોકોને ખબર નથી. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- માર્ગ...

ઉત્તર :- માર્ગ આ છે. માનો ન માનો, દુનિયા .. એથી કરીને કાંઈ વસ્તુ બીજી થઈ જાય છે? બે આહાર કરવાના લ્યો.

આવા આહારને જેણે પચખ્યો નથી એટલે એ સંબંધીનો રાગ છોડ્યો નથી. તેના તેને નિમિત્તે થતાં બંધને પચખ્યો નથી. **'અને જેણે તત્ત્વજ્ઞાનપૂર્વક તે આહારને પચખ્યો છે...'** તત્ત્વજ્ઞાનપૂર્વક એમ. સમ્યગ્દર્શન અને અનુભવપૂર્વક. આમ આધાકર્મી કરીને ન લે એથી કરીને સાધુ છે એમ નહિ. સમ્યગ્દર્શન આત્માના અનુભવ અને આનંદના અનુભવ સહિત, સમ્યગ્દર્શન જ્ઞાન અને વીતરાગી દશા સહિત તેને આવા આધાકર્મી આહારનો રાગ છોડ્યો છે એ **'તત્ત્વજ્ઞાનપૂર્વ તે આહારને પચખ્યો છે તેણે તેના નિમિત્તે થતા ભાવને પચખ્યો છે. આ રીતે સમસ્ત દ્રવ્યને અને ભાવને નિમિત્ત-નૈમિત્તિકભાવ જાણવો. જે પરદ્રવ્યને ગ્રહણ કરે છે તેને રાગાદિભાવો પણ થાય છે, તે તેમનો કર્તા પણ થાય છે...'** કર્તા એટલે પરિણમન. **'અને તેથી કર્મનો બંધ પણ કરે છે; જ્યારે આત્મા જ્ઞાની થાય છે ત્યારે તેને કાંઈ ગ્રહણ કરવાનો રાગ નથી,...'** સમજાણું? **'તેથી રાગાદિરૂપ પરિણમન પણ નથી અને તેથી આગામી બંધ પણ નથી. (એ રીતે જ્ઞાની પરદ્રવ્યનો કર્તા નથી.)'** હવે એનો શ્લોક કહેશે વિશેષ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**ભાદરવા વદ ૧૧, શનિવાર તા. ૩૦-૦૯-૧૯૬૭**
**શ્લોક-૧૭૮-૧૭૯, પ્રવચન-૩૫૨**

૧૭૮.

**इत्यालोच्य विवेच्य तत्किल परद्रव्यं समग्रं बलात्**
**तन्मूलां बहुभावसन्ततिमिमामुद्धर्तुकामः समम्।**
**आत्मानं समुपैति निर्भरवहत्पूर्णैकसंविद्युतं**
**येनोन्मूलितबन्ध एष भगवानात्मात्मनि स्फूर्जति।।१७८।।**

શ્લોક ઊંચો છે અને એનો અર્થ પણ બહુ ઊંચો છે. આખો શ્લોક એવો છે. એ કળશમાં તો બહુ સૂક્ષ્મ છે. પુસ્તક આપ્યું છે ને તમને? બહુ સરસ બનાવ્યું છે. બીજો થોડો અભ્યાસ હોય તો સમજાય એવી ચીજ છે.

શું કહે છે? '**શ્લોકાર્થ :- આમ વિચારીને,...**' એટલે શું? આમ પૂર્વે કહ્યું હતું ને? કે '**(પરદ્રવ્યનું અને પોતાના ભાવનું નિમિત્ત-નૈમિત્તિકપણું)...**' એટલે કાલે ઘણું કહ્યું હતું. ભગવાન આત્મા તો અનંત શુદ્ધ ચૈતન્ય ધામ આનંદનો કંદ આત્મા છે. એની વર્તમાન પર્યાયમાં, પર્યાય એટલે અવસ્થા, એમાં જે રાગ-દ્વેષ અને ભ્રાંતિ આદિ થાય તે નૈમિત્તિક વિકાર છે. એનું પરદ્રવ્ય તે નિમિત્ત છે. તે નિમિત્તનું સ્વામિપણું માનીને જે વિકાર થાય છે એને નિમિત્ત નૈમિત્તિક કહેવામાં આવે છે.

'**આમ...**' ભગવાન આત્મા પોતાના ભાવ વિકારી, એની અહીં વાત છે અત્યારે, હોં! વિકારી દશા જે સુખ-દુઃખની કલ્પના કે પુણ્ય-પાપમાં મીઠાશનો મિથ્યાત્વભાવ કે પુણ્ય-પાપના ભાવ એ બધો વિકારી નૈમિત્તિક-નિમિત્તના સંબંધમાં થતો પોતામાં તેને નૈમિત્તિક વિકાર કહે છે. અને સામી ચીજને નિમિત્ત કહે છે. એ બેનો વિચાર કરી '**પરદ્રવ્ય જેનું મૂળ છે...**' એટલે કે પરદ્રવ્યનું સ્વામીપણું કરે છે એવું એનું મૂળ છે. '**એવી આ બહુ ભાવોની સંતતિ...**' સમજાણું કાંઈ? પરદ્રવ્યનું સ્વામીપણું કરે છે એ જીવ તેથી તેની વર્તમાન દશામાં મિથ્યાત્વ અને રાગદ્વેષાદિ ભાવ વિકારનો પ્રવાહ ચાલે છે, એ ભાવોની સંતતિને. એટલું સિદ્ધ કર્યું. શું કીધું સમજાય છે?

સ્વદ્રવ્યનું સ્વામીપણું આવે ત્યાં તો વિકાર હોઈ શકે નહિ. ભગવાન આત્મા ચૈતન્યપુંજ જ્ઞાનનો નિધાન એવી વસ્તુ પોતે છે. એનું જો અંદર સ્વામીપણું-એ સ્વ-આત્મા અને હું એનો સ્વામી એવી દૃષ્ટિ થાય તેને વિકાર થતો નથી. એને ધર્મ થાય છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પણ જેને સ્વભાવની દૃષ્ટિ નથી અને વર્તમાનમાં વિકારી પરિણામમાં નિમિત્તપણાનું સ્વામીપણું માને છે. આને લઈને આ થયું, આને લઈને આ થયું. એ પરદ્રવ્યમાં એની અધિકતા જણાય છે. એવા પરદ્રવ્ય જેનું સ્વામીપણું મૂળ છે એવી આ બહુભાવ વિકારનો પ્રવાહ. પુણ્ય-પાપ, શુભ, અશુભ, વિકારી ભ્રાંતિ આદિ એ સંતતિને.. ત્યાં સુધી સિદ્ધ કર્યું.

'**એકીસાથે ઉખેડી નાખવાને ઈચ્છતો પુરુષ,...**' એને જેને ટાળવું છે. આત્માનું શરણ લઈને એને જેને ટાળવું છે '**તે સમસ્ત પરદ્રવ્યને બળથી...**' પરદ્રવ્ય તરફના લક્ષને જોરથી છોડી દઈને સ્વદ્રવ્યના લક્ષમાં આવી જાય. સમજાણું? બળ એટલે પરના ઉપર જેમ લક્ષ છે. છોડ લક્ષને. સ્વદ્રવ્યમાં રહે. જ્ઞાતા ચિદાનંદ ભગવાન આત્મા, પૂર્ણાનંદ પૂર્ણ ઈદં આત્મા, શુદ્ધ ભગવાન આત્મા તેનું લક્ષ કરીને, બળ-પુરુષાર્થથી પરનું લક્ષ છોડી દઈને. સમજાય છે કાંઈ?

'**પરદ્રવ્યને બળથી ભિન્ન કરીને (-ત્યાગીને),...**' એનો અર્થ કે પરના લક્ષમાં જે રાગદ્વેષ થાય છે એને પરના લક્ષપણું છોડીને અંતરના સ્વભાવ સન્મુખ દૃષ્ટિ કર. સમજાણું કાંઈ? આ ધર્મની ક્રિયા છે ભાઈ! આહાહા..! ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ છે. સત્ શાશ્વત જ્ઞાન અને આનંદ આદિ ગુણનો એ ભંડાર છે. એની ખાણમાં તો શાંતિ અને આનંદ પડ્યો છે. ખબર નથી. કોઈ દિ' નજર કરી નથી અને અનુમાનથી પણ આવો એવો એણે ખરેખર માન્યો નથી. સમજાણું કાંઈ? એનું લક્ષ રાગ ને દ્વેષ, પુણ્ય અને પાપ અને પરદ્રવ્ય ઉપર લક્ષ. એવા પરદ્રવ્યને જેમાં સ્વામીપણું એનું લક્ષ છોડી દઈને પોતાના બળથી ભિન્ન કરીને. અંતરથી પર તરફનું લક્ષ છોડી સ્વ તરફમાં આવવું એ પરથી ભિન્ન કર્યું કહેવામાં આવે છે. સમજમાં આવે છે? .... આવ્યું હતું. એકત્વબુદ્ધિ સંસ્કાર.

શરીર, કર્મ પરવસ્તુ તદ્દન ભિન્ન.. તદ્દન ભિન્ન. રજકણે રજકણ આ પરમાણુ છે. આ પરમાણુનો પિંડ છે આ તો. એ રજકણે રજકણ પરમાણુની અવસ્થા ક્ષણે ક્ષણે પોતાથી- જડથી એનાથી થાય છે. આત્માથી નહિ. સમજાણું?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કહ્યું હતું. એ તો મને બપોરે વિચાર આવ્યો હતો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના મને વિચાર આવ્યો હતો. અને એવા .. પહેલા આહાર કરીને સાંજે વયા આવે. યાદ કરે છે. ..ભાઈને. ધીયા. પક્ષઘાત હેમરેજ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા, એવું હોય તો ભલે એને અસાધ્ય હોય તો પણ આપણે જવામાં વાંધો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નહિ. કાંઈક લાંબુ ચાલે થોડું. એવો તો બપોરે વિચાર આવ્યો હતો ભાઈ. રામજીભાઈને અહીં જઈ આવીએ. આપણે તો મોટર છે જ તે. કોક એક ડ્રાઈવર લઈ જવો. ઓહોહો..!

મુમુક્ષુ :- ૩૬ કલાકમાં....

ઉત્તર :- શું થાય ત્યારે સાચી વાત છે. કારણ કે એ બાર કલાક કાલના ગયા, બાર કલાક આ અને બાર કલાક રાતના. એટલે પછી ખબર પડે. વાત સાચી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અસાધ્ય. અસાધ્ય છે-બેહોશ. તરત બેહોશ. મોહનભાઈ. એને બિચારાને. અવસ્થા મોટી થઈ અને એમાં છોકરાને આ બિચારાને. આહાહા..! એને આઘાત લાગ્યો. હું જાતો હતો એમાં આને શું થયું? ૮૫ થયા હશે નહિ? ૮૪, ૮૫, ૮૬. ડોસાને થયા અને છોકરાને... આ કરોડો રૂપિયા. શું કરે એમાં? ધૂળમાંય કાંઈ ન મળે. આહાહા..! શેઠ! કરોડો રૂપિયા. કેટલા કારખાના, કેટલી પેદાશ.

એક શરીરનો રજકણે રજકણ. જુઓને! એ જ વાત ચાલે છે ને. ભિન્ન છે ભાઈ! એનું ધણીપતું છોડી દે તું. પ્રભુ કહે છે અહીં તો. આહાહા..! હું આને આમ રાખું, આમ કરે તો આમ રહેશે. એ ત્રણ કાળમાં તારી કલ્પના પ્રમાણે નહિ રહે નાથ! આહાહા..! એ મડદા શરીરના, એની પર્યાયપણે પરિણમશે. તારે આધારે કાંઈ નહિ થાય. આહાહા..! સમજાણું કાંઈ? એના પરમાણુમાં અનંત ગુણ છે, એની સમય સમયની પર્યાય થાય છે-અવસ્થા. એ અવસ્થા એની પોતાની દશા છે. એનો ક્રમ પોતાનો પ્રવાહ ચાલે છે. આત્માની ઈચ્છાથી કાંઈ જડમાં ચાલતું નથી. આહાહા..! જડની જ વાત છે ને. શરીર જડ, વાણી જડ, પૈસા જડ, આહાર-પાણી જડ, માટી જડ, મકાન જડ. કોણ તારે લઈને શું થાય છે? ભાઈ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શરીર થઈ ગયું પછી આ ઈન્દ્રિયો પરમાણુ. એની વૃદ્ધિ થવી કે એનું રહેવું એની પોતાની પર્યાયથી છે. પણ માને છે ને કે હું આમ કરું છું, હું આમ કરું છું. એ કહે છે કે પરદ્રવ્યનું લક્ષ છોડી દે ભાઈ! આહાહા..! સમજાણું? આ બીજી ચીજનો મેં આમ ત્યાગ કર્યો, મેં આ ગ્રહણ કર્યું એ બધું પરદ્રવ્યનું સ્વામીપણું છે. એ મિથ્યાત્વભાવ છે ભાઈ! એમ વસ્તુ નથી. આહાહા..! મોહનભાઈને બિચારાને એમ થયું હશે. અવસ્થા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ વસ્તુ ખરે કાળે ટકવું એ આકરું કામ છે.

મુમુક્ષુ :- આમાં કસોટીઓ

ઉત્તર :- કસોટી ભાઈ! એ વસ્તુ છે. આત્મા શાંત થા, ભગવાન! જો થાય એને જો.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

તારું કામ તો જોવાનું છે. ફેરફાર કાંઈ કરવો એ તારું કામ નથી. સમજાણું?

મૂળજીભાઈ ગુજરી ગયા ને. મૂળજીભાઈ હતા ને આપણે લાખાણી? મૂળજીભાઈ ગૃહસ્થ. પહેલા પૈસાવાળા એ હતા. ૭૬માં પંદર લાખ લઈ આવેલા મુંબઈમાંથી. ૭૬ની સાલ હોં. ૭૬ કેટલા વર્ષ થયા? ૨૪ ને ૪૭. .. તો બહુ વ્યાધિ હતી. અભ્યાસ ઘણો શાસ્ત્રનો. છેલ્લે એને કહ્યું લાલુભાઈએ. મરવાની તૈયારી. ભાઈ! આ રોગ જડને છે. એ આત્મા એને જાણનાર છે. શરીરનો રોગ આત્મામાં જણાય છે. એમ કહ્યું ત્યારે જવાબ એવો આપ્યો એમણે, અરે..! રોગ આત્મા જાણે? મરવાની તૈયારી હવે. રોગ જાણે આત્મા કે આત્મા આત્માને જાણે? રાજમલજી! લાલુભાઈએ એને આશ્વાસન માટે કહ્યું. રોગ શરૂ થઈ ગયો. સવારમાં દેહ છૂટી જશે. બોલાવો લાલુભાઈને. લાલચંદભાઈ છે ને. ઓલા કહે, બોલાવો ડોક્ટરને, કુટુંબ પૈસાવાળો માણસ ગૃહસ્થ. ઓલા કહે, લાલુભાઈને બોલાવો. આવ્યા. કહ્યું. પાછુ મટી ગયું એ વખતે. બપોરે શરૂ થયું પાછું. લાલુભાઈ આવ્યા. ભાઈ! શરીરનો ધર્મ જીવપદમાં જણાય છે. એવું આવે છે ને? ભાઈ! શરીરની પર્યાય થાય એ જીવ જાણે છે. ત્યારે કહે શું જીવ શરીરની પર્યાયને જાણે કે પોતાને જાણે? એય..! બુદ્ધિવાળો માણસ હતો.

મુમુક્ષુ :- તીવ્ર બુદ્ધિવાળા.

ઉત્તર :- હા. આપણે ત્યાં પહેલા એ હતા સેક્રેટરી. હવે પછી આ રતિભાઈ. એમ કાંઈક કર્યું હશે તો યાદ આવશે. નહિ કર્યું હોય તો નહિ યાદ આવે ત્યાં. શેઠી! આહાહા..! સૌ પહેલા આ બાજુમાં પૈસાવાળા એ હતા. ૭૬માં મુંબઈથી પંદર લાખ લઈ આવેલા. પંદર લાખ ૭૬માં. બે ભાઈઓ. પછી ધંધો જ બંધ કરી દીધો. એને.. જરી સત્તાપ્રિય માણસ તો હતા. ઓલા પૈસા હતા ને પહેલેથી ઘણાં. બીજા ઝાઝા નહોતા. પછી બધાને પૈસા થયા, પોતાને બહુ વધ્યા નહિ.

મુમુક્ષુ :- ઈ ધંધો જ ક્યાં કરતા?

ઉત્તર - ધંધો કાંઈ કરતા નહિ. .. પૈસા જેવું કાંઈ કરે નહિ. છે ત્યાં સ્થિતિ આવી. છોકરો મરી ગયો એકનો એક જુવાન હોં મોટો. ભર જુવાન. દીકરો .... મોટા ગૃહસ્થ માણસ. ભુરાભાઈ મોટા ગૃહસ્થ એમાં પરણાવ્યો. મડદું નીકળે છે. ભગવાન.. ભગવાન. રોવા- બોવાનું કાંઈ નહિ. પાછળ-પાછળ ચાલ્યા જાય. પછી પોતાનું મૃત્યુ આવ્યું. સ્થિતિ પૂરી થાય તેમાં કોને લેવા, કોને દેવા કાંઈ સંબંધ નહિ. આ તો માટી છે. જગતની ચીજ પુદ્‌ગલ પરમાણુ છે. કહે છે કે ભાઈ! એનું સ્વામીપણું છોડી દે. મેં રાખ્યું તેમ રહ્યું છે એ રહેવા દે. એમ કહે છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ? એ અનંત પરમાણુનો પિંડ છે આ તો દ્રવ્ય જગતના

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રજકણો જગતના છે. ભાઈ! તારા નથી. તારામાં નથી. એને હું રાખું તો રહે, બોલું તો બોલાય એ સ્વામીપણું છોડી દે. સમજાણું કાંઈ? જુઓ! એ કહે છે.

'**પરદ્રવ્યને બળથી...**' '**સમસ્ત પરદ્રવ્યને...**' અહીં તો બધું લેવું છે ને? '**ભિન્ન કરીને...**' ભિન્ન કર. ભગવાન! તારી ચૈતન્ય જ્યોત ભિન્ન છે. પણ એનું લક્ષ આમ છે ને એટલે ભિન્ન કરીને કહ્યું. આમ લક્ષ છોડાવવા ભિન્ન કરીને કહ્યું છે. '**અતિશયપણે વહેતું (-ધારાવાહી) જે પૂર્ણ એક સંવેદન...**' આહાહા..! જુઓ! ભગવાન આત્મા જ્ઞાનની મૂર્તિ પ્રભુ, એને ધારાવાહી નામ પ્રવાહરૂપે. જેમ પાણી પ્રવાહરૂપે ચાલે એમ એની પર્યાયમાં પ્રવાહરૂપ સ્વસંવેદન થાય, '**જે પૂર્ણ એક સંવેદન...**' એક જ્ઞાનમૂર્તિ પ્રભુ છું. એનું અંદર પ્રત્યક્ષ જ્ઞાનનું વેદન. એ જ્ઞાનથી આત્માને અંદર જાણીને વેદન (થાય) એ ત્યાંથી ધર્મ શરૂ થાય છે. આહાહા..!

'**પૂર્ણ એક સંવેદન તેનાથી યુક્ત એવા પોતાના આત્માને પામે છે,...**' આમ જેને શરીર, વાણી, મન, કર્મ, પર એના તરફનું સ્વામીપણું જે આ હું... આ હું.. આને કરું... આનું કરું... આનું કરું... આમ રાખું. એવી જે તારી દૃષ્ટિ છે એને છોડ ભગવાન! અને તારા સ્વરૂપ ઉપર આવી જા એમ કહે છે. સમજાય છે કાંઈ? એ વિના ક્યાંય જગતમાં શરણ છે નહિ. '**પૂર્ણ એક સંવેદન તેનાથી યુક્ત એવા પોતાના આત્માને પામે છે,...**' જુઓ! વળી પાછો કો'કનો પરમાત્મા કે એ નહિ. પોતે જ્ઞાનાનંદ સ્વરૂપ છે, ચૈતન્ય સ્વભાવની સંપદાથી ભરેલો પ્રભુ છે આત્મા. એને તેં પરના લક્ષમાં તું એનાથી ચૂકી ગયો છો. હવે એને ચૂકીને અહીં આવી જા એમ કહે છે. સમજાણું કાંઈ?

ભગવાન શુદ્ધ ચૈતન્યની મૂર્તિ આત્મા છે. એને ચૂકીને અનાદિથી પરદ્રવ્યના સંગમાં પડ્યો, પરદ્રવ્ય સ્વામીપણે માની અને એનો હું ધણી છું, એ માલિક છું, એનો માલિક હું છું. માલિકનો માલિક આવે છે ને આમાં? એ આવે છે કે નહિ? માલિકનો માલિક આવે છે આમાં એક. ૨૨મે પાને હશે. માલિક. જુઓ! 'સ્વતઃ પરિણમતી વસ્તુકે ક્યોં કર્તા બનતે જાતે હો?' શરીર, વાણી સ્વતઃ પરિણમે છે. હું કરું, એમ ક્યાં કરે છે?

સ્વતઃ પરિણમતિ વસ્તુકે ક્યોં કર્તા બનતે જાતે હો?
કુછ સમજ નહિ આતી તુમકો નિઃસત્ત્વ બને હી જાતે હો.
અરે! કૌન નિક્કમા જગ મેં હૈ?

નિક્કમા એટલે કાર્ય કર્યા વિના કોણ પદાર્થ છે? દરેક પદાર્થ પોતાનું કાર્ય કરી રહ્યું છે. કાર્ય એટલે પર્યાય.

અરે કૌન નિક્કમા જગમેં હૈ જો પરકા કરને જાતા હો.
સબ અપને અંદર રમતે હૈં તબ કિસ વિધ કરમ રચાતે હો?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

વસ્તુકી માલિક વસ્તુ હૈ, જો માલિક હૈ વહી કર્તા હૈ.

શરીરના માલિક નહિ તમે એમ કહે છે. પત્નીનો માલિક પતિ નહિ, પૈસાનો માલિક નહિ, મકાનનો માલિક નહિ એમ કહે છે. આહાહા..! 'વસ્તુકી માલિક વસ્તુ હૈ' આ પરમાણુની પર્યાય થાય એનો માલિક એ પરમાણુ છે. તું નહિ. તું એનો ધણી નહિ. આહાહા..! નૃપતિ આવે છે ને? નરપતિ. મનુષ્યનો પતિ રાજા. અરે..! નૃપતિ ન હોય.

વસ્તુકી માલિક વસ્તુ હૈ, જો માલિક હૈ વહી કર્તા હૈ.
ફીર માલિકકે માલિક બનકર ક્યોં નીતિ ન્યાય ગંવાતે હો?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ત્યાં માલિકનો માલિક બને? માલિક તો છે. એનો માલિક તું બને છે? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા.

ક્યોં નીતિ ન્યાય ગંવાતે હો?
જો હૈ સો સ્વયં પરિણમતા હૈ, વહ નહીં કિસીસે ટલતા હૈ,
યહ માને બિન કલ્યાણ નહિ, કોઈ કૈસે હી કુછ કરતા હો.

બહુ સરસ બનાવ્યું છે. સમજાય છે કાંઈ? શું કહે છે? એ તો શેઠિયાએ બનાવ્યું છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભાવ તો બહુ સારા. એ તો બહુ અભ્યાસી, આત્માર્થી બહુ છે. મોટા ગૃહસ્થ છે. આત્મામાં પણ... કહો, સમજાણું કાંઈ?

કહે છે, '**પોતાના આત્માને પામે છે,...**' એ શું કહે છે? કે આ વસ્તુ જે ભગવાન શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદ છે, એને તું વર્તમાન પર્યાયમાં-અવસ્થામાં પર તરફના સ્વામીપણું માનીને તારું સ્વામીપણું તેં ખોયું છે. ખોયું સમજ્યા? ખોયા હૈ, ગુમાયા હૈ. તો હવે પરનું સ્વામીપણું છોડીને સ્વનો સ્વામી થા. આહાહા..! આ શરીરની ક્રિયા મેં કરી, હું બોલ્યો, હું ચાલ્યો, હું આમ બોલ્યો, મેં આમ ઉપદેશ કર્યો, મારી વાણી એવી છે. વાણી તો જડની છે, તારી ક્યાંથી થઈ? સમજાણું કાંઈ?

કહે છે કે જે પૂર્ણ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ પ્રભુ પૂર્ણ છે ને. આમ લક્ષ છોડીને આમ લક્ષ કરે તો પ્રભુ પૂર્ણ જ છે. એનું વેદન-સંવેદન થતાં પોતાના આત્માને અંતર પામીશ. આ આત્મા છે તેવો તને અનુભવ થશે. સમજાણું કાંઈ? અરે..! કરવાના કાળ તો આ છે.

'**કે જેથી જેણે કર્મબંધનને મૂળથી ઉખેડી નાખ્યું છે...**' ભગવાન આત્મા રાગ, દ્વેષ, પુણ્ય, પાપ અને પરવસ્તુના લક્ષમાંથી છૂટતા પોતાના સ્વભાવ તરફની દૃષ્ટિ કરતાં કર્મબંધનને

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જેણે મૂળમાંથી છેદી નાખ્યું છે. સમજાય છે કાંઈ? '**કર્મબંધનને મૂળથી ઉખેડી નાખ્યું છે. એવો આ ભગવાન આત્મા...**' એવો આ ભગવાન આત્મા. '**પોતામાં જ સ્ફુરાયમાન થાય છે.**' જુઓ ભાષા જુઓ! પોતે છે એ પોતામાંથી સ્ફુરાયમાન થાય છે એમ કહે છે. જે પુણ્ય અને પાપ, દયા, દાન, કામ, ક્રોધના ભાવ હતા એ તો વિકૃતભાવ હતા. અને એમાં પરલક્ષ એ આત્મા એમાં એમાં નહોતો અને એ આત્મામાંથી પ્રગટ્યા પણ નથી. એ તો નવી દશા વિકૃત અવસ્થામાં કરી છે. એ વિકૃત ભાવને, પરના લક્ષનું સ્વામીપણું છોડીને ચૈતન્ય ભગવાન વસ્તુ જ્ઞાયકમૂર્તિ છે એ તરફ જતાં પોતે પોતામાં જ પ્રગટ થાય છે. પોતે સમજો છો? અપનેમેં. અપનેમેં. ખુદ આત્મા પોતામાં પ્રગટ થાય છે. જ્ઞાયક હું છું, શુદ્ધ ચૈતન્ય છું એવું પોતામાં, પોતાની દશા પોતામાં પોતાને કારણે પ્રગટ થાય છે. આહાહા..! વાત આખી. આત્મવિદ્યા એ વાત જ હિન્દુસ્તાનમાંથી અત્યારે જાણે ખસી ગઈ હોય એવું લાગે. પણ વસ્તુ આ છે. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરના ઘરની આત્મવિદ્યા આ છે. સમજાણું કાંઈ?

'**એવો આ ભગવાન આત્મા...**' જુઓ છે ને? શબ્દ હતો ને? ભગવાન આત્મા. '**आत्मनि स्फूर्जति**' પોતે પોતાની શક્તિનો સાગર પ્રભુ છે. અંદરમાં પૂર્ણ શુદ્ધ ચૈતન્યના સ્વભાવો ભર્યા છે. એ પરના લક્ષને છોડીને સ્વના લક્ષમાં આવે તો આત્મા આત્મામાંથી શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિની સ્ફુરણા એમાં થાય છે. પુણ્યના, પાપના વિકલ્પ દ્વારા નહિ એમ કહે છે અહીં. આહાહા..! કોઈ દયા, દાન, વ્રતાદિના પરિણામ છે માટે આત્મા સ્ફુરણ થાય છે નહિ. એ તો વિકાર છે. આહાહા..! કરવાનું ઘણું એને અને કરે ક્યાંક અને માને કે અમે ધર્મ કરીએ. ભગવાન! તને ધર્મની ખબર નથી પ્રભુ! સમજાણું? તારો ભગવાન તારી પાસે છે. તારો ભગવાન બહાર છે નહિ.

કહે છે, કર્મબંધનના કારણો એટલે નિમિત્ત તરફના સ્વામીપણે જે વિકાર જે બંધનું કારણ હતું તેને પરના લક્ષને છોડીને જેણે અંતર્મુખ આત્માના લક્ષમાં, આત્માના સ્વામીપણે જેણે અંતરદૃષ્ટિ કરી છે એને કર્મબંધનના કારણો બધા છૂટી જાય છે. અને મૂળથી ઉખેડી-તેનો વ્યય થઈ એમ કહે છે. અને આત્મા પોતામાં શાંતિ અને આનંદમાં ઉત્પાદરૂપે સ્ફુરણ થાય એમ કહે છે. વિકારના પરિણામોને બંધભાવ ગણી, એનાથી છૂટી અને સ્વભાવ તરફ આવતા એ બંધભાવનો વ્યય થાય છે અને આત્મા અબંધ પરિણામી પોતાની પર્યાયમાં અબંધપણાના પરિણામે પ્રગટ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

એવો ભગવાન. ઉખેડી નાખ્યું છે એવો ભગવાન કહે છે. પોતે જ કર્યું હતું. પરના લક્ષમાં રાગદ્વેષ કરી અને એને પોતે હિતકર માનતો હતો. પોતે જ માનતો હતો એ પોતે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ફર્યો પોતામાં હવે. આહાહા..! સમજાય છે કાંઈ?

અલખ નામ ધુની લગી ગગનમેં, મગન ભયા મન મેરા જી.
આસન મારી સુરત દૃઢ ધારી, દિયા અગમ ઘર દેરા જી.
દેખ્યા અલખ દેદારા જી.

અલખ દેદાર. ભગવાન નિર્વિકલ્પ આનંદકંદ પ્રભુ છે. સમજાણું કાંઈ? એને પરના સૂરતીનું લક્ષ છોડી દઈ, અહીંયાં સૂરત લગાવ અંદરમાં કહે છે. આહાહા..! રીતને ખબર ન મળે અને કુરીતિએ જઈને ધર્મ છે એમ માને છે અનાદિથી. કહો, સમજાણું આમાં? આ બંધનો અધિકારનો છેલ્લો કળશ છે. એનાથી હવે એક છેલ્લો બાકી રહેશે. આહાહા..!

ભગવાન આત્મા. અહીં શું કહે છે? શક્તિનું તત્ત્વ આખો છે આત્મા. એવો પ્રભુ આત્મા પર્યાયમાં-અવસ્થામાં-પરના લક્ષના પર્યાયબુદ્ધિએ-અવસ્થાબુદ્ધિએ-પરના લક્ષમાં જોડાઈને જે વિકારભાવ સ્વભાવમાં નહોતો એવો એણે ઊભો કર્યો છે. એવો આત્મા તેના તરફના આશ્રયને લક્ષને છોડી દઈ ચૈતન્ય ભગવાન નિર્મળાનંદ પ્રભુ આત્મા, તેનો અંતર આશ્રય કરી જેણે બંધના ભાવને ઉત્પન્ન થવા દીધા નથી. એણે છેદ્યા છે એમ કહેવામાં આવ્યું છે. અને ભગવાન આત્મા હવે શાંતિ અને આનંદની પર્યાય સહિત સ્ફુરાયમાન પ્રગટ થાય છે. પોતામાં પોતે પ્રગટ થાય છે. આહાહા..! વાત એવી છે ધર્મની. લોકો માને છે એવી નથી. લોકોને હજી ધર્મની ખબર નથી. આહાહા..! સમજાણું કાંઈ? '**સ્ફુરાયમાન થાય છે.**'

'**ભાવાર્થ :- પરદ્રવ્યનું...**' પરદ્રવ્ય શબ્દે એ પુણ્ય-પાપ વિકલ્પ બધો પરદ્રવ્ય છે, રાગ છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિનો વિકલ્પ ઉઠે છે એ બધું પરવસ્તુ, આત્મવસ્તુ નહિ. આહાહા..!

મુમુક્ષુ :- સંયોગીભાવ થઈ ગયા.

ઉત્તર :- એ સંયોગી ઉપાધિ છે. એને ખબર નથી. ભગવાન આખો ચિદાનંદ બિરાજમાન છે. આત્મા એટલે તો કાંઈ નહિ. થઈ રહ્યું. આ બધું પુણ્ય-પાપ કરે એ વસ્તુ. ભારે મારીને પણ એણે. વસ્તુ પોતે મહાન પદાર્થ અનંત આનંદ અને શાંતિનો કંદ અનંત ગુણનું ધામ ભગવાન. એના અસંખ્ય પ્રદેશના ધામમાં અનંત ગુણનું ધામ પ્રભુ, એની તો કાંઈ કિંમત જ નહિ. આ રાગ કર્યો ને દયા પાળી ને ભક્તિ કરી ને વ્રત કર્યા. આ અમારી ચીજ. એ જ કહે છે, મિથ્યાદૃષ્ટિપણે પરની ક્રિયા પોતાની માની વિકારના પરિણામમાં પોતાના માની અને એમાં ધર્મ માન્યો એ મિથ્યાદૃષ્ટિપણું કર્મબંધનું મોટું કારણ છે. સમજાણું કાંઈ?

ભાઈ! તું પડખું ફેરવ-કરવટ. શું કહે છે તમારે એય? પડખું આમ સૂતો હોય ને આમ પડખું ફેરવે છે ને? કરવટ-કરવટ. શું કહે છે? કરવટ. આમ સૂતો હોય તો આમ ફરે. એવી

તારી પર્યાયદૃષ્ટિમાં રાગ અને પુણ્ય અને વિકલ્પ અને પર ઉપર લક્ષ છે તો કરવટ ફેરવી નાખ. આહાહા..!

‘**પરદ્રવ્યનું અને પોતાના ભાવનું...**’ પોતાનો ભાવ એટલે ઓલો વિકારી. પરદ્રવ્ય નિમિત્ત. ‘**નિમિત્ત-નૈમિત્તિકપણું જાણી સમસ્ત પરદ્રવ્યને ભિન્ન કરવામાં-ત્યાગવામાં આવે...**’ એટલે પરનો આશ્રય અને લક્ષ છોડવામાં આવે ‘**ત્યારે સમસ્ત રાગાદિભાવોની સંતતિ કપાઈ જાય છે...**’ ત્યારે નિમિત્તના લક્ષે પોતાની પર્યાયમાં વિકારભાવ થતો એ ઉત્પન્ન થતો નથી એને કપાઈ જાય છે એમ કહેવામાં આવે છે.

‘**ત્યારે આત્મા પોતાનો જ અનુભવ કરતો થકો...**’ ભગવાન આત્મા જે રાગ અને પુણ્યનો અનુભવ કરતો ઈ એને છોડીને પોતાના સ્વભાવ ધામમાં પોતાને ઘરે ઘરમાં આવે છે. સમજાણું? ‘**કર્મના બંધનને કાપી પોતામાં જ પ્રકાશે છે.**’ ચૈતન્ય ભગવાન આત્મ કિરણથી-જ્ઞાનના પ્રકાશના કિરણથી-પોતે પોતામાં પ્રકાશે છે. બસ! પોતે પોતાનો જાણનાર અને પોતે પરનો જાણનાર પ્રગટ થાય છે. .. નિજ ઘર કબહુ ન આયે. ત્યાં બોલતા હતા જયપુરમાં. રેકોર્ડિંગમાં. ‘અબ હમ કબહુ નિજઘર ન આયે. પરઘર ભમત અનેક નામ ધરાયે.’ રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ, દયા ને દાન વિકલ્પની વૃત્તિઓ. આ... આ... આ.. રખડ્યો પરઘરમાં અનેક નામ ધરાવ્યા. હું રાગી છું, શેઠ છું, પૈસાવાળો છું, પુણ્યવાળો છું, પાપવાળો છું, કર્મવાળો છું, મારે દેશ છે, મારે ગામ છે, મારે છોકરા છે. કેટલા નામ ધરાવ્યા? મૂરખ! એઈ... જુગરાજજી!

મુમુક્ષુ :- દૃષ્ટિ ફેરવવાની છે.

ઉત્તર :- દૃષ્ટિ ફેરવવાની છે. ફેરવી નાખ. તારું કાંઈ છે નહિ. રાગ તારો નથી, પુણ્ય-પાપના ભાવ ઉત્પન્ન થાય છે એ તારા નથી, એ તો વિકાર છે. કેટલા નામ ધરાવ્યા? અમે પુણ્યશાળી છીએ, અમે પુણ્ય કર્યું, પાપ કર્યું. મારા જેવો હુશિયાર કોઈ નથી. આવું હુશિયાર આ કામમાં બધું, દુકાનમાં, વ્યવસ્થામાં બધે મારો હાથ. મારે શું કહેવાય આ? પડાઈ ઉડે ને પડાઈ? પડાઈને શું કહે છે? પતંગ. પતંગ કહે છે ને? પતંગનો દોર હાથમાં રાખે. બધી વ્યવસ્થા સંસારની, કુટુંબની મારા હાથમાં છે, બધું હું કરું છું. એય..! શેઠ! આ શેઠ કરતા હતા એમ માનતા હતા.

મુમુક્ષુ :- માનતા હતા.

ઉત્તર :- માનતા હતા. આહાહા..! કહો, શેઠી! આ હીરા-માણેકના વેપાર કરતા હતા તમે. રાગ હું કરું છું, પુણ્ય મેં કર્યું, મેં પાપ કર્યું, મેં આમ દાન કર્યું, આમ કર્યું એ બધો વિકલ્પ છે. એ છોડ ને. હોળી એ તો કષાય છે. સમજાણું કાંઈ? આહાહા..! નિજઘરના

અવલોકનમાં આવ, ભગવાન! પરના અવલોકનને છોડી દે. એમ કહે છે. અવલોકન સમજ્યા? દેખના. પરને જોઈને પોતાનું માનવું છોડી દે. પોતાને જોઈને પોતાને પોતામાં માન. આહાહા..! શું કાંઈ વાતની ખબર ન મળે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કંઈ લાભ નથી એનો. કોઈ લાભ નથી. સંસાર લાભ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આત્મા અંદર રાગથી ભિન્ન છે એનું સંશોધન કરવું. બહારમાં પૂજા-ભક્તિ આવે છે, એમાં કોઈ ધર્મ છે? દયા, દાનના પરિણામ આવે છે, વ્રતનો ભાવ હોય છે પણ એ ધર્મ છે એમ નથી. એ બંધનું કારણ, પુણ્યનું કારણ છે. એને ખબર નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માર્ગ જ બીજો છે દુનિયા કરતા. વીતરાગે કહેલો, સર્વજ્ઞે જોયેલો આત્માનો માર્ગ બંધ માર્ગથી જુદી જાતનો માર્ગ છે. આહાહા..! દુનિયાને સાંભળવા મળ્યો નથી કેટલાકને બિચારાને. બસ! એમ ને એમ આંધળે આંધળા. અંધો અંધ પલાય. આંધળો દેખાડનાર. આંધળો સમજ્યા આંધળો? આંધળો દેખાડનાર, આંધળો ચાલનાર પડે કૂવામાં.

ચૈતન્ય સૂર્ય ભગવાન આત્મા એકવાર નજર તો કર, કહે છે. તારા સ્વરૂપ તરફ તું ઝુકાવ કર. તારી દશામાં તું જ સ્ફુરાયમાન થઈશ. સમજાય છે કાંઈ? માર્ગ પણ એવો કે લોકોને ફરવું કઠણ પડે. ક્યાં ફરવું અને શું કરવું એની સૂઝ પડતી નથી. સમજાય છે કાંઈ?

કહે છે કે '**સમસ્ત રાગાદિભાવોની સંતતિ કપાઈ જાય છે અને ત્યારે આત્મા પોતાનો જ અનુભવ કરતો થકો કર્મના બંધનને કાપી પોતામાં જ પ્રકાશે છે. માટે જે પોતાનું હિત ચાહે છે તે એવું કરો.**'

'**હવે બંધ અધિકાર પૂર્ણ કરતાં તેના અંતમંગળરૂપે જ્ઞાનના મહિમાના અર્થનું કળશકાવ્ય કહે છે :-**'

**रागादीनामुदयमदयं दारयत्कारणानां**
**कार्यं बन्धं विविधमधुना सद्य एव प्रणुद्य।**
**ज्ञानज्योतिः क्षपिततिमिरं साधु सन्नद्धमेतत्**
**तद्वद्यद्वत्प्रसरमपरः कोऽपि नास्यावृणोति।।१७९।।**

એ બધા કળશનો એમાં ઘણો અર્થ કર્યો છે. સમયસાર કળશ છે ને? કળશમાં ઘણું ભર્યું છે. પણ ગંભીર બહુ છે. બહુ પરિચય હોય, પહેલા ખ્યાલ હોય તો એના અર્થની

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સૂઝ પડે, નહિતર અર્થની સૂઝ ન પડે. આ તો અનંત કાળનો માર્ગ અપૂર્વ માર્ગ, અપૂર્વ માર્ગ. પૂર્વે કર્યું એ જાત નહિ. અનંત કાળમાં કદી નથી કર્યું એવી ચીજ છે.

આ મરતા વખતે, દેહ છૂટવા વખતે હજી લક્ષ તો પરનું, શરીર હું કરતો આવી તો ક્રિયાબુદ્ધિ દૃષ્ટિ તો પડી હોય. તારું મૃત્યુ સંથારામાં શું થાય? આકુળતા છે. આહાહા..! એ આકુળતા સહનશક્તિ અંદર જ્ઞાતાદૃષ્ટા છું એવી તો દૃષ્ટિ થઈ નથી, અનુભવ તો છે નહિ. છે? પછી સહન કરવાની તાકાત નથી. અંદર હઠથી સહન કરે મિથ્યાત્વભાવથી, રાગભાવથી. જાવ દુર્ગતિમાં. એની કોઈ કિંમત નથી. ચૈતન્યરૂપ ભગવાન આત્મા, પોતાના સ્વરૂપે અંતરમાં પ્રકાશ કરીને દેહ છોડે એ સમાધિમરણ છે. સમજાય છે કાંઈ? બંધ અધિકાર પૂર્ણતા કહે છે.

‘**શ્લોકાર્થ :- બંધના કારણરૂપ જે રાગાદિક તેમના ઉદયને નિર્દય રીતે વિદારતી થકી,...**’ જ્ઞાન જ્યોતિ. ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત સ્વરૂપ છે. ચૈતન્યની લો-ચૈતન્યની જ્યોત છે આત્મા. આહાહા..! દેહદેવળમાં ચૈતન્યજ્યોત આત્મદેવ બિરાજમાન. એવી આત્મજ્યોતિ-જ્ઞાનની જ્યોત એ ‘**બંધના કારણરૂપ જે રાગાદિક તેમના ઉદયને નિર્દય રીતે (અર્થાત્ ઉગ્ર પુરુષાર્થી)...**’ આહાહા..! એ બંધવને માર હવે, કહે છે. પરમાત્મપ્રકાશમાં કહે છે. મારો આત્મા એવો છે ધર્માત્મા કે બંધુને મારનાર છે. બંધુ નામ બંધ જે રાગદ્વેષ અનાદિનો સાથે ચાલ્યો આવે છે એવા બંધુને-બંધને મારનાર આત્મા છે. આહાહા..! અનાદિનો પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષનો સાથ આત્માની સાથે. એ બંધ-બંધ એટલે બંધુ.

મુમુક્ષુ :- સાથે છે ને.

ઉત્તર :- સાથે રહેનાર છે ને? અનાદિથી વિકાર. એ બંધુને વિદારનાર આત્મા છે. નિર્દય રીતે કહે છે છોડ વિકાર. ભગવાન આત્મા હું ચિદાનંદ સ્વરૂપ છું. મારા સ્વભાવમાં રાગ નથી એમ કર દૃષ્ટિ અંદરમાં. સમજાય છે કાંઈ? આહાહા..! બંધનો છેલ્લો અધિકાર અબંધપણું પૂર્ણ પ્રગટ કરવા બંધના ભાવનો અભાવ કરવાની છેલ્લી રીત છે.

‘**બંધનાં કારણરૂપ જે...**’ પુણ્ય-પાપના ભાવો. રાગાદિ એટલે પુણ્ય-પાપના ભાવ. એ રાગ એટલે ઓલા બાયડી-છોકરાનો રાગ એમ રાગ નહિ. આ દયા, દાન, ભક્તિ, પૂજા એ રાગ છે. એ પર ઉપર લક્ષ જાય છે તો રાગ છે. વૃત્તિનું ઉત્થાન છે એ. વૃત્તિ ઉઠે છે, એ વૃત્તિ ઉઠે છે. રાગ છે એ. આહાહા..! સમજાણું કાંઈ? એ રાગાદિ એટલે પુણ્ય-પાપના વિકલ્પો, શુભ-અશુભભાવ, દયા, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ બધો રાગભાવ છે બધો. એક અશુભરાગ અને એક દયા, દાન વૃત્તિ શુભ. પણ બેય રાગ છે. વૃત્તિનું ઉત્થાન છે, એ ચૈતન્યની જાતમાં એ નથી. નવી ઊભી કરેલી લાગણીઓને રાગ કહે છે. આહાહા..!

એ ‘**બંધના કારણરૂપ જે...**’ પુણ્ય-પાપના ભાવો ‘**તેમના ઉદયને...**’ એટલે પ્રગટ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

થતાં ને '**નિર્દય રીતે વિદારતી...**' જ્ઞાનજ્યોતિ. ભગવાન આત્મા. જ્ઞાનચૈતન્ય આનંદ સ્વરૂપ છું. એમ એ ચૈતન્યજ્યોતિ પોતામાં આશ્રય કરતો ભાવ વિકારને ઉત્પન્ન થવા દેતો નથી. સમજાણું કાંઈ? એને નિર્દય રીતે વિદારતી એમ કહેવામાં આવે છે. આ રાગ છે ને હું વિદારું એમ નથી. ભાષા તો શું (કરે)? સમજાવવું હોય તો કેમ સમજાવે?

'**તે રાગાદિકના કાર્યરૂપ અનેક પ્રકારના બંધને હમણાં તત્કાળ જ દૂર કરીને,...**' જે પુણ્ય અને પાપના પરિણામ તે મારા, એવો મિથ્યાત્વભાવ અને રાગ-દ્વેષભાવ એ બંધનું કારણ અને એનું કાર્ય નવા કર્મ બંધાય તે. એ '**બંધને હમણાં તત્કાળ જ દૂર કરીને,...**' પરિણામ છેદ્યા અને એના નિમિત્ત પણ ઉત્પન્ન થયા નહિ. એને છેદ્યા એમ કહેવામાં આવે છે. '**આ જ્ઞાનજ્યોતિ કે જેણે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કર્યો છે...**' રાગ પુણ્ય-પાપભાવ એ અંધકાર છે. પુણ્ય અને પાપ, દયા, દાન, વ્રતના વિકલ્પો રાગ છે એ અંધકાર છે. એમાં જ્ઞાનનું તેજ નથી. જ્ઞાનનો પ્રકાશ ભગવાન એનું એમાં કિરણ નથી. સમજાણું કાંઈ?

અહીં તો સામેસામું લેવું છે ને? રાગ અને પુણ્ય-પાપ એ અજ્ઞાન છે, અંધકાર છે. ચૈતન્ય ભગવાન પ્રકાશમૂર્તિ છે. એ પ્રકાશપણું અટકીને જેમાં જ્ઞાન નથી એવો જે પુણ્ય-પાપનો ભાવ દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજાનો વિકલ્પ એ અંધકાર છે. કારણ કે રાગ છે. એ રાગ નથી જાણતો પોતાને, રાગ નથી જાણતો અહીં ભગવાન આત્મા છે તેને. એ રાગ-અંધકારને છેદતો આત્મા જ્ઞાનમૂર્તિ હું ચૈતન્ય છું એમ અનુભવતાં અજ્ઞાન નાશ થઈ જાય છે. ભારે વાતું. સમજાણું કાંઈ?

આ શરીરને સાચવ્યું હતું ને આટલું. ચલો હમારી સંગે.. એ છે. આનંદઘનજીમાં આવે છે. અરે..! અમારી સંગે ચાલને કાયા! એ કાયા હાલને. હાલ સમજ્યા? ચલો ચલો. સમજ્યા? 'ચલો હમારી સાથે...' છે ને? છે આનંદઘનજીમાં? અહીં નહિ હોય. આવ્યું હતું ને. કો'ક લઈ ગયા છે પુસ્તક. આજ જોયું હતું મેં. ઓલો શબ્દ બીજો જોવો હતો ને. 'મિથ્યા મોહ તિમિર ભય ભાંગ્યું...' એમ શબ્દ છે. 'જીત નગારું વાગ્યું રે.' વીરજીની સ્તુતિ છે. ભગવાનની સ્તુતિ. આનંદઘનજી થઈ ગયા શ્વેતાંબરમાં. સવારે કહ્યું હતું થોડું.

'વીરજીને ચરણે લાગું વીરપણું તે માગું રે, મિથ્યા મોહ તિમિર ભય ભાંગ્યું.' નિર્ભય ત્યાં નિઃશંક લીધું. 'મિથ્યા મોહ તિમિર ભય ભાગ્યું, જીત નગારું ભાંગ્યું રે.' સમજાય છે કાંઈ? મિથ્યા અંધકાર, પુણ્ય-પાપના પરિણામમાં પોતાપણું માનીને જે રહ્યો એ મિથ્યા અંધકાર છે. એને સ્વભાવની જ્યોતનો આશ્રય લઈને છેદ, અને મોહ-મિથ્યાત્વનો નાશ થતાં તારું જીત નગારું વાગ્યું છે. જીત્યો. છૂટ્યો. મારી જીત છે હવે. અનાદિની અજ્ઞાનની જીત હતી હવે ચૈતન્યની જીત થઈ. અજ્ઞાન એટલે કોઈ જીતતું નહોતું. એનો અજ્ઞાનભાવ એને જીતતો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હતો. જેઠાલાલભાઈ! અરે..! આહાહા..!

**'આ જ્ઞાનજ્યોતિ કે જેણે અજ્ઞાનરૂપી અંધકારનો નાશ કર્યો છે...'** ભગવાન આત્મા ચૈતન્યના સ્વભાવમાં અંતર શુદ્ધમાં પ્રવેશ કરતાં જ્ઞાનજ્યોતિ ચૈતન્ય પ્રકાશે ઉત્પન્ન થાય છે, અંધકાર રાગાદિનો ભાવ ત્યાં વ્યય થઈ જાય છે. **'તે સારી રીતે સજ્જ થઈ,...'** સજ્જ થઈ. તલવારને સજ્જ કરે છે ને? ઘસીને પાણી પાય છે ને પાણી? પાણી સમજો છો?

મુમુક્ષુ :- પાણી ચડાવે.

ઉત્તર :- પાણી ચડાવે. પાણી નથી પાતા? સમજતા નથી? પછી પાણીમાં બોળે. પાણીમાં બોળે હોં! પછી એ પાણીમાં એવી તીક્ષ્ણ ધાર થાય લોઢાની. એમ આત્મા રાગના વિકલ્પ મારું સ્વરૂપ નથી, હું જ્ઞાનાનંદ છું એવી તીક્ષ્ણ ધારી કરીને છેદ અંધકારને. સમજાણું કાંઈ? અરે..! આ તે કેવું? પોતે પોતાનો વેરી! એવું શ્રીમદ્દ્ એક ફેરી કહ્યું હતું. તારામાં જોર છે ને ભગવાન! વીર્ય પડ્યું એકલું વીર્ય.

'વીરપણું તે આતમ ઠાણે જાણ્યું તુમથી વાણે રે.' તુમથી શબ્દ છે. 'વીરપણું તે આતમ ઠાણે.' અસંખ્ય પ્રદેશ ભગવાન આત્માના એમાં અનંત વીરપણું પડ્યું છે. 'વીરપણું તે આતમ ઠાણે જાણ્યું તુમથી વાણે રે.' ભગવાનને કહે છે, હે નાથ! તમારી વાણીથી સમજ્યો કે મારો આત્મા આવો છે. 'ધ્યાન વિન્નાણે શક્તિ પ્રમાણે, નિજ ધ્રુવપદ પહિચાણે રે. ધ્યાન વિન્નાણે શક્તિ પ્રમાણે, નિજ ધ્રુવપદ પહિચાણે રે.' ધ્રુવ ભગવાન આત્મા નિત્યાનંદનો નાથ એના તરફ વળતા ભગવાન ભગવાનને ભાળે અને જોવે છે. આહાહા..! અલકમલકની વાતું જાણે લાગે. ભગવાન તો મોટો બાદશાહ. નાથ! તને તારી ખબર નથી. આહાહા..! એ ઉદયને કર્મના વિકારને તો વિદારીને પરમાત્મા થાય એવી તારી તાકાત છે. આવે છે ને? આમાં પણ આવે છે ને એક ગાયન? 'બને તો બનજા પરમાત્મા...' નથી આવતું? ઓલાએ બનાવ્યું છે ને.

મુમુક્ષુ :- તું બનજા બને...

ઉત્તર :- હા. એ છે ને એક? આમાં શબ્દ શું છે? .. આત્માથી પોકારે એ? આ છે. એ જ લાગે છે.

કહા માનલે ઓ મોરે ભૈયા, શાંતિ જીવન બનાના અબ સાર હૈ,
તુ બન જા બને તો પરમાત્મા, મેરી આત્માકી મુક પુકાર હૈ.

દસમે પાને છે દસમે. સમજ્યા?

માન બુરા હૈ ત્યાગ સજ્જન જો વિપદ કરે ઔર બોધ હરે,
ચિત્ત પ્રસન્નતા સાર સજ્જન જો વિપદ હરે ઔર મોદ ભરે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મોદ-આનંદ.

નીતિ તજનેમેં તેરી હી હાર હૈ.

નીતી તજને મેં તેરી હી હાર હૈ. વાણી જિનવરકી હી હિતકાર હૈ.

તૂ બન જા બને તો પરમાત્મા. મેરી આત્માકી મુક પુકાર હૈ.

રાગ-દ્વેષની દૃષ્ટિ છોડ. પરમાત્મા હું છું એકવાર દૃષ્ટિમાં પોકાર કરીને જા. સમજાય છે? એવી વાત છે, લ્યો!

મુમુક્ષુ :- .. શાંતિલાલ ગાતા હતા.

ઉત્તર :- હા, એ ગાતા હતા એ. શાંતિલાલ ગાતા હતા. અજમેર.

સમય બડા અનમોલ સજ્જન જો ઈધર ફિરે તો ઉધર ફિરે

સમય બડા અનમોલ સજ્જન જો ઈધર ફિરે તો ઉધર ફિરે.

પરમાં જાય તો આમ થઈ શકે છે તારો સમય.

કર નહિ પાયા મૂલ સજ્જન જો સમય ગયા ન હાથ લગે.

આ સમય ગયા નહિ હાથ આવે. સમજાણું કાંઈ?

ગુપ્ત શાંતિકી યહાં ભરમાર હૈ.

ગુપ્ત શાંતિકી યહાં ભરમાર હૈ. ઈનકો સમજે તો બેડા પાર હૈ.

આહાહા..! એ ગુપ્ત શાંતિનો ભંડાર તું છો. બહારમાં ક્યાંય નથી ધૂળમાંય, સાંભળને!

ગુપ્ત શાંતિકી યહાં ભરમાર હૈ. ઈનકો સમજે તો બેડા પાર હૈ,

તુ બનજા બને તો પરમાત્મા, મેરી આત્માકી મુક પુકાર હૈ.

ઈન જીવનકો સફળ બના, યહ પુણ્યયોગસે પ્રાપ્ત હુઆ,

વાતોસે નહી કામ સજ્જન, કર્તવ્ય સામને ખડા હુઆ.

સુખશાંતિકા યહી દ્વાર હૈ,

સુખશાંતિકા યહી દ્વાર હૈ, શિક્ષા દૈનિકમેં હિતકાર હૈ.

તું બન જા બને તો પરમાત્મા, મેરી આત્માકી મુક પુકાર હૈ.

આપ્યું છે ને, તમને આપ્યું છે. સમજાય છે કાંઈ? આહાહા..! અહીં એ પોકાર છે જુઓ. ભાઈ! ભગવાન તું છો ને. અને આ બાળક કેમ થઈ ગયો તું? પુણ્ય-પાપ મારા અને આ ક્રિયા મારી. તું બાળક થઈ ગયો, ભાઈ! સમજાય છે? યુવાન તો થા એકવાર. પછી યુવાન થયે વૃદ્ધાવસ્થા થશે. યુવાન નામ આત્મા શુદ્ધ ચિદાનંદ મૂર્તિનો અનુભવ કર એ યુવાન થયો કહેવાય અને પૂર્ણ કેવળજ્ઞાન પામે એ વૃદ્ધાવસ્થા એની થઈ ગઈ કહેવાય. સમજાય છે કાંઈ? વૃદ્ધા નામ પાછલી અવસ્થા. પૂર્ણ કેવળજ્ઞાન. પાકી અવસ્થા. સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કાંઈ? આહાહા..! આ માટીના પિંડલામાં નહિ કુછ સાર હૈ. તેરા સ્વભાવમેં બડા ભંડાર હૈ. શાંતિકા ભરમાર હૈ. તેરે આત્મામેં શાંતિકી ભરમાર હૈ. આહાહા..!

ભગવાન ચૈતન્યમૂર્તિ ખાણ છે ને. વસ્તુ છે ને? તો વસ્તુમાં વસેલા ગુણ છે. વસ્તુ કોને કહે? વસ્તુ. આત્મા વસ્તુ. તેમાં વસેલા-રહેલા અનંતા ગુણ (છે) માટે તેને વસ્તુ કહીએ. આહાહા..! સમજાણું કાંઈ? એમાં પુણ્ય અને પાપના વિકલ્પો એમાં વસેલા નથી. એ તો નવા તેં ઉત્પન્ન કરેલી ઉપાધિ છે.

કહે છે, ભગવાન આત્મા પોતાના જ્ઞાનસ્વરૂપમાં રાગની એકતા તોડીને સ્વભાવની એકતા જોડી એથી સજ્જ થઈ છે. '**એવી રીતે સજ્જ થઈ કે તેના ફેલાવને બીજું કોઈ આવરી શકે નહિ.**' જ્ઞાન સ્વરૂપ જ્યાં અંતરમાં એકાકાર થઈને ખીલવા ઉકેલ થવા માંડ્યો એને દુનિયામાં કોણ રોકનાર છે? સમજાય છે કાંઈ? ભગવાન આત્મા શક્તિનો સાગર પ્રભુ છે, એના તરફની એકાગ્રતાથી જ્યાં ઉકેલ થવા માંડ્યો, શક્તિનો વિકાસ થવા માંડ્યો એ વિકાસ થઈને કેવળજ્ઞાન થઈ જવાને એને કોઈ રોકનાર છે નહિ. સમજાણું? તેના વિસ્તારને બીજું કોઈ આવરી શકે નહિ. ફેલાવ-ફેલાવ.

'**ભાવાર્થ :- જ્યારે જ્ઞાન પ્રગટ થાય છે,...**' આત્મા-જ્ઞાયક આત્મા. ત્યારે '**રાગાદિક રહેતા નથી, તેમનું કાર્ય જે બંધ તે પણ રહેતો નથી, ત્યારે પછી તેને આવરણ કરનારું કોઈ રહેતું નથી, તે સદાય પ્રકાશમાન જ રહે છે.**' લ્યો! એ બંધ અધિકાર નીકળી ગયો. લ્યો.

'**રંગભૂમિમાં બંધના સ્વાંગે પ્રવેશ કર્યો હતો. હવે જ્યાં જ્ઞાનજ્યોતિ પ્રગટ થઈ ત્યાં તે બંધ સ્વાંગને દૂર કરીને બહાર નીકળી ગયો.**'

**જો નર કોય પરૈ રજમાંહિ સચિક્કણ અંગ લગૈ વહ ગાઢૈ,**
**ત્યોં મતિહીન જુ રાગવિરોધ લિયે વિચરે તબ બંધન બાઢૈ;**
**પાય સમૈ ઉપદેશ યથારથ રાગવિરોધ તજૈ નિજ ચાટૈ,**
**નાહિં બંધૈ તબ કર્મસમૂહ જુ આપ ગહૈ પરભાવનિ કાટૈ.**

આખા બંધ અધિકારને ટૂંકામાં (કહ્યો). '**જો નર કોય પરૈ રજમાંહિ સચિક્કણ અંગ લગૈ વહ ગાઢૈ,...**' સચિક્કણ, શરીર ઉપર ચીકણી અવસ્થા ચોંટે. ચીકણી સમજો છો? સ્નિગ્ધ. તેલ. મીણ એવી. પછી રજ ચોંટે તો એ ચીકાશને કારણે ચોંટે છે. '**જો નર કોય પરૈ રજમાંહિ સચિક્કણ અંગ લગૈ વહ ગાઢૈ,...**' ગાઢૈ-ચીકણી અવસ્થા. '**ત્યોં મતિહીન જુ રાગવિરોધ લિયે...**' અજ્ઞાની રાગ અને દ્વેષના વિકલ્પમાં રહેલી ચીકાશ છે. પુણ્ય અને પાપના વિકાર તે ચીકાશ છે. એને લઈને કર્મની રજ બંધાય છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


'**ત્યોં મતિહીન જુ રાગવિરોધ લિયે...**' વિરોધ એટલે દ્વેષ. '**લિયે વિચરે તબ બંધન બાઢૈ; પાય સમૈ ઉપદેશ યથારથ...**' આ શબ્દ. પહેલો એને ઉપદેશ યથાર્થ મળે છે કે ભાઈ! તારું સ્વરૂપ આનંદ અને શુદ્ધ છે. એ પુણ્ય-પાપના વિકલ્પો એ બંધનું કારણ (છે). એ તારી ચીજ નથી. છોડી દે તેનું સ્વામીપણું. એવો '**યથારથ રાગવિરોધ તજૈ નિજ ચાટૈ,...**' પુણ્ય અને પાપનું સ્વામીપણું છૂટતાં સ્વરૂપની દૃષ્ટિ થતાં નિજ ચાટે. આત્માનો અનુભવ કરે. ચાટે-ચાટે. આ ચાટે છે ને? ચાટે નથી કહેતા તમારામાં? મધ ચાટે છે. એમ ચાટે છે ને. આત્મા ચાટે આત્માને. આત્મા આનંદ સ્વરૂપ એને અનુભવે એ આત્માને ચાટે કહેવાય. રાગ-દ્વેષને ચાટે તે દુઃખ છે, આત્માને ચાટે તે સુખ છે. આહાહા..!

'**નાહિં બંધૈ તબ કર્મસમૂહ જુ આપ ગહૈ પરભાવનિ કાટૈ.**' પોતાના સ્વરૂપને એકાગ્રથી ગ્રહે છે અને રાગને ટાળે છે. એ બંધ અધિકાર પૂરો થયો.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**ભાદરવા વદ ૧૪, સોમવાર તા. ૨-૧૦-૧૯૬૭**
**શ્લોક-૧૮૦, ગાથા-૨૮૮ થી ૨૯૦, પ્રવચન-૩૫૩**

આ સમયસાર મોક્ષ અધિકાર છે. બંધ અધિકાર પૂરો થયો. વચનિકાર મંગળિક કરે છે. જયચંદ્ર પંડિત પોતે વચનને કરનારા છે. ચાલતી દેશભાષામાં એ મંગળિક કરે છે.

**કર્મબંધ સૌ કાપીને, પહોંચ્યા મોક્ષ સુથાન;**
**નમું સિદ્ધ પરમાતમા, કરું ધ્યાન અમલાન.**

'**કર્મબંધ સૌ કાપીને,...**' એમ સિદ્ધ કર્યું કે કર્મનો સંબંધ અનાદિનો હતો. આત્માને કર્મનો અને રાગનો સંબંધ અનાદિનો હતો. એને કાપીને, નાશ કરીને '**પહોંચ્યા મોક્ષ સુથાન;...**' પોતાની નિર્મળ પવિત્ર પર્યાય, એની પ્રાપ્તિ કરી અને મોક્ષસ્થાન એ તો ક્ષેત્રની વાત છે. પણ પોતાના શુદ્ધ સ્વભાવની પૂર્ણ પ્રાપ્તિ તેનું નામ મોક્ષ. એવા અંતર સ્થાનને-પૂર્ણપદની પર્યાયને પામ્યા. એવા '**નમું સિદ્ધ પરમાતમા,...**' એવા સિદ્ધ પરમાત્માને નમસ્કાર કરીને '**કરું ધ્યાન અમલાન.**' મળ વિનાનું ધ્યાન કરીને આ વચનિકા કરું છું એમ કહે છે. મળ વિનાનું એટલે કે આર્તધ્યાન અને રૌદ્રધ્યાન છોડી, ધર્મધ્યાનથી આત્માનું ધ્યાન કરતાં, શુદ્ધ ચૈતન્ય ભગવાન એનું ધ્યાન કરતાં શુદ્ધિ પ્રાપ્તિ થાય એવું ધર્મધ્યાનને નિર્મળ કરીને સિદ્ધને નમસ્કાર કરીને વચનિકા કરું છું એમ કહે છે.

હવે પોતે અમૃતચંદ્રાચાર્ય કહે છે-ટીકાકાર.

'**પ્રથમ ટીકાકાર આચાર્યદેવ કહે છે કે હવે મોક્ષ પ્રવેશ કરે છે.**' મોક્ષ એ પર્યાય છે ને? મોક્ષ એક આત્માની પર્યાય છે. સમજાણું? આત્મા અને એના ગુણો જે અનંત એ ત્રિકાળ રહેનારા ધ્રુવ છે અને મોક્ષ એની પૂર્ણ પર્યાય પ્રગટ દશા પૂર્ણ છે. એક જાતનો, એક સાદિઅનંત આત્માનો ભેખ પર્યાયમાં છે. સમજાણું કાંઈ? એથી કહે છે કે મોક્ષ પ્રવેશ કરે છે. હવે પર્યાય-મોક્ષની દશા એનું ભાન કરાવે છે અથવા મોક્ષની પર્યાય કેવી હોય એવું જણાવે છે.

'**જેમ નૃત્યના અખાડામાં...**' નાચનારના સ્થાનમાં '**સ્વાંગ પ્રવેશ કરે છે...**' સ્વાંગ લઈને. '**તેમ અહીં મોક્ષતત્ત્વનો સ્વાંગ પ્રવેશ કરે છે.**' એક મોક્ષતત્ત્વનો સ્વાંગ છે. સ્વાંગ સમજાય છે?

મુમુક્ષુ :- સ્વરૂપ બનાવીને આવે છે.

ઉત્તર :- હા. એ. એ મોક્ષ એક આત્માનો વેશ છે. આત્મા એ વસ્તુ છે અનાદિઅનંત,

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એના ગુણો જ્ઞાન-દર્શન અનાદિઅનંત એમાં સંસાર વિકારી ભેખ છે. સંસાર એટલે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ એ વિકારી પર્યાયરૂપી ભેખ છે, એ કાંઈ કાયમની ચીજ નથી. મોક્ષનો માર્ગ એ નિર્વિકારી પર્યાયનો ભેખ સંવર અને નિર્જરા છે. અપૂર્ણ શુદ્ધતાની પર્યાય એને અહીંયાં સંવર-નિર્જરાનો ભેખ કહેવામાં આવે છે. અને મોક્ષ એ આત્માની શુદ્ધ પર્યાય એ સાદિ અનંત રહેનાર એ પણ એક આત્માનો સ્વાંગ છે. સમજાણું કાંઈ? લ્યો, મોક્ષ એ સ્વાંગ.

મુમુક્ષુ :- પર્યાય છે.

ઉત્તર :- પર્યાય છે ને. નવી પર્યાય પ્રગટ થાય છે. સંસાર એની ને એની સત્તામાં અવળું-સવળું કરે છે. આને કાંઈ અડતો નથી કે જોતો પણ નથી કોઈને. શરીર અને કર્મને એ અડતો પણ નથી, ખરેખર તો એને જોતો પણ નથી. પોતાની સત્તામાં ને સત્તામાં પૂર્ણ શુદ્ધ સત્તા ધામ ભગવાન આત્મા, એને ભૂલીને વર્તમાન દશામાં સંસારનો ભેખ ધારણ કરીને દુઃખી છે. સ્વરૂપનું ભાન કરીને સ્વરૂપની સત્તાના સામર્થ્યની પ્રતીત, જ્ઞાન અને અનુભવ કરીને સ્થિરતા કરે એ મોક્ષના માર્ગનો સ્વાંગ છે. સંસાર સ્વાંગ અનાદિસાંત રહે છે. મોક્ષનો માર્ગનો સ્વાંગ સાદિસાંત રહે છે અને મોક્ષનો સ્વાંગ સાદિઅનંત રહે છે. કહો, સમજાય છે કાંઈ? સમજાણું આમાં શેઠ? જવાબ દેતા નહિ આવડે બરાબર કહો છો પણ.

આત્મા વસ્તુ છે, પદાર્થ છે, સત્ છે, સત્ત્વ છે. ભાવ અનંત ગુણનો પિંડ ભાવવાળો પદાર્થ છે. એમાં ત્રણ પ્રકારની અવસ્થાઓ છે. એક સંસાર અવસ્થા, મિથ્યાત્વ અને રાગ-દ્વેષનું પરિણમન તે સંસાર અવસ્થા. એ એનો વિકારી આસ્રવ અને બંધ અને પુણ્ય-પાપનો ભેખ છે. અને આત્માનું અંતર ભાન થતાં રાગ અને પુણ્યના આસ્રવ-બંધથી ભિન્ન આત્મા છું, એવું આત્માના સ્વભાવના સામર્થ્યની પ્રતીતિ, જ્ઞાન અને રમણતા થતાં એ સંવર-નિર્જરાનો ભેખ છે. સમજાણું કાંઈ? એ મોક્ષમાર્ગનો ભેખ છે. એ અસંખ્ય સમય જ રહે છે.

સંસાર સ્વાંગ અનાદિસાંત રહે છે. મોક્ષમાર્ગનો સ્વાંગ પર્યાયનો કાળ અસંખ્ય સમય રહે છે અને મોક્ષ આત્માની પૂર્ણ શુદ્ધ જેવી શક્તિનું સત્ત્વ છે એવી જ પ્રગટ દશા પૂર્ણ થઈ એ સાદિ એટલે જ્યારથી શરૂ થઈ ત્યાંથી આદિ એમ ને એમ રહેવાની સાદિઅનંત છે. કહો, સમજાણું આમાં? માટે એને ભેખ કહેવામાં આવ્યો છે. આ નાટકમાં પાડે છે ને? જુદો જુદો વેશ લઈને આવે છે. એમ આ આત્માનો શાંતિની પૂર્ણ પ્રાપ્તિ એનો એક ભેખ છે આત્માનો. સંસારનો ભેખ ટાળી અને મોક્ષની પર્યાય પૂર્ણ પરમાત્મ દશા પ્રગટ થવી એને મોક્ષનો સ્વાંગ કહે છે.

નાચના સ્થાનમાં, અખાડો એટલે સ્થાન સ્વાંગ એટલે ભેખ પ્રવેશ કરે છે. '**તેમ અહીં મોક્ષતત્ત્વનો સ્વાંગ પ્રવેશ કરે છે. ત્યાં જ્ઞાન સર્વ સ્વાંગને જાણનારું છે,...**' ચૈતન્ય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ભગવાનનું જ્ઞાન સર્વ સ્વાંગને જાણનારું છે. '**તેથી અધિકારના આદિમાં આચાર્યદેવ સમ્યગ્જ્ઞાનના મહિમારૂપ મંગળ કરે છે :-**'

**द्विधाकृत्य प्रज्ञाक्रकचदलनाद्बन्धपुरुषौ**
**नयन्मोक्षं साक्षात्पुरुषमुपलम्भैकनियतम्।**
**इदानीमुन्मज्जत्सहजपरमानन्दसरसं**
**परं पूर्णं ज्ञानं कृतसकलकृत्यं विजयते।।१८०।।**

'**શ્લોકાર્થ :- હવે (બંધ પદાર્થ પછી),...**' બંધની વ્યાખ્યા થઈ ગઈ. '**પ્રજ્ઞારૂપી કરવત વડે વિદારણ દ્વારા બંધ અને પુરુષને દ્વિધા કરીને,...**' શું કહે છે? પ્રજ્ઞારૂપી કરવત. કરવત સમજો છો ને?

મુમુક્ષુ :- ..

ઉત્તર : હા. એ.

રાગ, પુણ્ય-પાપના ભાવ અને સ્વભાવ શુદ્ધ, એ બેની ભિન્નતારૂપી કરવત અંદર પડીને... આમ ચૈતન્ય સ્વભાવ શુદ્ધ ત્રિકાળ વસ્તુ અને એક બાજુ આમ પુણ્ય અને પાપના શુભ-અશુભભાવ .. ઢળતા, ઉત્પન્ન થતાં, બેને પ્રજ્ઞારૂપી કરવત વડે. અંતરના સમ્યગ્જ્ઞાનરૂપી પર્યાયની કરવત દ્વારા, વિદારણ દ્વારા. બેને જુદા પાડીને. કહો, સમજાણું કાંઈ? આ ધાર્મિક ક્રિયા પહેલી કીધી.

ચૈતન્યસ્વરૂપ જ્ઞાનસ્વભાવ આનંદમૂર્તિ એવો આત્મા અને પુણ્ય અને પાપના ભાવ એ વિકાર. એ વિકાર અને સ્વભાવ વચ્ચે ભેદજ્ઞાનરૂપી કરવત દ્વારા વિદારણ કરીને, બેને જુદા પાડીને. કહો, સમજાય છે કાંઈ? '**પ્રજ્ઞારૂપી કરવત વડે...**' જુઓ! એમાં એમ કહ્યું કે જેનાથી જુદું પડવું (છે) તેનાથી (-તેના દ્વારા) તે જુદો ન પડી શકે. શું કહ્યું? કે દયા, દાન, વ્રતાદિના જે ભાવ છે એ કષાયની મંદતાનો રાગ બંધભાવ છે. એનાથી જુદું પાડવું (છે) એમાં એ બંધભાવ એમાં મદદ કરે નહિ. એ બંધભાવ અને આત્મા એ બે કહેશે. જુઓ!

'**બંધ અને પુરુષને દ્વિધા કરીને,...**' પુણ્ય-પાપનો વિકલ્પ જે દયા, દાન, કામ, ક્રોધના રાગભાવ એ બંધભાવ છે. અને ભગવાન આત્મા જ્ઞાન ચૈતન્ય સ્વરૂપ છે. બે વચ્ચે ભેદજ્ઞાનરૂપી પ્રજ્ઞારૂપી કરવત દ્વારા સ્વભાવ તરફ ઢળતા, વિભાવથી વિમુખ થતાં પ્રજ્ઞા દ્વારા બંધ નામ રાગ-દ્વેષના ભાવને, ભગવાન પુરુષ આત્માને '**દ્વિધા કરીને,...**' જુદા પાડીને. સમજાણું કાંઈ? આ ધાર્મિક ક્રિયા.

મુમુક્ષુ :- આજ કરવાનું છે.

ઉત્તર :- એ જ કરવાનું અને એ જ એની ક્રિયા થઈ શકે એવી છે. સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'પ્રજ્ઞારૂપી કરવત વડે વિદારણ દ્વારા...'** સમજાણું? **'બંધ અને પુરુષ...'** બંધ એટલે પુણ્ય-પાપના વિકારી ભાવ. દ્રવ્યકર્મ, જડકર્મ ભલે હો પણ એની સાથે ખરું નથી. મૂળ તો પુણ્ય-પાપનો ભાવ શુભ-અશુભભાવ એ રાગાદિ લક્ષણ એ બંધનું સ્વરૂપ છે. સમજાય છે કાંઈ? આત્મા મુક્તસ્વરૂપ છે-ચૈતન્ય સ્વભાવ વસ્તુ. તેમાં એ રાગભાવ પુણ્ય-પાપનો ભાવ એ બંધસ્વરૂપ છે. કર્મ બંધસ્વરૂપ છે એ નિમિત્ત ચીજ છે. એની સાથે ખરેખર કાંઈ સંબંધ નથી.

આ વસ્તુ ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ પોતે, રાગમાં અટકીને જે રાગની પરિણતિ ઊભી કરી છે એ બંધભાવ છે. ચૈતન્ય સ્વભાવ તે રાગના બંધભાવથી પુરુષ નામ આત્માથી જુદો છે. પુરુષ એટલે આત્મા. સમજાણું કાંઈ? પુરુષ નામ ચૈતન્યસ્વરૂપી ભગવાન આત્મા. અને રાગ-દ્વેષના પરિણામ એ બંધ. બંધ અને પુરુષને એટલે વિકારને અને આત્માને પ્રજ્ઞાછીણી-પ્રજ્ઞા કરવત દ્વારા. અહીં કરવત લેશે. આગળ છીણી કહેશે. પ્રજ્ઞાની છીણી એટલે અભ્યાસ કહે છે. આવા અભ્યાસ દ્વારા. સવારે આવ્યું હતું. સવારે આવ્યું હતું અભ્યાસ. નહોતું આવ્યું? એ કળશમાં આવ્યું હતું. આ પણ કળશ છે.

મુમુક્ષુ :- વારંવાર અભ્યાસ કરવો.

ઉત્તર :- હા એ કરવત છે. વારંવાર અભ્યાસ કરવો. આ પણ ઈ છે. પ્રજ્ઞા કરવતના વિદારણ દ્વારા-ભેદ કરતાં. શુદ્ધ સ્વરૂપનો પહેલો ખ્યાલ કરીને પછી તેના તરફ ઢળવું અને રાગ તરફથી ખસવું એ બેને જુદા પાડવાની ક્રિયા છે. પહેલું સ્વરૂપ શું છે તેનો ખ્યાલ કરી, રાગાદિ શું છે તેનો ખ્યાલ કરી પછી સ્વભાવ સન્મુખ ઢળવું એ રાગ અને આત્માને ભિન્ન પાડવાની ક્રિયા છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ આ કરે છે. ... કહ્યું હતું ને. ક્યાં એને બેસે છે ક્યાં હજી એને અદ્ધર ને અદ્ધર વાત રાખી બધી. બસ લ્યો ઠીક! આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. અંદર પેસવાનું એને પેસવાનું છે. કોણ પેસાડી દે?

આખો ભગવાન બિરાજે છે. 'આનંદઘન પ્રભુકે ઘર દ્વારે રટણ કરું ગુણધામા.' પહેલા ગુણનું ધામ, અનંત ગુણનું ધામ ભગવાન છે. સમજાણું કાંઈ? અનંત જ્ઞાન, દર્શન, શાંતિ આદિ અનંત ગુણનું ધામ આત્મા છે. અને પુણ્ય-પાપના ભાવ એ કૃત્રિમ, ક્ષણિક, વિકાર બંધલક્ષણ સ્વરૂપ છે. બેને પહેલા જાણીને, પછી સ્વભાવ સન્મુખ થઈને એને જુદા પાડવા એ બંધ પુરુષને પ્રજ્ઞા વડે કરવત દ્વારા વિદારણ દ્વારા જુદા પાડવા એ એની ક્રિયા છે. સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કાંઈ?

એ બંધ નામ પુણ્ય-પાપના ભાવને એટલે રાગને અને આત્માને. બેને બંધ એટલે રાગભાવ ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામ સ્મરણનો ભાવ એ બધો રાગ ભાવ બંધભાવ છે. સમજાણું કાંઈ? અને આત્મા એ બંધના ક્ષણિક વિકૃત લક્ષણથી ચૈતન્ય લક્ષણે લક્ષિત ભિન્ન છે. એમ બેને જુદા કરીને. પુરુષને એટલે આત્માને '**કે જે પુરુષ માત્ર અનુભૂતિ વડે જ નિશ્ચિત છે.**' એ તો અનુભૂતિ જ્ઞાનમાત્રથી જ પમાય એવી ચીજ છે અથવા અનુભૂતિમાત્ર જ આત્મા છે. એ રાગ-બાગ છે નહિ. આહાહા..!

વસ્તુ સ્વભાવ ચૈતન્ય સત્ત્વનું આખું તત્ત્વ એ પુણ્ય-પાપના રાગથી ભિન્ન પડીને અનુભૂતિમાત્ર જે આત્મા '**જે પુરુષ માત્ર અનુભૂતિ વડે જ નિશ્ચિત છે તેને...**' એ જ્ઞાન દ્વારા જ્ઞાનની અનુભૂતિથી જ પ્રાપ્ત થાય એવી ચીજ છે. '**તેને સાક્ષાત્ મોક્ષ પમાડતું થકું, પૂર્ણ જ્ઞાન...**' સમજાણું કાંઈ? સાક્ષાત્ મોક્ષ એટલે વસ્તુ પોતે મોક્ષસ્વરૂપ છે. પર્યાયમાં સાક્ષાત્ મોક્ષ પમાડતું પૂર્ણ જ્ઞાન. કેવળજ્ઞાન. '**જયવંત પ્રવર્તે છે.**' એવી આત્માની પૂર્ણ દશા પ્રગટ થઈ તે એમ ને એમ સાદિઅનંત જયવંત વર્તે છે. લ્યો, આ મંગળિક કર્યું.

'**કેવું છે તે જ્ઞાન? પ્રગટ થતા સહજ પરમ આનંદ વડે...**' કહે છે કે પુણ્ય-પાપના રાગના ભાવ અને બંધથી છેદ કરતું, પોતાના સ્વભાવ સન્મુખ ઢળતું તે અનુભૂતિ જેટલું જ્ઞાન છે આત્માનું તે અનુભૂતિ માત્રથી જ પ્રાપ્ત થાય એવું છે. અને અનુભૂતિમાત્ર જેટલું છે. રાગનો ભાગ એમાં છે નહિ. એવું જે પૂર્ણ જ્ઞાન એને સાક્ષાત્ મોક્ષ પમાડતું. '**સહજ પરમ આનંદ...**' જ્ઞાનની સાથે સ્વભાવિક અનંત આનંદ છે એમ કહે છે. સમજાણું કાંઈ? મોક્ષ થતાં આત્માને કેવળજ્ઞાન થાય. તેની સાથે અનંત આનંદ દશા પ્રગટ થાય છે.

'**સહજ પરમ આનંદ વડે સરસ...**' લ્યો, આ સરસ. સરસ છે? હિન્દીમાં પણ સરસ છે? હિન્દીમાં બોલાય છે ને સરસ. સરસ. સરસ-રસ સહિત. રસથી ભરેલું. કહો, સમજાણું કાંઈ? ચૈતન્ય ભગવાન આત્મા આનંદરસથી તો ભરેલો જ છે. પણ તે આનંદરસમાં પુણ્ય-પાપના વિકલ્પ જે દુઃખરૂપ છે એનાથી પ્રજ્ઞાછીણી જુદું પાડીને એકાકાર થઈને... આમ સાંભળતા નથી .. હોં જરીએ. સાંભળતા નથી. કાન બહેરા ઘણા છે. બપોરે આવ્યા હતા ને. કાંઈનું કાંઈક સમજે. ચાલતા હતા ને ત્યારે કહે, પેટમાં બહુ દુઃખે છે ને. ડોક્ટર પાસે જાવું છે. આને વળી .. ..

રસયુક્ત છે. સરસ. શેઠિયા કહેતા હતા, આ ગુજરાતી ભાષા બહુ સરસ છે. સરસ. હિન્દીમાં પણ સરસ છે. પણ ગુજરાતી આપણે સરસ સાધારણ. નહિ? સરસ. શાક સરસ થયું હોં! રોટલી સરસ થઈ એમ ચાલે છે તમારે? તમારે ચાલે છે એવું? એવું નહિ ચાલતુ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હોય.

મુમુક્ષુ :- આપણે તો સારુ હોય એ સરસ કહે.

ઉત્તર :- હા આપણે સારાને સરસ કહે. એ રસ જુદું. અહીં તો કહે, રોટલી સરસ થઈ, શાક સરસ થયું, દાળ-ભાત સરસ થયા. એમ અમારે કાઠિયાવાડની ભાષા કહે.

મુમુક્ષુ :- અમારે અચ્છા બોલે.

ઉત્તર :- અચ્છાને અમારે સરસ બહુ કહે. સરસ છે. સરસ છે. સારું છે એટલે રસવાળું છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કરવતથી તો બધું કપાઈ જાય.

ઉત્તર :- કરવતનું અહીં દૃષ્ટાંત છે. આ તો રાગ અને આત્મા જ્ઞાનરૂપી કરવત દ્વારા કપાય એમ કહે છે. શરીર ક્યાં કપાય? એ તો જડ.

આ તો અંતરમાં ચૈતન્ય સ્વભાવ અનંત ગુણરૂપ કેવો છે? કેમ છે? અસંખ્ય પ્રદેશ એવો પહેલો ખ્યાલ કરીને પછી વિકારનું લક્ષણ રાગાદિ છે, દયા, દાન, વ્રતાદિ એનું લક્ષણ જાણીને પછી બેની વચ્ચે જ્ઞાનસ્વભાવ તરફ ઢળતા એ બેને વિદારે એટલે જુદા પાડે છે. એમ અહીં છે. શરીરને શું છે? જુદું જ છે આ તો. આ પણ જડ છે. આહાહા..! સમજાણું કાંઈ?

અરે..! ખરા કાળ-ટાણા આવ્યા ત્યારે કર્યું નથી. કરવાના કાળ જાય પછી વલખા મારે. હાય.. હાય.. ક્યાં જશું? શું થાશે? સમજાણું? જ્યારે કરવાનો કાળ છે ત્યારે ક્યાંનો ક્યાં રોકાઈ જાય છે. આ કર્યું ને આ કર્યું ને આ કર્યું. હોળી એકલા દુઃખની. જે કરવાનું છે એના કાળ તો મનુષ્યનો દેહ ભવ છે. એમાં કરવાનું એ આ. એમાં એ પાછું જે કરવાનું છે એ રહી અને બધા નિવૃત્તિ કદાચ .. તો એ પાછા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા લેવું-દેવું એવા શુભભાવમાં વ્યવહારમાં રોકાણા. અને ત્યાં એમાં જીવન ગુમ થઈ ગયું. સમજાણું કાંઈ? જીવનને વ્યવહારના રાગથી જુદું પાડવું એ જીવનનું કર્તવ્ય છે. આહાહા..! સમજાણું?

ભેદજ્ઞાનરૂપી કરવત કીધી. જુદા તો છે પણ અનાદિથી પોતાના શુદ્ધ સત્તા સ્વભાવના સામર્થ્ય તરફની દૃષ્ટિ નથી એથી એને વિકાર ઉપર, પુણ્ય-પાપ ઉપર દૃષ્ટિ છે એથી એને બંધ અને હું બે એક ભાસે છે. ઝીણી વાત. આ તો પોટલું જુદું છે. આ તો જડનું છે ત્યાં ક્યાં તારામાં છે અને તારાથી છે? આની વાત ક્યાં છે અહીં? આ તો કપાય તો એને કાળે અને પક્ષઘાત થાય, આ થાય, જુઓને. આહાહા..! જુવાન શરીર છે મોટું લઠ જેવું જુઓને. ૬૦ વર્ષે એટલે સારું શરીર કહેવાય ને. અત્યારે તો ૭૦ ને ૮૦ હિસાબે તો ૬૦ વર્ષ નાની ઉંમર કહેવાય ને? પ્રભુભાઈ લ્યો ને આ ૬૦ વર્ષ, આટલા કરોડપતિ માણસ, બે ભાઈઓ, બેના બબ્બે છોકરા, પૈસા કેટલા, શું કહેવાય? સંચા કેટલા, દુકાનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કેટલી, શાંત ઠરેલ, કષાય મંદ કેટલો, આમ પડ્યા છે. ... મોઢામાંથી જ નખાય ને? નાક દ્વારા નાખે. ટોપરાનું પાણી, ચા, દૂધ. કહો, પરમ દિ' હજી દોઢ ડિગ્રી, કાલે સાડી નવ્વાણુ તાવ. આજે ત્રણ આવ્યો એવું સાંભળ્યું. ઉતરતો નથી. ત્રણ ડિગ્રી તાવ આવી ગયો. ડોક્ટરો કલાક બેઠા હતા. મોટા બક્ષી. શું કરે? આહાહા..! કાલે મોટો ડોક્ટર આવ્યો હતો ઓલો વારિયા મોટો. હજાર રૂપિયા લેતો હશે. કોણ જાણે એથી વધારે લેતો હશે. એક કલાક રહી ગયો. મુંબઈથી. શું ધૂળ કરે? ડોક્ટર શું કરે? ડોક્ટરનો બાપ છે અહીંયાં. બાર મહિનાથી આમ આ પ્રભુભાઈ જેવું (થયું છે). ગામમાં ડોક્ટર છે ને મોટો દસ્તુર. એનો બાપ બાર મહિનાથી અહીં છે લ્યો. કાંઈ ભાન નથી. નળી દ્વારા આપે. બાર મહિનાથી એવું ને એવું અસાધ્ય. ડોક્ટર મોટો છે હોસ્પિટલમાં.

મુમુક્ષુ :- ડોક્ટર શું કરે એમાં?

ઉત્તર :- શું કરે ડોક્ટર? આ શરીર તો જડ છે. અરે..! ટાણા ટાણા... જ્યારે ઇન્દ્રિયોમાં રોગ વધે નહિ, ઇન્દ્રિયો હાની પામે નહિ, વૃદ્ધાવસ્થા થાય નહિ ત્યાં સુધી કરી લે. નહિતર પછી નહિ થાય. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બીજા કામ આડે નવરો નથી.

ઉત્તર :- નવરો નથી. બીજા કામ કેટલા પાપના. આત્માને દુઃખમાં રઝળવાના રસ્તા ઘણાં. આહાહા..! અરે..! ભગવાન! શું કરે? આહાહા..! આમ હલોહલ પડ્યું છે શરીર જુઓને. ડોક્ટર મોટા ઉતાર્યા. પૈસાવાળા માણસ એટલે ઉતારવું તો જોઈએ ને. એમાં શું કાંઈ થાય નહિ. આ મોહનભાઈ બિચારા તાણી તાણીને બોલતા હતા. ભાઈ! હળવે હળવે.. સાંભળ્યું હતું તમે? એ તો બિચારાને અંદર આઘાત થઈ ગયેલો. પ્રભુભાઈ! મહારાજને પગે લાગો ને. પગે લાગો. આમ બોલતા હતા હળવે હળવે હોં! કીધું, આ ડોસાને ભાવ છે બિચારાને એટલો. વાત કરે. ઓલાને તો કાંઈ ચંદુભાઈ તો રાડે રાડ પાડતા હતા. હજી તો કાંઈ નહોતું થયું. બાયું.. આમ કરીને. એ વખતે ... જવાબ .. એટલે પગે લાગ્યો એટલું. એ સિવાય કાંઈ નહિ. ચેષ્ટા અને આંખમાં આસું. આંખમાંથી આંસુ પડી ગયું. મહારાજના દર્શન કરો. એકવાર આંસુ આવી જાય અને ચાર વાર હાથ ઉપાડીને. એ ખ્યાલ આવી જાય. પછી કાંઈ નહિ. જુઓ! આ શરીરની દશા. ડોક્ટર શું કરે અને રૂપિયા શું કરે? ધૂળમાંય ન કરે. મફતનો સમજે. આ તો પરદ્રવ્ય છે એનું કાર્ય એમાં છે, એમાં તું શું કર એમાં?

મુમુક્ષુ :- શરીર બગડ્યું તો જ્ઞાન બગડ્યું.

ઉત્તર :- જ્ઞાન બગડ્યું એ પોતાને કારણે બગડ્યું છે. શું શરીરને કારણે બગડ્યું છે? એ જ કહે છે કે ભાઈ! તને ખબર નથી. બાપુ! તારા મલિનપણાના દુઃખભાવ પણ તું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઊભા કરે છો. એમાં કોઈનો અધિકાર નથી. ૨૪ કલાક ૨૫-૨૫, ૫૦-૫૦, ૬૦-૬૦, ૭૦-૭૦. આ રળ્યું ને આ ખાધું ને આ પીધું ને આ કર્યું. હોળી એકલા દુઃખના ભાવ. એમાંથી કદાચિત કો'ક નિવૃત્ત થયો તો આ દયા કરું, ભક્તિ કરું, નામ સ્મરણ, પૂજા કરું, જાપ કરું એવા એવા વિકલ્પમાં રોકાઈ જાય. પણ એ રાગથી ભિન્ન આત્માને કરવો જોઈએ, જે ખાસ આત્મા છૂટો પડવાની ક્રિયા છે, એ ઉપર એણે લક્ષ આપ્યું નહિ. સમજાય છે કાંઈ? આ જુદો પાડવાની જરૂર છે એમ જરૂરિયાત પણ જાણી નથી એણે. એમ ને એમ હાલ્યો ગયો છે આંખ મીંચી કરીને. ટાણા જ્યાં આવે.. હાય.. હાય.. હવે? હવે શું થાય? જાવ મોટે પંથે. ચોર્યાસીનો મોટો પંથ છે. ત્યાં જાવ રખડી મરો હવે. હાય.. હાય..! વળી એક શેઠ આવ્યો હતો તો એવું બોલ્યો બધું કે પણ આ પૈસા ન હોય તો આવકાર ન આપે. ઓય.. આ વળી..

મુમુક્ષુ :- પૈસા .. આવકાર મળે છે.

ઉત્તર :- એ તો પૈસાવાળાને આવકાર મળે. પણ અહીં આવકારનું કામ શું છે? પૈસાનું કામ શું છે? એની સાથે કામ શું છે? આવકાર કહે ન કહે એમાં શું છે? આહાહા..! એમાં આવકાર શું છે? કાગડાને નથી કહેતા ઓલા છોકરાઓ? કાગડા રે કાગડા તારી સોનાની ચાંચ, રૂપાની ચાંચ, કોઈ મહેમાન આવે તો ઉડી જજે. એમ કરીને ઓલી ઉડાડવાની ક્રિયા છે. લ્યો આવકાર આપે છે. સોનાની ચાંચ, રૂપાની ચાંચ. પણ ઓલાને ભાન પણ નથી. આ શું બોલે છે એની છે ખબર એને? એમ આને ભાન પણ નથી કે આવકાર શું કહેવાય અને આવકાર ન શું કહેવાય? મફતનો માંડી બેઠો. આ મને આદર કરે. પણ શેનો? તું કોણ છો તો તને આદર કરે? તું તો આત્મા છો. આત્મા તો જ્ઞાનાનંદ સ્વરૂપ છે. એની એને ખબર છે કે આદર કરે? એ તો શરીરનો આદર કરે અને કાં બહારની વિભૂતિનો આદર કરે છે. શોભાલાલજી! એ આત્મા તું કોણ છો એની એને ખબર છે? તને ખબર નથી તો એને ખબર ક્યાંથી હોય? પણ તારો ક્યાં એણે આદર કર્યો. તું કોણ કે તને આદર કરે? તું તો જ્ઞાન અને આનંદસ્વરૂપ છો. રાગ છે એ તું નથી. રાગનો આદર કરે તો તારો આદર નથી.

વિશ્વ.. આવ્યું હતું ને? વિશ્વ. આવે છે ને? વિશ્વરૂપ થાય છે, નથી આવતું? એવો એક કળશ આવે છે. આમાં કળશ ગાથા આવે છે પંચાધ્યાયીમાં. વિશ્વઘાતી. વિશ્વનો જાણનાર એવા વિશ્વજ્ઞાયકને આ હું બીજાને જીવાડું, બીજાથી જીવું, કરું એ આત્મહત્યા એટલે વિશ્વઘાતી. વિશ્વજ્ઞાયકનો ઘાતિ છે. વિશ્વજ્ઞાયક-અનંત વસ્તુનો જાણનાર એવો વિશ્વનો જ્ઞાયક-એનો એ ઘાત કરે છે. સમજાણું કાંઈ? વિશ્વરૂપ નથી એ. રાગ, પુણ્ય, શરીર આદિરૂપ આત્મા નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છતાં એ રૂપે છું, એ માનીને વિશ્વજ્ઞાયક એવો ભગવાન એનો એ ઘાત કરે છે. આત્મ હનો ભવન્તિ. આહાહા..! સમજાણું કાંઈ? માર્ગ બાપા એવા છે. અપૂર્વ માર્ગ છે. એ અપૂર્વ રસ્તે હાથ આવે એવા છે. બહારની કોઈ.. જ્યાં ભાષાને ગમ્ય નથી, રાગને ગમ્ય નથી, શરીરને ગમ્ય નથી એવો ભગવાન આત્મા જ્ઞાનગમ્ય છે. સમજાણું કાંઈ?

એવો જે જ્ઞાનસહજ પરમઆનંદ વડે રસયુક્ત છે. એવું પરમજ્ઞાન કેવલ્ય. એમ કહે છે હોં! એનાથી ભેદજ્ઞાન કરતું કરતું જ્ઞાનને મુક્તિ પમાડે છે. **'અને કરવા યોગ્ય સમસ્ત કાર્યો જેણે કરી લીધાં છે...'** કૃત્યકૃત્ય થઈ ગયો. પૂર્ણ સ્વભાવ પ્રગટ થઈ ગયો. કાર્ય તો એ કરવાનું હતું એ કાર્ય થઈ ગયા હવે. પરના કાર્ય તો કરી શકતો નહોતો, રાગના કાર્ય એ પણ બંધના દુઃખદાયકના હતા. રાગથી ભિન્ન પડીને પોતાના ભાવને પરથી ભિન્ન પાડીને પોતાને પૂર્ણતાને પમાડતું જ્ઞાન આનંદ સહિત કૃતકૃત્ય થઈ ગયું. કેવળજ્ઞાન મોક્ષ થયો કૃતકૃત્ય (થઈ ગયો), હવે કાંઈ (કરવાનું) રહ્યું નહિ.

**'કરવાયોગ્ય સમસ્ત કાર્યો જેણે કરી લીધાં છે (-જેને કાંઈ કરવાનું બાકી રહ્યું નથી) એવું છે.'** એ જ્ઞાન ભગવાન આત્મા રાગથી ભિન્ન પડીને એકાકાર થઈને અનુભૂતિથી નિશ્ચિત કરીને પૂર્ણ સ્વરૂપ પ્રાપ્ત કર્યું એ કેવળજ્ઞાન અને આનંદ મોક્ષદશાને કાંઈ હવે કરવાનું રહ્યું નહિ. એકલો આનંદનો જ અનુભવ સાદિઅનંત રહે છે. કહો, સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- જ્ઞાન બંધ-પુરુષને જુદા કરીને,...'** જુઓ! બંધ એટલે રાગના પરિણામ અને પુરુષ એટલે આત્મા. બેને એટલે પુણ્ય-પાપ, આસ્રવ અને બંધ એ બધા રાગના ભાવ છે અને આત્મા ચૈતન્ય સ્વરૂપ છે. પુરુષ એટલે ચૈતન્ય સ્વભાવ. બેને જુદા કરીને, એટલે અંતરનું જ્ઞાન એને જુદા પમાડીને. **'પુરુષને મોક્ષ પમાડતું થકું,...'** આત્માની પૂર્ણ દશાને પમાડતું થકું. **'પોતાનું સંપૂર્ણ સ્વરૂપ પ્રગટ કરીને...'** લ્યો! પોતાની શક્તિનું જે સ્વરૂપ છે તેને પ્રગટરૂપે પૂર્ણ અનંત જ્ઞાન, દર્શનને પ્રગટ કરીને **'જયવંત પ્રવર્તે છે.'** એ રીતે સાદિઅનંત જયવંત કેવળજ્ઞાન વર્તે છે. એમ કહીને એમ કહ્યું કે મોક્ષ થયો એને હવે ફરીને અવતાર હોતો નથી. એને રાગ થાય ને ફરીને અવતાર થાય, ભક્તોની ભીડ માટે અવતાર લેવો પડે એવું ભગવાન પરમાત્માને મોક્ષ થયો એનું રહ્યું નથી. સમજાણું કાંઈ?

**'પોતાનું સંપૂર્ણ સ્વરૂપ...'** જુઓ! પોતાનું સંપૂર્ણ સ્વરૂપ. એમ. પોતાનો જે જ્ઞાન આનંદ સંપૂર્ણ સ્વભાવ હતો એવો જ પર્યાયમાં સંપૂર્ણ સ્વભાવ પ્રગટ કરીને જયવંત પ્રવર્તે છે. **'આમ જ્ઞાનનું સર્વોત્કૃષ્ટપણું કહેવું...'** એટલે કે જાણવું. **'તે જ મંગળવચન છે.'** એ મંગળિક કર્યું એમ કહે છે. માણેકસ્તંભ રોપ્યો મોક્ષનો અધિકાર શરૂઆત કરતા. માંડવો નાખે છે ને મંડપ? માણેકસ્તંભ. આ માણેક સ્તંભ મોક્ષમાર્ગ. મોક્ષ પમાડતું, મોક્ષમાર્ગનું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જ્ઞાન મોક્ષ પમાડતું જયવંત એમ ને એમ વર્તે છે. એવો ને એવો આત્મા સાદિઅનંત રહે છે એનું નામ જયવંત વર્તે છે. અને એ જયવંત વર્તો, એ દશા એમ ને એમ રહો, એવી જે અંદરમાં ભાવના એને મંગળ વચન અને મંગળ ભાવના કહે છે.

**'હવે મોક્ષની પ્રાપ્તિ કઈ રીતે થાય છે તે કહે છે. તેમાં પ્રથમ તો, જે જીવ બંધનો છેદ કરતો નથી પરંતુ માત્ર બંધના સ્વરૂપને જાણવાથી જ સંતુષ્ટ છે તે મોક્ષ પામતો નથી-'** આ બંધના અધિકાર કર્મ ગ્રંથ વાંચે છે ને? આ કર્મનો ગ્રંથ આ. એય.. જેઠાલાલભાઈ! આ કર્મગ્રંથમાં આ છે અને આ ઉદયમાં આ થાય, સત્તામાં આ થાય, ઉત્કર્ષમાં આ થાય. ગોખી નાખ્યું જાણે એટલું. કહે છે કે **'બંધના સ્વરૂપને જાણવાથી સંતુષ્ટ છે...'** બસ! કર્મના બંધને જાણ્યું. એમાં શું થયું પણ? એનાથી જુદો આત્મા છે એને જુદું પાડવાની ક્રિયા ન હોય તો તારા કર્મગ્રંથના વાંચન જ્ઞાનથી આત્માને શું લાભ?

મુમુક્ષુ :- વાંચતા આવડ્યું છે જ ક્યાં?

ઉત્તર :- એ બધું થઈ પડ્યું. જોવે છે. કર્મના બહુ વિચાર, કર્મનું બહુ જાણે, કર્મગ્રંથનું બહુ જાણે છે, બહુ અભ્યાસ છે. શેનો? ધૂળનો? અભ્યાસ જડનો?

મુમુક્ષુ :- કરણાનુયોગનો.

ઉત્તર :- કરણાનુયોગ શું પણ કરણાનુયોગ? એ તો પરિણામનું જ્ઞાન કરાવે છે કે આત્મા એનાથી જુદો છે. ઈ એને માટે જ્ઞાન છે.

**'બંધના સ્વરૂપને જાણવાથી જ સંતુષ્ટ છે તે મોક્ષ પામતો નથી-એમ કહે છે'**

**जह णाम को वि पुरिसो बंधणयम्हि चिरकालपडिबद्धो।**
**तिव्वं मंदसहावं कालं च वियाणदे तस्स।।२८८।।**
**जइ ण वि कुणदि च्छेदं ण मुच्वदे तेण बंधणवसो सं।**
**कालेण उ बहुगेण वि ण सो णरो पावदि विमोक्खं।।२८९।।**
**इय कम्मबंधमाणं पदेसठिइपयडिमेवमणुभागं।**
**जाणंतो वि ण मुच्चदि सो चेव जदि सुद्धो।।२९०।।**

નીચે હરિગીત.

**જ્યમ પુરુષ કો બંધન મહીં પ્રતિબદ્ધ જે ચિરકાળનો,**
**તે તીવ્ર-મંદ સ્વભાવ તેમ જ કાળ જાણે બંધનો. ૨૮૮.**
**પણ જો કરે નહિ છેદ તો ન મુકાય, બંધનવશ રહે,**
**ને કાળ બહુયે જાય તોપણ મુક્ત તે નર નહિ બને; ૨૮૯.**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**ત્યમ કર્મબંધનનાં પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગને,**
**જાણે છતાં ન મુકાય જીવ, જો શુદ્ધ તો જ મુકાય છે. ૨૯૦.**

**ટીકા** :- '**આત્મા અને બંધનું દ્વિધાકરણ...**' ભગવાન આત્મા ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ, બંધ છે એ પુણ્ય-પાપના રાગાદિ ભાવરૂપ. બેનું '**દ્વિધાકરણ (અર્થાત્ આત્મા અને બંધને જુદા જુદા કરવા) તે મોક્ષ છે.**' એ બેને જુદા પાડવા તે મોક્ષ છે. કહો, સમજાણું કાંઈ? બંધના અને આત્માના સ્વભાવને જુદું કરવું તે મોક્ષ છે. '**બંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર મોક્ષનું કારણ છે એમ કેટલાક કહે છે,...**' આપણે તો કર્મ આમ બંધાય, કર્મ આમ ઉદય આવે, કર્મની આ સત્તા થાય, એનું આ થાય. હવે ઈ થયું એ શું? એ તો પરવસ્તુ છે. એ વસ્તુનું જ્ઞાન અને આત્માનું જ્ઞાન, પરથી જુદો પાડવાનું જ્ઞાન તે દ્વિધા કરવાનું સ્થાન છે. સમજાણું કાંઈ? કર્મના અભ્યાસી બહુ હોય છે કેટલાક અત્યારે. બસ! એમાં સંતોષ થઈ જાય. બસ. વાતું એવી કરે ને ઈ. પહેલે ગુણસ્થાને આટલો ઉદય હોય, પછી આટલી સત્તા હોય, આટલું સંક્રમણ થાય, આટલું વિસ્મરણ થાય અને આટલું આ થાય અને એને માને જ્ઞાન. જડનું, બંધનું જાણે એને માને જ્ઞાન. સમજાણું કાંઈ?

'**બંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર મોક્ષનું કારણ છે (અર્થાત્ બંધના સ્વરૂપને જાણવામાત્રથી જ મોક્ષ થાય છે)...**' બસ, કર્મનું બરાબર જાણી લ્યો. પણ કર્મને જાણીને શું તારે કરવું છે શું એમાં? ત્યાં તો કાંઈ કરવાનું નથી. એને જુદું પાડવાનું કરવાનું એ તો કરતો નથી. સમજાણું કાંઈ? જુઓને, અત્યારે લાખો રૂપિયા પુસ્તકોમાં કર્મ ગ્રંથ ને ફલાણું ફલાણું. આ અમારા કર્મના બહુ જાણનાર છે. કરણાનુયોગના બહુ જાણનાર છે. કર્મગ્રંથના જાણનાર. શું થયું પણ હવે કર્મનું?

'**તે અસત્ છે;...**' કર્મની પ્રકૃતિના પ્રદેશ, આટલી સ્થિતિ, આટલો રસ, આટલો આ જ્ઞાનાવરણીયની ૩૦ ક્રોડાક્રોડીની અને મોહનીયની ૭૦ ક્રોડાક્રોડીની, દર્શન અને ચારિત્રની ૪૦ ક્રોડાક્રોડીની, આટલા પ્રદેશો, આટલી સ્થિતિ, આટલો રસ ને આટલી પ્રકૃતિ એનો સ્વભાવ. એવા બધા જાણવાથી સમ્યગ્દર્શન થશે એમ કેટલાક માને છે. '**તે અસત્ છે;...**' જૂઠું છે. એ કર્મના જાણપણાથી આત્માને સમ્યગ્દર્શન થતું નથી એમ કહે છે. સમજાણું કાંઈ? સૂયગડાંગમાં એવો શબ્દ આવે છે. .. એવું આવે છે. સમજ. શું? કે બંધનને જાણ. એવી ગાથા આવે છે. શ્વેતાંબરમાં સૂયગડાંગમાં પહેલી ગાથા આવે છે. પણ બંધને જાણ એમાં આત્મા ક્યાં આવ્યો? જાણનારને જાણે નહિ ત્યાં વળી બંધનને જાણીને શું લાભ છે તને એમાં? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જાણનારને જાણ્યો નહિ.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- જાણ્યો નહિ. એને તો જાણ્યો નહિ. જાણનાર કોણ છે આ રાગથી રહિત એની તો ખબર ન મળે. આ કર્મ આવું છે ને આ કર્મ આવું છે ને આ કર્મ આવું છે. આપણા શાસ્ત્રમાં કર્મ જેવી વાત જૈન સિવાય ક્યાંય નથી હોં કહે. ત્યારે શું પણ હવે તારે કરવું છે? એ કર્મ અને કર્મના નિમિત્તે થતા વિકાર, એનાથી ભેદ પાડવાનું કરવું એ કરવાની ક્રિયા છે. જુદું પાડવાનું કરતો નથી અને આ.. આ.. આ.. કર્યું એમાં તારા દાળીયા શું થયા તને? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- જિંદગી ખલાસ થઈ ગઈ.

ઉત્તર :- જિંદગી ખલાસ થઈ જાય. ૨૫-૨૫, ૩૦-૪૦-૫૦ વર્ષ, ૬૦ વર્ષ. કરણાનુયોગનો અભ્યાસ, કર્મનો અભ્યાસ ભારે. માન મળે. દુનિયા એમ કહે ઓહોહો..! ફડાક ફડાક જવાબ આપે કર્મના. પણ એના ખ્યાલમાં પણ હોય લ્યોને. પણ એ શું? એ તો પરનું છે. એનો ખ્યાલ છે એનાથી જુદું પાડવું છે અહીં તો. આહાહા..! સમજાણું કાંઈ? બંધમાં જ કેટલાક રોકાઈ ગયા છે. બસ! કર્મની વાત. આપણા પરમેશ્વરે વીતરાગે કર્મની વાત કરી. આઠ કર્મ. એને ૧૪૮ પ્રકૃતિ, એની આવી સ્થિતિ એક એક પ્રકૃતિની, એને આવા અનુભાગ રસ, વિપાકનો અનુભવ, વિપાક આવે એટલે આત્માને અનુભવવો પડે. એવી જાણપણાની વાતું કરે. પણ એ વાતુંમાં તારે શું આવ્યું એમાં? એમાં તો એ આવ્યું, કર્મ પાક આવે ત્યારે આપણે અનુભવવું પડે. એટલે પરાધીન થવું પડે એવું આવ્યું એમાં. સમજાણું કાંઈ? પણ કર્મના પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ, પ્રદેશ એ મારી ચીજથી જુદા છે અને એનાથી હું જુદો છું. એમ અંદરમાં ભેદ પાડીને આત્માનું જ્ઞાન કરવું એ મોક્ષનું કારણ છે. એ તો કરતો નથી ને આ પ્રકૃતિ આ અને પ્રકૃતિ આ. ડાહ્યો કહેવાય, હુશિયાર કહેવાય. બહુ આવડે છે આને હોં! કર્મ ગ્રંથ તો મોઢે છે કહે છે. કર્મ ગ્રંથ મોઢે છે ને? મોઢે છે ને? ઈ કહે છે, ભાઈ! કર્મની અનેક પ્રકૃતિઓ, એના પ્રદેશ અને એની સ્થિતિ અને એનો અનુભાગ એ જાણવામાત્રથી મોક્ષનું કારણ નથી. આહાહા..! સમજાણું?

**'કેમ કે...'** દાખલો આપે છે. **'જેમ બેડી આદિથી બંધાયેલાને બંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર બંધથી છૂટવાનું કારણ નથી...'** લાકડાની બેડીમાં નાખ્યો છે અને તાળું બંધ કર્યું. હવે એણે જાણ્યું કે આ તાળું છે, આ આમ બંધ કર્યું, આ આમ થાય, આ આમ થાય. એથી કરીને બંધ છેદાતો હશે? લાકડાની હેડ. હેડ લાકડાની હેડ થાય છે ને પહેલી? લાકડાની પહેલી હેડ કહેતા. અહીં વિંછીયામાં હતી. દરવાજામાં નહિ પ્રવેશ કરતા? હેડ હતી લાકડાની મોટી. લાકડું હોય દસ-પંદર મણનું. એમાં એક કાણું હોય એમાં નાખે ઓલાના પગ અને પછી સાંકળ બાંધી ત્યાં તાળુ દઈ દે ઓલી કોરથી, પગ નીકળે નહિ. ત્યાં વિંછીયામાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

હતું. સમજાણું? પહેલા એવું હતું. કારણ કે મોટું મકાન ન હોય, તાળું ન હોય, તોપણ છૂટો માણસ રહે, પડ્યો રહે ઓલામાં. પગ નાખ્યો હોય ને. ભાગે ક્યાં? જાય ક્યાં? મોટું પંદર મણનું લાકડું હોય ને એમાં કાણું પાડ્યું હોય અને એમાં પગ નાખે. ઓલી કોર તાળુ મારે. નીકળી શકે નહિ. હવે એનું જાણપણું કર્યું લ્યો કે આ આવું છે.. આ આવું છે... આવું છે. લાકડું આવું છે, આમ બરાબર બાંધ્યું છે, આવી કુંચી હોય તો ખુલે. એ બધું જાણ્યું. પણ જાણવાથી કાંઈ ખપાય? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- છૂટવાનો પ્રયત્ન કરે તો છૂટે.

ઉત્તર :- એને કાપવાનો પ્રયત્ન કરે બેડીનો તો છૂટે. આહાહા..!

**'કેમ કે જેમ બેડી આદિથી બંધાયેલાને બંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર બંધથી છૂટવાનું કારણ નથી...'** આ બંધન આ બેડી છે, આ લાકડું આવું છે, આ તો સીસમનું લાકડું છે, એમાં સુંવાળું લાકડું છે ને એમાં છીદ્ર પાડ્યું છે પણ સુંવાળું છે ને પગને અડતું નથી. સમજાણું? એ બંધથી છૂટવાનું કારણ નથી. **'તેમ કર્મથી બંધાયેલાને કર્મબંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર કર્મબંધથી છૂટવાનું કારણ નથી.'** લ્યો, ઠેઠ સુધી લઈ ગયા વાત. બીજાની તો વાત ક્યાં? કર્મ જે ભગવાને કીધા હોય એનું જાણપણું (હોય) એ તો પરસન્મુખનું છે. એનાથી જુદું પાડવાની ક્રિયા અને જ્ઞાન-દર્શન ન કર ત્યાં સુધી આત્મા છૂટો પડે નહિ. સમજાણું કાંઈ?

મોક્ષ છે ને? મોક્ષ છે ને? બંધ ... બંધનો અભાવ. બંધ એટલે બંધ આ કર્મ છે ને આ રાગ છે ને આમાં આ થાય. એ કર્મના જાણપણામાત્રથી કાંઈ મુક્તિ થતી નથી. અથવા સમ્યગ્દર્શન થતું નથી એમ કહે છે. આહાહા..! મુક્તિ એટલે? સમ્યગ્દર્શન જ થતું નથી. કર્મના જાણપણાથી સમ્યગ્દર્શન જ થતું નથી. એમ કહે છે. મિથ્યાત્વથી મુક્તિ છે ને એટલી? એનો બંધ છે અને આ આત્મા જ્ઞાનાનંદ છે એમ સ્વભાવ સન્મુખ જઈને રાગને ભિન્ન પાડે એવી સમ્યગ્દર્શનની ક્રિયા એ મુક્તિનું કારણ છે. સમજાણું કાંઈ?

**'કર્મથી બંધાયેલાને કર્મબંધના સ્વરૂપનું જ્ઞાનમાત્ર કર્મબંધથી છૂટવાનું કારણ નથી. આ (-આ કથનથી), જેઓ કર્મબંધના પ્રપંચના (-વિસ્તારની) રચનાના જ્ઞાનમાત્રથી સંતુષ્ટ છે...'** લ્યો! કર્મબંધનો વિસ્તાર. પ્રપંચ એટલે વિસ્તાર. ઘણે ઠેકાણે એવું આવે છે. પ્રપંચનો અર્થ વિસ્તાર. **'કર્મબંધના પ્રપંચના (-વિસ્તારની)...'** ૧૪૮ પ્રકૃતિ અને એમાં એક એક પ્રકૃતિની સ્થિતિ ભિન્ન-ભિન્ન, એના પ્રકૃતિના સ્વભાવ ભિન્ન-ભિન્ન, રસ એનો ભિન્ન-ભિન્ન, આટલો કાળ આમ થાય, ઉત્કૃષ્ટ આમ થાય, અપકૃષ્ટ આમ થાય, વિસયંમ આમ થાય, આમ થાય. સમજાણું કાંઈ? એવા કર્મબંધના વિસ્તારની રચના એના જ્ઞાનમાત્રથી સંતુષ્ટ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે '**તેમને ઉત્થાપવામાં આવે છે.**' તારી શ્રદ્ધા-જ્ઞાન ખોટું છે. એના જાણપણાથી તારી મુક્તિ ક્યાં? સમ્યગ્દર્શન એનાથી થાય છે? સમજાણું કાંઈ?

જુઓ! '**રચનાના જ્ઞાનમાત્રથી સંતુષ્ટ છે...**' એનું જાણપણું થયું એટલે આપણે તો ઓહોહો..! જીતી ગયા. આઠમા ગુણસ્થાને આમ ઉદય આવે. એની સત્તા આમ થાય, આટલી પ્રકૃતિ રહે અને આટલી સ્થિતિ આમ થાય. ઓહોહો..! આઠમા ગુણસ્થાનમાં પાંચ ભાગ છે, એના એક ભાગમાં આમ હોય અને બીજા ભાગમાં આમ હોય. સમજાણું કાંઈ? પહેલા નવમે જાય, પહેલો ક્રોધ જાય, પછી માન જાય, પછી માયા જાય, પછી લોભ રહે, પછી આમ થાય, તેમ થાય ઓહોહો..! ભારે જાણપણાવાળો લાગે છે આ. પણ જાય શી રીતે? એ તો તેં એનો ખ્યાલ કર્યો. જવાની ક્રિયાની તો તને ખબર નથી સમજાણું કાંઈ?

આખી આ ગાથાઓ પહેલી ત્રણ આ મૂકી. જોયું! બંધથી મોક્ષ કરવો છે ને? તો એકલું બંધનું જ્ઞાન કરવાથી મોક્ષ થતો નથી એમ સિદ્ધ કરે છે. કર્મના એકલા જાણપણા, બસ ઓહોહો..! ભારે આવડ્યું આને તો. આખો કર્મગ્રંથ મોઢે છે એમ કહે કેટલાક. નહિ? ત્રણ છ ગ્રંથ કર્મ મોઢે છે એને. કર્મકાંડ કર્મગ્રંથ. ગોમ્મટસાર કર્મકાંડ ને બે ભાગ આવે છે. બધું આને કંઠસ્થ છે. ગોમ્મટસારનો બહુ અભ્યાસ છે. ફલાણું બલાણું લ્યોને. એક ભુરીબાઈ હતા ઈન્દોરના, નહિ? બહુ ગોમ્મટસારનો અભ્યાસ એને.

મુમુક્ષુ :- કર્મનું જ્ઞાન...

ઉત્તર :- ના. ના. એમ કહે છે. એમાં કાંઈ માલ નથી એમ કહે છે.

એ બાઈ તો જરી ઓલી હતી. અભ્યાસી હતી બાઈ. એ તો માનતી હતી કે અત્યારે કોઈ સાધુ (નથી). એ માનતી નહોતી. સાધુને પગે નહોતી લાગતી કોઈને. ભુરીબાઈ હતા ... પડિમા-બડિમા લેતી નહોતી. પડિમા લેવાની અત્યારે લાયકાત જ નથી, હજી વસ્તુ તો સમજ. એક એ હતી અને ઓલો પન્નાલાલ ગોધવ, નહિ? હતા. એ પણ કોઈને માનતા નહોતા. એ કહે કે ત્યારે વ્રતાદિનું.. હજી સમ્યગ્દર્શન શું છે એનું જ્યાં ભાન નથી એ લોકો આ વ્રત લઈને બેસે છે એ બધો અનર્થ કરે છે. એને વળી છેલ્લે જરી બે પડિમા લેવી પડી. આ સમાજની શૈલી એવી છે ને. સમાજમાં રહેવું અને સમાજને અનુકૂળતા ન રહે તો માણસને જાણે કાંઈક થઈ રહ્યું આ.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ના. ના. અહીં ક્યાં? આ તો ઓલામાં છે ને? જુઓને! આ બધો કાંઈક કાગળ આવ્યો હતો. ઓલાએ વખાણ કર્યા છે નથુલાલના, બધાને .. પડે. .. બધામાં ભળવું પડે એને. પાંચ-પાંચ હજાર માણસ ભેગા થયા હોય ને આપણે... શું હતું પણ? હજી વસ્તુ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શું હતી? કહો, સમજાણું કાંઈ? એ રાગ ને પુણ્ય ને કર્મથી ભિન્ન છે એને ભિન્ન છે એવું એકલું જાણ્યું એમાંથી વળે એવું નથી એમ કહે છે. ભિન્ન પાડવાની અંદર ક્રિયા કર તો જુદા પડે એવું છે. આહાહા..! સમજાણું કાંઈ? બબ્બે મહિનાના સંથારા હોય, ક્ષુલ્લક થઈને સૂકાઈ જાય પણ આત્મા અને રાગની ક્રિયા (જુદી જાણી નહિ). રાગ મારું સ્વરૂપ જ નથી. પંચ મહાવ્રતનો વિકલ્પ તે કર્મજન્ય ઉપાધિ છે. સમજાણું કાંઈ? આહાહા..!

પંચાધ્યાયી તો કહે છે ને એમાં કે વ્રતના પરિણામ કર્મજન્ય ઉપાધિ અનિષ્ટ કાર્ય છે. અનિષ્ટ કાર્ય છે એમ લખ્યું છે. એઈ..! હવે આ તો ઈષ્ટકારી અને એ જ મોક્ષનો માર્ગ છે લ્યો. વ્રત છે ને વ્રત? પંચ મહાવ્રતનો વિકલ્પ રાગ તે કર્મજન્ય ઉપાધિ છે, અનિષ્ટ કાર્ય છે. રાગ છે ને? એ તો કહે, કેમ ત્યારે (કુંદકુંદાચાર્યદેવે) પંચ મહાવ્રત પાળ્યા? અરે..! પાળ્યા નથી. સાંભળને હવે. આહાહા..! હતા એને જાણ્યા હતા. આ ભૂમિકાએ આવો રાગ હોય છે. સમજાણું કાંઈ? અરે..! એ રાગની ક્રિયા અને આત્માની ક્રિયા બે જુદી છે એમ જાણપણાના ભેદ પાડ્યા વિના કોઈ દિ' સમ્યગ્દર્શન થાય નહિ. ચારિત્ર તો ક્યાંથી થાય? સમજાણું કાંઈ? ચારિત્ર તો પુણ્ય-પાપના રાગથી ચૈતન્યના સ્વભાવને ભિન્ન જાણ્યા પછી સ્વરૂપ શુદ્ધમાં ઠરવું, રમવું એનું નામ ચારિત્ર છે. આહાહા..! વીતરાગમાર્ગ પરમેશ્વરનો શુદ્ધ માર્ગ. એને મૂળ માર્ગના રસ્તાને અટકાવી દીધા અને બહારથી મનાવી દીધું બધું. માર્ગમાં બીજું ન ચાલે. ભાઈ! માર્ગ તો એવો છે.

કહે છે કે કર્મના જાણપણા કરીને અટકી જાય અને એમાં સંતોષ માને કે આપણે બહુ થઈ ગયું. એમ બંધનું જ્ઞાન કરીને. એનો અર્થ એમ છે અહીંયાં. બંધન છે મારે, આમ છે ને તેમ છે. હવે બંધ છે તો શું કરવું છે તારે? બંધથી છૂટવું છે કે બંધનું જ્ઞાન કરીને ત્યાં ને ત્યાં અટકવું છે?

**'કર્મબંધના પ્રપંચની (-વિસ્તારની) રચનાના જ્ઞાનમાત્રથી સંતુષ્ટ છે તેમને ઉત્થાપવામાં આવ્યા છે.'** કર્મગ્રંથનો અભ્યાસ અને તને મુક્તિનું કારણ સમકિતનું થાશે. ખોટી વાત છે તારી. એમ કહે છે. આત્મા શુદ્ધ ચિદાનંદ મૂર્તિ તેની સન્મુખ જઈને આત્માનું જ્ઞાન કર. ત્યારે સમ્યગ્દર્શન થાય અને મિથ્યાત્વનો નાશ થાય. એ ક્રિયા આત્માની છે, બીજી કોઈ ક્રિયા છે નહિ. આકરું કામ છે જગતને.

**'ભાવાર્થ :- બંધનું સ્વરૂપ જાણવાથી જ મોક્ષ છે એમ કોઈ અન્યમતી માને છે.'** જૈનદર્શનને નહિ માનનારા. જૈનદર્શન એટલે? ભલે જૈનમાં પડ્યા હોય પણ વીતરાગ ભાવને નહિ માનનારા કે રાગથી ભિન્ન પડવું તે વીતરાગભાવ તે મુક્તિનું કારણ છે. બંધનું જ્ઞાન એ કાંઈ મુક્તિનું કારણ નથી. એમ માનનારા જૈનમાં પણ જો હોય તોપણ એ બધા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અન્યમતિ છે. '**તેમની માન્યતાનું આ કથનથી નિરાકરણ જાણવું. જાણવામાત્રથી જ બંધ નથી કપાતો,...**' બેડીનો દાખલો આપ્યો ને? બેડીને જાણી, તાળુ માર્યું છે, આમ છે ને તેમ છે. એથી કાંઈ છૂટું થવાય. '**બંધ તો કાપવાથી જ કપાય છે.**' એ બેને જુદા પાડવાથી છૂટા પડે. બાકી એક માનીને જાણપણું કરવાથી કાંઈ છૂટા પડતા નથી. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**ભાદરવા વદ ૧૫, મંગળવાર તા. ૩-૧૦-૧૯૬૭**
**ગાથા-૨૯૧-૨૯૨, પ્રવચન-૩૫૪**

મોક્ષ અધિકાર. સમયસાર. ૨૯૧ ગાથા.

**'બંધના વિચાર કર્યા કરવાથી પણ બંધ કપાતો નથી એમ હવે કહે છે :'** પહેલા એમ કહ્યું હતું કે આત્માને બંધનું જ્ઞાન થાય. બંધનું જ્ઞાન. આ કર્મ છે અને એમાં બંધન છે અને એમાં પ્રકૃતિ અને સ્થિતિ ને એવું જે ભગવાને કહ્યું એવું હોં. એવું કર્મના બંધનું જ્ઞાન થાય એથી કરીને કાંઈ ધર્મ થાય અને કર્મનો છેદ થાય એમ છે નહિ. સમજાણું કાંઈ? અહીંયાં તો કહે છે કે કર્મના બંધનો વિચાર કર્યા કરે-શુભભાવ, તોપણ એ કાંઈ બંધના છેદનું કારણ નથી. એનાથી પણ બંધ છેદ ન થાય. એ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ઓલું બંધનું જ્ઞાન હતું. હવે બંધની વિચારણા કરે છે આ-શુભભાવ. જ્ઞાન હતું એ જ્ઞાન સંબંધીનો શુભભાવ હતો. આ હવે બંધ તૂટે તો સારું, આ થાય એના વિકલ્પો કર્યા કરે.

મુમુક્ષુ :- બેમાંથી સારો ક્યો?

ઉત્તર :- સારો-બારો એકેય નથી સારો. અહીંયાં તો...

મુમુક્ષુ :- .. વધ્યો ને?

ઉત્તર :- ના. વધ્યો-બધ્યો કાંઈ નથી.

આ આત્મા અંદર જ્ઞાનાનંદ સ્વરૂપ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. એના અંતર સન્મુખ થયા વિના રાગનું છેદન કોઈ રીતે થાય નહિ. એટલે મિથ્યાત્વનો નાશ ન થાય ત્યારે વળી બીજો શેનો નાશ થાય? આ બીજાની દયા, દાન, ભક્તિ, વ્રત આદિના પરિણામ તો શુભ પુણ્ય છે. એ કાંઈ ધર્મ છે નહિ. તેમ તે કરતાં કરતાં ધર્મ થશે એમ પણ નથી. ઝીણી વાત છે.

અહીં તો એ બધી વાત કરી ગયા પછી આ બંધનો એકલો વિચાર કરે. શાસ્ત્રમાં કર્મની વાત કરી છે ભગવાને. આઠ કર્મ છે એની પ્રકૃતિઓ, એનું આ, એનો વિચાર કરે. તોપણ એ કહે છે કે અંદરના બંધના વિચારમાં આવ્યો તોપણ શુભભાવ છે ઈ, એમ કહે છે. બીજાનું કરી દઉં કે આ બીજાથી મારામાં થાય એ તો તદ્દન વિપરીત બુદ્ધિ છે. શેઠી! આત્મા બીજા આત્માનું કાંઈક ભલું કરી દે કે ભૂંડુ કરી દે એવું આત્મામાં છે નહિ. કેમ કે એ સ્વતંત્ર પદાર્થ છે. એનું સારું-નરસું બીજો કોણ કરે? એટલે પહેલા એ પુણ્ય-પાપ આદિ અધિકારમાં

એ વાત તો નિષેધ થઈ ગઈ છે. પણ પોતે આત્મા, એને જે બંધ છે અંદર નજીકમાં કર્મ. એનો વિચાર કર્યા કરે તોપણ બંધથી છેદાય નહિ. એ કહે છે, જુઓ!

૨૯૧ ગાથા.

**जह बंधे चिंतंतो बंधणबद्धो ण पावदि विमोक्खं।**
**तह बंधे चिंतंतो जीवो वि ण पावदि विमोक्खं।।२९१।।**

નીચે હરિગીત.

**બંધન મહીં જે બદ્ધ તે નહિ બંધ ચિંતાથી છૂટે,**
**ત્યમ જીવ પણ બંધો તણી ચિંતા કર્યાથી નવ છૂટે. ૨૯૧.**

'**ટીકા :- બંધ સંબંધી વિચારશૃંખલા મોક્ષનું કારણ છે એમ બીજા કેટલાક કહે છે,...**' આપણે કર્મના વિચાર કરો, કર્મ કેવું છે એની સ્થિતિ એને તોડવું, એને આમ છૂટે, એનું આમ થાય એવા વિકલ્પો કર્યા કરે. સમજાય છે? કર્મ સંબંધીના વિકલ્પોથી આપણને મોક્ષ થશે. એમ કેટલાક કહે છે. '**તે પણ અસત્ છે;...**'

મુમુક્ષુ :- વિકલ્પ કરીએ તો...

ઉત્તર :- વિકલ્પ તો પુણ્ય છે, શુભભાવ છે, બંધનું કારણ છે.

મુમુક્ષુ :- વિકલ્પ કરે પછી ઉપાય કરે ને?

ઉત્તર :- વિકલ્પ કરે તો ઉપાય કરે? બંધનો ભાવ કરે તો ઉપાય કરે અબંધભાવ? એવું ક્યાંથી આવ્યું? શેઠી! એ વાત ખોટી છે એમ કહે છે.

પરની દયાના ભાવ, નહિ મારવાના ભાવ આદિ છે એ બધા શુભભાવ પુણ્ય છે. ધર્મ નહિ. એ કરતાં કરતાં આત્મામાં ધર્મ થશે એમ પણ નથી. અનંત કાળથી એણે ધર્મ કેમ કરવો એની વાત એને અંતરમાં રુચિ નથી. સમજાણું કાંઈ? અહીંયાં તો અંદરમાં હવે આવ્યા. જે ભગવાન કેવળજ્ઞાની પરમેશ્વરે કર્મનો બંધ કહ્યો, એની પ્રકૃતિ.. જેવું ભગવાને કીધું એવું. એનો વિચાર કર્યા કરે. '**બંધ સંબંધી વિચારશૃંખલા...**' શૃંખલા એટલે પરંપરા. સાંકળની જેમ. સાંકળ હોય ને મકોડા એક પછી એક એમ વિચાર કર્યા કરે. આ બંધ તૂટે, આનું આમ થાય અને આનું આમ થાય. મનસુખભાઈ નથી ત્યાં .. ચાલ્યું નહિ? મનસુખભાઈ હતા તો ચાલતું હતું. કહો, સમજાણું?

'**બંધ સંબંધી વિચારશૃંખલા મોક્ષનું કારણ છે. એમ બીજા કેટલાક કહે છે,...**' બધા એમ જ કહે છે ને ઘણાં? આપણે આ કરો, દયા પાળો, ભક્તિ કરો, પૂજા કરો, વ્રત પાળો આ કરો અને કર્મ સંબંધી વિચાર કરો, પછી શુભભાવથી આપણે (આગળ વધશું). પહેલું એ શુભ કરશું, પછી આત્માનું ચિંતવન થશે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- એ સાધન છે ને.

ઉત્તર :- સાધન ધૂળેય નથી. ઈ કહે છે, એના માટે તો વાત કરે છે. એ તો પરલક્ષી શુભભાવ વિકાર છે. એ આત્માને સમ્યગ્દર્શન પામવા માટે પણ એ કારણ નથી. ભાઈ! ધર્મ એવી ચીજ છે કે જગતને (મળી નથી). અનંત કાળમાં અનંતા જન્મ-મરણ કર્યા, અનંતા જન્મ-મરણ જુઓને. દુઃખી... દુઃખી... દુઃખી. સહેજ પ્રતિકૂળતા આવે ત્યાં કેટલું થઈ જાય છે!

મુમુક્ષુ :- આ પણ પરલક્ષી વિચાર છે.

ઉત્તર :- પરલક્ષી વિચાર છે. પરલક્ષી વિચાર, કર્મના વિચારમાં કર્મ તો અહીં રહ્યા એની પાસે. હવે એનો વિચાર શાસ્ત્રમાં ભગવાને કહ્યા કર્મ, એનો વિચાર કરે અંદર કે આ કર્મ છે, એનું આમ છે, એની સ્થિતિ છે. બીજાની વાત એક કોર છોડી દો. હવે તો કહે છે. દયા ને ફલાણું એ તો શુભભાવ. એ નહિ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- મહાબંધ અધિકાર... આ કહે છે ને મહાબંધ અધિકાર. મોટું હમણાં બહાર પાડ્યું છે. સવારમાં આવ્યું હતું ઓલામાં આપણે. મહાબંધ અધિકાર. ગમે તેવો બંધ અધિકાર (હોય), બંધનો વિચાર અને બંધનું જ્ઞાન બેય બંધના કારણ છે. સમજાણું કાંઈ? સવારમાં આવ્યું નહોતું? કર્મ એ અજીવ છે. અજીવમાં જ્ઞાન નથી, એમાં સુખ નથી. અને કર્મના જ્ઞાન કરનારને પણ જ્ઞાન નથી અને સુખ નથી.

મુમુક્ષુ :- એ તો પુદ્ગલનું લખ્યું હતું, એમાં કર્મ ક્યાં આવ્યું?

ઉત્તર :- તો એમાં કર્મ ન આવ્યું? પુદ્ગલમાં કર્મ નહિ આવતું હોય, નહિ? આ માટી છે, જડ છે, પુદ્ગલ છે. એ પુદ્ગલ છે. અજીવ પુદ્ગલ છે. પુદ્ગલ જે કર્મ છે, આઠ, તે પુદ્ગલ છે, જડ છે, રજકણ માટી ધૂળ છે ઝીણી. આ જાડી ધૂળ છે. ઓલી ઝીણી છે. એનામાં જ્ઞાન નથી અને એમાં સુખ નથી. એને જાણનારને જ્ઞાન અને સુખ નથી. એ તો પરલક્ષી છે. કહો, શેઠી! શેઠ! સમજાય છે આ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શરીર સારું રાખે તો જ્ઞાન-ધ્યાન કરી શકે. દવાઓ-બવાઓ બહુ કરે છે ને એટલે સારું ધૂળેય ન રહે. આ રહે તો એનાથી જ્ઞાન ન થાય. એય.. શોભાલાલજી! બહુ દવાઓ કરે છે ને આની.. આની.. પછી ઊંઘેય આવે નહિ રાત્રે, બહુ ઓલી એક ગરમ થાય દવા. વળી એની ગોળી લેવી પડે. શરીર ઠીક હોય તો ધર્મ થઈ શકે? ના. ના. એમ કહે છે. આ તો જડ-માટી-ધૂળ છે.

મુમુક્ષુ :- શરીર સારું રહે તો ઉપયોગ સારો રહે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- ઉપયોગ સારો રહે તો શરીરને લઈને ઉપયોગ રહેતો હશે? એ વળી બીજા આવ્યા. એને બહુ છે. એ સવારથી સાંજ સુધી બધું રાખે છે બહુ. વળી જ્યોતિષી છે એ. જ્યોતિષનું લાકડું મોટું છે એને.

મુમુક્ષુ :- જવા-આવવામાં

ઉત્તર :- જવામાં બરાબર ધ્યાન રાખે. જ્યોતિષ ક્યારે અહીંથી નીકળવું એ બધું કહે. કહો, સમજાણું આમાં? ઓપરેશન કરવું હોય તો જ્યોતિષ જોઈને જવાય. કારણ કે કોણ જાણે કેમ થાશે? એ તો થવાનું હશે તે થાશે. કાંઈ જ્યોતિષ જોયે ફરે એવું નથી. એય.. શોભાલાલજી! અહીં તો ભાઈ સીધી વાત છે.

મુમુક્ષુ :- પ્રતિષ્ઠામાં આપણે જ્યોતિષ જોવડાવીએ છીએ.

ઉત્તર :- એ તો સહેજે આવે. એમાં જોવું શું હતું? એ તો સહેજે જોવે એમાં શું છે? એથી કરીને શું થયું?

એ તો અમારે પહેલું ૬૮ની સાલમાં પહેલા પૂછયું હતું. ત્યારે એ લોકોએ દસ નક્ષત્રમાં જ્ઞાનવૃદ્ધિ કરાય એમ સંભળાવ્યું હતું. (સંવત) ૧૯૬૮. વૈશાખ મહિનો. .. દસ ઠાણંગ આવે છે. ઠાણંગના દસમે ઠાણે આ શ્વેતાબંરમાં. શ્વેતાંબરમાં આવે છે. દસ નક્ષત્રો જ્ઞાન વૃદ્ધિ કરાય. એમ બોલ્યા હતા એ. એ વખતે જોયું હતું. આપણે કે દિ' ત્યાં જોયું હતું? પહેલા વહેલા પાલેજ જોયું હતું. આદ્રા નક્ષત્ર કે કાંઈક નક્ષત્ર હતું કે આ જ્ઞાન વૃદ્ધિ કરાય. આપો પહેલું. ... કીધું, અર્થ સમજ્યા વિના નહિ બોલીએ અને ગોખીએ અમે. અર્થ સમજાવતા જાવ. ૬૮. કેટલા વર્ષ થયા? ૫૫ ઉપર આ ૫૬ ચાલે છે. ૬૮નો વૈશાખ માસ. અર્થ સમજ્યા વિના બોલતા હશે એ ચાર. આમ આમ ભણાવે તો આમ થાય. બધી લપ તો હોય ને વ્યવહારની. પણ એ તો આવે ને વ્યવહાર વખતે. પણ એથી કરીને ત્યાં આદ્રા .. ભણે તો જ્ઞાન વધી જાય એમ છે નહિ.

મુમુક્ષુ :- વધી ગયું ને પણ.

ઉત્તર :- વધ્યા. એને લઈને વધ્યા હશે. કહો, શેઠી! અને એ વખતે બોલ્યા હતા પહેલું કે આ વિદ્વાન થાશે. ઠીક. એને લઈને થયા હશે?

અહીં તો કહે છે કે આત્મા આનંદકંદ સચ્ચિદાનંદ શુદ્ધ ચૈતન્ય છે એનું અંતરમાં પુણ્ય-પાપ અને રાગથી ભિન્ન પડીને આત્માનું જ્ઞાન કરે તેને જ્ઞાન થાય. બાકી બધાને થોથાં છે. કહો, શેઠી! કહો, સમજાણું કાંઈ?

'**બંધ સંબંધી વિચારશૃંખલા...**' શૃંખલા એટલે પરિપાટી. સાંકળ, સાંકળ હોય ને સાંકળ? સાંકળ સમજો છો? લોઢાની. એક મકોડા. એ '**મોક્ષનું કારણ છે એમ બીજા કેટલાક**

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**કહે છે તે પણ અસત્ છે; કર્મથી બંધાયેલાને બંધ સંબંધ વિચારની શૃંખલા મોક્ષનું કારણ નથી,...**' કહો, કર્મ સંબંધીનું જ્ઞાન અને કર્મ સંબંધીનો વિચાર બેય મોક્ષનું કારણ નથી.

મુમુક્ષુ :- વિચાર જ્ઞાનની પર્યાય છે.

ઉત્તર :- વિચાર નહિ, રાગ એની સાથે છે. વિચાર જ્ઞાનની છે ભલે, જ્ઞાન તો પરલક્ષી જ્ઞાન છે. સ્વલક્ષી જ્ઞાન ક્યાં છે ઈ? સમજાય છે કાંઈ?

'**કેમ કે જેમ બેડી આદિથી બંધાયેલાને...**' બેડી બેડી હોયને લોઢાની? કે લાકડાની. બેડીમાં બંધાયેલો હોય '**તે બંધ સંબંધી વિચારશૃંખલા (-વિચારની પરંપરા) બંધથી છૂટવાનું કારણ નથી...**' એ બેડીનો વિચાર કર્યા કરે કે આ બેડી આવી છે અને પછી આમ છૂટે ને ફલાણું થાય ને ઢીંકણું થાય. એથી બેડી કપાય જાય? બેડી સમજો છો? લોઢાની. '**તેમ કર્મથી બંધાયેલાને...**' આઠ કર્મ બંધાયેલા જડ પડ્યા છે એને કર્મ બંધ સંબંધી વિચારની પરંપરા કર્મ સંબંધી છૂટવાનું કારણ નથી. આહાહા..! આને કર્મ સુધી જ્ઞાન આવ્યું, મહાબંધનું જ્ઞાન છે, ફલાણાનું જ્ઞાન છે, ઢીકણાનું જ્ઞાન છે. મહાબંધનું જ્ઞાન છે ને. એમાં શું છે મહાબંધ? પરવસ્તુ. આત્મા પોતે શું છે? અંદર જ્ઞાનાનંદ સ્વભાવ છે. એ જ્ઞાનનું જ્ઞાન અંતર કર્યા વિના કોઈ દિ' બંધનું કારણ છૂટે નહિ. બંધન છૂટે નહિ અને અંતર જ્ઞાનનું જ્ઞાન કરે એ બંધ છૂટવાનો ઉપાય છે. બંધ એટલે મિથ્યાત્વ પહેલું તો હોં! પહેલું મિથ્યાત્વનું છે ને બંધન? એ મિથ્યાદષ્ટિ એટલે કાંઈ જૈનમાં જન્મી ગયો એટલે આવી ગયો માટે જૈન થઈ ગયો એમ નથી કાંઈ એ. મિથ્યાદષ્ટિ છે એ જૈનમાં રહ્યા. રાગને, પુણ્યને, દયા-દાનના પરિણામને ધર્મ માને અથવા આ કરતા કરતા આત્મામાં ચિંતવનમાં ઉતરવાનું એ સાધન છે એમ માને એ બધા મિથ્યાદષ્ટિ મૂઢ અજ્ઞાની છે. મૂઢ અજ્ઞાની છે પાઠમાં. એ મિથ્યાદષ્ટિ છે માટે મૂઢ અને અજ્ઞાની છે. એમ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- જૈન ક્યાં છે? નામ નાખે એટલે જૈન થઈ ગયો? જૈન સમાજ ભુષણ, જૈનના અગ્રેસર, ઢીકણા, ફીકણા કહેવાય. ધૂળેય નથી. શેઠ! અહીં તો ભાઈ એવી રોકડ ચીજ છે. શેઠિયા મોટા કહેવાય જૈનના. જૈન શું છે એની ખબર નથી. જૈન કોઈ સંપ્રદાય નથી. આત્મા અંદર જ્ઞાનાનંદ પ્રભુ અનંત ગુણનો પિંડ છે એ જ પોતે રાગ અને અજ્ઞાનને જીતવાનો સ્વભાવ રાખે છે. એવો ભગવાન આત્મા એની શ્રદ્ધા અનુભવમાં આવે ત્યારે તેને જૈન કહેવામાં આવે છે. બાકી વાડાના જૈન તો અનંત વાર થયા, સાધુ અનંત વાર થયો, નવમી ગ્રૈવેયકે ગયો નગ્ન દિગંબર (થઈને). હજારો રાણીનો ત્યાગ કરી નગ્ન દિગંબર, અઠ્યાવીશ મૂળગુણનો

પાળનાર, પંચ મહાવ્રતનો પાળનાર એ તો શુભભાવ છે, પુણ્ય છે. એ કાંઈ ધર્મ નથી.

મુમુક્ષુ :- એ તો પ્રતિમાને માનતો હોય.

ઉત્તર :- પ્રતિમાને માનતો હોય એ. એ કહેતા હતા તે દી. પ્રતિમાને માનનારા હતા એ પણ અનંત વાર થયા નથી? નવા થયા છે? અમારે હિરાજી મહારાજે કહ્યું હતું. જ્યારે ઓલો કેવળજ્ઞાનનો ફેર પડ્યોને જ્યારે? કીધું, આ મોટી ભૂલ છે. .. પ્રતિમા માને, હિંસા માને તો ભૂલ છે. કીધું નહિ. નવમી ગ્રૈવેયેકે ગયો અનંત વાર, આવી આવી ભૂલો રહી ગઈ છે મૂળ. જ્ઞાનનું પૂર્ણ રૂપ શું છે? ભગવાન કોણ છે એની શ્રદ્ધાનું ભાન નથી. માટે કીધું, રહી ગયો છે. નહિ. હીરાજી મહારાજ બિચારા.... બહાર છોડીને વયા ગયા હતા એક દિ, ત્યારે રોકવા માટે બહુ મીઠાશથી બોલે બિચારા. નહિ. એ વાત નથી આપણને પાલવતી, કીધું.

કેવળજ્ઞાની પરમાત્મા એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણે. એવા ભગવાનનું જ્ઞાન જેને અંતરમાં બેસે એને ભવ હોય? એને હોઈ શકે જ નહિ. અને ભગવાનની વાણી આવી હોય નહિ, કીધું. આવી વાણી જ હોય નહિ. અમે કહીએ છીએ, નવ કોટીએ બ્રહ્મચર્ય પાળો, નવ વાડે બ્રહ્મચર્ય પાળો તો સંસાર નહિ છૂટે એવી વાત.. એનું તો એમ કે ગમે તેવો ધર્મ કરો તો ન છૂટે. પણ એ ક્રિયા જ વિકલ્પની છે. ધર્મ કરે અને સંસાર ન તૂટે તો પછી ધર્મ કરે કોણ? પણ ધર્મ કહેવો કોને? એ દયા, દાન, વ્રત, પચ્ચખાણ, પૂજા એ બધો શુભભાવ છે. ધર્મ નહિ. અને એ કરશે તો એને આત્મ ચિંતવનનો વખત મળશે એમ નહિ. શેઠી! અનંત કાળથી મોટા શલ્ય નાખ્યા છે. પોતાનું કેમ કરવું એની ખબર ન મળે અને બીજાનું કરી દઉં જાણે. કેમ શેઠ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં પણ સાધન કોને કહેવું? સાધન છે જ નહિ. સાધન પોતાના શુદ્ધ ચૈતન્યમૂર્તિમાં સાધન નામનો ગુણ પડ્યો છે.

મુમુક્ષુ :- વ્યવહારની વાત આપ કરો છો ને.

ઉત્તર :- પણ વ્યવહાર ક્યાં છે? આ સાધન કરે તો રાગની મંદતાને વ્યવહાર નિમિત્ત સાધનનો આરોપ દેવામાં આવે છે. એવી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ તો આરોપ પછી (આવે). અહીંયાં હોય ત્યારે ને. એ વિના આરોપ કોની માથે આવે? કોથળો. માલ વિના કોથળા શેના? તો પછી આરોપ આવે. .. વિના આરોપ કોનો? એથી તો આ જુઓને અત્યારે આ નાખ્યું છે. બંધ એનું જ્ઞાન. બીજું તો

ક્યાંય કાઢી નાખ્યું આગળ. વ્રત ને નિયમ ને પચ્ચખાણ ને આ ને તે, એ તો બધા વિકલ્પ રાગ છે, પુણ્ય છે, એ કાંઈ ધર્મ નથી. એ તો બંધનું કારણ છે. પુણ્ય બંધાય છે અને મિથ્યાત્વ સાથે છે. કારણ કે એનાથી માને છે કે આ મને ધર્મ થશે. હળવે હળવે (થાશે). (એ તો) મિથ્યાત્વ સાથે મહા અનંતુ પાપ મિથ્યાત્વનું છે. કહો, સમજાણું કાંઈ?

કહે છે, '**તેમ કર્મથી બંધાયેલાને કર્મબંધ સંબંધી વિચારશૃંખલા કર્મબંધથી છૂટવાનું કારણ નથી. આથી (-આ કથનથી), કર્મબંધ સંબંધી વિચારશૃંખલાત્મક વિશુદ્ધ (-શુભ) ધર્મધ્યાન...**' દેખો! વિશુદ્ધ ધર્મધ્યાન કીધું એને. પણ છે બંધનું કારણ. શું કીધું? વિશુદ્ધ ધર્મધ્યાન. જુઓ! શુભ પરિણામને વિશુદ્ધ કહ્યા અહીંયાં. વિશુદ્ધિ નહિ હોં! વિશુદ્ધ. એ વિશુદ્ધ શુભભાવ છે, એ પુણ્ય છે, એ ધર્મ નથી. એ કરતા કરતા આત્માને ધર્મ થશે એમ નથી. એ પુણ્યભાવથી જુદો પડીને અંતરના આત્માનો અનુભવ કરે તો ધર્મ થાય નહિતર ત્રણ કાળમાં ધર્મ થતો નથી. એવી વાતું છે, ભાઈ! એણે અનંત કાળમાં પોતાની દયા કરી નથી. આત્મકૃપા એને કરી નથી. આહાહા..!

જુઓને! પ્રભુભાઈ પડ્યા છે બિચારા આમ. આહાહા..! જોઈને આમ થાય.. જોયું. કરોડોપતિ માણસ છે. બે ભાઈઓ છે. બેને એકબીજાને એવા પ્રેમ. રતિભાઈ કહે, ભાઈ! બોલોને. ભાઈ! શું પણ કોણ ભાઈ ત્યાં હતો? આહાહા..! એમ બોલતા હતા બિચારા હોં. પ્રભુભાઈ! પ્રભુભાઈ! બોલોને. પછી છેવટે કહે, ભાઈ! મહારાજ છે. પછી બપોરે સાત વાગે થોડી એ વખતે થોડી એક (સુધ) આવી ગઈ આટલી. નમૂનો જોગાનુજોગ ગયા અને મેળ ખાઈ ગયો બાકી .. એને ખ્યાલ આવી ગયો. મહારાજ આવ્યા છે સોનગઢથી. દર્શન કર્યા. આંખમાંથી આંસુ પડી ગયા. હવે મોટું વાઘ જેવું શરીર છે મોટું. ખાધે-પીધે ગૃહસ્થ માણસ, કરોડપતિ માણસ. શું કરે? ધૂળ-પૈસા શું કરે ત્યાં? શરીર શું કરે? ધૂળ ત્યાં તે આત્મામાં અંદર (ગરી ગઈ છે?)

ભગવાન આત્મા અંદર નિરાળો ચૈતન્ય પ્રભુ છે. એની અંતરમાં સંભાળ ન કરે અને એની સામું જોઈને રાગથી ભિન્ન ન પાડે, પુણ્યના વિકલ્પથી ભિન્ન ન પાડે તો મિથ્યાત્વનો નાશ એને થાય નહિ. એ વાત છે. મિથ્યાત્વ બંધન છે ને? સમજાણું કાંઈ? આહાહા..! દેખાવ એવો વૈરાગ્ય લાગે. મોહનભાઈ બિચારા (કહેતા) હોં હળવે... હળવે... હવે ઓલા તાણીને તાણીને બોલે તો જવાબ ન દે. મોહનભાઈ બિચારા વૃદ્ધ માણસ. ભાઈ! પગે લાગોને. મહારાજ આવ્યા છે. આવું બોલે હળવે હળવે. બિચારાને અવસ્થા ને.

મુમુક્ષુ :- શક્તિ નહિ.

ઉત્તર :- શક્તિ નહિ ને આઘાત લાગેલો. અંદર આઘાત છે આઘાત. ભાઈ! પગે લાગોને.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમ હળવે હળવે બોલે. ઓલો તો અસાધ્ય છે. શું કરે છે રાગ?

લક્ષ્મણજી સાથે થયું હતું ને લક્ષ્મણને. ત્યારે રામ પણ એમ કરતા. શક્તિ વાગી હતી ને લક્ષ્મણને રાવણની. ભાઈ! જવાબ તો આપો. ઈ ગાતા તે દિ' પહેલા.

આવ્યા હતા ત્યારે ત્રણ જણા અને જાશું એકા એક.
માતાજી ખબરું પૂછશે ત્યાં શું શું ઉત્તર દઈશ લક્ષ્મણ.
જાગને રે જીવ બંધવ બોલ દે એકવાર જી.

એકવાર બોલ. રામચંદ્રજી પુરુષોત્તમ પુરુષ એ ભવમાં મોક્ષ જનાર છે. આહાહા..! નાનાભાઈ ઉપર પ્રેમ. એને શક્તિ વાગી છે તો મૂર્છા થઈ ગઈ છે. મૂર્છા થઈ ગઈ. કાંઈ ખબર ન પડે. ચળભળ.. ચળભળ.. મોટા તંબુ. વાસુદેવ. કરોડો મનુષ્યો છે એની પાસે સેવામાં. તંબુ મોટામાં આમ .. રામચંદ્રજી કરે છે, ભાઈ! ત્રણ જણા આવ્યા હતા વનમાં. આ સીતાજીને એ લઈ ગયો, તું આ થાય. હું એકલો જઈશ, માતાજી પૂછશે તો શું જવાબ દઈશ? સમજાણું? એવું બધું ગાતા હતા તે દિ' ભાઈ! પડિક્કમણું કરીએ ને?

મુમુક્ષુ :- પડિક્કમણા પછી બોલે?

ઉત્તર :- પછી આ બોલે. બીજું તો કાંઈ જ્ઞાન નહોતું તે દિ' તો. આવું ગાઈએ તો સાંભળે બધા.

ભાઈ મરે ભવ હારીએ ને બહેન મરે દિશ જાય.
નાનપણામાં જેની મા મરે એને ચારે દિશ વા વાય
બંધવ જાગને હો જી. બંધવ બોલ દે એકવાર જી.

એવું કહેતા હતા. અર્થ સમજાણો કે નહિ? બહેન મરી જાય એટલે તે દિ' દિશાએ જવાનું અટકી જાય. પછી થઈ રહ્યું. કોઈ ન હોય તો.. બહેન સમજ્યા? બહેન બહેન? બહેન નથી સમજતા? બહેન મરી જાય પછી એ બાજુ જવું અટકી જાય પછી ૨૫-૫૦ ગાઉ છેટે. ત્યાં એનું કોઈ ન મળે. કોણ જાય? નાનપણમાં માતા મરી જાય એને બિચારાને ચારે કોર દુઃખના વા વાય. ચારે કોર હાય બા.. બા.. એમ કરે. એમ કરીને પોકાર કરે રામચંદ્રજી લક્ષ્મણ પાસે શું કરે? જાગને બાપા! એકવાર જવાબ દે. આહાહા..! એ તો વાસુદેવ હતા. એ કાંઈ મરે નહિ માર્યા વિના. એ તો પછી .. એ તો બધી ખાતરી તો હતી અંદર. પણ રાગ એવું કામ કરે ને. આ તો હવે એમ.. આહાહા..! એ ડોસા બોલતા હતા ત્યારે મને એવું થાય કે ડોસો જુઓ, કોને કહે છે. પછી હળવે હળવે. આમ પાસડા જેવો પડ્યો હતો. ... આપ્યો હતો. અસાધ્ય છે ને? ચાર રાત તો થઈ ગઈ. એ તો શરીરની અવસ્થા છે, ભાઈ! એને કરે કોણ? જે સમયે શરીરની અવસ્થા થવાની તે થવાની. એને રોકી શકાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

નહિ, રાખી શકાય નહિ, ટાળી શકાય નહિ. આહાહા..!

મુમુક્ષુ :- એવી દવા હોય તો મટી જાય.

ઉત્તર :- ધૂળેય મટતું નથી. એની પર્યાય મટવાની હોય ત્યારે મટે. જયસુખભાઈ! આહાહા..! આ ડોક્ટર મરી જાય છે કે નહિ? આયુષ્ય પૂરું થાય એ પણ મરી ગયા. મોટો ડોક્ટર નહોતો અહીં?

મુમુક્ષુ :- .. જીવે પણ છે ને.

ઉત્તર :- જીવે છે તે આયુષ્ય હોય તો જીવે છે. શું દવાથી જીવે છે? આહાહા..! એને આયુષ્યની સ્થિતિ હોય તો દવાનું નિમિત્ત કહેવાય. સ્થિતિ હોય તો. બીજો કોણ કરે? સમજાય છે કાંઈ? શરીરની પર્યાય ક્ષણે ક્ષણે જે થવાની તે તેને કાળે થવાની, થવાની ને થવાની. એને ઇન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર કોઈ ફેરવવા સમર્થ નથી. આહાહા..! કોણ ફેરવે? જિનેન્દ્ર ફેરવી શકે નહિ. કેવળી ફેરવે? કેવળી જાણે. ભગવાન કેવળજ્ઞાનમાં જાણે કે આની આ અવસ્થા (છે). ફેરવી શકે?

કહે છે કે ભાઈ! આ તારો કર્મબંધનનો વિચાર કરને તોપણ એ પુણ્યબંધનું કારણ છે. વિશુદ્ધ ધર્મધ્યાન કહેવાય. ધર્મધ્યાન એટલે વ્યવહાર ધર્મધ્યાન, વ્યવહાર ધર્મધ્યાન એટલે પુણ્યબંધનું કારણ. પરમાર્થે ધર્મધ્યાન નહિ. ભાષા જુઓને કેવી વાપરી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. વિશુદ્ધ.. લખ્યું છે ને. લખ્યું છે શું આ? '**विशुद्धधर्मध्यानान्धबुद्धयो**' પણ જુઓ શું કહે છે? એ વડે જેમની બુદ્ધિ આંધળી છે. .. કીધું છે એને? અંધ થઈ ગયો, ભાઈ! તને ખબર નથી. એ શુભભાવ રાગ થયો, પુણ્યભાવ થયો એ આંધળી તારી બુદ્ધિ છે. ભગવાન આત્મા શુભભાવથી ભિન્ન છે તેનું તને ભાન નથી. સમજાય છે કાંઈ? જ્ઞાનાનંદ સ્વરૂપ ભગવાન આત્મા પૂર્ણાનંદ એ રાગની પુણ્યની પર્યાયથી બંધથી આત્મા જણાય એવો નથી. સમજાણું કાંઈ? એનાથી આત્મા ચિંતવનમાં આવશે અને ધર્મધ્યાન થશે એમ માનનારાને આંધળા કીધા છે. આંધળા! અંધા! એમ કહે છે અહીં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .. હઠ મોટી.

ઉત્તર :- હઠ મોટી. પકડ્યો ત્યાં એવો પકડી લે. ભગવાન અંદર છે ને. એ છૂટું તત્ત્વ પડ્યું છે અંદર આનંદકંદ અનંત ગુણનો પિંડ. અરૂપી વીતરાગઘન પણ તેને ખબર નથી. સમજાણું કાંઈ?

કહે છે કે '**ધર્મધ્યાન વડે જેમની બુદ્ધિ અંધ છે...**' ભાષા જુઓ! ધર્મધ્યાન કીધું એને. શુભભાવની અપેક્ષાએ. ઓલા અશુભભાવ છે એ બહુ રૌદ્રધ્યાન છે. આને વ્યવહારે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ધર્મધ્યાન કહે છે. વ્યવહાર એટલે પુણ્યબંધને વ્યવહાર ધર્મધ્યાન કીધું. પણ '**જેમની બુદ્ધિ અંધ છે તેમને સમજાવવામાં આવે છે.**' આહાહા..! ભગવાન અંદર શુભભાવથી ભિન્ન છે ભાઈ! તને ખબર નથી. આહાહા..! એ શુભભાવથી પણ ભગવાન જણાય એવી ચીજ નથી. શુભભાવ પોતે બંધભાવ છે. બંધભાવને છેદવા માટે એની સામુ જોઈને બંધ છેદ થાય એમ નથી. પહેલો જ મિથ્યાત્વનો બંધ રાગના, પુણ્યના લક્ષે છેદ થાય એવું નથી. આંધળો છે એમ કીધું. આહાહા..! અનંત કાળમાં અનંતી વાર એવા મુનિપણા લીધા, બાર વ્રત પાળ્યા પંચ મહાવ્રત પાળ્યા. સમજાણું? બીજાની દયાના ભાવ કર્યા. અનંત અનંત વાર કર્યા પણ જન્મ-મરણ મટ્યા નહિ. આચાર્યપણું કીધું, દીક્ષા અનંત વાર લીધી, મહિના, મહિનાના માસખમણના અપવાસ અનંત વાર કર્યા. એ બધો શુભભાવ છે.

મુમુક્ષુ :- સાચા ગુરુ ન મળ્યા એટલે..

ઉત્તર :- એ શુભભાવ છે. ગુરુ તો મળ્યા પણ એ સમજ્યો નહિ. ભગવાન પણ મળ્યા હતા એને. તીર્થંકરના સમવસરણમાં ગયો હતો અનંત વાર. શેઠ! દરકાર કરી નહિ દરકાર. આહાહા..! ટાણા આવે ત્યારે ક્ષણમાં પલટો, ક્ષણમાં પલટો. એક ક્ષણમાં હજુ ઓલા વિચાર કરીને ઊભા થાય છે ત્યાં ખાલી ચડી. ઊભા થયા, ફડાક પડી ગયા. પડ્યા પછી ખલાસ. સાધ્ય ગઈ એ ગઈ. એ ૩૬ કલાકે વળી થોડી (આવી). આ સંસાર આહાહા..! રજકણે રજકણના પરમાણુની અવસ્થાથી પ્રભુ આત્મા જુદો છે. એ રાગનો ભાવ થાય, દયા, દાન, ભક્તિનો કે આ કર્મબંધના વિચારનો એ શુભભાવ છે. એનાથી જુદો છે. કારણ કે એ તો આત્માનું જે આમ સ્વરૂપ છે એના બહિર્મુખનો વિકલ્પ છે રાગ એ તો. અંતર્મુખ જવા માટે બહિર્મુખનો વિકલ્પ બિલકુલ સાધન છે નહિ. આહાહા..! એથી આંધળા કીધા એને. શેઠી!

મુમુક્ષુ :- બહિર્મુખ વૃત્તિ...

ઉત્તર :- બહિર્મુખ વૃત્તિ એ તો. અંદર સ્વરૂપ ભગવાન સચ્ચિદાનંદ સ્વરૂપ સિદ્ધ સમાન સ્વરૂપ છે એનું. કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંત આનંદ સિદ્ધને પ્રગટે એ ક્યાંથી આવે છે? અંદર પડ્યું છે ભાઈ! પૂર્ણ સ્વરૂપ છે ભાઈ! સમજાણું? પૂર્ણ સ્વરૂપ છે ને તારું અંદર. એની સામું જોયું નહિ અને બહાર સામું જોયેથી એની સામુ જોવાશે, બંધથી છેદાય. આંધળો છો કહે છે. આહાહા..! સંતોએ પણ દયા કરીને કહ્યું છે હોં! ભાઈ! તને જોવાની તારી દૃષ્ટિની તને ખબર નથી. આહાહા..! એ નજીકમાં એક ક્ષેત્રાવગાહે કર્મનું બંધન છે એમ કહે છે અહીં તો. હવે પર જીવોને મારવા, ન મારવાની વાત એક કોર રાખી દીધી. સમજાણું કાંઈ? બીજાને જીવાડવા કાંઈ તું જીવાડી શકતો નથી, પરની દયા તું પાળી શકતો નથી.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ તો એનું આયુષ્ય હોય તો બચે, આયુષ્ય ન હોય તો મરી જાય એ કાંઈ તું કરી શકે છે પરનું એવું ત્રણ કાળમાં નથી. માને કે હું હતો આ બચ્યો. એ તો મિથ્યાત્વભાવ અંહકાર મિથ્યાત્વનો છે. આહાહા..! સમજાણું?

પોતાનું શરીર રાખવા સમર્થ છે? સમય સમયની પર્યાય છે ને એની અવસ્થા શરીરની છે. અવસ્થાને ક્રમે કાળે પ્રવાહરૂપે અવસ્થા થાય એને આત્મા શું કરે? અહીં તો પછી લઈને બંધની વાત લીધી પાછી. શરીર કાઢી નાખ્યું, એ બધું કાઢી નાખ્યું. એક ક્ષેત્રાવગાહ જ્યાં આત્મા છે ત્યાં કર્મના રજકણો પડ્યા છે અને ભગવાને જોયા એ રીતે કર્મની સ્થિતિ, અનુભાગ એમ વિચાર કરે એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાન કેવળી પરમાત્મા પરમેશ્વરે જે કર્મ કહ્યા એને આઠ કર્મ અને ૧૪૮ પ્રકૃતિ, એની સ્થિતિ, અનુભાગ ને રસ, પ્રકૃતિ, પ્રદેશ. એનો ત્યાં નજીકમાં છે એનો વિચાર કરે, કહે છે. તોપણ એ શુભભાવ, શુભભાવરૂપી ધર્મધ્યાન એ આંધળાઓએ એને ધર્મ માન્યો છે, એમ કહે છે. શેઠી! આહાહા..! અરે..! ભગવાન! તારા અંતર જ્ઞાનનેત્ર તેં ખોલ્યા નહિ પ્રભુ! આહાહા..!

આત્મા આમ જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યના પ્રકાશનું અમૃત, પૂર, નૂર એવા શબ્દો એકસાથે છે ક્યાંક. ચૈતન્યામૃત. ચૈતન્ય અમૃત. નૂરનું પૂર એકસાથે શબ્દ છે ક્યાંક. કળશટીકામાં પાછળ છે. પ્રવાહ. પૂરનો તો આમ પ્રવાહ કીધો છે. નૂર ચૈતન્યપુર એનું ચૈતન્ય નૂર એનું પૂર. ચૈતન્ય સ્વભાવ એનું તેજ, એનું પૂર, એનો પ્રવાહ. એવો ભગવાન આત્મા એ પુણ્યના ધર્મધ્યાનના શુભરાગથી જુદો છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**(-આ કથનથી), કર્મબંધ સંબંધી...**' એમ અહીં. નજીકમાં છે એનો. '**વિચારશૃંખલાત્મક...**' શાસ્ત્રની શૃંખલા સમયસારની. પુણ્ય-પાપમાં તો લઈ ગયા હતા બધું. બીજાને જીવાડી શકું, બીજાને મારી શકું, બીજાને દુઃખી, સુખી કરી શકું એ તારો અભિપ્રાય મિથ્યા છે, મિથ્યા છે. પરનું કાંઈ કરવા તું સમર્થ છે નહિ. આહાહા..! તેમ પરથી તારામાં કાંઈ થાય, પર તને જીવાડી દે, મારી દે એ ત્રણ કાળમાં બનતું નથી.

અહીં તો ભગવાન આત્મા છે ત્યાં જ ક્ષેત્રાવગાહે-એક ક્ષેત્રે કર્મ છે. એનો વિચાર કર તો કહે છે કે એ તો શુભભાવ છે. એમાં આંધળો થઈ ગયો, તું ત્યાં રોકાઈ ગયો. ભગવાન એ શુભભાવથી ભિન્ન છે એવી દૃષ્ટિ કર્યા વિના, એનો અનુભવ કર્યા વિના મિથ્યાત્વનો નાશ કોઈ રીતે થતો નથી. આહાહા..! અને મિથ્યાત્વના નાશ વિના અનંતા જન્મ-મરણનો નાશ કોઈ દિ' ન થાય. રાગની મંદતા કરીને કોઈ સ્વર્ગાદિ બાંધે પણ મિથ્યાત્વભાવ છે તો અનંતા જન્મ-મરણ કરવાની મિથ્યાત્વમાં તાકાત છે. કેમ કે સ્વરૂપ જ આત્માનું જન્મ-મરણ રહિત છે. એનાથી વિરૂદ્ધ ભાવ મિથ્યાત્વનો કર્યો એનાથી વિરૂદ્ધ, એમાં અનંતા જન્મ-

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મરણ કરવાની તાકાત છે. સમજાણું કાંઈ?

'**વિશુદ્ધ ધર્મધ્યાન વડે જેમની બુદ્ધિ અંધ છે તેમને સમજાવવામાં આવે છે.**' લ્યો! લ્યો ભાઈ આ તો ઓલા કહે છે સમકિતીને સમજાવવા. ઓલે ચોથે, સાતમે સમજાવે. અહીં તો કહે છે, આંધળાને સમજાવે છે. કહો અહીં તો એ આવ્યું. એ કહે, સમયસાર તો આઠમા ગુણસ્થાન માટે, બાર ગુણસ્થાન માટે. અરે..! ભગવાન! તને ખબર નથી, પ્રભુ! આહાહા..! આવી વિશુદ્ધ બુદ્ધિવાળા આંધળાઓ, જે કર્મના બંધના વિચારમાં આવ્યા છે. જૈનમાં આવીને કર્મના બંધના વિચાર કરે છે અને એ શુભભાવને ધર્મધ્યાન માને છે. એનાથી મને ધર્મ થાશે અને હળવે હળવે અમે આત્મચિંતનમાં ઉતરશું. એને કહે છે, આંધળા! તને ખબર નથી. રાગ તો આંધળો છે. શુભભાવ છે એ તો આંધળો છે. આંધળાથી જાગૃતમાં જવાશે? સમજાય છે કાંઈ? ક્યાં ગયા? સુકનચંદ ગયા?

'**ભાવાર્થ :- કર્મબંધની ચિંતામાં મન લાગ્યું રહે તોપણ મોક્ષ થતો નથી.**' કોઈ એમ કહે ને ખેદ ખેદ દુઃખ થાય. આહાહા..! મરે. પાણીમાં જઈને મરી જઈએ આપણે. મોક્ષ જોવે છે. નહિ ઓલા? આવે છે ને અન્યમાં નહિ? કોણ? રામતીર્થજી પાણીમાં મરી ગયા. જળ સમાધિ. ત્યાં જળ સમાધિમાં મોક્ષ છે?

મુમુક્ષુ :- કોઈ .. સમાધિ લે.

ઉત્તર :- કઈ?

મુમુક્ષુ :- પર્વત.

ઉત્તર :- .. આ તો જળસમાધિ લે. એમ કે એવું દુઃખ લાગ્યું હતું. સંસાર જોઈએ નહિ સંસાર. એ તો આર્તધ્યાન છે. અંદર રાગથી છૂટો પાડવો છે એને ઠેકાણે શરીરથી છૂટો પાડવાનો તારો રાગ છે એ તો મૂઢતા છે. કહો, સમજાણું કાંઈ?

'**જેઓ કેવળ શુભ પરિણામથી જ મોક્ષ માને છે...**' જુઓ! ખુલાસો કર્યો. એવા શુભભાવથી, પુણ્યભાવથી, દયા, દાન, વ્રત ભાવથી કે આ કર્મબંધનના વિચારભાવથી એ શુભભાવથી જે ધર્મ મોક્ષ માને છે. મોક્ષ એટલે કે મિથ્યાત્વનો નાશ માને છે, એમ. એનાથી મોક્ષ થાશે તો મુક્ત થઈશ '**તેમને અહીં ઉપદેશ છે...**' તેમને ઉપદેશ છે. '**શુભ પરિણામથી મોક્ષ થતો નથી.**' એ શુભભાવ તો પુણ્ય છે, પુણ્ય બંધન થાય છે એને. એમાં બંધ રહિત ક્યાંથી થવાય છે એનાથી? સમજાણું કાંઈ?

'**(જો બંધના સ્વરૂપના જ્ઞાનમાત્રથી પણ મોક્ષ નથી...**' એ બેનો સરવાળો કરે છે '**અને બંધના વિચાર કરવાથી પણ મોક્ષ નથી) તો મોક્ષનું કારણ ક્યું છે? એમ પૂછવામાં આવતાં હવે મોક્ષનો ઉપાય કહે છે.**' '**कस्तर्हि मोक्षहेतु**' એમ કે

જેને આવી ગરજ થઈ છે. ગરજ થઈ જવી જોઈએ એને. મહારાજ! કઈ રીતે અમારો મોક્ષ થાય? તમે તો કહો છો કે કર્મબંધનો વિચાર એ નહિ, કર્મબંધનું જ્ઞાન પણ મોક્ષનું કારણ નહિ, ત્યારે હવે મોક્ષનું કારણ કોણ હવે છે? કહો, સમજાણું? એમ જેને અંતરમાં ધગશ થઈ છે. કર્મથી છૂટવાનો ભાવનો ભાવ હોં! એવા પૂછે છે એને આ ઉત્તર આપે છે.

**जह बंधे छेत्तूण य बंधणबद्धो दु पावदि विमोक्खं।**
**तह बंधे छेत्तूण य जीवो संपावदि विमोक्खं।।२९२।।**

**બંધન મહીં જે બદ્ધ તે નર બંધછેદનથી છૂટે,**
**ત્યમ જીવ પણ બંધો તણું છેદન કરી મુક્તિ લહે. ૨૯૨.**

એક જણો તો એમ કહેતો હતો કે આ મોક્ષ માટે રુદન આવે તો એની મુક્તિ થયા વિના રહે નહિ કહે. એય..! એવું કહે. મોક્ષ માટે રુદન આવે ને? હવે રુદન તો આર્તધ્યાન છે. મોક્ષની ઈચ્છા કર તો પણ મોક્ષ ન થાય તો વળી રુદન આવે મોક્ષ ક્યાંથી થાતો હતો? આહાહા..! ઘણાં એવા ... એવું સાંભળ્યું છે. મોક્ષ માટે તો એકવાર આમ રુદન આવવું જોઈએ. એ તો આર્તધ્યાન છે. એનાથી...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ. આવા દીકરા જોઈએ, આવી માતાઓ જોઈએ. એમ વળી દીધે રાખે કેટલાક. માતા એવી જોઈએ કે જેને દીકરા માટે આંખ્યું ખોઈ. લ્યો હવે. આ આર્તધ્યાન.. આવી માતાઓ જોઈએ? દીકરા માટે આર્તધ્યાન કરે એવી? પછી એમ કે મોક્ષ કેવળ પામ્યા હાથીને હોદ્દે. ભગવાન માટે ઝુરતા હતા. આમ જોયું કે ઓહો..! એકે એક વાત ખોટી છે. હાથીને હોદ્દે ને એમાં સ્ત્રીને મોક્ષ થાય અને કેવળ થાય એ બધું લગાવી દીધું. એકસાથે. સ્ત્રીને મોક્ષ થાય જ નહિ કોઈ દિ'.

મુમુક્ષુ :- એ માતાજીનું ચાલે.

ઉત્તર :- હા માતાજીનું ચાલે. સમજાણું કાંઈ? માતાજીનું મંદિર બનાવ્યું આ બેસતા હતા ત્યાં હિંમતભાઈ. કાલે જોયું હતું. પરમ દિ' કીધું બનાવી ઓરડી બનાવી. .. દીધો હતો. પથરા. ઠીક ... સમજાણું?

**બંધન મહીં જે બદ્ધ તે નર બંધછેદનથી છૂટે,**
**ત્યમ જીવ પણ બંધો તણું છેદન કરી મુક્તિ લહે. ૨૯૨.**

વળી કોઈ એમ કહે કે મુક્તિની વાત છે. પણ એ મુક્તિ નહિ, બંધનથી મિથ્યાત્વથી મુક્તિ એની વાત છે પહેલેથી. સમજાણું કાંઈ? વળી ઘણાં કહે, આ તો મુક્તિને માટે વાત છે. પણ પહેલું ધર્મધ્યાન તો થાય ને શુભભાવથી? ના. ના. ત્રણ કાળમાં ન થાય, સાંભળને.

હવે એવા તો અનંત વાર કર્યા છે. અહીં તો મિથ્યાત્વથી મુક્તિ, અવ્રતથી મુક્તિ, બધાથી મુક્તિ કરવાની વાત છે.

'**કર્મથી બંધાયેલાને બંધનો છેદ મોક્ષનું કારણ છે,...**' લ્યો! ઓલામાં એ કહ્યું હતું કે દ્વિધા કરવાનું. સમજ્યાને? ઓલામાં કહ્યું હતું, આત્માને બંધનું દ્વિધાકરણ એ મોક્ષ છે એમ આવ્યું હતું. પહેલી ગાથામાં. અહીંયાં '**કર્મથી બંધાયેલાને બંધનો છેદ મોક્ષનું કારણ છે,...**' જોયું! સમજાણું કાંઈ? એ તો નહિ, આપણે ૨૯૦ ગાથામાં.

**ત્યમ કર્મબંધનનાં પ્રકૃતિ, પ્રદેશ, સ્થિતિ, અનુભાગને,**
**જાણે છતાં ન મુકાય જીવ, જો શુદ્ધ તો જ મુકાય છે. ૨૯૦.**

૨૯૦ ગાથામાં નાખ્યું છે. એનો અર્થ કર્યો છે. '**કર્મથી બંધાયેલાને બંધનો છેદ મોક્ષનું કારણ છે,...**' એ અર્થ કર્યો એનો. ૨૯૦મી ગાથાનો. ભગવાન આત્મા આમ ચૈતન્યજ્યોત સ્વરૂપ અને રાગાદિ બંધ, એ બેને ભિન્ન પાડતા, રાગથી ભિન્ન પાડતા આત્માનો મોક્ષ થાય છે. વિકલ્પને રાખીને વિકલ્પનું સાધન થઈને આત્માની મુક્તિ થાય અને સમકિત પામે એમ છે નહિ. સમજાણું કાંઈ?

'**કર્મથી બંધાયેલાને બંધનો છેદ મોક્ષનું કારણ છે,...**' જુઓ! જે રાગ અને પુણ્યભાવ તે ભાવબંધ છે. એનો છેદ તે મોક્ષનું કારણ છે. શુભભાવ તે બંધન છે. શુભભાવ પોતે બંધન છે. એનો છેદ મોક્ષનું કારણ છે. એ શુભભાવથી જુદો પડીને આત્માની એકાગ્રતા કરે ત્યારે તેને મોક્ષનું કારણ સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ થાય છે. સમજાણું કાંઈ?

'**કેમ કે જેમ બેડી આદિથી બંધાયેલાને બંધનો છેદ બંધથી છૂટવાનું કારણ છે...**' જુઓ! બેડીને કાપે તો છૂટે. લાકડાની, લોઢાની બેડી હોય. '**બંધનો છેદ બંધથી છૂટવાનું કારણ છે તેમ કર્મથી બંધાયેલાને કર્મબંધનો છેદ કર્મબંધથી છૂટવાનું કારણ છે.**' જુઓ! છેદ-કાપવું. એનો અર્થ કે ભેદજ્ઞાન કરવું. રાગ અને પુણ્યનો ભાવ શુભ છે એનાથી જુદો પડતાં, સમ્યગ્દર્શન થતાં, મિથ્યાત્વથી મૂકાય છે. પછી પણ રાગની તીવ્રતાથી છૂટો પડતા, સ્થિર થતાં અવ્રતભાવથી મૂકાય છે. એમ સ્થિર થતાં થતાં કષાયથી મૂકાય, અને પછી સ્થિર થતાં જોગથી મૂકાય અને કેવળજ્ઞાન થાય. કહો, સમજાણું કાંઈ? પછી જોગ એકલો ભલે રહી જાય. જોગના કંપનના ભાવથી છૂટો પડીને કેવળજ્ઞાન થાય છે. સમજાણું કાંઈ? ભારે કામ આકરું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. મુક્તિ જોઈએ... પણ આ આવા અવતાર અનંતા આહાહા..! ચક્રવર્તી જેવા છ ખંડના રાજા. સોળ હજાર દેવ સેવા કરતા હતા લ્યો. મરે બ્રહ્મદત્ત મર્યા હતા. રતનના

ઢોલિયા. ઢોલિયા સમજો છો? પલંગ. એમાં સૂતા. સોળ હજાર દેવ સેવા (કરતા), છન્નું હજાર સ્ત્રી. ભાન ન મળે આત્માનું. પાપના ભાવ કરેલા, રવ રવ નરકે મરીને સાતમી નરકે (ગયો).

મુમુક્ષુ :- .. દેવ જાતા હશે ને.

ઉત્તર :- ધૂળેય દેવ જાતા નથી. શરીર ન ચાલ્યું અને દેવ તો અહીં પડ્યા રહે બધા. આહાહા..! મરણના છેડા સુધી આમ દેવો ઊભા હોય છે. રાણીઓ છન્નું હજાર પદમણી જેવી હોં. કોઈ સાથ નહિ. એણે રાગથી જુદો પાડ્યો નહિ, મિથ્યાત્વના સેવન કર્યા, મહાપાપ કર્યા, રવ રવ નરકે ૩૩ સાગર. જ્યારથી ઊપજ્યો છે ત્યારથી તો થોડા હજી વર્ષ ગયા છે. બહુ થોડા ગયા છે. હજી તો થોડા ગયા છે ચક્રવર્તીને. હજી તો ૩૩ સાગર. થડ નીકળી ગયો. ઓહોહો..! ભાઈ! પહેલે સમયે ભવ મળ્યો એ જિંદગી ...

મુમુક્ષુ :- ઉપદેશ નહોતો મળ્યો તેથી ગયા?

ઉત્તર :- ઉપદેશ તો મળ્યો પણ દરકાર કરી નહિ ને એણે. ખબર નહોતી એ વખતે? મુનિઓ હતા, સંતો હતા બધું હતું પણ દરકાર ક્યાં? આંધળો થઈ જાય આંધળો. બહારની આ વિભૂતિ, ધૂળ ને આ ને આબરૂ ને કીર્તિ ને. એમાં વળી ઓલો સાધુ થાય કદાચિત્. લ્યોને! તો સાધુને એ જાણે હું પરનું કરી દઉં છું, પરની કૃપા કરું છું, પરની દયા પાળી છે અને એનાથી મને કલ્યાણ થાશે.

મુમુક્ષુ :- એમણે તો દીક્ષા દીધી એટલે કલ્યાણ થઈ ગયું.

ઉત્તર :- ધૂળેય નથી કલ્યાણ. ત્યાં દીક્ષા ક્યાં હતી? આપણે દીક્ષા (લીધી હવે) બીજાનું કરો. ણમો અરિહંતાણં,.. બસ! આપણે સાધુ થયા છીએ. હવે આપણે પાપ તો છે નહિ. વહોરવા જઈએ તો નિર્દોષ આહાર લેવો. નમો અરિહંતાણં... નમો અરિહંતાણં.. કરે. .. ૨૭ પારાની. ઓલા ૧૦૮ની આવે ને. ચોથા ભાગની રાખે. પૂછીએ કે અનંતાનુબંધી ગયો છે કે નહિ? એ કાંઈ ખબર પડતી નથી. લે, ત્યારે શું તમે સાધુ (થયા)? સંસાર રખડવાનું ગયું છે કે નહિ? એ કાંઈ ખબર પડતી નથી. એ ભગવાન જાણે. અનંતા ભવ કરવા હોય તો કરે. તારે શેની માળા અને શેનું તમે નિર્દોષ થઈ ગયા? સમજાણું?

એ ચર્ચા મોટી થઈ હતી. એટલે પછી એક જણે એના શિષ્યે પૂછયું વર્ષ, દોઢ વર્ષ પછી કે મહારાજ! આ બધું તમે કરો છો અને તમને સંસાર ભવનો નાશ આનાથી થાય એવી તો તમને શ્રદ્ધા નથી. ઉજમશીભાઈ હતા રોચકાવાળા. બોલકો હતો ને. સંથારો કરીને ગુજરી ગયો ને. બોલકો હતો. તમને આ શ્રદ્ધા નથી, આ ક્રિયા કરીએ છીએ વ્રતની. એનાથી જન્મ મટશે એમ તો તમને શ્રદ્ધા નથી. એ તો ભગવાન ભાળે તે દિ' થાય. હવે તમને

શ્રદ્ધા જ નથી ત્યારે શું કરવા કરો છો? મોહનભાઈ કહે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ના. ના. એ તો હુશિયાર હતો. એ બોલે. હુશિયાર હતો. એની સામું બોલવું... એ બુદ્ધિવાળો હતો. આમ અમારી પાસે બ્રહ્મચર્ય લીધું હતું. અમારા ઉપર પ્રેમ બહુ હતો બિચારાને. પણ આ સંપ્રદાયની દૃષ્ટિ છોડવી, માથા ફાટી જાય. શેઠ!

અહીં તો કહે છે કે જિનવાણીથી પણ ધર્મ નથી થતો. શેઠી! અનાદિ મિથ્યાત્વ. બીજી ચીજની ખબર નથી. એટલે જિનવાણી જય ભગવાન... જય ભગવાન... એ કહે છે જિનવાણીમાં? જિનવાણીમાં જ્ઞાન છે? ત્યાંથી જ્ઞાન આવશે? આ તો જડ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બધા માનતા હતા એમાંથી જ્ઞાન આવે છે. એ હજી બોલતા નહોતા? એમાંથી જ્ઞાન આવે. મૂર્તિમાંથી જ્ઞાન આવે? ધૂળેય ન આવે. શેઠ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ અંદર જ્ઞાન કરે. જ્ઞાનમાંથી જ્ઞાન આવે. આ વાણી આમાં જ્ઞાન છે તો આવે? અંદર જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા છે, એમાં રાગની મંદતા કરે તો પરલક્ષી ક્ષયોપશમ થાય. આને લઈને નહિ. અને સ્વનો આશ્રય કરે ત્યારે સ્વલક્ષી જ્ઞાન એ સાચું થાય. આહાહા..! ભારે વાત!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અહીંયાં કરે ત્યારે કહેવાય. અસર-ફસર છે નહિ. અસર તો જડ છે. અહીં ક્યાં અડે છે? અંદર છે? આ તો માટી છે. પરમાણુની પર્યાય છે અજીવની. એ તો કહ્યું, '**सत्थं ण याणदे किंचि**' આવે છે આગળ. શાસ્ત્ર કાંઈ જાણતા નથી. એમ કહેશે. જુઓ કેટલામું છે એ શબ્દ? ગાથા છે ને ગાથા? જુઓ! '**सत्थं ण याणदे किंचि**' ૩૯૦ ગાથા. ૩૯૦. ૯૦ સમજો છો? ૩-૯-૦.

મુમુક્ષુ :- ગુજરાતી પાનું ૫૮૦.

ઉત્તર :- આપણે હિન્દીમાં ૫૮૦ છે આ. આ ગુજરાતી છે. ૩૯૦ ગાથા. કહ્યું ચાર જુઓને. છે? ૩૯૦ ગાથા. એટલે પછી પ્રશ્ન શું? ત્રણ, નવ ને મીંડુ. ગાથા. પાનું ગમે તે હોય. ૩૯૦ ગાથા. '**सत्थं णाणं ण हवदि जम्हा सत्थं ण याणदे किंचि।**' છે?

મુમુક્ષુ :- એ તો કાંઈ જાણતું નથી.

ઉત્તર :- શાસ્ત્ર કાંઈ જાણતું નથી. એ તો જડ છે. એ શું જાણે વાણી? એમ કહે છે. જુઓ નીચે છે.

**રે! શાસ્ત્ર તે નથી જ્ઞાન, જેથી શાસ્ત્ર કંઈ જાણે નહીં,**
**તે કારણે છે જ્ઞાન જુદું, શાસ્ત્ર જુદું-જિન કહે; ૩૯૦.**

મુમુક્ષુ :- જાણે નહિ પણ જ્ઞાન આપે તો ખરું ને.

ઉત્તર :- પણ જાણે નહિ તો ક્યાંથી આપે? એમાં જ્ઞાન નથી તો જ્ઞાન આપે ક્યાંથી? જ્ઞાનમાં નિમિત્ત પણ ક્યારે કહેવાય? અહીં રાગની મંદતા કરીને ક્ષયોપશમ કરે તો એને નિમિત્ત કહેવાય. એ ક્ષયોપશમ પરલક્ષી પણ એનાથી થયો નથી. આહાહા..! સમજાણું કાંઈ? છે કે નહિ? આવ્યું કે નહિ? હજી નથી આવ્યું? બરાબર પાનું નથી? હોય, હોય. ન હોય એમ હોય? ગોતતા આવડતું નથી. ૩૯૦ ગાથા કીધી ને. એ તો તરત ગોતતા આવડે. ઓલા ચોપડામાં વાર ન લાગે, આમાં તો વાર લાગે, ઓલામાં વાર નથી લાગતી.

'**રે! શાસ્ત્ર તે નથી જ્ઞાન,...**' આ શાસ્ત્ર જ્ઞાન નથી, શેઠ! વાણી જ્ઞાન નથી એમ કહે છે. કુંદકુંદાચાર્ય કહે છે. '**રે! શાસ્ત્ર તે નથી જ્ઞાન, જેથી શાસ્ત્ર કંઈ જાણે નહીં,...**' કંઈ જાણે નહિ. કાંઈ જ્ઞાન નથી એને. જરીએ જ્ઞાન નથી એમ કહે છે. શોભાલાલજી! છે? કંઈ જાણે નહિ. એમ લખ્યું છે જુઓ! '**सत्थं ण याणदे किंचि**' '**किंचि**' એમ શબ્દ છે. જરીએ જ્ઞાન નથી એમાં. શાસ્ત્ર એ તો પાના છે, જડ છે, અજીવ છે. એમાં ક્યાં જ્ઞાન હતું?

'**તે કારણે છે જ્ઞાન...**' ભગવાન જુદો છે, શાસ્ત્ર તદ્દન જુદું છે. વાતેય હજી વ્યવહારની ખબર ન મળે. સમજાણું કાંઈ? આ શાસ્ત્રનું જ્ઞાન કરે એ પણ બંધનું કારણ છે, એ એને છૂટવાનું કારણ નથી એમ કહે છે લ્યો. અહીં તો અંદરનું જ્ઞાન, રાગથી ભિન્ન પડીને જ્ઞાનનું જ્ઞાન આત્માનું જ્ઞાન કરે તે મોક્ષનું કારણ થાય. મિથ્યાત્વનો નાશ થાય અને સમકિત પ્રાપ્ત થાય. આહાહા..! જગતને પોતાની માન્યતા જે પકડી રાખી છે ને એમાંથી ખસવું એને (કઠણ પડે છે). ઝટ જાણે આનાથી થઈ જશે. ધૂળેય નહિ થાય, સાંભળને!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કરશે. કરે છે એમાં શું પણ કરવું છે? કરે છે એમાં શું છે? આવે છે ને? આવે છે ને મોક્ષમાર્ગ પ્રકાશકમાં. ન હોય તો આ કહેવું. એ તો ઉપદેશના કરનારને એ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની વાત છે.

જેમ કે... જુઓ. '**કર્મથી બંધાયેલાને બંધનો છેદ મોક્ષનું કારણ છે,...**' સમજાણું? '**કેમ કે જેમ બેડી આદિથી બંધાયેલાને બંધનો છેદ બંધથી છૂટવાનું કારણ છે તેમ કર્મથી બંધાયેલાને કર્મબંધનો છેદ કર્મબંધથી છૂટવાનું કારણ છે. આથી (-આ કથનથી), પૂર્વે કહેલા બન્નેને...**' બન્ને પહેલા (કહ્યા એ). '**(-જેઓ બંધના સ્વરૂપના**

**જ્ઞાનમાત્રથી સંતુષ્ટ છે તેમને અને જેઓ બંધના વિચાર કર્યા કરે છે તેમને-) આત્મા અને બંધના દ્વિધાકરણમાં વ્યાપાર કરાવવામાં આવે છે...**' ભાષા જુઓ! હજી તો બંધને આત્માને છેદવાના વિચારમાં એને જોડવામાં આવે છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યની મૂર્તિ અને રાગાદિ બંધ છે પુણ્ય-પાપનો વિકલ્પ. બેને દ્વિધાકરણ. બેને જુદા-દ્વિધા-બે છે તેમ જુદા કરવામાં '**વ્યાપાર કરાવવામાં આવે છે...**' ભાષા તો આવી છે હજી. સમજાણું કાંઈ? પુણ્યના ભાવને એ મારા છે અને એનાથી મને ધર્મ થાય એ એકત્વબુદ્ધિવાળાને કહે છે. આમાં ક્યાં ઊપલાની વાત છે? કહો, સમજાણું આમાં?

સમયસાર ફલાણાને હોય, ઢીકણાને હોય એમ કરીને કાઢી નાખે. અરે..! ભગવાન! આવો ચૈતન્ય ભગવાન પડ્યો છે મોટો. એને સમજવા માટે દરકાર કરતો નથી અને પછી આ સમયસાર આમ સમજ્યા, સમયસાર હમણાં નહિ. મુનિ હોય એને સમયસાર. હવે સમકિત વિના મુનિ ક્યાંથી થતો હતો? હજી સમ્યગ્દર્શનની ભાન ન મળે અને મુનિ ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ? લૂગડા ફેરવ્યા નથી, લૂગડા ફેરવ્યા અને નગ્ન થઈ ગયો તો સાધુ થઈ ગયો? કોણ કહે છે સાધુ? શાંતિભાઈ! આ બેય સાથે રહ્યા. જુઓ સામે સામે બેઠા. કોલ્હાપુર દીપચંદજી અને આ શાંતિભાઈ દિલ્હી. બેય સાધુ થવાના હતા નગ્ન દિગંબર. પહેલા તો ખબર નહોતી ને. બિચારા મરી જાત. નહિતર આને તો બૈરા છે, છોકરા છે. અને ઓલાને બૈરા, છોકરા નથી. બેય જણા નગ્ન સાધુ થઈ જવાના હતા. દિગંબર. અહીં સાંભળ્યું ત્યાં... અરે..! ભાઈ! સમજ્યા વિના સાધુ થઈને મરી જાય. કહો, સમજાણું કાંઈ? આપણે છોડીયુંમાં કો'ક કો'ક દીક્ષા લેવાની હતી. હતું ને કો'ક કો'ક હતું ખરું. બહુ ખબર નથી આપણને કાંઈ. કો'ક તો વળી દીક્ષા લેવાની હતી. વળી આ સાંભળતા સાંભળતા ઓય.. આ તો બીજી વાત છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભક્તો ક્યાં હજી મુનિ.. એમ કે મુનિ થાય તો બીજા ભક્તિ કરે.

મુમુક્ષુ :- નરકમાં જાત.

ઉત્તર :- પડી જાત. વાત સાચી. બૈરા-છોકરા છે હોં. વૈરાગી માણસ. છોડવું, આપણે નગ્ન થઈને મુનિ થઈ જવું. કહો, શેઠી! કેટલીક બાયું આપણે આમાં છે બહેનું-દીકરીયું. કેટલાક બિચારા.. વળી એક બાઈ બીજી છે હમણાં બી.એ. થયેલી. બોટાદમાં હોં. એ પણ દીક્ષીત થવાની હતી. પછી આનું વાંચવા માંડી. ઓય.. આ સાધુપણું તો બીજું લાગે છે. હજી સમકિતના ઠેકાણા નથી ત્યાં સાધુ ક્યાંથી થાય? અહીંનું વાંચે છે. બધા વાંચે છે. એવા ઘણા માણસો બિચારા મુંડાઈને હેરાન-હેરાન થઈ જવાના. સમુળગુ મિથ્યાત્વને પોષવામાં.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીં કહે છે કે હજી શુભભાવ જે થાય એનાથી જુદો પાડવો એનું નામ હજી તો મિથ્યાત્વનો નાશ કરવાનો ઉપાય છે. દ્વિધા કરવા. બેને એક માને છે. એક નહિ બે છે. શુભભાવ, રાગ અને સ્વભાવ બે એક નથી. બે ભિન્ન છે. બેને ભિન્ન છે તેને જુદા પાડવા અંદરમાં એનું નામ મિથ્યાત્વથી મુક્ત થવાનો ઉપાય છે. બીજો કોઈ ઉપાય છે નહિ.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**આસો સુદ ૧, બુધવાર તા. ૪-૧૦-૧૯૬૭**
**ગાથા-૨૯૩-૨૯૪, પ્રવચન-૩૫૫**

૨૯૩નો ઉપોદ્‌ઘાત. શિષ્યનો પ્રશ્ન છે. આત્માને પૂર્ણ આનંદની પ્રાપ્તિ થવી એનું નામ મોક્ષ. આત્મા છે તો અંતર આનંદસ્વરૂપ. આત્માનો કાયમી સ્વભાવ છે તો જ્ઞાન અને આનંદસ્વરૂપ, પણ એ એનો શક્તિરૂપ સ્વભાવ છે. પ્રગટરૂપ પૂર્ણ આનંદ અને અતીન્દ્રિય શાંતિની પ્રાપ્તિ થવી એનું નામ મોક્ષ છે-એનું નામ મુક્તિ છે. એ મુક્તિ વિના ક્યાંય આનંદ નથી. માટે એના કારણરૂપ મુક્તિનો ઉપાય શું? એમ કહેતા કહ્યું, '**માત્ર આ જ મોક્ષનું કારણ કેમ છે?**' શિષ્યનો પ્રશ્ન છે. અંતરથી જેને જિજ્ઞાસા થઈ કે પ્રભુ! આ આત્માને બંધનો છેદ જ મોક્ષનું કારણ કેમ છે? બંધનનું છેદન કરવું, નાશ કરવો, કાપવું એ જ મોક્ષનું કારણ અને ઉપાય કેમ છે? '**એમ પૂછવામાં આવતા હવે તેનો ઉત્તર કહે છે :-**' એવી જેને અંતર જિજ્ઞાસા છે. આ આત્માને બંધનનું છેદન એ જ મોક્ષનો ઉપાય છે? એ કેમ? એમ જેને અંતરમાં જિજ્ઞાસા થઈ છે એવાને આ ઉત્તર દેવામાં આવે છે.

૨૯૩.

**बंधाणं च सहावं वियाणिदुं अप्पणो सहावं च।**
**बंधेसु जो विरज्जदि सो कम्मविमोक्खणं कुणदि।।२९३।।**

નીચે હરિગીત.

**બંધો તણો જાણી સ્વભાવ, સ્વભાવ જાણી આત્મનો,**
**જે બંધ માંહી વિરક્ત થાયે, કર્મમોક્ષ કરે અહો! ૨૯૩.**

જુઓ! જેને અંતરમાંથી ભાવના, એવી જિજ્ઞાસા અભિલાષ થઈ છે. ભગવાન આત્મા બંધનથી મુક્ત કેમ થાય? અને તે બંધનો છેદ કરવો એ જ ઉપાય કેમ છે? એનું શું કારણ છે? એવી જેને અંતર જિજ્ઞાસા (થઈ છે) એને આ કહેવામાં આવે છે. ભાઈ! કહે છે, '**જે, નિર્વિકારચૈતન્યચમત્કારમાત્ર આત્મસ્વભાવને...**' આ આત્મા જે છે વસ્તુ આત્મપદાર્થ, એનો સ્વભાવ કાયમી, નિર્વિકારી ચૈતન્ય ચમત્કારમાત્ર એનો સ્વભાવ છે. ભગવાન આત્મા વસ્તુ છે, અનાદિઅનંત નિત્ય વસ્તુ છે. એનો ચૈતન્ય ચમત્કારમાત્ર સ્વભાવ તે ત્રિકાળી એનો ગુણ છે-સ્વભાવ છે. સમજાય છે કાંઈ?

'**નિર્વિકારચૈતન્યચમત્કારમાત્ર...**' ઓલા બંધના વિકારનું કારણ કહે છે. આ નિર્વિકારી, વસ્તુ ભગવાન આત્મા વિકાર વિનાનો ચૈતન્યચમત્કારમાત્ર. અસ્તિ-નાસ્તિથી વાત કરી. નિર્વિકાર

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એટલે વિકાર વિનાનો. આત્મા વસ્તુ છે પદાર્થ ત્રિકાળી, એનો વિકાર વિનાનો ચૈતન્યચમત્કારમાત્ર આત્મદ્રવ્યનો સ્વભાવ છે. કહો, સમજાય છે કાંઈ? મૂળ માર્ગને સમજવા માટે તો એણે પ્રયત્ન ઉગ્ર કરવો પડશે. અનંત કાળથી હેરાન-દુઃખી થઈ રહ્યો. દુઃખી થઈ રહ્યો (છે). ચોર્યાસીના અવતારમાં ક્યાંય એને સુખ નથી. ચાર ગતિમાં દુઃખ, દુઃખ ને દુઃખ છે. આકુળતાના દુઃખ છે. સંયોગની અહીં વાત નથી. ચારેય ગતિની અંદર શેઠ હો, શાહુકાર હો, રંક હો, રાજા હો, નારકી હો કે દેવ હો. એને પોતાના આનંદસ્વરૂપને ભૂલી અને આકુળતા જે પુણ્ય અને પાપ આદિ વિકારી વ્યાકુળતા કરે છે એ જ દુઃખ છે. સમજાય છે કાંઈ? એ આકુળતાનું દુઃખ છે એને છેદવું હોય તો શું ઉપાય છે? સમજાણું કાંઈ?

તો કહે છે, '**નિર્વિકારચૈતન્યચમત્કારમાત્ર આત્મસ્વભાવ...**' પહેલો ખ્યાલ કર કે ભગવાન આત્મા નિર્વિકાર-વિકાર વિનાનો ચૈતન્યચમત્કાર ચૈતન્યચત્મકાર, જેનો સ્વભાવ અનંત અનંત પદાર્થને સ્વપરને જાણવાનો એવો એનો સ્વભાવ છે. સમજાય છે કાંઈ? નિર્વિકારચૈતન્યચમત્કાર આ ચમત્કાર છે. જેના જ્ઞાનમાં ત્રણ કાળ, ત્રણ લોક જણાય એવો ચૈતન્ય ચમત્કાર આત્માનો સ્વભાવ છે. એ સ્વભાવને અને તેને વિકાર કરનારા એવા બંધોના સ્વભાવને. જેવો ભગવાન આત્મા નિર્વિકારી નિર્દોષ ચૈતન્ય ચમત્કારમાત્ર સ્વભાવ એવી ચીજ આત્માને, બંધનનો વિકારનો કરનાર. વિકાર-પુણ્ય અને પાપ, કામ અને ક્રોધ, દયા અને દાન, વિકલ્પ શુભાશુભ રાગ, શુભ-અશુભ રાગ, વિકાર કરનારા એવા બંધોનો સ્વભાવ. વિકારનું થવું એ બંધનો સ્વભાવ. નિર્વિકારી ચૈતન્યમાત્ર આત્માનો સ્વભાવ. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. કહ્યો. બંધનો એ સ્વભાવ. પરનું લક્ષ કરીને વિકાર ઉત્પન્ન કરે છે એ બંધનો સ્વભાવ. સમજાય છે? પર્યાયમાં પરલક્ષ કરીને સ્વલક્ષ ચુકીને વિકારના કરનારા ભાવ તેને બંધનો સ્વભાવ કહે છે. એ બંધ સ્વભાવ છે. ત્રિકાળી ભગવાન અબંધ સ્વરૂપી ચૈતન્ય નિર્વિકારી ચૈતન્ય ચમત્કાર સ્વભાવ વસ્તુ આત્મા, એમાં પર્યાયમાં બંધના કરનારા વિકારી ભાવ એ બંધનો સ્વભાવ છે. પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ એ મારા અને એ ભાવ. એ બધો વિકાર કરનારા બંધનો (ભાવ છે). જેમ આત્માનો સ્વભાવ ચૈતન્યચમત્કાર નિર્વિકાર છે, એમ આ વિકાર બંધનો સ્વભાવ છે એમ અહીં કીધું. સમજાણું કાંઈ? ભારે ઝીણું આ તે ક્યાં અંદર... અંદરની વાત છે.

આ શરીર, વાણી તો પર જડ માટી છે. એને ને એને તો કાંઈ સંબંધ જ નથી. એ તો એને કારણે પલટે, એને કારણે ઠરે અને એને કારણે ગતિ કરે, એને કારણે થંભી જાય. આત્માનો એમાં કાંઈ અધિકાર નથી. એટલે એને બંધના કારણ ન કહ્યા. શરીર, વાણી એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બંધના કારણ નથી, એ બંધનો સ્વભાવ નથી. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા વસ્તુ એનો નિર્વિકારી ચૈતન્ય ચમત્કારમાત્ર ત્રિકાળી સ્વભાવ એ આત્મા. એ આત્માનો સ્વભાવ. સ્વ-ભાવ-પોતાનો ભાવ. એમાં પર્યાયમાં વિકારના કરનારા પુણ્ય-પાપ એ બંધનો સ્વભાવ. સમજાણું કાંઈ? વિકારના કરનાર. નિર્વિકારી ચૈતન્ય ચમત્કાર માત્રનો સ્વભાવ અને અહીં વિકાર કરનારા એવા બંધોનો સ્વભાવ. સમજાણું કાંઈ? પર્યાયમાં જેટલા વિકલ્પો ઉઠે છે પુણ્ય-પાપના કે એ ઠીક છે એવી ભ્રાંતિના, એ બધા વિકાર એ બંધનો સ્વભાવ છે. વિકાર કરનારા બંધનો સ્વભાવ છે. એ બેને જાણીને. બેને અંતરમાં જાણીને કે આ ચૈતન્યચમત્કારમાત્ર નિર્વિકારી વસ્તુ આત્મા અને વિકાર પરિણામ બંધનો સ્વભાવ, બેને બરાબર અંતરમાં જાણીને બંધોથી વિરમે છે. એ વિકારી પરિણામ જે થાય, એનાથી પાછો હઠે છે. એનાથી નિવર્તે છે. પુણ્ય-પાપના ભાવથી અંતરમાં વિરમે છે અને ચૈતન્યચમત્કારમાત્રમાં ઠરે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

પુણ્ય-પાપના વિકાર બંધના કારણ ત્યાંથી વિરમે છે, પાછો હઠે છે. જુઓ. અને '**બંધોથી વિરમે છે,...**' એનો અર્થ કે સ્વભાવમાં ઠરે છે. '**તે જ સર્વ કર્મોથી મુકાય છે.**' સમજાણું કાંઈ? બહુ ટૂંકામાં પરમસત્ય છે. આખો પ્રભુ અનાદિઅનંત ચૈતન્ય ધ્રુવ એ તો એનો નિર્વિકારી ચૈતન્યચમત્કાર સ્વભાવ છે. જેના સ્વભાવમાં ત્રણ કાળ ત્રણ લોક જણાય એવું એનું સામર્થ્ય નિર્વિકારી ત્રિકાળ છે. અને એની વર્તમાન દશામાં વિકારના કરનારા, થનારો બંધ સ્વભાવ એ બે વચ્ચેનું બરાબર જ્ઞાન કરીને બંધથી નિવર્તે છે. એટલે વર્તમાન પુણ્ય અને પાપના વિકલ્પ બંધકારણ છે એનાથી પાછો હઠે છે. અને ચૈતન્યચમત્કાર માત્ર આત્મસ્વભાવ એવું જે આત્મદ્રવ્ય એમાં એ ઠરે છે. કહો, સમજાય છે કાંઈ? એ મોક્ષનો માર્ગ છે. આહાહા..!

'**વિકાર કરનારા એવા બંધોના સ્વભાવને...**' એ પણ એક સ્વભાવ છે બંધનો. પુણ્ય, પાપ, રાગ, દ્વેષ ભાવ, ઉત્થાન વિકલ્પની વૃત્તિઓ જેટલી ઉઠે છે એ બધી બંધના સ્વભાવવાળી, વિકારના કરવાવાળો બંધનો સ્વભાવ છે. અને ભગવાન આત્મા અંદર ત્રિકાળી ચૈતન્ય સત્તાનું સત્ત્વ નિર્વિકારી ચૈતન્ય સ્વભાવમાત્ર ભગવાન, એના ઉપર લક્ષ કરીને આ પુણ્ય-પાપના ભાવથી વિરમે-નિવર્તે છે. જુઓ! સમજાય છે કાંઈ? ચાહે તો શુભભાવ હો કે ચાહે તો અશુભ હો. એ બેય બંધ સ્વભાવવાળો ભાવ છે. સમજાણું કાંઈ? એમાંથી વિરમે છે '**તે જ સર્વ કર્મોથી મુકાય છે.**' તે અંદરમાં રાગ અને પુણ્યથી છૂટો પડી સ્વભાવમાં એકાગ્ર થાય તેને કર્મથી મુક્તિ થાય છે. કર્મબંધનનો છેદ થાય છે. એ છેદ જ, કર્મનો બંધ છેદ જ મુક્તિનું કારણ છે. કહો, સમજાય છે કાંઈ?

આત્મસિદ્ધિમાં આવે છે, 'વીત્યો કાળ અનંત તે તે જ શુભાશુભભાવ, તે જ શુભાશુભ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છેદતા ઊપજે મોક્ષ સ્વભાવ.' આવે છે ને? 'વીત્યો કાળ અનંત તે...' અનંત-અનંત કાળ વીત્યો એ 'વીત્યો કાળ અનંત તે તે જ શુભાશુભભાવ.' શુભ અને અશુભના વિકારી ભાવો એમાંથી એને લઈને અટક્યો. સમજાય છે? 'તે શુભાશુભ છેદતા...' જુઓ! આ શૈલી છે. એ શુભાશુભભાવ એ વિકાર છે, ત્યાંથી હઠતા, વિરમ પામતા, વિરક્તિ કરતા, વિરામ પામતા, અંતરમાં ઠરતા એ બંધને છેદ્યો એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અરે..! એને એની દયા ન આવી એમ આવે છે, પંચાધ્યાયીમાં.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. થઈ ગયું બરાબર?

કહે છે કે ભાઈ! તારી દયા તો કર તું. અરે..! ચોર્યાસીના અવતારમાં રખડતો દુઃખી (છે). ક્યાંય એને સુખ નથી, ભાઈ! મહા દુઃખ છે. દુઃખની જેલ છે મોટી. દુઃખના ઘા વાગે છે. જેમ કંપવા થાય અને સંધિએ સંધિએ દુઃખ થાય એમ સંધિવા થાય છે ને સંધિવાત. .. શેઠને સંધિવા થયો. શેઠ ગૃહસ્થ માણસ મોટો. પછી કહે, મને બંદુકે મારી નાખો. મારાથી સહન થાતું નથી. કહો, સમજાણું? એ વખતમાં હોં. પહેલાના પૈસા દસ લાખ તો પહેલા બહુ કહેવાતા ને? ૬૦ વર્ષ પહેલા, ૭૦ વર્ષ પહેલા. પહેલા તો દસ લાખ બહુ કહેવાતા ને અત્યારે તમારે બધાને ઠેકાણું નથી. ઠેકાણું નથી એટલે ૬૦ લાખ હોય, ૭૦ લાખ, ૮૦ લાખ, કરોડ હોય તો કાંઈ ઠેકાણું જ પડતું નથી. હાલ્યો જ જાય છે આઘો તૃષ્ણામાં. તૃષ્ણા કેટલી? ક્યાંય સંતોષ છે એને? પહેલા તો એટલું હતું એને દસ લાખ રૂપિયા, ૪૦ હજારની ઊપજ. મોટી ગરાસ ઘરે. એવી વેદના થઈ. મારી નાખે કોઈ તલવાર લઈને. બંદુકથી ગોળી આપો એમ કહેતા.

અહીં તો કહે છે કે એ પીડા તો બહુ અનંતમાં ભાગની છે. સમજાય છે? નરકમાં અને નિગોદની પીડા એ આકુળતાની પીડા અનંતી છે, ભાઈ! તને ખબર નથી. કોઈ દિ' તારે ચૈતન્યમાં અનાકુળ આનંદ સ્વરૂપ છે એની સાથે કોઈ દિ' મેળવ્યું નથી. આકુળતા.. આકુળતા.. આકુળતાની અગ્નિ બળે છે, ભઠ્ઠી બળે છે. પુણ્ય-પાપના વિકલ્પોની ભઠ્ઠી બળે છે. ભાઈ! તું દુઃખી છો. એ બંધ સ્વભાવ દુઃખના કારણ કહો કે વિકારના કારણ કહો.

જ્યારે તને શાંતિ જોઈતી હોય અને ધર્મ જોઈતો હોય, આત્માનું કલ્યાણ કરવું હોય, આત્માની દયા કરવી હોય, તો એ બંધના ભાવથી (ખસી) ચૈતન્યચમત્કાર વસ્તુ આત્માને દૃષ્ટિમાં લઈ બંધથી વિરમ. ખસી જા. એમાંથી ખસી જા. અહીં આવી જા ચૈતન્યચમત્કારમાં. આહાહા..! ભારે ભાઈ ક્રિયા. બહારની ક્રિયા હોય તો કરી નાખીએ આ ફલાણુ... ફલાણું... બહારની ક્રિયા હતી ક્યાં? એને દુઃખદાયક તો જડની ક્રિયા, શરીર, વાણી, મનની. અંદરમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

આકુળતાના ભાવ અનાદિથી કરતો આવે છે. નિગોદથી માંડીને સ્વર્ગમાં જાય તોપણ આકુળતા... આકુળતા... આકુળતા. એવો વિકારી ભાવબંધનો સ્વભાવ, વિકારી ભાવબંધનો સ્વભાવ, દુઃખરૂપ ભાવ અને ચૈતન્યચમત્કારમાત્ર ભગવાન અંદર ત્રિકાળી જ્ઞાયકમૂર્તિ પ્રભુ, બેને બેના સ્વભાવોને પહેલા તો જાણીને એમ કહ્યું. જોયું? જાણીને. બેનું જાણપણું જ જ્યાં ન હોય બે શું છે એ જાણ્યા વિના વિરમે કોનાથી? નિવૃત્તિ કોનાથી અને પ્રવૃત્તિ શેમાં? ઓહોહો..! સમજાણું કાંઈ?

આવા ભગવાન આત્મા સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની ત્રિલોકનાથ તીર્થંકરદેવ એવો આત્મા નિર્વિકાર ચૈતન્યચમત્કાર સ્વભાવ વસ્તુ તું છો એમ જોયો છે. એમ તું અંદર જો. અને વિકારી પરિણામ છે તેનાથી હટી જા રુચિથી. રુચિથી હઠી જા. એને જ્ઞેય કર્યું છે તે ખસી જા અને એમાં ઠર્યો છે તે ખસી જા. સમજાણું કાંઈ?

'**તે જ સર્વ કર્મોથી મુકાય છે. આથી (-આ કથનથી), આત્મા અને બંધનું દ્વિધાકરણ જ મોક્ષનું કારણ છે...**' ઓલો જે પ્રશ્ન હતો એનો ઉત્તર. ભગવાન આત્મા ચૈતન્યબિંબ પ્રભુ અને વિકારી બંધ સ્વભાવ, બેને જુદા પાડવા એ જ મોક્ષનું (કારણ છે). દ્વિધાકરણ. દ્વિધા-બે છે તેને જુદા કરવા. આરે..! બહાર હોય તો કરવત મૂકીને લાકડું કાપવું. આ શું કરવું આ? ભાઈ! કરવત તો પ્રજ્ઞા-પ્રજ્ઞા જ્ઞાનની દશા (છે). આ વસ્તુ છે ત્રિકાળ આનંદસ્વરૂપ છે. એવી જે જ્ઞાનની દશા સ્વ તરફ વાળવી અને વિકારના પરિણામથી ખસવી એ જ બંધ અને આત્માને છેદવાનો ઉપાય છે.

'**આત્મા અને બંધનું દ્વિધાકરણ જ...**' ભાષા જુઓ! ઓલો રાગ વચ્ચે હોય એ મોક્ષનું કારણ છે એમ નહિ. દયા, દાન, વ્રત, ભક્તિના, પૂજાના પરિણામ એ મોક્ષનું કારણ છે એમ નહિ. એ તો બંધ સ્વભાવવાળો ભાવ છે. એનાથી ભિન્ન પાડવું દ્વિધા કરવું એ મોક્ષનું કારણ છે. આહાહા..! સમજાણું કાંઈ? આવો ત્રણે કાળનો માર્ગ આ જ છે. સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો, જોયેલો અને કરેલો. સમજાણું કાંઈ?

પહેલું એને જ્ઞાન તો કરવું જોઈએ ને. કે આ તે આત્મા શું છે? આ બંધભાવ શું છે? અને એ કઈ રીતે ટકતો કેટલો છે? ત્રિકાળી સ્વભાવ ટકતો કેટલો છે? બંધભાવ તો ક્ષણિક વિકાર છે. ચૈતન્યચમત્કાર વસ્તુ તો ત્રિકાળી છે. એવું એના ખ્યાલમાં, જ્ઞાનમાં બરાબર પહેલું આવવું જોઈએ. આવ્યા પછી રાગના, પુણ્ય-પાપની પર્યાયબુદ્ધિ જે દૃષ્ટિ છે પર ઉપર એને હટાડીને સ્વભાવ દૃષ્ટિમાં આવવું એનું નામ બંધનો છેદ, મુક્તિનો ઉપાય કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**(-આ કથનથી), આત્મા અને બંધનું દ્વિધા...**' બે પ્રકાર જુદા કરવા એ જ મોક્ષનો

ઉપાય છે. એ મોક્ષનો ઉપાય કહો, માર્ગ કહો કે કારણ કહો, મોક્ષનો આ માર્ગ છે. કહો. એ પુણ્ય-પાપના ભાવ બંધ સ્વભાવ છે અને ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવ છે. એ બેની વચ્ચે પરથી ભેદ પાડી, જુદો પાડી, સ્વભાવમાં આવવું એ દ્વિધાકરણ જ મોક્ષનો માર્ગ છે. આ મોક્ષનો માર્ગ આ એક છે. લ્યો, આમાં બે મોક્ષના માર્ગ છે એમ ન આવ્યું આમાં ક્યાંય. નિશ્ચય મોક્ષમાર્ગ છે, વ્યવહાર મોક્ષમાર્ગ છે, ફલાણો માર્ગ છે, વ્યવહાર સમકિત છે અને નિશ્ચય સમકિત છે. આ તો આ એક જ મોક્ષનું કારણ છે. કારણ કહો કે ઉપાય કહો. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બસ, ચૈતન્યચમત્કાર ભગવાન અને પુણ્ય-પાપ આદિ મિથ્યાત્વભાવ આદિ બંધનો સ્વભાવ, એ બેમાં પરથી જુદું પાડવું, એકતા માની છે એનાથી જુદું પાડવું એ જ બંધને છેદવાનો ઉપાય છે અથવા એ જ મોક્ષનો માર્ગ છે. એટલે મોક્ષનો ઉપાય આ એક જ છે. કહો, સમજાણું આમાં? આહાહા..! હજી તો સાંભળવા મળે નહિ બિચારાને. બહારની માથાકૂટ. આ કર્યું.. આ કરું... આ કરું... એનાથી કલ્યાણ થઈ જાય અને કાં કોઈ ઈશ્વર હશે કલ્યાણ કરાવી દે. ધૂળમાંય નથી કોઈ, સાંભળને. સમજાણું કાંઈ? આહાહા..!

ધર્મનો રસ્તો, મોક્ષનું કારણ, મોક્ષનો માર્ગ એ વિકારના પરિણામથી સ્વભાવના પરિણામમાં આવવું ત્યાંથી ખસીને એ એક જ બંધને બેને જુદા પાડવા એ એક જ મોક્ષનો ઉપાય છે. આ તો મોક્ષના માર્ગની વાત કરે છે હોં! એ માર્ગે જતા મોક્ષ થાય એવું છે. બીજી રીતે મોક્ષ થાય એવું નથી. મોક્ષ એટલે પરમ આનંદસ્વરૂપ. 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા તે પામે તે પંથ.' શ્રીમદ્ કહ્યું ને આત્મસિદ્ધિમાં.

મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા તે પામે તે પંથ,
સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ.

વીતરાગ પરમેશ્વર નિર્ગ્રંથ વીતરાગ દેવે એમ ફરમાવ્યું. ત્રિલોકનાથ પરમાત્મા પરમેશ્વર વીતરાગ સો ઈન્દ્રના પૂજ્ય બહારથી પુણ્ય અતિશય છે, સ્વભાવને-પોતાનો ભાવ પૂર્ણ પ્રગટ કર્યો છે. એવા ભગવાને મોક્ષનો માર્ગ તો એક આ કહ્યો છે. સમજાય છે કાંઈ? આહાહા..! પૈસાવાળાને પૈસાથી ધર્મ થાય, શરીરના સામર્થ્યવાળાને શરીરની ક્રિયાથી ધર્મ થાય એમ નથી. અને બુદ્ધિવાળાને વિકલ્પની બુદ્ધિનું જ્ઞાન દોડાવે એનાથી મોક્ષ થાય એમ નથી એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? આહાહા..!

પંચાધ્યાયીમાં તો લીધી છે એક ગાથા. હોં! સમ્યક્ આત્માના સ્વભાવના ભાન વિનાનું જ્ઞાન અને રાગની મંદતાની ક્રિયા એ બંધનું જ કારણ છે. જ્ઞાનને બંધનું કારણ કીધું. ભારે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ખુલાસા તો બહુ કર્યા છે હોં એણે. સમજાણું કાંઈ? પંચાધ્યાયીમાં. આત્મા પુણ્ય-પાપનો વિકલ્પ અને પરનું જ્ઞાન શાસ્ત્ર આદિ, એનાથી ભિન્ન પાડવું, એનાથી ભિન્ન પાડીને સ્વભાવનો આશ્રય લેવો તે જ મોક્ષનું કારણ છે. બાકી ઓલો જે શાસ્ત્રનું જ્ઞાન એ ભાવ છે એ પણ બંધનું જ કારણ છે. ઓહોહો..! ગાથા છે એમાં હોં. કહો. સમજાણું કાંઈ?

કષાય-આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ અને શાસ્ત્રનું શ્રુતજ્ઞાન એ આત્માના અંતર સમ્યગ્દર્શન વિના એ બેય બંધના જ કારણ છે. એ બંધના કારણને છેદવો એ મોક્ષનો ઉપાય છે. સમજાણું? એ ક્યાંક છે અંદર હોં! છે ને? એ કડી હશે કયાંક. .. કારણ કહો, શાસ્ત્રજ્ઞાન કહ્યું હતું ને નહિ? એક છે ગાથા છે અંદર ક્યાંક. ... ... ઘણી ગાથાઓ લક્ષમાં .. છે. શ્રુતજ્ઞાન એમ છે હોં ચોખ્ખો પાઠ. આ તો ખુલ્લુ મૂકે છે આ. સમકિત વિના, એવી છે ક્યાંક ગાથા છે. એ ચોખ્ખી જ વાત છે.

સમ્યગ્દર્શન વિના,... કહો, સમજાણું? જ્ઞાન જે છે એ તદ્દન બંધનું જ કારણ છે. ઘણાં શ્લોકો ગયા. શ્રુતજ્ઞાન બંધનું કારણ છે. ભગવાન આત્મા એ શ્રુતજ્ઞાન અને કષાયની મંદતા દયા, દાન, આદિ બેય બંધના સ્વભાવવાળા છે એમ કહે છે. આહાહા..! અંતર વસ્તુ ભગવાન આત્મા અનંત શાંત અને આનંદરસનો કંદ ચૈતન્યચમત્કાર વસ્તુ છે. આત્મા વસ્તુ છે ને? પદાર્થ છે ને? અનાદિઅનંત છે, નિત્ય છે, કાયમી છે, અસલી તત્ત્વ ત્રિકાળી છે. એ ત્રિકાળી તત્ત્વમાં અનંત આનંદ અને જ્ઞાનાદિ ભર્યા છે એ નિર્વિકાર છે. એ પુણ્ય-પાપના વિકારથી હટી અને સ્વભાવમાં આવે અને પુણ્યથી, વિકારથી વિરમે એ શ્રુતજ્ઞાનના પરથી અને પરના કષાયથી વિરમે. આહાહા..! સમજાય છે કાંઈ? કહે છે કે એને બંધનું કારણ છેદાય છે. આહાહા..! સાધારણ જનતાને તો એવું લાગે કે કોઈ ધર્મનો ઉપાય આવડો મોટો આકરો હશે કે બીજો? પણ માર્ગ જ આ છે, ભાઈ! બીજા ગમે તે રીતે મનાવે અને માને, એ જીંદગી વઈ જશે એની.

આવો મનુષ્યનો ભવ પાંચ-પચ્ચીસ, પચાસ, સાંઈઠ વર્ષ કેટલો? અનંત કાળમાં રખડતો,

અનંતકાળથી આથડ્યો વિના ભાન ભગવાન,<br>સેવ્યા નહિ ગુરુ સંતને મૂક્યા નહિ અભિમાન.

અનંત અનંત કાળ. ક્યાંય શરણ નહોતું. ક્યાંય પાંજરાપોળ નહોતી કે તારી કોઈ દયા ખાય. આહાહા..! ભાઈ! તેં તારી દયા નથી કરી હોં! આહાહા..! એ રખડતા જીવને તારી તને દયા નથી. આ ચાર ગતિમાં દુઃખી થાય છે, ભાઈ! સમજાય છે? એ દુઃખના રસ્તા. એ પુણ્ય-પાપના વિકારભાવ એમાં પ્રેમ અને એની રુચિ એ બધા દુઃખના પંથે પડવાના માર્ગ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અહીંયાં કહે છે, ભાઈ! તું તો ચૈતન્ય સ્વરૂપ છો કે નહિ? વસ્તુ છો કે નહિ? વસ્તુ છે કે નહિ તું? છે તો વસ્તુમાં કોઈ કાયમી રહેવાવાળા સ્વભાવ અને શક્તિ છે કે નહિ? કારણ કે છે એ કોઈ શક્તિ અને સ્વભાવ વિનાનું તત્ત્વ હોઈ શકે નહિ. તો એ છે એ નિર્વિકાર ચૈતન્યમાત્ર ચમત્કાર સ્વભાવવાળો પદાર્થ છે. એમ કહેતા અનંતા ગુણો નિર્વિકાર ચૈતન્યની સાથે અવિનાભાવી રહેનારો સ્વભાવવાળો આત્મા છે. સમજાણું કાંઈ?

એમાં આ પુણ્ય અને પાપ અને એમાં એકત્વબુદ્ધિ છે તેને પૃથક્ કરવી એ મોક્ષનું એક જ કારણ છે. બીજું કોઈ કારણ છે નહિ. '**એવો નિયમ કરવામાં આવે છે...**' જુઓ! છે ને? '**આત્મા અને બંધનું દ્વિધાકરણ જ મોક્ષનું કારણ છે એવો નિયમ...**' ચોક્કસ કાયદો, હેતુ, નિયમ '**કરવામાં આવે છે...**' લ્યો આમાં કોઈ બીજો ઉપાય છે એમ છે નહિ. એવો નિયમ છે, જગતનો નિયમ છે, માર્ગનો એક જ નિયમ આ છે. કહો, સમજાણું કાંઈ? પહેલા સમજણમાં તો લે. એને જ્ઞાનમાં તો લે કે આ શું છે આ વિકાર? શું છે આ આત્મા? અને એમાં પછી કેનાથી ક્યાં હઠવું? એ હઠવાની શું રીતિ? ભાઈ! આમ પરલક્ષી જેટલા વિકારો થાય છે એ બધા બંધના ભાવ છે. એનાથી હટીને સ્વના આશ્રયમાં જવું એવા બેને ભેદ પાડવા એ એક જ મોક્ષનો ઉપાય છે એવો નિયમ કરવામાં આવે છે. વીતરાગી સંતો કહે છે કે આ નિયમ કરવામાં આવે છે. આવો એક જ નિયમ છે, બીજો કોઈ નિયમ છે નહિ. આહાહા..!

'**(અર્થાત્ આત્મા અને બંધને જુદા જુદા કરવા તે જ મોક્ષનું કારણ છે...**' એટલે ઉપાય છે. '**એમ નક્કી...**' લ્યો, નિયમનો અર્થ '**એમ નક્કી કરવામાં આવે છે).**' એમ નક્કી કરવામાં આવે છે. આહાહા..! એમાં કાંઈ શરીર ઠીક મળ્યું હોય નિરોગતા, ચામડી કાંઈક રૂપાળી મળી હોય અને જુવાન અવસ્થા જડની. જડની જુવાન અવસ્થા છે ને. આત્મા કાંઈ જુવાન-બુવાન નથી. માટીનો પીંડલો કાંઈક ઠીક હોય એમાં. એમાં પાંચ-પચાસ લાખ પૈસા હોય અને એમાં છોકરા કહ્યાગરા હોય, મકાન-બકાન, સુંવાળા કપડા ને આહાહા..! સલવાણો તે સલવાણો છે ને. સલવાણો સમજ્યા? ઘૂસી ગયો એમાં. આહાહા..! ભાઈ! તું બંધનના ભાવમાં દબાઈ ગયો છો. સમજાય છે કાંઈ? એ બધા નિમિત્તો, એને લક્ષે થતાં તારા વિકાર એના બંધભાવમાં તું દબાઈ ગયો છો, હેરાન થઈ ગયો છો. આહાહા..! કહો, સમજાણું કે નહિ? આ પૈસા-બૈસા આવે અને એમાંથી થાય એ તો બધું લાભનું કારણ છે કે નહિ કાંઈ? એમ હોય? પૈસા પણ થાય અને ધર્મ પણ સમજાય. બેય થયું લ્યો. અહીં આવ્યા તો. અહીં નહોતા ત્યારે પૈસા પણ નહોતા અને આ નહોતું.

મુમુક્ષુ :- એ બધું આપની કૃપાનું ફળ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- પૈસા કંઈ અહીંને લઈને આવ્યા છે? પૈસા તો પુણ્યને લઈને આવ્યા છે. તમારે ભાઈ પાસે. જયકુમાર હા પાડે છે. એને પૈસા થયા છે. એ પહેલા અહીં આવતા ને તો ભાડું પણ માંડ માંડ કરીને ખરચતા. અને હવે પછી પૈસા થયા. તમારે પણ પૈસા થઈ ગયા. ૨૫નો પગાર, ૩૦નો પગાર પૈસા થઈ ગયા. એટલે એમ કેટલાક કહે કે મહારાજ પાસે જઈએ તો પૈસા થાય. કેટલાક અહીં ગરીબ પણ ઘણાં છે બિચારા, લ્યો. હતા કેટલાક એ થઈ ગયા લ્યો. કેટલાય પૈસાવાળા હતા. શેઠી!

અમારે આ છોકરાઓ છે ને? પાલેજ. એ એમ કહે કે મહારાજ આ તમે દુકાને બેસતા, આ દુકાન હતી, આ બધું તમારું છે, આ પૈસા તમારા અને બધું તમારું. શેઠી! અમારે છે ને કુંવરજીભાઈના. ત્રણે છોકરાઓ બહુ નરમ છે, બહુ ડાહ્યા. આઠ દિ' ગયા હતા ને હમણાં? ઘણા રૂપિયા ખર્ચ્યા આઠ દિ'માં ૧૬ થી ૨૦ હજાર ખર્ચ્યા હતા. આ બધું તમારું છે. આ દુકાને તમે બેસતા, આ એની જોડે અને આ બધો વેપાર ધંધો. દુકાન હતી ને અમારી પિતાજીની દુકાન હતી ને. નવ વર્ષ. કોનું પણ છે આ? શરીર જ નથી ત્યાં વળી દુકાન કેવી અહીં? શેઠી! શેઠ! આહાહા..!

અહીં કહે છે કે, ભગવાન! રાગ પણ તારો નથી ને, ભાઈ! રાગ તારો હોય તો કાયમ એકરૂપે ટકવો જોઈએ. આહાહા..! એ તારું ધ્રુવ તો ચૈતન્ય વસ્તુ તે ધ્રુવ છે તારી. એ બધું અધ્રુવ તારું નહિ. આહાહા..! અરે..! વિકલ્પ ઉઠે છે, જ્યાં-ત્યાં વૃત્તિ ઉઠે ભાઈ! એ દુઃખદાયક છે, તારા આત્મામાં ઘા પડે છે તને. આહાહા..! તને શાંતિ અને અશાંતિની ખબર નથી. થાય છે અશાંતિનો વિકલ્પ અને માને છે મઝા. બહુ મઝા છે, બહુ ઠીક છે. શેની મઝા? ભાઈ! સમજાણું કાંઈ?

કહે છે, અહીં નિયમ કરવામાં આવે છે અને એ નક્કી કરવામાં આવે છે કે ભગવાન આત્મા ચૈતન્યચમત્કાર સ્વભાવ ત્રિકાળ, પર્યાયમાં વિકાર કરનારા ભાવ, એનાથી વિરમીને અંદરમાં આવવું, એ બંધનો છેદનો ઉપાય એક જ મોક્ષનો ઉપાય છે. એવું નક્કી કરવામાં આવ્યું છે, આવે છે. એમ.

હવે ૨૯૪. મોટી લાંબી છે ઈ. '**આત્મા અને બંધ શા વડે દ્વિધા કરાય છે...**' પણ કોઈ સાધન જોઈશે કે નહિ? એમ પૂછે છે. તમે તો કીધું કે આત્મા ભગવાન અંદર ચૈતન્ય, એના ઉપર દૃષ્ટિ આપ. અને આ પુણ્ય-પાપના વિકાર છે એ વર્તમાન પર્યાયમાં, અવસ્થામાં એમાંથી દૃષ્ટિને ખસેડ. પણ એનું કોઈ સાધન હશે કે નહિ? '**આત્મા અને બંધ શા વડે દ્વિધા કરાય છે (અર્થાત્ ક્યા સાધન વડે જુદા કરી શકાય છે)?**' સાધન ક્યું? કોઈ આ .. ત્યાં ચાલી હતી ને વાત? અગાસમાં. ત્યાં રાતે એક મારવાડી આવ્યો.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પણ એ બધી વાત (બરાબર) પણ એનું સાધન શું? સાધન આ દયા, દાન, ભક્તિ કરવી એ સાધન કહેવાય. એ સાધન-ફાધન નથી. સાંભળ. એ તો બંધ ભાવ છે. આહાહા..! કઠણ જગતને. ભક્તિ કરે ને ભક્તિ ત્યાં શ્રીમદ્‌માં? બસ, ભક્તિ કરવી એ સાધન. ભક્તિ કરવી. એ તો રાગ છે, સાધન-ફાધન કેવા ઈ? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એનાથી હટવાનું કહે છે.

ઉત્તર :- એનાથી હટવાની વાત ચાલે છે અહીં. હોય તો હઠ. જેટલો ખસીને આત્મામાં આવ એટલો મુક્તિનો માર્ગ છે. વાત એ કે જે ક્રિયાકાંડી માણસો દયા, દાનમાં ધર્મ માનવા લાગ્યા અને આ ખસીને આવ્યા ત્યારે ભક્તિમાં ધર્મ માનવા માંડ્યા. ભગવાનની ભક્તિ ને દેવ-ગુરુ-શાસ્ત્ર. બસ, એની ભક્તિ કરો, ભક્તિ કરો એને અર્પી દયો. ભક્તિ કરો ધર્મ થશે. ત્રણ કાળમાં નહિ થાય તોય. લે. ત્રણ લોકના નાથ પરમાત્મા સમવસરણમાં બિરાજે એની ભક્તિ કરે મોટી મણિરતનના દિવાથી. તો એનાથી પુણ્ય થાય, ધર્મ ન થાય. સમજાણું કાંઈ? એ પાપથી બચવા માટે એવો ભાવનો કાળ હોય છે તે હોય. પણ એ ધર્મ છે અને એનાથી હળવે હળવે ધર્મ થશે, એ એનું પહેલું પગથિયું છે ને ઈ? પછી બીજે પગથિયે જવાશે. એમ નથી. શેઠી! ભારે કામ આકરું.

‘**તેનો ઉત્તર કહે છે :-**’ પૂછવામાં આવે એનો ઉત્તર છે હોં! ‘**केनात्मबन्धौ द्विधा क्रियेते इति चेत्**’ મહારાજ! ભગવાન! એ લાકડાના બે ભાગ કરવા હોય તો છીણી જોઈએ વચમાં. સાધન. એમ આત્મા વસ્તુ આમ ચૈતન્યપ્રભુ, અનંત ગુણ રાશિ અને વિકાર ક્ષણિક પુણ્ય-પાપના ભાવ બંધ, એ બેને જુદા કરવામાં સાધન ક્યુ? કરણ ક્યુ? કરણ-સાધન. એ પૂછ્યું છે. ‘**એમ પૂછવામાં આવતાં હવે તેનો ઉત્તર કહે છે :-**’ હવે તેનો ઉત્તર આપવામાં આવે છે.

**जीवो बंधो य तहा छिज्जंति सलक्खणेहिं णियएहिं।**
**पण्णाछेदणएण दु छिण्णा णाणत्तमावण्णा।।२९४।।**
**જીવ બંધ બન્ને, નિયત નિજ નિજ લક્ષણે છેદાય છે,**
**પ્રજ્ઞાછીણી થકી છેદતાં બન્ને જુદા પડી જાય છે. ૨૯૪.**

લ્યો, આ પ્રજ્ઞાછીણી. લ્યો. કરણમાં એ લીધું પાછું. કરણમાં બીજું સાધન છે કે નહિ? કહો, જેઠાલાલભાઈ! દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ કરવી, એની સામું જોવું, એનું બહુમાન કરવું એ સાધન હશે કે નહિ?

મુમુક્ષુ :- હશે સાચું પણ હવે એ અત્યારે...

ઉત્તર :- અત્યારે વાત નહિ. હોય ખરું, આવે ખરું પણ છેદવામાં એ કામ આવતું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નથી. એ પોતે બંધભાવ છે, તેનાથી છૂટવું એમાં એ સાધન શી રીતે થાય? આહાહા..! ભારે વાતું આકરી. સમજાણું શેઠ! એ જિનવાણીની ભક્તિ પણ સાધન નથી એમ કહે છે.

મુમુક્ષુ :- અહીં આવીને સાંભળ્યું.

ઉત્તર :- અહીં આવીને સાંભળ્યું, ત્યાં નહોતું સાંભળ્યું ત્યાં? જિનવાણી એ પર, એનું બહુમાન કરવું એ શુભ વિકલ્પ રાગ. એ પણ બંધનો ભાવ. એનાથી જુદું પડવું એ મોક્ષનું કારણ, એના ભાવમાં રહેવું એ બંધનું કારણ છે, મોક્ષનું કારણ નથી. આહાહા..! શેઠી! પહેલા તો ભડકતા હતા શેઠી.

મુમુક્ષુ :- બહુ કઠણ પડે.

ઉત્તર :- કઠણ પડે હજી. બહુ કઠણ પડે. એણે માર્ગ કોઈ દિ' લીધો નથી ને. અનંત કાળમાં રખડવાના રસ્તે રખડી રહ્યો છે. આહાહા..!

ભગવાન આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ શાશ્વત ચિદાનંદ મૂર્તિ આત્મા છે. એનું એને કોઈ દિ' માહાત્મ્ય-મહિમા આવ્યો નથી. એને મહિમા બધું ધૂળ અને ધાણી. એક કોર શુભભાવમાં આ મહિમા, પૈસાની, શરીરની, ધૂળની ધમાહાની. પાપ કરે ને મહિમા આવે. હવે આ તે કઈ જાત? એના કરતા આગળ વધીને હવે પુણ્ય પરિણામ કર એમાં મહિમા આવે એ મૂઢ છે એમ કહે છે. સમજાણું કાંઈ? જુઓ!

**જીવ બંધ બન્ને, નિયત નિજ નિજ લક્ષણે છેદાય છે,**
**પ્રજ્ઞાછીણી થકી છેદતાં બન્ને જુદા પડી જાય છે. ૨૯૪.**

આ કરણ નામ આ સાધન વડે બંધ અને સ્વભાવ બે જુદા પડી જાય છે.

'**ટીકા :- આત્મા અને બંધને દ્વિધા કરવારૂપ કાર્યમાં કર્તા જે આત્મા...**' એનો કરનારો તો કહે છે આત્મા. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા ચૈતન્ય વસ્તુ ચમત્કાર ભગવાન આત્મા ત્રિકાળ. એવો જે આત્મા એ પુણ્ય-પાપના રાગના બંધભાવને જુદા કરવાના કાર્યનો, જુદા કરવારૂપી કાર્ય થયું ને? એ કાર્ય થયું ને? પુણ્ય-પાપના ભાવ અને સ્વભાવ, એને બેને જુદા પાડવાના કાર્યમાં, કાર્યનો કર્તા તો આત્મા. જુઓ! એ કાર્યનો કર્તા દયા, દાન, વિકલ્પ એ કાર્યનો કર્તા નથી. સમજાણું કાંઈ? આહાહા..! એની નિજ મહિમા જ એને આવતી નથી. આ શું અંદર વસ્તુ છે. દૃષ્ટિ પર્યાયની અનાદિથી. આખો ભગવાન મોટો ત્રણ લોકનો નાથ ચૈતન્ય ચમત્કાર પ્રભુ (છે) તોપણ આડમાં, રાગની આડમાં રહી ગયો. રાગના પડદે. આડ સમજો છો ને?

મુમુક્ષુ :- રાગનો પડદો.

ઉત્તર :- રાગનો પડદો. આખો દરિયો હોય મોટો દરિયો. અને પોતે ઊભો હોય ત્યાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચાર હાથનું લૂગડુ હોય આમ તો દરિયો ન દેખાય. દરિયો સમજ્યા? સમુદ્ર. આમ કાંઠે ચાર હાથનું કપડું હોય ચાર હાથનું કપડું. પોતે એવડો નાનો હોય. આખો દરિયો ન દેખાય. સમજાણું?

મુમુક્ષુ :- દેખાડનાર હોય તો દેખાઈ જાય.

ઉત્તર :- દેખનાર હોય તો દેખાઈ જાય. પણ એ કપડું તોડી નાખે વચમાંથી. એમ પુણ્ય અને પાપના વિકલ્પનો રાગ એની રીતિમાં આખો ભગવાન એને દેખાતો નથી. સમજાય છે કાંઈ? આહાહા..! 'તરણા ઓથે ડુંગર રે ડુંગર કોઈ દેખે નહિ.' અન્યમાં કહે છે. 'તરણા ઓથે ડુંગર રે ડુંગર કોઈ દેખે નહિ.' તરણું સમજો છો? તિનકા, તિનકા. આમ ડુંગર આખો મોટો હોય. મોટો ડુંગર. ન દેખાય. તિનકા. તરણા ઓથે ડુંગર અને કપડા ઓથે દરિયો. ચાર હાથનું કપડું હોય પરિયંત, પરિયંત કહે છે ને? પરિયંત. આ કપડું વચમાં નાખે એને નથી કહેતા? પરિયંત, પરિયંત કહે છે એને પરિયંત. આવે છે ને. પરિયંત આવે છે. આડો પડદો. પર્યંત. આડો પડદો. દરિયામાં આખો પડદો એટલો નાખીને ઊભો હોય ને. એ લૂગડું દેખાય. આડું ઓલું તો કાંઈ દરિયો તો દેખાય નહિ. ફટ અંદર બોળી નાખતા, કપડાને તોડી નાખતા આમ (દરિયો દેખાય). એમ આત્માના સ્વભાવને નહિ જણાવનારા પુણ્ય અને પાપના વિકલ્પો અંધારું રાગ છે એ બેય. એ અંધારામાં દૃષ્ટિ આપતા ભગવાન ચૈતન્યપ્રકાશ દેખાતો નથી. સમજાણું કાંઈ?

કહે છે કે એ રાગ છે તે કર્તા નહિ આત્માને જુદા પાડવામાં. એમ કહે છે. આત્મા અને રાગ પુણ્ય-પાપના વિકલ્પ શુભરાગ. એ શુભરાગ પણ રાગથી જુદું પાડવામાં એ કર્તા નહિ. સમજાણું કાંઈ? એ આત્મા પોતે જ્ઞાનમૂર્તિ તે રાગ અને આત્માના સ્વભાવને જુદો પાડવામાં કર્તા તે આત્મા છે. કરનારો તે આત્મા. રાગથી જુદું પાડવું તે કર્તાનું કાર્ય. સમજાણું કાંઈ? કર્તા છે ને? કાર્યમાં કર્તા. ભાષા જુઓ. કાર્ય નામ પુણ્ય-પાપના રાગ, એનાથી ભગવાન આત્મા જુદો, એવી અંદરમાં ભિન્નતાનું કાર્ય કરવું એ કાર્યરૂપી દશાનો કર્તા આત્મા છે. એ કર્તા સ્વતંત્રપણે કરે તેને કર્તા કહીએ. આહાહા..! સમજાણું કાંઈ? એ રાગની મંદતાના પરિણામ હતા માટે એને ભિન્ન પાડવામાં કર્તા આત્મા થયો એમ નથી. આહાહા..! એ સ્વતંત્રપણે કરે તે કર્તા. રાગ પુણ્ય-પાપના ભાવ, બંધભાવ, દોષભાવ, વિકારભાવ, દુઃખભાવ. એનાથી (ભિન્ન) ભગવાન આનંદભાવ. એને જુદા પાડવામાં કર્તા તો આત્મા સ્વયંસિદ્ધ કર્તા સ્વતંત્ર સીધો કર્તા. કોઈ રાગની મંદતા થઈ અને કષાય મંદ પડ્યો માટે જુદા પાડવાના કાર્યનો કર્તામાં કાંઈ મદદ મળી રાગની મંદતાની, એમ છે નહિ. સીધો કર્તા આત્મા એકલો. એમ કહે છે. કહો!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

લોપ થઈ જશે વ્યવહારનો એમ માણસ કહે છે હોં. પણ એ વ્યવહારનો લોપ દૃષ્ટિમાં કર્યા વિના નિશ્ચય સૂઝશે નહિ તને સૂઝ નહિ પડે. સાંભળને. હોય છે. જ્યાં સુધી વીતરાગ ન થાય (ત્યાં સુધી) એવો ભાવ હોય, દયાનો, દાનનો, પૂજાનો, ભક્તિનો હો. પણ એ ભાવ તો બંધસ્વભાવ છે. એનાથી ભિન્ન પાડવાનો કર્તા તો આત્મા છે. એ આત્મા તેને રાગથી ભિન્ન પાડવાની ક્રિયાનો કરનારો આત્મા છે. અને સ્વતંત્રપણે કરે તે કર્તા કહેવાય છે. સમજાણું કાંઈ? સીધી દૃષ્ટિ આત્મા ઉપર પડતા આત્મા તે રાગથી ભિન્ન પડવાનો કરનારો છે. ભારે ઝીણું પણ. સમજાણું કાંઈ? એ રાગથી, પુણ્યથી ભિન્ન પાડવામાં સમ્યગ્દર્શનરૂપી કાર્યમાં.. લ્યો, એ કર્તા સમ્યગ્દર્શનરૂપી કાર્યનો કર્તા આત્મા છે. આહાહા..! સમજાણું કાંઈ? પુણ્ય-પાપનો ભાવ, શુભ-અશુભભાવ એ બંધભાવ છે. એનાથી હઠીને સ્વભાવમાં આવનાર, એ કાર્ય કરનાર આત્મા છે. આહાહા..! કર્તા આત્મા. સ્વતંત્રપણે કરે તેને કર્તા કહીએ અને કર્તાનું ઈષ્ટ તે કાર્ય.

ભગવાન આત્મા પુણ્ય-પાપના વિકારની રુચિથી હઠી સ્વભાવની દૃષ્ટિ થતાં કર્તા સ્વતંત્ર આત્મા, એનું ઈષ્ટ કાર્ય, રાગથી ભિન્ન પડીને શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ થઈ તે એનું ઈષ્ટ કાર્ય છે. સમજાણું કાંઈ? મિથ્યાદૃષ્ટિનો આત્મા કર્તા પર્યાયે અને પુણ્ય-પાપ તેનું ઈષ્ટ કાર્ય છે અજ્ઞાનીનું. પુણ્ય અને પાપના ભાવ તે અજ્ઞાનીનું ઈષ્ટ છે. જ્ઞાનીના આત્માનું ઈષ્ટ તો પુણ્ય-પાપથી ભિન્ન પડીને આત્માની શ્રદ્ધા-જ્ઞાન અને શાંતિ મોક્ષમાર્ગ (પ્રગટ થયા) તે તેનું ઈષ્ટ છે. સમજાણું કાંઈ?

**'આત્મા અને બંધને દ્વિધા કરવારૂપ કાર્યમાં...'** કેટલી વાત ગોઠવી છે! કર્તા ગોઠવ્યો, કાર્ય ગોઠવ્યું. જુઓ! કાર્ય વળી આ મોક્ષમાર્ગમાં કાર્ય શું વળી? એ પુણ્ય-પાપના વિકલ્પો બંધભાવ અને આત્મસ્વભાવ, બેને જુદા પાડવાની દશારૂપી દશા તેને અહીં કાર્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આહાહા..! એ કાર્યની તો સૂઝ પડતી નથી અને આ બહારના કાર્ય કરું એની સૂઝ પડી ગઈ છે એને. કહો, શેઠ સમજાય છે? આ હાથ-બાથ ચલાવવો એ કાર્ય આત્માનું નથી એમ કહે છે.

મુમુક્ષુ :- બહારના કાર્ય તો બધા દેખાય છે.

ઉત્તર :- દેખાય છે. દેખાય છે શું? થાય છે.

અહીંયાં તો અંદરમાં પુણ્ય અને પાપનું કાર્ય મારું છે અને એ મારું કાર્ય છે એમ સ્વીકારનાર મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? સંભળાય છે કે નહિ? ભિખુભાઈને સંભળાય છે? સંભળાય છે એટલે છેટેથી? ઠીક! સંભળાય છે એમ કહ્યું ને પહેલું? આહાહા..!

પહેલી એના સમજણમાં એના ખ્યાલમાં તો વાત આવવી જોઈએ કે શું છે? આ શું?

આ શું? જુદું પડવું શું? કાર્ય શું? કર્તા શું? સમજાય છે કાંઈ? સંસારની પણ કોઈ વાત જ્યારે લેવા-દેવા જાય ત્યારે ખ્યાલ તો કરે છે ને? આત્મા શું? એમાં બંધભાવ તે ક્ષણિક કઈ રીતે છે? એનાથી ખસીને પર્યાયબુદ્ધિથી ખસીને અંતર દ્રવ્યબુદ્ધિમાં આવવું, એમાં શું કાર્ય થાય છે? એ કાર્યનો કર્તા કોણ છે? એ કાર્યની દશા શું છે? એને નક્કી તો કરવું પડશે ને એને? સમજાણું કાંઈ? છે જુઓને, સામે પુસ્તક પડ્યું છે કે નહિ? ધીરૂભાઈ!

મુમુક્ષુ :- કાર્યનો કર્તા આત્મા...

ઉત્તર :- કાર્યનો કર્તા આત્મા. કાર્ય કોણ? કે પુણ્ય અને પાપના વિકલ્પો, શરીર, વાણી, મન તો જુદા છે. એને કાંઈ જુદા પાડવા નથી. આ તો જડ છે. એની સાથે શું સંબંધ છે? એ તો બધા એને કારણે આવ્યા અને એને કારણે જાય. એને કારણે આવ્યા ને એને કારણે ટક્યા અને એને કારણે ચાલ્યા જશે. તારે કારણે બિલકુલ આવ્યા નથી. કહો, આ બધા શરીરની રચના, ગોઠવણી-બોઠવણી એ બધી એને કારણે રચના થઈ, એને કારણે રહી, એને કારણે જશે. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- શેમાં? રાગ મંદ હોય તો એ ભિન્ન પાડવું એ કાર્ય છે. જેનાથી ભિન્ન પાડવું એમાં એ મદદ કેમ કરે? કહો, શેઠી! પાછું આવ્યું ઓલું.

મુમુક્ષુ :- કાર્ય

ઉત્તર :- ના, કાર્ય રાગથી ભિન્ન પડે તે કાર્ય, એનો કર્તા આત્મા છે. રાગની મંદતા એનો કર્તા નથી. રાગની મંદતાએ જરી મદદ કરી (એમ છે)? પણ જેનાથી જુદું પાડવું એ પોતે મદદ કરે?

મુમુક્ષુ :- જ્યાંથી બહાર નીકળવું છે એ મદદ કરે?

ઉત્તર :- એ મદદ કરે? જુઓ. આહાહા..! કહો, સમજાય છે કાંઈ? આહાહા..!

એ ભગવાન આત્મા બંધ સ્વભાવથી રહિત ચૈતન્યચમત્કાર સ્વભાવવાળો પદાર્થ, એના ઉપર દૃષ્ટિ આપતા તે કર્તા રાગથી ભિન્ન પડવાના કાર્યનો સ્વતંત્ર કર્તા છે. અને તેનો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે પર્યાય છે તે કર્તાનું કાર્ય છે. રાગ એ કર્તાનું કાર્ય નથી. રાગ કર્તાનું કાર્ય નહિ તેમ રાગ કર્તા અને આ મોક્ષમાર્ગ કાર્ય એમ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! આ તો મોક્ષમાર્ગના અધ્યાય બહુ સૂક્ષ્મ છે. એક એક વાતને બહુ સ્પષ્ટ કરીને મૂકી છે. ઘણી સ્પષ્ટ. દીવા જેવી, સૂર્ય જેવી મૂકી છે. હવે એને સૂઝ ન પડે એમાં બીજો શું કરે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- એ સૂઝ ન પડે એને બીજો શું કરે એમ કીધું. સૂઝ પાડે ત્યારે બીજો કહેવાય

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નિમિત્ત. બાકી સૂઝ ન પડે એને શું કહે? એમ કહે છે અહીં.

મુમુક્ષુ :- પોતે પોતાથી સૂઝ પાડવી

ઉત્તર :- હા. બીજો સૂઝ કોણ પાડી દેતો હતો? એલા જો મેં તો આંખ બંધ રાખી છે મેં. મને બતાવો સોનાના નળિયા ક્યાં છે ઈ. પણ આ રહ્યા. પણ બતાવોને. પણ આંખ તેં બંધ કરી. કોણ બતાવે? સોનાના નળિયા સમજો છો? આ સવારમાં જાગે છે બહુ નિદ્રાવાળા હોય ને. છ વાગ્યા સુધી દિવસ ઊગી જાય તોપણ ઉઠે નહિ.

મુમુક્ષુ :- છ હોય? નવ વાગ્યા સુધી.

ઉત્તર :- હા. નવ નવ વાગ્યા સુધી. પછી એના મા-બાપ એને કહે, એલા ઉઠ ને ઉઠ. આ સોનાના નળિયા થયા. સોના એટલે ઓલા નળિયા નળિયા સમજો છો? છાપરા ઉપર સૂર્ય આવે ને સૂર્યનું કિરણ? આ તડકો થઈ ગયો, આ સોનાના નળિયા થયા. ઉઠ તો ખરો. એ કહે પણ મને ખબર પડતી નથી. આમાં ક્યાં.. આંખ મીંચીને પડ્યો અને ચીપડા માથે. અને ગોદડા ત્રણ ઓઢ્યા અને બારણું બંધ.

મુમુક્ષુ :- એવી દશા છે.

ઉત્તર :- એવી દશા છે. કો'ક બતાવી દે એને. પણ આંખ તો ઉઘાડ તું. ચીપડાને છોડ અને ગોદડું ખસેડ, બારણું ઉઘાડ અને જો આ. આહાહા..! એલા આઠ વાગ્યા. આઠ વાગી ગયા. મોડો સૂતો હતો તો બહુ મોડું થઈ ગયું. કેટલાક હોય છે ને આળસુના ગોર?

કહે છે, ભગવાન આત્માને પુણ્ય-પાપના ભાવ એને જુદા પાડવાના કાર્યનો કર્તા તો આત્મા. પણ '**તેના કરણ સંબંધી મીમાંસા કરવામાં આવતાં,...**' હવે એનું સાધન કોણ એની ઊંડી વિચારણા કરવામાં આવે છે. એની વાત હવે કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો સુદ ૨, ગુરુવાર તા. ૫-૧૦-૧૯૬૭**
**ગાથા-૨૯૪, પ્રવચન-૩૫૬**

૨૯૪ ગાથા છે આ. સમયસાર, મોક્ષ અધિકાર.

આત્મા જે રાગદ્વેષાદિ પર્યાયમાં અટકેલો, વિકારમાં અટકેલો છે એ બંધ છે, એ દુઃખ છે. એ બંધથી છૂટું થવું એનું નામ મુક્તિ છે. કહે છે કે એ બંધને છેદનારો કર્તા કોણ? અને છેદેલું કાર્ય શું? અને એ કાર્યમાં કરણ નામ સાધન શું? સમજાય છે કાંઈ? શેઠી! .. તૃપ્તિ નથી થઈ. કાલે કહ્યું હતું કાલે. શું કહે છે જુઓ. જેને આત્મામાં મિથ્યાત્વના પરિણામ જે છે એ બંધરૂપ છે. અવ્રતના, પ્રમાદના, કષાયના યોગના એ ભાવ બંધરૂપ દશા છે. વસ્તુ છે એ બંધભાવના વિકલ્પની એક સમયની દશાથી ભિન્ન છે. તો એ બંધને છેદીને મુક્તિ કરવી હોય તો કહે છે કે એમાં કર્તાપણું, દ્વિધા કરવામાં કર્તાપણું. બંધભાવ જે વિકાર છે અને આ આત્મા નિર્વિકારી ચૈતન્યચમત્કારમાત્ર પોતે વસ્તુ છે.

એ '**આત્મા અને બંધને દ્વિધા કરવારૂપ કાર્યમાં...**' એનો અર્થ એ કે આત્મા જે વસ્તુ છે એની સન્મુખ જોતાં, આત્મા જ રાગથી ભિન્ન પડવાના કાર્યનો પોતે કર્તા છે. ફરીને. આત્મા જે મિથ્યાત્વ પરિણામે બંધમાં છે એનાથી ભિન્ન પડવામાં એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિ એવું જે કાર્ય-આત્માનું નિર્મળ કાર્ય-એ રાગથી, એકત્વમાંથી બંધ છેદવામાં કાર્યનો કરનાર આત્મા છે. એટલે કે એનો અર્થ કે સ્વભાવ સન્મુખ જોતા એ આત્મા પોતે જ પોતાના પરિણમનપણે સમ્યક્‌પણે પરિણમે છે તે તેનું કાર્ય છે. મોક્ષનો માર્ગ તે તેનું કાર્ય છે. આત્મા તેનો કર્તા છે. સમજાણું કાંઈ?

ચૈતન્ય ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ એની પર્યાયમાં મિથ્યાત્વનો, અવ્રતનો આદિ બંધભાવ છે એ પાંચેય. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. પાંચ બંધભાવ છે પર્યાયમાં એક સમયમાં. એને ભિન્ન પાડવામાં કર્તા આત્મા અને એનું કાર્ય પણ નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થવું તે. એનો અર્થ એ થયો કે સ્વભાવ આત્મા છે એની સન્મુખમાં જતાં એ આત્મા જ કર્તા થઈને વર્તમાન સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામપણે પરિણમતો આત્મા કર્તા અને પરિણમ્યું તે તેનું કાર્ય. કહો, સમજાય છે શેઠ?

એમાં આ શરીર નહિ, વાણી નહિ, મન નહિ. અંદર વિકલ્પ ઊઠે છે કે આ આત્મા આવો છે એમ ભગવાને કહ્યું, ગુરુએ કહ્યું, એવો વિકલ્પ પણ તેના કર્તાના કાર્યમાં તે કરનારો વિકલ્પ નથી. કેમ? કે એ વિકલ્પ છે રાગ તેનાથી તો ખસીને સ્વભાવ સન્મુખ જતાં, વિકલ્પ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કર્તા કે સાધન થતું નથી. સમજાય છે? એ સ્વરૂપ જે ચૈતન્યદ્રવ્ય છે અખંડ અભેદ, એની ઉપર જોતાં સાવધાનીપણે સ્વભાવને સંભાળતા એ આત્મા જે છે એ કર્તા થઈને રાગની મંદતાના કાર્ય વિનાનું અને મંદતાના કર્તા વિનાનું જે આત્માના સ્વભાવમાંથી શક્તિરૂપે જે હતું તે પર્યાયરૂપે પ્રગટ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રાગથી ભિન્ન થઈને કાર્ય થયું એ કાર્યનો કર્તા આત્મા છે અને એ કાર્ય-નિર્મળ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય તે તેનું કાર્ય છે.

મુમુક્ષુ :- બંધનો કર્તા આત્મા?

ઉત્તર :- બંધ કોણે કહ્યું? વળી ક્યાં આવ્યું બંધનો કર્તા? બંધનો કર્તા ક્યાં કહ્યું અહીંયાં? એ તો પર્યાયમાં બંધ થયો એમ કહ્યું. આત્મા કર્તા એમ નથી કહ્યું. મિથ્યાત્વભાવ-વિપરીત માન્યતા-પુણ્યમાં ધર્મ છે, પાપમાં ઠીક છે, પરના અસ્તિત્વમાં પોતાની બુદ્ધિ એ મિથ્યાત્વ છે, એ બંધભાવ છે. એ બંધભાવને છેદવામાં. એમ છે ને?

'**આત્મા અને બંધને દ્વિધા કરવારૂપ...**' દ્વિધા નામ બે જુદા કરવામાં, એવા કાર્યમાં, એવા કાર્યમાં કર્તા જે આત્મા, કર્તા જે આત્મા, કરનારો આત્મા. સમજાણું કાંઈ? '**તેના કરણ સંબંધી મીમાંસા કરવામાં આવતાં,...**' તેનું કરણ નામ સાધન. કરણ નામનું કારક, કારક છે ને? કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ-છ. કરણ નામ સાધન. સાધન શું? કોઈ એમ કહે ને કે ભાઈ! આ વસ્તુ ભલે એવી હોય, પણ એને પ્રાપ્ત કરવામાં, એના કાર્યમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી પર્યાયના કાર્યમાં કોઈ સાધન તો હોય કે નહિ? કષાયની મંદતાનો વ્યવહાર આદિ. એ (સાધન) નહિ. કેમ કે જેનાથી જુદું પડવું છે એની સામું જોયે એનાથી જુદું ન પડાય. સમજાય છે?

અંતર વસ્તુ ચૈતન્યઘન જ્ઞાયકમૂર્તિ એની સામું જોતાં, એટલે એનો અર્થ કે એને કર્તા બનાવતા, રાગથી ભિન્ન પડવાનું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર જે મોક્ષનો માર્ગ છે તે તેનું કાર્ય કર્તા આત્મા થઈને થાય છે. હવે એના સાધન તરીકે કોઈ ત્રીજી ચીજ છે? કહો, સમજાય છે કાંઈ? બધે ઠેકાણે એ ચાલે વાત. ભાઈ! આ બધી વાત તમે નિશ્ચયની કરો ઠીક પણ કોઈ સાધન હોય કે નહિ? કાંઈ ભક્તિ, પૂજા, નામ સ્મરણ, જાપ, ભગવાન.. ભગવાન... ભગવાન... એવું કોઈ સાધન, સાધન હોય કે સાધન સીધું આત્મા થાય? એમ કહે છે. સાધન, જે રાગ છે એને જો સાધન કહે તો એની સામું તો જોવું નથી. જોવું છે સ્વરૂપ શુદ્ધ છે એની સામું. એટલે સાધન પણ એના સ્વભાવથી ભિન્ન હોઈ શકે નહિ. બરાબર છે? શાંતિભાઈ! કહો, આ બધા પંચ મહાવ્રત અને ફલાણું સાધન છે કે નહિ? એમ કહે છે. આહાહા..! રાડે રાડ પાડે છે બિચારા હોં! એટલા પોકાર (આવે છે).

આજ તો વળી એટલું આવ્યું છે અરર...! એ ભાષા રતનચંદજીની. સામું આવ્યું છે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બધાની. કોઈપણ ચોથે ગુણસ્થાને, પાંચમે એને આત્માના આનંદનો અનુભવ, આનંદનો સ્વાદ (હોય એમ માનતું હોય તે) કુજ્ઞાની, અજ્ઞાની, કુતર્કી છે. અરે..! ભગવાન! તને શું સૂઝ્યું? ભાઈ! આહાહા..! તેં ભણીને શું કર્યું આ? આજ જૈન દર્શનમાં આવ્યું છે. અજ્ઞાનીઓ એમ કહે છે કે ચોથે ગુણસ્થાને જેમ પેંડાનો સ્વાદ એ પૈસાના પેંડા. પેંડા સમજો છો ને? પેડા. એ પૈસાનો પેંડો કોકે કહ્યું હશે, કીધું હશે કોઈએ.. પછી આ કોટામાં કહ્યું હોય ભાઈએ. જુગલકિશોર. ચર્ચા થઈ હતી ને એની સાથે સ્વસમય-પરસમયની? જુગલકિશોર છે ને?

મુમુક્ષુ :- મુખત્યાર?

ઉત્તર :- ના, મુખત્યાર નહિ. એ કોટામાં છે. બહુ હુશિયાર છે, બહુ શાંત છે. યુવાન છે. યુવાન પણ બહુ મગજ છે. ચર્ચા કરી હતી. પછી છોડી દીધી. એમ કે અહીંયાં લખ્યું છે. એક પૈસાનો પેંડો એનો સ્વાદ આવે પેટ ભરાયને? પણ પેટ તો સિદ્ધ થાય ત્યારે ભરાય. પાછો દાખલો આપ્યો હશે કોઈકે. એનો વિરોધ કર્યો છે. મહારાજ! પેંડો કેવો હેઠે? આત્માનો સ્વાદ કેવો? આત્માનો અતીન્દ્રિય જ્ઞાનવાળાને અતીન્દ્રિય સુખ હોય. નીચે તો અતીન્દ્રિય જ્ઞાન નથી, ઈન્દ્રિય જ્ઞાન જ છે. અરે..! ભગવાન! તને ખબર નથી, પ્રભુ! શું કહે છે? આહાહા..! બહુ લખ્યું છે. બધી ઘણી ગાથા પ્રવચનસારની ૧૩મી. ઓલું શુભ ઉપયોગનું ફળ આવ્યું છે ને? શુભઉપયોગનું ફળ અતીન્દ્રિયવાળાને હોય. અહીં તે હોય? પણ એ તો ફળ કહ્યું, પણ શુભઉપયોગ નીચે હોય એનું? આહાહા..! અરે..! ભગવાન! શું કરે છે આ? અને પાછા અજ્ઞાનીઓ કેટલાક આમ માને છે એમ કરીને... અરે.. પ્રભુ! ભાઈ! તને ખબર નથી. એ પ્રભુ ચૈતન્ય પિંડલો આખો આનંદનો પેંડો મોટો છે એ. સમજાય છે? એની વાત બહુ કરી હતી જયપુર તો ઘણી. ત્રણ પ્રકારે અનુભવની વાત કરી હતી.

ભાઈ! શ્રીમદ્ કહે છે કે 'સર્વગુણાંશ તે સમકિત.' એનો અર્થ શું થયો? કે જેટલા અનંતા ગુણો આત્મામાં છે, શક્તિરૂપ, એની સામું જોતાં પર્યાયમાં એટલી શક્તિના જેટલા પ્રકાર છે તેટલો અંશ પ્રગટ થયા વિના રહે જ નહિ. ત્યારે જ તેને સમ્યગ્દર્શન કહેવાય. અને દ્રવ્યદૃષ્ટિ તે સમકિતી તેમાં આ અર્થ છે, કીધું. દ્રવ્ય નામ આખી ચીજ છે ને પૂર્ણ? અંતર્મુખ જતાં બહિર્મુખની વૃત્તિ તો વિકલ્પ રાગ છે. વસ્તુ છે એમાં અંતર્મુખ જતાં જેટલી શક્તિઓ છે એની અંતર્મુખની પ્રતીત થતાં તેની શક્તિનો અંશ દ્રવ્યદૃષ્ટિમાં જેટલા ગુણો તેનો અંશ આવ્યા વિના રહે નહિ. બે. અને ત્રીજો આપ્યો હતો આમાં મોક્ષમાર્ગમાં આવે છે ને? ચોથા ગુણસ્થાને જ્ઞાનાદિ એકદેશ બધાને પ્રગટ્યા છે. એકદેશ એટલે બધા ગુણો. કેવળીને બધા પૂર્ણ પ્રગટ્યા છે. જુઓ! .. એની શૈલીથી વાત કરી છે. પંડિતો હતા. દસ હજાર માણસ હતું મોટું ઓલું શું કહેવાય? આદર્શ નગર?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- મુલતાન.

ઉત્તર :- મુલતાન. હા આદર્શ નગર એ મુલતાનનું મંદિર. ઘણું માણસ, પંડિતો હતા બધા સાત આઠ. આહાહા..! અરે.. ભગવાન! તને તારી વાતની (ખબર નથી).

વસ્તુ છે એની પ્રતીતિ થાય ત્યારે પ્રતીતિ થતાં શક્તિની શ્રદ્ધાનો અંશ પ્રગટ્યો. ત્યારે પ્રતીતિ થતાં શ્રદ્ધા શક્તિરૂપે હતી એનો પ્રગટ્યો તો એની સાથે અનંતા ગુણો છે. એની શક્તિનો અંશ પ્રગટે નહિ તો પ્રતીત થઈ ક્યાં? સમજાણું કાંઈ? આ આનંદ સ્વરૂપ છે, આ ચૈતન્ય છે એનો સ્વાદનો અંશ આવ્યે આ આખો આનંદ છે એવું આવ્યું ક્યાંથી? આખું દ્રવ્ય આવું છે એમ પ્રતીત ક્યાંથી થઈ? અરે.. ભગવાન! સમજાણું કાંઈ? પણ બધાને ખોટા ઠરાવે. ચોથે ગુણસ્થાને અનુભવ હોય છે. ભાઈ કહે છે ટોડરમલ. દિપચંદજી કહે છે કે ભાઈ આમ હોય. અનુભવ ચોથેથી હોય. જુઓ! અનુભવ કરે છે. બધા અનુભવથી મુક્તિને પામ્યા. બનારસીદાસે (કહ્યું), 'વસ્તુ વિચારત ધ્યાવતે મન પાવે વિશ્રામ, રસ સ્વાદત સુખ ઉપજે અનુભવ તાકો નામ.' પણ કોણ જાણે એને એવું સૂઝ્યું છે કે ને કે જાણે ફક્ત આ દેવ-ગુરુ-શાસ્ત્રને આ માનીએ છીએ આ શ્રદ્ધા. વ્યવહાર શ્રદ્ધા જ મોક્ષનું કારણ છે, બસ થઈ રહ્યું. આહાહા..! શોભાલાલજી! આ જુઓ ભણી ભણીને ભણે તો આવું કાઢે છે. આ ઓલામાં નથી કહ્યું? પંચાધ્યાયીમાં કહ્યું છે કે જે જ્ઞાનચેતના ચોથે ન માને તારા શાસ્ત્રના ભણતર બધા કાયક્લેશ છે. શાસ્ત્ર ભણીને શું ભણ્યો?

ભાઈ! ભગવાન આત્મા અનંત ગુણનો પિંડ છે. સમજાય છે કાંઈ? અનંત જેમાં ગુણો છે. એક એક શક્તિનું અનંત સામર્થ્ય એવા અનંત ગુણ છે. એક ગુણનું શક્તિરૂપ પ્રતીતમાં અંદર જ્ઞાન એને જ્ઞેય કરીને જ્ઞાન કરીને પ્રતીત કરીને ઠર્યો ત્યાં અનંતા ગુણોનો અંશ પ્રગટ ન થાય તો એ પ્રતીત જ ક્યાં કરી? સમજાણું કાંઈ? આહાહા..! આત્માને ફેરવીને આખો ઉલટો કરી નાખે છે. હજી એને શ્રદ્ધા કરવાની, આંગણે આવવાની શ્રદ્ધાના ઠેકાણા ન મળે. સમજાય છે?

આ આત્મા આમ થતાં એને અનુભવમાં આનંદનો સ્વાદ આવે. બધા ગુણની શક્તિની વ્યક્તતા અંશે પ્રગટ થાય એકસાથે. દ્રવ્ય છે અનંત ગુણ માટે. અને ગુણભેદ છે માટે ગુણની પર્યાય પૂર્ણ થવામાં ભેદ પડે છે, વાર લાગે છે. સમજાય છે કાંઈ?

અહીં એ કહે છે કે, ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ પ્રભુ, એને અંતરમાં-દૃષ્ટિમાં લેતા આ બધી વાતથી ખસીને... તો એ આત્મા, દૃષ્ટિમાં લીધો એ આત્મા. એ આત્મા જ પોતે કર્તા થઈને, સમ્યગ્દર્શન-જ્ઞાનના ધર્મની પર્યાયના કાર્યપણે કર્તા આત્મા પરિણમે છે. કહો, સમજાણું કાંઈ? કહો, જયકુમારજી! આહાહા..! અરે..! ભગવાન! એ વાતનું તને લક્ષ ન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


થાય તો તું અનુભવ શી રીતે કરીશ? સમજાણું કાંઈ? અન્યમતિ પણ કહે છે, 'અનુભવીને એકલું રે આનંદમાં રહેવું.' જુઓ! એ એમ ભાષા કરે છે. એ પૂરાની કરતા હશે? એને પણ ખબર નથી. એ તો શું કહે છે એની એને ખબર નથી. પણ એ કહેતા હતા, કીધું ને પહેલું?

કહે છે, અહીં તો ત્રણ બોલને આત્મામાં સમાડી અને પછી છ બોલ આગળ કરશે વિસ્તાર. ભગવાન આત્મા, જાગીને જ્યાં જોઉં ત્યાં જગત દિસે નહિ. આવે છે અંદર. જગત એટલે રાગ અને વસ્તુ આત્મામાં છે નહિ. સમજાણું કાંઈ? આવે છે ને એક કળશમાં? નથી આવતુ? આ દેખતા. અજીવ પરપણે પરિણમતું દેખાય છે. આવે છે. એવો અર્થ કર્યો છે. જીવનો અનુભવ થતાં જીવ જ દેખાય, ઓલું એમાં દેખાતું નથી. વાત પણ સાચી.

આ વસ્તુ છે, ભાઈ! આ શરીર, વાણી તો બધા જડ છે, પરમાણુ છે. એની કેમ સ્થિતિ થવી અને કેમ રહેવું એ તો જડને આધારે છે. એમાં ક્યાંય સુખ નથી, એમાં ક્યાંય દુઃખ નથી. એમાં ક્યાંય મારાપણે એ ચીજ નથી. એને માન્યું છે અંદર કે આ હું શરીર ને રાગ ને પુણ્ય-પાપ, એવા જે વિકલ્પની અવસ્થા તે મિથ્યા ભ્રાંતિ સત્યને અસત્ય માની રહ્યો છે. એવા અસત્યના ભાવનું દુઃખરૂપ પરિણમન એને જેને છેદવું છે એટલે ટાળવું છે, એણે તો ભગવાન આત્મા અંતર્મુખ સ્વભાવમાં એને દૃષ્ટિ કરવી પડશે. ત્યારે તે આત્મા કર્તા થઈને પોતાના નિર્મળ કાર્યને રાગની મંદતા અને નિમિત્તના સહારા વિના પોતે સમ્યગ્દર્શન અને જ્ઞાન ને ચારિત્રપણે પરિણમે તે તેનું કાર્ય છે.

એના કરણ માટે કાંઈ કરણ જોઈએ કે નહિ? તો કહે છે, '**કરણ સંબંધી મીમાંસા...**' '**ઊંડી વિચારણા; તપાસ;...**' નથી કહેતા? કાંઈક પડે ત્યારે વિચાર, તપાસ કરે છે કે નહિ? ઊંડા ઉતરે. કરોડનું મકાન પડી ગયું નહિ મુંબઈમાં? ત્યારે પછી કેમ પડ્યું આ? વિચાર કરો. અમલદારોને કહે, કેમ પડ્યું આ? એની કોઈ શું કહેવાય? સીમેન્ટ. સીમેન્ટ કોઈ ઠંડી હવા લાગેલી, ગાંગડા થઈ ગયેલા એ સોંઘી મળી હશે અને વાપરી હશે એ વિચાર કરો, તપાસો. એય..! કહ્યું હતું ને? ત્યાં એક મકાન પડી ગયું હતું. ઘણાં વર્ષ પહેલા. એક કરોડનું. ચારસો માણસ દબાઈ ગયા હતા. ચારસો માણસ. બિચારા બાર વાગે આહાર કરીને બહાર કામ પૂરું થઈ ગયું. આહાર કરીને સૂતા હતા પછી બે વાગે કામ કરતા હતા ત્યાં તો.. તપાસ કરો, અમલદારને કહે. આ શું છે? પડવાનો હેતુ શું? સીમેન્ટ છે ને સીમેન્ટ? એ ચોખ્ખી સીમેન્ટ નહિ વાપરી હોય ઓલા મોંઘીમાંની. પછી કહે ગાંગડા થઈ ગયા. ગાંગડા સમજ્યાને? ગઠ્ઠા થઈ ગયા હોય, હવા ઠંડી લાગી ગઈ હોય એ ત્યાં કામ ન આવે. નાખી હોય ભલે નીચે પડે ફટ બધુંય. સમજાણું કાંઈ?

એમ અહીંયાં કહે છે કે આત્માના સાધન માટે ઊંડી વિચારણા કરીએ તો સાધન કોણ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બહુ ઊંડી તપાસ કરીએ તો આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાનનું ધર્મરૂપી કાર્ય એમાં સાધન કોણ? તો કહે છે કે '**કરણ સંબંધી મીમાંસા કરવામાં આવતાં,...**' '**સમાલોચના...**' આદિ છે ને? તપાસ, સમાલોચના. '**નિશ્ચયે (નિશ્ચયનયે) પોતાથી ભિન્ન કરણનો અભાવ હોવાથી...**' ખરેખર તો આત્માથી જુદા સાધનનો અભાવ હોવાથી '**ભગવતી પ્રજ્ઞા જ છેદનાત્મક (-છેદન સ્વભાવવાળું) કરણ છે.**' કહો, સમજાણું કાંઈ? એટલે કે અંદર કરણ નામનો ગુણ છે, પણ જ્યારે કર્તા થઈને કાર્ય કરે છે ત્યારે એની પરિણતિમાં પણ જ્ઞાનની દશા વડે રાગથી ભિન્ન પડીને આત્મા અનુભવમાં આવે છે. સમજાણું કાંઈ?

'**પોતાથી ભિન્ન કરણનો અભાવ હોવાથી...**' કેમકે વસ્તુ તરફની અંતરદૃષ્ટિ આપતા કર્તાનું કાર્ય અંદરના સ્વભાવમાં જે કરણ નામનો ગુણ છે એ જ પોતે સાધનપણે પરિણમતો વર્તમાન પ્રજ્ઞાછીણીની દશામાં એનું પરિણમન આવે છે. રાગથી ભિન્ન પડવાનું પ્રજ્ઞાછીણી સાધન છે. એ એની ને એની એક દશા છે. સમજાણું કાંઈ? ઝીણું કહે, આ બહુ ઝીણું. પણ ભાઈ! તું એ રીતે ઝીણી વાતમાં જ ભૂલ્યો છો ને? ઝીણી વાતમાં ભૂલ્યો છો અને ઝીણી વાત છેદવા માટે ઝીણી જ વાત હોય. સમજાણું કાંઈ?

ઓહો..! ચોર્યાસીના અવતારમાં ક્યાંય એને સુખ નથી. દુઃખ, દુઃખ ને દુઃખ. કહો, સમજાણું? એ બધા પૈસા, બાયડી, છોકરા, કુટુંબ આમ બધું હોય. એ વખતે આમ કાળું મશ બધું દેખાય. હાય.. હાય.. અરે..! ક્યાં નજરું નાખીએ? કોને કહીએ? શું થાય? કોણ રાખે? કોણ રાખે ભાઈ! એ રાખનારો રખવાળો ભગવાન આત્મા છે એને ગુણને રાખે. સમજાય છે કાંઈ?

કહે છે કે નિશ્ચયથી વિચારીએ તો પોતાથી જુદો સાધનનો અભાવ હોવાથી. '**ભગવતી પ્રજ્ઞા...**' જુઓ! આચાર્ય શું કહે છે? એ રાગનું સાધન છોડી દઈને સ્વભાવ તરફ આવ્યો ત્યારે રાગથી ભિન્ન પડવાની ક્રિયામાં એ પ્રજ્ઞાછીણી સાધન થયું. જુદું પાડવામાં. '**(-જ્ઞાનસ્વરૂપ બુદ્ધિ જ) છેદનાત્મક...**' છેદનસ્વરૂપ, છેદન સ્વભાવવાળું કરણ છે. કહો, સમજાણું કાંઈ? પોતે જ આત્મા એ રાગ અને પુણ્યના બંધભાવથી છૂટો પડતા એના જ્ઞાનની પરિણતિ જ તે રાગથી ભિન્ન પાડે છે. સમજાણું કાંઈ? ભારે ભઈ! આ વાર્તા કેવી? આ ધર્મની વાતું આવી છે.

ભાઈ! તારી જાતમાં એ બધું કર્તા, કર્મ, સંપ્રદાન, કરણ આદિ છ ગુણો પડ્યા છે. અહીં જ્યાં કર્તાપણું થઈને પરિણમન થયું કાર્યનું ત્યાં કરણનો ગુણ પણ વર્તમાન પ્રજ્ઞાના પરિણમનપણે થઈને રાગથી ભિન્ન પાડવામાં એ પ્રજ્ઞા નામની છીણી કરણ છે. રાગ અને નિમિત્ત એ કરણ નામ સાધન છે નહિ. કેમ કે અંતર્મુખ જોતાં એ જ્ઞાનનો કર્તા, જ્ઞાન પરિણમન

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એની પર્યાય રાગથી ભિન્ન પડીને સાધન થયું. સાધન ગુણ ત્રિકાળ છે. સમજાણું કાંઈ? પછી કર્તા ને કાર્યમાં કરણ ત્રીજું કોઈ ત્રીજી ચીજ આનાથી ભિન્ન જાતની હોય એમ છે નહિ. એની એ જાત. એની જ્ઞાનની પર્યાય રાગથી ભિન્ન પડીને સ્વરૂપની દૃષ્ટિ થતાં કર્તાનું કાર્ય એ પ્રજ્ઞાપર્યાય એને કરણ થયું-સાધન થયું. રાગને ભિન્ન પાડવામાં પ્રજ્ઞાની છીણી કરણ થયું. બીજું કોઈ કરણ છે નહિ. આહાહા..! ભારે ઝીણું. સમજાણું?

વસ્તુ જ્યાં આમ છે આખી-પદાર્થ, એના ઉપર દૃષ્ટિ આપતા તો બંધથી ખસ્યો. એટલે કર્તા આ થયો, કાર્ય થયું. કાર્યમાં એ પરિણમન જે જ્ઞાનની દશા એણે જ રાગને ભિન્ન પાડી છે. સમજાય છે? એટલે કરણ એને પ્રજ્ઞાછીણી જ્ઞાન જ બુદ્ધિ તે કરણ થયું છે. સાધન કોઈ રાગ કે નિમિત્ત હતું માટે આ થયું છે એમ છે નહિ. આહાહા..! પહેલી હજી એને ખ્યાલમાં રીત ન મળે. એની રીતનો પ્રકાર છે એ ખ્યાલમાં ન હોય તો એ અંદર ઊતરે શી રીતે? સમજાય છે કાંઈ? કે કાંઈક બીજું સાધન (નથી)? ના. તું નો તું સાધન. એ રાગથી ભિન્ન પડવાની પરિણતિ છે ને જ્ઞાનની, એ સાધન. સમજાણું કાંઈ?

‘**તે પ્રજ્ઞા વડે તેમને છેદવામાં આવતાં...**’ એ બધું કાર્ય ને કર્તા અને સાધન બધું એક જ સમયમાં છે હોં! સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન આત્મા જ્ઞાન અને ચૈતન્ય શુદ્ધ આનંદ સ્વરૂપ, એને રાગથી, પુણ્યથી ભિન્ન પાડતાં ‘**પ્રજ્ઞા વડે તેમને છેદવામાં આવતાં...**’ એનો અર્થ એ કે સ્વભાવ સન્મુખ થાય છે એટલે જ્ઞાનની પરિણતિ જ ત્યાં આગળ નિર્મળ થઈને સાધન થાય છે. સમજાણું કાંઈ? અહીં તો સમજાવે છે. બાકી આ કર્તા ને આ કાર્ય ને આ કરણ ને એવા ત્યાં ભેદ હોતા નથી. પણ બની જાય છે એમાં આમ થાય છે એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- જ્ઞાનની પર્યાય છે.

ઉત્તર :- તે કર્તા પણ આત્મા, તેનું કાર્ય પણ તે અને કરણ પણ એની પર્યાય નિર્મળ થઈ તે. એ બધું એનું એ છે. બીજું કોઈ કાર્યથી કરણ નામનો ભાવ કોઈ જુદો નથી. સમજાણું કાંઈ? જુદો એટલે બીજો નથી. એમાં ને એમાં પરિણમન થયું, રાગથી ભિન્ન પડીને પરિણમન થયું એ કરણ છે. સમજાણું કાંઈ? ભારે!

આ વાત એવી છે કે અંતર સત્ય વસ્તુને પહોંચવા માટેનું આ જ સાધન છે. સમજાણું? બહુ વિકલ્પ કર્યા, બહુને સમજાવ્યા, બહુનો ઉપકાર કર્યો, બહુ શાસ્ત્ર બનાવ્યા, ઘણાં ઉપદેશ આપ્યા એ કોઈ સાધન થાય છે અંદર? કાંઈ મદદ કરે કે નહિ? જરીએ નહિ. કહો, વજુભાઈ! આહાહા..! એ પોતે જ આખો આત્મા ઘોળાતો રાગથી ભિન્ન પડીને પરિણતિ વડે ભિન્ન પાડતો, પડતો એ કર્તા ને કાર્ય ને કરણ ત્રણેય અભેદમાં છે. જુદું કરણ-ફરણ, રાગની મંદતા

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કે નિમિત્ત કે શરીર આવું હતું, મજબૂત શરીરની નિરોગતા હતી માટે કાંઈક મદદ થઈ એને. સમજાણું? એમ છે નહિ. વસ્તુ જ્યાં પર છે એ એને સાધન પર કેમ થાય?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પોતે પોતાનું સાધન, પોતે પોતાનો કર્તા, પોતે પોતાનું કાર્ય. એમાં ક્યાંય રાગ ને પર ને કાંઈ સંબંધ નથી. આવી ચીજ છે. સમજાણું?

**'તે પ્રજ્ઞા વડે તેમને છેદવામાં આવતાં તેઓ નાનાપણાને અવશ્ય પામે છે;...'** તેઓ નાનાપણું એટલે ભિન્નપણું, અનેકપણું. જેવા રાગ અને સ્વભાવ અનેક છે તેમ અનેકપણું પામી જાય છે. જ્ઞાનની દશાને રાગથી ભિન્ન પાડતાં એ દશાને અંતરમાં વાળતા રાગ, વિકલ્પ, વ્યવહાર અને નિશ્ચય પર્યાય એ બે નાનાપણાને જરૂર પામે છે, જુદાપણાને જરૂર પામે છે, અનેકપણાને જરૂર પામે છે. એકપણું ત્યાં રહેતું નથી. આહાહા..! ભારે ક્રિયા ભાઈ! આ ક્રિયા એને ખ્યાલમાં આવે નહિ. એટલે પછી આ બહારની ક્રિયા કરો.. કરો.. આ કરો ને આ કરો એનાથી થાય. સમજાણું?

મુમુક્ષુ :- આ જ મુદ્દાની વાત છે.

ઉત્તર :- મૂળ વાત એ છે, ભાઈ! તું તારું તત્ત્વ ચૈતન્ય રત્નાકર ભગવાન છે ભાઈ! તારી સત્તામાં હોવાપણાની શક્તિની તને સામર્થ્યની પ્રતીત નથી. આ.. આ.. આ.. જે એમાં નથી એની કાંઈ મદદ મળે. એનો અર્થ કે એના સામર્થ્યના સ્વભાવના કારણ વસ્તુનું એને ભાન નથી. ક્યાંક આમ ઝાંવા નાખે છે. અહીં.. અહીં.. અહીં..

વ્યવહારને કહ્યું છે ને ઘણે ઠેકાણે સાધન અને નિશ્ચય સાધ્ય. એ લખે છે. આ એમાં એ આવ્યું છે. પંચાસ્તિકાયમાં આમ કહ્યું છે. વ્યવહાર સાધન છે એનાથી સાધ્ય થાય છે. વ્યવહાર સાધન નથી માનતા એ એકાંત મિથ્યાદષ્ટિ છે. અરે.. ભગવાન! ભાઈ! એકાંત એટલે શું? અનેકાંત એટલે શું? રાગને નિમિત્ત તરીકે સાધન કહ્યું છે, વ્યવહારથી. પરમાર્થથી નહિ. આ પોતાનો જ આત્મા પોતાના સાધન દ્વારા રાગથી ભિન્ન પડીને કાર્ય કરે ત્યારે રાગની મંદતા પૂર્વે કે વર્તમાન હોય એને વ્યવહાર સાધનનો આરોપ દેવાય છે. વાત ઈ છે. અરે..! વસ્તુ તે પરદ્રવ્યના સહારે ઉત્પન્ન થાય એવી વસ્તુનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

જે કરવાનું છે નિઃસ્પૃહ અને પરદ્રવ્યના સહારા વિનાનું, એ દ્રવ્યની એ વાત અંતરમાં, રુચિમાં, જ્ઞાનમાં પણ પરલક્ષપણે હજી રહીને પણ બેસે નહિ, એને સ્વલક્ષમાં ઉતરવાનો પ્રયત્ન ક્યાંથી થાય? જોર જ હજી ત્યાં આવે નહિ. આ થાશે, આનાથી થશે, અહીંથી થશે. થવાનું તે અંતરમાંથી થાય છે બધું. સમજાણું કાંઈ? ધર્મદશા, આનંદદશા, શાંતદશા, અવિકારીદશા. એને કરવામાં સાધન પણ એ અવિકારી પરિણતિ જ છે. બીજું છે નહિ. આહાહા..! નર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

દેહ પામી કર્યું નહિ કાંઈ આવું. નરદેહ મળ્યો ન મળ્યો (થઈ ગયો). સપના.. સપના. આ ધૂળનો ઢગલો વિખાઈને રાખ. એ ક્યાં એનામાં હતું અને એ ક્યાં એ હતો? એ નહોતું તેને માન્યું, હતું તેને માન્યું નહિ. આહાહા...! શરીરાદિ પર એમાં નથી તેને માન્યું. એનામાં અનંત આનંદ આદિ શક્તિઓ છે એને ન માની. કહે છે કે ભાઈ! આવી માન્યતા અંતરમાં થતાં એને રાગથી ભિન્ન પડવાનું સાધન પણ એ જ્ઞાનની દશા થાય છે. બીજું કોઈ સાધન છે નહિ. આહાહા..!

‘**તે પ્રજ્ઞા વડે...**’ વડે જુઓ કીધું. વડે છે ને સાધન? આ દ્વારા.. આ દ્વારા. આ તો બીજું કાંઈક હોય કે નહિ? આ દ્વારા. એમ કહે આ દ્વારા. એ કહે છે કે એ દ્વારા નહિ, પ્રજ્ઞા દ્વારા. આહાહા..! ‘**તેમને...**’ એટલે આત્માને રાગને તેમને ‘**છેદવામાં આવતાં તેઓ નાનાપણાને...**’ રાગ રાગમાં રહી જાય છે, આત્મા પોતાની પરિણતિથી જુદો પડી જાય છે. ‘**માટે પ્રજ્ઞા વડે જ આત્મા અને બંધનું દ્વિધા કરવું છે...**’ લ્યો! સમજાણું? ‘**ततः प्रज्ञयैवात्मबन्धयोर्द्विधाकरणम्**’ એમ છે ને? પછી એનું દ્વિધા કરવું છે. એમ. દ્વિધા કરવું છે, દ્વિધા કરાય છે.

‘**આત્મા અને બંધનું દ્વિધા...**’ નામ બે પણાનું જેમ છે તેમ જુદા કરવાનું પ્રજ્ઞા સાધન છે. એ દ્વિધા કરવું છે. પ્રજ્ઞા વડે દ્વિધા કરવું છે. રાગ અને નિમિત્ત ને કષાય મંદતા, શરીર અનુકૂળતા આવી હોય ને તેવી હોય. શરીર જીર્ણ થઈ ગયું હોય, રોગીલું હોય, સડેલું હોય તો એને અંતર દૃષ્ટિમાં સાધન એને નથી સારું માટે ન થાય એમ નથી. કહો, સમજાણું કાંઈ? પણ માણસ લોકો કહે છે, કાંઈક ભાઈ સાધન સુખી હોય તો નિવૃત્તિ કરીને ધર્મ કરી શકે. લ્યો. બિચારો રળવું હોય અને દુઃખી હોય એ કરી શકે? એમ નથી. ધૂળ કે સુખો કેવો ને દુઃખી કેવો? કહેવો કોને? જ્યાં હોય ત્યાં આત્મા પરથી ભિન્ન જ પડ્યો છે. એને વળી આ સુખી હતો અને દુઃખી હતો માટે રળવું પડે છે અને પછી એને રોકાવું પડે એ કે દિ’ આત્મકાર્ય કરી શકે? પણ પૈસા-બૈસા હોય, ખાવાનું સાધન હોય તો? એ વાત જ ખોટી છે. સમજાણું કાંઈ? એ તો ખોટી પણ અંદર રાગની મંદતાના પરિણામ થયા માટે કાંઈક મદદ કરી સાધન રૂપે તો એ પણ ખોટી વાત છે. આહાહા..! એ ખોટાને સાધન કહેવું એનું નામ વ્યવહાર છે. સમજાણું કાંઈ? આહાહા..!

ભારે પણ ઝઘડા ઊભા કરે. એ આવો આત્મા ને,.. આવા ટાણે આ ઝઘડા ન હોય ભગવાન! આહાહા..! જ્યાં ઝઘડાના સમાવાના કાળ છે એમાં આ શું? અહીં ક્યાં કો’કને મોટો કરવો છે અને પોતાને મોટપ લેવી છે. એ પરની સાથે સંબંધ ક્યાં છે આમાં? સમજાણું કાંઈ? જુઓને કેટલું (કહે છે), આત્મા પરદ્રવ્યના સહારા વિનાનો સ્વતઃ ભગવાન ચૈતન્ય

પ્રભુ, એનો આદર કરતાં, ઉપાદેય કરતાં એ કર્તા ને કાર્ય ને સાધનની દશા પોતાથી થઈ છે. પરથી થઈ નથી.

'**પ્રજ્ઞારૂપી કરણ વડે જ આત્મા ને બંધ જુદા કરાય છે.**' બીજો તો કોઈ ઉપાય અને રીત નથી.

'**(અહીં પ્રશ્ન થાય છે કે-) આત્મા અને બંધ કે જેઓ ચેત્યચેતકભાવ વડે અત્યંત નિકટતાને લીધે એક થઈ રહ્યા છે,...**' શું કહે છે હવે? આત્મા અને બંધ કે જેઓ ચૈત્ય. ચૈત્ય એટલે ચેતક છે. બંધ ચેત છે. આત્મા ચેતક છે. બંધ ચેત એટલે રાગાદિ પરિણામ તે જણાવા લાયક, ભિન્ન પડીને જણાવા લાયક છે અને આત્મા તેનો ચેતક જાણનારો છે. શું કહે છે? રાગાદિ ભાવબંધ છે ને? ભાવ રાગ બંધ. એ ચેત છે. ચેત એટલે જણાવાયોગ્ય છે. આત્મા તેનો ચેતક-જાણનાર છે. એવા '**ચેત્યચેતકભાવ વડે અત્યંત નિકટતાને લીધે...**' બહુ નજીકપણાને લીધે '**(-એક જેવા-) થઈ રહ્યા છે,...**' એક થઈ રહ્યા છે. એક જેવા થઈ રહ્યા છે હોં. એક થયા નથી.

કહે છે કે અહીં તો આત્મા ચેતનાર છે અને રાગ વિકાર, બંધભાવ તે ચેતાવા-જણાવાલાયક છે. તે વ્યવહારથી જણાવાલાયક છે હોં! છતાં બે જાણે એક જ થઈ ગયા હોય એમ લાગે છે. કેમ કે જ્ઞાયકભાવની અંદર નજર કર્યા વિના એ રાગ તે જણાવાલાયક અને હું જાણનાર એવી ભિન્નતા એને ભાસતી નથી. સમજાણું કાંઈ? વાત ઊંચી લાગે પણ સાચી તો આ જ છે હોં! આહાહા..! બીજી રીતે છે નહિ. બીજી રીતે ભલે માને અને મનાવે. રસ્તો નહિ નીકળે. દુનિયાને કદાચ માન્ય ન પણ થાય, સમાજને.. માર્ગ બીજો નથી. સમજાણું?

મુમુક્ષુ :- સમાજને ..

ઉત્તર :- ન થાય. સમાજને લક્ષ જ નથી. એવો ભૂલ્યો તે પણ ક્યાંય.. ભીંતને ભૂલ્યો છે આખો. ચાલવું ક્યાંક જોઈએ ને ભીંતે અથડાણો છે. બારણું હોય ત્યાં નીકળવાનો ઉપાય કરે તો નીકળે. પણ આ તો શરીર, વાણી, મન આહાહા..! પરદ્રવ્ય લોથા ક્યાંકના આવીને અહીં આવ્યા અને કર્મ ને આ, આ, આ મારા.. આ મારા. એનાથી આગળ ચાલતા રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપ જે કૃત્રિમ થઈને ભાવ ઊભા છે. એ તો ચેત્ય છે. કહે છે કે એ તો જ્ઞાનમાં જણાવાલાયક છે. આત્માના થઈને રહે એવો એનો સ્વભાવ નથી ભાઈ! આહાહા..! એ પુણ્ય-પાપના ભાવ આત્માના થઈને રહે એવો એનો સ્વભાવ નથી. એ તો ચેત્ય છે. એ તો જણાવાની લાયકાતવાળા એ છે. આહાહા..! ભગવાન આત્મા એનો થયા વિના, એમાં રહ્યા વિના પોતાને જાણતા તે ચેત્ય જણાય એવો તે આત્માનો સ્વભાવ છે. સમજાણું કાંઈ?

**'આત્મા અને બંધ કે જેઓ ચેત્યચેતકભાવ વડે અત્યંત નિકટતાને લીધે...'** નજીક. આમ નજીક છે ને ક્ષેત્ર. **'એક (એક જેવા-) થઈ રહ્યા છે,...'** એક જેવા થઈ રહ્યા છે. **'અજ્ઞાનદશામાં તેઓ એકરૂપ અનુભવાય છે.'** એમ કહે છે. નીચે નોટ છે. એટલે શું કહ્યું? કે ભગવાન આત્મા તો ચેતનારો છે, જાગનારો છે, જાણનારો છે. જાણનાર ચૈતન્ય સ્વભાવ છે. એમાં રાગ પુણ્ય-પાપના ભાવ જે વિકાર બંધના લક્ષણવાળા વિકાર એ તો જ્ઞાનમાં જણાવા લાયકવાળા એ છે. અને આત્મા તેને જાણનારો એવી સત્તા સ્વરૂપમાં રહેનારો એવો આત્મા છે. એમાં જતો નથી, એ રૂપે થયો નથી, એ રૂપે થાતો નથી અને એ આ રૂપે થયા નથી. સમજાણું કાંઈ? આ ચશ્માને જોવા હોય તો આમ તદ્દન ઓલા હોય તો ન જોવાય. થોડા આમ દૂર કરે તો જોવાય. જણાવા લાયક આ છે અને જાણનાર અહીં છે. એમ બંધનો રાગ-દ્વેષના પરિણામ બંધભાવ તે જણાવાલાયક છે અને આત્મા જાણનાર છે. પણ એનાથી જુદો પડે ત્યારે તેને જાણવા લાયક હું અને જણાવા લાયક એ, એમ થાય. પણ આ તો અજ્ઞાનદશામાં બેય એક અનુભવાય છે. એટલે કે પુણ્ય-પાપના ભાવ તરફના લક્ષવાળો જીવ આ સ્વભાવ શુદ્ધના લક્ષથી ચૂકેલો એ રૂપે હું છું એમ અજ્ઞાન દશામાં માની રહ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ?

હજી તો આ શરીરનો કર્તા થવું છે એને. પ્રભુ! શું કરવું છે તારે? શરીરનું કાર્ય આત્મા કરી શકે એમ ન માને તો અજ્ઞાની છે. ભારે વાત ભાઈ! ભાઈ! તું ક્યારે કરે છો? એ થવા કાળે થાય છે અને અટકવા કાળે અટકે છે. એમાં કે દિ' તું કર્તા એનો? આ કરીએ છીએ ને આ કરીએ છીએ ને આ કરીએ છીએ. ભાઈ! તને ભ્રમ પડ્યો છે. ભ્રમ છે.

અહીં તો એથી આઘા જઈને શુભ-અશુભભાવ વિકારી પરિણામ એનો સ્વભાવ જણાવા યોગ્ય છે, પ્રમેય છે એ તો. આત્મા પ્રમાણ જાણનાર છે. પણ પ્રમાણ જાણનારના જાણ્યા વિના, જાણનારને જાણ્યા વિના જણાવા યોગ્ય જ તે હું છું એમ અજ્ઞાનદશામાં માને છે. સમજાણું કાંઈ? બહુ સરસ વાત છે. અલૌકિક વાત છે આ! મૂળ રકમની વાત છે. એને પહેલું જ્ઞાનમાં અને શ્રદ્ધામાં આ રીતે લેવું જોઈએ. લીધા પછી અંતરમાં અંતર જઈ શકશે. નહિતર જઈ શકશે નહિ. એનામાં સત્યતા આવી છે, આવું સત્યનું સ્વરૂપ અને આવું પરનું (સ્વરૂપ છે). એ પણ સત્ય છે ને એ રીતે? જે રીતે છે એ રીતે એનું જ્ઞાનમાં ન આવે તો પછી જ્ઞાન સ્વતઃ તો વળી શકશે નહિ. કારણ કે સત્ થયા વિના સત્ સ્વભાવનો આશ્રય કરી શકશે નહિ. સમજાણું કાંઈ?

કહે છે, **'(અહીં પ્રશ્ન થાય છે કે-) આત્મા અને બંધ કે જેઓ ચેત્યચેતકભાવ વડે...'** જોયું! એ વડે પાછું આવ્યું. **'અત્યંત નિકટતાને લીધે એક (-એક જેવા-)...'**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અજ્ઞાનમાં અનુભવાય છે. ભગવાન આત્માનો તો સ્વભાવ કાયમી જાણવું, જાણવું, જાણવું એ જ એનો સ્વભાવ છે. અને રાગના વિકાર ભાવનું જણાવું એવો જ એનો સ્વભાવ છે. પણ અંતરમાં સ્વભાવના લક્ષ વિના મારું હોવાપણું ચૈતન્ય સ્વરૂપે છે એમ (માનતો) નથી, એથી એનું લક્ષ ત્યાં રાગની એકતામાં રાગ જણાવાયોગ્ય છે તેને અજ્ઞાન દશામાં પોતાના માને છે. સમજાણું કાંઈ? આવી ધર્મકથા કેવી હશે? ભાઈ! ધર્મ નામ સ્વભાવની કથા તો આવી જ હોય છે. સમજાણું કાંઈ?

કહે છે. જુઓ! એ ગાથા ૨૯૪ પણ કેવી મૂકી છે! **'ચેત્યચેતકભાવ વડે અત્યંત નિકટતાને લીધે એક (-એક જેવા-) થઈ રહ્યા છે,...'** જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય, તે જ કાળે રાગની થાય.

મુમુક્ષુ :- એક જ કાળે?

ઉત્તર :- એક જ કાળે થાય ને? એમાં શું છે? જ્યારે જ્ઞાનની અવસ્થા થાય એ કાળે રાગ અને દયા, દાન કે વિકલ્પ થાય. એ જ કાળે ભાવ ભિન્ન. કાળ એક, ભાવ ભિન્ન. અને નજીક કાળ નજીક ક્ષેત્રમાં હોવાથી જાણે હું રાગરૂપ છું એમ અનાદિથી મનાઈ ગયું છે. જણાવાયોગ્યને હું એ રૂપે છું એમ મનાણું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભાવ ભિન્ન, કાળ એક. વિકાર જણાવાયોગ્ય એવા ભાવવાળો અને આત્મા જાણનારો એવા ભાવવાળો. પર્યાયનું ઉત્પન્ન થવું એકસાથે. સમય તો એક છે ને? ક્ષેત્ર એક અવગાહી છે. એક ક્ષેત્રમાં છે પાછા. વિકાર અને પર્યાય બધું એક ક્ષેત્રે છે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી અનંત ગુણ સંપન્ન છે. હવે એની વર્તમાન દશામાં ગુણોનું ઉત્પન્ન થવું પર્યાયનું અને તે જ કાળે રાગનું ઉત્પન્ન થવું. કાળ તો એક છે. ક્ષેત્ર પણ એક જ છે. જ્યાં આત્માના અસંખ્ય પ્રદેશમાંથી જ્ઞાનની ઉત્પત્તિ થાય છે, ત્યાં જ અસંખ્ય પ્રદેશમાં રાગના બંધભાવની ઉત્પત્તિ થાય છે. ભાવ જુદો છે, કાળ એક છે. એકક્ષેત્રાવગાહમાં રહ્યા છે. આ ભાવ એવો છે કે જણાવાલાયક તે ભાવ છે અને આત્મા એવો છે કે જાણનાર એવા ભાવવાળો છે. આમ બે ન માનતા એ જણાવાયોગ્ય ત્યાં એનું લક્ષ એના જાણનારો આમ જુદો છે એનું લક્ષ નથી. તેથી જણાવાયોગ્ય એને આજ રહ્યું, એ જ હું છું. એમ અજ્ઞાનદશામાં રાગ તે હું છું, જણાવાયોગ્ય પદાર્થ તે હું છું એમ માની રહ્યો છે. કહો, સમજાણું કાંઈ?

કીધો હતો ને દાખલો એક ફેરી? મકાન એક શેરીમાં પચાસ હોય. જ્યાં પોતાનો બંગલો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હોય પાંચ લાખનો, છ લાખનો. ખરેખર તો જોનાર પોતે છે કે આ છે. આ છે. ત્યાં વળી એ મકાન આવે ત્યાં પોતે ઓલો નિમિત્ત થયો હતો ત્યાં .. થઈ આ મકાન મારું. પણ મારું ક્યાંથી આવ્યું? જાણવા યોગ્ય તો બધા બધે પચાસેય મકાનનો જાણનાર અને એ જણાવાયોગ્ય.

મુમુક્ષુ :- પૈસા ખર્ચ્યા ને.

ઉત્તર :- પૈસા કે દિ' પણ એના હતા? પૈસા એના નહિ. એય.. શેઠ! આહાહા..!

મુમુક્ષુ :- બીજાના મકાન

ઉત્તર :- પણ બીજાના મકાન...

મુમુક્ષુ :- જવા દે નહિ.

ઉત્તર :- એ જ વાંધો અહીં કહે છે. આ મારું છે એ ભ્રમ ઉત્પન્ન થયો એને. જ્ઞાનમાં તો બધા જણાવાયોગ્ય સાથે છે આમ.

મુમુક્ષુ :- તો બીજા કેમ પેસવા દેતા નથી.

ઉત્તર :- પૈસા પણ ક્યાં હતા એના? દીધા છે ક્યા? મૂક્યા છે ક્યા? મફતનો અભિમાની છે. આહાહા..! એમ પચાસ છોકરાઓ ઊભા હોય, પચાસ. એમાં એક છોકરો એનો હોય અને ૪૯ બીજા. આમ જોવે તો બધું જાણવા યોગ્ય છે. પોતે જાણનાર અને એ જણાવા યોગ્ય એટલું જ છે. એમાં ત્રીજું ક્યાંથી આવ્યું? આ મારું ક્યાંથી આવ્યું? એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો મફતે માન્યો છે. નથી તેવું ઊભું કર્યું છે. એમાં નથી, તારામાં નથી. કારણ કે એ તો જણાવા લાયક છે, તું જાણનાર છો. આવું એનું સ્વરૂપ છે. છતાં બેમાંથી ત્રીજું તેં ઊભું કર્યું કે 'આ મારો' એ તારી ભ્રમણા છે. કહો, શેઠ! આહાહા..! એમ આ શરીર અને બીજા શરીરો આ બધાય, જાણનાર છે, જાણે છે કે આ શરીર છે, .. શરીર છે. એમાં આ શરીર મારું એવું આવ્યું ક્યાંથી? એમ કહે છે. કહો, જુગરાજજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- માને છે. છે નહિ. ક્યાંય ત્રણ કાળમાં નથી. આ બધા શરીર છે એ જાણે છે. જાણનાર જણાવા યોગ્ય. આ તો વ્યવહાર જણાવા યોગ્યની વાત છે હોં. નિશ્ચય પોતે. આહાહા..! આ શરીરમાં કાંઈક થાય તો કહે એય.. મને થયું. પણ મને થયું એની વ્યાખ્યા શું? એ તો જણાવા યોગ્ય પદાર્થ છે. જેમ બીજાના શરીર છે એમ આ શરીર પુદ્‌ગલની પર્યાય છે. જડની પર્યાય છે.

મુમુક્ષુ :- આ પુદ્‌ગલ અહીં શું કરવા આવ્યા?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- પણ આવ્યા છે ક્યાં? એ તો ત્યાં રહ્યા છે. આવ્યા એટલે ત્યાં રહેવાની એની યોગ્યતા છે. એને કારણે, એને ક્ષેત્રે, એને કાળે, એને ભાવે પરિણમી રહ્યા છે. આત્માને કારણે બિલકુલ નહિ. કર્મ ને નિમિત્તથી કહેવું એ વ્યવહારની વાત છે. સમજ્યાને? એના પરમાણુનો એ સમયનો એ ક્ષેત્રે એ જ રીતે પર્યાય રહીને રહેવાનો સ્વભાવ છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બહુ ઊંડી વિચારણા ચાલે છે.

ઉત્તર :- આમાં ઊંડી વિચારણા કરણની લીધી છે કે નહિ? એ તો જણાવાયોગ્ય છે કે એ મારા માનવા યોગ્ય છે? એ ચીજ જણાવા યોગ્ય છે કે મારી માનવા યોગ્ય છે? તો જણાવા યોગ્યને મારા માનવા યોગ્ય કાઢ્યું ક્યાંથી તેં? ૫૦ છોકરા ઊભા હોય એમાં હીરાલાલ, આ હીરાલાલ. આહાહા..! ક્યાંથી આવ્યું? એનો આત્મા પણ જણાવા યોગ્ય છે, એના શરીરના રજકણો જણાવા યોગ્ય છે. એ તો આત્મામાં જણાવા યોગ્ય વસ્તુ છે. સમજાય છે? એમ આ શરીરની કોઈ ચેષ્ટા થાય. એ તો જ્ઞાનમાં જણાવા યોગ્ય છે. પણ આ ચેષ્ટા મેં કરી અને આ મારી છે, એ આવ્યું ક્યાંથી? નહોતું તે ઊભું કર્યું, હતું તેને છોડી દીધું. જાણનારો ભગવાન જ્ઞાનસ્વરૂપ છે એ તું છો. એ છોડી દીધું. નથી તેને કલ્પીને બેઠો. બસ! આ જ ભ્રમણા અને રખડવાનો ઉપાય છે. એ ભ્રમણા પણ ખરેખર જણાવા લાયક છે અને આત્મા જાણનાર છે એમ કહે છે. આહાહા..! અરે..! ભગવાન! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મીમાંસા ચાલી રહી છે.

ઉત્તર :- મીમાંસા ચાલી રહી છે. તમે કહો છો ને બહુ તૃપ્તિ નથી થઈ. કાલે તો કહેતા હતા ને. આહાહા..!

મુમુક્ષુ :- આ બધું ખીલે છે તો...

ઉત્તર :- એ ખીલે છે વાણીથી વાણીમાં, આત્માથી આત્મામાં. શું બધું એટલે શું? આ એટલે શું? બધું એટલે શું? ખીલે એટલે શું? ત્રણેના અર્થ કરવા પડશે. આ બધું ખીલે છે. એનો અર્થ શું? આ એટલે શું? વાણી, આત્મા, પર? શું? આહાહા..!

એક સમયમાં આમ શરીર ચાલતું અટકી જાય. એનો પર્યાય છે. ચાલે છે એ એનો પર્યાય છે. થંભી ગયું છે ક્યાંક આમ અત્યારે એ એને કારણે. બિલકુલ આત્માનું કારણ એમાં નથી. એ તો જણાવાયોગ્ય વસ્તુ અને જાણનાર આત્મા છે. છતાં હું છું તો આ થાય છે એવી એક ભ્રમણા ઊભી કરી છે. ઈ છે તો એમાં થાય છે એમ ન માનતા હું છું તો એમાં થાય છે એ અજીવની પર્યાયનો ધણી થાય છે. એમ અંદરમાં રાગ છે કે હું છું તો રાગ છે. એમ નથી. હું છું તો જ્ઞાન અને આનંદનો સ્વભાવ છું તો જ્ઞાનની દશા

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. રાગ હું છું તો એમ નથી. રાગ તો જણાવા યોગ્ય વસ્તુ છે. સમજાય? આ તો બહારના દાખલા આપીને આ અંદરના ચેત્યચેતકની વાત ચાલે છે. આહાહા..! એ બહારમાંથી ખસતો નથી એને અંદરમાં જ્યાં ત્યાં મીઠાશ.. મીઠાશ... મીઠાશ... કાલે આમ થાશે, પરમ દિ' આમ થાશે, ફલાણું થાશે. એ જાતની સગવડતાની અનુકૂળતાના પ્રકાર જ્યારે જ્યારે એને ભાસે ત્યાં ત્યાં તેનું ત્યાં જ્ઞાન રોકાઈ જાય છે. આનું આમ થાશે, પછી આમ થાશે, પછી આમ. પણ શેમાં થાશે? એ તો થાશે એનામાં એને કારણે. એમાં તને મીઠાશ શું આવી?

એ કહે છે કે ભાઈ! એ **'ચેત્યચેતકભાવ વડે અત્યંત નિકટતાને લીધે એક (-એક જેવા-)...'** માન્યા છે, માન્યા છે, છે નહિ. આહાહા..! આસ્રવતત્ત્વ એટલે અટકતું તત્ત્વ ભાવબંધ અને ભગવાન આત્મા બે ભિન્ન તત્ત્વ છે. સમજાય છે કાંઈ? હજી તો આ મોટા શરીર ને આ ને આ ને આ. આ હોય તો મને ઠીક પડે, આ આમ ન હોય તો મને ન ઠીક પડે. એ બધી ભ્રમણા છે. સમજાણું કાંઈ? આવા શરીરની સ્થિતિ હોય તો મને સુખ થાય. આવી શરીરની ચેષ્ટાઓ થાય તો મને ઠીક થાય, સુખ થાય. આવી ચેષ્ટાઓ જો શરીરમાં હોય તો મને દુઃખ થાય. એ બધું પરના અસ્તિત્વને કારણે સુખ-દુઃખ કલ્પ્યું છે એ ભ્રમ છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ વાત છે. ધર્મ એ કોઈ અલૌકિક વાત છે. સમજાય છે? હજી તો અંદર ધર્મની દૃષ્ટિનો વિષય અને ધર્મ શું? એની જેને ખબર નથી એ ચારિત્રને વ્રત ને તપ લઈને લ્યો આગળ વધી ગયા. લખ્યું છે આમાં. ચોથા ગુણસ્થાનવાળાને આ વ્રત લેવા પડશે. એમ આવ્યું છે. માટે પહેલેથી અમે નિવૃત્તિ લઈને આ બધા બેઠા છીએ વ્રતાદિ. અરે.. ભગવાન! વ્રતી બાપા! વ્રત ક્યાં કહેવાય? અહીં તો કહે છે કે વ્રતનો વિકલ્પ છે એ ચેત્ય નામ જણાવા લાયક છે, આત્મા એનો જાણનાર છે. એને ઠેકાણે મેં અંગીકાર કર્યા અને એનાથી લાભ, ભાઈ! તારી બુદ્ધિમાં ભ્રમ છે. આહાહા..!

**'અને ભેદવિજ્ઞાનના અભાવને લીધે,...'** જુઓ! **'જાણે તેઓ એક ચેતક જ હોય એમ...'** જોયું! છે ચેત્યા અને ચેતક. જણાવાયોગ્ય અને જાણનાર ભગવાન બે છે. છતાં જાણે હું ચેતક જ હોઉં **'એમ જેમનો વ્યવહાર કરવામાં આવે છે (અર્થાત્ જેમને એક આત્મા તરીકે જ વ્યવહારમાં ગણવામાં આવે છે)...'** રાગ તે હું, પુણ્ય તે હું, દયા, દાન, વિકલ્પ તે હું એવો વ્યવહાર કરવામાં આવે છે. **'તેઓ પ્રજ્ઞા વડે ખરેખર કઈ રીતે છેદી શકાય?'** મહારાજ! આવું બધું એકરૂપે થઈ પડ્યું છે. એને આ પ્રજ્ઞા વડે છેદવાનું શું હશે? કઈ રીતે છેદવું? એમ શિષ્યનો પ્રશ્ન છે. એનો ઉત્તર કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો સુદ ૩, શુક્રવાર તા. ૬-૧૦-૧૯૬૭**
**ગાથા-૨૯૪, પ્રવચન-૩૫૭**

૨૯૪ ગાથા. સમયસાર. મોક્ષ અધિકાર. મોક્ષ એટલે બંધ અને આત્માને એકતાપણે જે અનાદિથી માને છે એનાથી છૂટું પડવું. એ છૂટું પડવાનું શું? એમ શિષ્યે પ્રશ્ન કર્યો છે.

આ આત્મા ચેતક નામ જાણનાર છે. અને રાગ-દ્વેષના પરિણામ જે વિકાર છે તે જણાવાયોગ્ય ચેત્ય છે. શરીર, વાણી, મનની તો અહીંયાં વાત લીધી નથી. કારણ કે એ તો બધા પર છે. આ તો એક સમયમાં ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનાનંદ ભગવાન આત્મા એની એક સમયની પર્યાયમાં-અવસ્થામાં-રાગ અને દ્વેષ અને એ રાગ-દ્વેષ હું એવી ભ્રાંતિ, એવું જે વિકારનું ઉત્પન્ન થવું તે ખરેખર તો જ્ઞાનસ્વરૂપ આત્માનું ચેત્ય એટલે જણાવા લાયક છે. ઝીણી વાત છે ભાઈ! એણે કોઈ દિ' ચૈતન્યની સત્તા (સ્વીકારી નથી). એણે આમ બહારની સત્તાનો સ્વીકાર કર્યો છે અનાદિથી. એ પોતાની સત્તા ચૈતન્ય અને આનંદસ્વરૂપ છે, એનું સ્વરૂપ તો જાણવું-દેખવું એ છે. અને રાગાદિ પરિણામ વિકાર થાય સુખ-દુઃખની કલ્પના એ રાગના, દ્વેષના ભાવ એ જ્ઞાનમાં જણાવાયોગ્ય છે. છતાં અનાદિથી બેનો એક વ્યવહાર અજ્ઞાનમાં જાણવામાં, માનવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? શું કહ્યું સમજાણું?

આત્મા ચૈતન્યસ્વરૂપ જ્ઞાનમૂર્તિ અને પુણ્ય-પાપના વિકલ્પો રાગ, વિકાર દુઃખરૂપ. એ દુઃખરૂપ ભાવ બંધભાવ છે અને આત્મા જ્ઞાન છે તેનો એ જાણનાર છે. અને એ દુઃખરૂપ તે જણાવાયોગ્ય છે. એવું હોવા છતાં અનાદિથી જ્ઞાન જાણનાર અને જણવાયોગ્ય રાગ બેની એકતાનો જ ભાવ વ્યવહાર થઈ ગયો છે કે અમે બે એક છીએ. ઝીણી વાત છે, ભાઈ! એણે કોઈ દિ' ચૈતન્ય મહાપ્રભુ, એની સત્તાનો પોતે અંતર્મુખ થઈને સ્વીકાર કોઈ દિ' કર્યો જ નથી. ત્યાગી થયો, બહારના મહાવ્રત લીધા પણ એ બધી બહિર્મુખી ક્રિયાઓ છે.

અંતરમાં ભગવાન ચૈતન્ય વસ્તુ જે રાગ અને વિકારના બંધભાવનું સ્વરૂપ જે છે એને જાણતા આ હું છું એમ માનીને અનાદિથી પ્રવર્ત્યો છે. સમજાણું કાંઈ? આ બીજી વાત તો એક કોર રહી. આ શરીર માટી જડ, વાણી જડ એ તો ક્યાંય રહ્યું. એને પોતાનું માને એ તો ઘણું સ્થુળ મિથ્યાત્વ છે. પણ આત્મા જ્ઞાયક ચૈતન્યતત્ત્વ અને વિકારી આસ્રવતત્ત્વ અથવા બંધતત્ત્વ. શેઠી! સૂક્ષ્મ બહુ સૂક્ષ્મ. મહારાજ! બે એક જેવા જણાય છે તો ખરેખર એને કેમ છેદી શકાય? એક જેવા (જણાય છે) એને જુદા કેમ પડાય? એમ શિષ્યનો પ્રશ્ન છે.

એનો ઉત્તર કહે છે કે ભાઈ! પાડી શકાય છે. કેમ કે બેય જુદા છે. જુદા છે તો જુદા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પાડી શકાય છે. કઈ રીતે? **'આત્મા અને બંધનાં નિયત સ્વલક્ષણોની સૂક્ષ્મ અંતઃસંધિમાં...'** ઘણું સૂક્ષ્મ તત્ત્વ છે. ભગવાન આત્મા આમ જ્ઞાનલક્ષણે લક્ષિત જણાય એવો અને બંધ રાગ-દ્વેષના પરિણામ, પુણ્ય-પાપના વિકલ્પો એ બંધ લક્ષણવાળા. બેના સ્વલક્ષણોથી, બેના સ્વલક્ષણો. આત્માનું જ્ઞાનલક્ષણ અને પુણ્ય-પાપના વિકારોનું બંધલક્ષણ. એ બે સ્વ લક્ષણોની સૂક્ષ્મ અંતઃસંધિ અંતર જ્ઞાનની પર્યાય અંતર વળતા, રાગ બહિર્મુખની વૃત્તિઓ, એના વચ્ચે જ્ઞાનને અંતર વાળતા વચમાં સંધિ રહી છે. રાગ અને આત્માની જ્ઞાનપર્યાય એક થઈ નથી. ઘણી ધીરજની વાત છે આ. આ કાંઈ.. સમજાણું કાંઈ?

આમ આત્મા આમ જ્ઞાન, જ્ઞાનની વર્તમાન દશા દ્વારા લક્ષિત થાય એવો એ ચૈતન્ય છે. અને રાગ પુણ્ય-પાપના વિકલ્પો બંધ દુઃખરૂપ ભાવ એ બંધ લક્ષણવાળા ભાવ છે. એ બેને લક્ષણના ભિન્ન લક્ષણ દ્વારા સૂક્ષ્મ અંતઃસંધિમાં બે વચ્ચે અંતર સાંધ છે.

આ પથરા હોય છે ને પથરા મોટા નથી નીકળતા? વચ્ચે સાંધ હોય છે આમ એક દોરી વા. શું કહે છે સમજાય છે? લાખો મણ પથરા હોય છે ને? આ રાજકોટની ગલીમાં જોયું છે. વચ્ચે એક રગ રગ હોય છે રગ ઝીણી. ધોળી કે રાતી આમ. એને ખોદીને એમાં દારૂ નાખે. દારૂ નાખીને લાખો મણના પથરા (તોડી નાખે). એની વચમાં આંતરો હોય છે. વચ્ચે એક નથી થઈ ગયેલા. અલગ અલગ છે. સમજ્યા? રગ રગ. શું કહે છે રગને? રગ કહે છે ને? વચ્ચે રગ હોય છે ને? ત્યાં આગળ ખોદી અને અંદર દારૂ નાખે અને ત્યાં વાટ નાખે લૂગડાની. વાટ. વાટ સમજ્યા? કપડાને આમ આમ કરી અને પછી એને સળગાવે. કારણ કે બે વચ્ચે આંતરો છે. બે વચ્ચેના દળ છે. એટલે બે વચ્ચેની દળમાં અંદર પડતા ફડાક જુદું પડી જાય છે. સમજાણું કાંઈ? કેવી કહેવાય તમારે? રાજકોટ. આજી નદી ત્યાં અમે ઘણી વાર રહી આવેલા ખરા ને. જોયું તો અંદર પાછા કાઢતા હતા. વચ્ચે રગ હોય ને ત્યાં મારે. ઉપરથી લાખો મણ ઊડી જાય અને હેઠેથી કટકા થઈ જાય. આ લાદી થાય છે ને લાદી? એ લાદી ઉપર છે એ તો પછી સાધારણ .. અંદર એ દળ જ એવા નીકળે. દળ દળ અંદર એવા નીકળે કે ઉપરનો ભાગ સાફ હોય. હેઠે ઘડવું પડે, ઉપર સાફ બે વચ્ચે.

એમ આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ ચૈતન્યઘન એનું જ્ઞાનલક્ષણ. જ્ઞાન-આ જાણવું લક્ષણથી અંતર અને રાગ બંધ લક્ષણ એ બેની વચમાં સંધિ (છે). બે એક નથી ખરેખર. સમજાણું કાંઈ? ભારે વાત ઝીણી ભાઈ! ભારે શ્રમ કરવો અને આવું કરવું પડે, એમાં આ સૂઝ શી રીતે પડે?

**મુમુક્ષુ** :- ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- એ સિવાય હોય નહિ. મેળ શું? થઈ શકે જ નહિ. આ રીતે રાગ બંધરૂપ છે અને સ્વભાવ ચૈતન્ય સ્વરૂપ છે. બે વચ્ચેની સંધિમાં જ્ઞાનની એકતાને રાગથી પાછી વાળીને જ્ઞાન જેનું લક્ષણ એના તરફ વાળવી એવી જે સૂક્ષ્મ અંતઃસંધિ. સૂક્ષ્મ. ભાવ બે ભિન્ન કાળ એક, ક્ષેત્ર એક. સમજાણું કાંઈ? કેટલી ધીરજ (જોઈએ)! એક ઝીણી વસ્તુ જોવી હોય તો આમ નજર કરવી પડે છે આમ. સાધારણ કીડી જીણી હોય કે કોઈ કંથવો હોય. આ તો સૂક્ષ્મમાં સૂક્ષ્મ અંતર વસ્તુ. આ જડ માટી ક્યાંય જુદા, વાણી જુદી, કર્મ જુદા, ફક્ત એ ચૈતન્યના જ્ઞાનમૂર્તિ પ્રભુમાં જે પર્યાયમાં રાગાદિનું ઉત્પન્ન થવું, તે જ ક્ષણે જ્ઞાનની પર્યાયનું ઉત્પન્ન થવું, બેયના લક્ષણો બેયના જુદા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બેય સમય તો એક જ છે ને. ક્ષેત્ર પણ એક છે. ભાવ ભિન્ન છે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ જણાવા લાયક છે અને આ જાણનાર છે. જણાવા લાયક તે જાણનારરૂપ થઈ શકતું નથી. જાણનારરૂપ તે જણાવા યોગ્ય રાગરૂપ થતું નથી. થયું નથી, થયું છે એમ માન્યું છે. સમજાણું કાંઈ? બહુ જ આ શબ્દની અંદર આખું ભેદજ્ઞાન પડ્યું છે. આહાહા..! સમય તો એક જ છે ને. સંબંધ ક્ષેત્ર છે. ભાવમાં ભિન્ન છે. ક્ષેત્રે અને કાળે નિકટ છે એથી એને જુદું પાડવું ઘણી ધીરજ અને અંતરના જ્ઞાન લક્ષણ દ્વારા આ આત્મા છે તેમ વાળવું અને રાગનું લક્ષણ બંધ છે તેને આમ જુદું રાખવું. કહો, સમજાય છે કાંઈ?

આ સમ્યગ્દર્શન-જ્ઞાનને પામવાની આ રીત ને કળા છે. સમજાય છે? છૂટું પડવાની આ (વિધિ છે). દુઃખી થઈ રહ્યો છે, અનાદિથી દુઃખી છે. એની એને દયા નથી. પોતાની પોતાને દયા નથી એમ કહે છે. અરે..! દુઃખી ચોર્યાસીના અવતારમાં. ક્યાંય એને શાંતિ છે નહિ. ક્યાંય નથી. ક્યાંય શરીર હો, પૈસા હો, આબરૂ હો, દેવલોક હો. ભગવાન! તારા સ્વરૂપમાં આનંદ છે એને છોડીને પરમાં આનંદ છે એવી કલ્પનાનો જે ભાવ એ દુઃખરૂપ છે. આહાહા..! સમજાણું કાંઈ? એ કલ્પના બંધ લક્ષણવાળો સ્વભાવ છે. રાગ જેનું લક્ષણ એ બંધસ્વરૂપ છે. અટકેલું. ભગવાન આત્મા જ્ઞાનની દશા દ્વારા અંતર્મુખ વળતા એ વચ્ચે સંધિ છે. જ્ઞાન અને રાગની ઉત્પત્તિના કાળમાં વચમાં સંધિ છે.

એ કહે છે કે સૂક્ષ્મ સંધિ અંતઃસંધિ. અંતઃસંધિ. અંતરંગમાં સંધિમાં '**પ્રજ્ઞાછીણીને...**' જ્ઞાનની વર્તમાન દશાને અંતરમાં રાગ તરફ ન લઈ જતાં, અંતરમાં વાળતા '**પ્રજ્ઞાછીણીને સાવધાન થઈને...**' સાવધાન થઈને. ઘણી જ સાવધાનીથી પટકવામાં આવતા '**પટકવાથી (-નાખવાથી, મારવાથી)...**' એટલે? જ્ઞાનની દશાને અંતર્મુખ વાળતા બહિર્મુખના રાગથી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તે જ્ઞાન ભિન્ન પડી જાય છે.

ભગવાન આત્મા આમ ચૈતન્ય સ્વરૂપ છે આખું. જ્ઞાનનું તેજ છે એ તો પોતે વસ્તુ. આ તો ક્યાંય રહી ગયા જડ, માટી. ક્યાંકના આવ્યા, ક્યાંકમાં જાશે. પર થઈને અહીંયાં રહ્યા છે. આ તો અંદરમાં ઉત્પન્ન થતાં પુણ્ય-પાપના વિકારો એ કૃત્રિમ એક સમયે પરલક્ષી ઉત્પન્ન થતો બંધલક્ષણ ભાવ અને આ જ્ઞાનલક્ષણથી લક્ષિત એવો ભગવાન, બે વચ્ચેમાં જ્ઞાનની પ્રજ્ઞાને અંતરમાં વાળતા એ પ્રજ્ઞાછીણી વચમાં પટકી છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ કર્યા વિના એને કોઈ રીતે દુઃખથી મુક્ત થવાનો નથી. દુઃખી, દુઃખી ને દુઃખી છે. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

આવે છે ને, હજી તો ઘણી વાત આવશે. હળવે હળવે આવે છે ને. સમજાણું કાંઈ? આમ વસ્તુનું હોવાપણું ચૈતન્યનું હોવાપણું, અસ્તિપણું, સત્તાપણું એ જ્ઞાનના લક્ષણે લક્ષિત થઈને એનું હોવાપણું જણાય એવું એ તત્ત્વ છે. કારણ કે એનામાં હોવાપણે, અસ્તિપણે જ્ઞાનદશા છે. એ જ્ઞાનદશા એના અસ્તિત્વમાં છે. તો એ જ્ઞાનના લક્ષણ દ્વારા અંતરમાં જતાં રાગની ઉત્પત્તિને ક્ષણે, જ્ઞાનની ઉત્પત્તિની વચમાં એટલે ઉત્પત્તિની વચમાં; એક નથી, એક માન્યું છે, એ જ્ઞાનની ઉત્પત્તિના ભાવને અંતરમાં વાળતા, રાગની ઉત્પત્તિ પર ઉપર રહી જાય છે. આ એણે પ્રજ્ઞાછીણી વચમાં નાખી. જેમ લાકડામાં પ્રજ્ઞાછીણી નાખે છે ને લોઢાની છીણી? બે કટકા થઈ જાય છે. આ અંતરની જ્ઞાન પર્યાયને રાગથી લક્ષ છોડી જેનું તે લક્ષણ છે તેમાં તે લક્ષણને તેના તરફ વાળતા રાગની ઉત્પત્તિ અને જ્ઞાનની ઉત્પત્તિ વચ્ચે આંતરો છે તો ભિન્ન પડી જાય છે. ભારે વાતું. કહો, જયકુમારજી! આ કાંઈ આંખનું કામ નથી. આ તો માટી બિચારા કાંઈ. છતી આંખે આમ ઉઘાડતા હતા પ્રભુભાઈ. ઉઘાડો જુઓ. શું જોવે? અંદર અસાધ્ય થઈ ગયેલા. જ્યારે સાધ્ય આવી હતી તો પણ આંખે દેખાતું નથી. એમ કે આંખે દેખાય છે? સાધ્ય આવી આમ થયું. આંખ આમ કરી. આંખે એમ કે દેખાય છે? પણ દેખાતું નહોતું.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બંધ હતી. બંધ હતી પણ જ્યારે સાધ્ય હતી ત્યારે આંખ ઉઘાડી તો દેખાતું નહોતું. સાધ્યમાં પગે લાગ્યા. આંખ આમ ખોલી હતી. આહાહા..! ગજબ છે ને! જડના રજકણમાં જેલમાં પડ્યો. આહાહા..! અને ખરી જેલ તો રાગને એકત્વ માનવું એ છે, અહીં તો કહે છે. આ તો જુદું જુદું છે એટલે જુદું એમ ને એમ રહે છે અને જુદું પડીને જુદું ચાલ્યું જશે. .. પરમાણુઓનો પ્રવાહ અત્યારે અહીં આવીને ટક્યો છે આ રીતે બદલીને. પ્રવાહ તૂટશે ત્યાં બીજે ચાલ્યો જશે. નદીને...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. અંદરમાં રાગ જેનું લક્ષણ બંધસ્વરૂપ છે, દુઃખરૂપ છે. આત્માના જ્ઞાન અને આનંદ સ્વભાવથી વિરૂદ્ધ ભાવ છે, એવા ભાવ અને જ્ઞાનનો સ્વભાવ બે વચ્ચે પ્રજ્ઞાછીણી એટલે અંતરમાં જ્ઞાનની પર્યાયને વાળતા એ બે વચ્ચે પ્રજ્ઞાછીણી પડી બેને જુદા કરી નાખે છે. સમજાણું કાંઈ? ભારે વાત. આહાહા..! આ વિના તારા જીવન સુધરે એવા નથી.

મુમુક્ષુ :- જ્ઞાનની પર્યાય જ્ઞાનનું લક્ષ કરીને...

ઉત્તર :- લક્ષ કરીને અંદર વાળે એ પ્રજ્ઞાછીણી મારી કહેવાય વચ્ચે. આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- તો છૂટકારો દુઃખથી થાય, નહિતર થાય એવો નથી. આહાહા..!

કહે છે, '**આત્મા અને બંધના નિયત સ્વલક્ષણોની...**' એમ છે ને નિયત? બેના નિયત લક્ષણ. સ્વલક્ષણ બેયના સ્વલક્ષણ. એની '**સૂક્ષ્મ અંતઃસંધિમાં...**' સૂક્ષ્મ અંતરંગમાં, સાંધમાં. આમ રાગની ઉત્પત્તિ થાય તે કાળે જ્ઞાનની ઉત્પત્તિને અંદરમાં વાળતા '**પ્રજ્ઞાછીણીને સાવધાન થઈને પટકવાથી (-નાખવાથી, મારવાથી) તેમને છેદી શકાય છે...**' આહાહા..! સમજાય છે કાંઈ? લાકડું હોય તો કાપી નાખીએ. .. હોય તો અમે કાપી નાખીએ. એ પણ કાપે કોણ? એ ક્યાં તારી ક્રિયા છે? આ તો તારી ક્રિયા છે. આ ક્રિયા ક્યાં હતી કે શરીરને આમ કરું.

'રજકણ તારા રખડશે, જેમ રખડતી રેત.' ભાઈ! આ અનંતા રજકણો આવીને પડ્યા છે. ફૂ મસાણની રાખ થઈને ઊડી જશે. મસાણ કહે છે ને? સ્મશાન સ્મશાન. મસાણ કહો, સ્મશાન કહો. સ લાગુ પડ્યો. મસાણને છોડ. આવડું મોટું લાગે, આટલી રાખ થાય થોડી. કાંઈ આવડી મોટી રાખ ન થાય. આટલી થાય. પવન આવે તો ઊડીને વઈ જાય. આહાહા..! કહે છે કે આ તો ઊડી જાય પણ રાગને જ્યાં સુધી ન ઉડાડ ત્યાં સુધી તારું કલ્યાણ ન થાય. સમજાણું કાંઈ?

આમ મંદિર કરવા, આ કરવું, તે કર્યું, આ કર્યું. તેમાંથી કલ્યાણ થાશે. ના. ના એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? લાખો, કરોડો રૂપિયા ખર્ચવા, ખર્ચીને કાંઈક ભાવ શુદ્ધ થાય અને એમાંથી આવું થાય. આ થયા વિના કલ્યાણ થાય એ ત્રણ કાળમાં નથી. શેઠી! ભારે વાતું ભાઈ! લોકોને એવું લાગે છે ને જાણે,.. ભગવાન! પણ માર્ગ એ છે પ્રભુ! એમ લાગે છે કે નહિ એ નહિ. એ ક્રિયાઓ બધી છે અને શરીરનું સાધન એનાથી ધર્મ થાય. પ્રભુ! અહીં તો રાગની એકતા તોડ ત્યારે ધર્મ થાય. હવે શરીરની તો ક્યાંય ધૂળેય રહી ગઈ. આહાહા..! અરે..! મનુષ્યપણું મળ્યું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો ક્યાંય પાછળ રહી ગયું. આ તો ધૂળ ક્યાંય રહી ગઈ. આહાહા..! આ તો એ લખાણ હજી આવે. આજે પણ લખાણ છે. આમ થાય.. આમ થાય... કર્મને લઈને વિકાર થાય. ભગવાન છે. હાથ મૂકીને તમે કરો કુંદકુંદાચાર્યની શ્રદ્ધા હોં. અરે.. ભગવાન! શું છે તને? ભાઈ! તને ખબર નથી. કુંદકુંદાચાર્યના પેટ શું છે એની ખબર નથી. આહાહા..! એ તો નિમિત્તથી થાય એનો અર્થ કે વિકાર કાળે એ નિમિત્તથી છે. સમજાણું? હજી તો અહીં તો એ વાત પણ લીધી નથી. અહીં તો અંદરમાં જે રાગ તારાથી થાય અને જ્ઞાનનું લક્ષણ તારું છે એની વચ્ચે છીણી માર અહીં તો એ વાત છે. સમજાણું કાંઈ? આહાહા..!

આ જે છે એ ક્યાં આત્માનું અસ્તિત્વ છે? આ તો જડનું અસ્તિત્વ છે. હવે એના અસ્તિત્વમાં એટલે હોવાપણામાં તો જ્ઞાન અને આનંદ છે. અને રાગાદિ જે પર્યાયમાં દેખાય છે તેનું અસ્તિત્વ ખરેખર તો રાગરૂપ, બંધરૂપ છે. એ તત્ત્વ બંધતત્ત્વ છે. એ આત્મતત્ત્વ નથી. આ અજીવતત્ત્વ છે ત્યારે પુણ્ય-પાપના વિકલ્પો એ બંધતત્ત્વ છે. એ બંધતત્ત્વ અને આ જ્ઞાયકતત્ત્વ બે એક નથી. માન્યા છે અનાદિની આમ દૃષ્ટિ છે ને, અંતર્મુખ નહિ અને બહિર્ ઉપર દૃષ્ટિ એટલે આ હું છું એમ માન્યું છે. બસ, એ જ સંસાર છે આખો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ન સમજાણું.

ઉત્તર :- વિશેષ કહીએ છીએ.

કહે છે કે ભગવાન આત્મા જાણનાર સત્તા છે કે નહિ? જાણનાર.. જાણનાર... જાણનાર... જાણનાર, એ જાણવાની જે દશા અને આ રાગ જે થાય તે એક દશા. બેમાં જાણનાર દશાને અંતર વાળતા બે જુદા પડે એવું એનું સ્વરૂપ છે. આ એની ક્રિયા છે. આહાહા..! જાણનાર જે આ પર્યાયમાં જણાય છે પર્યાય, એ પર્યાય આ તત્ત્વની છે એમ અંતરમાં વાળતા રાગનો ભાગ જે જ્ઞાનમાં જણાય છે કે આ હું એ છૂટું પડી જાય છે. એનો અર્થ એ છે કે જે વર્તમાન જ્ઞાન દશા જેની છે-આત્માની, તે દશાને તેના તરફ વાળતા રાગની ઉત્પત્તિ જે તે ક્ષણે છે તેનાથી આ જ્ઞાનની દશા વચ્ચે છીણી પડી, ભેદ પાડ્યો. એને રાગ અને આત્મા બે જુદા થઈ જાય છે. સમજાણું કાંઈ?

આ વાત સમજાય નહિ અને એ વાતને ખ્યાલમાં આ છે કરવા જેવું એ બેસે નહિ અને પછી બીજે રસ્તે ચડી જાય. હાથ આવે નહિ આત્મા અને બંધથી મુક્ત થવાની રીતની પણ ખબર ન મળે. કહો, સમજાય છે કાંઈ? દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, પૂજા, ભગવાન! એ તો વિકલ્પ છે ભાઈ! એ તો બંધતત્ત્વ છે. એ બંધતત્ત્વ તો જ્ઞાનનું ખરેખર ભિન્નરૂપે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

તત્ત્વ છે. જ્ઞાનનું જ્ઞાનતત્ત્વ એ સ્વ તત્ત્વ છે. જે જ્ઞાન જાણવાની દશાવાળું જે છે એ ચૈતન્ય લક્ષણવાળો આત્મા અને બંધ લક્ષણ રાગાદિ લક્ષણવાળો પુણ્ય-પાપવાળો બંધ, બેને અંતરમાં જ્ઞાનની દશાને અંતર વાળતા રાગ અને (જ્ઞાન) બે વચ્ચે જ્ઞાનછીણી પડી તેથી તે જ્ઞાન રાગથી જુદું પડી જાય છે અને સ્વની એકતા થતાં એને આત્માનો અનુભવ થાય છે.

મુમુક્ષુ :- જ્ઞાન બેયનું થાય છે.

ઉત્તર :- જ્ઞાન એ વખતે નહિ. પહેલા. પહેલા જ્ઞાન છે અને આ રાગ છે એવો ખ્યાલ આવે. પછી યથાર્થમાં તો રાગનો ખ્યાલ ત્યારે આવે છે કે એ જ્ઞાન અંતરમાં વળ્યું અને જ્ઞાતા થયો તો રાગ છે એ તો પરનો જાણનાર થયો. અહીં તો પહેલા આમ ઉત્પત્તિ થાય છે ને? જે ક્ષણે જ્ઞાન ઉત્પન્ન (થાય છે) તે ક્ષણે રાગ આખા આત્મામાં (ઉત્પન્ન થાય છે). એ જ્ઞાનની ઉત્પત્તિનો જે ભાવ એ ભાવ છે ચૈતન્યનો. એ આત્માનું લક્ષણ છે અને રાગાદિ છે પુણ્ય-પાપના વિકલ્પો, દુઃખરૂપ એ બંધ લક્ષણ છે. એટલો બે પ્રકારના આ લક્ષણ આમ વળે છે ને આ લક્ષણ આમ જાય છે. એમ ખ્યાલ કરીને જે લક્ષણ બંધ વચ્ચે પડીને સ્વભાવ તરફ વળ્યું એને પ્રજ્ઞાછીણી વર્તમાન દશા કરણ સાધન કહેવામાં આવે છે. આહાહા..! ભેજું કામ કરે નહિ. આ ભેજું કામ કરે? આ તો જડ છે. આ તો માટી છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**તેમને છેદી શકાય છે અર્થાત્ જુદા કરી શકાય છે એમ અમે જાણીએ છીએ.**' કહો, સમજાણું કાંઈ? એમ થઈ શકે છે એમ અમે જાણીએ છીએ. એમ આચાર્ય કહે છે. પોતાની વાત પણ ભેગી કરે છે. આહાહા..! એમ થઈ શકવા યોગ્ય છે એમ નહિ પણ એમ થઈ શકે છે. આહાહા..! જુઓ અધિકાર છે મોક્ષનો, પણ આ એના માર્ગનો અધિકાર વર્ણવે છે. મોક્ષનો માર્ગ આ છે. મોક્ષ એટલે પરમ આનંદરૂપી દશા, એનો માર્ગ જ્ઞાનની વર્તમાન લક્ષણ દશાને રાગથી પાછી આમ લક્ષ જે ત્યાં છે, રાગ ઉપર એના લક્ષને પાછું વાળી, કેમ કે વળવા યોગ્ય એની શક્તિ છે અને અંદરમાં તેને વાળવું તેથી રાગ અને આત્મા બે જુદા થઈ જાય છે. આ એની કળા, આ એની રીત અને આ એની વિધિ.

મુમુક્ષુ :- કળા છે.

ઉત્તર :- આ કળા છે. બીજી કળા ધૂળેય નથી. આ હીરા ને માણેક ને ફલાણા ને ઢીકણા આ કળા ને આ કળામાં આ હુશિયાર. એ ધૂળેય હુશિયાર નથી, દુઃખરૂપ હુશિયારી છે. સમજાણું કાંઈ?

હવે એની વ્યાખ્યા કરે છે. એનું લક્ષણ વર્ણવે છે. ત્યાં તો સાધારણ વાત કરી હતી ને. આત્મા અને બંધના નિશ્ચય સ્વલક્ષણ એટલી વાત કરી, પણ એના લક્ષણો શું? હવે

એના લક્ષણો શું એની વ્યાખ્યા હવે કરે છે. '**આત્માનું સ્વલક્ષણ ચૈતન્ય છે,...**' એ જાણવાની જે દશા લક્ષણ એ આત્માનું લક્ષણ છે. જાણવાની જે અવસ્થા છે તે આત્માનું લક્ષણ છે. '**કારણ કે તે સમસ્ત શેષ દ્રવ્યોથી...**' તે ચૈતન્ય લક્ષણ સમસ્ત શેષ દ્રવ્યો એટલે આત્મા સિવાયના બીજા પદાર્થો એનાથી '**અસાધારણ છે (અર્થાત્ અન્ય દ્રવ્યોમાં તે નથી).**' તેવું તેનામાં છે. જ્ઞાન લક્ષણે લક્ષિત એવું જ્ઞાનલક્ષણ એ નથી રાગમાં, નથી શરીરમાં, નથી કર્મમાં, નથી ક્યાંય. એવું અસાધારણ ચૈતન્ય લક્ષણ તે આત્માનું છે. સમજાણું કાંઈ?

હજી તો અહીંયાં મિથ્યાત્વને છેદ કરવાના કાળની ક્રિયાની વાત ચાલે છે. હવે એ ક્રિયાની ખબર ન મળે ને બીજી ક્રિયાઓ કરવા માંડે કે આ તપ કર્યા, અપવાસ કર્યા. અરે.. ભગવાન! ભાઈ! પુણ્ય થશે કોઈ શુભ. પણ મિથ્યાત્વના જોરે એ પાછા શુભભાવ પણ ખસી જશે. કદાચ સ્વર્ગાદિ મળશે પણ ખસી જશે અને પાછા અશુભભાવ થશે. કારણ કે મિથ્યાત્વ જેવું અશુભ પાપ કોઈ નથી. મિથ્યાત્વના અશુભ પાપને કેમ ટાળવું એની રીતની તને ખબર નથી અને બીજી રીતે ચડી જાય છે. ઉન્માર્ગે છે. સમજાણું કાંઈ?

આમાં તો ત્યાગ નથી. પણ ભગવાન! મિથ્યાત્વનો પહેલો ત્યાગ એ ત્યાગ છે. મિથ્યાત્વના ત્યાગ વિના અવ્રત અને પ્રમાદનો ત્યાગ આવ્યો ક્યાંથી? શું થાય? સમજાય છે કાંઈ? આ મિથ્યાત્વના ત્યાગની ક્રિયાની વાત ચાલે છે. અરે..! પછી તો એમ કહે બહુ. એય..! આમ છે, એકાંત છે હોં, એકાંત છે હોં. એ અનેકાંતને સમજો હોં હવે. એવું ઘણું ચાલ્યું ગયું છે એમ કહીને બિચારા દયાથી વાત કરે. ભગવાન! તું દયા ખા છો પણ તને તારી દયાની ખબર નથી. આહાહા..! શું થાય?

મુમુક્ષુ :- પોતાની દયા ખાતો નથી અને બીજાની દયા...

ઉત્તર :- એને એમ કે આ બધા ભૂલે છે. ત્યાગ કરવો જોઈએ ને આ વ્રત પાળવા જોઈએ. પણ બાપુ! વ્રત કોને કહેવા? અને સ્વરૂપ છે એ રાગથી ભિન્ન પડ્યા વિના, મિથ્યાત્વ ટળ્યા વિના સ્વરૂપમાં ઠરશે ક્યાંથી? સમજાય છે? જે ચીજ આખી છે જ્ઞાનનો પુંજ પ્રભુ, જેના ઉકેલમાં કેવળજ્ઞાન પ્રગટ થાય એવી એ ખાણ છે. એવો ચૈતન્ય એને રાગની એકતાથી જુદો ન પડે, તો જુદો ન પડે તો જુદો આત્મા રાગથી ભિન્ન એમાં ઠરશે શી રીતે? સમજાય છે કાંઈ? સમજાય છે કે નહિ આમાં? ભાઈ, દિલ્હી. પહેલા આવ્યા હતાને સૌથી? થોડી થોડી ગુજરાતી હવે દિલ્હીવાળા તો સમજશે. અમારે હજી આ શેઠ ઓછું સમજે છે. શોભાલાલજી. અમારે આ શેઠ તો સમજી જાય છે. ઘણાં વખતથી અહીં પડ્યા છે ને. ગુજરાતીમાં જેવું આવે એવું હિન્દીમાં આવે નહિ. કારણ કે ભાષા હિન્દીનો અભ્યાસ (નહિ). મૂળ અભ્યાસ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તો કાઠિયાવાડી આ ગુજરાતી. સહેજે નીકળતી હોય એમ નીકળે. ઓલી ગોતવા જાય ભાષા તો ભાવ રહી જાય. આહાહા..! સમજાય છે કાંઈ? શેની વાત ચાલે છે આ?

એ મિથ્યાત્વને નાશ કરવાની રીત અને કળા શું એની વાત ચાલે છે. અને મિથ્યાત્વનો વ્યય થયા વિના સમકિતની ઉત્પત્તિ થઈ શકે નહિ, સમકિતની ઉત્પત્તિ વિના આત્મા શું છે એ એને પ્રતીતમાં આવે નહિ અને આત્માની પ્રતીત વિના ક્યાં ઠરવું એની શ્રદ્ધા થાય નહિ. આહાહા..! ત્યારે કહે, પણ આ મોંઘુ પડે એ કરતાં આ કરીએ ને. આ કરીએ આ નથી થઈ શકતું. પણ નથી થઈ શકતું તો એનો અર્થ થયો તું મિથ્યાદૃષ્ટિ છો. હવે તારે કરવું છે શું કહે. તો કર, બીજું કરે તે. રાગની મંદતાનો ભાવ હોય. એ તો મિથ્યાત્વ સહિત છે એનો એ સંસાર છે. અનાદિ રખડે છે એ જાત છે. એમાં કાંઈ ફેર નથી. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- સહજ વસ્તુ છે...

ઉત્તર :- આ સહજ વસ્તુ છે એને મુશ્કેલ બનાવી દીધી છે. સરળ વસ્તુ છે એમ કહે છે.

અહીંયાં પોતે વસ્તુ છે ને ભગવાન! વસ્તુ છે ને ચૈતન્ય પ્રભુ છે ને એ? એને તો પ્રભુ કહ્યો છે. વિકાર કરવામાં એ પ્રભુ છે અને વિકાર ટાળવામાં મિથ્યાત્વનો નાશ કરવામાં એ પ્રભુ છે. પંચાસ્તિકાયમાં કુંદકુંદાચાર્યે પ્રભુ શબ્દ વાપર્યો છે. સમજાણું કાંઈ? ભગવાન! આસ્રવ અને બંધભાવ વિકારીભાવ કરવામાં પણ તું પ્રભુ છો, તારું સામર્થ્ય અજ્ઞાનપણે એ છે. અને એ બંધભાવ જે મિથ્યાત્વભાવ જે રાગની સૂક્ષ્મ પર્યાય, એમાં એકત્વબુદ્ધિ, તે મિથ્યાત્વભાવ તેમાં ચૈતન્યનો અનાદર ભાવ અને રાગનો આદરભાવ એ પણ તારી અજ્ઞાનની ઊંધી શક્તિ છે. અને એને ભિન્ન પાડવાની પણ પ્રભુત્વ તારામાં શક્તિ છે. સમજાણું કાંઈ? અરે..! ભગવાન! આમાં વાદવિવાદ શા? સમજાય છે? આમાં ઝઘડા શા? ભાઈ! આમાં વાદવિવાદ ન હોય. આ તો વસ્તુના ઘરની વાત છે. સમજાણું કાંઈ? અહીં કાંઈ શાસ્ત્રના જાણપણા પણ અહીં કામ ન આવે, કહે છે. શાસ્ત્રના જાણપણા એ પરલક્ષી થયા. હવે અંદર રાગથી ભિન્ન પાડવું એમાં શાસ્ત્રનું જ્ઞાન પણ નહિ કામ આવે. આહાહા..!

ભગવાન આત્મા આમ ચૈતન્ય લક્ષણે લક્ષિત છે એમ કહે છે, જુઓ! '**આત્માનું સ્વલક્ષણ ચૈતન્ય છે,...**' ધીમે... ધીમે... ધીમે પકડાય એવી છે હોં! ન સમજાય એવી વાત નથી. એમ ન માનવું કે આ મને ન સમજાય. શું કહે છે એમ તો સમજાય ને? સમજાણું કે નહિ? શું કહેવા માગે છે અને શું છે એમ ખ્યાલમાં તો આવે ને? પછી ખ્યાલ કરીને પ્રયોગ કરવો એ ક્રિયા એની પોતાની છે એ તો. આહાહા..! આ પ્રભુભાઈને જોઈને તો એટલું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

થઈ ગયું છે આમ. આહાહા..! આમ થઈ ગયું. આહાહા..! ભાઈ હતાને સાથે શોભાલાલજી હતા. જુઓ! શું પૈસા? કરોડ રૂપિયા. ક્યાં નાખવા?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ ત્યાં ત્યાં રહ્યા હતા એના રહીને-જડના રહીને જડ રહ્યા હતા. કાંઈ એમના થઈને ત્યાં નહોતા રહ્યા. આહાહા..! આ શરીર પણ જડપણે રહીને જડપણે રહ્યું છે, એનું થઈને રહ્યું છે. આત્માનું થઈને શરીર અહીં નથી રહ્યું. આહાહા..! આમ દેખાવ જુઓ તો વૈરાગ્ય. માણસ કેટલો નરમ હોં! પૈસા પણ કાંઈ એને ઓલી નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા એ તો .. છે એ તો બહુ નરમ માણસ. બહુ નરમ એને કાંઈ નહિ. બોલે તો આમ... અરે..! એ અસાધ્ય. આ ગજબ. આ કુદરતે વળી અહીં જવાનું મન થયું અને જો એમ ને એમ આવ્યા તો કુદરતે જાગૃતિ થઈ ગઈ એટલી કલાકે. એટલો વળી મેળ પુણ્યનો યોગને. નહિતર એ કાંઈ કોઈને લઈને કોઈની પાસે થાય એવું છે? આહાહા..! ભાઈ! ભાઈ! સોનગઢથી ગુરુદેવ આવ્યા છે. પગે લાગો. હાથ ઊંચો હતો. આહાહા..! આમ કરે. આંખ ઉઘડેલી. ખ્યાલ આવી ગયો. આંખમાંથી આંસુ નીકળે. આ શરીરની સ્થિતિ આવી છે એ ખ્યાલમાં આવી ગયું. ત્યારે ખ્યાલ આવ્યો કે ... આ દશા બાપા! આહાહા..! અરે..! તને શેના હરખ પરના? સમજાય છે? અને પર વસ્તુની અધિકતાથી તું મોટો એ ક્યાં આવ્યું પણ આમાં? સમજાય છે કાંઈ?

અહીં તો કહે છે કે પુણ્યના પરિણામથી પણ અધિક તું તને માન તો ભગવાન તારું હીણપણું થઈ જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? આ ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવના લક્ષણવાળો અને અસાધારણ જે જ્ઞાન બીજે ક્યાંય નથી. એ પુણ્ય-પાપના રાગમાં પણ નથી, શરીરમાં પણ નથી, વાણીમાં નથી, ઇન્દ્રિયમાં નથી. અસાધારણ એનું લક્ષણ છે આત્માનું. સમજાણું કાંઈ?

હવે જરી ઝીણી વાત આવે છે થોડી હોં! આ તો ગાથા જ ઝીણી છે બહુ. '**તે (ચૈતન્ય) પ્રવર્તતું થકું...**' ભાષા જુઓ. ધ્યાન રાખજો હોં! આ તો અલૌકિક વાતું છે. લોકોત્તર કહો કે અલૌકિક કહો. આહાહા..! ભગવાન! કહે છે કે તારું ચૈતન્ય દ્રવ્ય જે છે એ ચેતન છે. સમજાણું? અને ચૈતન્ય એનું લક્ષણ છે. ચૈતન્ય એનું લક્ષણ છે. એ ભાવ થયો. ચેતન એ દ્રવ્ય થયું-વસ્તુ. આત્મા એ દ્રવ્ય થયું. એનો ચૈતન્ય એ ગુણ થયો અથવા પર્યાય થઈ. આ ચૈતન્ય લક્ષણે લક્ષિત ભગવાન આત્મા છે. એ રાગથી લક્ષમાં આવે એવો રાગ એનું લક્ષણ નથી. આહાહા..! સમજાય છે કાંઈ? કેટલાક કહે ને ભાઈ! કષાયની મંદતા

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વ્યવહાર કરતા એ સમજાય. ભાઈ! એમ ન હોય, વ્યવહાર છે એ રાગ છે અને રાગની દિશા પર ઉપર છે. અને આ લક્ષણ સ્વનું અંતર્મુખ છે. પરના લક્ષે સ્વનું લક્ષ થાય એમ ન હોય. શું થાય? સમજાણું કાંઈ?

ભાઈ! તારું લક્ષણ ચૈતન્ય છે. તારું લક્ષણ રાગ નથી, પુણ્ય નથી, વિકલ્પ નથી. વ્યવહાર જે કહેવાય એ લક્ષણ તારું નથી. એ તો બંધનું લક્ષણ છે. આહાહા..! હવે જરી એવી રીતે વર્ણવે છે. કુંદકુંદાચાર્યની શૈલી જૈનદર્શનની યથાર્થ તત્ત્વને સિદ્ધ કરવાની કેવળીના પેટ ખોલીને વાત કરી છે. કેવળજ્ઞાની પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગદેવ એના પ્રતિનિધી જગત પાસે પ્રસિદ્ધિ (કરે છે). આ એક શાસ્ત્ર રહી ગયું સમયસાર. અલૌકિક વાત! અલૌકિક વાત!! કેવળીના પેટ ખોલીને મૂક્યા છે. સમજાણું કાંઈ? પણ જે સમજવા માગે એને છે ને. એને એમ જ થઈ જાય કે હું સમજ્યો છું, મને આમ આવડે. એ અભિમાનમાં ભાઈ! તારી વાત રહી ગઈ છે. તારું કામ કરવાની રીત (જશે). સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન આત્મા એ ચેતન કહેવાય. અને એનું ચૈતન્ય ભાવપર્યાય લક્ષણ કહેવાય. એ સમસ્ત દ્રવ્યથી જુદું '**(ચૈતન્ય) પ્રવર્તતું થકું...**' શું કહે છે હવે? એ ચૈતન્ય જે ભાવ છે, જ્ઞાનભાવ જે ગુણ છે, આમ વસ્તુ છે તે '**જે જે પર્યાયને વ્યાપીને પ્રવર્તે છે...**' પર્યાય એટલે ગુણ, પર્યાય એટલે ભેદ. એ ચૈતન્ય સહવર્તી ગુણમાં પ્રવર્તે છે ગુણરૂપે રહીને. સહવર્તી ગુણમાં '**જે જે પર્યાયને...**' એટલે ગુણરૂપી ભાવને '**વ્યાપીને પ્રવર્તે છે...**' ચૈતન્યના ગુણરૂપ સહવર્તી ભાવ વ્યાપીને પ્રવર્તે છે. '**અને નિવર્તતું થકું...**' બે ભાષા. '**પ્રવર્તતું થકું જે જે પર્યાયને વ્યાપીને પ્રવર્તે છે...**' ઝીણું બહુ છે ભાઈ! જરી ધ્યાન રાખજો. દ્રવ્યના ચૈતન્ય લક્ષણને ગુણ અને પર્યાય સાથે વ્યાપે છે કઈ રીતે? એ સિદ્ધ કરે છે. ચંદ્રકાંતભાઈ! બહુ ઝીણી વાતું છે હોં! બહારની નથી. ફડાકા બહારના મારે અને હાથ આવી જાય. એય..! ભારે ઝીણું ભાઈ!

મુમુક્ષુ :- અનંત ગુણમાં...

ઉત્તર :- એ અનંત ગુણમાં એક ચૈતન્યની અપેક્ષાએ બધા ગુણ ત્યાં ચૈતન્યમાં જ વ્યાપ્યા છે. એ ચૈતન્યનો જે ગુણ છે એ.. ભાષા જરી ઝીણી છે. તે ચૈતન્યભાવ પ્રવર્તતું થકું, લક્ષણ પ્રવર્તતું થકું. '**જે જે પર્યાયને વ્યાપીને...**' એટલે ગુણને એના ભેદને વ્યાપીને. ગુણરૂપમાં વ્યાપીને. એ ગુણની વાત છે એટલી. '**નિર્વર્તતું થકું...**' '**પ્રવર્તતું થકું જે જે પર્યાયને વ્યાપીને પ્રવર્તે છે...**'

મુમુક્ષુ :- એ નિર્મળ જ પર્યાય આવે છે.

ઉત્તર :- એ નહિ. એ વાત નહિ. નિર્મળ પર્યાય નહિ. વાત જ આખી જુદી છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એમ બેસે એવું નથી.

અહીં તો ચૈતન્ય જે ગુણ છે, ગુણ ત્રિકાળ. તે તે ગુણ ચૈતન્ય લક્ષણ તે ગુણમાં વ્યાપીને રહે છે. સાથે પ્રવર્તતું થકું પર્યાયને વ્યાપી એટલે ગુણને વ્યાપીને પ્રવર્તે છે. પર્યાયની વાત નથી. પર્યાયની હવે આવશે. ઝીણી વાત છે ભાઈ! પર્યાય શબ્દ છે. ચૈતન્ય લક્ષણ છે, લક્ષ દ્રવ્ય છે. હવે એ ચૈતન્ય લક્ષણ જે પ્રવર્તતું થકું, રહેતું થકું, રહેતું થકું, પ્રવર્તતું થકું જે જે ગુણને એટલે એના દ્રવ્યના ભાવને. પર્યાય એટલે એની પર્યાય એટલે ભાવ-ગુણ. એને વ્યાપીને પ્રવર્તે છે તે ગુણ. સમજાણું કાંઈ? ધીમેથી સમજવું જોઈએ. આમાં કાંઈ એકદમ પ્રોફેસરની જેમ બોલી જાય અને વાંચી જાય એવી વાત નથી. આ તો ભાઈ અલૌકિક વાત છે. ચેતન વસ્તુ આત્મા, એનું ચૈતન્ય લક્ષણ. હવે લક્ષણ પર્યાયનું અને ગુણ બેય. હવે એ લક્ષણ ચૈતન્યમાં પ્રવર્તતું એટલે ગુણમાં પ્રવર્તતું. પ્રવર્તતું થકું, પર્યાયમાં વ્યાપીને પ્રવર્તે છે. નિવર્તે છે એમાં નથી. એમ ને એમ ગુણરૂપે, ચૈતન્ય ગુણરૂપે વ્યાપીને રહે છે. સમજાણું કાંઈ?

'**અને નિવર્તતું થકું...**' એટલે જે પર્યાય થઈ છે એમાંથી નિવર્તે છે હવે. બીજી નવી થાય છે. ગુણમાં પ્રવર્તતું થકું રહે છે અને પર્યાયથી નિવર્તતું થકું રહે છે. પર્યાય બદલે છે ને? ધીરેથી સમજો. '**આત્માનું સ્વલક્ષણ ચૈતન્ય છે,...**' ન સમજાય એમ ન લેવું. આત્મા ભગવાન છે, ત્રણ લોકનો નાથ છે. કેવળજ્ઞાન લેવાની તૈયારીવાળો આત્મા એને આવું ન સમજાય એમ ન હોઈ શકે. પણ એને એવું માની બેઠું છે કે અમને આમ લાગે, અમને સૂક્ષ્મ સમજાય નહિ. એ નથી સમજાતું એ વાત એને સમજવા દેતી નથી. આહાહા..!

કહે છે, ભાઈ! ધીરો થા. અને આમાં કોઈ એવી ભાષા નથી. શાંતિથી જો કે આમ વસ્તુ છે, શરીરનું લક્ષ છોડી દે. લક્ષમાં લે. રાગનું લક્ષ બંધ છે એ છોડી દે. હવે આત્મા જે વસ્તુ, એમાં અનંતા ગુણો અને એની પર્યાય, એમાં ચૈતન્ય લક્ષણ. તો ચૈતન્યપણું જે છે દ્રવ્યમાં એ ગુણપણે પ્રવર્તતું થકું રહ્યું છે. જુઓ! '**પ્રવર્તતું થકું જે જે પર્યાયને વ્યાપીને...**' એટલે ગુણને વ્યાપીને પ્રવર્તતું થકું ગુણમાં રહીને પ્રસરી રહ્યું છે. છે ને સામે પુસ્તક છે ને જુઓ. એય.. સોલાપુર! છે કે નહિ આ પુસ્તક? સમજાય છે કાંઈ? આહાહા..!

આ વસ્તુ છે. ભગવાન! આ શરીરને ક્યાં છે .. રાગની તો વાત અત્યારે નથી. અહીં તો કહે છે કે ચૈતન્ય વસ્તુ ભગવાન આત્મા, એનું ચૈતન્ય લક્ષણ જાણવું... જાણવું... જાણવું. એ જાણવું '**પ્રવર્તતું થકું...**' એ જાણવાનો ભાવ પ્રવર્તતું થકું વ્યાપીને. એટલે ગુણમાં વ્યાપીને, ગુણમાં રહેલું છે. સાથે આમ ગુણમાં રહ્યું છે. ગુણની વ્યાખ્યા છે પહેલી. '**પ્રવર્તતું થકું જે જે પર્યાયને...**' પર્યાય એટલે એનો સહવર્તી ગુણ. પર્યાય એટલે આ અવસ્થાની વાત

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

નથી. સમજાણું કાંઈ? પર્યાય એટલે ભેદ-ગુણભેદ. એ ચૈતન્ય લક્ષણ ગુણમાં પ્રવર્તતું થકું વ્યાપીને પ્રવર્તે છે. એ નિવર્તે એમાં નથી. (ગુણમાં) નિવર્તે ન હોય. એ ગુણની વાત છે. પર્યાય છે એ નિવર્તતું થકું. આમ પર્યાય થઈ.. જુઓ.

'**જે જે નિવર્તતું થકું...**' એટલે વર્તમાન ચૈતન્ય પર્યાય જે છે એનાથી પાછું નિવર્તતું થકું '**જે જે પર્યાયને ગ્રહણ કરીને નિવર્તે છે...**' એક સમયની પર્યાય છે તેનાથી પાછું નિવર્તતું થકું. નવી પર્યાયને ગ્રહણ કરીને જૂની પર્યાયથી નિવર્તે છે. ફરીને કહેશું હોં. એમ કાંઈ જવા નહિ દઈએ ઝટ.

મુમુક્ષુ :- પહેલા ગુણની વાત કરી, બીજામાં પર્યાયની વાત છે.

ઉત્તર :- પર્યાયની વાત છે. સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- એક ગુણ ચૈતન્ય ગુણ..

ઉત્તર :- એ ગુણ છે.

મુમુક્ષુ :- આત્માના અનંત ગુણોમાં વ્યાપક છે.

ઉત્તર :- એ તો બધા એમાં ને એમાં ભેગા. ચૈતન્ય જે ગુણ છે એ તો એમાં ને એમાં રહેલું છે. એ ચૈતન્ય ગુણ પણ ચૈતન્યમાં રહેલો છે કાયમ. અને અનંતા ગુણો પણ એમ ને એમ રહેલા છે કાયમ. અહીં ..

ચૈતન્ય વસ્તુ છે ભગવાન ચેતન. એનો ચૈતન્ય લક્ષણ ગુણ લક્ષણ. પણ એ લક્ષણનો અર્થ એવો છે કે એનું ચૈતન્યપણું જે કાયમનું છે એમાં પ્રવર્તતું થકું, ગુણમાં પ્રવર્તતું થકું, ગુણમાં વ્યાપીને પ્રવર્તે છે. નિવર્તવામાં હોઈ શકે નહિ.

મુમુક્ષુ :- .. સદા કાળ રહે છે.

ઉત્તર :- સદા કાળ રહે છે. એટલે પ્રવર્તતું થકું વ્યાપીને પ્રવર્તે છે. સમજાણું કાંઈ?

જુઓ! સાકર છે ને સાકર? સાકરની મીઠાશ જે કાયમી શક્તિ છે અને એક અવસ્થા છે એની. હવે એ મીઠાશ છે એ પ્રવર્તતું થકું, અંદર મીઠાશમાં વ્યાપીને પ્રવર્તી રહ્યું છે. એમાં અભાવ નથી થતો. અને મીઠાશની એક સમયની જે અવસ્થા છે એ નિવર્તતું થકું, નવી અવસ્થાને ગ્રહણ કરીને પુરાની અવસ્થાથી નિવર્તે છે. આ તો સમયસાર છે. અદ્વૈત ચક્ષુ, અજોડ ચક્ષુ, ભરતક્ષેત્રનો અજોડ ચક્ષુ સમયસાર. ભાઈ! એની એક એક લીટી અને એક એક ભાવ સમજવો જરી ઝીણો છે. સમજાણું કાંઈ?

કહે છે... ત્રણ બોલ લીધા. એક તો ચૈતન્ય લક્ષણ છે કે જે આત્મા સિવાય બીજે નથી એક વાત સિદ્ધ કરી. બીજી વાત કે ચૈતન્ય લક્ષણ છે એ પ્રવર્તતું થકું એમાં રહીને, વ્યાપીને એટલે રહીને પ્રવર્તે છે. ગુણ ગુણમાં રહીને પ્રવર્તે છે. બીજી વાત. ત્રીજી વાત.

**'જે જે પર્યાયને ગ્રહણ કરીને નિવર્તે છે...'** હવે જે સમયની અવસ્થા છે એ પલટે છે. અવસ્થા કાંઈ એક સમયની કાંઈ કાયમ રહેતી નથી. એટલે એક સમયની અવસ્થાથી નિવર્તતું થકું ચૈતન્ય લક્ષણ, નિવર્તતું થકું આમ **'જે જે પર્યાયને...'** એટલે નવી પર્યાયને **'ગ્રહણ કરીને નિવર્તે છે...'** જૂની પર્યાય નિવર્તતું થકું, નવી પર્યાયને ગ્રહણ કરીને નિવર્તે છે. સમજાણું કાંઈ? હજી તો એને સમજવામાં ભેજા કસવા પડે છે.

ભાઈ! તારામાં શક્તિ છે અને એ રીતે થયે જ તારો છૂટકો છે. બીજો કોઈ ઉપાય નથી. સુખી થવાનો એટલે મુક્તિનો અથવા બંધથી રહિત થવાનો આ એક ઉપાય છે. રાગની સાથે સંબંધ નહિ એ તો બંધનું લક્ષણ છે. અહીં તો ચૈતન્ય લક્ષણે લક્ષિત ભગવાન, એના જે ગુણો છે ગુણ, એ ચૈતન્ય પણ એ ગુણ છે એનો, એ ગુણમાં પ્રવર્તતું થકું તેમાં વ્યાપીને એટલે રહીને. પ્રવર્તતું થકું રહીને પ્રવર્તે છે. એના ને એના ગુણમાં પ્રવર્તતું થકું ગુણરૂપ રહીને પ્રવર્તે છે. સમજાણું કાંઈ? છે ને સામે પુસ્તક? જુઓને!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એમ નહિ આ ક્યા શબ્દનો અર્થ ક્યો થાય છે એમ થાય ને. આહાહા..! એના ઘરના નામા કેમ કરવા એની ખબર ન મળે. આહાહા..!

મુમુક્ષુ :- જ્ઞાન ગુણમાં...

ઉત્તર :- ગુણ ગુણમાં જ પ્રવર્તીને વ્યાપીને રહે છે. એ ગુણ કાંઈ નિવર્તીને રહે છે એમ છે નહિ.

મુમુક્ષુ :- ગુણ પોતાનાપણું કાયમ રહે.

ઉત્તર :- કાયમ રાખીને ગુણપણું ગુણપણામાં રહીને પ્રવર્તે છે. અને પર્યાય નવી નિવર્તે છે, નવીથી નિવર્તે છે તો જૂનીથી નિવર્તે છે તો નવી ગ્રહીને નિવર્તે છે. ત્યાં એકરૂપે રહેતું નથી. પર્યાયમાં એકરૂપ રહેતું નથી. ગુણમાં એકરૂપ રહે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પર્યાય એનું કાર્ય છે. ગુણ તો કાયમ વસ્તુ છે. કાયમ રહેનાર.

**'પ્રવર્તતું થકું...'** કોણ? ચૈતન્ય લક્ષણ. એવું જે ગુણમાં ગુણરૂપે વ્યાપીને પ્રવર્તતું થકું અને **'નિવર્તતું થકું...'** પર્યાયથી પાછું વળતું, એક પર્યાયથી નિવર્તતું થકું. નવી પર્યાયને નીપજાવીને એટલે ગ્રહણ કરીને જૂની પર્યાયથી નિવર્તે છે. આહાહા..!

મુમુક્ષુ :- ચૈતન્ય લક્ષણ.

ઉત્તર :- ચૈતન્ય લક્ષણ. શાંતિભાઈ! કહો, સમજાય છે આમાં? આહાહા..!

**'તે તે સમસ્ત સહવર્તી...'** જુઓ! સહવર્તી. જે ઓલું પહેલું કહ્યું હતું ને? **'પ્રવર્તતું**

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**થકું જે જે પર્યાયને વ્યાપીને...**' સહવર્તી છે. સહવર્તી ગુણ. અનંતા ગુણો સાથે રહ્યા તેને સહવર્તી કહે છે. સમજાણું કાંઈ? અને ક્રમવર્તી. નિવર્તતી થકી ગ્રહણ થઈને નિવર્તે એ પર્યાય છે. સમજાણું કાંઈ? '**તે તે સમસ્ત સહવર્તી...**' ગુણો પ્રવર્તીને પોતામાં રહીને રહેલું ચૈતન્ય લક્ષણ અને પર્યાય છે તે નિવર્તીને નવું ગ્રહીને નિવર્તે છે તે પણ એનો પર્યાયલક્ષણ, તે ક્રમવર્તી પર્યાયોરૂપ તે બધો આત્મા છે. એ આત્મા છે. આ આત્મા છે. સમજાણું કાંઈ?

ચૈતન્ય લક્ષણે લક્ષણવાળું આત્મદ્રવ્ય તે ચૈતન્યના ગુણમાં પ્રવર્તતું થકું વ્યાપીને એટલે રહીને પ્રવર્તે છે, ગુણરૂપ રહીને પ્રવર્તે છે. સહવર્તી ગુણમાં રહીને પ્રવર્તે છે. પર્યાયથી નિવર્તતું થકું નવી પર્યાયને ગ્રહણ કરતું, જૂની પર્યાયથી નિવર્તે છે. એ બધો આત્મા છે. એ બધો આત્મા છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ થઈને આત્મા છે. સમજાણું કાંઈ? '**એમ લક્ષિત કરવું-લક્ષણથી ઓળખવું. (અર્થાત્ જે જે ગુણપર્યાયોમાં ચૈતન્યલક્ષણ વ્યાપે છે તે તે સમસ્ત ગુણપર્યાયો આત્મા છે એમ જાણવું)...**' વિશેષ કહેશે હવે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો સુદ ૪, શનિવાર તા. ૭-૧૦-૧૯૬૭**
**ગાથા-૨૯૪, પ્રવચન-૩૫૮**

૨૯૪ ગાથા ચાલે છે. મોક્ષ અધિકાર. ફરીને આ થોડું. ‘**આત્માનું સ્વલક્ષણ ચૈતન્ય છે,...**’ જુઓ! પોતપોતાના લક્ષણે લક્ષિત આત્મા અને રાગ તેના ભિન્ન ભિન્ન લક્ષણ છે. બંધભાવનું લક્ષણ રાગ છે. આત્મા ચેતનનું લક્ષણ ચૈતન્ય છે. એ એના નિશ્ચય સ્વલક્ષણ વડે બે જુદાં પડી જાય છે. મિથ્યાત્વથી છૂટું પડે છે, અવ્રતથી છૂટું વગેરે. પહેલેથી વાત છે. જ્ઞાયક ચૈતન્ય સ્વરૂપ જ્ઞાન જેનું ચૈતન્ય જેનું ચેતનનો એટલે આત્માનું લક્ષણ છે અને પુણ્ય-પાપના વિકલ્પો એ વિકાર બંધનું લક્ષણ છે. એના નિશ્ચય લક્ષણ વડે કરી બે અંતરમાં સૂક્ષ્મ સંધિમાં એકાગ્ર થતાં બે જુદાં પડે છે. કેમ પડે છે? એની વ્યાખ્યા છે આ.

‘**આત્માનું સ્વલક્ષણ ચૈતન્ય છે,...**’ છે શેઠી? ‘**કારણ કે તે...**’ તે એટલે ચૈતન્ય લક્ષણ. આત્મા લક્ષ કરવા લાયક છે અને ચૈતન્ય તેનું લક્ષણ છે. લક્ષણથી લક્ષ નામ આત્મા ઓળખી શકાય તેને લક્ષણ કહીએ. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા વસ્તુ છે એનું સ્વલક્ષણ ચૈતન્ય છે. આત્મા તે લક્ષ થવા લાયક છે અને ચૈતન્ય તે તેનું લક્ષણ છે. કેમ લક્ષણ છે ઈ? કેમ લક્ષણ છે ઈ? ‘**કે તે...**’ તે એટલે ચૈતન્ય લક્ષણ. ‘**સમસ્ત શેષ દ્રવ્યોથી...**’ આત્મા સિવાય જેટલા દ્રવ્યો છે એનાથી ‘**અસાધારણ છે (અર્થાત્ અન્ય દ્રવ્યોમાં તે નથી).**’ સમજાણું કાંઈ? આ આત્માનું, હોં! એક એક આત્માનું. ચૈતન્ય લક્ષણ છે તેનાથી લક્ષ નામ આત્મા ઓળખી શકાય એવું લક્ષણ આત્મા સિવાય અન્ય પદાર્થમાં એ ચૈતન્ય લક્ષણ નથી. કહો, સમજાય છે કાંઈ?

‘**તે (ચૈતન્ય)...**’ હવે તે ચૈતન્ય ‘**પ્રવર્તતું થકું...**’ વર્તતું થકું જે જે ભાગને, ભેદને વ્યાપીને પ્રવર્તે છે. દ્રવ્યનું-ચૈતન્યદ્રવ્યનું જે ચૈતન્ય લક્ષણ એ તે તે દ્રવ્યનો જે ભાવ સહવર્તી ભાવ પર્યાય એટલે, જે જે ભાવ-ભેદ, પ્રવર્તતું થકું તે જે જે ભેદને સહવર્તી ગુણ એને વ્યાપીને પ્રવર્તે છે એટલે એમાં ગુણરૂપે રહીને પ્રવર્તે છે. સમજાણું કાંઈ? દ્રવ્ય એ વસ્તુ છે આત્મા. એ તો એને ચેતન કહો. અને ચૈતન્ય તેનો સ્વભાવ લક્ષણ છે. લક્ષણ. એ લક્ષણ આત્મા સિવાય અનેરા પદાર્થમાં હોતું નથી. માટે તેનું અસાધારણ લક્ષણ ચૈતન્ય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? ‘**તે (ચૈતન્ય) પ્રવર્તતું થકું...**’ એટલે કે વર્તતું થકું, વિશેષે રહેતું થકું જે જે ભેદને વ્યાપીને એટલે ગુણમાં રહીને પ્રવર્તે છે. ગુણમાં રહીને પ્રવર્તે છે ચૈતન્ય લક્ષણ. એ ગુણની વ્યાખ્યા છે. સમજાણું કાંઈ? મૂળ મુદ્દાની રકમ છે એટલે જરી...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વ્યાપવાનો અર્થ રહેવું, પ્રસરવું. જે ગુણમાં ચૈતન્ય લક્ષણ રહે છે. હવે પર્યાયની પછી વાત લેશે.

મુમુક્ષુ :- પોતાની મેળે.

ઉત્તર :- પોતાની મેળે.. વ્યાપ્ત પરમાં વ્યાપ્ત નથી. એ અહીં પ્રશ્ન નથી. અહીં તો વ્યાપવું એટલે રહેવું. ચૈતન્ય લક્ષણ ગુણમાં રહે છે. ગુણરૂપે ચૈતન્ય લક્ષણ રહે છે, વ્યાપે છે, પ્રસરે છે, ફેલાય છે, હોય છે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એ બધા ગુણમાં ચૈતન્ય લક્ષણ છે, બધા ગુણ પછી લેશે. સમસ્ત પછી લેશે. સમસ્ત સહવર્તી કે ક્રમવર્તી અનંત પર્યાયમાં ચૈતન્યનું અવિનાભાવીપણું પછી કહેશે.

અહીં તો એ ચૈતન્ય જે ગુણ લક્ષણ છે એ ગુણમાં છે અને પર્યાયમાં છે એમ બેમાં લેવું છે. સમજાણું કાંઈ? એ ચૈતન્ય ગુણ પણ છે ને લક્ષણમાં? પર્યાય છે અને ગુણ છે. સમજાણું કાંઈ? પછી કહેશે આગળ. '**વળી સમસ્ત સહવર્તી અને ક્રમવર્તી અનંત પર્યાયો સાથે ચૈતન્યનું અવિનાભાવીપણું હોવાથી...**' બધા ગુણ અને પર્યાય સાથે ચૈતન્યનું અવિનાભાવ એટલે કે જ્યાં જ્યાં ગુણ ત્યાં ત્યાં ચૈતન્ય, જ્યાં જ્યાં ચૈતન્ય ત્યાં ત્યાં ગુણ. સમજાણું કાંઈ?

દ્રવ્ય એ વસ્તુ છે આત્મા પદાર્થ, એમાં ચૈતન્ય તેનું લક્ષણ છે. એ લક્ષણ અન્યમાં નથી માટે અસાધારણ લક્ષણ છે. અને તે લક્ષણ ચૈતન્યના ચેતનમાં સહવર્તી નામ ગુણમાં વ્યાપેલું છે. ગુણમાં રહેલું છે, ગુણમાં રહેલું છે. દ્રવ્યનો એક ભાગ જે ગુણ એમાં રહેલું છે. આ તો ટૂંકી ભાષામાં આખી શૈલી ભેદજ્ઞાનની છે. તે ચૈતન્ય એટલે લક્ષણ. આ વસ્તુ જે ચૈતન્ય છે એ લક્ષણ ગુણમાં રહેલું છે. એને કહ્યું '**પ્રવર્તતું થકું જે જે...**' ભાવને. એટલે દ્રવ્યના ભેદને, ભેદરૂપ જે ગુણ તેમાં '**વ્યાપીને પ્રવર્તે છે...**' તેમાં રહેલું છે. એમ. કહો, સમજાણું કાંઈ?

'**નિવર્તતું થકું...**' અહીં તો પ્રવર્તતું થકું રહે છે અને નિવર્તતું થકું એ પર્યાયને લાગુ પડે છે. કાંઈ ગુણ નિવર્તતો નથી, અભાવ થતો નથી. ચૈતન્ય લક્ષણ ગુણરૂપે પ્રવર્તે છે, રહે છે, વ્યાપીને એમ ને એમ રહે છે. અને પર્યાય જે અવસ્થા છે... ભાઈ! આ તો અંતરનો માર્ગ છે એટલે જરીક એણે ખ્યાલ દેવો પડશે. એમ ને એમ ઝીણી વસ્તુ હોય તો જોવા માટે આંખને આમ ઝીણી કરવી પડે છે. આમ કરે જુઓ. બહુ ઝીણું હોય તો.

મુમુક્ષુ :- નજીક લાવે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- નજીક લાવે, આમ જોવે આ શું છે આ તે કંથવો છે? કંથવા હોય ને નાના? બહુ .. આ તો ભાઈ! ચૈતન્ય પ્રભુ ભિન્ન તદ્દન ભિન્ન નિરાળું એના ચૈતન્ય લક્ષણે ઓળખાય તેવો એ આત્મા છે. એ પછી કહેશે.

મુમુક્ષુ :- અંદરનો આઈગ્લાસ

ઉત્તર :- હા. અંતરના આઈગ્લાસની વાત છે. અંદરનો કાચ છે. આહાહા..!

આત્મા છે વસ્તુ, એનું ચૈતન્ય લક્ષણ. લક્ષણ એટલે કે તે વડે તે આત્મા લક્ષ નામ ઓળખી શકાય છે. થયું? અને તે લક્ષણ આત્મા સિવાય અનેરા પદાર્થમાં હોતું નથી. માટે તેનું અસાધારણ લક્ષણ કહેવામાં આવે છે. કહો, એ તો વાત બરાબર છે? હવે તે ચૈતન્ય લક્ષણ પ્રવર્તતું થકું. પ્ર-વિશેષે રહેતું થકું. ભેદમાં-ગુણરૂપ ભાવમાં-એ પોતે વ્યાપીને-રહીને-પ્રવર્તે છે. સમજાણું કાંઈ? ગુણ છે ને ગુણ? દ્રવ્ય છે એનું આ ચૈતન્ય લક્ષણ છે. હવે એ ગુણરૂપે છે અને પર્યાયરૂપે છે, બે સિદ્ધ કરવું છે. વસ્તુ દ્રવ્ય એટલે પદાર્થ, એનું ચૈતન્ય લક્ષણ. એ ચૈતન્ય લક્ષણ બેમાં રહેલું કેમ છે? એમ સિદ્ધ કરે છે. કે ગુણમાં પ્રવર્તતું થકું દ્રવ્યનો એક ભાગ-ભેદ ગુણ એમાં એ ચૈતન્ય લક્ષણ વર્તે છે. વ્યાપીને એટલે એમાં વર્તે છે એટલે એમાં રહે છે.

મુમુક્ષુ :- ધ્રુવ ઉપયોગરૂપ રહે છે?

ઉત્તર :- એ ઉપયોગની અહીં વાત નથી. એ ચૈતન્ય જે વસ્તુ ગુણ જે છે, એ ગુણ છે ને એનો ચૈતન્ય? લક્ષણ છે તે ગુણ અને પર્યાય બેમાં વ્યાપે છે એમ કહે છે. ગુણ છે ચૈતન્ય એમાં એનો ગુણ વ્યાપીને પ્રવર્તીને, એમાં રહીને ટકીને પ્રવર્તે છે. એમ. ઉપયોગ વેપાર...

મુમુક્ષુ :- ગુણપણે ટક્યું છે...

ઉત્તર :- વ્યાપીને રહે છે. એમ ગુણપણે કાયમ રહે છે.

મુમુક્ષુ :- ગુણમાં વ્યાપક થઈને પર્યાયમાં નિવર્તે છે.

ઉત્તર :- પર્યાય નિવર્તે છે એમ અહીં. સાદી ભાષા તો બહુ ... છે.

જુઓ! આ સમ્યગ્દર્શન પામવાની અને બંધથી મુક્ત થવાની રીત છે આ. મૂળ માર્ગ. બંધના લક્ષણથી ચૈતન્યનું લક્ષણ ચૈતનનું જુદું છે એમ બે વચ્ચે ભિન્ન પાડીને આત્માને ઓળખવો એ સમ્યગ્દર્શન પામવાની અથવા મિથ્યાત્વના બંધને છેદવાની રીત છે. અહીં તો બંધથી છેદવાની રીત છે ને? મિથ્યાત્વ બંધ છે, અવ્રત બંધ છે એ બધો બંધ છે ને? એ બધો રાગાદિ બંધ છે. આહાહા..! સમજાણું કાંઈ? આ ધાર્મિક ક્રિયા કેમ થાય એની વાત ચાલે છે. શેઠ!

'**તે (ચૈતન્ય)...**' એટલે ભગવાન આત્માનું જે ચૈતન્ય લક્ષણ છે તે '**પ્રવર્તતું થકું...**'

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


રહેતું થકું, વિશેષે પ્રવર્તતું નામ રહેતું થકું જે જે એના ગુણમાં વ્યાપીને પ્રવર્તે છે-ગુણરૂપે રહે છે. '**અને નિવર્તતું થકું...**' અને વર્તમાન અવસ્થા જે છે તે ચૈતન્ય લક્ષણની પર્યાય તે પલટતી થકી, અથવા નિવર્તતી થકી '**જે જે પર્યાયને ગ્રહણ કરીને નિવર્તે છે...**' જૂની પર્યાયથી નિવર્તતું નવી પર્યાયને ગ્રહણ કરીને પ્રવર્તે છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા એના દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણ બોલ. કહો, બરાબર છે? એ ત્રણમાં રાગ પુણ્ય-પાપ એ ન આવે, શરીરાદિ ન આવે એ બધું પરમાં જાય. હવે રહ્યો આત્મા એના દ્રવ્ય-ગુણ અને પર્યાય. તો દ્રવ્ય એટલે આત્મા. એનું ચૈતન્ય લક્ષણ તે ગુણ અને પર્યાયમાં રહેલું છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ચૈતન્ય લક્ષણ પર્યાય?

ઉત્તર :- ગુણ અને પર્યાય બેય. એકલી પર્યાય નહિ. કારણ કે પર્યાય લક્ષણથી આ ગુણ અને આ દ્રવ્ય. એમ જાણી શકે છે ને? ગુણ તો કાયમ ટકતો લક્ષણ છે એનું. પર્યાય નિવર્તે છે પણ નવી પર્યાયને ગ્રહીને નિવર્તે છે. વ્યય કરે છે, ઉત્પાદ કરીને વ્યય કરે છે. આ વસ્તુમાં ઉત્પાદ-વ્યય ગુણમાં નથી એમ કહે છે. ગુણ જે છે એમાં ઉત્પાદ-વ્યય નથી. ચૈતન્ય જે ગુણ છે એનું નિવર્તિને ગ્રહવું એવું સ્વરૂપ છે જ નહિ. એ તો છે. બસ. સમજાણું કાંઈ? એટલે જે ચૈતન્યની પર્યાય લક્ષણ જે છે અવસ્થા, એ આમ આ જ્ઞાન, એ જ્ઞાન કાયમ પ્રવર્તતું થકું ગુણરૂપે રહે છે. અને પર્યાય જે છે એ આમ નિવર્તે છે. એક વર્તમાન પર્યાય નિવર્તે છે એ નવી પર્યાયને ઉત્પન્ન કરીને એટલે ગ્રહણ કરીને નિવર્તે છે. એ ત્રણે થઈને આત્મા છે એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ? કહો, શાંતિભાઈ! છે ને પુસ્તક? આવ્યા છે બરાબર. જુઓ! આ લોજિકથી વાત છે કે નહિ ન્યાયથી?

ગુણ પર્યાયમાં વ્યાપેલું કઈ રીતે છે? ગુણમાં આમ ટકતું પ્રવર્તે છે, અહીં પલટતું પ્રવર્તે છે પણ નિવર્તતું ગ્રહણ કરીને પ્રવર્તે છે. પૂર્વની પર્યાય નિવર્તતી થકી નવી પર્યાયને ઉત્પન્ન કરીને, ગ્રહણ કરીને નિવર્તે છે. કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો પૂર્વથી નિવર્તે છે એટલે નવી પર્યાય ઉત્પન્ન થાય છે. અને જ્યાં સુધી ન થાય એ પ્રશ્ન જ નથી ત્યાં. શેઠ! આ જુદી જાતની વાત છે. એ તમારા બીડીમાં (ન મળે એવી) બીજી જાતની આ તો વાત છે. આહાહા..!

તું ભગવાન ક્યાં છો? કેમ છો? એમ કહે છે. સમજ્યા? તું છો દ્રવ્ય એટલે વસ્તુ. એ નથી રાગરૂપે, નથી શરીરરૂપે, નથી કર્મરૂપે થયું. એ તો નથી થયું. હવે છે શી રીતે? વસ્તુ જે છે આમ વસ્તુ આત્મા, એ નથી પુણ્ય-પાપના રાગરૂપે કેમ કે એ બંધનું સ્વરૂપ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે. શરીર કર્મ એ અજીવનું સ્વરૂપ છે. એ સ્વરૂપે આત્મા નથી. હવે આત્મા છે એ ચૈતન્ય લક્ષણે છે. ચૈતન્ય લક્ષણે લક્ષિત થવા યોગ્ય છે. રાગ દ્વારા, વિકલ્પ દ્વારા, નિમિત્ત દ્વારા આત્મા જણાય એવું એનું સ્વરૂપ નથી.

મુમુક્ષુ :- ચૈતન્યગુણ ...

ઉત્તર :- એ પર્યાય. પર્યાયના લક્ષણ વડે ગુણ અને દ્રવ્ય આ છે એમ અંતર નિર્ણય કરી શકાય છે. એ આવશે હજી. '**ચિન્માત્ર જ આત્મા છે એમ નિશ્ચય કરવો.**' આગળ છેલ્લે આવશે.

આ તો અંતરની વાત છે. એને પહેલી સમજણમાં જેમ છે તેમ એને લક્ષમાં લેવી જોઈએ. કહો, સમજાણું કાંઈ? આ તો કાલે આવી ગઈ હતી, આ તો વધારે સ્પષ્ટ (કર્યું). આહાહા..! જુઓને કેવી ટૂંકી વાત છે! અને ટૂંકીમાં બંધનો છેદ કેમ થાય? એ નિયત નામ બેના લક્ષણ વડે કરે. અને બેના લક્ષણ જાણતા અંતર સંધિ છે કહે છે. સંધિ એટલે રાગ ને જ્ઞાનના પર્યાયની એકતા નથી. બંધનું જે લક્ષણ રાગ છે ને વિકલ્પ છે જે આ, એ પર્યાયની ઉત્પત્તિ અને જ્ઞાનની ઉત્પત્તિ, એનું ક્ષેત્ર એક, કાળ એક, પણ ભાવ ભિન્ન (છે) માટે વચમાં સંધિ છે, કહે છે. કાલે કહ્યું હતું ને? મોટા પત્થરનો દાખલો આપ્યો હતો. શું આજી કહેવાય ને? આજી નદી એમાં જોયેલું બહુ. ... કેટલા.

મુમુક્ષુ :- દારૂ નાખીને ફોડે.

ઉત્તર :- ન રહે બહુ ગોઠવાઈ ગયા છે આઘે. આઘે. એ રાજકોટ ઓલી કોર જતાં. કો'ક બાવાનું મકાન હતું. ... અહીં નદીને કાંઠે ઓલી કોર. મોટા પથરા. લાખો મણના. વચ્ચે આમ રગ હોય ઝીણી. સુરંગ નાખે સુરંગ. બે વચ્ચે દળ હોય છે. સમજ્યાને? વગર ઘડેલું પણ એવું દળ જ હોય છે. એમ ને એમ શિલાઓ આમ નીકળે આખી. ત્યાંથી નીકળે. ઉપરથી પછી ઘડવી પડે, હેઠેથી સરખું ઘડેલું નીકળે. આ જે લાદી છે ને લાદી? અહીં ..માં થાય છે. લાદીનો અમુક ભાગ તો એવો સરખો જ નીકળે, પાતળો સરખો નીકળે. સમજાણું કાંઈ? એ વચ્ચે જેમ સાંધ છે. સાંધ સમજાય છે ને? દરજ. બે વચ્ચે સંધિ છે. એમ ભગવાન આત્મા એ વસ્તુ છે એનું ચૈતન્ય લક્ષણ (છે). અત્યારે ચૈતન્યલક્ષણથી વાત ચાલે છે. પછી અવિનાભાવ અનંતા ગુણો સાથે રહે છે એ પછી સિદ્ધ કરશે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા લક્ષણથી. લક્ષણથી. કહો, સમજાય છે કાંઈ?

'**તે (ચૈતન્ય) પ્રવર્તતું થકું...**' લક્ષણ ચૈતન્ય ચેતનનું. ચૈતન્ય ચેતનનું લક્ષણ એટલે આત્માનું લક્ષણ '**પ્રવર્તતું થકું...**' વિશેષે અંદર ગુણપણે રહેતું થકું. '**જે જે પર્યાયને...**'

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એટલે તે તે ગુણના ભાગને '**વ્યાપીને...**' એટલે ગુણમાં રહેલું '**પ્રવર્તે છે...**' ગુણમાં રહેતું પ્રવર્તે છે. અને નિવર્તતું થકું તે ચૈતન્ય લક્ષણ. પર્યાયને, નવી પર્યાયને ગ્રહતું જૂની પર્યાયથી નિવર્તે છે. ભાષા એમ લીધી છે અહીંથી. '**નિવર્તતું થકું...**' એમ. ઊપજતું થકું નિવર્તે છે એમ નહિ. નિવર્તતું થકું ઊપજે ગ્રહણ કરે છે. જૂની પર્યાયથી નિવર્તે છે અને નવી પર્યાયને ચૈતન્યમાં પર્યાયને, જ્ઞાનની પર્યાયને, જ્ઞાનની પર્યાય પૂર્વથી નિવર્તે છે અને નવી જ્ઞાનની પર્યાયને ગ્રહે છે. ગ્રહે છે એટલે ઉત્પન્ન થાય છે. '**જે જે પર્યાયને ગ્રહણ કરીને નિવર્તે છે...**' ભારે વાત. સમજાણું કાંઈ?

આ હજી સમ્યગ્દર્શન પામવાની રીત છે. હજી ધર્મની પહેલી (સીઢી). સમજાણું કાંઈ? એ કોઈ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના વિકલ્પો છે એ તો બંધ લક્ષણવાળું સ્વરૂપ રાગનું છે એમ કહે છે. એ ચૈતન્યનું લક્ષણ નથી અને એ વડે આત્મા જણાય કે આત્માની પ્રાપ્તિ થાય એ વસ્તુ જ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

અરે..! એની એને દયા નહિ. મારું શું થશે? મારું શું થશે? અરે..! હું ક્યાં જઈશ? ક્યાં જઈને રહીશ? અને ક્યાં રહેલું તત્ત્વ છે અને ક્યાં હું માનું છું? અને ક્યાંથી મારે નીકળવું જોઈએ અને ક્યાં મારે રહેવું જોઈએ? આહાહા..! મુંઝવણ મુંઝવણ. રાગને પકડી, જે બંધ લક્ષણવાળું સ્વરૂપ છે એને પકડીને બેઠો અને જે ચૈતન્ય લક્ષણવાળો આત્મા એને છોડી દીધો લક્ષમાંથી. શેઠ! શેઠ સવારે કહેતા હતા, પકડી રાખ્યો છે. સવારે કહેતા હતા. પકડી નથી રાખ્યું, પકડ્યું છે તમે. એમ કહે છે.

મુમુક્ષુ :- કર્મે પકડ્યું છે.

ઉત્તર :- કર્મે પકડી રાખ્યું. બાવળને પકડી રાખ્યો છે આમ. બાવળ હોય છે ને? બબુલ. એ છોડાવો રે છોડાવો મને બાવળે પકડ્યો છે. બાવળ સમજો છો? બબુલ. બબુલ હોય છે ને મોટું? છોડાવો રે છોડાવો. પણ છોડી દે ને તું. ક્યાં બાવળે પકડ્યો છે? તેં પકડ્યો છે. શેઠી! એના જેવું છે. એ વાંદરાનું દૃષ્ટાંત દે છે ને વાંદરાનું. બંદર હોય છે ને? મુઠ્ઠી (ભરી). બોર. બોર સમજો છો? મુઠ્ઠી નાખી એટલે હાથ તો ગર્યો અંદર. આમ મુઠો ભર્યો મુઠો. ભર્યો ત્યાં પકડાણો. મુઠ્ઠી સમજ્યા અંદર? પકડાણો. હાય હાય કો'ક ભૂત લાગે છે અંદર. પકડ્યું મને. પણ તે પકડ્યો છે મુઠો, છોડને હવે. કોઈએ નથી પકડ્યો. કહો, શોભાલાલજી! બોરનું વાસણ હોય ને?

મુમુક્ષુ :- .. ફસાયો છે.

ઉત્તર :- ફસાયો છે. એ દૃષ્ટાંત દીધું છે. સમજ્યા? ..નું દૃષ્ટાંત આપ્યું છે. દોરી હોય છે ને દોરી? પીત્તળની ભુંગળી. ત્યાં પોપટ આવીને બેસી જાય. ભુંગળી હોય છે ને ભુંગળી?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નળી. દોરી ઉપર બેસે અને ફરી જાય. એ પકડી રાખ્યો. પણ પકડ્યો છે તેં. નળીને પકડી છે છોડી દે ને. આમ પકડી તો આમ થઈ ગયું ઓલું. આમ. કારણ કે આમ સમતોલ તો રહી શકે નહિ પોપટ. એટલે આમ ફરે ત્યાં આમ ફરે. હાય હાય પકડાઈ ગયો. પણ પકડ્યું છે તેં. મૂકને હવે. ઊંધો પડ્યો પણ છોડી શકાય છે એમ કહે છે. આમ પકડીને ઊંધો પડ્યો આમ છોડી દે. છૂટો જ છો. શેઠી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ ઊડી જાય.

મુમુક્ષુ :- પાંજરામાં છે ને શી રીતે ઊડે?

ઉત્તર :- પાંજરામાં ક્યાં છે. દોરી હોય છે ને લાંબી દોરી.

મુમુક્ષુ :- પાંજરામાં પડી રહે.

ઉત્તર :- પાંજરામાં નહિ. અમથી દોરી ખાલી. ખાલી છૂટી દોરી. રાત્રે બહાર રહે ને એમાં ભુંગળી રહે. એને પકડીને (ટીંગાઈ જાય). પોપટ આવ્યો બહારથી, એના પગ (રાખ્યા) આમ. પકડી ત્યાં આ બાજુ પાંખનો તોલ થઈ ગયો આમ તોલ વધી ગયો. આમ (ઊંધો) થઈ ગયો. હાય.. હાય.. પણ છોડને. પાછું છોડ તો ઊડી જઈશ સીધો એકદમ. શું છે? ઊંધો પડ્યો તેને છોડે તો ઊડી શકે કે નહિ? ઊંધો પડ્યો છે, પકડ્યો છે એ છોડ તો એમ ને એમ ફટ દઈને જાય જંગલમાં ચાલ્યો જાય.

એમ અહીં કહે છે, ભગવાન આત્મા ચૈતન્યના લક્ષણે જાણી શકાય એવા તત્ત્વે ચૈતન્યે રાગને પકડ્યો છે. પોતે પકડ્યો છે. બંધ લક્ષણવાળો રાગ, અબંધ સ્વરૂપી ભગવાન એણે રાગને પકડ્યો છે. પછી કહે એ મને માર્યો, અરે..! મને કર્મ માર્યો, મને રખડાવે. પણ તેં પકડ્યું છે. રખડાવે કોણ? સાંભળને હવે. આહાહા..! સમજાણું કાંઈ?

'**તે તે સમસ્ત સહવર્તી...**' જુઓ! તે તે સમસ્ત સહવર્તી એટલે ગુણ. બધા ગુણ જે છે. અને '**ક્રમવર્તી પર્યાયો આત્મા છે...**' જુઓ! એ ગુણ અને બધા ગુણો અને પર્યાયો ચૈતન્યમાં વ્યાપક બધો તે આત્મા છે. અહીં લક્ષ કોનું કરવું એ પ્રશ્ન તો પહેલો ઓળખાણ જ્ઞાનથી થાય લક્ષ દ્રવ્ય ઉપર. પણ એ લક્ષ દ્રવ્ય ઉપર હોવા છતાં ચૈતન્ય ચૈતન્ય ગુણપણે પ્રવર્તે છે અને પર્યાયથી નિવર્તતું નવું ગ્રહીને નિવર્તે છે. એને આત્મા કહે છે. પાછું કોઈ એમ કહે કે જુઓ! આમાં તો આત્મા ત્રણેય આવ્યો. લક્ષમાં ત્રણેય આવ્યા દ્રવ્ય, ગુણ, પર્યાય. એમ નથી. સમજાણું કાંઈ? લક્ષ તો ત્યાં છે દ્રવ્ય ઉપર. આ દ્રવ્યનું આ ગુણરૂપે પ્રવર્તવું નિવર્તીને ગ્રહવું એ ત્રણે થઈને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

બીજી રીતે કહીએ તો એ આત્મા વસ્તુ છે, એના ચૈતન્ય ગુણ છે પર્યાય અને પર્યાયની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નિવૃત્ત થઈને તે ગ્રહે છે. એ એમાં નિવર્તતી થકી ગ્રહણ કરે છે, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ પર્યાયને ઉત્પન્ન કરીને જૂની પર્યાય નિવર્તે છે.

મુમુક્ષુ :- શુદ્ધ પર્યાયની વાત છે?

ઉત્તર :- હા. શુદ્ધ પર્યાય પૂર્વની પર્યાયને નિવર્તીને નવી પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ પર્યાયને પરિણમતું તે નિવર્તે છે. સમજાણું કાંઈ?

'**તે તે સમસ્ત સહવર્તી...**' એમ બધું સહવર્તી એટલે સાથે રહેલો ગુણ અને પર્યાય એમ. '**ક્રમવર્તી પર્યાયો આત્મા છે...**' એ બધો આત્મા છે. સહ-સાથે રહેલો ગુણ અને પર્યાય એ આત્મા છે. '**એમ લક્ષિત કરવું-**' જુઓ. એમ '**લક્ષણથી ઓળખવું...**' ચૈતન્યના લક્ષણે આ આત્મા છે એમ ઓળખવું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ બીજા ગુણ તો (પછી લેશે). પણ પહેલા સહવર્તી આવ્યું, બીજા ગુણ પછી લેશે. પછી '**સમસ્ત સહવર્તી કે ક્રમવર્તી...**' અનંત પર્યાયો સહિતનું અવિનાભાવીપણું છે એ બધા ગુણો સાથે જ છે. અહીં ભલે સાથે રહ્યો પણ બધા ગુણને જુદા પાડે છે. અહીં તો ગુણ ચૈતન્યનો અને ચૈતન્યની પર્યાય એ બધો થઈને આત્મા છે. એમ સિદ્ધ કરવું છે પહેલું. સમજાણું કાંઈ? અવિનાભાવ સાથે છે. જ્યાં ચૈતન્ય ગુણ છે ત્યાં અનંતા (ગુણ છે). પણ એને ચૈતન્ય લક્ષણ અને પર્યાય લક્ષણ એ દ્વારા એને ઓળખાવવું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એનાથી ઓળખાણ થાય. એ હમણાં કહેશે જુઓ!

'**(અર્થાત્ જે જે ગુણપર્યાયોમાં ચૈતન્યલક્ષણ વ્યાપે છે...**' ભલે એના બધા ગુણો સાથે લ્યો. પણ એ ગુણોમાં અને પર્યાયોમાં ચૈતન્ય લક્ષણ વ્યાપે છે્ '**તે તે સમસ્ત ગુણપર્યાયો આત્મા છે એમ જાણવું)...**' લ્યો. હવે અહીં વિશેષ વાત એ કહે છે. '**કારણ કે આત્મા તે જ એક લક્ષણથી લક્ષ્ય છે...**' જુઓ! અહીં લક્ષણ કીધું. આત્મા તે જ. તે જ એટલે ચૈતન્ય લક્ષણ. એનાથી.. એક લક્ષણ છે. તે જ એક લક્ષણ કીધું. બીજું લક્ષણ એમ બીજું છે જ નહિ. રાગ ને ફલાણું ઢીકણું બીજું કોઈ લક્ષણ જ નથી. '**તે જ એક લક્ષણથી લક્ષ્ય છે...**' ચૈતન્યના એક લક્ષણથી ઓળખી શકાય છે. સમજાણું કાંઈ? આહાહા..! કેટલાક કહે છે ને કે ભાઈ! જુઓ, વિકલ્પ અને વ્યવહાર હોય તો નિશ્ચય થાય. એ ના પાડે છે કે એ ન હોય. એમ વસ્તુનું સ્વરૂપ નથી. સમજાય છે કાંઈ? કહો, પંડિતજી સમજાય છે? રતનચંદજી! સમજાય છે? ગુજરાતી સમજો છો? સમજો છો? સારું, બહુ સારું. શું કહે છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

સમજાય છે? ક્યા કહતે હૈં અને શું કહે છે એ ભાષા છે. બીજી કાંઈ કોઈ એમાં.. જરી ખ્યાલ રાખે તો.

કહે છે બહુ મુદ્દાની વાત છે આ. આત્મા અને બંધ બેના ભિન્ન ભિન્ન લક્ષણ છે. અહીં મોક્ષ કહેવાનું છે ને? પણ મોક્ષ તો મિથ્યાત્વથી પણ મોક્ષ થાય, અવ્રતથી મોક્ષ થાય એ બધામાં આ છે. તો કહે છે કે ભગવાન આત્મા એનું તો ચૈતન્ય લક્ષણ (છે). ચૈતન્ય લક્ષણ આ જ્ઞાન એ ગુણ અને પર્યાયમાં વ્યાપેલું છે. સમજાણું? તે ગુણમાં રહે છે આમ ને આમ. પર્યાયમાં નિવર્તતું થકું, નવા પર્યાયને ગ્રહીને નિવર્તે છે. તે ગુણ અને પર્યાય આખો તે આત્મા છે. એમ અંતરમાં અનુભવમાં લેવું. એને નવી પર્યાય સમ્યગ્દર્શ-જ્ઞાન, શાંતિની પ્રગટે છે અને જૂની પર્યાય જે હોય તેનો નાશ થાય છે. અને આગળ વધતા પણ જે શુદ્ધ થઈ આગળ એ પણ શુદ્ધની પર્યાય જેટલી પ્રગટ થઈ છે એનાથી નિવર્તતું થકું નવી શુદ્ધ પર્યાયને ગ્રહણ કરીને નિવર્તે છે. સમજાણું કાંઈ?

પછી પણ રાગથી નિવર્તવું. ભાઈ! રાગથી નિવર્તવું થકું એ વાત જ નથી લીધી. એ લક્ષણ બીજી ચીજમાં નાખી દીધું. અહીંયાં તો ભગવાન આત્મા ચૈતન્ય વસ્તુ, ચૈતન્ય ગુણ અને એ ગુણમાં રહેતું થકું, પર્યાયે નિવર્તતું થકું ગ્રહીને, એવો જે આત્મા એ નવી પર્યાયને ગ્રહે છે. ભલે શુદ્ધ થયેલી હોય. તો શુદ્ધ થયેલી પર્યાય એનાથી નિવર્તી, નવી શુદ્ધ પર્યાયને ગ્રહીને ગુણમાં વર્તતું થકું દ્રવ્યમાં વર્તે છે. સમજાણું કાંઈ? ભારે ક્રિયા, મોક્ષની ક્રિયા. બંધને છેદવાની ક્રિયા. બંધ દ્વિધાકરણ એમ કહ્યું ને દ્વિધાકરણ? આત્મા અને બંધને દ્વિધાકરણ-બેને ભિન્ન પાડવા.

ભાઈ! વસ્તુ આ છે. મૂળ ચીજ આ છે. હવે એને એ વાત ન બેસે એટલે પછી જ્યાં ત્યાં ફાંફા નાખીને પરથી આવશે, અહીંથી આવશે, અહીંથી થાશે. ભાઈ! એ માર્ગ નથી, ભગવાન! આહાહા..! એ લક્ષને એટલે કે રાગ અને પર ઉપર લક્ષ છે એ લક્ષણ જ્ઞાનને અંતરના લક્ષમાં વાળ એમ કહેવા માગે છે મૂળ તો. કારણ કે એ ચેતનનું લક્ષણ જ્ઞાન છે. એ કાંઈ રાગનું લક્ષણ છે અને રાગ આત્માનું લક્ષણ છે એમ નથી. આહાહા..! વાત તો ઈ છે.

આમ વસ્તુ જે છે આમ. એની જ્ઞાનની જે પર્યાય છે લક્ષણ. એ આમ ગુણરૂપે તો કાયમ રહે છે અને પર્યાયમાં નિવર્તતો થકો નવી પર્યાયને ગ્રહીને (પ્રવર્તે છે). એ નવી પર્યાયનો ઉત્પાદ, આ ગુણ અને દ્રવ્ય ત્રણ થઈને આત્મા આખો છે. એમાં રાગ ને વ્યવહાર ને વિકલ્પ ને નિમિત્ત એમાં આવતું નથી. જે છે એનાથી નિવર્તવું તો પર્યાયનો સ્વભાવ છે ને? કાયમ રહેવાનો તો ગુણનો સ્વભાવ છે. પર્યાયનો તો.. પર્યાય પૂર્વે જે થઈ એનાથી

નિવર્તે. પહેલી મિથ્યાત્વ પર્યાય હોય અને સ્વલક્ષણથી આમ જાય તો મિથ્યાત્વથી નિવર્તતું થકું સમકિત પર્યાયને ગ્રહે અને નિવર્તે છે. પછી પણ નવી પર્યાય જે શુદ્ધ થઈ એ પણ નવીને છોડીને, જૂનીને છોડીને નવી એટલે થયેલી પહેલાની અપેક્ષાએ. જૂનીને છોડીને. નવી થઈ હતી એને છોડીને. જૂની થઈ ગઈ એ પાછી. એને છોડીને નવી ગ્રહીને નિવર્તે છે. પણ એમાં ને એમાં એ આત્મા અને આત્મામાં આ રીતે વર્તે છે. એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? મોક્ષનો માર્ગ બાપા આનંદમય (છે).

કહે છે કે ચૈતન્ય લક્ષણ વડે જ્યાં લક્ષિત થતાં રાગ છે એ દુઃખરૂપ છે. પુણ્ય-પાપનો રાગ છે ને વિકલ્પ એ આકુળતા છે. વ્યવહાર જેને કહે ને એ આકુળતા છે. એ લક્ષણ બંધનું છે. એ આત્માનું છે નહિ. એ લક્ષણ દ્વારા આ ઓળખી શકાય આત્મા (એમ નથી). એ લક્ષણ બંધનું છે તો બંધને ઓળખાવે. સમજાણું કાંઈ? અને ચૈતન્યનું લક્ષણ છે એ ચૈતન્યને ઓળખાવે. સમજાણું કાંઈ? એમ આત્મા લક્ષિત કરવો, લક્ષણથી ઓળખવું.

'**કારણ કે આત્મા તે જ એક લક્ષણથી લક્ષ્ય છે...**' ભાષા જુઓ, અહીં જોર છે. આત્મા તે જ એક લક્ષણથી લક્ષ્ય છે. એટલે આત્મા આ જ્ઞાન દ્વારા જ ઓળખી શકાય છે. એના દ્રવ્યની પ્રાપ્તિ જ્ઞાનની પર્યાય દ્વારા જ થઈ શકે છે. કહો, સમજાણું કાંઈ? એ તો અર્થ એનો એ આવ્યો પાછો. અંદરના જ્ઞાનની પર્યાય અને ગુણ અને એ દ્રવ્ય. એ દ્રવ્યને પકડે છે ત્યારે આત્મા પામી શકાય છે. એ સિવાય એ આત્માને પ્રાપ્તિની કોઈ રીત બીજી હોઈ શકે નહિ. હોઈ શકે પણ શી રીતે? કહો, શાંતિભાઈ! સમજાણું કે નહિ? છે હજી કાંઈ થોડું ઘણું? આમ સામું જોતા હોય ઉપરથી. ઓલા દ્રવ્ય ગુણ પર્યાયનું ચાલતું હતું ને દોઢ બે વર્ષથી. શશીભાઈ જોતા હતા એની સામે. કહો, સમજાણું આમાં? એ બધો ગોટો ઉડાડી દીધો હતો. રામજીભાઈ કહેતા ને ત્યારે ઓલા બોલતા સામે. એટલે મને થયું, આ છે શું? શું કાંઈક લાગે છે. કોણ ધ્યાન આપે. એ તો મુંબઈમાં ગોટો ચાલે છે. લક્ષમાં તો પર્યાય પણ હોય, દ્રવ્ય પણ હોય. હોય નહિ, સાંભળને! પર્યાય તો લક્ષ કરનાર છે. લક્ષ કરનાર પર્યાયનું લક્ષ કરે? લક્ષ તો દ્રવ્યનું લક્ષ કરે. સમજાણું કાંઈ? આહાહા..!

જુઓને, કેવી ટીકા કરી છે! વાત તો '**जीवो बंधो य तहा छिज्जंति सलक्खणेहिं णियएहिं।**' નિશ્ચય સ્વલક્ષણ છે. પછી '**पण्णाछेदणएण दु छिण्णा णाणत्तमावण्णा।**' આ શબ્દ છે. પ્રજ્ઞારૂપી છીણી દ્વારા, લક્ષણ દ્વારા આત્માના લક્ષમાં જતાં રાગ બંધ લક્ષણ છે તે છૂટા પડી જાય છે. આહાહા..! ભાઈ! આ તો ધીરજની વાત છે. સમજાણું? ત્યાં કાંઈ આ બહારની છીણી કામ કરતી નથી. બહુ ધીરજ જોઈએ. જ્ઞાનલક્ષણ, જાણનાર એ લક્ષણ છે એ લક્ષ આત્માનું છે એ લક્ષણ. એટલે એ લક્ષણ દ્વારા અંદર જતાં એ લક્ષણ ગુણરૂપે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


હો અને પર્યાયરૂપે. ગુણરૂપે પ્રવર્તતું રહે છે, પર્યાયરૂપે નિવર્તતું રહે છે. સમજાણું કાંઈ? ગુણરૂપે ટકતું રહે છે અને પર્યાયથી નિવર્તતું રહે છે. નિવર્તતું રહે છે પણ નવું થયું ને એનો અર્થ. સમજાણું કાંઈ? આહાહા..! એ તો નિવર્તતું થકો રહે છે એનો અર્થ કે નિવર્ત્યો નવું ગ્રહણ કરીને જ રહે છે. કાંઈ નિવર્તે અને પર્યાય નવી ન થાય તો પછી ઉત્પાદ-વ્યય શેનો? ઉત્પાદ-વ્યય ધ્રુવ ત્રણે નાખ્યા અંદર. કેવી શૈલી કીધી!

**'તે જ એક લક્ષણથી લક્ષ્ય છે (અર્થાત્ ચૈતન્યલક્ષણથી જ ઓળખાય છે). વળી સમસ્ત સહવર્તી અને ક્રમવર્તી અનંત પર્યાયો સાથે ચૈતન્યનું અવિનાભાવીપણું હોવાથી ચિન્માત્ર જ આત્મા છે...'** સમસ્ત સહવર્તી એટલે અનંતા ગુણો. જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ એટલે ચારિત્ર વગેરે અનંત ગુણો છે. અનંતા અનંત ગુણો, અનંતા અનંત ગુણો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- અનંતા અનંત. સમસ્ત સહવર્તી. સાથે રહેનારા. ગુણો સાથે રહેનારા હોય છે અને ક્રમવર્તી અનંત પર્યાયો. પર્યાય ક્રમે પ્રવર્તે છે, ક્રમે પ્રવર્તે છે. આહાહા..!

જગતની જંજાળનું જાણપણું કર્યું. એનું પોતાનું કર્યું નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આ પકડ્યા વિના અને અહીંથી છૂટ્યા વિના એને સમ્યગ્દર્શન ન થાય. આ સમ્યગ્દર્શન ન થાય ત્યાં સુધી એને સમ્યગ્જ્ઞાન ન હોય અને પછી ચારિત્ર પણ હોય નહિ. શરૂઆત અહીંથી થાય છે. હવે ધર્મની શરૂઆત અહીંથી આ રીતે થાય. અહીંથી અને આ રીતે. નથી એમાં રજકણની એકેય આ અવસ્થા, નથી એમાં પુણ્ય-પાપના વિકલ્પોનો વિભાવ. સમજાય છે? તેને ચૈતન્ય લક્ષણથી લક્ષિત થતો ભગવાન એ ગુણમાં એમ ને એમ રહે છે અને પર્યાય પ્રવર્તે, નિવર્તતી થકી પ્રવર્તે છે. ગ્રહણ કરીને નિવર્તે. એવો જે અંદર આત્મા આ રીતે લક્ષમાં એક લક્ષણ વડે લક્ષ થઈ શકે છે. બીજું કોઈ એનું લક્ષણ નથી અને બીજું કોઈ એનું સાધન નથી એમ કહે છે. કોઈ કહે છે ને બે મોક્ષમાર્ગ (છે). ભાઈ! જુઓ! આમાં એ ના પાડે છે. બીજું કોઈ લક્ષણ નથી. આમાં આવ્યું કે નહિ? અરે..! ભગવાન! બે મોક્ષમાર્ગ છે. ભાઈ! બે નથી. એક ચૈતન્ય લક્ષણે લક્ષિત થાય એક જ જ્ઞાન તે આ આત્મા, એમ જાણવું, શ્રદ્ધવું અને ઠરવું એ એક જ મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ? એ જ્ઞાનની પર્યાયમાં આત્માની પ્રતીત થવી, જ્ઞાનની પર્યાયમાં જ્ઞાન થવું અને ગુણમાં ઠરવું એ ત્રણે આત્માની નિર્વિકલ્પ વીતરાગી દશા છે. એ મોક્ષમાર્ગ છે. સમજાણું કાંઈ?

વીતરાગ પૂર્ણ ન થાય ત્યાં સુધી વ્યવહાર આવે ખરો વચમાં. સમજાય છે? પૂજા, ભક્તિ. પણ એ બધો બંધભાવના લક્ષણવાળી ચીજ છે. પૂર્ણ અબંધ પરિણામ પ્રગટે નહિ ત્યાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સુધી એવા બંધ પરિણામ નિશ્ચયનો અનુભવ હોવા છતાં આવે ખરા. પણ એ બંધ લક્ષણવાળી ચીજ છે. મોક્ષમાર્ગમાં મેળ ખાય એવી ચીજ નથી. ભારે અત્યારે એવું છે. અરે..! છૂટવાના ટાણા છે નાથ! આવો મનુષ્યભવ આહાહા..! એના દુઃખો. એના દુઃખો આમ થોરને, લીલ-ફૂગને જોઈએ ત્યાં તો એમ થાય કે અરેરે..! પણ આ જીવો કેટલા પડ્યા છે. થોર-થોર સમજો છો? થોર સમજો છો? થોરા નથી હોતા? શું કહે છે? આ ..

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા પણ એ થોર. ભાષા છે કે નહિ તમારે મારવાડમાં? હાથિયા થોર. એવા હોય છે. કાંટાવાળા એવા લાંબા થોર હોય છે કે નહિ? એક એક કટકીમાં અનંત છે. થોર ઘણાં પ્રકારના હોય છે. એક નાની જાત આવી હોય, આવી હોય અને બીજી પણ હોય છે. અમે તો બધા જોયા છે. બધી જાતના છે. એક થોર નહોતો આપણે ત્યાં? ...

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભીમોરા. ત્યાં વચમાં મોટું ઝાડ થોરનું. પણ જુદી જાતનું. આ જાતથી જુદી જાત. લાંબુ. એની એક એક કટકીમાં અનંતા જીવ છે. એટલો ટૂકડો રાઈનો (એમાં) અનંત જીવ છે. ભાઈ! એ ત્રસ કે દિ' થાય? આ કે દિ' મળે આ સાધન. સાંભળવાના કે દિ' મળે. અહીં આવે ત્યાં પાછો પાગલ થઈ જાય. અભિમાન એને થાય હું આવો છું, હું આવો, મારું આમાં થાય, મેં માન્યું આમ છે ને. ભાઈ! રહેવા દે. જેમ સત્ છે એમ સમજ અને એ સમજ્યા વિના તારો નિવેડો આવે એવો નથી. આહાહા..! એ અનંતા જીવનો થોકડો ફૂગ ક્યારે ત્રસ થાય? એમાં ક્યારે માણસ થાય? અરે..! એમાં ક્યારે લાંબુ આયુષ્ય હોય, નિરોગતા હોય અને સાંભળવાનો યોગ બને? અને સાંભળવામાં પણ પાછા ઊંધા સંભળાવનારા મળે. એટલે ત્યાં ગરી જાય. એટલે એનો બિચારાનો આરો આવતો નથી. સમજાણું કાંઈ?

આ ભગવાન કુંદકુંદાચાર્ય દેવ કહે છે કે ભાઈ! તારે છૂટવાનો તો આ એક માર્ગ છે, બાપુ! સમજાણું કાંઈ? એ રાગનું સ્વરૂપ જેટલો વિકલ્પ ઉઠે તે બધા બંધ સ્વરૂપે છે. ભગવાન! તું તો અબંધ સ્વરૂપે ચૈતન્ય લક્ષણે ઓળખાય એવો છો તું. સમ્યગ્દર્શનમાં ચૈતન્ય લક્ષણે આ ચેતન છે એમ પકડીને સમ્યગ્દર્શન થાય છે. રાગની મંદતાથી અને રાગના સહારાથી સમ્યગ્દર્શન થાય છે એમ ના પાડે છે અહીં. એમ વસ્તુનું સ્વરૂપ હોઈ શકે નહિ એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

આત્મા '**સમસ્ત સહવર્તી અને ક્રમવર્તી અનંત પર્યાયો સાથે...**' સહવર્તીને પર્યાય કીધી. ભાવ ભેદ છે ને એનો? બધા સહવર્તી ગુણોને પણ અહીં પર્યાય કીધી. સમજાણું? ભેદ છે ને? એક ભાગ છે ને? ભેદ છે. પર્યાયને ભેખ તરીકે આવે છે ને. .... નિયમસારમાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આવે છે. '**સમસ્ત સહવર્તી...**' સાથે રહેનારા આત્મામાં ગુણો એ ચૈતન્યલક્ષણે લક્ષિત થતાં અનંતા ગુણો સાથે હોય છે '**અને ક્રમવર્તી...**' ક્રમે વર્તનારી અવસ્થાઓ બધા ગુણોની હોં બધી. '**અનંત પર્યાયો સાથે ચૈતન્યનું...**' ચૈતન્ય એટલે જાણવા-દેખવાના લક્ષણવાળું સ્વરૂપ તેનું '**અવિનાભાવીપણું...**' (હોય છે). જ્યાં જ્યાં ચૈતન્ય ત્યાં ત્યાં અનંત ગુણ. જ્યાં જ્યાં ચૈતન્યની પર્યાય ત્યાં અનંત ગુણની પર્યાય સાથે હોય છે. સમજાણું કાંઈ? આહાહા..! એ આત્મા છે. એ આત્મા છે એની ઉપર એને સંભાળ કરવાની દરકાર થઈ નથી, કોઈ દિ' કરી નહિ.

કહો, શેઠી કહ્યું ને? શેઠે. શેઠિયાએ. 'ગુણી જન સંભાળે સોહી છે શેઠ, બીજા અનુચર જાણજો જી.' પંડિતજી! સાંભળ્યું છે કે નહિ એ? નથી સાંભળ્યું. પંડિતજીને યાદ હશે. એક પુસ્તક છે, શેઠિયાનું. 'ગુણીજન...' બહુ આત્માર્થી છે. એમણે ઘણા બહુ સારા બનાવેલા છે. 'ગુણી જન સંભાળે સોહી છે શેઠ.' એ ચૈતન્ય લક્ષણે લક્ષિત આત્માને કરીને આત્માને સંભાળે છે એ શેઠ. 'અન્ય તો અનુચર જાણજો જી, મારા જ્ઞાન.' જ્ઞાન તો એનું છે. આ જ્ઞાન લક્ષણ. એય.. શેઠ! આ શેઠ છે, તમને કાંઈ .. એમ કહે છે. કહો, સમજાય છે કાંઈ? અધ્યાત્મ ઉપર એનું બહુ વજન છે. કહો, શેઠી! શું કહે છે? આહાહા..! શેઠી, શેઠ ને શેઠિયા. ત્રણ હોય છે કે નહિ? આ શેઠી, આ શેઠ અને ઓલા શેઠિયા છે. કોણ? આ દીપચંદજી શેઠિયા. એણે આ બનાવ્યું. એ શેઠિયા છે. એના સમાચાર આવવા જોઈએ બે-ચાર દિ'માં. બહુ આત્માર્થી. નિવૃત્તિ... કહો, સમજાય છે કાંઈ?

'**સમસ્ત સહવર્તી અને ક્રમવર્તી અનંત પર્યાયો સાથે ચૈતન્યનું અવિનાભાવીપણું હોવાથી ચિન્માત્ર જ આત્મા છે એમ નિશ્ચય કરવો.**' બસ, એ જ્ઞાનમાત્ર આત્મા. એની અંદર બધા અવિનાભાવી બધા સાથે છે ને? ચિન્માત્ર જ્ઞાન, જ્ઞાનમાત્ર આત્મા એમ નિશ્ચય કરવો. '**અનંત પર્યાયો સાથે ચૈતન્યનું અવિનાભાવીપણું હોવાથી ચિન્માત્ર જ આત્મા છે એમ નિશ્ચય કરવો. આટલું આત્માના સ્વલક્ષણ વિષે.**' કેટલી કુંદકુંદાચાર્ય આહાહા..! અદ્ભુત વાણી! ભગવાન પાસે ગયા હતા કુંદકુંદાચાર્ય. આઠ દિવસ રહ્યા હતા. સીમંધર ભગવાન પાસે. અને ત્યાંથી આવીને આ બનાવ્યું છે. બહુ ટૂંકામાં ઘણી ફળદાયક વાત. બહુ ટૂંકમાં અને મોટી ફળદાયક વાત.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- એ સમજનારની લાયકાત ન હોય તો સમજે કોણ? આહાહા..! દેખો! આ એક જ પેરેગ્રાફમાં બધું ભરી દીધું છે.

એ ચૈતન્યનું અવિનાભાવીપણું. જ્યાં જ્યાં ચૈતન્ય ત્યાં ત્યાં અનંત ગુણ. જ્યાં જ્યાં

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


અનંત ગુણ ત્યાં ત્યાં ચૈતન્ય. એની પર્યાયમાં પણ જ્યાં ચૈતન્યની પર્યાય ત્યાં ત્યાં અનંત ગુણની પર્યાય. એ બધું થઈને એમ લેવું કે ચિન્માત્ર આત્મા એમ નક્કી કરી લેવું. ચિન્માત્ર જ્ઞાનમાત્ર જ આત્મા છે. પુણ્ય અને પાપ વિકલ્પ, વ્યવહાર-ફ્યવહાર એનામાં છે નહિ. એની પર્યાયમાં પણ નથી એમ કહે છે અહીં તો. ગુણમાં તો નથી પણ ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ, એના ગુણ અને એની પર્યાયમાં રાગ અને વ્યવહાર છે જ નહિ. એ ચૈતન્યમાત્ર દ્રવ્ય-ગુણ-પર્યાયનો પિંડ તે ચિન્માત્ર આત્મા છે. રાગાદિ આત્મા નથી. પુણ્ય-પાપના વિકલ્પો દયા-દાનના એ આત્મા નથી, અનાત્મા બંધના લક્ષણવાળું તત્ત્વ છે. આહાહા..!

મુમુક્ષુ :- બીજું કોઈ લક્ષણ જ નથી.

ઉત્તર :- નથી. એનો બીજો કોઈ સ્વભાવ જ નથી. સમજાય છે કાંઈ?

**'એમ નિશ્ચય કરવો.'** જુઓ! આચાર્ય કહે છે કે નહિ? **'चिन्मात्र एवात्मा निश्चेतव्यः'** આદેશ રૂપે કહે છે જુઓ! એમ નિર્ણય કરવો. નિર્ણય કરવો. એ નિર્ણય કરવો એ સમ્યગ્દર્શન છે. આહાહા..!

મુમુક્ષુ :- મૂળ વાત છે...

ઉત્તર :- આ મૂળ વાત છે. દુઃખી-દુઃખી થઈ રહ્યો છે રાગથી. એ દુઃખને છેદવાનો ઉપાય આ ચૈતન્ય લક્ષણે લક્ષિત કરવો અને એ ચિન્માત્ર આત્મા એવો નિર્ણય કરવો એ દુઃખથી છેદવાનો ઉપાય છે. સમજાણું કાંઈ? એ એક જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી. નિમિત્તના કથનો આવે.

'**(હવે બંધના સ્વલક્ષણ વિષે કહેવામાં આવે છે :-)**' આ આત્માના સ્વલક્ષણ વિષે કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ? બે છે ને પાઠ? **'जीवो बंधो य तहा छिज्जंति सलक्खणेहिं णियएहिं।'** **'બંધનું સ્વલક્ષણ તો આત્મદ્રવ્યથી અસાધારણ એવા રાગાદિક છે.'** આત્મદ્રવ્યમાં મેળ ન ખાય એવા વિકારી ભાવ આત્માથી ભિન્ન છે. આત્માથી અસાધારણ જુદાં રાગાદિ છે. દેખો! પુણ્ય અને પાપના વિકલ્પો દયા, દાન, વ્રત, ભક્તિની વૃત્તિઓ એ આત્મદ્રવ્યથી અનેરી ચીજ છે. સમજાણું કાંઈ? કર્મ, શરીર એ તો અજીવતત્ત્વ છે. એટલે ભિન્ન રહ્યું. પણ પુણ્ય-પાપના વિકલ્પો એ આસ્રવતત્ત્વ છે એટલે ભાવબંધ, (આત્મ)તત્ત્વથી ભિન્ન પડી ગયું. સમજાણું કાંઈ? આ શરીર અજીવ. એ તો અજીવતત્ત્વ છે. આ શરીર, કર્મ, વાણી એ તો અજીવતત્ત્વ. પુદ્ગલ તો અજીવ. હવે પુણ્ય પરિણામ રહ્યા. પાપ તો અજીવ છે વિકારી. પણ દયા, દાન, વ્રતના વિકલ્પ ઉઠે એ પણ આસ્રવતત્ત્વ છે. એ ચૈતન્યતત્ત્વ નથી. એ આસ્રવ છે એ બંધતત્ત્વ છે. એ અટક્યો એટલે બંધતત્ત્વ છે. બંધ લક્ષણવાળું છે. આત્મવસ્તુ એ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**'બંધનું સ્વલક્ષણ તો આત્મદ્રવ્યથી અસાધારણ એવા રાગાદિક છે.'** પુણ્ય અને પાપ. એ રાગમાં જ આખું નાખ્યું. સમજ્યા ને? વિકલ્પ છે ને રાગનો એ પછી દ્વેષનો હોય, ભ્રાંતિનો હોય એ બધું રાગસ્વરૂપ છે, રાગાદિ છે. એ રાગાદિ આત્મ દ્રવ્ય સાથે સાધારણપણું પામતા નથી. અસાધારણ અને સાધારણ અસ્તિ-નાસ્તિ કરી. પહેલું કીધું કે અસાધારણ આત્મદ્રવ્યથી જુદા એવા રાગાદિ છે. **'એ રાગાદિક આત્મદ્રવ્ય સાથે સાધારણપણું ધરતા પ્રતિભાસતા નથી,...'** ભગવાન આત્મા એની સાથે પુણ્યનો વિકલ્પ તે સાથે ભેગો રહેતો નથી. જુદું રહે છે ઈ. આહાહા..! સમજાણું? આ તો જુદા ધારણ કરે છે શરીર, વાણી એને કારણે ત્યાં. એના કારણે એ રહ્યા. પણ રાગાદિ પણ આત્મા ધારણ કરતો નથી. સમજાણું? રાગ પુણ્યના ભાવ વિકલ્પ જે વૃત્તિ ઉઠે છે જેટલી શુભ કે અશુભ, આ કરું, આ મૂકું એ વૃત્તિઓ જે રાગ છે, એ આત્મદ્રવ્ય એટલે આત્મ વસ્તુ સાથે સાધારણપણું એટલે એકપણું ધારણ કરતા નથી. પ્રતિભાસતા નથી એમ કહે છે. રાગ આત્મા સાથે એક છે તેમ પ્રતિભાસતા જ નથી. વ્યવહારનો રાગ તે આત્મા સાથે એક છે એમ પ્રતિભાસતો નથી. આહાહા..! તે વ્યવહારરત્નત્રય કહે ને જેને, એ રાગ છે તે આત્મા સાથે એકપણે પ્રતિભાસતા નથી. આહાહા..!

**'કારણ કે તેઓ સદાય ચૈતન્યચમત્કારથી ભિન્નપણે પ્રતિભાસે છે.'** અસ્તિ-નાસ્તિ બધે કરે છે. સાધારણ અસાધારણ કર્યું પહેલું અસાધારણ સાધારણ. પછી આ આત્મા વસ્તુ છે તેમાં પુણ્ય-પાપના વિકલ્પો આત્મા ધારે એમ દેખાતું નથી. તેમ સદાય ચૈતન્યચમત્કારથી ભિન્નપણે પ્રતિભાસે છે. વ્યવહારનો વિકલ્પ દયા, દાન જેટલો દેવ-ગુરુ એ રાગ આત્માથી ભિન્નપણે પ્રતિભાસે છે. આત્માની સાથે એ છે નહિ. આહાહા..! એનું નામ અંદર મોક્ષનો માર્ગ કહેવામાં આવે છે. વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો સુદ ૫, રવિવાર તા. ૮-૧૦-૧૯૬૭**
**ગાથા-૨૯૪, પ્રવચન-૩૫૯**

૨૯૪ ગાથા. સમયસાર. મોક્ષ અધિકાર. એનું મથાળુ હતું ને? **'આત્મા અને બંધને દ્વિધા કરીને શું કરવું'** એ હતું મથાળું. ગાથાની ઉપર. ૨૯૫ ઉપર. કહે છે કે જેને આત્માનું હિત કરવું હોય એણે શું કરવું? કે આત્મા ચૈતન્ય જ્યોત છે અને પુણ્ય-પાપના ભાવ તે બંધભાવ વિકારભાવ છે. બેને દ્વિધા કરવા. બે છે તેમ બેને જુદા પાડવા. એટલે કે જે જ્ઞાનનું લક્ષ અનાદિથી આમ પર ઉપર, રાગ ઉપર, પુણ્ય ઉપર, પર ઉપર છે તે લક્ષને અંતરમાં વાળતા આત્મા અને રાગ લક્ષણવાળો બંધ બે જુદા પડે (છે).

આત્મા જ્ઞાનાનંદ ચૈતન્ય શુદ્ધ સ્વરૂપ એને જ્ઞાન લક્ષણે કરીને ઓળખી એમાં ઠરવું. અને બંધનું લક્ષણ રાગાદિ. બંધનું સ્વલક્ષણ તો આત્મદ્રવ્યથી જુદું એવા રાગાદિ છે. શું કહે છે? પુણ્ય અને પાપ જેટલા ભાવ થાય છે. દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા આદિના ભાવ એ રાગ છે. એ રાગ છે એ બંધનનું સ્વરૂપ છે. એ રાગાદિ આત્મદ્રવ્ય સાથે એકપણું ધારણ નથી કરતા. ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ છે એમાં એ રાગ જે ઉઠે છે-વિકલ્પ, એ શુભરાગ હો કે અશુભરાગ એ આત્મા સાથે ધારણ આત્મા કરી શકતો નથી. ભારે ઝીણું. પ્રતિભાસતા નથી. ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ છે, જ્ઞાનસૂર્ય છે. એમાં આ રાગ પુણ્ય-પાપના વિકલ્પો એ ધારણ આત્મા કરે છે એમ પ્રતિભાસતા નથી. એ જુદા પ્રતિભાસે છે. સમજાણું કાંઈ? ઝીણું ભારે ભાઈ! જુઓ! ત્યાં સુધી આવ્યું હતું આપણે, પ્રતિભાસતા નથી.

ભગવાન આત્મા પ્રથમ જ સમ્યગ્દર્શનના કાળમાં, પ્રથમ ધર્મની સ્વરૂપાચરણ કણિકા કે દર્શન-જ્ઞાનની જાગૃતિ થતાં પ્રથમ ધર્મની શરૂઆત, એ આત્મા ચૈતન્ય સ્વભાવે લક્ષણે લક્ષિત થાય છે અને રાગ બંધસ્વભાવે લક્ષિત થાય છે. અને એ રાગ પુણ્ય-પાપના વિકલ્પો જે વિકાર છે તે આત્મા ટકાવી રાખે છે એવું ભાસતું નથી. એમાં ટકતા નથી, ભિન્ન છે. સમજાણું કાંઈ? શેઠ! શરીર, વાણી, મનને તો ધારણ કરતો નથી. આ તો જડ માટી-ધૂળ છે. કર્મ માટી જડ છે એ તો આત્મા કદી ધારણ કરતો નથી. પોતામાં રાખતો નથી. સમજાય છે કે નહિ? માણેકચંદજી! શું? શરીર, વાણી પોતામાં નથી રાખતો પણ વિકારના પરિણામ પણ પોતામાં નથી રાખતો એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ભિન્ન છે. આહાહા..! હુશિયાર માણસ છે તો પ્રશ્ન હવે બરાબર મૂકે છે. સાથે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નહિ, ભિન્ન રહે છે એમ કહે. આહાહા..!

મુમુક્ષુ :- સાથે રહેતા થકા ભિન્ન રહે છે.

ઉત્તર :- ભિન્ન છે. સાથે તો શરીર પણ (રહે છે) આત્મા ચૈતન્ય આ ક્યાં...? આ તો માટી-ધૂળ છે, પુદ્ગલ છે. પુદ્ગલ છે આ તો. આ વાણી છે એ પુદ્ગલ જડ, માટી છે. પુદ્ગલ. કર્મ અંદર પુદ્ગલ માટી. એ કાંઈ આત્મતત્ત્વ ભગવાન આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ, સિદ્ધ સ્વરૂપ સમાન ચૈતન્ય મૂર્તિ. આ શરીરને એણે ધારણ કર્યું છે? કર્મને ધારણ કર્યા આત્માએ? એ તો નહિ પણ પુણ્ય-પાપના દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા જે શુભરાગ એને આત્માએ ધારણ કરી નથી રાખ્યો, ભિન્ન છે. આહાહા..! સમજાણું કાંઈ?

એમ અંદર જ્યાં સુધી પ્રતિભાસે નહિ કે રાગ આત્મા ધારણ કરતો નથી, રાગ, જ્ઞાયક આત્મા રાગથી ભિન્ન છે. એવું ભાન થયા વિના અંતરમાં સમ્યગ્દર્શન જાગે નહિ, સમ્યગ્દર્શન થયા વિના ધર્મ હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ? ચારિત્ર તો ક્યાંય રહી ગયું હજી. કોને કહેવું ચારિત્ર એ તો અજ્ઞાનીઓને ખબર નથી. લૂગડા ફેરવ્યા (એટલે) થઈ ગયા ચારિત્ર. ધૂળમાંય નથી ચારિત્ર, સાંભળને. સમજાણું કાંઈ? ચારિત્ર તો હજી આત્મા પોતાનો ચૈતન્ય સ્વભાવ શુદ્ધ... હમણા ત્યાં પ્રશ્ન કર્યો હતો. હમણાં ગયા હતા ને આઠ દિ' પહેલા. હોસ્પિટલ. ઘાસીલાલ. ઘાસીલાલજી છે ને, મારવાડી એક છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- .. નહિ મોટો .. જતો હતો. ...ગઢ ... જતો હતો. ત્યાં પ્રશ્ન કર્યો હતો. ઘણાં ભેગા થયા હતા બધા. ક્ષયવાળા. બાંધેલા, લૂગડા આમ બાંધે. ડોક્ટરનો હુકમ હોય ને કે નવા માણસ આવે ત્યારે લૂગડા બાંધવા. જીવાત ન જાય. જીવાત હોય ને ક્ષયવાળા. એક તો છોકરો પંદર વર્ષનો જુવાન હોં. ક્ષય. કીધું, તું કોણ છો? જુવાન ચૌદ વર્ષનો. કહે, પંચોળી છું. સાવરકુંડલાની જોડે. કેટલા ભેગા થઈ ગયા હતા. ઘણા મહિને ગયેલ ને. પછી આણે પ્રશ્ન કર્યો કે અનુભવમાં અબુદ્ધિપૂર્વક રાગ છે ને? એવો પ્રશ્ન કર્યો હતો. હા. અબુદ્ધિપૂર્વક રહે, કીધું. પણ આ રાગ અબુદ્ધિ છે એમ ન ખ્યાલ આવે. એ પ્રશ્ન કર્યો હતો. ઘાસીલાલજી ક્ષયની હોસ્પિટલમાં. બધા ઘણાં માણસો હતા બિચારા. ઝીણી વાત છે જરી.

આત્મા સમ્યક્ ચૈતન્યમૂર્તિ પ્રભુ એની અંતરમાં અનુભવ કરવામાં અબુદ્ધિપૂર્વક રાગ રહે. પણ એ આ છે રાગ એમ એને અનુભવમાં હોય નહિ. તો તો ખ્યાલ આવી ગયો. સમજાણું કાંઈ? એ પ્રશ્ન કર્યો હતો. હોસ્પિટલમાં એ ત્યાં વાંચે છે. એ તો પડ્યા હતા ત્યાં.

મુમુક્ષુ :- ...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- આપણા અહીંના મુમુક્ષુ છે. સ્થાનકવાસીના શેઠ હતા. એ તો અહીં હતા ને. અહીંથી ગયા હતા ને. આ ક્લાસમાં આવ્યા હતા ને. સવાઈ માધવપુરનો છે. મૂળ તો સંઘનો શેઠ હતો સ્થાનકવાસીમાં. પછી છોડી દીધું. એના બૈરા બૈરા ગુજરી ગયા છે. એકલા છે. ત્યાં ક્ષય થયો. ક્લાસમાં ભણી ગયા. હમણાં ભણીને હમણાં ગયા. પ્રશ્ન કર્યો કે આત્મા જ્ઞાનમૂર્તિ છે પ્રભુ. એવો આત્મામાં પુણ્ય-પાપનો વિકલ્પ જે રાગ છે એનાથી ભિન્ન પડીને આત્માનો અનુભવ થાય ત્યાં રાગ એમાં હોય નહિ. અબુદ્ધિપૂર્વક રાગ રહે પણ એ પૃથક્ રહે. પૃથક્ છે પણ એમાં ભાસ હોય નહિ. શેઠી! આહાહા..!

અહીં કહે છે કે પ્રતિભાસતા નથી એ તો સાધારણ વાત છે. આત્મા આમ જ્ઞાનસ્વરૂપ ચિદાનંદ છે એવો અંતરમાં અનુભવ કરતાં રાગ, પુણ્યનો દયા, દાન વિકલ્પ રાગ પણ અંતરમાં છે એમ ભાસતું નથી. સમજાય છે કાંઈ? બંધભાવ, ભગવાન અબંધસ્વરૂપ ચૈતન્ય પ્રભુ, એમાં એ બંધભાવ ભાસતો નથી. એમાં બંધભાવ છે નહિ. આહાહા..! જેમ કે શરીર અને કર્મ આ માટી અજીવ પુદ્ગલ છે. અજીવ છે આ. એ આત્મામાં નથી. આ તો પર છે. એમ પુણ્ય-પાપ, શુભ-અશુભભાવ જે દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા શુભ, હિંસા, જૂઠું એ અશુભ. બેય આસ્રવતત્ત્વ છે. ધર્મ નહિ. એ પુણ્ય-પાપ બેય અધર્મ રાગ છે. એ આત્મામાં નથી. સમજાણું કાંઈ?

'**(-ધારણ કરતા-) પ્રતિભાસતા નથી,...**' અંતરમાં ચૈતન્ય ભગવાન શુદ્ધ ચૈતન્યનો અનુભવ કરતાં એ જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા એમ અંતરમાં જતા રાગાદિ તે અંતરમાં, સ્વરૂપમાં ટકતા રહેતા, ભાસતા નથી. જુદા રહી જાય છે. કહો, સમજાય છે કાંઈ? આ ધર્મ છે આનું નામ. એ વિના બધું સમજવા જેવું છે. આહાહા..!

મુમુક્ષુ :- ... વાત છે.

ઉત્તર :- આ એની વાત છે. ત્યાંથી ધર્મ શરૂ થાય છે.

ચૈતન્ય ભગવાન વસ્તુ સર્વજ્ઞ પરમેશ્વર કેવળજ્ઞાની તીર્થંકરદેવે જે આત્મા જોયો કે આ આત્મા અનંત ગુણનો પિંડ પ્રભુ શુદ્ધ ચૈતન્ય ધાતુ (છે). એવો જે આત્મા તેના લક્ષણથી, જ્ઞાનના લક્ષણથી અનુભવતા એમાં રાગ, પુણ્ય-પાપનો વિકલ્પ છે તે એમાં હોતો નથી. '**કારણ કે તેઓ સદાય ચૈતન્યચમત્કારથી ભિન્નપણે પ્રતિભાસે છે.**' ભાસે છે એટલે કે જ્ઞાનમાં આ રાગ નથી એમ ભાસે છે. અનુભવ કાળે તો આ રાગ છે એવું ભાસતું નથી. પણ અમથુંય સદાય ચૈતન્યના અંતર વલણના પરિણમનમાં રાગ નથી એમ સદાય ચૈતન્યચમત્કારમાં ભાસતા નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

'**કારણ કે તેઓ સદાય ચૈતન્યચમત્કારથી...**' જ્ઞાન, દર્શન, આનંદ સ્વરૂપ. અહીં

તો ચૈતન્યચમત્કાર છે. એ પોતે પોતાને જાણે અને આ રાગ છે એને પૃથક્ છે એમ ચૈતન્યમાં રહીને જાણે. સમજાણું કાંઈ? હજી સમ્યગ્દર્શન કોને કહેવું એની ખબર ન મળે. અને થઈ ગયા ચારિત્ર ને વ્રત ને તપ. એકડા વિનાના મીંડા. શેઠી!

મુમુક્ષુ :- કાંઈક કામમાં તો આવતા હશે ને?

ઉત્તર :- મીંડા કામમાં આવે દુઃખ માટે. રખડવા માટે કામ આવે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે કે ભાઈ! આ આત્મા જેને કહીએ, આત્મા કોઈ વસ્તુ છે કે નહિ? તો વસ્તુ છે એમાં વસેલા-રહેલા કોઈ ગુણ ને શક્તિ ને સામર્થ્ય છે કે નહિ? તો એમાં વસેલા અનંત જ્ઞાન, દર્શન, આનંદ એ એનું સામર્થ્ય છે. એવા ચૈતન્ય લક્ષણે લક્ષિત થઈને અનુભવતા રાગાદિ પુણ્ય-પાપનો ભાવ તેનામાં આવતો નથી. એ રાગાદિ ચૈતન્ય ચમત્કારના અંતર વલણના પરિણમનમાં તે બહાર રહી જાય છે. સમજાણું કાંઈ? ભારે ભાઈ ધર્મ! આવો ધર્મ! જૈન પરમેશ્વરનો આવો ધર્મ હશે? ઓલા તો કહે, આ કરો, આ ખાવ, આ પીવો, આ લ્યો ને લ્યો માન્યું, જાવ ધર્મ (થઈ ગયો). ધૂળમાંય ધર્મ નથી. સમજાણું કાંઈ?

ભગવાન ચૈતન્ય જ્યોત પ્રભુ, શરીરના રજકણે રજકણથી જુદો પ્રભુ, પણ પુણ્ય-પાપના વિકલ્પો જે રાગ છે એનાથી જુદો પ્રભુ, એના જુદાના જુદાનું ભાન થતાં તે જુદી ચીજ જુદાપણે ભાસે છે. આહાહા..! આ મોક્ષનો માર્ગ કહે છે, ભાઈ! આ તો જેને કલ્યાણ કરવું હોય એની વાત છે. જેને અંતરમાં બંધ અને ભગવાન આત્મા બે ભિન્ન કરવા હોય એની વાત છે. એકપણે તો અનાદિથી માન્યું છે કે રાગ હું કરું છું અને પુણ્ય મારું છે અને આ શુભ મારું છે. એ તો મિથ્યાત્વ છે. એ તો અનાદિનું એકત્વ છે એની એ દશા છે. પછી સાધુ થઈને, ત્યાગી થઈને, મુનિ થઈને, દિગંબર થઈને રહે તોપણ એ રાગ દયા, દાન, પંચ મહાવ્રતના વિકલ્પ રાગ છે તે હું છું અને એ મારું કર્તવ્ય છે, એ મારામાં છે, એ માને છે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ અજ્ઞાની અવ્રતી છે. સમજાણું કાંઈ? આહાહા..!

ભાઈ! તું આત્મા છો. પ્રભુ! તારામાં કાંઈ રાગનું સામર્થ્ય તારામાં છે? તારામાં તો ભાઈ ચૈતન્ય ને શાંતિ ને આનંદનું સામર્થ્ય પ્રભુ તારામાં છે. એવો આત્મા છે. એ આત્માને અનુભવમાં લેતા રાગાદિ સદા ચૈતન્ય ચમત્કારથી જુદા ભાસે છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**તેઓ સદાય ચૈતન્યચમત્કારથી ભિન્નપણે પ્રતિભાસે છે.**' ભગવાન આત્મા જાણનાર-દેખનારના લક્ષણે અનુભવ થતાં એ રાગાદિ સદાય ચૈતન્યચમત્કારથી જુદા ભાસે છે. એ જુદા ભાસે ત્યારે તેને સમ્યગ્દર્શન અને જ્ઞાન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આ વાત મોંઘી પડે, આવે નહિ સમજવામાં એટલે બીજે રસ્તે ચડી ગયા. અવળે ઊંધે રસ્તે રખડવાના. રખડવાના સમજો છો? આ પરિભ્રમણ ચોર્યાસીમાં ચક્કર ફરે છે. રખડવું, ભટકવું, રખડવું.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તારી ચીજ શું છે અંદર?

કહે છે કે એ સદાય ચૈતન્ય ચમત્કારથી જુદાપણે પ્રતિભાસે છે. ઓહોહો..! જેટલો વ્યવહાર કહેવાય છે ને? દેવ-ગુરુ-શાસ્ત્ર, ભગવાને કહેલા, કેવળીએ કહેલાની શ્રદ્ધા અને પંચ મહાવ્રતના પરિણામ એ રાગ બધો રાગ છે. એ ચૈતન્યના ચમત્કારથી ભિન્નપણે ભાસે ત્યારે તેને અનુભવ સમ્યક્ કહેવાય છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'વળી જેટલું, ચૈતન્ય આત્માના સમસ્ત પર્યાયોમાં વ્યાપતું પ્રતિભાસે છે,...'** વિશેષ ખુલાસો કરે છે. વળી આ ભગવાન આત્મા, એમાં જેટલું ચૈતન્ય જાણવું-દેખવું એ. જાણવું... જાણવું... જાણવું... જાણવું... જે ચૈતન્ય સ્વભાવ આત્માની સમસ્ત દશાઓમાં-બધી અવસ્થાઓમાં-હાલતોમાં વ્યાપ્યું, રહેતું પ્રતિભાસે છે '**તેટલા જ, રાગાદિક પ્રતિભાસતા નથી,...**' ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવ જાણક પર્યાયે સદાય પ્રતિભાસે છે તેટલો રાગાદિ સદાય પર્યાયમાં પ્રતિભાસતો નથી. શું કહ્યું સમજાય છે કાંઈ? આહાહા..!

કહે છે, '**જેટલું, ચૈતન્ય...**' એટલે જ્ઞાનભાવ સ્વભાવ, એ '**આત્માના...**' ભગવાન આત્માના બધી પર્યાય-અવસ્થાઓ-હાલતો-દશાઓ એમાં '**વ્યાપતું પ્રતિભાસે છે,...**' ભગવાન આત્મામાં ચૈતન્યની પર્યાય જેટલી સદાય પ્રતિભાસે છે '**તેટલા જ, રાગાદિક...**' દયા, દાન, વિકલ્પાદિ '**પ્રતિભાસતા નથી,...**' સદાય ચૈતન્યની પર્યાય ભગવાનથી એકમેક પ્રતિભાસે છે. રાગાદિ ચૈતન્યની દરેક અવસ્થામાં ભાસતા નથી. કહો, સમજાય છે કાંઈ? ભારે વાત એવી કે માણસો બિચારા આમ એય.. સોનગઢનું આવું છે અને સોનગઢનું આવું છે. સોનગઢનું નથી આ ભગવાનના ઘરનું છે. સાંભળને. હવે તેં સાંભળ્યું ન હોય અને કર્યું ન હોય એટલે તું બીજું માની લે એટલે થઈ જાય કાંઈ વસ્તુ? સમજાણું કાંઈ? આ શું આ કોનું છે? આ ક્યાંનુ છે? આ અત્યારનું છે આ?

મુમુક્ષુ :- ભગવાનનું કહો કે સોગનઢનું કહો એમાં શું ફેર પડે?

ઉત્તર :- આહાહા..! એ સોનગઢવાળા ધર્મ આમ કહેતા હતા. પણ સાંભળને! સોનગઢ નહિ ભગવાન એમ કહે છે. તેં સાંભળ્યું નથી એટલે કાંઈ બીજું થઈ જતું હશે? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા અંદર સચ્ચિદાનંદ પ્રભુ સત્ શાશ્વત જ્ઞાન આનંદનો કંદ આત્મા છે. એની દરેક દશામાં જ્ઞાનની પર્યાય, આનંદની પર્યાય, શુદ્ધની પર્યાય આવે છે. એ વિનાનો એ આત્મા હોય નહિ. એટલું રાગવાળું પ્રતિભાસતું નથી. કેમ કે રાગ સદાય એમાં રહેતો નથી. જ્યારે હોય છે ત્યાં સુધી ભલે હો. અંદર ભાસતા છતાં હોં! ભિન્ન ભાસતા છતાં. પણ સદાય ચૈતન્યની અવસ્થામાં રહે છે એમ છે નહિ. ભિન્નપણે પણ સદાય રહે છે એમ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


નહિ. એમ કહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ શેઠ!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ એ સદાય સાથે રહે છે? જ્ઞાનની પર્યાય સદાય સાથે રહે છે. રાગ તો અમુક કાળ રહે છે છતાં એ જ્ઞાનની પર્યાયથી રાગ ભિન્ન છે. સમજાણું કાંઈ? આહાહા..!

'**તેટલા જ, રાગાદિક પ્રતિભાસતા નથી,...**' જેટલો ભગવાન આત્મા, એના જાણવા-દેખવાની અવસ્થાવાળો સદાય પ્રતિભાસે છે એટલો તે પુણ્ય-પાપના રાગવાળો સદાય પર્યાયમાં ભાસતો નથી. સમજાણું કાંઈ? '**કારણ કે રાગાદિક વિના પણ ચૈતન્યનો આત્મલાભ સંભવે છે...**' આહાહા..! એ રાગ જે પુણ્ય-પાપનો વિકલ્પ જે વૃત્તિ છે એના વિના ભગવાન આત્મા ચૈતન્યના ચમત્કારે અનુભવે રાગથી ભિન્ન ભાસે છે. કહો, સમજાણું આમાં? હિંમતભાઈ! ભારે વાતું ભાઈ! આહાહા..! કેટલી ધીરજથી એને જાણવું જોઈએ અને કેટલી ધીરજથી એને બેને જુદા પાડવા જોઈએ. આ કાંઈ બહારની ચીજ નથી કે લ્યો, આ ભાઈ કટકો કરી નાખ્યો. આ તો માટી બાપા જડ છે. નહિ ચાલે. એ તો ચાલે ત્યાં સુધી ચાલે એને કારણે, તારે કારણે નહિ. આ તો માટી છે, પુદ્ગલ જડ, અજીવ પુદ્ગલ છે ભાઈ! એનું ટકવું, એનું બદલવું એ એને કારણે, એને કારણે એને રૂપે થઈને તે રહ્યા છે. અહીં તો રાગ પણ કહે છે કે એને રૂપે છે, આત્મરૂપે છે નહિ. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા દેહથી તો નિરાળો, કર્મના રજકણોના પરમાણુથી પણ નિરાળો, પણ પુણ્ય-પાપના વિકલ્પ જે વૃત્તિ ઉઠે છે એનાથી જ્ઞાન-ચેતનના લક્ષણે અનુભવ કરતાં નિરાળો છે રાગ. સમજાણું કાંઈ? '**જેટલું, ચૈતન્ય આત્માના સમસ્ત પર્યાયોમાં વ્યાપતું પ્રતિભાસે છે,...**' ભાષા જાણે એવી લાગે ગ્રીક લેટીન જેવી હોય. કોઈ દિ' સાંભળી ન હોય. ધર્મને નામે આ દયા પાળો, વ્રત પાળો, ભક્તિ કરો, પૂજા કરો, આ કરો, ધૂળ કરો, હોળી કરો. એય..! જેઠાલાલભાઈ! ઊના પાણી પીવો, ઉઘાડા પગે ચાલો. ધૂળેય નથી સાંભળને હવે. એ તો બધી જડની ક્રિયા છે. અને અંદર રાગનો કોઈ મંદભાવ હોય શુભ તો એ પુણ્ય છે, વિકાર છે, મેલ છે. એનાથી ચૈતન્ય ભિન્નપણે ભાસે.

જેટલો આત્મા પોતાના ચૈતન્યની પર્યાયે સદા ભાસે છે એટલો એ આત્મા રાગ સાથે સદાય દેખાતો નથી, ભાસતો નથી. આહાહા..! એવી શૈલીએ વાત કરી છે ને! એ પ્રભુ એનો જ્ઞાનગુણ છે ને, આનંદગુણ છે, શાંત, આનંદ, ચારિત્ર એટલે શાંતરસ ગુણ છે. એ એની વર્તમાન અવસ્થામાં જ્ઞાનની પર્યાય, શાંતિની, એ પર્યાય વિનાનો કોઈ દિ' ભાસતો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

નથી. પણ રાગ વિનાનો તો ભાસે છે. સમજાણું કાંઈ? જો એની ચીજ હોય તો એના વિના એ ભાસવો જોઈએ નહિ. એની ચીજ નથી. સમજાણું કાંઈ?

'**કારણ કે રાગાદિક વિના પણ ચૈતન્યનો આત્મલાભ...**' ચૈતન્યનો સ્વરૂપ લાભ. ભગવાન આત્મા અરાગી ચૈતન્ય પ્રભુ એ રાગના કણના લક્ષને છોડી અને અંતરના અનુભવ થતાં ચૈતન્યનો આત્મલાભ, ચૈતન્યનો સ્વરૂપ લાભ થઈ શકે છે. રાગને સાથે લીધા વિના. રાગમાં જોડાયા વિના ચૈતન્ય સ્વરૂપનો લાભ થઈ શકે. માટે ચૈતન્ય સ્વરૂપને અને રાગને એકતા નથી. શેઠી! માખણ છે આ તો. મખ્ખન. મખ્ખન કહે છે ને તમારે? શું કહે છે?

કહે છે, કારણ કે પુણ્ય-પાપના ભાવ '**રાગાદિ વિના પણ ચૈતન્યનો આત્મલાભ સંભવે છે. (અર્થાત્ રાગાદિક ન હોય ત્યાં પણ ચૈતન્ય હોય છે).**' પુણ્ય-પાપનો વિકલ્પ ન હોય. જુઓ! સિદ્ધ ભગવાન કેવળજ્ઞાની. છે એને રાગ? જો રાગ એની ચીજ હોય તો રાગ વિના એ ચૈતન્ય રહી શકે નહિ. કેવળજ્ઞાની પરમાત્મા એને પુણ્ય નથી, વિકલ્પ નથી, રાગ નથી. ઉપદેશ દેવાનો તો રાગ હશે ને ભગવાનને? ઉપદેશ એની મેળાએ ચાલતો હશે?

મુમુક્ષુ :- જગતનું કલ્યાણ કરવું હોય ને.

ઉત્તર :- કહો, જગતનું કલ્યાણ કરવા માટે વાણી પહેલી ગ્રહે, પછી છોડે એવું કાંઈક હશે કે નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ તો નિમિત્તનું કીધું. વાણી વાણીને કારણે નીકળે, આત્માને કારણે નહિ એમ કહે છે. વાણી તો માટી ધૂળ છે, પુદ્ગલ છે. એ તો એને નીકળવું હોય ત્યારે નીકળે. શું એ આત્માને લઈને છે? ભાઈ! તને ખબર નથી. તારી ખાણમાં કાંઈ આ રજકણોની ધ્વનિ નથી પડી કે એમાંથી ઊઠતી હોય. એ તો ધૂળની ખાણમાં શબ્દવર્ગણામાંથી અવાજ ઊઠે છે. આહાહા..!

મુમુક્ષુ :- કેવળજ્ઞાન થયું છતાં સાપેક્ષ...

ઉત્તર :- .. નહિ. એ ન માને લોકો તમારે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એક દિ' ... એમ કે ભગવાનની વાણી નીકળી પણ કોઈ કોઈ પુરુષો અભાગ્યા પુરુષા એટલે કોઈ વ્રતધારી ન થયા. દેવો બધા હતા. એમ એ કહે છે. એમ નથી. વીતરાગની વાણી નીકળે અને ધર્મ પામનારા ન હોય એમ બને જ નહિ. એવી વાત છે. સર્વજ્ઞ તીર્થંકરદેવની વાણી. વાણી એટલે પૂર્વે વિકલ્પ એવો આવ્યો હતો કે પુણ્ય એમાં બંધાઈ ગયું અને એ

વાણી છૂટે ત્યારે ધર્મને પામનારા ન હોય એમ બની શકે જ નહિ. એવી વાત છે. સમજાણું કાંઈ? બધો ફેરફાર છે ભાઈ એનો. ૬૬ દિ' સુધી નીકળી નહોતી વાણી. વાણી નીકળે અને અંદર ધર્મ પામનારા જીવો ન હોય એમ બને નહિ સમવસરણમાં. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, **'રાગાદિક વિના પણ ચૈતન્યનો આત્મલાભ સંભવે છે (અર્થાત્ રાગાદિક ન હોય ત્યાં પણ ચૈતન્ય હોય છે). વળી જે, રાગાદિકનું ચૈતન્ય સાથે જ ઊપજવું થાય છે તે ચેત્યચેતકભાવની (-જ્ઞેયજ્ઞાયકભાવની) અતિ નિકટતાને લીધે જ છે,...'** જુઓ! શું કહે છે? એ વાત થોડી આવી ગઈ હતી પહેલી. અજ્ઞાનીને આ ચૈતન્ય ભગવાન જ્ઞાનની પર્યાયે પરિણમતો, જાણતો થાય છે. એ જ ક્ષણે રાગ જે દેખાય છે એ જ્ઞાનનું જ્ઞેય છે, ચેત્ય છે. પુણ્ય-પાપનો વિકલ્પ જે રાગ દયા, દાન વૃત્તિ ઉઠે છે. એ જ્ઞાન જાણનાર છે અને એ રાગ જણાવા યોગ્ય છે. પણ એ જણાવા યોગ્ય અને જાણનાર બેની જ્ઞેય-જ્ઞાયક, રાગ જ્ઞેય છે, જ્ઞાતા આત્મા છે. બેની અતિ નિકટતાને લઈને અજ્ઞાનીને ભાસે છે કે આ રાગ હું છું. સમજાણું કાંઈ? એ એકપણું અતિ નિકટતાને લઈને ભાસે છે. ચેત્યચેતકભાવની અપેક્ષાએ હોં. સાથે ઊપજવું ભાસે એ. પણ એક ભાવે નહિ. શું કહે છે?

આ તો ભાઈ! અંતરની વાતું છે. મોક્ષના માર્ગ જ્યાં શરૂ થાય છે ત્યાં કહે છે કે આત્માને રાગાદિકનું ચૈતન્ય સાથે ઊપજવું થાય છે. જાણવા-દેખવાની પર્યાય સાથે રાગની ઉત્પત્તિ સાથે જે દેખાય છે તે તો ચેત્યચેતકભાવની અતિ નિકટતાને લીધે. ચેત્ય નામ રાગ તે જણાવા લાયક છે અને આત્મા ભગવાન એનાથી ભિન્ન પડીને આત્મા તેનો જાણનાર છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે પણ એ **'રાગાદિકનું ચૈતન્ય સાથે જ ઊપજવું થાય છે...'** જ્યાં જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય ત્યાં રાગની ઉત્પત્તિ થાય સાથે. સાથે થાય છે એ તો કાળનો સાથ છે, ભાવનો સાથ નથી. આહાહા..! ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી અનંત આનંદ, જ્ઞાનનો પિંડ પ્રભુ છે. એના અસંખ્ય પ્રદેશમાં જ્ઞાનની પર્યાય જેમ ઉત્પન્ન થાય છે તે જ કાળે દયા, દાનના વિકલ્પો શુભરાગ પણ ઉત્પન્ન થાય છે. એ તો જ્ઞેય જ્ઞાયકની ચેત્યચેતકની અતિ નિકટતાને લઈને દેખાય છે. એકપણાને લઈને નહિ. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાતું ભાઈ! કહો, આ ધર્મની પહેલી સીઢીની વાત ચાલે છે. આહાહા..! ભારે આકરું લાગે માણસને.

ભાઈ! આ કર્યા વિના તારો નિવેડો નથી. પછી આજ કર, કાલ કર, ગમે ત્યારે પણ આ કર્યા વિના બંધન અને દુઃખથી મુક્ત નહિ થા. કેમ કે પુણ્ય-પાપનો ભાવ એ દુઃખરૂપ ભાવબંધન છે. એનાથી છેદવું નામ જુદું પાડવું એને ચેત્યચેતકની એકતા જેવું દેખાય છે

પણ એક છે નહિ. આહાહા..! કહો, સમજાણું કાંઈ?

અહીં એમ કહે છે, ધર્મી જીવને પોતાના જ્ઞાનની પર્યાયમાં રાગાદિ જે જણાય છે એ તો જ્ઞેય તરીકે અને આ જ્ઞાન તરીકે એવી નિકટતા માટે જણાય છે. નહિ કે જ્ઞાનની પર્યાય સાથે રાગનું એકપણું છે, એમ નથી. સમજાણું કાંઈ? અરે..! હેરાન થઈ થઈને મરી ગયો. અનંતા અવતાર. ઈયળું અને કીડીયું મરે એમ મર્યો. ભાન ન મળે. ભાન ન મળે. અંતર જાગૃતિના મરણ વિના તેના મરણના ભવો ઘટતા નથી. સમજાણું કાંઈ? જેણે આવો પહેલો અભ્યાસ કર્યો નથી, ભેદજ્ઞાન કર્યા નથી, એને મરવા ટાણે ભેદજ્ઞાન શી રીતે થશે? ભીંસાઈ જશે પછી હાય.. હાય.. હાય..

ભાઈ! તારામાં શરીર, વાણી, મન તો ચેત્ય તરીકે ભિન્ન રહેલા છે. જણાવા યોગ્ય વસ્તુ છે. એ તું નહિ. પણ તારામાં દયા, દાન, વ્રતનો જે વિકલ્પ ઉઠે છે અને તે જ કાળે જ્ઞાનની પર્યાય થાય છે એ બેનું નિકટપણું છે એટલે એકસાથે થાય છે. પણ એક ભાવરૂપે નથી. સમજાણું કાંઈ? રાગનો શુભ વિકલ્પ છે શુભભાવ, એ ઉત્પન્ન થાય અને જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય. ગુણની પર્યાય વિશેષ-ગુણની વિશેષ અવસ્થા. એની સાથે જ રાગ ઉત્પન્ન થાય છે. પણ એ રાગ છે તે તો જ્ઞેય છે. ચેત્ય છે. જ્ઞાનની પર્યાયની સાથે મેળ નથી એને. એને રાગનો પર્યાય જ્ઞાન તેને જાણે અને જ્ઞાનમાં તે જણાય એવી નિકટતાને લઈને એકસાથે દેખાય છે. ભાવરૂપે એક છે નહિ. આહાહા..!

મુમુક્ષુ :- પોતાને તો લાગે પણ બીજાને...

ઉત્તર :- બીજાની ક્યાં વાત છે? પોતાની વાત છે. બીજાની વાત જ અહીંયા ક્યાં છે?

ચૈતન્ય ભગવાન. એની ચૈતન્ય વસ્તુ છે ને. ચેતનની ચૈતન્યભાવ. તો એની પર્યાય હોય ને? પર્યાય એટલે અવસ્થા. તો એ ચૈતન્યની અવસ્થા તો જાણવાની પર્યાય છે. ભગવાન આત્માની ચૈતન્યની પર્યાય તો જાણવાની થાય છે. અને એ વખતે રાગ થાય છે એ તો ચૈતન્યમાં જણાવા યોગ્ય થઈને સાથે થાય છે. આહાહા..! કહો, શાંતિભાઈ! કહો, સમજાય છે આમાં? જયકુમારજી! આહાહા..! ભાઈ! તારે કરવાનું જ આ છે. ભાઈ!

ભગવાન આત્મા જ્ઞાનરૂપી સૂર્ય પ્રભુ, એની પર્યાય એટલે ચૈતન્યની એ તો અવસ્થા છે. અને એ તો સ્વને જાણે અને રાગ છે એને જાણવાવાળી દશા છે. અને રાગ તો એ જ્ઞાનમાં જણાવા લાયક છે. રાગ તે જ્ઞાનની પર્યાયમાં એક થવા લાયક છે નહિ. સમજાણું કાંઈ? અંદરની અંદરની રમતું છે આ. બહાર આવે કાંઈ નથી. હાડકા, શરીર, માટી ક્યાં... એના થઈને રહ્યા. એ તારા થઈને માન એ મોટી ભૂલ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- બધા ગુણ નહિ. ચારિત્રગુણની વિપરીત પર્યાય એ રાગ. એમ. એની વિપરીત પર્યાય એટલે દ્વેષ. આનંદની વિપરીત પર્યાય તે દુઃખ. એ બધું જ્ઞાનમાં જ્ઞેય તરીકે જણાવા લાયક છે.

ચૈતન્ય ભગવાન.. આ તો માટી ધૂળ છે આ તો. અંદરમાં ચૈતન્યનો પિંડલો પ્રભુ છે. પિંડ ચૈતન્ય પિંડ છે એ. જ્ઞાનનો કંદ છે પ્રભુ આત્મા. એમાંથી જ્ઞાનની અવસ્થા જે થાય એ અવસ્થા જ્ઞાનના ગુણની દશા વિશેષ છે. એમાં દયા, દાનનો વિકલ્પ ઉઠે તે જ્ઞાનમાં જણાય એવી એ બીજી ચીજ છે. જ્ઞાનની પર્યાયની સાથે એક થાય એવી એ ચીજ નથી. કેમ કે એ રાગ ઉત્પન્ન થાય એ તો આસ્રવતત્ત્વ છે. અને આ તો ચૈતન્યતત્ત્વની જ્ઞાન પર્યાય ઉત્પન્ન થયે ભેગો આસ્રવ ઉત્પન્ન થયો, એ આસ્રવ અને જ્ઞાનની પર્યાયને એકતા નથી. એ ભિન્નપણે જણાય એવી નિકટતાને કારણે એકસાથે લાગે છે. આહાહા..! ભારે વાત ભાઈ!

કહે છે, ભગવાન આત્મા જે ચૈતન્ય સાથે રાગનું ઉત્પન્ન થવું થાય તે ચેત્યચેતકભાવ. ભાવ શબ્દ પડ્યો છે ને. શું છે? જુઓ! '**ચૈતન્ય સાથે જ ઊપજવું થાય છે...**' સાથે. પણ '**તે ચેત્યચેતકભાવની અતિ નિકટતાને લીધે જ છે,...**' રાગભાવ અને ભગવાન જ્ઞાનભાવ એ જ્ઞાન એને જાણનાર અને રાગ તે જણાય એવું ભિન્નપણે ચેત્યચેતક અંદર છે. સમજાણું કાંઈ? '**રાગાદિકનું ચૈતન્ય સાથે જ ઊપજવું થાય છે તે ચેત્યચેતકભાવની અતિ નિકટતાને લીધે જ છે, એકદ્રવ્યપણાને લીધે નહિ;...**' આહાહા..! એ દયા, દાન, વ્રતનો રાગ એ ભિન્ન દ્રવ્ય છે. દ્રવ્ય એટલે કે આત્માની પર્યાય સાથે એક રહેલું નથી. આહાહા..! હવે એ વિકલ્પથી મને શુભથી ધર્મ થાય અને એનાથી મને લાભ થાય. મૂઢ છે, પાગલ છે. સમજાણું કાંઈ? પાગલનો અર્થ કાંઈ ગાંડો થઈને આમ ફરે એ ગાંડો જ છે, પાગલ છે, સાંભળને! સમજાણું કાંઈ? જેના ફળમાં ચાર ગતિ નરક અને નિગોદ મળે બાપા! એ તે કાંઈ ભાવ તારો છે નહિ. આહાહા..!

અહીં તો એટલું સ્પષ્ટ કરી નાખ્યું છે કે '**રાગાદિકનું ચૈતન્ય સાથે જ ઊપજવું થાય છે તે ચેત્યચેતકભાવની...**' એટલે ચેત્ય એટલે જ્ઞેય. ચેતક એટલે જ્ઞાયક. એ ભગવાન આત્મા જાણનાર છે, રાગાદિ તે ભિન્ન જણાવા યોગ્ય છે. એવી અતિ સમીપતાને લઈને ભાસે, સાથે ઉત્પન્ન (થતાં) દેખાય છે પણ બેયના ભાવ જુદા છે. આહાહા..! શેઠી! ભાવ જુદા છે. એ દયા, દાન, વ્રતના વિકલ્પો એ ભાવ જુદો છે, જણાવા યોગ્યવાળો ભાવ છે. ભગવાનનો આ ભાવ ચૈતન્યનો જાણવાવાળો એનો ભાવ છે. સમજાણું કાંઈ?

'**ચેત્યચેતકભાવની અતિ નિકટતાને લીધે જ છે,...**' લીધે જ છે. '**એકદ્રવ્યપણાને લીધે નહિ;...**' પણ એક વસ્તુ તરીકે નહિ. વસ્તુ તદ્દન ભિન્ન છે. આહાહા..! હજી તો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શરીર મારું, શરીર આ. એ પ્રશ્ન થયો હતો, આ શરીરના.. આત્મધર્મ વાંચે છે ને ભાઈ વાંકાનેરમાં. એ પોપટભાઈ આવતા દોશી એના ભાઈ. એ ગુજરી ગયા પોપટ દોશી. આવતા .. ઓલા પોપટભાઈ નહિ હોં બેંગ્લોરવાળા નહિ. એક બીજા. સ્થાનકવાસી. ઓલા પોપટભાઈ દેરાવાસી. એના ભાઈ ત્યાં આવ્યા છે. ભાઈ હતા ને હમણા. હિંમતભાઈ હતા ને. એ કહે કે આ શરીરના રજકણો એ શું? આ શરીરને... કીધું, કાંઈ સંબંધ નથી. આ તમે વાંચો છો પણ અંદર.. કોઈ દિ' સાંભળ્યું નથી. આ માટીના રજકણો ધૂળ છે. એની અવસ્થાનું થવું તે જડથી છે. અંદર ભગવાન આત્મા તદ્દન જુદી ચીજ છે. બે અડ્યા નથી, કીધું. હતા કે નહિ નવલચંદભાઈ? એને કહ્યું હતું. પરમાણુઓ, આ શરીર છે ને.. શરીરની સાથે કાંઈ સંબંધ નથી ભગવાનને. એ તો અરૂપી ચૈતન્ય મૂર્તિ છે એની આ રૂપી પરમાણુ, માટી, ધૂળ, માંસ હાડકા છે. સમજાણું કાંઈ?

સ્ફટિક સ્ફટિક હોય ને? પત્થર સ્ફટિકનો? એની જોડે દીવો મૂકે તો સ્ફટિકમાં દીવો દેખાય પ્રકાશ. એ પ્રકાશને અને સ્ફટિકને કાંઈ સંબંધ જ નથી. પ્રકાશની મૂર્તિ. એમ આ શરીર સ્ફટિક જેવું પર જડ. એમાં ભગવાન ચૈતન્ય અરૂપી જ્ઞાનઘન ભિન્ન છે. સમજાણું કાંઈ? પણ કોઈ દિ' સાંભળ્યું નથી, કોઈ દિ' જોયું નથી. જોવાનો પ્રયત્ન કેમ થાય એની ખબરું નથી.

કહે છે, અતિનિકટતા. '**એકદ્રવ્યપણાને લીધે નહિ;...**' જુઓ! પુણ્ય-પાપનો ભાવ તે આત્માનો એક દ્રવ્ય એટલે એ દ્રવ્યની પર્યાય છે એમ નહિ. એમ કહે છે. એક દ્રવ્યપણું સમજાય છે? ભગવાન આત્મા જ્ઞાન અને શુદ્ધ ચૈતન્યપણે પરિણમવું એ તો એકદ્રવ્યપણું છે. અને રાગપણું એના આત્માની સાથે એકદ્રવ્યપણે નથી, એ તો ભિન્ન છે. એ રાગ પરદ્રવ્ય છે એમ કહે છે અહીં તો. શાંતિભાઈ! નિયમસારમાં તો કહે છે કે ક્ષાયિક પર્યાય એ પરદ્રવ્ય છે. શેઠી! કઈ અપેક્ષાએ? ક્ષાયિક પર્યાય પરદ્રવ્ય. કેમ કે એમાંથી નવી પર્યાય આવતી નથી. ભગવાન ચૈતન્ય ધ્રુવ જ્ઞાયકમૂર્તિ દૃષ્ટિના વિષયની અપેક્ષાએ વાત. અહીં જ્ઞાનપ્રધાનથી કથન છે. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ પ્રભુ ધ્રુવ સ્તંભ ચૈતન્ય સ્તંભ છે એ તો. એમાં તો ક્ષાયિકની વર્તમાન પર્યાયને પણ પરદ્રવ્ય તરીકે ગણી છે. મોક્ષમાર્ગ અધિકાર. કારણ કે મોક્ષની પર્યાય માર્ગની એ પર્યાયમાંથી પર્યાય નથી આવતી. સમજાણું કાંઈ? ચૈતન્ય ધ્રુવ બિંબ સ્તંભ પડ્યો છે આખો મોટો. ધ્રુવ. એ જ એનું મૂળ સ્વરૂપ છે. એમાં રાગાદિ તો ઠીક પણ ક્ષાયિકની પર્યાય ક્ષાયિક સમકિત થયું સ્વને અવલંબે, ધ્યેયને અવલંબે, કહે છે કે એ પર્યાયમાંથી નવી પર્યાય મોક્ષનો માર્ગ નવો તો આવતો નથી. મોક્ષમાર્ગની નવી પર્યાય પ્રગટે એ તો દ્રવ્યમાંથી પ્રગટે છે. માટે સ્વદ્રવ્ય તે દ્રવ્ય છે, પર્યાય તે પરદ્રવ્ય છે. આહાહા..! ગજબ છે ને?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અહીં તો ચૈતન્યના જ્ઞાનના ગુણની પર્યાયનું પરિણમવું સ્વના લક્ષે થઈને આખો આત્મા થાય છે એમાં રાગ એનું દ્રવ્ય નથી એમ કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! તરફડીયા મારે હોં. એક કોર કંઠમાળ થયો હોય, એક કોર ભગંદર થયું હોય, એક કોર દમનો રોગ હોય, એક કોર લોહીનું દબાણ હોય. એક કોર શું કહેવાય આ બધું? લકવા પક્ષઘાત.. પણ આ અંદર ઓલા લોહીમાં થાય છે ને? રોગ આ કફ થયો હતો.

મુમુક્ષુ :- ડાયાબીટીસ.

ઉત્તર :- ડાયાબીટીસ. એક કોર ડાયાબીટીસ થાય. આહાહા..! .. હોય કે હાય.. હાય.. ક્યાં છું હું તે? સાંભળને પ્રભુ! એ તો બધી જડની દશા, નાથ! તારી નહિ. સમજાણું કાંઈ? ત્યારે એમાંથી કેમ નીકળવું? હાય.. હાય.. અહીં કંઠમાળ. પૂંઠે શું કહેવાય? ભંગદર, અહીં ક્ષય. એય..! આહાહા..! હવે એક દવા જ્યાં ઓલાની ગરમની કરવા જાય ત્યાં અહીં થાય, આની કરવા જાય તો અહીં થાય. શેઠી! દમની કરવા જાય ત્યાં ગરમ થઈ જાય ત્યાં પેશાબ અટકે. આહાહા..! પેશાબ અટકવાની દવા જ્યાં નાખવા જાય ત્યાં ઓલી નડે. આહાહા..! ભાઈ! એ જડના પિંડલામાં પ્રભુ, તારું સ્વરૂપ જુદું. એને કાંઈ સંબંધ છે નહિ. તું એમાં કાંઈ નહિ કરી શકે. લે. આહાહા..! એ અમૃતનો નાથ તું અમૃત સ્વરૂપે ભગવાન તું છો ભાઈ! ત્યાં નજર કરને હવે. અહીં શું નજર કરી? આવું રહે.. આવું રહે. ધૂળ રહેવું હશે તો રહેશે. એ તારાથી ક્યાં રહે એવું છે? આહાહા..! તું જે રીતે હો તે રીતે એ નહિ રહે. લે. અને એ રીતે જે રહેશે તે રીતે તું નહિ રહી શકે. આહાહા..!

મુંગા જન્મે છે ને? એ મુંગા પહેલેથી બહેરા હોય. મુંગા અને બહેરા. બેય સાથે જ હોય. હવે એને ક્ષય થાય, એને આ કંઠમાળ થાય અને આ ભગંદર થાય. હાય.. હાય.. બોલવાનું ન મળે. બોલે કોણ? બોલે એ તો જડ. બોલે એ બીજો. એ તો જડની ભાષા છે. ભાઈ! કહે છે કે સંભાળને તારું તત્ત્વ. તારામાંથી તો જ્ઞાનની પર્યાય ઝરે એવો તું છો. રાગની પર્યાય ઝરે એવો તું નથી તો વળી શરીરનું કરી દે એવું તો તારામાં છે જ નહિ. આહાહા..! કહો, સમજાય છે કાંઈ?

‘**જેમ (દીપક વડે) પ્રકાશવામાં આવતા ઘટાદિક...**’ જુઓ દૃષ્ટાંત એક. દીવો હોય છે ને દીવો? ‘**પ્રકાશવામાં આવતા ઘટાદિક (પદાર્થો) દીપકના પ્રકાશકપણાને જ જાહેર કરે છે-**’ શું કહે છે? જુઓ તો એક ન્યાય. દીવો છે ને આમ દીવો? અહીં ઘટપટ આમ વસ્તુ છે એ ઘટપટને પ્રકાશતો નથી. પ્રકાશની વિશાળતાને પ્રકાશે છે. આનો સ્વભાવ એને પ્રકાશવું અને આને પ્રકાશવું એવા પ્રકાશને પ્રકાશે છે. દીવો સમજાય છે ને? આ દીવો હોય. આમ લાકડાનું હોય, સોનું હોય બધું પડ્યું હોય. કહે છે કે આ દીવાની તાકાત છે

જુઓ એ. '**પ્રકાશવામાં આવતા ઘટાદિક...**' ઘડો હોય, વસ્ત્ર હોય, સોનું હોય, કોલસા હોય ત્યાં દીવો આમ હોય. એ '**દીપકના પ્રકાશકપણાને જ જાહેર કરે છે–**' દીવાની સ્વ અને પરની પ્રકાશક શક્તિની પ્રસિદ્ધિ જાહેર થાય છે. ત્યાં ઘટપટ છે એની જાહેરાત થતી નથી. આહાહા..! અહીં તો રાગ સાથે સિદ્ધ કરવું છે હોં. આહાહા..!

ભાઈ! એ દીવો છે ને? તું તારા ખ્યાલમાં નથી આવતું કે આ દીવો છે આમ દીવો. એ અહીં ઘટપટ વસ્તુ છે. હવે એ દીવો દીવાને પ્રકાશે છે તેમ આ ચીજ છે એમ એ પોતાના પ્રકાશની દ્વિરૂપતાને પ્રકાશે છે. એ પ્રકાશની બહોળતાને પ્રકાશે છે. આ ઘટપટ છે એમ નહિ. એ તો એનું સ્વરૂપ જ સ્વપરને પ્રકાશવાનું છે એને પ્રકાશે છે. સમજાણું કાંઈ?

'**જેમ (દીપક વડે) પ્રકાશવામાં આવતા...**' જુઓ! દીપક વડે. દાખલો તો એમ કહેવો છે ને એટલે પછી કૌંસમાં નાખવું પડ્યું. દીપક વડે, દીવા વડે '**પ્રકાશવામાં આવતા ઘટાદિક (પદાર્થો) દીપકના પ્રકાશકપણાને જ જાહેર કરે છે–ઘટાદિપણાને નહિ,...**' આહાહા..! ઝળહળતો દીવો આમ છે. એ ચૈતન્ય ઉપર દાખલો આપશે પાછો હોં! આ તો દૃષ્ટાંત આપ્યો છે. દીવો બળે છે ઝળહળ. એમાં ઘટપટ દેખાય. કહે છે કે એ ઘટપટને પ્રકાશતો નથી. એની એ દ્વિરૂપતા વિસ્તારતા સ્વ અને પરને પ્રકાશવાનું સામર્થ્ય પ્રકાશે છે. સમજાણું કાંઈ? આહાહા..! આવું તો કોઈ દિ' સાંભળ્યું પણ નહિ હોય ૬૮ વર્ષમાં. ગરજ કે દિ' કરી છે ઈ? રળવું... રળવું... રળવું... રળવું... પૈસા ભેગા કરવા. ધૂળ ભેગી કરવી. પાંચ, પચાસ લાખ, કરોડ, બે કરોડ ભેગા થાય તો સુખ ન મળે ક્યાંય. ભિખારા છે. એય..! શેઠી! બહુ માગે એ મોટો ભિખારી માગણ. આ ભગવાન બાદશાહ ચૈતન્ય સ્વરૂપ છે ને પ્રભુ તારી પાસે. એનામાં કહે છે કે પ્રકાશની શક્તિ, દીવાની પ્રકાશ શક્તિ પ્રકાશપણાને પ્રસિદ્ધ પામે છે. આત્મખ્યાતિ છે ને આમાં? જોડે ચીજ છે એને પ્રકાશે. નહિ, નહિ. અને એ તો એ સંબંધીનું અને પોતા સંબંધીનું પ્રકાશનું પ્રકાશવું થાય છે ત્યાં. સમજાણું કાંઈ?

'**તેમ...**' હવે એ દૃષ્ટાંતનો સિદ્ધાંત. ભગવાન આત્મા વડે પ્રભુ '**(આત્મા વડે) ચેતવામાં આવતા...**' જાણવામાં આવતા. આત્મા ભગવાન ચૈતન્ય સ્વરૂપ એના ચેતવામાં આવતા, એને જાણવામાં આવતા '**રાગાદિક...**' પુણ્ય-પાપના વિકલ્પો દયા, દાન આદિ રાગાદિ '**(અર્થાત્ જ્ઞાનમાં જ્ઞેયરૂપે જણાતા રાગાદિક ભાવો)...**' એ જ્ઞાનમાં રાગાદિ દયા, દાન વિકલ્પ છે એ જ્ઞાનમાં જણાતા રાગાદિ. એ રાગાદિને પ્રકાશતો નથી પણ જ્ઞાનની પ્રકાશશક્તિને પ્રકાશે છે. આહાહા..! શાંતિભાઈ! આ બધું સાંભળ્યા વિના સાધુ થઈને મરી જાત હોં. એ દિગંબર સાધુ થવાના હતા. દિગંબર જાવ નગ્ન મુનિ. હેરાન-હેરાન થાત. બે જણા છે અમારે. એક બેઠા જુઓ ઓલી કોર. એ દિગંબર સાધુ થવાના હતા. બે સાધુ થઈ જવાના હતા

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


દિગંબર મુનિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- થવાના હતા. એને સ્ત્રી છે, દીકરો છે. દિગંબર સાધુ થવાના હતા. તૈયારી હતી. એમાં આ સાંભળ્યું. એની પણ તૈયારી હતી. એ બેઠા. દીપચંદજી. સમજાણું કાંઈ? ક્યાં કોને કહેવું? એ સોલાપુરના છે. બહુ ... સમજાય છે કાંઈ? હજી આત્મા કોને કહેવો એના સમ્યકનું ભાન ન મળે, થઈ જાવ સાધુ. રખડનારા.

કહે છે કે જુઓ તો એક વસ્તુ તો જુઓ. આવી તારી ચીજ છે એમ તને અનુભવમાં આવે છે? એમ કહે છે. ભગવાન આત્મા જેમ દીવો તે બીજાને પ્રકાશવાના કાળમાં બીજાને પ્રકાશતો નથી. એ તો એના પ્રકાશના પ્રકાશપણાને પ્રકાશે છે. એમ ભગવાન આત્મા **'ચેતવામાં આવતા...'** પુણ્ય-પાપના વિકલ્પો જે જ્ઞેયરૂપે જણાય, અંદર વ્યવહાર દયા, દાન હોં ભાવ પુણ્ય. એને જ્ઞાન પ્રકાશે છે એને? કહે ના. એ રાગના કાળમાં જ્ઞાન જ્ઞાનને પ્રકાશે અને તે સંબંધીનું જ્ઞાન જ્ઞાનને પ્રકાશે. જ્ઞાનની દ્વિરૂપતાને પ્રકાશે છે. જ્ઞાનની પ્રસિદ્ધિને એ કરે છે. રાગની પ્રસિદ્ધિ એ કરતું નથી. આહાહા..! કેટલું લોજિક છે ઝીણું! આહાહા..!

ચૈતન્ય દીવો ભગવાન, ચૈતન્ય સૂર્ય. એ ચૈતન્ય સૂર્ય જે ચેતવામાં આવતા જે પુણ્ય-પાપનો ભાવ વ્યવહાર વિકલ્પ.. દેખો! આ વ્યવહાર રત્નત્રય એવો જે રાગ, એને જાણવામાં આવતા ભગવાન આત્માને એ રાગને નથી પ્રસિદ્ધ કરતું, પણ પોતાના સ્વપરના પ્રકાશના સામર્થ્યને પ્રકાશને પ્રસિદ્ધિપણાને પામે છે. કહો, બરાબર છે? સોભાગમલજી! આવી વાતું. આહાહા..! અરે..! તારા ઘરની ચીજનું સામર્થ્ય કેટલું છે એ તને કહે છે. એ રાગને તું પ્રસિદ્ધ કર એવો નથી પણ રાગ અને તું બેયને પ્રસિદ્ધ જ્ઞાનરૂપે પ્રસિદ્ધપણાને પામે એવો તું છો. આહાહા..! સમજાણું કાંઈ?

**'ચેતવામાં આવતા...'** એ વિકલ્પો, વ્યવહાર વિકલ્પ જે છે એ આત્માના ચેતકપણાને જાહેર કરે છે. આત્માના ચેતવાના સામર્થ્ય સ્વભાવને જાહેર કરે છે. રાગાદિને, વ્યવહારને નહિ. વ્યવહાર સંબંધીનું જ્ઞાન અને પોતા સંબંધી જ્ઞાનને પ્રસિદ્ધપણાને પામે છે. આહાહા..! એય.. જેઠાલાલભાઈ! એવો આત્મા અનુભવમાં, પ્રતીતમાં આવે રાગથી ભિન્ન એને સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ? વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


**આસો સુદ ૬, સોમવાર તા. ૯-૧૦-૧૯૬૭**
**ગાથા-૨૯૪, પ્રવચન-૩૬૦**

ક્યાં સુધી આવ્યું શેઠી! ખબર છે?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આખો પેરેગ્રાફ આવી ગયો.

આ અધિકાર મોક્ષ અધિકાર ચાલે છે. મોક્ષ એટલે શું? કે આત્મામાં જે દુઃખ દશા છે એનાથી છૂટવું. સમજાય છે કાંઈ? આત્મા છે એ આનંદ અને જ્ઞાન શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે પદાર્થ આત્મા. એની દશામાં-અવસ્થામાં-વર્તમાન હાલતમાં-જે કાંઈ રાગ-દ્વેષ-પુણ્ય-પાપના ભાવ વિકારીભાવ થાય છે એ બંધરૂપ છે, એ દુઃખરૂપ છે. એને અને આત્માને જુદા પાડવા એનું નામ મિથ્યાત્વથી મુક્તિ અને સુખનો પંથ છે. શેઠી! ઝીણી વાત છે જરી. એણે કોઈ દિ' આત્માને દુઃખ શું છે અને સુખ શું એની ખબર જ નથી. આંધળે આંધળો અનાદિથી ચાલ્યો જાય છે. નવનીતભાઈ! ભગવાન આત્મા..! આ દેહ તો માટી છે, જડ છે. એમાં સુખ દુઃખ પણ નથી અને સુખ દુઃખની કોઈ વસ્તુ પણ નથી. આ તો માટી-ધૂળ છે.

મુમુક્ષુ :- સુખ દુઃખનું નિમિત્ત તો છે.

ઉત્તર :- નિમિત્તનો અર્થ શું? કંઈ નહિ એને નિમિત્ત કહેવું. એનો અર્થ. એને કારણે નથી થાતું. થાય છે ત્યારે નિમિત્ત કહેવાય. એનો અર્થ કે કાંઈ નથી. શેઠી!

આત્મા અનાદિથી પોતાનું સચ્ચિદાનંદ શુદ્ધ સ્વરૂપ છે પવિત્ર, કાયમી અસલી સ્વભાવ, એને ભૂલી અને જે વર્તમાન દશામાં એટલે હાલતમાં, વર્તમાન પર્યાયમાં પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ ભાવ જે કરે છે એ આત્માથી સ્વભાવથી વિપરીત ભાવ છે અને એનું નામ ભગવાન બંધભાવ કહે છે. એ બંધભાવ એ દુઃખરૂપ છે. સમજાણું કાંઈ? એ બંધને અને આત્માને જુદો પાડવો અંદરમાં એનું નામ મુક્તિ. પહેલી મિથ્યાત્વથી મુક્તિ છે. સમજાણું કાંઈ? જરી ઝીણી વાત અહીં આવી છે જુઓ!

‘**જેમ...**’ અહીંથી લઈએ ફરીને. જુઓ. ‘**(દીપક વડે) પ્રકાશવામાં આવતા...**’ ત્યાંથી છે જરી. જરી ઝીણી વાત છે પણ ન સમજાય એવી નથી. જરી મગજને કેળવવું પડે. આ તો અનંત કાળથી સત્ય વાતને સમજવામાં એણે લીધી નથી. એમ ને એમ અંધારે આંધળો આત્મા શું ચીજ છે એના ભાન વિના વ્યામોહમાં સ્વરૂપના ભાન વિના એણે બાહ્ય ત્યાગ કર્યા અને બાહ્ય ત્યાગમાં વ્યામોહે પરની અધિકાઈથી મેં કાંઈ કર્યું, મેં કાંઈક ત્યાગ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કર્યો અને હું કંઈક સાધુ છું, હું મુનિ છું એવું વ્યામોહે માનીને અનંત કાળથી રખડ્યો છે. અત્યાગમાં તો રખડ્યો પણ બાહ્યના ત્યાગમાં વ્યામોહ છે એને. હું ચૈતન્ય કોણ છું એના ભાન વિના બાહ્યનો ત્યાગ થઈ ગયો એટલે હું અધિક થઈ ગયો, મોટો થઈ ગયો અને હવે બીજા મને માને, મને આદર આપે, આદર ન આપે તો ઠીક નહિ આ બધો વ્યામોહ અનાદિનો ત્યાગી, અત્યાગીને તો છે પણ ત્યાગીને આ એક વ્યામોહ છે અંદર. શેઠી! એ વ્યામોહ એ મિથ્યાભ્રમ અજ્ઞાન છે. એ અહીં કહે છે.

'**જેમ (દીપક વડે) પ્રકાશવામાં આવતા ઘટાદિક (પદાર્થો)...**' દીવો છે ને આમ દીવો અહીંયાં દીવો? એની જોડે ઘટ-ઘડો, વસ્ત્ર, કપડા, લાકડા, કોલસા આમ પ્રકાશે છે. કહે છે.. ધ્યાન રાખજો જરી ઝીણી વાત છે હોં. '**દીપકના પ્રકાશપણાને જ જાહેર કરે છે-**' એ દીવો જે છે પ્રકાશમય એ ઘટપટને પ્રસિદ્ધ નથી કરતો. પણ એ દીવાના દ્વિરૂપતાને પોતાનું પ્રકાશવું અને એને પ્રકાશવું એવું એનું પ્રકાશપણું એને એ જાહેર કરે છે, પ્રસિદ્ધ કરે છે. સમજાણું કાંઈ? દીવો છે પ્રકાશની મૂર્તિ દીવો. એ દીવો, કહે છે, દીપકના પ્રકાશપણાને ઘટપટાદિને.. છે ને? '**પ્રકાશવામાં આવતા...**' દીવો જ્યાં છે ત્યાં પ્રકાશવામાં આવતા ઘડો, વસ્ત્ર આદિ '**પ્રકાશવામાં આવતા ઘટાદિક દીપકના પ્રકાશકપણાને જ જાહેર કરે છે**' એ તો દીવો પોતાના પ્રકાશપણાની જ પ્રસિદ્ધિને પ્રગટ કરે છે. પરવસ્તુને પ્રસિદ્ધ નથી કરતો એમ કહે છે. સમજાણું કાંઈ? આ દૃષ્ટાંત પહેલો સમજવો પડશે એને. કહો, સમજાય છે કાંઈ? સોભાગભાઈ!

દીવો છે ને દીવો? કહે છે કે એ દીવો '**પ્રકાશવામાં આવતા ઘટાદિક (પદાર્થો)...**' ભાષા એમ છે પહેલી. દીવો છે એ પ્રકાશવામાં આવતા જોડે વસ્ત્ર, ઘટ, મકાન આદિ એવા પ્રકાશપણાને એ દીપકના પ્રકાશપણાને જ પ્રસિદ્ધ કરે છે. દીપકના પ્રકાશપણાની પ્રસિદ્ધિ કરે છે. પોતાનું પ્રસિદ્ધિ પ્રકાશવું અને આનું (પ્રકાશવું), એવી દ્વિરૂપતાના પ્રકાશને દીવો પ્રસિદ્ધ કરે, જાહેર કરે છે. પરપદાર્થને નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ નહિ. એ તો થોડું મગજને કેવળવવું (પડે એવું છે). આ કાંઈ બીડીનું કામ નથી, આ તો બીજું કામ છે. શેઠ! રૂપિયા-બુપિયા થઈ ગયા ને બીડીમાં, એ કાંઈ નહિ. એ તો એક પુણ્યને લઈને થયું. એમાં કાંઈ બુદ્ધિ કામ કરતી નથી. નવનીતભાઈ! આ તો કહે છે.. ધ્યાન રાખો. જે રીતે છે તે રીતે એને ખ્યાલમાં આવવું જોઈએ.

દીવો છે ને આ દીવો. જુઓ! પ્રકાશ આદિ. ધારો કે આ દીવો છે પ્રકાશ. એ દીવો પ્રકાશવામાં આવતી આ ચીજ. કહે છે કે એ પ્રકાશવામાં, દીવા વડે પ્રકાશવામાં આવતી ચીજ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એને એ પ્રકાશતો નથી. એ તો પોતાના પ્રકાશના રૂપને પ્રકાશે છે. દીવાનો પ્રકાશ, પ્રકાશરૂપ છે. પોતાને પ્રકાશે છે અને આ ચીજ છે એવી અહીં પ્રકાશના પોતાના ભાવને પ્રકાશે છે. કોઈ દિ' એણે તત્ત્વને સમજવા માટે દરકાર કરી નથી. એમ ને એમ દુઃખી... દુઃખી... દુઃખી... ચોર્યાસી લાખમાં દુઃખી હોં. દુઃખી હશે એમાં? સોભાગભાઈ! પૈસાવાળા પણ દુઃખી, નિર્ધન પણ દુઃખી, નારકી પણ દુઃખી, પુરુષ દુઃખી, સ્ત્રી દુઃખી, કીડા દુઃખી, હાથી દુઃખી, દેવ દુઃખી. કેમ કે ભગવાન આત્મા અંદર વસ્તુ છે એમાં આનંદ પડ્યો છે. એ સત્ સત્ સત્ સત્ સચ્ચિદાનંદ. સત્ સત્ સત્ નામ હોવાપણે, જ્ઞાન અને આનંદના હોવાપણે એ આત્મપદાર્થ છે. એવા આત્માના હોવાપણામાં જ્ઞાન અને આનંદનું સ્વરૂપ છે એવું એણે અનાદિથી જાણ્યું જ નથી. સમજાય છે કાંઈ?

કહે છે કે એ દીવો.. અહીં તો આત્મામાં એ ઉતારે છે હવે. કે દીવો જે છે એ પ્રકાશવામાં આવતા પદાર્થો એ દીપકના પ્રકાશપણાને જાહેર કરે છે. દીવો પોતાનું પ્રકાશવું, ઘટપટાદિ છે એનું પ્રકાશવું એને પ્રકાશે એ પ્રકાશની દ્વિરૂપતા વિશેષતાને એ પ્રકાશે છે, પરને નહિ. સમજાણું કાંઈ? આ તો હજી દૃષ્ટાંત છે. હવે સિદ્ધાંત તો અંદર છે.

તેમ ભગવાન આત્મા એ જ્ઞાનસૂર્ય છે પ્રભુ. ચૈતન્યના પ્રકાશનો પુંજ આત્મા છે. વસ્તુ છે ને આત્મા? તો વસ્તુ છે તો એની કોઈ શક્તિ, સામર્થ્ય સ્વભાવ હોય છે કે નહિ? વસ્તુ છે ને પદાર્થ આત્મા? તો છે એની કોઈ શક્તિ અથવા સામર્થ્ય અથવા ગુણ અથવા સ્વભાવ. હોય એનો કાંઈક ગુણ અને સ્વભાવ તો હોય કે નહિ? તો છે એનો ગુણ શું છે મુખ્ય? ચૈતન્યપણું, પ્રકાશ. ચૈતન્યપ્રકાશ છે. સમજાય છે કાંઈ?

આત્મા '**ચેતવામાં આવતા...**' એના જ્ઞાનમાં જાણવામાં આવતા. રાગાદિ, રાગાદિ એટલે પુણ્ય અને પાપના ભાવ થાય એ જ્ઞાન તેને પ્રકાશવામાં આવતા. રાગને તે પ્રકાશતું નથી. પણ જ્ઞાન જ્ઞાનરૂપ અને રાગનું જ્ઞાન એના જ્ઞાનના પ્રકાશપણાને પ્રકાશે છે. હિંમતભાઈ! ઝીણું બહુ ઝીણું. અરે..! કોઈ દિ' એણે પોતાની દયા કરી જ નથી. પોતાની દયા ખાધી નથી. દુઃખી થઈ રહ્યો છે. એ દુઃખીની દયા નથી. બીજાને દુઃખી દેખીને કે આહાહા..! પણ દુઃખી હેરાન છો મૂઢ. તને ભાન નથી તારું. સમજાય છે કાંઈ? આત્માની જ્યાં શાંતિ નથી ત્યાં એકલું દુઃખ જ છે.

અહીં તો કહે છે કે દુઃખ જે રાગ-દ્વેષના પરિણામ છે આહા..! જેને બંધભાવ કહીએ, પુણ્ય-પાપ વિકલ્પો રાગ. '**ચેતવામાં આવતા રાગદિક...**' છે ને? '**રાગાદિક (અર્થાત્ જ્ઞાનમાં જ્ઞેયરૂપે જણાતા રાગાદિક ભાવો)...**' એ રાગ તો, ખરેખર ચૈતન્ય ચૈતન્યને પ્રકાશે છે અને રાગને જાણવાના પ્રકાશમાં પ્રકાશે છે. રાગના સ્વરૂપપણે આત્મા નથી. સમજાય

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે કાંઈ? આમ ચૈતન્ય પ્રકાશ.. એ રાગાદિ જે થાય છે તે જ્ઞેયપણે જણાવાયોગ્ય અને જાણનાર જ્ઞાન. એ જાણનાર જ્ઞાનમાં ચૈતન્યનું પ્રકાશવું અને રાગાદિને પ્રકાશવાનું દ્વિરૂપતાના પ્રકાશપણે પ્રકાશે છે આત્મા. એમ ન માનતા હું રાગને જાણું છું અને રાગને પ્રકાશું છું, રાગની અસ્તિ મારામાં છે એવી ભ્રાંતિ મિથ્યાત્વ અને દુઃખનું કારણ છે.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- હા. દીવાનું દૃષ્ટાંત ન સમજ્યા?

દીવો છે એ પ્રકાશે છે આમ. હવે એ પ્રકાશે છે એ પ્રકાશે ઓલા ઘટપટને? કહે ના. એ ઘટપટને પ્રકાશવાના કાળમાં દીવો પોતાને પ્રકાશે છે અને એનું શું છે? એવું એને પ્રકાશરૂપ દ્વિરૂપતા પ્રકાશે છે. સ્વપરપ્રકાશનું દ્વિરૂપતાથી પ્રસિદ્ધ દીવો પામે છે. સોભાગભાઈ! ઝીણું બહુ આવ્યું પણ. ભાઈ! એણે કોઈ દિ' ધર્મ કેમ થાય છે અને દુઃખ કેમ ટળે છે એની એને ખબર નથી. અહીં એ કહે છે. ભાઈ! દુઃખ કાંઈ શરીરમાં નથી, પરમાં નથી. તને તારી દશામાં રાગ અને દ્વેષના વિકલ્પો પુણ્ય અને પાપના થાય છે તે બંધરૂપ છે, તે દુઃખરૂપ છે. એ ખરેખર જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્માનું પર જ્ઞેયરૂપ છે, પર જ્ઞેયરૂપ છે. એને ઠેકાણે મારારૂપ છે એ માન્યતા ભ્રમ અને દુઃખદાયક અને ચોર્યાસીના અવતારની ગાંઠ છે એ. સમજાણું કાંઈ? ધીમેથી સમજવું.

વાત છે. જુઓ! આ લાકડું છે ને? તો આ જ્ઞાન પ્રકાશે છે. તો જ્ઞાન પ્રકાશે જ્ઞાન જ્ઞાનને જાણે છે અને જ્ઞાન લાકડું છે એવું અહીં જ્ઞાન થાય છે એ જ્ઞાનની દ્વિરૂપતા, જ્ઞાનના સામર્થ્યનું સ્વપરપ્રકાશકપણું તેને એ પ્રકાશે છે. જરી ઝીણી વાત છે, ભાઈ! એણે કોઈ દિ' અભ્યાસ કર્યો નથી. જગતના અજ્ઞાનના અભ્યાસ કરી અને શાસ્ત્રના ભણતરના અભ્યાસ કરીને વસ્તુ શું છે એને સમજ્યો નથી. આહાહા..!

કહે છે કે '**જેમ (દીપક વડે) પ્રકાશવામાં આવતા ઘટાદિક (પદાર્થો)...**' પ્રકાશવાના કાળમાં પોતાની વિશેષતા સ્વ-પરને પ્રકાશવું તેને તે પ્રકાશે છે. પરને નહિ. શેઠિયા! આહાહા..! ભગવાન ચૈતન્ય દીવો, ચૈતન્ય ચમત્કાર વસ્તુ ભગવાન ખરેખર તો એ જ્ઞાનસ્વરૂપ પ્રભુ પોતાને જાણે છે અને રાગાદિ છે એ પર તરીકે પોતાના અસ્તિત્વમાં રહીને, જ્ઞાનના જ્ઞાનપણાના અસ્તિત્વમાં રહીને રાગને પરપણે જાણવાના અને સ્વને સ્વપણે જાણવાના સામર્થ્યને પ્રકાશે છે. સોભાગભાઈ! આહાહા..! કહો, બાલચંદજી! સમજાય છે કે નહિ? ... આકરું કામ છે પણ .. ઝીણું પડે પાછું. ઓલી દુનિયાની .. ચોપડા લખ્યા, ફલાણું કર્યું, ઢીકણા કર્યા. આ શું કહે છે હજી આ વાત? આહાહા..!

અહીં તો કહે છે. મોક્ષ અધિકાર છે ને? સુખી થવાનો અધિકાર છે. હવે સુખી થવાના

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

અધિકારમાં કઈ રીતે સુખી થાય? અને કઈ રીતે દુઃખી થઈ રહ્યો છે? ભગવાન આત્મા ચૈતન્ય પ્રકાશનું પૂર, નૂર છે આત્મા. જેમ પાણીના પ્રવાહનું પૂર છે એમ આત્મા ચૈતન્ય.. ચૈતન્ય... પ્રકાશ, સ્વપરપ્રકાશ જ્ઞાનનું પૂર છે. એનું એ નૂર છે આત્મા. એ ચૈતન્યમાં જે રાગ અને દ્વેષ (થાય છે)... શરીર વાણી અત્યારે કાઢી નાખ્યા અત્યારે તો. એ તો પરની વાત છે. ફક્ત એમાં પુણ્ય અને પાપના શુભ અને અશુભ જે રાગ થાય છે એ જ્ઞાનના પ્રકાશમાં પરવસ્તુ છે એમ ન માનતા અજ્ઞાની એને પોતાના માને છે. તેથી તેનામાં દુઃખની ઉત્પત્તિ અને ભ્રાંતિની ઉત્પત્તિ થાય છે. એ ભ્રાંતિ ચોર્યાસી લાખના જન્મ-મરણની ગાંઠ છે. સમજાણું કાંઈ? હિંમતભાઈ! ભારે વાતું. .. ઝીણો.. હોં! બિચારા સાંભળવા નવરા થાય નહિ. સાંભળવા આવે ત્યાં પકડાય નહિ.

ભાઈ! તું એક ચૈતન્ય છો ને પ્રભુ! ચૈતન્ય સ્વપરપ્રકાશકનું પુર-નૂર છે કે નહિ? એ ચૈતન્ય સ્વરૂપ અમૃતનું પ્રકાશનું પૂર છે. ભાઈ! તને ખબર નથી. એ ચૈતન્ય અનંત ગુણમાં ચૈતન્યના પ્રકાશની સાથે અનંતા ગુણો છે પણ એ ચૈતન્યની ચેતનતાની અધિકતામાં કહે છે કે જે રાગદ્વેષ થયો પુણ્ય-પાપ ભાવ છે કે નહિ તને? જો ન હોય તો આનંદનો અનુભવ હોવો જોઈએ. અતીન્દ્રિય આત્મા વસ્તુ છે એ કોઈ રીતે દુઃખરૂપ હોઈ શકે નહિ, અપૂર્ણ હોઈ શકે નહિ, વિપરીત હોઈ શકે નહિ. વસ્તુ છે એ ચૈતન્ય મૂર્તિ પૂર્ણ સ્વભાવથી ભરેલો પદાર્થ છે. અને જો એનું ભાન હોય અને જો એ પરને પોતાનું ન માનતો હોય તો ત્યાં આગળ આનંદ હોવો જોઈએ. શેનો આનંદ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પરમાં ક્યાંય ધૂળેય નથી આનંદ. સમજાય છે? આ શરીર ને પૈસા ને બાયડી ને છોકરા ને મકાન ને ધૂળમાંય નથી. મૂઢ માનીને બેઠો પાપી પ્રાણ. પ્રાણ નામ આત્માના આનંદના પ્રાણનો નાશ કરીને. આહાહા..! એ શોભાલાલજી! અહીં સુખ છે ને અહીં સુખ છે. ધૂળમાંય નથી. તારું સુખ તે પરમાં હોય? સમજાય છે કાંઈ? એ પરમાં એ તો કાઢી નાખ્યું અહીં. પણ પુણ્ય અને પાપના ભાવમાં મને સુખ છે એટલે કે તે હું છું, એટલે કે તે મારી ચીજ છે એવી જે અંદર માન્યતા છે એ જ મહા મિથ્યાત્વ અને અનંત સંસારની ગાંઠ છે. આહાહા..!

હવે કહે છે અહીંયાં, ભાઈ! ખરેખર તો એ પુણ્ય-પાપના ભાવ તારા ચૈતન્ય પ્રકાશમાં એકપણે નથી. સાથે ઉત્પન્ન હોવા છતાં જ્યાં જ્યાં જ્ઞાનની પર્યાય-અવસ્થા થાય ત્યાં ત્યાં રાગની અવસ્થા થવા છતાં એક સાથે એક ક્ષેત્રે, એક કાળે આમ હોવા છતાં એ વિકાર અને જ્ઞાન બે એક નથી. બે ભાવ જુદા છે. સમજાણું કાંઈ?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે છે, જેમ એ દીવાના પ્રકાશપણાને દીવો જાહેર કરે છે. ઘટાદિને નહિ. એ ઘડાને પ્રસિદ્ધ નથી કરતો. આહાહા..! **'તેમ (આત્મા વડે)...'** ભગવાન ચૈતન્ય.. અહીં તો એની દૃષ્ટિ ત્યાં જાય ત્યારે ચેતવામાં આવતા હું આ રાગને જાણું એવું એને થાય. અંતરમાં દૃષ્ટિ કર્યા વિના એને આત્મા જાણનાર અને એ જણાવાયોગ્ય એવો ભેદ અંદર રહે નહિ. આમ પરને જાણવામાં એકાકાર અનાદિથી થઈ ગયેલો છે. કહો, જેઠાલાલભાઈ!

કહે છે કે આ આત્મા ચૈતન્યનો પ્રકાશ જે પ્રકાશે છે. આ પ્રકાશને એ પ્રકાશે છે અને ખરેખર તો એ રાગને પ્રકાશવાના અસ્તિત્વવાળું સ્વને અને પરને પ્રકાશવાવાળું તત્ત્વ એ પોતે છે. એથી તેના જ્ઞાન સ્વરૂપ જે આત્મા, તેની ઉત્પત્તિ જે દશા થાય તે જ કાળે પુણ્ય-પાપ, દયા-દાન વિકલ્પ જે ઉઠે છે એ ક્ષેત્ર એક છે, કાળ એક છે, ભાવ ભિન્ન છે. શેઠિયા! કહો, જ્ઞાનચંદજી! જરી શાંતિથી ભાઈ આ સમજવા જેવી ચીજ છે.

કહે છે કે પ્રભુ ચૈતન્ય જેના સામર્થ્યમાં તો જાણવું-દેખવું પડ્યું છે. એના સામર્થ્યમાં કોઈ રાગ-દ્વેષભાવ એની શક્તિના સામર્થ્યમાં એ સત્‌ના સત્ત્વમાં એ રાગદ્વેષ નથી. સત્ એવો જે ભગવાન આત્મા, એનું સત્ત્વ એટલે સત્ એમાં પુણ્ય-પાપનો ભાવ નથી. સત્‌ના સત્ત્વમાં તો જાણવું-દેખવું એનું સત્ત્વ છે. જ્ઞાનચંદજી! સમજાય છે કાંઈ? આ જ્ઞાનચંદજીની તો વાત ચાલે છે આ.

કહે છે, ભાઈ! તું એક ચૈતન્ય વસ્તુ છો કે નહિ? કે આત્મા ચેતવામાં આવતા. આત્મા દ્વારા જાણવામાં આવતા. જાણવામાં આવતા. શું? રાગાદિ. પુણ્ય-પાપના વિકલ્પો, પુણ્ય-પાપ શુભ-અશુભભાવ એ જાણનારના જાણવામાં આવતા, જાણનારના અસ્તિત્વમાં, જાણનારના અસ્તિત્વમાં આ રાગાદિ જાણવામાં આવતા તે જ્ઞાનમાં જ્ઞેયરૂપે જણાતા. ખરેખર તો જ્ઞાનસ્વરૂપના પ્રકાશમાં રાગ પરરૂપે જ્ઞાન તેને જાણતું, જ્ઞાન જ્ઞાનને જાણે અને જ્ઞાન રાગને જાણે એવા દ્વિરૂપતાના પ્રકાશને પ્રકાશી રહ્યો છે. ઝીણી વાત છે. સોભાગભાઈ! આહાહા..! ભગવાન! તેં તારી કળા તેં કોઈ દિ' સાંભળી નથી. સુખની કળા, સુખ કેમ થાય ને એ રીત અંદર કઈ રીતે છે એને તેં જોઈ નથી. સમજાણું કાંઈ?

ભગવાન! તારું સ્વરૂપ છે કે નહિ કોઈ? વસ્તુ છે એનું સ્વરૂપ છે કે નહિ? વસ્તુ હોય એનું સ્વ-પોતાનું કોઈ ભાવરૂપ હોય કે નહિ? તો વસ્તુ છે એનું સ્વરૂપ શું છે? ચૈતન્ય એનું સ્વરૂપ છે. એની સાથે આનંદ આદિ અનંત ગુણનું સ્વરૂપ છે. હવે કહે છે કે એ ચૈતન્ય પ્રકાશમાં આવતા, ચેતવામાં આવતા એ વ્યવહાર, દયા, દાન, પુણ્ય-પાપની વૃત્તિ જે ઉઠે છે એ આત્મા વડે જાણવામાં આવતા, જાણવામાં આવતા. એ આત્માના ચેતકપણાને જાહેર કરે છે. આત્મા જાણનાર પોતાને અને આ રાગને જાણનાર એવી દ્વિરૂપતાના ચૈતન્યના સામર્થ્યની

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પ્રસિદ્ધિને પામે છે. રાગપણાની પ્રસિદ્ધિ ત્યાં છે નહિ. છતાં રાગની પ્રસિદ્ધિ જેને દૃષ્ટિમાં આવે એ મિથ્યાદૃષ્ટિ ભ્રાંતિમાં પડ્યો છે. સમજાય છે કાંઈ? ભારે ભાઈ આવો ધર્મ કઈ જાતનો આ? એય.. ન્યાલભાઈ! ધર્મ તો દયા કરવી, દાન દેવા, ભક્તિ કરવી, પૂજા કરવી ચાલો ભાઈ. અરે..! સાંભળને ભગવાન! તું કરી શકે તારી સત્તામાં. પરના હોવાપણામાં તારો અધિકાર નથી. પરના હોવાપણામાં તારા સિવાય આ શરીર, વાણી, મન એના હોવાપણામાં તારો કાંઈ અધિકાર નથી. હવે એના હોવાપણામાં એ ઊંધો અધિકાર કરે તોપણ એ અને સવળો કરે તોપણ એ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્યના પ્રકાશનું સ્વરૂપ, એની સામું ન જોતાં એ રાગની ઉત્પત્તિ થાય તેની સામું જોઈને તેમાં એકાકાર થાય છે એ રીતે આત્માનું સ્વરૂપ છે નહિ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચૈતન્ય સૂર્ય સ્વપરપ્રકાશની મૂર્તિ આત્મા છે. એની સામું ન જોતાં અનાદિથી ઓલો રાગ ઉત્પન્ન થાય એની સામું જોઈને રાગનું જ જ્ઞાન અને આ જ હું છું એ મિથ્યાત્વભાવ, દુઃખનું કારણ અને ચોર્યાસીની ગાંઠ છે ઈ. નવનીતભાઈ! આહાહા..!

અહીં કહે છે કે એ ગાંઠને છેદવાનો ઉપાય? કે તું ચેતનાર છો એમ અંદરમાં જોતાં, જાણનાર હું છું જોતાં, જાણનારને જોતાં રાગાદિ જે જણાય છે અને જાણનારને જણાય છે, એવું રાગ અને આ બે જ્ઞાનની પ્રસિદ્ધિપણું તારામાં છે. રાગની પ્રસિદ્ધિ તું કર એવું તારામાં નથી. આહાહા..! બહુ ઝીણી વાત છે. બહારમાં આવું ન મૂકાય. ત્યાં સમજે નહિ. કો'ક દિ' બે દિ' ચાર દિ' રહેવું હોય એમાં આવી ઝીણી વાતને મૂકાય? ત્યાં તો જરી બિચારા .. અહીં તો સોનગઢમાં તો બધી ઝીણી વાત ચાલે. બધું ચાલે. અહીં તો ઘણાં વર્ષનો પરિચયને. કહો, સમજાણું આમાં?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- વન્સ મોર કરે છે. આ તો ફરી ફરીને પણ સમજવા જેવી વાત છે. વાત સાચી છે. આહાહા..!

ભગવાન! તારા સ્વરૂપમાં ચૈતન્ય સ્વરૂપ છે, જ્ઞાનસ્વરૂપ છે કે પુણ્ય-પાપના રાગ એ તારું સ્વરૂપ છે? તારું સ્વરૂપ કાયમી, અસલી તો ચૈતન્ય સ્વરૂપ. જાણવું-દેખવું એની સાથે આનંદ આદિ બધું સ્વરૂપ. એવા ચૈતન્ય સ્વરૂપને અસ્તિપણે જેણે પોતાના સ્વસન્મુખ થઈને માન્યું નથી એ અનાદિનો જીવ સ્વસન્મુખ વિનાનો પુણ્ય અને પાપના સન્મુખ થઈને પર્યાયબુદ્ધિમાં જઈને... આ બીજી ભાષા હવે આવે છે જરી. ભાઈ! એ પુણ્ય અને પાપનો રાગ તે પર્યાયની બુદ્ધિમાં જઈને એને પ્રકાશું છું અને એ જ હું છું એનું નામ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? આહાહા..!

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


એ તો ચેતવામાં આવતા. એટલે કે ચૈતન્ય સ્વરૂપને સન્મુખતાથી આત્મામાં જાણવામાં આવતા. રાગાદિક એટલે પુણ્ય-પાપનો, દયા, દાનનો જે વિકલ્પ છે રાગ એને જ્ઞેયપણે જાણાતા, જ્ઞેયપણે જણાતા. સ્વપણે જણાતા એમ નહિ. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચૈતન્ય દીવો છે. એ દીવો જેમ પ્રકાશે ઘટપટાદિને પ્રકાશવામાં આવતા. એને પ્રકાશતો નથી પણ પોતાના પ્રકાશના દ્વિરૂપતાને પ્રકાશે છે. એ દીવાનું વાસ્તવિક સ્વરૂપ છે. એમ ચૈતન્યનું વાસ્તવિક સ્વરૂપ, યથાર્થ સ્વરૂપ, સત્ય સ્વરૂપ એ જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા પોતાના સ્વરૂપના લક્ષમાં ચડતો, પોતે પોતાને પ્રકાશે છે તેમ પ્રકાશવામાં આવતા રાગાદિને પ્રકાશે છે એવી પ્રસિદ્ધિને પામે છે. રાગ મારા છે એવી પ્રસિદ્ધિને એ ચૈતન્યના સ્વરૂપના સ્વભાવ સન્મુખ થતાં એ હોતું નથી. સમજાણું કાંઈ? આહાહા..! કહો, સમજાય છે કે નહિ? જુગરાજજી! આવે છે. વેપારીને પણ.. લ્યો શેઠી! આ કાલનું વિશેષ કહ્યું. ફરીને કહ્યું.

ચેતવામાં ભગવાન આત્મા દ્વારા ચેતવામાં આવતા. ચૈતન્ય પ્રકાશ, એના અસ્તિત્વમાં એના દ્વારા જણાવામાં આવતા-જાણવામાં આવતા રાગાદિ પુણ્ય-પાપ. તે જ્ઞાન સન્મુખથી ચેતનને ચેતતા રાગાદિ તે પરજ્ઞેયપણે જણાય એમાં જ્ઞાનની પ્રસિદ્ધિ જ્ઞાન કરે છે, પોતાની પ્રસિદ્ધિ કરે છે કે હું જ્ઞાન છું અને આનું જ્ઞાન થયું એવી દ્વિરૂપતાના જ્ઞાનને પ્રસિદ્ધિ કરે છે. એનું નામ આત્મખ્યાતિ કહેવામાં આવે છે. કહો, જેઠાલાલભાઈ!

મુમુક્ષુ :- અનાદિથી ઊંધું જ કરી રહ્યો છે.

ઉત્તર :- હા. ઊંધીની રીત કહે છે અહીં તો ભેગી પાછી. ઊંધી અને સવળાની રીત ભેગી કહે છે.

‘**જ્ઞાનમાં જ્ઞેયરૂપે જણાતા...**’ ભગવાન આત્મા જ્ઞાન સ્વરૂપી પ્રભુ, એના સન્મુખથી થતું જે જ્ઞાન, એ જ્ઞાનમાં એનાથી વિમુખ થયેલો વિકલ્પ તે જ્ઞાનમાં જાણે જ્ઞાન એ જ્ઞાનની વિશેષતાની પ્રસિદ્ધિ છે. રાગની પ્રસિદ્ધિ નથી. સમજાણું કાંઈ? આ શરીર આવું છે, જુઓ! આમ છે ને શરીર? હવે એમાં કાંઈક શરીરનો એક અવયવ તૂટ્યો. સમજાય છે? તો જ્ઞાનને આ થયું શું? એવી જ્ઞાનની પ્રસિદ્ધિ જ્ઞાને કરી છે. એ તૂટવાની ક્રિયાને નહિ. સમજાણું? ફરીને. આ અવયવ છે ને જડ? આંગળી તૂટી, આંખ ફૂટી. એ વખતે જ્ઞાન જ્ઞાનને પ્રકાશે છે કે આ આમાં થયું એ સંબંધીના જ્ઞાનને પ્રસિદ્ધિ જ્ઞાનને પમાડે છે, પ્રસિદ્ધ કરે છે. એ ચીજ આમ થઈ એને નહિ. એનો જ્ઞાનનો એવો સ્વભાવ જ છે કે જ્ઞાનની પ્રસિદ્ધિ ત્યાં છે. આની નહિ. આહાહા..! સમજાણું કાંઈ? ભારે ભાઈ ધર્મની આવી વાતું!

ચૈતન્ય સ્વરૂપ ભગવાન આત્મા સ્વપરપ્રકાશનું પોતે અસ્તિત્વવાળું તત્ત્વ. એ રાગાદિને પ્રકાશવાના કાળમાં પોતાને પ્રકાશે છે તેમ રાગાદિનું જ્ઞાન છે તેને એ પ્રકાશે છે. રાગને નહિ.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


સમજાણું કાંઈ? ખરેખર વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે. એ બારમામાં કીધું છે ને? એની આ વાત બીજી રીતે લીધી. ચૈતન્ય ભગવાન સ્વ સ્વરૂપને જાણતા જે દશા પ્રગટી અને એમાં કાંઈક જે રાગાદિ રહી ગયો એ રાગને જ્ઞાન જ્ઞાનમાં રહીને જાણે છે. રાગ મારો છે એમ જ્ઞાન જાણતું નથી. રાગ મારો છે એમ જાણે તો એને આત્મા સ્વપરપ્રકાશક ચૈતન્યની દૃષ્ટિ થઈ નથી. એને રાગની જ દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? પણ રાગ તે આત્મા નથી એ તો ચૈતન્ય સ્વરૂપ છે. એમ ચૈતન્ય સ્વરૂપની દૃષ્ટિ થતાં ચૈતન્ય પોતાના દ્રવ્ય-ગુણને પ્રકાશે છે, સાથે આ રાગ છે એને ભિન્ન રહીને જ્ઞેય કરીને પોતે પ્રકાશે છે. પોતાની શક્તિને અને પર્યાયને અને આને એનું જાણવું એ જ્ઞાનની દ્વિરૂપતાની જાહેરાત થાય છે. રાગાદિની જાહેરાત એમાં છે નહિ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એની દ્વિરૂપતા એની સ્વપરપ્રકાશકપણું ત્યાં પ્રસિદ્ધિને પામે છે એમ કહે છે. રાગનું પ્રસિદ્ધિપણું પામતો નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

એનું સ્વરૂપ શું છે? એ તો સ્વપરને જાણવું. તો સ્વપરને જાણનાર છે એની જ્યાં દૃષ્ટિ થઈ સન્મુખ થઈને, પછી રાગને પ્રકાશે છે એમ નહિ. રાગ સંબંધીનું પોતાનું જ્ઞાન અને પોતાનું જ્ઞાન જે પોતાનું એને પ્રસિદ્ધિ પામે છે ત્યાં. હિંમતભાઈ! સમજાણું કાંઈ? આ એનું નામ ધર્મ અને સમ્યગ્દર્શન કહે છે. એનું નામ સમ્યગ્જ્ઞાન અને ધર્મના સુખનો પંથ નીકળ્યો એમ કહે છે.

'**આત્માના ચેતકપણાને જ...**' પાછું એમ. ઓલાને તો નહિ એમ કહે છે. વ્યવહાર નહિ એ નહિ. એ સંબંધીનું પોતાનું અને પોતા સંબંધીનું પોતાનું '**જાહેર કરે છે-રાગાદિપણાને નહિ.**' સમજાણું કાંઈ? એવી અંતર દૃષ્ટિ થતાં જ્ઞાયક જ્ઞાયકપણે ભાસે અને જ્ઞાયક રાગને જાણે એવા જ્ઞાનપણે ભાસે એનું નામ સમ્યગ્જ્ઞાન છે. સમજાણું કાંઈ? શાસ્ત્રનું ભણતર ઓછુંવત્તું હોય એની સાથે કાંઈ સંબંધ નથી. આ ચીજ જે છે જ્ઞાયક ચૈતન્ય ભગવાન, એનું પ્રકાશવાપણું પોતાને પ્રકાશે એ તો એનો સ્વભાવ જ છે. પણ તે કાળે, તે પ્રકારના રાગાદિનું તે પ્રકારનું જે જ્ઞાન પ્રકાશે છે એ તો પોતા વડે પ્રકાશે છે અને પોતાના સ્વપરપ્રકાશની પ્રસિદ્ધિને પામે છે, રાગની પ્રસિદ્ધિને પામતું નથી.

કેવળજ્ઞાન એક સમયમાં પ્રકાશે છે એ પોતાની પૂર્ણ પર્યાયને પ્રકાશે છે, લોકાલોકને પ્રકાશે છે એમ નહિ, ભાઈ! આહાહા..! એ તો પરજ્ઞેય છે. પોતાનું ત્રિકાળી સ્વરૂપ ભગવાન અને એની ત્રિકાળી દ્રવ્ય-ગુણ-પર્યાય, એને ચેતવામાં આવતા, પ્રકાશવામાં આવતા સ્વપરપ્રકાશની પર્યાયને જ પ્રકાશે છે, પ્રસિદ્ધ કરે છે. લોકાલોકને નહિ, લોકાલોક એને ઘરે રહી ગયા. સમજાણું

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

કાંઈ? કહો, જયકુમારજી! બહુ ઝીણું પણ આવું. આ કરતા કાંઈ કરવાનું કહો ને કે આ કરીએ.. આ કરીએ.. કરી શકે છે શું? આંખની પાંપણ ફેરવી શકતો નથી, ભાઈ! ખબર નથી તને. આહાહા..! પ્રભુભાઈને ત્યાં ગયા હતા ને. આમ જુઓ તો શરીર, હજી તો ૬૦ પણ નહિ થયા હોય ૬૦. આવા ગૃહસ્થ માણસ, પૈસા કરોડો રૂપિયા શું કરે ત્યાં? .. શું કીધું એ? તૂટી ગઈ આ. હેમરેજ. અરે.. ભગવાન! અહીં પડ્યો તને ભાન ન મળે. આહાહા..! આ તે કાંઈ એને... સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ થયું એને શુક્રવારની રાતે. રવિવારે અહીં આવ્યા હતા વિનંતી કરવા. આવ્યા હતા. બે ભાઈ અને લાલુભાઈ અને ..ભાઈ. વિનંતી કરવા. અમે ત્યાં બેઠા હતા. આ રવિવાર પછી શુક્રવારને રાતે થયું. સવા નવ વાગે પક્ષઘાત. પછી અમે રવિવારે ગયા હતા. અસાધ્ય. લ્યો, આ બંગલા ને આ પૈસા ને આ ધૂળ ને. આહાહા..! અરે..! ભગવાન! તું તો સ્વનો પ્રકાશ અને પરનો પ્રકાશનો પૂંજ છો. પરરૂપ નથી અને પરને પ્રકાશવામાં રહેતો નથી એવો તું છો. આહાહા..! સમજાણું કાંઈ?

'**આમ હોવા છતાં...**' લ્યો, એ વાત પૂરી થઈ ત્યાં. '**આત્માના ચેતકપણાને જાહેર કરે છે-રાગાદિપણાને નહિ.**' પરજ્ઞેયને નહિ. સ્વજ્ઞેયનું જ્ઞાન સ્વપર પ્રકાશવાની પર્યાય તેને તે પ્રકાશે અને પ્રસિદ્ધપણાને પામે છે. સમજાણું કાંઈ? '**આમ હોવા છતાં તે બન્નેની,...**' આત્માની અને બંધની. ભગવાન આત્મા ચૈતન્યનો પ્રકાશ અને એ રાગ જે વિકલ્પ ઉઠે છે તે બંધ. તે બંધ. અને ભગવાન આત્મા આત્મ ચૈતન્ય સ્વરૂપ અબંધ સ્વરૂપ. તે '**(-આત્મા અને બંધની) અત્યંત નિકટતાને લીધે...**' ઘણી જ નજીકતાને લીધે, ત્યાં જ્યાં રાગ દયા, દાનનો ઉઠે છે ત્યાં જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે. એવી નિકટતા, નજીકતાને કારણે '**ભેદ સંભાવનાનો અભાવ હોવાથી...**' એ રાગને અને ચૈતન્યની જુદાઈના જ્ઞાનનો અભાવ હોવાને કારણે... અત્યંત '**ભેદ નહિ દેખાતો હોવાથી...**' અજ્ઞાનમાં એ રાગ અને આત્મા ભિન્ન છે એમ નહિ દેખાતો હોવાથી.

'**(અજ્ઞાનીને) અનાદિ કાળથી એકપણાનો વ્યામોહ છે;...**' જોયું! રાગ, પુણ્ય અને પાપનો વિકલ્પ દયા, દાન, વ્રતાદિનો રાગ. એનો અને આત્મા જ્ઞાનસ્વરૂપ છે ભગવાન એની જુદાઈ નહિ દેખતો '**અનાદિ કાળથી એકપણાનો વ્યામોહ (ભ્રમ) છે;...**' અનાદિ કાળથી ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ અને હું રાગ પણ છું, એની જુદાઈ ન ભાસતા બે એકપણે ભાસે છે તે વ્યામોહ-ભ્રમ છે. સમજાણું કાંઈ? હવે આ શરીર ને બાયડી-છોકરા, પૈસા ધૂળ તો ક્યાંય તારી રહી ગઈ. એય.. શેઠ!

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


મુમુક્ષુ :- ...

ઉત્તર :- એમ નહિ. એ મારા છે એ તો ક્યાંય રહી ગયું એમ કહે છે. અહીં તો અંદર જ્ઞાનની દશા કાળે રાગની ઉત્પત્તિ થાય તે મારા છે અને અમે બે એક છીએ, નિકટતાને કારણે ભેદ નહિ ભાસતો હોવાથી અભેદપણે લાગે છે એ ભ્રમ છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. .. શું કહે છે? વગેરે. જુદું પડવું. સમજાણું કાંઈ?

ભાઈ! બંધ અને આત્મા બે જુદા છે એમ કહે છે. કેમ કે બંધ છે એ આસ્રવ વિકલ્પરૂપ તત્ત્વ છે એ અટકેલું છે એ બંધતત્ત્વ છે. ભગવાન આત્મા તો જ્ઞાયક તત્ત્વ છે. એ જ્ઞાયક તત્ત્વમાં જ્ઞાનની ઉત્પત્તિને કાળે જ વિકારનું ઉત્પન્ન થવું અને જુદાઈનું ન ભાસવું એ જ અનાદિનો ભ્રમ અજ્ઞાનીને નિકટતાને લઈને ભેદ નથી ભાસતો માટે. સમજાણું કાંઈ? જ્ઞાનમાં જ્ઞાનના અસ્તિત્વમાં રહીને રાગને પર તરીકે તે સંબંધીના જ્ઞાનને પ્રકાશતું જ્ઞાન એ એનું સ્વરૂપ છે. એમ ન માનતા, એમ ન જાણતા, એમ ન અનુભવતા એ રાગ નિકટતા, નજીકનું જ્ઞેય છે. શરીરાદિ તો દૂર જ્ઞેય છે આમ જરી. નજીકના કાળ અને ક્ષેત્રે છે. અસંખ્ય પ્રદેશે ક્ષેત્ર ત્યાં ઉત્પન્ન થાય છે જ્ઞાન અને રાગ અને કાળ પણ એક જ છે. પણ એવા નિકટતાને કારણે ભાવની ભિન્નતાના ભેદના અભાવને કારણે. રાગરૂપી ભાવ અને જ્ઞાનરૂપી ભાવ, બેની જુદાઈના અભાવને કારણે બે એક છે તેમ મિથ્યાત્વથી માન્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ભ્રમને સિદ્ધ કર્યો.

**'તે વ્યામોહ પ્રજ્ઞા વડે જ અવશ્ય છેદાય છે.'** એક સિદ્ધાંત આ. હવે એ ભ્રમ જે છે એ પ્રજ્ઞા વડે છેદાય છે. કોઈ બીજાની ક્રિયા નથી. એની જ્ઞાનની જે વર્તમાન દશા એને અંતરમાં વાળતા રાગથી ભિન્ન પડવાની દશા જ્ઞાન પ્રજ્ઞાછીણી છે. સમજાણું કાંઈ? ભ્રમ છે એ પણ બતાવ્યું અને ભ્રમને છેદવાની રીત પણ બેય બતાવી. આ એની ધાર્મિક ક્રિયા છે. આ સૂઝ પડે નહિ અંદર ક્યાંય. હજી તો ક્યાંય સાંભળ્યું ન હોય, ખબર ન મળે. કહે છે કે, ભાઈ! ભગવાન ચૈતન્ય જ્યોતનો પિંડલો પ્રભુ છે. અનંત ગુણ હોં! અનંત ગુણનું એકરૂપ અને રાગાદિ ક્ષણિક કૃત્રિમ ઉત્પત્તિ થાય વિકાર, એને અનાદિથી એકપણાનો પર ઉપર અભ્યાસને લઈ ભેદ બેની જુદાઈના ભાન નહિ હોવાથી તે મારા છે એવો અજ્ઞાનીને વ્યામોહ નામ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

**'તે વ્યામોહ પ્રજ્ઞા વડે જ...'** પાછું એમ છે. જુઓ! પાછું એ રાગ જે ઉત્પન્ન થાય છે એ તો બંધભાવ છે. એ દ્વારા જુદું પાડી શકાય એમ તો હોઈ શકે નહિ. કારણ કે એનાથી તો જુદું પડવું છે. સમજાય છે કાંઈ? વિકલ્પ ઉઠે છે દયા, દાન, શુભ આદિ ભાવ એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

તો બંધભાવ છે. એનાથી જુદું પડવું છે, જુદું પડવામાં એ સાધન કેમ હોય? સમજાય છે કાંઈ? એટલે કે દૃષ્ટિ ત્યાંથી ઉઠાવ, આત્મામાં લઈ જા. એ પ્રજ્ઞાછીણી રાગને અને આત્માને ભિન્ન પાડવાની કળા છે. પર્યાય ઉપર જે બુદ્ધિ છે.. આમ બીજી રીતે (કહીએ). રાગ અને પુણ્ય ઉપર તારું રુચિ અને લક્ષ છે એને પર્યાયને અંતરમાં વાળ એ પ્રજ્ઞાછીણીથી બે જુદા પડે, બાકી બીજો ઉપાય છે નહિ. કહો, શેઠ! સમજાય છે કાંઈ? કોઈ દિ' સાંભળ્યું ન હોય ૬૮ વર્ષે. આહાહા..!

જુઓને કેટલી રીતે આચાર્યોએ પ્રસિદ્ધ વાત કરી છે. સૂક્ષ્મને પણ પ્રસિદ્ધપણે એના ખ્યાલમાં આવે એ રીતે વાત કરી છે. ભગવાન ચૈતન્ય પ્રકાશ છે ને પ્રભુ. એની સામું જો એટલે રાગની સન્મુખતા જે એકતા હતી એ તૂટી જશે. એટલે દુઃખની દશાથી આનંદ દશામાં જા, પ્રજ્ઞાને વાળ એ છૂટા પડી જશે. સમજાણું કાંઈ? આ ધાર્મિક ક્રિયા એવી લાગે માણસને. પણ એમાં કાંઈ વ્યવહાર મદદ કરતો હશે કે નહિ?

મુમુક્ષુ :- તમે તો ના પાડો છો.

ઉત્તર :- તો પછી વ્યવહાર કરવો શું કરવા ત્યારે? કહે છે કે ભાઈ! વ્યવહાર એટલે રાગ અને રાગ એટલે બંધનભાવ. ભાઈ! તને ખબર નથી. પહેલેથી પુણ્યને હેય કરે,.. પણ સાંભળ તો ખરો. આ તો સ્વભાવની દૃષ્ટિ માટે એના તરફનું જોવું છોડી અને સ્વભાવ સન્મુખ થા ત્યારે રાગ અને આત્મા જુદા પણે એનું નામ સમ્યગ્દર્શન છે. એ ભાવ હોય છે શુભાદિ. પણ એ ભાવથી ભિન્ન પડે આત્માનું પરિણમન રહે છે. એ ભાવથી એકપણે પરિણમન જે હતું એના ભિન્નપણે પરિણમન રહે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- રાગના શુભભાવમાં એકપણે જે પરિણમન હતું એ પછી શુભથી જુદું પડ્યું છતાં શુભ હોય. પણ એનાથી જુદું પરિણમન રહે છે. જ્ઞાયકપણાના પરિણમનમાં, પોતાની પ્રસિદ્ધિમાં, રાગની પ્રસિદ્ધિવાળું જ્ઞાન પ્રસિદ્ધ પામે છે. રાગ હો. પણ હો તો એનાથી જુદું પરિણમન પામે છે. અંતર્મુખ પરિણમનનું પરિણમન છે. ઓલું બહિર્મુખ એકલું રાગની એકત્વબુદ્ધિમાં હતું એ અંતર્મુખ થયું એટલે રાગથી ભિન્ન પડીને પરિણમન છે. જ્ઞાની વ્યવહારથી મુક્ત છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે ભાઈ વાત. આ એકાંત છે રે એકાંત. અરે.. ભગવાન! સાંભળને ભાઈ. એ જેમ છે એમ છે. એમાં બીજું કાંઈ થાય એવું નથી. એકાંત છે. આવું વ્યવહાર કહેતા નથી. ભાઈ કોણ? અમારી ક્યાં વાત છે? આ તો અનાદિની વાત છે. આ અમારી કલ્પનાએ વાત કરીએ છીએ આ? આ શું લખ્યું છે અંદર આ? શેઠી! આમાં શું છે આ?

**'તે વ્યામોહ પ્રજ્ઞા વડે જ અવશ્ય છેદાય છે.'** એટલે રાગની એકતાબુદ્ધિનો મિથ્યાત્વભાવ તે જ્ઞાનની પર્યાયને અંતર વાળતા રાગથી આત્મા જુદો પડી જાય છે. એ પ્રજ્ઞાછીણી જરૂર તે બેને જુદા પાડે છે. આહાહા..! કહો, જ્ઞાનચંદજી! સમજાય છે કે નહિ કાંઈ? આહાહા..! એટલો ભાગ છે એમાં કેટલું ભર્યું છે! ચૈતન્ય સ્વભાવ એની સન્મુખ જ્યાં થયો, ત્યાં રાગથી સન્મુખ જે હતો એ વિમુખ થયો. સ્વભાવથી વિમુખ હતો એ સન્મુખ થયો. સ્વભાવ સન્મુખ થતાં રાગની એકતાનો ભ્રમ છેદાઈ જાય છે. એની ઉત્પત્તિ થતી નથી. અને તેની સાથે અનુભૂતિ એટલે આત્માની શાંતિ અને શ્રદ્ધા-જ્ઞાનની ઉત્પત્તિ થાય છે. આ એને મોક્ષનો માર્ગ કહે છે. કહો, સમજાણું આમાં?

**'તે વ્યામોહ પ્રજ્ઞા વડે જ અવશ્ય છેદાય છે.'** એ પ્રજ્ઞા એટલે? વર્તમાન જ્ઞાનની દશા અંતરમાં વાળવી તે પ્રજ્ઞા કહેવાય છે. ભગવાન મોટું તત્ત્વ સત્ત્વ મહા પદાર્થ છે. એ જ્ઞાનની દશાને અંદરમાં વાળતા રાગની એકતા તૂટી જાય છે અને મિથ્યાત્વ નાશ થઈ જાય છે અને સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થાય છે. સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- આત્મા અને બંધ બન્નેને લક્ષણભેદથી ઓળખી...'** જુઓ! પહેલા ઓળખાણ. ભગવાન આત્મા એ જ્ઞાનલક્ષણે લક્ષિત છે. ચૈતન્યના લક્ષણે લક્ષિત છે. લક્ષિત એટલે? જ્ઞાનના લક્ષણે તે ઓળખી શકાય છે. પુણ્ય-પાપનો ભાવ એ બંધના ભાવ વિકાર લક્ષણે ઓળખી શકાય છે. ભગવાન આત્મા જાણવાના લક્ષણથી લક્ષ થઈ શકે છે. બંધ રાગના વિકાર લક્ષણે બંધનો ભાવ ઓળખી શકાય (છે). બેયના લક્ષણ જુદા છે. સમજાણું કાંઈ? આહાહા..!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- કીધું ને. પહેલું આવી ગયું છે આપણે. જુઓ! પહેલા ૨૯૪માં આવ્યું. **'આત્માનું સ્વલક્ષણ ચૈતન્ય છે,...'** આવ્યું છે અને **'બંધનું સ્વલક્ષણ તો આત્મદ્રવ્યથી અસાધારણ એવા રાગાદિક છે.'** પહેલા પેરેગ્રાફમાં આવી ગયું છે. ભગવાન આત્મા, એનું લક્ષણ ચૈતન્ય છે જાણવું... જાણવું... જાણવું... જાણવું... એ જાણવાના લક્ષણ વડે લક્ષ નામ આત્મા જાણી શકાય છે. અને બંધનું લક્ષણ રાગાદિ છે. વિકાર રાગાદિ પુણ્ય-પાપનો વિકલ્પ તે બંધનું લક્ષણ છે. એ બેના સ્વરૂપને લક્ષણ દ્વારા જાણીને, **'લક્ષણભેદથી ઓળખી...'** બેયના લક્ષણ જુદા છે એવા લક્ષણના ભેદથી ઓળખી **'બુદ્ધિરૂપી છીણીથી છેદી જુદા જુદા કરવા.'** જ્ઞાનની પ્રજ્ઞાને અંતર વાળતા રાગથી જુદા પડે તે પ્રજ્ઞાછીણીથી જુદા પડે છે. સમજાણું કાંઈ? એનું નામ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર ધર્મની ક્રિયા કહેવામાં આવે છે. છૂટો પડ્યો એ છૂટાનું પરિણમન છૂટાપણે શરૂ થઈ ગયું એ મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પછી થોડો અર્થ કરે છે.

**'આત્મા તો અમૂર્તિક છે...'** મૂર્ત નામ રૂપ રંગ વિનાની ચીજ છે. આત્મામાં કાંઈ રૂપ રંગ છે નહિ. વસ્તુ છે, પદાર્થ છે પણ અરૂપી છે, અમૂર્તિક છે. **'બંધ સૂક્ષ્મ પુદ્‌ગલપરમાણુઓનો સ્કંધ છે...'** એ પરની અપેક્ષામાં લીધું. ટીકામાં તો રાગાદિ તે બંધનું લક્ષણ કહ્યું છે. પણ અહીંયાં ઓલો સ્કંધ બતાવ્યો પહેલો. બંધ સૂક્ષ્મ પુદ્‌ગલ પરમાણુનો સ્કંધ જડ જડ. **'તેથી બન્ને જુદા છદ્મસ્થના જ્ઞાનમાં આવતા નથી, માત્ર એક સ્કંધ દેખાય છે....'** બેય એક દેખાય છે એમ. ખરેખર તો સ્કંધ... આવે છે ને એ શબ્દો ઓલા પુદ્‌ગલ સ્કંધના પ્રદેશમાં સ્થિત આવે છે ને?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- હા. એ. પહેલીમાં.

**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण।**
**पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं।।२।।**

કારણ કે એનું લક્ષ પર ઉપર છે ને એટલે પરમાં સ્થિત છે એમ કહે છે. ખરેખર તો રાગમાં સ્થિત છે. કર્મ પુદ્‌ગલના પરમાણુને તો અડતો પણ નથી. પણ પરનું લક્ષ છે ને એટલે અજ્ઞાની કર્મમાં સ્થિત છે, સૂક્ષ્મ સ્કંધમાં એક છે એમ કહેવામાં આવે છે. ભારે ધર્મની વ્યાખ્યા ભાઈ આ. ભારે ઝીણી. સૂઝ પડે એમાં વાત નહિ અને સૂઝ પડે નહિ એવી વાત. સૂઝ તો પડી છે અનાદિની અજ્ઞાનની. હવે શું પડવું હતું તારે? સમજાણું કાંઈ? સંસારના જાણપણા દુઃખરૂપ, શાસ્ત્રના એકલા જાણપણા દુઃખરૂપ. શેઠી! કષાયની મંદતાના દયા, દાનના ભાવ દુઃખરૂપ. આહાહા..! બંધરૂપ.

એ આત્મા જાણે બેપણે હોય, પોતાપણે અને જાણે સ્કંધપણે એટલે રાગપણે હોય એમ માની બેઠો છે. **'તેથી અનાદિ અજ્ઞાન છે.'** તેથી અનાદિનું સ્વસ્વરૂપનું, પરનું જેને ભાન નથી. (એ) અજ્ઞાની છે. આહાહા..! એ અજ્ઞાન અનાદિનું છે કહે છે હોં!

**'શ્રી ગુરુઓનો ઉપદેશ પામી...'** તીર્થંકરો આદિ સંતોના ઉપદેશને પામી. એ સંતોનો ઉપદેશ એવો છે કે **'તેમનાં લક્ષણ જુદાં જુદાં અનુભવીને જાણવું...'** એમ એનો ઉપદેશ છે. ગુરુનો, જ્ઞાનીઓનો એ ઉપદેશ છે કે રાગાદિ બંધ લક્ષણ છે અને ચૈતન્ય આત્માનું લક્ષણ છે. એ બેને જુદા પાડવા, એમાં ઠરવું એ ઉપદેશ જ્ઞાનીનો છે. લ્યો, જ્ઞાનીના ઉપદેશમાં રાગ તારો છે એમ નથી ઉપદેશમાં એમ કહે છે. આહાહા..! રાડ પાડે પેલા, અરે..! પુણ્ય નહિ કરે તો જાશે ક્યાં? ભાઈ સાંભળને ભગવાન! પુણ્ય છે એ રાગ છે અને તારું સ્વરૂપ એનાથી જુદું (છે). એને ભિન્ન પાડ્યા વિના એ પુણ્યને પુણ્ય તરીકે પણ પરજ્ઞેય તરીકે જાણવાની

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


શક્તિ ખીલ્યા વિના જાણશે નહિ તું એને. સમજાણું કાંઈ? આહાહા..!

‘**શ્રી ગુરુઓનો ઉપદેશ પામી તેમનાં લક્ષણ જુદાં જુદાં અનુભવીને જાણવું...**’ ગુરુનો ઉપદેશનો અર્થ શું થયો? કે ગુરુએ એમ કહ્યું, ચૈતન્ય લક્ષણ તે આત્મા અને રાગલક્ષણ તે બંધ. બેને જુદા પાડ એમ ગુરુએ કહ્યું એ જુદા પાડવાનો ઉપદેશ ગુરુનો આવો જ હોય છે. ગુરુનો ઉપદેશ એવો નથી કે રાગથી તને કલ્યાણ થશે અને રાગ રાખજે એનાથી અંતર્મુખ જવાશે. એવો ઉપદેશ જ્ઞાનીનો હોતો નથી. ‘**જાણવું કે ચૈતન્યમાત્ર તો આત્માનું લક્ષણ છે અને રાગાદિક બંધનું લક્ષણ છે તોપણ માત્ર જ્ઞેયજ્ઞાયકભાવની અતિ નિકટતાથી તેઓ એક જેવા થઈ રહ્યા દેખાય છે.**’ એક જેવા થઈ ગયા નથી.

‘**તેથી તીક્ષ્ણ બુદ્ધિરૂપી છીણીને-કે જે તેમને ભેદી જુદા જુદા કરવાનું શસ્ત્ર છે તેને-તેમની સૂક્ષ્મ સંધિ શોધીને તે સંધિમાં સાવધાન (નિષ્પ્રમાદ) થઈને પટકવી.**’ વિશેષ કહેશે, હવે એની થોડી વાત છે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**આસો સુદ ૭, મંગળવાર તા. ૧૦-૧૦-૧૯૬૭**
**શ્લોક-૧૮૧, ગાથા-૨૯૪, પ્રવચન-૩૬૧**

સમયસાર. થોડો ભાગ છે છેલ્લો. શું કહે છે? જેને શાંતિ મેળવવી હોય એણે શું કરવું ઈ ચાલે છે. અનાદિનો આત્મા અશાંતિને અનુભવે છે. બરાબર હશે? નવનીતભાઈ! અશાંતિ? પૈસાવાળા તમને પણ અશાંતિ? પૈસાવાળા કારણે નહિ, પૈસાને કારણે નહિ પણ એની મમતાને કારણે. એ મમતા જે થાય છે એ દુઃખ છે, દુઃખ છે. આકુળતા છે. એ તો ઠીક પણ અંદર શુભ-અશુભ વિકલ્પ ઉઠે, બહારનો સંયોગ ન હોય લક્ષમાં, અંદરમાં શુભ-અશુભ પરિણામ થાય શુભ અને અશુભ. બેય આકુળતા છે-દુઃખરૂપ છે. એની ખબર એને નથી.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- બેય દુઃખ છે. શુભભાવ હો કે અશુભ હો. હિંસા, જૂઠું, ચોરી, વિષય ભોગ, વાસના એ રાગ એ દુઃખ છે અને દયા દાન, પૂજા, વ્રત, ભક્તિ એ વિકલ્પ ઉઠે છે એ પણ પુણ્ય એક રાગ અને દુઃખ છે. કેમ કે આત્માના આનંદ સ્વભાવથી ઊલટી દશા છે એ. એ દુઃખ કોઈ વખતે એને થોડું લાગે સંયોગને લઈને, કોઈ વખતે ઘણું લાગે સંયોગને લઈને. છે તો એના વિકારને કારણે દુઃખ. પણ નરકમાં જાય ત્યારે એને વધારે લાગે આમ સંયોગ ઉપર એની દૃષ્ટિ છે એટલે. નિગોદમાં ગયો ત્યારે અનંતું દુઃખ નરક કરતાં છે. પણ એને લાગતું નહોતું. છે દુઃખ. ભગવાન આત્મા તો ચૈતન્યરસ સ્વભાવ એનાથી ઊલટી દશાના ભાવમાં હીણી દશામાં પડેલો દુઃખી.. દુઃખી.. દુઃખી.. એ અનાદિનો દુઃખી છે. બરાબર હશે આ? સોભાગભાઈ! દુઃખી હશે? તમને તો બધા સુખી કહે છે માણસો. ઘણાં પૈસાવાળા છે એમ કહે છે. કરોડોપતિ સુખી છે. માણસો વાતું કરે છે. નહિ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળ સુખી એટલે? કરોડપતિનો અર્થ શું? એ કરોડ તો જડ ધૂળ છે. એનો પતિ થાય એ તો દુઃખી છે.

મુમુક્ષુ :- એ અર્થમાં આપ કહો છો તો...

ઉત્તર :- એ અર્થ. શેઠી!

ચૈતન્યસ્વામી થાય પોતે સહજાનંદ સ્વરૂપ એના સ્વસ્વરૂપનો સ્વામી થાય તો સુખી છે. બરાબર છે શેઠ? ખબર નથી પણ. આંધળો એમ ને એમ અનાદિથી (રખડે છે). કાંઈક શરીર ઠીક હોય અને કાંઈક પૈસા હોય અને કાંઈક આ શરીર, માણસપણું મળ્યું અને પાંચ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઈન્દ્રિય (મળી), બસ! આપણને મજા છે. મૂઢ છે એને ભાન નથી. આત્મા અંદર કોણ ચીજ છે.

અહીં કહે છે કે એ આત્માને જુદો પાડવાની જેને અભિલાષા છે, દુઃખથી છૂટવાનો જેને ભાવ છે અને આનંદ જે આત્માનો છે એ પ્રગટ કરવાની જેને અભિલાષા છે એણે શું કરવું? એણે શું કરવું? એ વાત ચાલે છે. છે અહીં જુઓ. '**તીક્ષ્ણ બુદ્ધિરૂપી છીણી...**' છે ને? છેલ્લેથી બીજી લીટી ગુજરાતીમાં. ભગવાન આત્મા જ્ઞાન સ્વરૂપ, ચૈતન્ય સ્વરૂપ છે. વસ્તુ છે વસ્તુ છે. એને અને રાગ પુણ્ય-પાપના વિકારને. એટલે? કોઈ એક માણસ કહેતો હતો, પણ એ દેખાતો નથી ને. ક્યાંક પ્રશ્ન કરતો હતો. પણ દેખાતો નથી એટલું નથી એને લાગતું? કે વસ્તુ છે આત્મા, એ વસ્તુ છે એમાં કોઈ ભાવ ભર્યો હશે. એ વસ્તુ છે એ ભાવથી ખાલી હોય? એ કહેશે હમણાં પાછળ ઓલામાં .. એ ભાવ એ વસ્તુ છે એનો સ્વભાવ સ્વ એટલે પોતાનો કાયમી ભાવ, વસ્તુ કાયમી છે એવો એનો કાયમી સ્વભાવ તો જ્ઞાન, આનંદ, શાંતિ એનો કાયમી સ્વભાવ છે. એ કાયમી આનંદના શાંતિ સ્વભાવને ભૂલ્યો છે એથી એને પુણ્ય-પાપના પ્રેમમાં ઠીક લાગે છે. જે આત્મામાં ઠીક લાગવું જોઈએ એને ઠેકાણે વિકારમાં ઠીક લાગે છે. એ જ મિથ્યાત્વપણું છે અને એ જ દુઃખનું કારણ છે.

એને '**તીક્ષ્ણ બુદ્ધિરૂપી છીણીને-કે જે તેમને ભેદી જુદા જુદા કરવાનું શસ્ત્ર છે...**' એને જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન.. જ્ઞાનની અવસ્થા જે જાણે છે... જાણે છે.. તે જાણવું એ લક્ષણ ચૈતન્યનું છે. એમ અંદરમાં જ્ઞાનની દશા દ્વારા અંતરમાં વાળીને રાગથી ભિન્ન પાડીને બે વચ્ચે શસ્ત્ર, જ્ઞાનની દશાની ઉગ્રતાનું તીક્ષ્ણ બુદ્ધિ તે જુદા પાડવાનું શસ્ત્ર છે. આરે..! સૂઝેય પડે નહિ આમાં શું કહે છે આ? માણસ ન જાણે એને એમ લાગે કે આ શું? ગ્રીક લેટીન જેવું લાગે. કોઈ દિ' ખબર ન મળે. અભ્યાસ કર્યો નથી ચૈતન્ય શું વસ્તુ છે? એના અભ્યાસના પગલે ચડ્યો નથી.

ભગવાન આત્મા અંદર સચ્ચિદાનંદ સ્વરૂપ છે પોતે. એને અને રાગ-દ્વેષના પરિણામ એ વિકારી દુઃખરૂપ છે. એમ જેને જુદા પાડવા હોય એને વર્તમાન જ્ઞાનની અવસ્થામાં આ જ્ઞાન તે આત્માનું સ્વરૂપ છે અને રાગ તે બંધનું સ્વરૂપ છે. બેના લક્ષણોને જુદા જાણી જ્ઞાનની વર્તમાન દશાને રાગથી જુદા પાડી અથવા રાગના લક્ષમાં છે તેને ફેરવી અંતર લક્ષમાં કરવી એનું નામ તીક્ષ્ણ જ્ઞાનબુદ્ધિ-શસ્ત્ર કહેવામાં આવે છે. એ શસ્ત્ર છે.

જેમ લાકડા બે હોય એને કાપવા છીણી પાડે છે ને બે કટકા થાય છે, એમ ભગવાન આત્મા વસ્તુ છે ને ચૈતન્ય દળ છે. એ આગળ કહેશે. '**તેમની સૂક્ષ્મ સંધિ શોધીને...**' બેનું એકપણું નથી અંદર. ખરેખર રાગ અને સ્વભાવનું એકપણું નથી. વચ્ચે સંધિ છે, સાંધ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

છે. બેની સાંધ છે. સાંધ સમજાય છે? સંધિ. જેમ મોટા પત્થર હોય છે ને લાખો મણના પત્થર? એમાં રગ હોય છે રગ ઝીણી. ઝીણી. રગ કહે છે ને? દોરા પડી જાય એમાં. લાલ કોઈ ધોળી. એમાં સુરંગ નાખે છે ને. સુરંગ નાખે પછી કપડાની વાટ નાખે, સળગાવે. જાય. લાખો મણ નીચે અને ઉપરથી પથરા જુદા થઈ જાય. બે જુદા જ છે અંદર સંધિ. એમ ચૈતન્ય વસ્તુ... સંધિ સમજો છો ને? પત્થર હોય છે ને મોટા પત્થર? લાખો મણ. એક દોરી જેટલી સંધિ હોય. વચ્ચે આંતરો હોય છે. વચ્ચે અંતર હોય છે. એમ આત્મા અને રાગ વચ્ચે આંતરો છે, સાંધ છે, બે જુદા પડવાની યોગ્યતા એનામાં છે એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? વાતું ભારે. ક્રિયા કરવી હોય તો તો ઠીક. એય.. ન્યાલભાઈ!

મુમુક્ષુ :- સહેલું ઈ છે.

ઉત્તર :- એ સહેલું છે રખડવાનું. આહાહા..!

કહે છે કે એમાં '**સૂક્ષ્મ સંધિ શોધીને...**' સંધિ. જ્ઞાન જાણનાર, જાણનારનો આ ભાવ જીવનો છે. અને એમાં પર તરફની ઝુકાવવાળી લાગણીઓ ઉઠે છે તે જ્ઞાનથી ભિન્ન ચીજ છે. એના બે વચ્ચેની સંધિને વિચારમાં લઈ અને ત્યાં સંધિમાં સાવધાન થઈને પટકવી. એટલે કે જ્ઞાનની પર્યાયને સ્વભાવ તરફ વાળવી. એમ. સમજાણું કાંઈ? જે જ્ઞાન, વર્તમાન જ્ઞાન દશા પર તરફના વલણમાં જે છે. વલણ સમજો છો? ઝુકાવ. પર તરફનો ઝુકાવ. વસ્તુ છે એ ત્રિકાળી જ્ઞાન અને આનંદરૂપ. એની વર્તમાન દશા-હાલત જાણવાની. એ હાલત એટલે પર્યાય. એ બહિર્મુખ રાગ અને પર ઉપર લક્ષવાળી છે. એને પર ઉપર લક્ષવાળી છે તેને સ્વલક્ષમાં લેવી એનું નામ બે વચ્ચે જ્ઞાનનું શસ્ત્ર નાખ્યું-છીણી એમ કહેવામાં આવે છે. ભારે ક્રિયા ભાઈ! કહો, સોભાગભાઈ! આ તો પૈસાનું હોય તો પૈસાનું પણ કરીએ કે લાવો ભાઈ આ બે લાખ આપે, પાંચ લાખ આપે જો મોક્ષ થઈ જતો હોય તો. એનાથી કાંઈ મોક્ષ થાય એવું નથી. ધર્મ થાય એવું નથી. રાગની મંદતા કરે. દાન આદિમાં પુણ્ય શુભભાવ થાય. અહીં તો શુભભાવથી ભિન્ન પાડવું એ ધર્મ છે. એમ કહેવું છે. આહાહા..! સમજાણું કાંઈ?

આ શરીર તો એક માટીનો પીંડલો છે ધૂળ. .. ક્યાંકની. દાળ, ભાત, રોટલા હતા એ અહીં ખડકાણા છે. વાસણમાં પડ્યા હતા એ અહીં ખડકાણા છે ને? પછી સ્મશાનની રાખ થઈને ઊડી જશે. ઓહોહો..! પ્રભુભાઈનું શરીર જુઓ કેવું હતું! રાખ થઈને ઊડી ગયું. ઓલા બુધવારે મરી ગયા. પ્રભુભાઈ ધીયા. ઓલા બુધવારે રાતે. ગુરુવારે બાળ્યા હશે. શું કરે આ? શું સ્થિતિ છે આ? મોટા બંગલા, મોટા રૂપિયા ક્યાં ગયા? શું કર્યું એણે?

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ... આહાહા..! લાખ લાખ રૂપિયાના ઈન્કમ ટેક્સ ભરે. લાખ લાખનો ઈન્કમ ટેક્સ સરકારને ભરે. હવે એવા ગૃહસ્થો. મરતા ટાણે શરીર.. હાય.. હાય... ખ્યાલ આવ્યો કે આ શરીર (ચાલતું નથી). તો આંખમાંથી આંસુ વયા ગયા. ૩૬ કલાકે ખ્યાલ આવ્યો હોં! અમે ગયા પછી આંખમાંથી આંસુ આવ્યા. આ બાજુ જોયું. ઓલી કોર શું થયું એ તો જોવાણું નહિ. કારણ કે પક્ષઘાતમાં થાતું શું હશે? .. આવતું હોય? ઓલી કોર આંખથી ન જોવાણું. આમ હતું. ખ્યાલ જ્યાં આવ્યો. પ્રભુભાઈ! પગે લાગો. ચંદુભાઈ કહે. ૩૬ કલાક અસાધ્ય હોં! આમ. આંખમાંથી આંસુ આવ્યા. ખ્યાલ આવી ગયો કે શરીરની આ સ્થિતિ થઈ ગઈ છે. એમ ખ્યાલ આવ્યો. સોનગઢથી મહારાજ આવ્યા છે, પગે લાગો. એ ખ્યાલ આવ્યો. ઓહોહો..! આ દશા! શું કરે આમાં રૂપિયા? શરીર શું કરે ધોળું, રૂપાળું, કાળું હોય તો શું કરે? આ તો માટી છે, જડ છે, ધૂળ છે. આહાહા..!

મુમુક્ષુ :- એ તો અત્યારે તો...

ઉત્તર :- અત્યારે આ ધૂળ શું છે? અત્યારે વળી આ શું છે?

મુમુક્ષુ :- રાખ થાય ત્યારે..

ઉત્તર :- આ રાખ નથી તો શેની અવસ્થા છે આ? આ પરમાણુ જડની દશા છે. મડદું છે.

મુમુક્ષુ :- જીવતા ન હોય તો કહેવાય ને.

ઉત્તર :- જીવતો તો જીવ છે. જીવતું શરીર છે?

મુમુક્ષુ :- .. આવ્યો છે જીવ.

ઉત્તર :- એ આવે છે .. આ તો માટી છે. એનો ઓલો જાણનારો ચૈતન્ય છે. આ માટી છે, હું ચૈતન્ય છું. એ જાણનારો બેયને જાણે તે આત્મા છે.

કહે છે કે એ રાગ અને આત્મા વચ્ચે (પ્રજ્ઞાછીણી મારવી). શરીરનું તો ક્યાંય રહી ગયું. અંતરમાં વિચાર કરતાં સ્વભાવનું સામર્થ્યપણું અને વિકારનું પર તરફના વલણવાળું લક્ષણ જોઈને સ્વભાવ તરફ ઢળવું. '**તે પડતાં જ બન્ને જુદા જુદા દેખાવા લાગે છે.**' તેથી બે જુદા એટલે આત્મા જ્ઞાનસ્વરૂપ છે તેમ અનુભવમાં આવે છે. એમ દેખાવા લાગે છે. '**એમ બન્ને જુદા જુદા દેખાતાં, આત્માને જ્ઞાનભાવમાં જ રાખવો...**' આગળ આવશે હોં હવે '**અને બંધને અજ્ઞાનભાવમાં રાખવો. એ રીતે બન્નેને ભિન્ન કરવા.**' જ્ઞાન સ્વરૂપ છે જાણનાર... જાણનાર.. એમ જાણનારમાં સ્થિર થવું અને રાગ તરફના લક્ષને છોડવું. રાગને રાગમાં રાખવો અજ્ઞાનભાવમાં.

અજ્ઞાન એટલે જે રાગ છે તે અજ્ઞાન (છે) એમાં જ્ઞાનનો પ્રકાશ નથી. પુણ્ય-પાપનો

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિકલ્પ જે ઉઠે છે એમાં અજ્ઞાન છે. અજ્ઞાન એટલે જ્ઞાનનું કિરણ નથી એમાં. એ અંધકાર છે. ચૈતન્ય ભગવાન જ્ઞાન છે. એમ એના પ્રકાશ અને અંધકાર બેના લક્ષને ભિન્ન જાણી જ્ઞાનમાં સ્થિર થવું, આને છોડી દેવું. એનું નામ સુખનો ઉપાય મોક્ષનો માર્ગ છે.

હવે એનો શ્લોક કહે છે એમાંથી લઈએ, જુઓ! '**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**' ૧૮૧ કળશ.

**प्रज्ञाछेत्री शितेयं कथमपि निपुणैः पातिता सावधानैः**
**सूक्ष्मेऽन्तःसन्धिबन्धे निपतति रभसादात्मकर्मोभयस्य।**
**आत्मानं मग्नमन्तःस्थिरविशदलसद्धाम्नि चैतन्यपूरे**
**बन्धं चाज्ञानभावे नियमितमभितः कुर्वती भिन्नभिन्नौ।।१८१।।**

'**શ્લોકાર્થ :- આ પ્રજ્ઞારૂપી તીક્ષ્ણ છીણી...**' હું જાણનાર, જાણવાની દશા એ મારી પ્રજ્ઞા એ અવસ્થા છે. એ પ્રજ્ઞા-જાણવાની વર્તમાન અવસ્થા જેમાં જણાય છે તે અવસ્થા જ્ઞાનની છે. એ જ્ઞાન અવસ્થારૂપી તીક્ષ્મ છીણી દ્વારા '**પ્રવીણ પુરુષો વડે...**' સમજાય છે? નિપુણ. એ નિપુણ અર્થ કર્યો છે ને? નિપુણ. એને નિપુણ કહીએ. એને નિપુણ કહીએ, એને વિચિક્ષણ કહીએ, એને ડાહ્યો કહીએ. કે જે આ જ્ઞાનસ્વભાવ ભગવાન અને રાગ-વિકાર બે વચ્ચેની સંધિમાં જ્ઞાનની એકાગ્રતા કરી એ '**निपुणैः**'. સમજાય છે કાંઈ?

'**પ્રજ્ઞારૂપી તીક્ષ્ણ છીણી પ્રવીણ પુરુષો...**' નામ સમ્યગ્દૃષ્ટિ અથવા ડાહ્યા પુરુષો એને પ્રવીણ કહેવામાં આવે છે. દુનિયાના ડાહ્યા એ બધા અપ્રવીણ કહેવામાં આવે છે. બીજી ભાષા આવતી હશે ને. મૂરખા કહેવામાં આવે છે. નવનીતભાઈ! ભાવ તો આવો છે. આહાહા..! ભગવાન! તારી નિપુણતા તારી શાંતિ માટે કામ ન આવે એ નિપુણતા શું કામની? આહાહા..! જે વિચક્ષણતા આત્માને દુઃખથી મુક્ત ન કરે એ વિચક્ષણતા શેની? બરાબર છે? આહાહા..!

'**પ્રજ્ઞારૂપી...**' 'આ' એમ શબ્દ વાપર્યો છે ને? '**अयं**' એને? '**शितेयं**' '**अयं**' આ. '**अयं**' આ. જુઓ! આમ વિદ્યમાન બતાવે છે. '**शितेयं**' જાણવું... જાણવું... જાણવું... એ જે અવસ્થા દેખાય છે ને અવસ્થા? એ પ્રજ્ઞાછીણીને અંતરમાં વાળવી. જેની દશા છે તેમાં એને વાળવી. એવી '**પ્રવીણ પુરુષો વડે કોઈ પણ પ્રકારે...**' કોઈપણ પ્રકારે મહાન અનંત અદ્‌ભુત પુરુષાર્થ દ્વારા. કહો, સમજાય છે કાંઈ? મોક્ષ છે ને? બંધ અને આત્માને દ્વિધા કરવા એનું નામ મોક્ષ. બેને જુદા પાડવા એનું નામ મોક્ષ. ભગવાન આત્મા આનંદ સ્વરૂપ પ્રભુ સચ્ચિદાનંદ અનાદિઅનંત શાશ્વત કંદ છે. એને પુણ્ય-પાપના વિકલ્પો બંધ છે, એ બેથી જુદા પાડવા એનું નામ મુક્તિ અને એનું નામ ધર્મ. આહાહા..! સમજાણું કાંઈ?

'**કોઈ પણ પ્રકારે...**' '**कथमपि**' છે ને એ? '**कथमपि**'નો અર્થ. '**कथम**' એટલે કોઈપણ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


પ્રકારે. પુરુષાર્થની ઉગ્રતા કરીને, સ્વભાવની મહિમા લાવીને અનંત બેહદ મારો સ્વભાવ છે, વસ્તુ છે એનું જ્ઞાન દર્શન જેનું સત્ત્વ, સત્ત્વ એટલે સત્ એવું એનું સત્ત્વ. એની બેહદતા, અનંતતા, બેહદ અચિંત્ય એવો સ્વભાવ છે. એવું કોઈપણ રીતે સ્વભાવનું માહાત્મ્ય, મહિમા લાવીને અને રાગ અને પુણ્યના વિકલ્પોની મહિમા છોડીને એમ ન કહ્યું. પણ અહીંયાં કોઈપણ પ્રકારે સાવધાનપણે-આત્મામાં સાવધાનપણે. અસ્તિથી વાત લીધી. આહાહા..!

ભાઈ! તું વસ્તુ છો ને કંઈક અંદર. મહાપદાર્થ છે ને. અને જેનામાં આત્મા પોતે વસ્તુ (છે) તો એનામાં બેહદ, અપરિમિત, અમર્યાદિત જ્ઞાન, દર્શન, આનંદ એવા સ્વભાવો એના અનંત ભર્યા છે. એનો કોઈપણ રીતે અંદર મહિમા, માહાત્મ્ય લાવી સાવધાનપણે. એટલે એ માહાત્મ્ય લાવીને અંદર જા, એમ કહે છે. '**(નિષ્પ્રમાદપણે) પટકવામાં આવી...**' સ્વભાવનું માહાત્મ્ય કરીને એકાગ્રતા થવામાં આવી '**આત્મા અને કર્મ બન્નેના સૂક્ષ્મ અંતરંગ સંધિના બંધમાં...**' ભગવાન આત્મા પદાર્થ છે ચૈતન્ય પ્રભુ અને બંધ તે રાગ અને પુણ્ય-પાપના વિકલ્પો વિકાર વિકાર. બેના સૂક્ષ્મ ઝીણી અંતરંગની સાંધ. અંતરની સાંધના જોડાણમાં. એ જ્ઞાનની અવસ્થા રાગમાં જોડાઈ જાય છે તેને વચમાંથી જ્ઞાનની અવસ્થાને રાગમાં જોડાવા ન દેતા જ્ઞાનની અવસ્થાને અંતરમાં લાવવી. ભારે ઝીણું આ.

આવી ધાર્મિક ક્રિયા એટલે સૂઝ પડે નહિ એટલે બિચારા જોડાઈ ગયા બહાર. અને કહેનારા એવા મળી ગયા. હેરાન થઈને ચાલ્યા ગયા. હેરાન થઈને ચાલ્યા ગયા. આહાહા..! તારા ચૈતન્યના ધામ તો જો અંદર શું છે. જગતની કોઈ સાધારણ ચીજની પણ એને મહિમા આવે છે. એક સાકરના પરમાણુમાંથી શું કહેવાય? સેક્રિન. થાય ને? સેક્રિન. એ રજકણોનું અસ્તિત્વ છે. સાકરના રજકણોનું પણ અસ્તિત્વ છે. એના અસ્તિત્વની પર્યાય એટલે હાલત. દ્રવ્ય-ગુણ તો કાયમ છે. એની હાલતની સેક્રિનમાં છસ્સો ગુણી મીઠાશ આવે છે. તો એ છસ્સો ગુણી મીઠાશ આવી ક્યાંથી? એ પરમાણુમાં રસગુણનો સ્વભાવ છે એમાંથી મીઠાશ આવી છે. સમજાય છે?

એમ આત્મા વસ્તુ છે એમાં અતીન્દ્રિય અનંત આનંદ છે. એમાંથી પર્યાયમાં અતીન્દ્રિય આનંદની મીઠાશ અંદરમાંથી આવે છે. ઓલી વાત એને બેસે કે હા, સાકરમાંથી આઠગણી (મીઠાશ આવે છે). પણ આ ભગવાન સાકરનો ગાંગડો આખો અતીન્દ્રિય આનંદનો છે. ગાંગડો સમજો છો? ભેલા. સાકરના પણ એક એક રજકણો જુદા છે, હોં! એક પોઈન્ટ નથી. ઘણા પોઈન્ટ ભેગા થઈને સાકર થઈ છે. એમાં ને એમાંથી જ્યાં મીઠાશ છસ્સો ગુણી એ પુદ્‌ગલની આ રીતે પ્રગટ અવસ્થા આટલા ગુણી દેખાય. હવે આત્મામાં તો અનંતગુણી મીઠાશ છે. બેહદ આનંદ છે. ભાઈ! તને ખબર નથી. આ મીઠાશ છે એનું જ્ઞાન કોને છે?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

એને છે? સાકરને છે? જડને ખબર છે કે આ મીઠાશ છે? આને ખબર છે કે મીઠાશ છે? તો એ મીઠાશનો જાણનારો આનંદની મીઠાશથી ખાલી નથી. સમજાણું કાંઈ?

એ અહીં કહે છે કે આત્મા આનંદમૂર્તિ ભગવાન અને આ રાગ જે વિકાર એમાંથી ઉત્પત્તિ થાય એની સંધિમાં શીઘ્ર પડે છે. એકાગ્ર થતાં અંતર સ્વભાવ સ્વરૂપના અંતર બહુમાનમાં આવતા અંતર એકાગ્ર થાય છે ત્યારે રાગ છૂટો પડી જાય છે. **'કેવી રીતે પડે છે? આત્માને તો જેનું તેજ...'** '**द्धाम्नि**' છે ને એ? જેનું તેજ. ઓલામાં ચાર બોલ લીધા છે ભાઈ આ ચારમાં. પ્રજ્ઞાછીણીમાં. આપણે ઉતાર્યું હતું ને ઓલા એક ફેરી નહિ? તેરમા બોલમાં નહોતું ઉતાર્યું? આ ૧૩મી ગાથામાં ઉતાર્યું હતું ને? ૧૩મી છે ને આમાં? ૧૩મો કળશ. ઉતાર્યું હતું આપણે એક ફેરી. '**नित्यमवबोधघनः समन्तात्**' એ શબ્દ છે ને? ૧૩મો કળશ છે.'**नित्यमवबोधघनः समन्तात्**'. '**नित्यम**' શબ્દે સદા કાળ અને '**समन्तात्**' શબ્દે અસંખ્ય પ્રદેશ-ક્ષેત્ર અને '**अवबोधघनः**' જ્ઞાનનો ભાવ પુંજ. એટલે દ્રવ્ય, ક્ષેત્ર અને ભાવ ત્રણ લીધા હતા. ૧૩મા કળશમાં છે. ૧૩મો કળશ છે ને? એમાં પણ છે ૧૩મો કળશ જુઓ! ભલે અર્થ ઓલામાં છે કળશમાં. પણ ઓલામાં છે. હિન્દી છે? ગુજરાતી છે. ૧૩મો છે એમાં ૧૩મો કળશ. આ તો '**नित्यमवबोधघनः समन्तात्**' ની વ્યાખ્યા કરી હતી. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા નિત્ય છે. એ ત્રિકાળપણું બતાવે છે. '**समन्तात्**' છે એ અસંખ્ય પ્રદેશે અસંખ્ય પ્રદેશ એના બતાવે છે. અસંખ્ય પ્રદેશ-ક્ષેત્ર. અને '**अवबोधघनः**' '**अवबोध**' નામ જ્ઞાનનો એ ઘન ભાવ બતાવે છે. દ્રવ્ય, ક્ષેત્ર અને ભાવ. સમજાણું કાંઈ? દ્રવ્ય એટલે વસ્તુ નિત્ય. એનું ક્ષેત્ર કેટલું છે? અસંખ્ય પ્રદેશ. અસંખ્ય પ્રદેશ છે ને? ક્ષેત્ર વસ્તુ છે તો એની પહોળાઈ છે ને પહોળાઈ? અસંખ્ય પ્રદેશ છે. '**समन्तात्**'. સર્વાંગ-સર્વાંગ. સર્વાંગ છે ને એમાં ક્યાંક? સમજાણું? સર્વાંગ શબ્દ છે જુઓ! '**समन्तात्**'નો સર્વાંગ કર્યો છે. સર્વાંગ. અંગ-સર્વ અંગ એટલે અસંખ્ય પ્રદેશ. નિત્ય સર્વાંગ એટલે ક્ષેત્ર, નિત્ય એટલે દ્રવ્ય ત્રિકાળ અને અવબોધ ઘન એનો ભાવ. એ જ્ઞાનનો ઘન છે. દ્રવ્ય, ક્ષેત્ર, એનો ભાવ. એનો અનુભવ કરવો એ એની પર્યાય. એ કાળ છે એનો. સમજાણું કાંઈ? એ અર્થ કર્યો હતો ભાઈ ત્યારે.

આમાં એ છે, જુઓ! **'આત્માને તો જેનું તેજ...'** હવે આપણે ચાલે છે એમાં લેવું. ભગવાન આત્મા ચૈતન્ય. જેના પ્રકાશમાં બીજા પ્રકાશો જણાય એવો જે પ્રકાશમૂર્તિ આત્મા. જેના પ્રકાશમાં બીજા પ્રકાશો જણાય કે આ પ્રકાશ. પણ એ કોના પ્રકાશમાં જણાય છે? ચૈતન્યના પ્રકાશમાં જણાય છે કે આ પ્રકાશમાં જણાય છે? આ પ્રકાશ છે એ કોના પ્રકાશમાં જણાય છે? ચૈતન્યના પ્રકાશમાં. ચૈતન્ય પ્રકાશની અસ્તિ છે એમાં જણાય આ પ્રકાશ. હું એ રૂપે નથી. હું એના જાણવાના પ્રકાશરૂપે છું. કહો, સમજાણું કાંઈ?

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહ્યું ને હમણાં? એક નહોતા વકીલ? એક આવ્યા હતા ને હમણાં? જયસુખલાલ. જામનગરથી. બહુ વિરોધી હતા પહેલા. ઘરમાં એક છોકરો છે સાત વર્ષનો. હવે દસ વર્ષનો, અગિયાર વર્ષનો (થયો હશે). આ ચર્ચા બહુ કરે છે. છોકરો કરે છે સાત વર્ષનો. હવે દસ થયા. ત્રણ વર્ષ પહેલાની વાત છે. એનો ભાઈ છે એ પણ અહીંનો રસવાળો છે. વિરોધ હતો. વીરજીભાઈ માટે ગયા હતા ને જામનગર? એમાં સાંભળ્યું એક વ્યાખ્યાન. જ્યાં એક સાંભળ્યું, ઓહો..! આ શું કહે છે? આ વાત તો રહી ગઈ. હું તો વિરોધ કરતો હતો. વકીલ છે. હમણાં આવ્યા હતા ત્યાં. હું તો વિરોધ કરતો હતો ભાઈનો. ભાઈ! તમે સાંભળો તો. એક વ્યાખ્યાન. આ ફેરી કહેતા હતા. હું એમ સમજતો હતો કે બીજું વ્યાખ્યાન. આ તો પહેલે જ વ્યાખ્યાને મને .. ચડી ગયું. આ ફેરી આવ્યા હતા ને? ભાઈ! તમે સાંભળો, બાપુ! આ કાંઈ અંધાધૂંધની વાત નથી. આ તો લોજિકથી, ન્યાયથી, અસ્તિત્વ શું છે અને એમાં નથી શું એની ન્યાયથી વાત છે આ. આ કોઈ એમ ને એમ માની લે એવું આંધળી દોડે એ વાત નથી.

એ છોકરો સાત વર્ષનો ત્રણ વર્ષ પહેલા ચર્ચા કરતા ઊભો થઈ ગયો. મહારાજ! આ ચૈતન્ય આત્મા આત્મા દેખો એમ કહો છો. આંખ મીંચીએ તો અંધારું દેખાય છે. છોકરો સાત વર્ષનો. આંખ મીચીએ તો અંધારું દેખાય છે. એટલું પૂછ્યું. પછી બહાર દેખે એમ ન બોલ્યો. અંધારું દેખાય છે. આત્મા ક્યાં દેખવો અમારે? ભાઈ! જેમાં દેખાય છે અંધારું એ અંધારા સ્વરૂપ છે? અંધારામાં અંધારું જણાય છે? કે ચૈતન્યના પ્રકાશમાં અંધારું છે એમ જણાય છે? ખબર નથી. કોઈ દિ' વિચારેય નથી. એમ ને એમ આંધળો ચાલ્યો જ ગયો છે. જેના પ્રકાશમાં, અંધારું છે એ અંધારાને અંધારું જાણનાર નથી. અંધારાને આ ચૈતન્ય પ્રકાશના નૂરમાં અંધારું એમ જણાય છે. સમજાણું? કો'ક પ્રશ્ન .. પછી હમણાં જ પ્રશ્ન કર્યો હતો. આ ગયા હતા ને વીરજીભાઈ. તો એ પ્રશ્ન કર્યો હતો આ ૧૯મી ગાથાનો આ આત્મસિદ્ધિનો. મહારાજ! કેવળજ્ઞાની છદ્મસ્થનો વિનય કેમ કરે? એવો પ્રશ્ન કર્યો. આમાં આવે છે ને? વિનય કરે ભગવાન. એવો પ્રશ્ન કર્યો. આત્મસિદ્ધિ છે ને આમાં શ્રીમદ્‌ની. કેવળજ્ઞાની થાય પરમાત્મા એ છદ્મસ્થ ગુરુનો વિનય કેમ કરે? આત્મસિદ્ધિની ૧૯મી ગાથામાં તો આમ આવ્યું છે. એમ બોલ્યો હોં!

મુમુક્ષુ :- સાત વર્ષનો છોકરો બોલ્યો?

ઉત્તર :- હવે નવ વર્ષનો થયો. સાત વર્ષનો છોકરો હતો ને. બે વર્ષ પહેલા ગયા હતા ને વીરજીભાઈને ત્યાં. એનો એ બોલ્યો. આ ૧૯મી ગાથા છે આ આત્મસિદ્ધિ છે ને એમાં.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જે ગુરુ ઉપદેશથી પામ્યો કેવળજ્ઞાન,
ગુરુ રહ્યા છદ્મસ્થ પણ વિનય કરે ભગવાન.

આત્મસિદ્ધિ. ..કીધું, એ તો વ્યવહારથી વાત કરી છે બહુમાનથી. બાકી કેવળી વિનય કરે નહિ. કેવળજ્ઞાની હોય એ પૂર્ણ દશા થઈ એને ગુણ ક્યાં વધારવા છે? અને એને ક્યાં વિકલ્પ છે? એવા પ્રશ્ન કરતો હતો. છોકરો છે. બહુ ચર્ચા કરે છે. ઘરમાં ચર્ચા બહુ ચાલે છે. છે ને આ જામનગરમાં ચાલે છે ને. હવે દસ વર્ષનો થયા. પણ એ તો આત્મા છે ને એની અંદર શું? શ્રીમદ્‌ને સાત વર્ષે જાતિસ્મરણ થયું હતું. સાત વર્ષે પૂર્વ ભવનું જ્ઞાન થયું હતું એમાં શું છે? આઠ વર્ષે કેવળજ્ઞાન થાય છે. અઢી વર્ષે આ જાતિસ્મરણ થયું નહિ હમણાં? આવ્યાને તમારે? ક્યાં ગયા? ત્યાં ક્યાં બેઠા? ત્યાં બેઠા? એમના દીકરાની દીકરી. વજુભાઈ આવ્યા છે ને. બેનના ભાઈ! ... ત્યાં આવી હતી ને આપણે જયપુર. એ દીકરી આવી નહોતી? છ વર્ષની દીકરી છે, છ વર્ષની. અઢી વર્ષે જાતિસ્મરણ થયું. સાડા ત્રણ વર્ષ પહેલા. આપણે બેનના મોટા ભાઈ છે ને. એમના દીકરાની દીકરી છે. અઢી વર્ષે બોલી કે ફઈબા, મારે બા છે તમારા જેવા. હું જૂનાગઢથી આવી છું. હું ગીતા છું. છે ને?

કોઈ માનતા નહોતા. પછી ઘણી વખત બહુ ઘણું કીધું પછી ભાઈએ હિંમતભાઈએ બહુ પરીક્ષા કરી હિંમતભાઈએ કે હવે તને અહીંથી જૂનાગઢ લઈ જઈએ તો તું તારી બાને ઓળખીશ? હા. તારા બાપને ઓળખીશ? હા. તારા કાકાને ઓળખીશ? કહે હા. તું ગીતાને ઓળખીશ ત્યાં? એ શું પણ? ગીતાને ઓળખીશ શું? ગીતા તો આ રહી. છોકરું છે ને હા પાડી દે ને? અમારે પંડિત હુશિયાર છે ને. અહીંથી તને લઈ જઈએ જૂનાગઢ. તારી બા છે, તારા બાપુ છે, તારા કાકા છે, તારું ઘર છે. બધું ઓળખીશ? કહે હા. તું ગીતાને ઓળખીશ? અમારે પંડિતજીએ પૂછયું. એ શું? ગીતા ક્યાં છે? ગીતા તો આ રહી. એનું શરીર? ગમે તે થયું હોય શરીરને. આ હું રહી ગીતા. ગીતા મરીને હું આ રાજુલ થઈ છું. એમ છે કે નહિ અનાદિ એવા અનંત ભવ? ક્યાં એને ભાન છે? વર્તમાન દેખ્યું આ.

અહીં કહે છે, પ્રકાશનું પુર આત્મા. હવે અહીં ચાર બોલ ઉતારે છે. જુઓ એ તેજને. અહીં તો તેજ આવ્યું ને પ્રકાશ? '**द्धाम्नि**'. ચૈતન્યનું પુર ભગવાન નૂર છે નૂર આત્મા-પ્રકાશ છે. કેવું છે? અંતરંગ. એનું ક્ષેત્ર ઉતાર્યું ભાઈ! અંતરંગ. અંગ છે ને અંગ? અંતર અંગ છે ને એટલે સર્વ પ્રદેશ ઉતાર્યા છે-અસંખ્ય પ્રદેશ. જેમ ઓલામાં '**समन्तात्**'. સર્વાંગ. અહીં અંતરંગમાં ક્ષેત્ર ઉતાર્યું આમાં આ કળશમાં ટીકામાં. અંતરંગ અસંખ્ય પ્રદેશ. અંતર અંગ. આ અંગ તો જડનું છે માટીનું. ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી છે એ અંતરંગ એના અંગ છે એ. સમજાય છે? અંતરંગમાં ભગવાન આત્મા અસંખ્ય પ્રદેશી. એક પોઈન્ટ રજકણનો

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ રજકણ પોઈન્ટ છે ને. મૂકીએ એટલી જગ્યાને પ્રદેશ કહીએ. તો આત્મા અસંખ્ય પ્રદેશી પહોળો છે. છે અખંડ વસ્તુ. પણ એના અસંખ્ય પ્રદેશ છે ત્યારે સંકોચ વિકાસ થાય છે ને? હાથીમાં જાય તો એવડો દેખાય, કીડીમાં જાય તો ઓલું દેખાય. એ અસંખ્ય પ્રદેશી અંતર અંગ. એના અંતરના અસંખ્ય પ્રદેશી આત્માના અંગ છે. જ્ઞાનચંદજી! સમજાણું કાંઈ? આ અંગ એનું નહિ. આ તો માટીનું અંગ છે-ધૂળનું. અસંખ્ય અરૂપી એના પ્રદેશ છે એ એનું અંગ છે.

'**સ્થિર...**' એ ત્રિકાળ શાશ્વત છે. સ્થિર ત્રિકાળ શાશ્વત છે. પ્રદેશ લીધા. સ્થિર કાળ લીધો. ત્રિકાળ શાશ્વત છે. સ્થિર છે. સ્થિતં સ્થિર ત્રિકાળ શાશ્વત છે વસ્તુ. પછી નિર્મળ છે. એ સર્વ કાળ શુદ્ધ છે. સર્વ કાળ શુદ્ધ છે. સર્વ કાળ શુદ્ધ છે એ ભાવ. પણ ભાવનું પણ વિશેષપણું હવે બતાવે છે. સર્વ કાળ નિર્મળ છે. સર્વ કાળ શુદ્ધ છે. વસ્તુ છે એ સર્વ કાળ શુદ્ધ છે. પર્યાયમાં અશુદ્ધતા એ વસ્તુ કાંઈ નથી. આખી ત્રિકાળ વસ્તુ શુદ્ધ ત્રિકાળ શુદ્ધ છે. અસંખ્ય પ્રદેશી એક વસ્તુ ત્રિકાળ શુદ્ધ છે. અને '**દેદીપ્યમાન છે...**' પ્રત્યક્ષ સર્વ કાળ પ્રત્યક્ષ એવો એ ભગવાન છે. વસ્તુ પ્રત્યક્ષ છે એમાં. જ્ઞાન, દર્શન, આનંદ પુર છે એ પ્રત્યક્ષ છે. કહો, સમજાણું કાંઈ?

એ પ્રત્યક્ષ ભાઈ લીધું છે. કારણ કે એમાં પ્રકાશ નામનો ગુણ છે ને. આત્મામાં પ્રકાશ નામનો ગુણ છે. ૪૭ ગુણ છે ને? ૪૭ શક્તિ. ૪૭ શક્તિ. એમાં બારમી પ્રકાશ નામની શક્તિ છે આત્મામાં. જીવત્વ શક્તિ, ચિતિ, દશિ, જ્ઞાન, સુખ, વીર્ય, પ્રભુત્વ, વિભુત્વ, સર્વદર્શી, સર્વજ્ઞ, સ્વચ્છત્વ અને પ્રકાશત્વ. એ બારમી શક્તિ છે. એ શક્તિ બારમી. આત્મામાં જેમ જ્ઞાનગુણ છે એવો પ્રકાશ નામનો ગુણ છે. એ ગુણનું શું કાર્ય છે? કે આત્માને પ્રત્યક્ષપણે કરે એ ગુણનું કાર્ય છે. પ્રત્યક્ષપણે અનુભવ કરે એ ગુણનું કાર્ય છે. રાગ દ્વારા કે પર દ્વારા અનુભવ થાય એ વસ્તુમાં, ગુણમાં છે નહિ. સમજાણું કાંઈ?

અંતરંગમાં ભગવાન આત્મા વસ્તુનું તેજ ચૈતન્યપુર. એમ કહેશે આગળ. એવું ચૈતન્ય પુર. એમ કહેશે ને? તેજ કેવું છે? કે ચૈતન્યનો પ્રવાહ છે. વસ્તુ ચૈતન્ય... ચૈતન્ય.. ચૈતન્ય.. જેમ પાણીનું પુર હોય છે ને, એમ ચૈતન્ય... ચૈતન્ય.. ચૈતન્ય.. એવો ચૈતન્યનો પ્રવાહ અનાદિથી ચાલ્યો આવે છે અંદરથી. ચૈતન્યના પ્રવાહરૂપે ભગવાન અનાદિથી ચાલ્યો આવે છે. રાગના પ્રવાહરૂપે, વિકારને પ્રવાહરૂપે નહિ. એ ચૈતન્યના પ્રવાહરૂપે ભગવાન જ્ઞાન સ્વરૂપ ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... સમજાણું કાંઈ? એવું જેનું તેજ અંતરંગમાં અસંખ્ય પ્રદેશમાં સ્થિર ત્રિકાળ શાશ્વતરૂપ, નિર્મળ શુદ્ધત્વરૂપ ત્રિકાળ શુદ્ધત્વરૂપ દેદીપ્યમાન ત્રિકાળ પ્રત્યક્ષ થવા લાયક. ત્રિકાળ પ્રત્યક્ષ જ છે એમ કહે છે. થવા લાયક પણ નહિ. આહાહા..! માણસને

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લાગે કે આ? પણ વસ્તુ છે ને વસ્તુ? એ તો પરોક્ષ તો તારું લક્ષ પર ઉપર ગયું છે માટે પરોક્ષ છે. વસ્તુ પરોક્ષ થઈ જાય એવી વસ્તુ જ નથી. આહાહા..!

ભગવાન આત્મા જ્ઞાનથી જ્ઞાનનું વેદન થઈને પ્રત્યક્ષ થાય એવું જ એનું તેજ છે. એવું એનું પુર ચૈતન્ય પુર છે. સમજાય છે કાંઈ? શ્રુતજ્ઞાન દ્વારા. આપણે ક્યાંક વાત કરી હતી નહિ? ૭૩મી ગાથામાં દિલ્હી. દિલ્હી શું અહીં જયપુર. ૭૩ ગાથા આવી ને? શાહુજી આવ્યા હતા. શાહુજી શાંતિપ્રસાદ. ત્યારે પછી કૈલાશચંદજી કહે, મહારાજ! ૭૩ ગાથા લ્યો. ૭૩માં પ્રત્યક્ષ આવ્યું હતું. પ્રત્યક્ષ અખંડ. પહેલી લીટી આવી હતી. ૭૩ ગાથા છે ને આમાં, જુઓને. જુઓ. ૭૩-૭૩. આ લ્યો એ જ નીકળ્યું. એ પાનું ફેરવ્યુંને એ નીકળ્યું. મેં કીધું ક્યાં હશે? જુઓ! આ રહ્યું ૭૩ છે જુઓ! ૭૩ ગાથા.

‘**હું આ આત્મા-પ્રત્યક્ષ...**’ પહેલો શબ્દ જ પ્રત્યક્ષ છે. પહેલી લીટી છે, પહેલી લીટી. એ જયપુરમાં અર્થ ચાલ્યો હતો. શાહુજી હતા શાંતિપ્રસાદ. કૈલાશચંદજીએ (કહ્યું). નહિતર ૭૧ ગાથા પૂરી થઈ. ૭૨ લેવી હતી. ૭૨. પણ કૈલાસચંદજી કહે, આ શેઠ આવ્યા છે તો ૭૩ લ્યો. લાવો ૭૩ લઈએ. શું કહે છે કે એમાં? કે ‘**હું આ આત્મા-પ્રત્યક્ષ...**’ પ્રત્યક્ષ થઈ શકું એવું જ મારું સ્વરૂપ છે. એવો વિકલ્પ દ્વારા પણ પહેલો નિર્ણય આમ કરે છે. સમજાણું કાંઈ?

વસ્તુ જે છે ચૈતન્ય ભગવાન આત્મા એ તો સમ્યક્ શ્રુતજ્ઞાન દ્વારા રાગના અવલંબન વિના, મનના આશ્રય વિના, પરદ્રવ્યના સહારા વિના, પોતાનું જ્ઞાન જ્ઞાનને પ્રકાશે એવો એનો ચૈતન્ય સ્વભાવ જ ગુણ જ એવો છે એનો. સમજાણું કાંઈ? એવો સમ્યગ્દર્શન પામવા પહેલા-ધર્મી થવા પહેલા આવો એક વિકલ્પ દ્વારા નિર્ણય કરે છે કે હું આત્મા કોણ છું? હું આ આત્મા જે વસ્તુ છે કે આ, આ. એટલે વિદ્યમાનતા બતાવે છે. હયાતી. આ. એમ કહે ને? આ આવ્યા. આ એટલે હયાતીવાળી ચીજ આવતી હશે કે ખોટી આવતી હશે? આ સસલાના શીંગ ચાલ્યા આવે છે. એમ કહેતા હશે? આકાશના ફૂલ તૂટ્યા. આ આકાશના ફુલ તૂટ્યા એમ હશે? આકાશમાં ફૂલ જ નથી પછી આ ક્યાંથી આવ્યું? આ વિદ્યમાનતાને બતાવે છે-હયાતીને. આ. ચૈતન્ય સત્તાની વિદ્યમાનતા એ હું આ, હું આ. આત્મા ‘**પ્રત્યક્ષ અખંડ...**’ સમ્યગ્જ્ઞાન દ્વારા હું પ્રત્યક્ષ થઈ શકું એવો જ હું છું. એવો સમ્યગ્દર્શન પામવા પહેલા પણ રાગમિશ્રિત વિચાર દ્વારા આવો નિર્ણય કરે છે. ત્યારે હતા ભાઈ તમે શેઠી? હતાને ત્યારે? એ ગાથામાં.

મુમુક્ષુ :- ત્યારે કૈલાસચંદ બોલ્યા હતા ને.

ઉત્તર :- હા, કૈલાસચંદજી બોલ્યા હતા. એ કૈલાસચંદજી બોલ્યા હતા.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

'**હું આ આત્મા-પ્રત્યક્ષ અખંડ...**' અખંડ. ખંડ નહિ, અખંડ છું. '**અનંત ચિન્માત્ર...**' બેહદ જુઓ અનંત. અપરિમિત જે ચિન્માત્ર જ્યોતિ છું. જ્ઞાનમાત્ર સ્વભાવ જેનો સ્વભાવ છે એને અંત શો? એને માપ શા? એને હદ શું? એની શક્તિની તુલના અધુરાશ સાથે શું? એ તો અનંત અનંત સ્વભાવ, અનંત સ્વભાવ. એવો અનંત ચિન્માત્ર જ્યોતિ. '**અનાદિઅનંત નિત્ય-ઉદયરૂપ...**' કાયમ પ્રગટરૂપ જ આત્મા છું. '**વિજ્ઞાનઘનસ્વભાવભાવપણાને લીધે...**' લ્યો. બધા બોલ ઘણા આવ્યા એમાં. '**એક છું;...**' આવો આત્મા. એવો હજી વિકલ્પ દ્વારા નિર્ણય કરે છે. પછી વિકલ્પને છોડીને સ્વરૂપનો અનુભવ કરે એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન કહેવામાં આવે છે. સમયસાર તો અલૌકિક વાત છે! એક એક શબ્દમાં બહુ ભર્યું છે, ઘણું ભર્યું છે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા. આત્મા વસ્તુ લીધી. '**જેનું તેજ...**' એટલે સ્વભાવ લીધો. સ્વભાવ. પણ કેવો? '**અંતરંગમાં...**' અસંખ્ય પ્રદેશમાં ત્રિકાળ શાશ્વત નિર્મળ શુદ્ધપણે પ્રત્યક્ષ ત્રિકાળ પ્રત્યક્ષ સ્વરૂપ જ છે આત્મા. સમજાણું કાંઈ? '**એવા ચૈતન્યપૂરમાં...**' એવો ચૈતન્યનો પ્રવાહ. ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્યનું પૂર ચાલ્યું આવે છે. સમજાય છે? શાશ્વત ચૈતન્ય જાણવાનું પૂર પ્રવાહ. ચૈતન્યનો પ્રવાહ. જેમ ઓલો પાણીનો પ્રવાહ હોય છે ને? પાણીનું પૂર આવે છે ને પ્રવાહ? આ વળી ક્યાં? ભગવાન તારું સ્વરૂપ કેવું એની એને ખબર ન મળે. અને બીજાની ખબરું મોટો ડાહ્યાનો દીકરો થઈને ફરે, આવું છે ને આવું છે. હવે ધૂળેય નથી સાંભળને. તારા ખબર વિના બીજાનું જ્ઞાન આવ્યું ક્યાંથી તને? સમજાણું કાંઈ?

કહે છે, એવું ચૈતન્યપૂર જેનું તેજ. સર્વાંગ, સર્વ કાળ નિર્મળ, પ્રત્યક્ષ એવું ચૈતન્ય પૂર '**મગ્ન કરતી...**' લ્યો. સંધિ. તોડીને એકાગ્ર થાય છે. રાગથી ભિન્ન પડીને પ્રજ્ઞાછીણી એમાં લીન થાય છે. કહો, સમજાણું આમાં? ભાઈ! ધર્મની વાત તો જરી ઝીણી તો છે ને. એણે કોઈ દિ' એ વાતને લક્ષમાં લીધી નથી. અનાદિનો આ નિગોદ બટાટા, શક્કરકંદના અવતાર કરી કરીને મરી ગયો છે. એને ખબર નથી. સમજાણું? અનંતા અનંતા. આ એક કટકીમાં અનંતા કેમ રહેતા હશે? ભાઈ! અનંતા તો રહી શકે છે ને? એક રાઈ જેટલી કરોડો દવા હોય પા-પા ભારની. પા-પા ભાર. કરોડો દવા. એક ભેગી કરીને લીંબુ નાખીને લસોટીને ભેગું કરે, એક રાઈ જેટલી લ્યો તો એમાં કરોડો દવા છે. છે કે નહિ? ભાઈ! તને ખબર નથી. એ અનંત આત્માઓ છે. એની ઉપર અનંતા રજકણો પણ છે. એ વસ્તુનો સ્વભાવ છે. એવી તને ખબર નથી. એવા અનંતા આત્માઓ નિગોદમાં બટાટામાં, આ તો ત્યાં દેખાય છે ભાઈ ઓલો થોર. દરરોજ થોર પાસે જવાય છે ને. દરરોજ થોર પાસે જવાય છે.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


બીજે ક્યાંય રસ્તો નથી પણ. બધે લીલા.. લીલા.. સવા એક માઈલ એક ફર્લાંગ છેટે એક રસ્તો થોડો છે ખુલ્લો. બાકી બધે લીલા છે, કાંઈ જવાય એવું સ્થાન નથી. ત્યાં જઈ તો થોર પડેલા કાપેલા પડ્યા હોય. કોઈ નાખી દે, ફાડી નાખે. આહાહા..! બહુ છેટે છે એક વાડ હતીને ત્યાં જવાય એવું છે. બીજે કાંઈ જવાનું સ્થાન નથી. હવે ખુલશે. ત્યાં થોરના કટકા પડ્યા હોય અને બેઠા હોય ત્યાં. આહાહા..! આ જીવ ક્યારે નીકળે? ક્યારે ઈયળ થાય? ક્યારે માણસ થાય? (ક્યારે) સાંભળવાનું મળે? આહાહા..! ક્યારે પચાવે અને ક્યારે ભેદ પાડે? બહુ મોંઘુ બાપા આ. લોકોને ખબર નથી. ક્યાં હતો? ક્યાંથી આવ્યો? કેટલી મોંઘી ચીજ આ સામગ્રી મળી. સમજાણું કાંઈ? એમાં મારે શું કરવાનું છે? એની ખબર નથી. આ ભવ ભવના અભાવ માટે કરવાની ક્રિયા છે આ તો. ભવના અભાવની ક્રિયા કરવાનો ભવ છે આ. આ ભવ વધારવા માટે ભવ ન હોય. ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, '**મગ્ન કરતી...**' આહાહા..! ભગવાન આત્મા આમ તેજ, અસંખ્ય પ્રદેશ ત્રિકાળ શાશ્વત શુદ્ધ નિર્મળ પ્રત્યક્ષ વસ્તુ દેદીપ્યમાન, દેદીપ્યમાન. એમાં જ્ઞાનની અવસ્થા જે લક્ષણ છે ચૈતન્યનું, એ લક્ષણને અંતરમાં વાળતા બે વચ્ચે ભિન્ન પડતા પ્રવાહ. ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... એમ ધ્રુવપણું બતાવે છે આમ. ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... ચૈતન્ય... એને વર્તમાન જ્ઞાનની દશા એમાં એકાકાર થતાં. રાગનો પ્રવાહ નથી. રાગ તો નવો નવો ઉત્પન્ન થાય છે. આ ચૈતન્યનું પૂર ધ્રુવ તો ત્રિકાળ એમ ને એમ પુર છે. ચૈતન્યનું ધ્રુવ પુર. એમાં પ્રજ્ઞાછીણીને એકાકાર કરતા. મગન કરતી. અંતરમાં એકાકાર થતાં. ભાઈ! '**બંધને અજ્ઞાનભાવમાં નિશ્ચળ કરતી...**' રાગભાવને, પુણ્યના વિકલ્પને અંતર જ્ઞાનસ્વભાવથી વિરૂદ્ધ અજ્ઞાનભાવમાં રાખતી એ પ્રજ્ઞાછીણી અંતરમાં વળતી. રાગ અને અજ્ઞાનભાવમાં એટલે અંતરમાં ન વાળતી અને અજ્ઞાનભાવમાં રાખી એમ વ્યવહાર કરવામાં આવે છે. આહાહા..! આ રાગ છે અને એમાં રાખું છું, એ પણ એ તો વિકલ્પ છે. પણ સમજાવાની શૈલીમાં આમ કહે છે.

ભગવાન આત્મા એની જે જ્ઞાનદશા છે એ જ્ઞાનની વર્તમાન દશાને રાગના લક્ષથી પાછી વાળી અને સ્વભાવના લક્ષે મગ્ન થતાં એ રાગરૂપી અજ્ઞાન ભાવને અજ્ઞાનમાં રાખે છે. એટલે કે પોતાના ભાવની પર્યાયમાં એને આવવા દેતો નથી. આવતી નથી. અસ્તિમાં આમ થયું એટલે રાગનું અજ્ઞાન અહીં આવતું નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! આવી તે ધર્મકથા કેવી હશે આ? આ ધર્મકથા. ઓલી તો મોટી આમ થાય, તેમ થાય એય.. લાલચંદભાઈ! મા..હણો... મા..હણો... .. ઉપદેશ. એ ભગવાનનો ઉપદેશ છે. અરે..! તું તને ન હણ એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વાત છે એમાં. એય.. જુગરાજજી! પહેલા વ્યખ્યાનમાં બોલેને થોડું? અરે..! ભગવાન!

ઘાતનો અર્થ કે પોતાનું જે સ્વરૂપ હયાતીરૂપે જે રીતે છે એ રીતે ન માનતા, રાગથી હું છું માનનાર પોતાના અસ્તિત્વનો અભાવ માને છે. એ જ ઘાત છે. સમજાણું કાંઈ? એક ફેરી અર્થ કર્યો હતો ઘણાં વર્ષ પહેલા (સંવત) ૧૯૮૪ની સાલમાં. બગસરા. કાઠી આવ્યા હતો એક કાઠી. બધા ત્યાં તો ૪૦ હજાર રૂપિયાની, ૬૦ હજારની ઉપજવાળા બગસરા નહિ ઓલા ..વાળો. એનો છોકરો આવ્યો હતો અમરાખાચર. .. દીકરો. જો ભાઈ! ખરેખર તો બીજાને મારવાનો જે ભાવ થાય છે ને? એ ભાવમાં એને દુઃખ થાય છે એ ના પાડે છે મારે જોવું નથી. સમજાય છે? મારે જોવું નથી. એટલે મારું જ્ઞાન એ જોવાનું આંધળું થઈ જાવ. એનું નામ હિંસા છે. શેઠી! જ્ઞાન જાણે છે કે આ શું છે એને દુઃખ થાય છે. દુઃખ થાય છે એમ જાણવું જોઈએ. જાણવું જોઈએ. એ ના પાડે છે, એને દુઃખ થાય છે એ મારું જોવું નથી. મારે જોવું નથી. એટલે હું આંધળો થઈ જાઉં. આંધળો થઈ મારી જ્ઞાનદશા હીણી થઈ જાવ, અવરાઈ જાવ, ઢંકાઈ જાવ એનો અર્થ. ભાઈ નવનીતભાઈ!

ઓહો..! મહારાજ! બહુ સારી વાત કરી. ભાઈ! અમરુખાચર હતો નાની ઉંમરનો. બિચારો મરી ગયો. મરી ગયો જુવાન. એના બાપે ૪૦ હજારની ઊપજનું ગામ આપ્યું હતું. પંદર હજારનું પોતે રાખ્યું. મરી ગયા, બધાય મરી ગયા. આ તો ૮૪ની વાત છે. ઓલા કહે ભાઈ! આમ છે કીધું. બીજાને દુઃખ થાય છે અને આ નિમિત્ત થાય છે. એ દુઃખ મારે જોવું નથી... મારે જોવું નથી... મારે જોવું નથી. એ જોવું નથી એનો અર્થ કે મારે એ જાતના જ્ઞાનનો પ્રકાશ મને ન રહો. નવનીતભાઈ! એ વસ્તુ છે. પેલા બિચારા ગરાસીયા હતા ને કાઠી લોકો. ઓહો..! એમ છે ભાઈ! એનું નામ હિંસા છે. ખરી હિંસા તો એ છે. પ્રકાશ છે એ મારે નથી રાખવો. મારે અંધારું થવું છે. એ હિંસા છે ભાઈ! ખરી હિંસા એ છે. આહાહા..! સમજાણું કાંઈ?

એમ ચૈતન્યના નૂર પુર ભગવાન આત્મા એ હું નહિ. હું રાગ છું, હું વિકલ્પ છું, એ જ આત્માની હિંસા છે. એવા સત્તાના સ્વભાવના જીવનનો નિષેધ કરે છે. સમજાય છે? અને રાગનું જીવન તેની અસ્તિ કરે છે. જે મરી ગયો છે પોતાના સ્વભાવથી એને જીવે છે માને છે. શેઠ! આહાહા..! વસ્તુ એવી છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- મને કોણ મારી શકે છે? એની ક્યાં વાત છે? આ તો ભાવમાં થાય છે. સભા તો મોટી હતી. ૮૪માં. ઘણાં માણસો આવે. નામ તો પ્રસિદ્ધ એટલે ઘણા આવે બિચારા. બુદ્ધિવાળા અન્યમતિ હોય ને. આ શું કહે છે આ બધું? ભાઈ! વસ્તુ એમ છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તારા ચૈતન્યના પ્રકાશના નૂર, એનો વિકાસનો અંશ જે છે એની સામે જે ચીજો છે તેને જેમ છે તેમ જાણવી જોઈએ. એને ઠેકાણે જેમ છે તેમ ન જાણતા મારે આમ નહિ... મારે આમ નહિ... મારે આમ નહિ. બીજી રીતે રહેવું છે. એનો અર્થ કે પ્રકાશને હીણું કરી નાખે છે. નવનીતભાઈ! બાપુ! તું તને હણે છો, ભાઈ! પરને કોણ હણે? એમ પોતાના સ્વરૂપમાં આનંદ છે, એની જીવતી શક્તિ છે આનંદની. જીવતી શક્તિ. શક્તિ-શક્તિ ત્રિકાળ શક્તિ. એ નહિ, મને તો રાગમાં અને પરમાં આનંદ છે એમ માનનાર ચૈતન્યના આનંદ જીવનના જીવનો ઘાત કરી નાખે છે. નવનીતભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? ન્યાયથી, લોજિકથી, આગમથી, અનુભવથી બધી વાત સિદ્ધ થઈ શકે છે. એમ નહિ કે એમ ને એમ માની લેવી. એ વસ્તુ કોણ છે આ? શું છે આ? સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા તો અતીન્દ્રિય આનંદનો રસકંદ છે. એને એવી રીતે રાગથી ભિન્ન ન માનતા એને રાગથી એકતા માનતા રાગ પણ મારું સ્વરૂપ છે અને એનાથી મને લાભ છે. તો એ પોતાના આનંદને રાગમાં માન્યો. એ આનંદની હયાતી ત્રિકાળી છે તેનો તેને હ્રાસ કરી નાખ્યો-છેદ કરી નાખ્યો. આહાહા..! બરાબર છે? સુમેરચંદજી! આહાહા..! અહીં ચૈતન્યનો પ્રવાહ આવ્યો ને શબ્દ? પ્રવાહ આમ આમ પૂર-પૂર. આનંદનું પૂર એમ બધા ગુણોનું પૂર ચાલે છે આમ ધ્રુવ... ધ્રુવ... ધ્રુવ... વસ્તુમાં જ્ઞાન, આનંદ, અસ્તિત્વ શક્તિ આદિ ૪૭ શક્તિઓ છે એવી અનંત. એમ ને એમ પૂર ચાલ્યું જ આવે છે, ધ્રુવપણે ચાલ્યો આવે છે પ્રવાહ. એમાં મગન થાય તેને મોક્ષમાર્ગ કહીએ. એનો નકાર કરીને રાગ ને પુણ્ય ને પાપમાં સુખ માને, તે ઠીક માને એ ચૈતન્યના આવા શુદ્ધ જીવનના જીવનની તે હ્રાસ-હિંસા કરે છે. કહો, સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ધ્રુવ... ધ્રુવ... ધ્રુવપણે ચાલ્યો આવે છે ને અનાદિથી? વસ્તુના ગુણોનું શક્તિરૂપ સત્ત્વ સત્ એવો આત્મા, એનું સત્ત્વ સ્વભાવ એનો પ્રવાહ એટલે એમ ને એમ ચાલ્યું આવે. એની અંદર આ પર્યાય જે રાગમાં એકત્વ હતી એ ભ્રાંતિ હતી, મિથ્યાત્વ હતું, સત્યને અસત્ય કરી નાખ્યું હતું. એ જ્ઞાનની પર્યાયને અંતરમાં વાળતા કહે છે કે '**(ચૈતન્યના પ્રવાહમાં) મગ્ન કરતી...**' ધ્રુવરૂપ ધ્રુવ વસ્તુ છે એમાં પર્યાયને લીન કરતી. દેખો! સમજાણું કાંઈ? ધ્રુવ છે એમાં મગન કરતી. આહાહા..! હજી એની રીતનો ખ્યાલ ન હોય એ પ્રયોગ કરે કે દિ'? સમજાય છે કાંઈ? પ્રયોગ કરે ક્યારે? પ્રયોગ કરે એના ખ્યાલમાં હોય કે આમ થાય... આમ થાય... તો પ્રયોગ કરે. ખબર નથી પ્રયોગ અજમાઈશ કરે કે દિ'? સમજાણું કાંઈ? આ શ્લોકનો તો ઓલામાં બહુ અર્થ કર્યો છે. દોઢ પાનું ભર્યું છે. કળશટીકામાં. મોટું પાનું દોઢ પાનું, પોણા બે પાનું.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે છે, એ '**બંધને અજ્ઞાનભાવમાં નિશ્ચળ (નિયત) કરતી...**' એ ને નિયમિત છે ને? નિયમિત. એમાં એને રાખતી. ચૈતન્યની પર્યાય જે જ્ઞાન છે એના ધ્રુવમાં ધ્રુવ પ્રવાહ છે તેમાં લીન થતાં રાગરૂપી અજ્ઞાનભાવ જેમાં જ્ઞાન નથી એ જ્ઞાનભાવમાં એ આવતી નથી. એથી તેને દૂર રાખી એમ કહેવામાં આવે છે. '**એ રીતે આત્મા અને બંધને સર્વ તરફથી ભિન્ન ભિન્ન કરતી પડે છે.**' લ્યો! એ રીતે રાગ અને આત્માને ભિન્ન કરતા વર્તમાન જ્ઞાનની દશા સ્વભાવ તરફ વળી જાય છે. એનું નામ મોક્ષનો માર્ગ અને સમ્યગ્દર્શન કહેવાય છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**આસો સુદ ૮, બુધવાર તા. ૧૧-૧૦-૧૯૬૭**
**શ્લોક-૧૮૧, ગાથા-૨૯૫, પ્રવચન-૩૬૨**

આ સમયસાર શાસ્ત્ર છે. આ અધિકાર મોક્ષનો છે. એટલે શું? કે આ આત્મા એક વસ્તુ છે. આત્મા દેહથી ભિન્ન, દેહને જાણનારો, દેહરૂપ નથી. દેહને જાણનારો એનું ભિન્ન રૂપ છે. એ ચૈતન્ય વસ્તુ છે. જાણનાર, દેખનાર એનો સ્વભાવ ત્રિકાળી અનાદિ અસલ સ્વરૂપ છે. એ અનાદિથી પોતાના સ્વભાવને ભૂલ્યો છે તેથી તે પરનું લક્ષ કરીને પરને આશ્રયે પુણ્ય અને પાપ, શુભ અને અશુભ વિકાર કરે છે એ એને બંધ છે, બંધ છે. એને દુઃખરૂપ એ દશા છે. ગ્રીક-લેટીન જેવું નહિ લાગે ને? ..ભાઈ! નહિ લાગે? તેથી પહેલેથી આ ઉપાડ્યું છે થોડું.

વસ્તુ જે છે, જેમ આ શરીર આદિ એક પદાર્થ છે. વસ્તુ છે ને? અસ્તિ છે ને? છે. છે. એમ અંદર આત્મા એક વસ્તુ છે. કે જે આત્મા, પર છે એને જાણે છે અને પોતાને જાણે એવો એનો સ્વભાવ છે. આ જડને... જડને ખબર નથી કે અમે આ કોણ છીએ. આ તો માટી છે. એને ખબર નથી કે આ જગતમાં અમે શું છીએ. એને જાણનારું અંદર (જ્ઞાન છે). જાણનાર... જાણનાર.. સ્વભાવવાળો આત્મા એ અનાદિનો છે. કેમ કે જે વસ્તુ હોય એને આદિ હોઈ શકે નહિ. એવી ચીજને અંદરમાં આનંદ અને શાંતિ એનું મૂળ સ્વરૂપ અસલી તો એ છે. પણ એ અનાદિથી પરનો આશ્રય લઈ અને પુણ્ય અને પાપના ભાવ કરીને અને પોતે દુઃખી થાય છે. સાચી વાત હશે? આ પૈસાવાળા દુઃખી હશે?

મુમુક્ષુ :- આપ તો કહો છો.

ઉત્તર :- પણ એને માટે એમ કહો કે જો એ સુખી હોય તો એને પર પદાર્થની આશા ન હોય. આ એક સિદ્ધાંત ન્યાય સમજાય છે? કે જો એ સુખી હોય તો પરપદાર્થની આશા ન હોય. આશા રાખે છે એનો અર્થ કે આ હોય તો મને ઠીક પડે. એ પ્રમાણે એ પરાધીન છે. મને કાંઈક શરીર હોય તો ઠીક, પૈસા હોય, આબરૂ હોય, ઠીક હોય વિષય હોય તો. આ હોય તો મને ઠીક તો પરાધીન છે. અને પરાધીન સ્વપ્નને સુખ નહિ. પરાધીન ભાવ જ દુઃખરૂપ છે. પણ એણે કોઈ દિ' એનો પોતાનો વિચાર કર્યો નથી. હું તે કેમ છું અને મારે શું કાર્ય કરવાનું છે? અને મારે સુખી થવા માટે શું રસ્તો હોય એનો એણે કોઈ દિ' વિચાર અને ધારા લીધી નથી. એથી અહીં જરી કાર્ય શબ્દ આવે છે ને?

આત્મા પદાર્થ છે. ચૈતન્ય સત્ ચિદ્. સત્-છે. શું? જ્ઞાન અને આનંદ એવો એ વસ્તુ

પદાર્થ છે. એની વર્તમાન દશામાં અનાદિથી પુણ્ય અને પાપભાવ અને એના નિમિત્ત પામીને કર્મો રજકણ છે, એનો એને સંબંધ છે. સંબંધ છે કહો કે બંધ છે કહો. સમજાય છે? સંબંધ કહો કે બંધ કહો. સમજાણું કાંઈ? કહે છે કે જેને એ બંધરૂપ દુઃખ છે. એવો જેને નિર્ણય થયો હોય અને હું એક આત્મા છું તે દુઃખી છું. એવો નિર્ણય થયો હોય એને ભિન્ન પાડવા માટે કાર્ય કરવાનું શું હોય? એ વાત ચાલે છે.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- પણ આ દુઃખી છે એમ નક્કી તો કર્યું. આત્મા વસ્તુ છે એને પર વસ્તુ હોય તો ઠીક પડે એમ માગે છે એનો અર્થ કે એ પરાધીન છે. એ સ્વાધીન છે નહિ. બરાબર છે આમાં? સ્વરૂપચંદજી!

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ધૂળમાંય શેઠમાં સુખ નથી. કોણ શેઠ? કોને કહેવો પણ આમાં સુખી?

વસ્તુ છે. એને ઈચ્છા થાય છે. ઈચ્છા થાય છે કે નહિ એને? આ હોય તો ઠીક, આ હોય તો ઠીક. તો એને ઈચ્છા ક્યારે થાય? આનંદમાં હોય ને ઈચ્છા થાય? તો આનંદમાં હોય તો ઈચ્છા કેવી એને? એ દુઃખી છે એટલે ઈચ્છા થાય છે કે આ હોય તો ઠીક, આ હોય તો ઠીક. 'ક્યા ઈચ્છત ખોવત સબૈ, હૈ ઈચ્છા દુઃખ મૂળ.' એ શ્રીમદ્નું વાક્ય છે ને ટૂંકું? શ્રીમદ્ રાજચંદ્રમાં આવે છે. ઈચ્છા કરે છે એ કરનાર આત્મા છે. ઈચ્છા કરે છે કે આ.. આ... આ... આ. તો એનો અર્થ કે ઈચ્છા દ્વારા કાંઈક સુખ લેવા માગે છે. એટલે વર્તમાન દુઃખી છે. એ દુઃખ છે તે વિકારી ભાવ છે. જેને અહીં બંધમાં કહેવાય છે. ભગવાન વસ્તુ ચૈતન્યમૂર્તિ એ રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપમાં અટકેલી દશા તેને અહીંયાં બંધભાવ કહે છે. એ બંધભાવ તે દુઃખરૂપ છે, અધર્મ છે, સંસાર છે, પરાધીન છે, આત્માને એ અશાંતિનું કારણ છે. હવે બંધ અને આત્મા જે વસ્તુ છે એ બેને જુદા કરવાનું કાર્ય જેને કરવું હોય-સુખી થવાનું કાર્ય.

મુમુક્ષુ :- બેને જુદા કરવા એટલે સુખી થાવું?

ઉત્તર :- જુદા કરવા એટલે સુખી થાવું. બરાબર છે? સોભાગભાઈ!

મુમુક્ષુ :- ..

ઉત્તર :- ધૂળમાંય સુખી નથી. ઈ પણ ના પાડે છે. આમ.. આમ.. થઈ ગયું હતું હમણા પોલીસ આવ્યા હતા તે. દરોડો પડે તો હાય.. હાય..! શું કરે ત્યાં? સુખ ક્યાં ધૂળમાં હતું? એ કહે છે. દુઃખ છે અંદર દશામાં.

મુમુક્ષુ :- દરોડો ન પડે ત્યારે તો સુખી.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ઉત્તર :- પણ દરોડો ન પડે ત્યારે પણ દુઃખી છે. મમત્વ છે કે નહિ? આ હોય તો ઠીક. મમત્વ એ શું વસ્તુ છે? મમતા એ શું છે? એ વિકાર છે. વિકાર છે તે આત્માના આનંદના સ્વભાવથી ઊલટી દશા છે. ઊલટી દશા એટલે દુઃખરૂપ છે. શેઠી! આહાહા..! અરે..! એને ખબર નથી. દુઃખી છે એની એને ખબર નથી. અને દુઃખીની દયા કરવી એની એને ખબર નથી. એ પોતે દુઃખી છે એની દયા કરવાની એને ખબર નથી.

મુમુક્ષુ :- પોતાની દયા કરવી.

ઉત્તર :- એ જ. બીજાની દયા કરી કોણ શકે છે? આત્માની કૃપા કર ભાઈ! તું દયા ખા. એમ આવે છે. કૃપા કર ભાઈ! તારી કૃપા કર.

આ આત્મા વસ્તુ ભગવાન. શુદ્ધ ચિદાનંદની મૂર્તિ શાશ્વત ચીજ છે. શાશ્વત છે. અણકરેલી, અણનાશવાળી એમ સત્ વસ્તુ શાશ્વત એ પદાર્થ છે. વસ્તુ હોય એને કરે કોણ? અને વસ્તુ હોય એનો નાશ થાય ક્યાં? વસ્તુ હોય એ કોઈ સ્વભાવથી ખાલી ન હોય. વસ્તુ છે તો એનો સ્વભાવ ત્રિકાળી શાશ્વત છે. આત્મા અનાદિઅનંત વસ્તુ સ્વતઃસિદ્ધ છે. અને એનો સ્વભાવ જ્ઞાન, દર્શન, આનંદ એ પણ અસલી અનાદિઅનંત સ્વભાવ છે. પણ તેનું અનાદિથી ભાન નહિ હોવાથી પરમાં સુખ છે, પુણ્ય-પાપના ભાવમાં સુખ છે, મને ક્યાંક ઠીક પડે છે. મારો સ્વભાવ છે ત્યાં એને ઠીક પડતું નથી. એ ઠીક પડે છે એવી માન્યતા એ જ દુઃખ અને બંધનનું કારણ છે. શેઠી! આહાહા..! એણે કોઈ દિ' ક્યાં શું થયું?.. પીડા થાય હાય.. હાય મરી જઈશ. આહાહા..! સુખી છું એમ કહે છે ને માણસ? સુખી છીએ પૈસે ટકે. પૈસે ટકે સુખી છીએ. શરીરે સુખી છે. પછી જ્યારે રોગ આવે ત્યારે હાય.. હાય.. શું કરવા? અરે..! ભાઈ! મારાથી સહન થાતું નથી. દુઃખી કેમ છો? આ હોળી બધી છે ને તારી પાસે? આ પૈસા છે, શરીર છે. દુઃખી ક્યાં થઈ ગયો તું?

મુમુક્ષુ :- શરીર બગડ્યું એટલે.

ઉત્તર :- બગડ્યું એ તો તારી માન્યતામાં એમ થઈ ગયું. એય.. આમ ન રહેવું જોઈએ... આમ ન રહેવું જોઈએ. ઓલી છતી વસ્તુએ દુઃખી ક્યાંથી થઈ ગયો?

મુમુક્ષુ :- પૂરી હોય તો સુખી.

ઉત્તર :- પણ પૂરી એનો અર્થ કરવો શું? પૂરી એટલે શું? આત્મા જ્ઞાનસ્વરૂપ છે એ જગતની ચીજનો જાણનાર છે. અને જાણનારમાં માનનાર થાય કે આ મારું છે, બસ! એ અસત્ય અને દુઃખ છે. આહાહા..! ખબર નથી. ભગવાન ચૈતન્યમૂર્તિ પ્રભુ છે આત્મા. એ આનંદની ખાણ છે. અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. પણ કોઈ દિ' એને શું છે એની ખબર લેવા એણે જોયું છે કોઈ દિ'? જોયું છે કે દિ'?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


કહે છે કે ભગવાન આત્મા એ વસ્તુ છે અને બંધ પુણ્ય-પાપના ભાવનો ભાવબંધ છે. એને-બંધને દુઃખને અને આત્માને જુદા પાડવા હોય, એવું જેને કાર્ય કરવું હોય તો શું કરવું? એ અહીં વાત ચાલે છે. કહો, શેઠી!

'**ભાવાર્થ :- અહીં આત્મા...**' પહેલો આત્મા સિદ્ધ કર્યો. આત્મા વસ્તુ. વસ્તુ સત્. '**અને બંધ...**' બંધ એટલે આ પુણ્ય-પાપના વિકલ્પો વૃત્તિઓ ઉઠે છે, શુભ-અશુભભાવ ઉઠે છે એ બંધ છે. વિકાર છે, આકુળતા છે, પરજન્ય ઉપાધિ છે. એને '**ભિન્ન ભિન્ન કરવારૂપ...**' એને જુદા પાડવા હોય એટલે કે દુઃખની દશારૂપ વિકાર અને સુખરૂપ સ્વભાવ ભગવાન. દુઃખની દશારૂપ બંધ અને સુખસ્વભાવરૂપ આત્મા. બેને જુદા પાડવા હોય તો જુદા પાડવાનું કાર્ય, '**બંધને ભિન્ન ભિન્ન કરવારૂપ કાર્ય છે.**' આ કાર્ય છે. ધર્મીનું સુખી થનારનું આ કાર્ય છે. કહો, સમજાણું કાંઈ? પરના કાંઈ કાર્ય કરી દેવા કે મકાન કરવા કે પૈસા ભેગા કરવા કે લાડવા કરવા, ઢીંકણું કરવું એ કાંઈ એનું કાર્ય છે નહિ. એનું અજ્ઞાનમાં એ કાર્ય છે કે પુણ્ય અને પાપના ભાવો મારા કાર્ય છે અને હું કર્તા છું. એવું અજ્ઞાનીનું મિથ્યાદષ્ટિ, અસત્યદષ્ટિ સત્ય સ્વરૂપના ખબર વિના અસત્ય દષ્ટિથી વિકાર મારું કાર્ય અને કર્તા એ દુઃખી ભાવનો કર્તા થાય છે. તે એનું અજ્ઞાનીનું કાર્ય છે.

હવે સુખી થવું હોય તો શું કાર્ય? '**આત્મા અને બંધને ભિન્ન ભિન્ન કરવારૂપ કાર્ય છે.**' કહો, સમજાય છે કાંઈ? ભગવાન આત્મા ચિદાનંદ જ્યોત પ્રભુ અને બંધ નામ વિકારી ભાવ-દુઃખરૂપ ભાવ ને સુખરૂપ આત્મા, દુઃખરૂપ ભાવ અને સુખરૂપ સ્વભાવ આત્મા, બેને જુદા કરવારૂપી કાર્ય ધર્મીને હોય છે. તેનો કર્તા આત્મા છે. એ કાર્યનો કર્તા આત્મા છે. બીજો કોઈ કર્તા નથી. કેમ કે એણે જ પોતાના આનંદ સ્વભાવને (ભૂલીને) રાગ-દ્વેષના દુઃખભાવને પોતાના માન્યા રૂપી અજ્ઞાનકાર્ય કર્યું છે. એને જ પુણ્ય-પાપના ભાવ દુઃખરૂપ અને આત્મા આનંદસ્વરૂપ એને અંતરમાં જુદા પાડવાનું કાર્ય કરનારો એ આત્મા છે. કહો, બરાબર છે? આહાહા..! અરે..! આવી વાત!

મુમુક્ષુ :- ઝીણી તો પડે.

ઉત્તર :- કાંઈ ઝીણી નથી. પણ કોઈ દિ' એ પગલે ચડ્યો છે કે દિ'? રખડવાના રસ્તે જ્યાં બહારમાં ધૂળ કાંઈક દેખાય, શરીર મળે. માંડ અનંત કાળે મનુષ્યદેહ મળ્યો. અનંતે કાળે આ મનુષ્યદેહ મળ્યો છે, અનંત અવતાર કરતા કરતા. રખડતા. અનાદિનો આત્મા છે. કાંઈ નવો છે? રખડતા અનેક કીડી, કાગડા, નરક, નિગોદ એવા અનંત પશુના અનંત ભવ કરતા... કરતા... કરતા.. અનંત કાળે આવો મનુષ્યદેહ મળે. એ મનુષ્યદેહમાં કરવાનું કાર્ય હોય તો ભવના કારણરૂપી વિકારી ભાવ તેને આત્માથી ભિન્ન પાડવા એ એનું કાર્ય છે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આહાહા..! ભાવ એ શું હશે? ક્યાંય નજર પડે નહિ. આ માથું દેખાય જડ. ભાઈ! તને એટલો ખ્યાલ નથી આવતો કે હું કંઈક છું ચીજ. અને મારે માટે સુખરૂપ, સુખરૂપે જો હોઉં તો મારે પરની આશા હોઈ શકે નહિ. તો એની દશામાં દુઃખ છે. પૈસા હો, શરીર હો, પણ એ પરાધીન ઉપર દુઃખની દૃષ્ટિ દુઃખી જ છે એ. એ દુઃખનો ભાવ જો ન હોય તો એને આનંદ હોવો જોઈએ. કારણ કે વસ્તુ પોતે વસ્તુ જે છે-આત્મા, એ સ્વતઃ સ્વભાવે દુઃખ ન હોય એમાં. વસ્તુ સ્વતઃ સ્વભાવી ચીજ હોય એમાં દુઃખ ન હોય. એમાં વિકૃતપણું ન હોય. સ્વતઃ ચીજ છે એ તો આનંદ અને અવિકૃત સ્વભાવસ્વરૂપ આત્મા છે. સમજાણું કાંઈ?

એવા અવિકૃત અને સ્વતઃ સ્વરૂપી ભગવાન આત્મા, એને વિકૃત પર્યાયનો જે ભાવ કરે છે તે દુઃખ છે. એ દુઃખને અને આત્માને જુદા કરવાનું કાર્ય કરવું હોય એને. ન કરવું હોય તો કરે જ છે અનાદિથી પુણ્ય અને પાપ, રાગ અને દ્વેષ વિકલ્પો કરે. આમાં પૈસા સુખ છે, ભોગમાં સુખ છે, શરીરમાં સુખ છે, ધૂળમાં સુખ છે, ખાવામાં સુખ છે એ બધી અનંત ચીજોમાં સુખ છે, એક હું સુખથી ખાલી. અહીં સુખ... અહીં સુખ... અહીં સુખ... અહીં સુખ... અહીં સુખ... તું? કે હું નહિ. હું એક સુખથી ખાલી. મારામાં સુખ નહિ. એ જે દૃષ્ટિ છે એ ગુલાંટ ખાય છે જ્યારે કે અહીં સુખ... અહીં સુખ... અહીં સુખ... ત્યાં સુખ નહિ... નહિ.. નહિ... અને નહિ. સુખ છે મારા આત્મામાં. સમજાણું કાંઈ? પણ એ શું પોતે કોણ છે એનો એણે વિચાર કે દિ' કર્યો છે? સમજાણું કાંઈ?

'હું કોણ છું? ક્યાંથી થયો?' ૧૬ વર્ષે કહ્યું શ્રીમદ્દે, ૧૬ વર્ષે. ૭ વર્ષે જાતિસ્મરણ થયું શ્રીમદ્ રાજચંદ્રને. અને ૧૬ વર્ષે અમૂલ્ય તત્ત્વવિચાર (કાવ્ય બનાવ્યું). 'હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારુ ખરું?' 'હું કોણ છું?' આત્મા. 'ક્યાંથી થયો?' અનાદિ છું. 'શું સ્વરૂપ છે મારું ખરું?' હું શુદ્ધ મારું ખરું સ્વરૂપ શું છે? 'હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું? કોના સંબંધે વળગણા છે રાખું કે પરહરું?' જુઓ! આ ૧૬ વર્ષે મોક્ષમાળામાં કહે છે ભાઈ! વાંચ્યું છે ..ભાઈ? વાંચ્યું નહિ હોય.

હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારું ખરું?
કોના સંબંધે વળગણા છે રાખું કે એ પરહરું?
એના વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા,
તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યા.

૧૬ વર્ષે કહે છે. સોભાગભાઈ! આહાહા..! અહીં તો ૬૧ વર્ષે. ૬ આમ અને ૧ આમ ૬૧ વર્ષવાળાને સમજાય નહિ શું છે આ? આહાહા..! એને ઉંમર કે દિ' હતી આત્માને?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


આ તો દેહની ઉંમર છે ધૂળની. આટલા વર્ષે જન્મ્યો. આટલો રહ્યો. એ તો દેહને છે. આત્મા તો અનાદિઅનંત છે. કેટલી ભાષા છે મીઠી! ભાષા ને? એમાં ભાવ ભર્યા છે. આહાહા..!

એનો વિચાર વિવેકપૂર્વક,

એનો વિચાર વિવેકપૂર્વક, શાંત ભાવે જો કર્યા

ધીરજથી... ધીરજથી... ધીરજથી... અરે..! આ હું છું કોણ? અને આ શું છે રાગ અને આ શું છે શરીર? 'એનો વિચાર વિવેકપૂર્વક,...' વિવેક નામ ભિન્ન પાડીને. 'શાંતભાવે જો કર્યા તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યા.' આહાહા..! એક કડી. એવી પાંચ કડીનો એક પાઠ. એવા આવે ૧૦૮ પાઠ. ૧૬ વર્ષે બનાવ્યા. સમજાણું કાંઈ?

અહીં એ કહે છે, ભાઈ! તારે દુઃખથી મુક્ત થવાનું કાર્ય કરવું છે? એને દુઃખની ખબર જ નથી કે અહીં દુઃખી છીએ કે નહિ, એની ખબર નથી. દુઃખી છે કે નહિ? એ તો આ શરીર છે, આ છે, ઈન્દ્રિયો છે, આ છે, ધૂળ છે, આ પૈસા છે, આ ભોગ છે. હવે ધૂળમાંય નથી સાંભળને! એ તો બધું પર છે. પરમાં તું ક્યાં આવ્યો? અને તારામાં એ ક્યાં આવી ગયા? એ તો ભિન્ન ભિન્ન ચીજ છે. આ આંગળીમાં આ આંગળી નથી, અને આ આંગળીમાં આ આંગળી નથી. ભિન્ને ભિન્ન ચીજ છે. એમ તત્ત્વ આત્મા છે. એમ આ શરીર, વાણી, મન નથી અને શરીર, વાણી, મનમાં તું નથી. પણ કોઈ દિ' એનો વિચાર કરવાનો અવસર ક્યાં છે? આ જગતની હોળી સળગતી હોય. ભઠ્ઠી-ભઠ્ઠી જમશેદપુરની. જમશેદપુરમાં ભઠ્ઠી છે મોટી. લોઢાની, લોઢા બહુ હોય છે. જોઈ છે કે નહિ શેઠી? ગયા હતા. અમે પણ ગયા હતા. જોઈ હતી ત્યાં. મોટા લોઢાના એવા હોય છે. આહાહા..!

ચૈતન્ય ભગવાન! જ્ઞાનાનંદ શાંતરસનો સ્વભાવ, એમાં વિકારની ભઠ્ઠી બળે છે. શુભ અને અશુભ રાગ, શુભ અને અશુભ વિકલ્પો, શુભ અને અશુભ એની દશાની અવસ્થાનું દ્વિરૂપ, કુરૂપ એ ભઠ્ઠી દુઃખ છે, એ બંધ છે. અને એનાથી ચોર્યાસીના અવતાર થાય છે. કોઈ વખતે માણસ થાય, કોઈ વખતે ઢોર થાય, કોઈ વખતે કીડો થાય, કોઈ વખતે કીડી થાય. નરકમાં એ નારકી (થાય). એના દુઃખ તો સાંભળ્યા ન જાય. સમજાય છે? નરકના દુઃખો. આહાહા..! આખા નારકીને આમ અગ્નિની ભઠ્ઠીમાં શેકે એમ શેકી નાખે. જમશેદપુરની ભઠ્ઠીમાં જીવતો રાજકુમાર ૨૫ વર્ષનો જુવાન હોય નિરોગી અને તદ્દન કોમળ શરીર. જીવતો આમ નાખે ભઠ્ઠીમાં અને દુઃખ થાય. એથી અનંતગુણું દુઃખ નારકીની પહેલી દસ હજાર વર્ષની સ્થિતિએ જીવ જાય ત્યાં અનંતું દુઃખ છે. અનંતગણું. કોણે જોઈ છે નારકી? અરે..! ભગવાન! તેં જોઈ છે નારકી અનુભવી પણ છે નારકી. ભાઈ! તને ખબર નથી. સમજાય છે કાંઈ?

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચાર-છ મહિનાનું અહીં બાળકપણે ત્યારે હતો ત્યારે શું થયું હતું એ તને ખબર છે? નથી ખબર માટે નહોતું એમ કોણ કહે? ચાર-છ મહિના જન્મ્યા પછી શું હતું કાંઈ ખબર છે? હું નહોતો. નહોતો એટલે? નથી ખબર એટલે નહોતો? એમ અનાદિનો અનંત સંસારમાં રખડતો એની ખબર નથી એટલે નહોતું? ન્યાયથી સમજાય છે? ન્યાય-લોજિકથી સિદ્ધ થાય છે. વસ્તુ સમજે ત્યારે ને. પણ દરકાર કે દિ' છે એને?

અનંતકાળથી આથડ્યો વિના ભાન ભગવાન,
સેવ્યા નહિ ગુરુ સંતને મૂક્યા નહિ અભિમાન.

હું કોણ છું? મારું શું સ્વરૂપ છે? શું આ થઈ રહ્યું છે? આ બધી જંજાળ અને આ બધું શું છે આ? અને આ શું છે? નારકીમાં જાય તો જીવને એમ થાય છે ત્યાં. નરકમાં જાય છે. રાજા હોય મોટો કરોડોપતિ ઊપજ હોં મહિનાની. આમ નરકમાં જાય. આ શું થાય છે? શાસ્ત્રમાં પાઠ છે કે ઊપજે ને. એકદમ પાપ કર્યા હોય. માંસ, દારૂ, ભોગ, વિષય, આત્મા તો શું? કાંઈ (નહિ). દારૂ-બારૂ, માછલાના શું કહેવાય અત્યારે? લીવર ને શું કહેવાય આ? કોડલિવર ને. એય નિરાંતે પીતા હોય, લહેર કરતા હોય. ઈંડાઓ (ખાય). (ખાનારા) જાય નીચે નરકમાં. લોઢાનો પથરો.. લોઢું હોય મોટું પાંચ શેર અને પાણી ઉપર મૂકે (એટલે સીધું) હેઠે તળિયે (જાય). એમ આવા પાપ કર્યા હોય તો હેઠે નરકમાં જાય. એ નરકની અંદરમાં જઘન્યમાં જઘન્ય નાની સ્થિતિ દસ હજાર વર્ષની છે. એમાં એટલું દુઃખ છે કે જીવતા રાજકુમારને ભઠ્ઠીમાં બાળે એના કરતાં અંતગણુ તો દસ હજાર વર્ષની સ્થિતિમાં દુઃખ છે. એને ખબર ક્યાં? પણ હું ક્યાં છું? શું થયું? ક્યાં હતો અને શું થાશે? વિચાર જ કે દિ' કર્યા છે એણે?

મુમુક્ષુ :- .. કાંઈ કર્યા નથી.

ઉત્તર :- .. વર્તમાન. ધૂળમાં વર્તમાન આ શું વર્તમાન? વર્તમાને પણ તું કોણ છો એની ક્યાં ખબર છે? વર્તમાનની પર્યાયને જોવે, વર્તમાનની મારી દશા જોવે તો એ તો જ્ઞાન છે અને કાં તો રાગ થાય છે એ છે. વર્તમાન એટલે. આ બીજું બધું તો એનામાં છે નહિ. જ્ઞાનની દશામાં થતાં પુણ્ય-પાપનો ભાવ વિકાર, એ દુઃખના સંયોગને આપનાર છે અને એ પોતે દુઃખરૂપ છે. એવો જેને વિચારમાં નિર્ણય આવ્યો હોય એ જ્યારે બંધ અને આત્માને એટલે દુઃખ અને આનંદને.. સુમેરુમલજી! દુઃખ અને આનંદ એવા બે છે. ભાવ છે પુણ્ય-પાપ દુઃખ. આત્મા આનંદ. તો આનંદ અને દુઃખને ભિન્ન પાડવા હોય તો એનું કાર્ય કરનારો આત્મા છે. સમજાય છે કાંઈ?

એને રાગ અને દ્વેષ કરનારો એ કાર્ય પણ એ આત્મા છે. અહીં કર્મ-કાર્ય કહેશે. એ

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


તો સુખ સ્વભાવનું કાર્ય નથી એ અપેક્ષાએ. સમજાણું કાંઈ? જેનું હોવું અનાદિનું છે અને જેનું હોવું કોઈ દિ' અભાવરૂપ ન થાય એવું એનું હોવું છે. કોનું? આત્માનું? જેનું હોવું અનાદિનું છે અને જેનું હોવું ભવિષ્યમાં ન થાય, ન રહે એવું એ નથી. જેનું હોવું... હોવું... હોવું.. રહેશે એવું અનાદિઅનંત છે. આહાહા..! એની દશામાં.

બીજી રીતે લઈએ. એ સુખી થવા તો માગે છે ને? સુખી થવા તો માગે છે ને? અને સુખની શોધ પણ કરે છે ને? સુખના ઉપાય પણ માને છે ને? પણ સુખ ક્યાં છે અને સુખનો શું ઉપાય છે એની એને ખબર નથી. આ બહારનું ગોતે છે, વિષય મળે ને ભોગ મળે ને પૈસા મળે, શરીરથી નિરોગી રહે. એમાં જ્યારે સલવાય છે. ભાઈ! બોલો ને કહે. બોલે કોણ? શું થયું હતું? શું કીધું આ ઓલું? હેમરેજ. હેમરેજ થયું છે ભાઈને. બીજા કહે. એને ક્યાં ભાન છે? .. જોર કરે છે. ઉતરી જતું હશે કાંઈક. આપણે જાણતા નથી. શું છે? ખબર નથી. હેમરેજ થઈ ગયું. ઓલા આત્માને હેમરેજ થતું હશે કે નહિ? આ જડમાં થયું. આ તો માટી જડ છે. એને ખબર પડે કે આમાં શરીરમાં આમ કાંઈક થાય છે. એને ઠેકાણે મને થાય છે એમ માને તે ભ્રમમાં પડ્યો છે. સમજાય છે કાંઈ? આહાહા..!

૨૫-૨૫, ૫૦-૫૦ વર્ષના જુવાન આ જુઓને ચાલ્યા જાય છે ને? લ્યો, આ પરમ દિ' બુધવારે, ગુરુવારે ગયા. આ પોપટભાઈ ગયા ડોક્ટર. એ ડોક્ટર હતા રાણપુરમાં. અહીં બહુ આવતા નહિ. ડોક્ટર હતા લ્યો. કંઈકની દવાઓ કરી હશે. ઊડી ગયા એ. પણ કોની દવા જડની કરે? ડોક્ટર પણ મરી જાય છે ત્યાં. માંદા થાય છે જુઓને કેવા? આ ન ગયો. આ કાંઈક આવ્યું હતું તમે કહેતા હતા. એક ડોક્ટર ત્યાંથી ગયો. લોહિયાનું કરવા ગયો ત્યાં પોતાને પક્ષઘાત. (થઈ ગયો). આવ્યું હતું ને છાપામાં. ઓલો લોહિયો કો'ક છે ને ત્યાં? સમાજનો કોઈ.. દિલ્હીમાં સમાજની વ્યવસ્થા કરનારો. હશે માનતો હશે. મોટો માણસ એટલે કોક રોગ થયો હશે. દસ્તુરને બોલાવ્યો મુંબઈથી. મોટો દસ્તુર છે ને કો'ક? બોલાવ્યો ત્યાં એને પક્ષઘાત પોતાને. શરીર ક્યાં તારું છે? એ તો ધૂળ છે આ તો. આ...મ... કહો, જુગરાજજી! શું કરવું? આહાહા..!

ભાઈ! તને ખબર નથી, પ્રભુ! એ શરીર અને આત્મા જુદા છે ભગવાન! તને ખબર નથી. એ શરીરની કોઈપણ અવસ્થા થાય તે જડની છે. તારી નથી, તારામાં નથી, તને નથી. ભગવાન! તું તો આત્મા છો પ્રભુ! તારામાં તો આનંદ અને શાંતિનો સ્વરૂપ રસ ભર્યો છે. એની ખબર વિના આ મારા અને હું એનો એવી માન્યતામાં તારી દશાનું દુઃખ છે. એ દુઃખની દશાને જેને છેદી અને સુખી થવું હોય એ આત્મા તે દુઃખને છેદી શકે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે. એ કર્તા આત્મા છે. કોઈ ભગવાન ભગવાન કરી દે એવું નથી. એમ કહે છે.

જેણે અંદરમાં સ્વભાવને ભૂલીને પોતાની જાતની ભાત પાડ્યા વિના એણે વિકારના ભાવો કરીને દુઃખી છે. એ દુઃખનું કાર્ય જે અજ્ઞાનભાવે કરે છે એને જ્યારે સુખી થવું હોય તો એ દુઃખ અને આત્માનો આનંદ, બેને જુદા પાડવામાં તો આત્મા તે કાર્યનો કર્તા છે.

'**ત્યાં કરણ વિના કર્તા કોના વડે કાર્ય કરે?**' ત્યારે કહે ત્યાં કાંઈક સાધન જોઈએને અંદરમાં? કરણ.. કરણ-સાધન જોઈએ ને? કરણ. દાગીનો થાય છે ને આ એરણ ઉપર? એરણ? એરણ હોય છે ને લોઢાની? સાધન છે ને એ કરણ? સાધન છે ને? એરણ-એરણ. એરણ નહિ લોઢાની? શું કહે તમારે? એરણ નહિ લોઢાની? હથોડા મારે છે. તો કરણ થયું ને સાધન? હથોડો સાધન થયું. એમ આત્મા આનંદ સ્વરૂપ સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્ શાશ્વત કાયમી જ્ઞાન અને આનંદની મૂર્તિ આત્મા કાયમી ચીજ છે. એની દશામાં દુઃખના ભાવ જે વિકાર છે એને ભિન્ન પાડવામાં કાર્યનો કર્તા આત્મા છે. એને સાધન શું? સાધન શું?

'**કરણ વિના કર્તા કોના વડે કાર્ય કરે? તેથી કરણ પણ જોઈએ.**' સાધન જોઈએ. '**નિશ્ચયનયે કર્તાથી ભિન્ન કરણ હોતું નથી;...**' શું કહ્યું? જરી ઝીણી વાત છે હોં! કોઈ કહે કે વળી રાગ ને કષાયની મંદતા દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત કરીએ ને તો એ ભાવ આત્માને દુઃખથી ભિન્ન કરવામાં એ કરણ સાધન થાય કે નહિ? કહે છે કે ખરેખર. નિશ્ચયથી એટલે ખરેખર. નય એટલે ખરેખર જ્ઞાનના ભાવથી જોઈએ તો કર્તા નામ આત્મા કર્તા છે, દુઃખની દશાને છેદનારો આત્મા છે તો તે કર્તાથી તેનું સાધન જુદું હોઈ શકે નહિ. ભારે વાત ભાઈ!

'**માટે આત્માથી અભિન્ન એવી...**' ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત એવો આત્મા, એનાથી એકમેક. અભિન્ન એટલે એકમેક એવી '**આ બુદ્ધિ જ આ કાર્યમાં કરણ છે.**' બુદ્ધિ એટલે સમ્યગ્જ્ઞાન. જે જ્ઞાનની દશા. જે રાગને અને પુણ્યને પોતાનું માનતી હતી એ જ્ઞાન સ્વભાવ તરફ વળે તેમાં એ જ્ઞાનની બુદ્ધિ જ કરણ. દુઃખ-રાગને અને આત્માના આનંદને જુદું પાડવામાં કર્તા આત્મા અને એની બુદ્ધિ તે તેનું કરણ નામ સાધન છે. અજાણ્યા માણસને આ ગ્રીક લેટીન જેવું લાગે. આ શું હશે આ? કોઈ દિ' ચડ્યો નથી સાંભળવામાં સત્યને પડખે. નવનીતભાઈ!

મુમુક્ષુ :- .. બુદ્ધિ ઉપર લાવ્યા ને.

ઉત્તર :- પણ એ બુદ્ધિ કઈ? કે અંદર જે જાણવાની દશા કામ કરે છે, જેની સત્તાના હોવામાં જણાય છે. વર્તમાન જ્ઞાનનો વિકાસ જે દેખાય છે એમાં જણાય છે ને આ શરીર

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છે, આ આ છે. એ જાણવાની જે દશા છે એ બુદ્ધિ. એ બુદ્ધિને અંતરમાં વાળતા રાગથી ભિન્ન પડવામાં કરણ નામ સાધન એ થાય છે. શરીર તો આમ રહી જાય છે. બે આખો પક્ષઘાત થઈ જાય ને તો શરીર આમ (થઈ જાય).

એક માણસને જોયો હતો. દસ વર્ષથી આખા શરીરનો પક્ષઘાત. રાજકોટમાં. ૯૦ની સાલ. નહિ? તમે હતા? ગામડાનો હતો. દસ વર્ષથી આખા શરીરનો પક્ષઘાત. બોલવું નહિ, આંખ આમ થાય નહિ. ગામડાના હતા. નોપુર કે નવાપુર.. કરણપુર. ત્યાં ગયા હતા. તૈયાર રાખ્યું હતું. ખબર હતી કે આજે મહારાજ આવવાના છે. લૂગડા પહેરાવ્યા. ૬૦-૬૫-૭૦ વર્ષની ઉંમર હશે. આંખ આમ ન કરી શકે. બધું ઠપ થઈ ગયું. દસ વર્ષથી ઉપાડીને મૂકે. મોઢામાં આમ કરીને કાંઈક નાખે. કાંઈક રહે અને કાંઈક પડી જાય. કાંઈક એવું. પોતે તો કાંઈ કરી શકે જ નહિ. આહાહા..! જુઓ! એ નરકની ગતિ જેવા દુઃખ છે ને વર્તમાનમાં પણ. નરકમાં તો એથી અનંતગુણા છે. આ તો એક નમૂનો છે. એને શું કરો છો? કહે, બેસાડીએ. એવું લાગે અનુમાન ત્યારે બેસાડીએ જંગલ. અનુમાન લાગે કે આમ કહે તો થોડું મોઢું આમ કરીને. અંદર રહેતું હશે, કાંઈક થાતું હશે છે અને કાંઈક ચડતું હશે. આમ દસ વર્ષ થયા છે. આહાહા..! અનાદિનો આત્મા છે પ્રભુ! એવા એણે અવતાર અનંતા કર્યા છે. સમજાણું કાંઈ?

એવા અવતારના કારણો જે વિકારી ભાવ એ દુઃખરૂપ ભાવ અને આત્મા આનંદસ્વરૂપ છે. દુઃખ તો વિકૃત પર્યાય છે. દુઃખ એ તો એક ઉપાધિની વિપરીત પર્યાય છે-અવસ્થા. આનંદ તો એનું કાયમનુ સ્વરૂપ છે. સચ્ચિદાનંદ છે. સત્ શાશ્વત આનંદ અને જ્ઞાન તો અસલી સ્વભાવ છે અંદર. એ બેને જુદા પાડવામાં કર્તા આત્મા. જેને ધર્મ કરવો અને સુખી થવું હોય એવા કાર્યનો. એમાં એની બુદ્ધિ તેનું સાધન છે. એ જ્ઞાનની દશા જેમાં જણાય એને અંદર વાળતા દુઃખથી મુક્ત થવાનો કરનારો કર્તા અને બુદ્ધિ તેનું કરણ. આરે..! આ ભારે વાત. આહાહા..!

**'આત્માને અનાદિ બંધ જ્ઞાનાવરણાદિ કર્મ છે,...'** આઠ કર્મ છે. **'તેમનું કાર્ય ભાવબંધ તો રાગાદિક છે..'** ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યનું કાર્ય કાંઈ વિકાર ન હોય. એ અપેક્ષાએ કહ્યું છે કે વસ્તુ જે ચિદાનંદ આનંદસ્વરૂપ છે એની દશામાં કાર્ય તો આનંદ હોય. એટલે કે દુઃખરૂપ પરિણામ જે છે એ કર્મના કાર્ય છે, આત્માનું કાર્ય નથી. એમ કહ્યું છે. કરનારો જીવ છે. પણ નિમિત્તને લક્ષે કરે માટે તેનું છે એમ અહીંયાં કહેવામાં આવ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? સમજાણું કાંઈ? એ વિસામાનું વાક્ય છે. હોય છે ને એકબીજાને બોલવાનું વાક્ય નહિ એમ કહે કે સમજાણું કાંઈ? એ એક વિસામાનું વાક્ય છે. અને સમજ્યા

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


વિના વિસામો ક્યાંય મળે એવો નથી.

**'અને નોકર્મ શરારાદિક છે.'** આ શરીર. એ નોકર્મ છે પર જડ. અંદર પુણ્ય-પાપના ભાવ થાય છે એ વિકારી કાર્ય છે. અને આ શરીર. **'માટે બુદ્ધિ વડે આત્માને શરીરથી, જ્ઞાનાવરણાદિક દ્રવ્યકર્મથી તથા રાગાદિક ભાવકર્મથી ભિન્ન એક ચૈતન્યભાવમાત્ર અનુભવી...'** હું તો જ્ઞાન જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... જાણે છે તે આત્મા, ચૈતન્યબિંબ પ્રકાશની મૂર્તિ તે આત્મા. એમ **'અનુભવી જ્ઞાનમાં જ લીન રાખવો...'** એને જ્ઞાનમાં લીન રાખવો એ આનંદનો અને દુઃખથી છૂટવાનો ઉપાય છે. આહાહા..! આ ક્રિયા બધી બહારની ક્રિયાકાંડ કાંઈ ન કામ કરે એમ કહે છે. સમજાણું કાંઈ?

**'તે જ (આત્મા ને બંધનું) ભિન્ન કરવું છે.'** બે જુદું કરવું છે ભાઈ! ઝીણું છે, ભાઈ! પણ ઝીણું છે પણ તારું છે. તારું છે અને તારાથી થઈ શકે એવું છે. આ જડનું તો કાંઈ કરી શકે નહિ. આહાહા..! થોથું ચાલે કે ન ચાલે એ એને આધીન. અંદર પડ્યો પણ આ પક્ષઘાત થાય... જીભનો લવો વળે નહિ. એં..એં.. થઈ જાય લ્યો. હોય ૨૫ વર્ષનો જુવાન. એં.. ન થાય. આ તો કો'ક હમણાં એં..એં.. કરતું હતું. ઓલા દર્શનવિજય નથી ભાઈ? હતા ને? એને કાંઈક થઈ ગયું. એટલે એં..એં.. નહોતો કરતો? આવ્યો હતો ને ઓલો. કહે દર્શનવિજય આમ એં.. એં.. કર્યા કરે છે. આ બધા શરીરના ટાણા આવ્યા.

મુમુક્ષુ :- એકતાબુદ્ધિ...

ઉત્તર :- એકતાબુદ્ધિ એં..એં.. કર્યા કરે. કોઈ સેવા કરવા માટે બોલાવે. ઓલા કહે એં..એં.. આહાહા..! સાધુ પણ કોને કહેવા એની ખબર નથી. લૂગડા ફેરવ્યા અને લૂગડા કર્યા તો સાધુ થઈ ગયો? અને વિકારના પરિણામ અને આત્મા આનંદ છે એની ભિન્નતા કરી નથી ત્યાં સાધુ કેવો? ધર્મી નથી ત્યાં વળી સાધુ કેવો આવ્યો? સમજાણું કાંઈ?

**'(આત્મા ને બંધનું) ભિન્ન કરવું છે. તેનાથી જ સર્વ કર્મનો નાશ થાય છે,...'** લ્યો! એ રાગ અને પુણ્ય-પાપના ભાવ અને આત્મા જ્ઞાન, આનંદ એના બેયના લક્ષણોને જાણી અને જ્ઞાનલક્ષણ બુદ્ધિ દ્વારા અંતરમાં જઈ એકાગ્ર થવું અને પુણ્ય-પાપના ભાવને ભિન્ન કરવા એ પ્રથમ સમ્યગ્દર્શનનું કાર્ય છે. પછી આગળ વધતા સ્વરૂપમાં સ્થિર થતાં રાગનો અંશ પણ ટળી જાય ત્યારે આત્મા વીતરાગ થાય છે. ત્યારે આત્મા મુક્તિપણાને પામે છે. પૂર્ણ આનંદની દશાને પામે તેનું નામ મુક્તિ. આ દુઃખની દશા છે સંસાર. આત્માના આનંદની પૂર્ણ શુદ્ધ દશા પ્રગટ થાય એનું નામ મુક્તિ. કહો, સમજાણું કાંઈ?

હવે **'આત્મા અને બંધને દ્વિધા કરીને શું કરવું'** બે જુદા પાડીને શું કરવું પણ? **'એમ પૂછવામાં આવતાં હવે તેનો ઉત્તર કહે છે :-'** એ પ્રશ્ન એવી રીતે લીધો છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

હોં! એની ગરજ હોય ને એ પૂછે છે કે, મહારાજ! આ ભગવાન આત્મા આત્મા તમે કહો છો અને આ દુઃખરૂપના ભાવ કહો છો, એને જુદા કરીને કરવું શું? આમ પૂછે એનો ઉત્તર છે. નથી જેને પૂછવાની જિજ્ઞાસા એને માટે આ નથી એમ કહે છે. આહાહા..! છે ને એમાં? છે સંસ્કૃત છે જુઓ! '**आत्मबन्धौ द्विधा कृत्वा किं कर्तव्यमिति चेत्–**' સંસ્કૃત છે ઉપર. સંસ્કૃત છે ને માથે? '**आत्मबन्धौ द्विधा कृत्वा किं कर्तव्यमिति चेत्–**' ૨૯૫.

**जीवो बंधो य तहा छिज्जंति सलक्खणेहिं णियएहिं।**
**बंधो छेदेदव्वो सुद्धो अप्पा य घेत्तव्वो।।२९५।।**

એ મૂળ શ્લોક છે. એનું હરિગીત નીચે. એનું હરિગીત છે મૂળ શ્લોકનું.

**જીવ બંધ જ્યાં છેદાય એ રીત નિયત નિજ નિજ લક્ષણે,**
**ત્યાં છોડવો એ બંધને, જીવ ગ્રહણ કરવો શુદ્ધને. ૨૯૫.**

એની ટીકા. બંસીધરજી ગયા હતા ત્યારે આ શ્લોક ચાલ્યો હતો ને. આ ૯૫. બંસીધરજી.. ગયા. ત્યારે એમ કહ્યું હતું આ તો બંધની વાત આવે ત્યાં તો આમ નિશ્ચયને આત્મા ગળે વળગે છે. બંધનો તો તિરસ્કાર કરે છે. આમાં આવ્યું હતું. આ શ્લોક આવ્યો હતો ત્યારે.

'**ટીકા :- આત્મા અને બંધને...**' અર્થ છે ને? ૨૯૫ની ટીકા. ભગવાન આત્મા ચૈતન્ય શુદ્ધ આનંદ સ્વરૂપ આત્મા અને બંધ એ પુણ્ય-પાપના વિકલ્પો, લાગણીઓ, વિકાર તે બંધ. એને '**પ્રથમ તો...**' તાવત શબ્દ પડ્યો છે સંસ્કૃતમાં. તેથી તે દિ' અર્થ લીધો હતો કે પહેલાં તો.

મુમુક્ષુ :- ... વાંધો ઉઠ્યો.

ઉત્તર :- હા, એ કહ્યું હતું તે દિ' ત્યાં વાંધો ઉઠ્યો હતો. પહેલું આ કરવું એમાં વાંધો ઉઠ્યો હતો. ખબર છે ને. સમજાણું કાંઈ? (સંવત) ૨૦૦૨ની સાલ નહિ? ૨૦૦૨ની સાલમાં આવ્યા હતા.

આત્મા વસ્તુ છે પ્રભુ. જેની ખાણમાં, જેના સ્વભાવમાં, નિધાનમાં આનંદ, જ્ઞાન, શાંતિ આદિ સ્વભાવ જેના સ્વભાવમાં પડ્યો છે. પણ એની વર્તમાન દશાનું વલણ પર ઉપર હોવાથી એના વલણ અંતર કર્યા વિના આ શું ચીજ છે તેની એને પ્રતીતમાં, અનુભવમાં આવતી નથી. તેથી કહે છે કે જે ભગવાન આત્મા, આઠ વર્ષની દીકરી હોય પણ એ સમ્યગ્દર્શન પામી શકે છે. સમજાણું કાંઈ? આત્મા છે ને અંદર જુદો? આ તો હાડકા છે. આ ક્યાં આત્મા હતો? સમજાણું કાંઈ? સોનાની લગડી ઉપર કપડા ગમે તે જાતના નવા, જૂના, જીર્ણ ધોળા, મેલા વીંટ્યા હોય તેથી કાંઈ સોનાની લગડી એ રૂપે થાય છે? એમ આ શરીર કોઈકનું સ્ત્રીનું, કોઈનું પુરુષનું, કોઈનું પાવૈયાનું હીજડાનું, ઢોરનું, હાથીનું એ તો બધા માથે

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચામડાના વીટાળ છે. ભગવાન આત્મા ચૈતન્ય જ્યોત અંદર સોના સમાન ભિન્ન છે. એ આત્મા કાંઈ શરીરના વીટાળપણે કોઈ દિ' થયો નથી. થયો હોય તો એનાથી જુદો પડે નહિ. સમજાણું કાંઈ? અને આત્માની સાથે એક હોય તો આત્મા નિત્ય છે તો આ પણ નિત્ય ભેગું થઈ જાય. આત્મા અને આ એક હોય તો આત્મા નિત્ય છે તો આ પણ નિત્ય થઈ જાય. પણ આ નિત્ય થાતું નથી. કહો, સમજાણું કાંઈ?

'**આત્મા અને બંધને...**' પહેલામાં પહેલું જો તમારે ધર્મનું કાર્ય કરવું હોય તો? સુખી થવાનો પંથ લેવો હોય તો '**પ્રથમ તો તેમનાં નિયત સ્વલક્ષણોના વિજ્ઞાનથી...**' પ્રથમ તો આત્માનું લક્ષણ જ્ઞાનસ્વરૂપ છે અને પુણ્ય-પાપ લક્ષણ બંધનું છે-વિકારનું લક્ષણ (છે). એ '**તેમનાં...**' તેમનાં એટલે આત્માના અને બંધના એટલે વિકારના. '**તેમનાં નિયત...**' એટલે નિશ્ચય. તેના ખરા. નિશ્ચય એટલે ખરા. '**સ્વલક્ષણો...**' બેના શું લક્ષણ છે? જે ભાવ પર તરફના ઝુકાવમાં જાય છે શુભ-અશુભભાવ એ બંધનું સ્વરૂપ છે અને આ જ્ઞાનલક્ષણે અંતરમાં વસ્તુ છે એ જ્ઞાનલક્ષણે જાણી શકાય એવો આત્મા છે. સમજાણું કાંઈ?

'**તેમના નિયત...**' નામ ખરા. '**સ્વલક્ષણોના વિજ્ઞાનથી...**' ખરું પહેલું જ્ઞાનનું લક્ષણ જાણ કહે છે બેયનું. બેયનું જ્ઞાન જાણ. રાગ તે વિકાર લક્ષણે લક્ષિત છે અને આત્મા જ્ઞાનલક્ષણે લક્ષિત છે. એનું પહેલું જ્ઞાન હોય છે. સમજાણું કાંઈ? હજાર કાચના કટકામાં એક હીરો પડ્યો હોય તો એને જ્ઞાન તો હોવું જોઈએ ને કે આ હીરો છે અને આ કાચના કટકા એવા ને એવા ઉજળા છે પણ એ હીરાની તોલમાં અને એની કિંમતમાં આવે એવા નથી. બેનું જ્ઞાન જોયું કે આ હીરો અને આ આ. ખરું કે નહિ? ઓલા ધૂળધોયા હોય છે ને? ધૂળધોયા? સોનીની ધોળ ધોવે છે ને? સોનીનું કામ કરે. સોનાની કણી પડી હોય ભેગી. પહેલું થાતું. હવે થાતું હશે..

મુમુક્ષુ :- હવે ક્યાં મુંબઈમાં બેસે છે.

ઉત્તર :- ગામડામાં થાતું. સોનીની દુકાન હોય ને કણી ખરી હોય સોનાની. બહુ કામ કરે. ધૂળમાં ગરી ગઈ હોય. એમાં તો પાછી આ બંગડી અત્યારે કાચની થાય છે. બંગડીમાં પટ્ટા આવે છે ને પીળા કાચના. એનો કટકો પણ હોય અને ઓલો પણ કટકો હોય. બેય છે પીળા. પણ બેની જાતમાં તોલમાં અને કિંમતમાં ફેર છે. એ ધૂળધોયા આમ ધોતા.. ધોતા... ઓલી કણી હોય ને એનામાં વજન દેખે એને આમ સૂપડીથી. અને ઓલી જે બંગડીનો કટકો હોય ઝીણો એમાં એનો તોલ ન દેખે. હળવી દેખે હળવી. એ એનાથી (જુદા પાડે). વજનમાં હળવી દેખીને બેને જુદા પાડી દે. સમજાણું કાંઈ?

એમ અંદરમાં આત્મા જ્ઞાન જાણવું તે આત્માનું સ્વરૂપ છે. અને રાગ તે જાણે જ્ઞાન.

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


જાણે જ્ઞાન કે આ રાગ તે વિકારનું લક્ષણ છે. જુઓ! છે ને?

'**સ્વલક્ષણોના વિજ્ઞાનથી...**' બેનું જ્ઞાન કરે અંદર. સમજાણું કાંઈ? જાણવાના લક્ષણ દ્વારા આત્મા લક્ષ થઈ શકે. અને રાગના લક્ષણ દ્વારા બંધ જણાય કે આ રાગ છે પર તરફ જાય છે, વૃત્તિ ઉઠે છે એ બધો વિકાર બંધસ્વરૂપ છે. એ બેના સ્વલક્ષણો ખરા, તેનું જ્ઞાન કરીને, તેનું અંદર જ્ઞાન કરીને, '**સર્વથા જ છેદવા...**' અહીં હતું તે દિ'. વાંધો અહીં ઉઠ્યો હતો કે સર્વથા છેદવા. પહેલાં સર્વથા છેદવા. ત્યાં વાંધો હતો. સમજાણું કાંઈ? કે પહેલેથી? જુઓ! છે શું આ?

ભગવાન આત્મા ચૈતન્ય સ્વરૂપ છે. એને જ્ઞાન દ્વારા જાણીને અને એ જ જ્ઞાનમાં રાગ ઉઠે છે પુણ્ય-પાપનો તેને વિકાર લક્ષણ જાણીને પહેલા જ સર્વથા કોઈપણ રાગના અંશની મદદ વિના એનાથી જુદું સર્વથા પાડવું. પહેલેથી સર્વથા જુદું પાડવું. કહો, સમજાણું કાંઈ? ભારે ઝીણું ભાઈ! શું કહેવાય આ લટકતા? તોરણો. આ તોરણમાં નથી નાખતા? છોડીયું ભરે ને મોતી? એવા ઝીણા મોતી હોય એ કાંઈ સાણસે ન પકડાય. સાણસા સર્પને પકડવાના હોય ને? સાણસા સમજો છો? એને (મોતી પકડવાની) સમાણી હોય ઝીણી. કરે છે ને આમાં? ઓલામાં મોર ચીતરે ને. લટકતા તોરણ-તોરણ. જુઓને! આમાં છે ને કાંઈક નામ લખ્યું છે જુઓ! સામે લખ્યું છે. અંદર છે. સીમંધર ભગવાન .. એમ ત્યાં લખ્યું છે. એ બધા ઝીણા-ઝીણા ગોઠવે તો આમ ઝીણી નજર જોતી હશે કે નહિ? કે એમ ને એમ આંખ મીંચીને કરતા હશે? અને તે પણ ઝીણું મોતી એને લાયક હોય. રંગ ઘણી જાતના હોય. પીળો હોય, રાતો હોય એમ બધી જાતના હોય. એમાંથી આ ... એના લક્ષણને તો જાણે છે કે નહિ આ પીળું છે એને અહીં મૂકવું, લાલ છે એને અહીં ગોઠવું. ફલાણું છે એ અહીં ગોઠવું. જુઓ, ગોઠવે છે ને એ.

એમ પહેલા જ્ઞાનમાં આત્મા શું છે? જ્ઞાનલક્ષણે જણાય એવો. કારણ કે જ્ઞાન એનું ચિહ્ન છે. અને વિકારનું ચિહ્ન બંધ છે એનું વિકાર ચિહ્ન છે. એ બેનું પહેલું જ્ઞાન કરી પહેલામાં પહેલું કહે છે સર્વથા છેદવા. પરમાત્મપ્રકાશમાં કહ્યું છે, અરે.. સાધુઓ! તમે નિર્દય છો. કેમ કે અનાદિનો રાગ બંધરૂપે, બંધરૂપે, બંધુ રૂપે. બંધની વ્યાખ્યા બંધ. બંધુ રૂપે આવે તો એને જુદા પાડો તો નિર્દય છે. બંધુને મારી નાખો છો. શેઠિયા! પરમાત્મપ્રકાશમાં. બંધ છે ને? અનાદિનો સાથે રહે છે ને સાથે? જેમ બંધુ સાથે રહે એમ બંધ સાથે રહે છે. રાગ અને દ્વેષ... રાગ અને દ્વેષ.. રાગ અને દ્વેષ.. અરે..! એને તમે મારી નાખો? નિર્દય છો તમે હોં!

મુમુક્ષુ :- નિર્દય છે. નિર્દય રીતે કરવત ચલાવે.

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- કરવત ચલાવે આવે છે ને. એ અહીં કહે છે-સર્વથા. આહાહા..!

ભગવાન આત્મા ચૈતન્યના જાણવાના (સ્વભાવવાળો) જાણે છે, જેની સત્તામાં હોવામાં જણાય છે એ જાણવાની દશા એ આત્માની છે. એ આત્મા તરફ તેને વાળ અને રાગને જાણ ખરો, પણ એને પર રાખ. એને બેની વચ્ચે સર્વથા છેદ. જરી પણ રાગનો અંશ પણ મદદ કરે અને આત્માનું ભિન્નપણું થાય એમ બને નહિ. પહેલેથી પહેલાને નિશ્ચયને જુદા પાડ એમ કહે છે.

મુમુક્ષુ :- રાડ બોલાઈ ગઈ.

ઉત્તર :- રાડ બોલાઈ ગઈ એમાંથી. આ અર્થ કર્યો તે દિ' ત્યાં. ૨૦૦૨ની સાલ. ૨૦૦૨ની સાલને? ૨૧ વર્ષ થયા. ૨૧ વર્ષ. આ ગાથા ચાલતી હતી. શાંતિથી સાંભળો, બાપુ! આ કાંઈ કોઈ પરની વાતું નથી. આ તો મૂળ કસની, તત્ત્વની વાત છે. આ શું કહે છે? જુઓ કીધું, ભાઈ!

આત્મા એનું નિયત સ્વલક્ષણ જ્ઞાન અને બંધ એનું નિયત સ્વલક્ષણ રાગ. તો એક પણ અંશ રાગનો કણિયો પણ છે અને એક કોર ભગવાન આનંદ આત્મા છે. એને બિલકુલ પહેલા સર્વથા જુદા પાડ. જરીએ પણ રાગનો સાથ લઈને જુદા પડે નહિ અને રાગની મદદથી જુદા પડે નહિ. રાગ એક અંશ શુભ રહે એને જુદા પાડ પહેલેથી. કહો, સમજાય છે કે નહિ? આ શું આવું? બહારનું હોય તો લ્યો ભાઈ કાપીને આમ મૂકી દઈએ બહાર. પણ એ અંદરની વાતું પણ અંદરમાં એ કરવત છે એ.

ભગવાન જ્ઞાનસ્વરૂપી એવો આત્મા જ્ઞાનના લક્ષણેથી અંદર સત્‌માં બિરાજે છે અને રાગાદિ વિકાર છે એ બંધનું સ્વરૂપ છે. બેનું જ્ઞાન કરીને એ જ્ઞાન દ્વારા સર્વથા બિલકુલ પૂરેપૂરા રાગને અને સ્વભાવને ભિન્ન પાડવો એ ધર્મીનું પહેલું કર્તવ્ય છે. ભારે વાત. સૂઝ પડવી કઠણ પડે. મગજમાં, ભેજામાં આવું શું કહે છે આ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- . ધૂળેય નાખી નહિ કોઈ દિ' પછી કહે છે.. પણ ભાઈ! સાંભળને ભાઈ! આવો કાળ મળ્યો છે. આહાહા..! વિજળીને ઝબકારે મોતી પરોવી લ્યો. વિજળીનો ઝબકારો આવે અને મોતી પોરવે. એમ થોડો કાળ મનુષ્યનો મળ્યો. જો આમાં આ કામ ન કર્યા તો અંધારે ગોથા ખાઈશ મરીને ક્યાંય. સમજાણું કાંઈ?

અહીં તો પહેલી જ વાત પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વર અને સંતો કુંદકુંદાચાર્ય મહારાજ. જુઓ! પહેલેથી આ વાત કરે છે. સમજાય છે? થોડોક વ્યવહાર રાખો અને વ્યવહાર હોય તો નિશ્ચય થાય એમ થોડું રાખોને. સમજાણું કાંઈ? ભગવાન! તારું સ્વરૂપ તો અંદર શુદ્ધ

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય સૂર્ય છે. ચૈતન્ય સૂર્ય છે. અને રાગાદિ બંધ એ તો દુઃખરૂપ વિકારદશા અંધારું છે. પુણ્ય-પાપના ભાવ એ અંધારું છે. ચૈતન્ય પ્રકાશની મૂર્તિ છે. એ જ્ઞાન દ્વારા આ પ્રકાશ તે હું અને રાગ એ અંધકાર હું નહિ. એમ બેની વચ્ચે અંદર ઉતરીને બિલકુલ છેદ. ભારે. ..ભાઈ! કહે છે કે જ્ઞાનના કિરણ દ્વારા અંદર જા એમ કહે છે. પણ ક્યાં હશે આવું? આ તો સૂઝ કાંઈ પડે નહિ. આંખ હોય તો જોઈ લે. એ આંખ ક્યાં તારી છે? આ તો જડ માટી છે. આ તો ધૂળ છે. આ તો માટી છે. ફૂલા પડે, ઓલા થાય, આ તો માટી છે. જોનારો કાંઈ આંખના કાણાથી દેખે છે એમ નથી હોં. આમ કાણું નથી. એમ લાગે કાંઈક કાણું હોય ને, જાણે બારીમાં ઊભો હોય ને માણસ? બારીમાં છિદ્ર દેખાય. આમ બારીમાંથી દેખાય. એવી બારી હશે અહીં?

આ તો પરમાણુનું દળ આમ મજબૂત છે, વજ્રની ભીંત જેવું આમ છે. પણ આત્મા જ અંદર જ્ઞાનથી સ્વતઃ જાણે છે. સમજાણું કાંઈ? માણસને લાગે, આમ આંખ ઉઘાડી એટલે આત્મા જાણે બારીમાંથી દેખતો હોય ને. સમજ્યાને? ખબર નથી. આ તો આંખ છે એના ઝીણા રજકણો છે બધા. મજબૂતપણે પડ્યા છે. એમાં છિદ્ર જરીએ નથી. આંખના કોડામાં આ જે છે ને બધા માંસના. એ બધા એટલે ચીકણા અને ઝીણા છે કે આમ વચ્ચે દળ ભીંત પડી છે આખી. આત્મા એ રજકણમાં કાણા છે અને આમ દેખે છે એમ નથી. આહાહા..! આરે.. આરે.. એ એને સમજાવવું પડે પાછું. ઈ એને ખબર નથી કે આ ક્યાંથી જોઉં છું. એ જાણે આ આંખ છે, કાણું છું તો દેખું છું. ભાઈ! એમ નથી. આખી વજ્રની ભીંત પડી છે આ તો પરમાણુનું. ઔદારિક શરીરના રજકણો આમ ચીકાશના બધા પાટા પડ્યા છે આખા. એમાં આત્મા ભિન્ન છે. એ આત્મા જ્ઞાન છે એ જ્ઞાનથી સીધું જાણે છે. એ જ્ઞાનલક્ષણ તે આત્માનું છે એમ આત્માને પકડ અને રાગાદિ વિકલ્પ છે તે દુઃખ છે, બેને સર્વથા છેદ. બેને જુદાં પાડતાં પ્રથમ સમ્યગ્દર્શન થાય છે. સમજાય છે કાંઈ? વિશેષ વાત કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

**આસો સુદ ૯, ગુરુવાર તા. ૧૨-૧૦-૧૯૬૭**
**ગાથા-૨૯૫-૨૯૬, પ્રવચન-૩૬૩**

... કહો, સમજાણું આમાં? એ બંધ દ્વિધા થવાથી પછી કરવું શું? એમ પ્રશ્ન છે શિષ્યનો. સમજાણું કાંઈ? કે '**આત્મા અને બંધને પ્રથમ તો...**' પહેલાં જ '**તેમના નિયત સ્વલક્ષણોના વિજ્ઞાનથી...**' ભગવાન આત્મા ચૈતન્ય લક્ષણ એ તો જાણનાર... જાણનાર... જાણનાર.. લક્ષણવાળું તત્ત્વ છે. અને બંધ છે તે વિકાર લક્ષણવાળું, રાગ લક્ષણવાળું તત્ત્વ છે. એ બેના નિશ્ચય યથાર્થ લક્ષણો દ્વારા '**સર્વથા જ છેદવા...**' એટલે કે પર ઉપર જે લક્ષ છે એને બિલકુલ લક્ષથી વાળીને આત્મા તરફ વાળવો.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- એ કીધું ને. વ્યવહારનું લક્ષ છૂટીને અંદરમાં જાય એનું નામ વ્યવહાર. પછી રહ્યો. ચૈતન્ય વસ્તુ છે ને જ્ઞાનસ્વરૂપ છે. અસ્તિ છે જ્ઞાયક. એને જ્ઞાનલક્ષણથી આ આત્મા છે એમ પોતાના જ્ઞાનલક્ષણ દ્વારા અંતર વળતા જે જ્ઞાનલક્ષણ નહોતું જેનું એના ઉપર વળેલું હતું-પુણ્ય-પાપના વિકલ્પો પર ઉપર જે વળેલું હતું-એ બંધભાવમાં રોકાયેલું હતું. એ લક્ષણ રાગનું નહોતું. હતું લક્ષણ આત્માનું પણ રોકાયેલું રાગમાં. એને પરલક્ષથી ખસી ચૈતન્યના અંતર્મુખ લક્ષમાં આત્માને લેવો, ત્યારે રાગથી બિલકુલ લક્ષ છૂટી જાય, ત્યારે પરથી જુદો સર્વથા છેદ્યો એમ કહેવામાં આવે છે. ભારે ઝીણું ભાઈ! સમજાય છે કાંઈ?

ચિંતામાત્રના વિકલ્પો બધા બંધ લક્ષણવાળા વિકાર છે. નિર્વિકલ્પ નિચિંત્ એવું તત્ત્વ આત્મા તે જ્ઞાનલક્ષણે જાણી શકાય છે. એમ આત્માને અને બંધને દ્વિધા-સર્વથા જુદા પાડવા. આ તકરારી શબ્દ હતો પહેલા. દસ વર્ષ પહેલા. સર્વથા જુદો પાડવો? તો પછી રાગ વ્યવહાર છે એનાથી કાંઈ લાભ નહિ? સમજાણું કાંઈ? સર્વથા છેદવો એમ આવ્યું ને? તો સર્વથા છેદવો ત્યારે શું આવ્યું? વ્યવહારથી કાંઈ પણ લાભ નથી એનાથી લક્ષ ઉઠાવી દેવું. એવું થયું આ તો. સમજાણું કાંઈ? બે. આ બે બોલનો વાંધો હતો ઘણો તે દિ'. પ્રથમ અને સર્વથા.

મુમુક્ષુ :- એ બે મૂળમાં છે.

ઉત્તર :- પણ એનો વાંધો ઉઠે કે આ મેં માન્યું એનાથી ત્યાં વળી બીજો ક્યાં અર્થ આવો કરે? પણ આમાં છે શું આ જુઓને.

આત્મા વસ્તુ છે આમ ચૈતન્ય વસ્તુ. એનું એ જ્ઞાન જાણવું એનું લક્ષણ છે. એ લક્ષણ

આત્માનું (હોવા) છતાં તે લક્ષણ રાગ અને પુણ્ય તરફ બહિર્મુખમાં જે વળેલું છે, જે અંતર્મુખ નથી અને બહિર્મુખ જે વિકાર છે પુણ્ય-પાપના, શુભ-અશુભભાવમાં ત્યાં એ વળેલું છે, એને અંતરમાં વાળતા સર્વથા પરથી જુદો છેદ પહેલામાં પહેલો પડી જાય છે. એટલે કોઈ એમ કહે કે વ્યવહારનો કષાય મંદ ભાવ એનાથી આત્મા તરફ જવાય છે. તો એ વાત નથી. કારણ કે રાગની મંદતા પણ બંધભાવ લક્ષણવાળું તત્ત્વ છે. એમાંથી જ્ઞાનના વર્તમાન લક્ષણને તેના તરફથી ઉઠાવી અંતરમાં વાળવું એટલે કે બંધભાવ અને આત્માને સર્વથા છેદવા. અંશે પણ રાગની મંદતા સાથે લઈને અંતરમાં જઈ શકાય એમ છે નહિ. બરાબર છે?

વસ્તુ આખી ચૈતન્ય કંદ છે. પદાર્થ આનંદસ્વરૂપ ચૈતન્ય. અહીં તો જ્ઞાનનું પ્રગટપણું છે ને તો એના લક્ષણથી વાત કરી છે. સમજાય છે કાંઈ? વસ્તુ છે એ ચૈતન્યનો અંશ જેનો વ્યક્ત પ્રગટ છે. પ્રગટ છે ને પર્યાયરૂપે? તો એ પ્રગટ જે અંશ છે, આખા તત્ત્વનો એ અંશ પ્રગટ છે એ અનાદિથી પુણ્ય-પાપના વિકલ્પો તરફ વળેલો છે. એ બંધભાવમાં વળેલું લક્ષ છે. એનું નામ દુઃખ છે અને એનું નામ સંસાર છે. એને વસ્તુ સ્વરૂપ જે લક્ષણ છે ચૈતન્યનું તે લક્ષણને અંતર વાળતા રાગનો એક કણ પણ એનાથી જુદો પડે એટલે બેને સર્વથા છેદવા એમ કહેવામાં આવ્યું છે. પહેલામાં પહેલા શરૂઆતમાં રાગથી આત્માને ભિન્ન પાડવો, છેદવો એમ કહેવામાં આવે છે. એટલે કોઈ એમ કહે કે પહેલા વ્યવહાર કરવો અને પછી વ્યવહાર કરતા નિશ્ચય થાય એ વસ્તુ સ્વરૂપમાં એ મર્યાદામાં એ વસ્તુ નથી.

મુમુક્ષુ :- આ તો મોક્ષ કરવાનો હોય ત્યારની વાત છે ને.

ઉત્તર :- મોક્ષ નહિ. મિથ્યાત્વથી મુક્ત થવાની વાત છે. મોક્ષ એટલે શું? બંધનના પાંચ પ્રકાર છે. મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. પાંચ પ્રકાર. એમાંથી પહેલો મિથ્યાત્વથી બંધથી છૂટવું એમાં પહેલી વાત છે. સમજાણું કાંઈ? બંધના પાંચ પ્રકાર છે કે નહિ? મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ, બંધ. પાંચ. એ પાંચેયની એક સમયની વિકૃત અવસ્થા એ બંધરૂપ છે. બંધનું કારણ જડનું અપેક્ષાએ. ભાવબંધ પોતે બંધરૂપ છે પાંચ. એક સમયની પર્યાય. એને અંતર્મુખ ચૈતન્ય જે વસ્તુ છે એનું જે લક્ષણ જ્ઞાન. એ પર્યાયમાં જે મિથ્યાત્વ, અવ્રત એક સમયના છે તેના ઉપર જોડાયેલું લક્ષ છે. એથી એણે આત્માના લક્ષણથી લક્ષિત થાય એવો આત્મા એણે લક્ષણમાં છોડી દીધેલો છે અનાદિથી. સમજાણું કાંઈ?

વર્તમાન સમયની મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, યોગ એક સમયની વિકૃત અવસ્થા એને જ્ઞાનનું લક્ષણ જે આત્માનું, તે લક્ષણને અંતરમાં વાળતા એ પાંચેયથી સર્વથા છૂટું પડી જાય છે. શેઠિયા! આહાહા..! સમજાય છે કાંઈ? એની રીત છે એ તો પહેલી ખ્યાલમાં

તો લેવી પડશે કે નહિ? એની રીત જે વિધિ છે એ વિધિને ખ્યાલમાં લીધા વિના તેનો અજમાઈશ અને પ્રયોગ બંધથી છૂટું પાડવું શી કઈ રીતે ટકશે ઈ? સમજાય છે કાંઈ?

આત્મા વસ્તુ છે અનંત જ્ઞાન, અનંત સ્વભાવથી ભરેલી. પણ એ ક્યાંક એની દશામાં અટકેલું છે એમ તો એણે નક્કી કરવું પડશે ને? જો અટકેલું ન હોય તો એ વસ્તુ છે એ તો અતીન્દ્રિય આનંદમય છે. એને અટકેલું ન હોય તો અતીન્દ્રિય આનંદનો પ્રત્યક્ષ વેદનમાં અનુભવ હોવો જોઈએ. સમજાય છે કાંઈ? ભલે થોડો. એનું કાંઈ નહિ. પણ અતીન્દ્રિય આનંદનું અંદર પ્રત્યક્ષપણું (હોવું જોઈએ). વસ્તુ છે એ આનંદમય છે. વસ્તુમાં દુઃખ હોઈ શકે નહિ. વસ્તુ જે કહેવાય સ્વભાવિક કહેવાય, સહજ કહેવાય, સ્વયંસિદ્ધ કહેવાય એ વસ્તુ પોતે દુઃખ અને વિકૃત હોઈ શકે નહિ. એટલે કે વસ્તુ સ્વભાવિક આનંદમય અને સ્વભાવિક જ્ઞાનમય અને સ્વભાવિક શાંતિમય છે. સમજાણું કાંઈ?

એ વસ્તુના લક્ષણવાળું જ્ઞાન એને અને રાગાદિ જે મિથ્યાત્વાદિ વિકલ્પો જે છે એના તરફના લક્ષને સર્વથા છોડવું. વળી સર્વથા ન છોડે તો થોડું છોડે અને થોડું ન છોડે એમ આવે ક્યાંથી? સમજાય છે કાંઈ? ભલે પછી અસ્થિરતા રહી જાય પણ એ અસ્થિરતા સ્વભાવની એકતામાં એ અસ્થિરતા આવતી નથી. સમજાણું કાંઈ? ભારે વાતું ભાઈ! કહે છે કે પ્રથમ કરવાનું હોય તો પહેલામાં પહેલું આ. અને સર્વથા છેદવું એ પહેલું કરવાનું એ અહીં વાત છે. આહાહા..!

મુમુક્ષુ :- ક્રિયાનો ઉપદેશ..

ઉત્તર :- શેનો? ધર્મક્રિયાનો ઉપદેશ આ. આહાહા..! અરે..! ભગવાન! તારી ક્રિયા તો તારામાં સમાય કે તારી ક્રિયા તો પરમાં આવે? આહાહા..! દેહની ક્રિયા તો તારી નહિ...

એ આજ આવ્યું છે પાછું લ્યો. દેહની ક્રિયાથી ધર્મ-અધર્મ થાય છે. એ લોકો સોનગઢના પક્ષવાળા કહે છે કે ન થાય. આ શાસ્ત્રમાં દાખલા આવ્યા. ખૂબ લખે બિચારા. અરે.. ભગવાન! શું કરે છે તું? તારા વિકલ્પોથી અધર્મ થાય અને નિર્વિકલ્પથી ધર્મ થાય. પરને લઈને શરીર વડે, ધર્મ, અધર્મ ક્યાંથી થાય, ભાઈ! એની પર્યાય જુદી છે ને ભાઈ, તને ખબર નથી. શરીરના રજકણે રજકણની એક અવસ્થા તદ્દન જુદે જુદી છે. સમજાણું કાંઈ?

અહીં તો એની દશામાં થતાં વિકારભાવ એ વિકાર કૃત્રિમ પર્યાયબુદ્ધિમાં વિકાર જે છે અવસ્થાબુદ્ધિમાં, એ વિકારના લક્ષથી છોડી લક્ષણને અંતરમાં વાળતા જે ક્રિયા થાય તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ધાર્મિક ક્રિયા તેને કહેવામાં આવે છે. ભારે વાતું. સમજાણું કાંઈ? આ મિથ્યાત્વનો ત્યાગ એ વખતે પાંચેય પર્યાયનો ખરેખર તો દૃષ્ટિમાંથી લક્ષણથી લક્ષમાં જતા પાંચેયનો ત્યાગ છે એમાં. સમજાણું કાંઈ? એ ચૈતન્ય સૂર્ય છે ને. અને જેનો સ્વભાવ

છે તે અપરિમિત બેહદ સ્વભાવ. સ્વભાવનું શું કહેવું? એક પરમાણુ જેવું તત્ત્વ અજીવ, એ પણ એક સમયમાં કાળા રંગથી અનંતપણે પરિણમેલું હોય એ બીજે સમયે અનંત સફેદપણાની પર્યાયપણે પરિણમે એવી એની પર્યાયની તાકાત છે. પરમાણુ, એને ખબર નથી પણ એનો સ્વભાવ જ એવો છે. એક સમયમાં અનંતગુણ કાળી દશા હોય, બીજે સમયે ધોળી થાય. કારણ કોણ?

મુમુક્ષુ :- એ તો પ્રશ્ન જૂનો છે.

ઉત્તર :- જૂનો પ્રશ્ન છે તે દિ'નો. શેઠિયા હતા પંડિત. આવ્યા હતા ને બધા આપણે દિગંબર વિદ્વત પરિષદમાં મહેન્દ્રકુમાર હતા ને. પંડિત. પ્રશ્ન કહ્યો, એક પરમાણુ છે એને પહેલે સમયે તે અનંતગુણો કાળો છે તે દિ' લીલો કહ્યો હતો. કાળો છે. અહીં તો એકદમ કાળો-ધોળો એટલે જરી. નહિતર લીલો કહ્યો હતો. એક પરમાણુ જે છે. વસ્તુ છે ને. અને એ પરમાણુમાં પણ અનંત,.. કદે નાનો એમ ન લેવું. સ્વભાવે મોટો છે એ પરમાણુ. વસ્તુ છે ને? વસ્તુ છે તો એનો સ્વભાવ, સ્વભાવ (છે). સ્વભાવ એટલે શક્તિ. શક્તિનું સત્ત્વનું તત્ત્વ તે અમાપ અનંત જ હોય. કદ નાનું માટે એ નાનો છે એમ હોઈ શકે નહિ. સમજાણું કાંઈ?

એક પરમાણુનો સત્તાગુણ લ્યો સત્તા. તો એ એવડો જ મોટો છે. અને આકાશ આમ આખો વ્યાપક પૃથક્ આખો. તો એનો સત્તાગુણ તો સરખો જ છે. એવડો વ્યાપક સત્તાગુણ માટે મોટો અને આટલો સત્તાગુણ માટે નાનો, એમ ક્ષેત્રની અપેક્ષાએ નાનો મોટો હોઈ શકે જ નહિ. સમજાણું કાંઈ? એના સ્વભાવના સામર્થ્યની અપેક્ષાએ એનું અપરિમિતપણું કહેવામાં આવે છે. એક પરમાણુ પણ પહેલે સમયે જ્યાં કાળો, બીજે સમયે સફેદ (થાય). અનંતગુણો સફદે હોં! કેમ થયો? કેમ થયો? શાથી થયો? શું થયું?

ખરેખર કોઈ એમ કહે કે એ તો કોઈને કાળને લઈને. તો કાળ તો બધાને નિમિત્ત છે. અને ખરેખર એમ કહે કે એ દ્રવ્યને લઈને કહે. તો દ્રવ્ય તો બધા સરખા છે. કોઈ કહે કે એના ગુણને લઈને છે. ગુણમાં બધા સરખા છે. એક પર્યાયની એવી તાકાત છે સ્વતંત્ર કાળી અનંતગુણી સફેદ થાય એ પર્યાય પર્યાય સ્વતંત્ર છે. આમાં તો એમ કહે કે ભાઈ એનો પુરુષાર્થ અહીં ગયો માટે આમ થયું. એમાં પણ એમ જ છે. એમ કે જડમાં તો પુરુષાર્થ આમ કરવાનો તો નથી છતાં થાય છે એ શું? એ સ્વતઃ સ્વભાવ એવો છે.

એમ ભગવાન આત્મા આ તો અસંખ્ય પ્રદેશી મોટું ધામ છે આખું મોટું. એ તો એક પ્રદેશી એક પરમાણુ. એમાં એનું જ્ઞાન અમાપ છે... અમાપ છે... અમાપ છે... એક સમયમાં રાગમાં રોકાયેલી પર્યાય એ જ બીજે સમયે અહીં રોકાણી ત્યાં અનંતી પર્યાયની તાકાત

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


લઈને પ્રગટ દશા થઈ. સમજાણું કાંઈ? આ વાતું! ભાઈ! આ તો દેવ-દેવ. ભગવાન દેવ છે. એ દેવની વાતું આ છે. આહાહા..! દિવ્ય શક્તિ.. દિવ્ય શક્તિ. ભગવાન ચૈતન્ય પ્રભુ. પરમાત્મસ્વરૂપ જ છે. પરમાત્મસ્વરૂપ સાક્ષાત દ્રવ્ય પરમાત્મરૂપ છે. એનું પછી પર્યાયમાં પ્રગટ પરમાત્મા થવું તેનું નામ મોક્ષ છે.

કહે છે કે પહેલામાં પહેલું આત્માએ જેને આત્માનું હિત કાર્ય કરવું હોય તેણે આ કરવું. પહેલામાં પહેલું. નવનીતભાઈ! આહાહા..! સ્વરૂપચંદભાઈ! સમજાય છે આ? ઝીણી વાતું, બાપા! જગતના ભણતરે પાર આવે એવું નથી. આ શાસ્ત્રના ભણતરે પાર આવે એવું નથી. આહાહા..! કહે છે કે ભાઈ! આ વસ્તુ છે ને. એ વસ્તુમાં અનંત અનંત અંતર્મુખ શક્તિઓનું એ તત્ત્વ છે. એના લક્ષની પર્યાય બહિર્મુખ વલણવાળી છે. એને અંતર્મુખ કરવી તે ચીજ રાગ અને આત્માનું સર્વથા ભિન્ન પડ્યું એમ કહેવામાં આવે. કિંચિત્‌ય રાગનું લક્ષ રહે છે ત્યાં? અહીં લક્ષ છે? અહીં લક્ષ જાય એનું એ બે ક્યાંથી થાય? વર્તમાન દશા પર ઉપર લક્ષ રહે થોડું અને પોતા ઉપર રહે થોડું એમ ક્યાં બને છે? ન થાય. સમજાય છે કાંઈ?

કહે છે કે પહેલામાં પહેલું તો તેમના નિશ્ચય સ્વલક્ષણ દ્વારા. અરે.. દુઃખી થયો ભગવાન તું અનંત કાળથી ભાઈ! તને તારી કૃપા નથી આવતી હોં! તને તારી દયા નથી. અરે..! આ દુઃખી પ્રાણી. ક્યાંય સુખ એને મળતું નથી. ક્યાંય ઈન્દ્રિયોમાં, શરીરમાં ક્યાંય નથી. એ પુણ્ય-પાપના વિકલ્પમાં પણ ક્યાંય શાંતિ અને સુખ નથી. સુખ અને શાંતિ તો સ્વરૂપમાં અંતરમાં છે. સ્વરૂપચંદજી! સ્વરૂપમાં છે. આહાહા..!

ભાઈ! અંતર કોઈ સ્વરૂપ વસ્તુ છે કે નહિ? એમાં લક્ષણ જે જ્ઞાન એને વાળ અંદર. એ બંધના વિકલ્પોની પર્યાયથી આ પર્યાય આમ વળી એટલે સર્વથા છેદાય છે. પહેલો જ આ એનો ઉપાય છે. કહો, માલચંદજી! ઝીણું પડે છે ને? ઝીણું પડે છે, લ્યો હા પાડે છે. ઝીણું પડે છે. ભિન્ન કરવા. પછી? પછી શું કરવાનું પૂછ્યું હતું ને?

'**રાગાદિક જેનું લક્ષણ છે એવા સમસ્ત બંધને તો છોડવો...**' છોડવાનો અર્થ શું? એ રાગ ઉપર જે લક્ષ છે એને આ બાજુ વાળવું એટલે એનો અર્થ કે એ બંધને એણે છોડ્યો. બંધને આમ રાખ્યો ભિન્ન. લક્ષણને આમ વાળ્યું, બંધને છોડવો અહીં ગ્રહવું. અહીં આમ છોડવું અને ગ્રહવું એ સિદ્ધ કરવું છે. '**છોડવો અને ઉપયોગ જેનું લક્ષણ છે એવા શુદ્ધ આત્માને જ ગ્રહણ કરવો.**' શુદ્ધ ઉપયોગ જાણનાર જે લક્ષણવાળું તત્ત્વ તેને ગ્રહણ એટલે એમાં સ્થિર થવું. ઓલામાંથી છૂટવું અને આમાં સ્થિર થવું. ભારે ક્રિયા ભાઈ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- બહારની ક્રિયા...

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ઉત્તર :- એક સામાયિક કરી નાખો, પાંચ સામાયિક કરી નાખો. ઝટ સમજાય. એ ક્રિયા એની કે દિ' હતી? શરીર ને આ બધું નાખ્યું છે, ખૂબ લખ્યું છે અજીતકુમારે. શરીરથી સામાયિક થાય, શરીરથી પોષા થાય, શરીરથી જાત્રા જવાય, શરીરથી ભગવાનના દર્શન થાય, વાણી હોય તો સ્તુતિ થાય. બધું પરથી થાય. એનાથી ધર્મ થાય અને તમે કહો કે ન થાય.. ન થાય. જૈન ગેઝેટ આવે છે ને એમાં છે. આહાહા..!

આજે સંન્યાસી આવ્યો હતો. નહોતો આવ્યો? એક માણસ હતો ને? અહીં આવ્યો હતો ને. હતો તો દશાશ્રીમાળી સ્થાનકવાસી બોટાદનો. કો'ક આવ્યો હતો ત્યાં. સ્થાનકવાસીનો. એક માસ્તર હતા ખરા. સાંભળ્યું હતું. એનો દીકરો છે. ન્યાં હતા, કાંપમા. કેમ્પવાળા જૂના માણસ. આઠ વર્ષનો સંન્યાસી હતો.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- હા. એની ભેગા હતા. લાલચંદભાઈ રહેતા હતા. એ કહે કે ન્હાવું-ધોવું આમાં નહિ માટે મેં દીક્ષા ન લીધી. આજે આવ્યો હતો. તમારે ત્યાં આવ્યો હતો ને. પછી હું બહાર નીકળ્યો જંગલ જવા. મારે દસ મિનિટ મળવું છે. અહીં કોઈએ આહાર-પાણીનું કીધું ન હોય એટલે કે આ મારુ કાંઈ આતિથ્ય સત્કાર નથી લાગતો. અમારે સંન્યાસીમાં આતિથ્ય સત્કાર હોય. સંન્યાસીના લૂગડા હતા. દશાશ્રીમાળી. સ્થાનકવાસી દશાશ્રીમાળી. બોટાદના. પછી અહીં સિહોરમાં. મળવા આવ્યો હતો. સ્થાનકવાસી હતા ત્યારે ખબર હતી. આ મને પસંદ પડ્યું કે આ ન્હાવું-ધોવું નહિ આમાં. અરે..! એ હવે ક્યાં વળગ્યો? કીધું. ન્હાવું-ધોવું આવા ને આવા. બહુ સ્થૂળ વાતું. ન્હાવું-ધોવું જૈનમાં નહિ અને ઓલામાં ન્હાવું-ધોવું એ સારું. લ્યો ઠીક! જુવાન હતો નાની ઉંમરનો. આવ્યો હતો. આહાહા..! હવે ક્યાં ન્હાવું? કોને ધોવું? હવે સાંભળને. મૂળ વાતની ખબર ન મળે અને આ ન્હાવું ને ધોવું. આ રાગ અને પુણ્ય-પાપના વિકલ્પોથી નાહી નાખવું એમ કહે છે અહીં તો. આહાહા..! કહો, સોભાગભાઈ! પહેલી શ્રદ્ધામાં હા તો પાડ કે માર્ગ આ છે. બીજો માર્ગ નથી. વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથે એ કર્યું છે અને એમ કહ્યું છે. એમ કર્યું છે અને એમ કહ્યું છે અને એમ માર્ગ છે.

'**રાગાદિક જેનું લક્ષણ છે...**' એમાં તો કાંઈ બાકી ન રાખ્યું. રાગ આદિ હોં. અવ્રત બધું લક્ષણ છે ને પરનું? '**એવા સમસ્ત બંધને તો છોડવો...**' જુઓ! ત્યાં પણ સમસ્ત આવ્યું. અહીં સર્વથા છેદવા, ત્યાં સમસ્ત છોડવો. છેદવા પણ સર્વથા અને સર્વથા છોડવો. એટલે બેય રીતે પણ સર્વથા જ છૂટે. છેદાય સર્વથા અને છૂટે પણ સર્વથા. જ્ઞાનસ્વરૂપ ભગવાન ચૈતન્ય મૂર્તિનું અંતર અનુભવનું ભાન થતાં એ સર્વથા રાગથી છૂટો પડ્યો એ સર્વથા

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છોડ્યો એમ કહેવામાં આવે. અને અહીં ગ્રહણ થયો. અહીં ગ્રહણ એટલે? આત્માના જ્ઞાયક સ્વભાવના અંતરમાં એકાકાર થયો. જેને એકાકાર થયો તેને ગ્રહણ કર્યો કહ્યું. જેમાંથી એકાકારપણું છૂટ્યું એને છોડ્યું કહ્યું. સમજાણું કાંઈ?

'**ઉપયોગ જેનું લક્ષણ છે એવા શુદ્ધ આત્માને જ ગ્રહણ કરવો.**' જાણનાર... જાણનાર... જાણનાર.. એમ જે ... એ જ્ઞાનને અંતરમાં શુદ્ધ આત્મા નિર્મળ તેમાં એકાગ્ર થવું. '**આ જ ખરેખર આત્મા અને બંધને દ્વિધા કરવાનું પ્રયોજન છે...**' લ્યો! આ જ. એ પછી કહેતો હતો અમારે તો સંન્યાસીમાં અહં બ્રહ્મ છે આત્માનું.. મેં કહ્યું, અહં બ્રહ્મ... અહં બ્રહ્માસ્મિ. દશાશ્રીમાળી સ્થાનકવાસી ... આવ્યો. આવ્યો હતો. આ તત્ત્વના માર્ગની ખબર ન મળે અને કંઈક બિચારા જૈન હોય એ જૈનમાં જન્મ્યા હોય લ્યો. ક્યાંક વયા જાય. ખબર ન મળે. આ જૈનમાં હોય તોપણ જૈનની ખબર નહિ એ અજૈન જ છે ને. આહાહા..!

જૈનપણું એ તો કોઈ વસ્તુનું સ્વરૂપ છે. કહે છે કે વસ્તુ પોતે આત્મા જ્યારે વીતરાગ સ્વરૂપ છે એનું વીતરાગ સ્વરૂપ જ એનું છે. જેમ જ્ઞાનથી જ્ઞાયકસ્વરૂપ છે, એમ ચારિત્ર સ્વરૂપ છે અંદરમાં. ચારિત્ર કહો કે વીતરાગસ્વરૂપ કહો. એનામાં જેમ જ્ઞાનગુણ છે એમ એ ચારિત્રગુણ છે ત્રિકાળી. તો ત્રિકાળી ચારિત્ર એટલે શું? વીતરાગતા. જ્ઞાન અને વીતરાગ સ્વરૂપથી ભરેલો એ ભગવાન છે. સમજાણું કાંઈ? એવા વીતરાગ ભગવાન આત્માને, વીતરાગી જ્ઞાનની પર્યાય દ્વારા અંતર વાળતા એમાં એકાકાર થાવું અને આને છોડવું. આ જ દ્વિધા કરવાનો હેતુ છે. દ્વિધા કરવાનું આ પ્રયોજન છે. ધ્યાન છે ભાઈ! આ તો ધ્યાનનો વિષય છે. આહાહા..!

આત્મા અને બંધને દ્વિધા કરવાનો હેતુ એ છે કે '**બંધના ત્યાગથી શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું.**' લ્યો, છેલ્લો સરવાળો. રાગાદિ પુણ્ય-પાપનો વિકલ્પ જે છે એના તરફથી લક્ષ છોડીને અંતરમાં એકાકાર થવું તે બંધના ત્યાગથી શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું એ એનું પ્રયોજન છે. કહો, સમજાણું આમાં? કહો, પ્રવિણભાઈ! હિંમતભાઈ આવ્યા? એ આજ કારણસર કર્યું હશે. કહો, સમજાણું આમાં? હિંમતભાઈ ને એ બધા તપાસનારા છે.

'**શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું.**' કહો, સમજાણું કાંઈ? કૈલાસચંદજીએ લખ્યું કે જ્યાં ત્યાં અત્યારે કાનજીસ્વામી ચર્ચા ચાલે છે. અને તેમાં અનુકૂળવાળા થોડા અને પ્રતિકૂળવાળા ઘણાં. લખ્યું છે. રાંચીમાં. રાંચીમાં એ ત્યાં છે રાંચીમાંથી ઘણું ... પણ .. એક જણો હતો રાતે બિચારાએ સમાધાન કર્યું. હતા ને તમે? હતા ને રાતે? પણ ઓલા જે હતા એ પછી આવ્યા. લખ્યું છે. થોડોક ત્યાગ કરો, ત્યાગ તમે. એ જરૂર છે. પછી એને ભલામણ કરવાની ટેવ છે ને? કૈલાસચંદજીને ભલામણ કરવાની ટેવ છે. પાછી. ઓલા કહે અધિક

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


છું અને આ અહીંથી અધિક છું. આહાહા..! ભાઈ! ત્યાગ કોણ? લોકોને એમ કે બાહ્ય ત્યાગ હોય એ ચારિત્ર છે અને એ ચારિત્રનો કાનજીસ્વામી નિષેધ કરે છે. ચારિત્રનો નિષેધ કરે છે અને વસ્ત્ર-પાત્ર રાખીને સદ્ગુરુ કહેવરાવે છે. માટે આવો ધર્મ પરંપરા ચાલશે તો ઓલું થશે. લખ્યું છે, જૈન સંદેશમાં આવ્યું છે. અરે.. ભગવાન! શું તને કહેવું? ભાઈ! ત્યાગ કોનો કહેવો? અને એ ત્યાગ તે બાહ્યનો ત્યાગ તે અંતરના રાગના અભાવની સ્થિતિ વિના નિમિત્તનો અભાવ શી રીતે થાય? અને એ રાગનો અભાવ કાંઈ બહારથી થાય એવો છે? એ તો અંતરના સ્વભાવની સ્થિરતા દ્વારા રાગનો અભાવ થાય ત્યારે બહારના નિમિત્તો એ જાતના છૂટી જાય. એ તો સહજ વસ્તુ છે. એ કાંઈ કૃત્રિમ વસ્તુ નથી કે આ છોડ્યું, આ મૂક્યું. એમ નથી. વસ્તુમાં એમ નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...

ઉત્તર :- ક્યાં છૂટ્યું છે? ધૂળમાં? નિમિત્ત છૂટ્યું છે ક્યાં? નિમિત્ત તરફનો રાગ છૂટે ક્યારે? કે સ્વભાવ તરફની એકાગ્રતા થાય ત્યારે. પહેલું તો ભિન્ન પડ્યું. હવે જે રાગાદિ રહ્યા પણ એ ભિન્નપણે રહ્યા છે. ભિન્નપણે રહ્યા છે. હવે એને પણ સ્વરૂપમાં સ્થિર થતાં... થતાં... થતાં.. રાગ છૂટે. અને રાગ છૂટતા તે પ્રકારના નિમિત્તો અસદ્ભુત વ્યવહારનયે છોડ્યા એમ કહેવામાં આવે. અંદરમાં હજી સ્થિરતા ન મળે અને રાગનો અભાવ ન મળે અને એના નિમિત્તો છૂટ્યા અને ત્યાગી છે. શાંતિભાઈ! આહાહા..! કેમ દીપચંદજી! અરે.. ભગવાન! શું કહે? ભાઈ! તારો ત્યાગ તો એ છે દશા કે એક સમયનો જે મિથ્યાત્વ અવ્રત, પ્રમાદ, કષાય એક સમયનો પર્યાય એકસાથે છે એ. એના ઉપરથી લક્ષ છોડીને અહીં લક્ષ જાય ત્યારે એકાગ્ર થતાં શુદ્ધનો અનુભવ થાય અને રાગનું ભિન્નપણું રહી જાય. એવો પહેલો મિથ્યાત્વનો ત્યાગ અથવા બંધભાવ સર્વનો ત્યાગ અંતર દૃષ્ટિની અપેક્ષાએ થઈ ગયો.

પછી અવ્રત, પ્રમાદ આદિ ભાવ રહ્યો પણ એ સ્વભાવની નિશ્ચય દૃષ્ટિની પર્યાયમાં એ નથી. ભિન્ન રહેલો છે. શેઠિયા! અરે.. ભગવાન! ભાઈ! એ ભિન્ન રહેલો છે. પછી ભિન્ન રહેલો છે એને સ્વભાવની અંતરની એકાગ્રતાની ઉગ્રતા દ્વારા, સ્થિર થતાં એ રાગ જેટલે અંશે વિશેષ છે અવ્રત આદિનો એટલે અંશે છૂટે છે, જેટલે અંશે સ્થિર થાય છે. એટલા અંશે એના નિમિત્તો પણ લક્ષમાં રહેતા નથી. સ્ત્રી, કુટુંબ, પરિવાર જ્યારે રાગનો અભાવ થઈ, સ્થિરતા વિશેષ થઈ રાગનો એ જાતનો અભાવ થયો, એ જાતના નિમિત્તો સ્ત્રી, વસ્ત્ર, પાત્ર એને રહેતા નથી. રહેતા નથી. એણે છોડ્યા છે એમ નહિ. એ વખતે એને હોઈ શકતા નથી. સમજાણું કાંઈ? અંતરની ચીજ છે એમાં તો કાંઈ નજર પડતી નથી. એમાં સ્થિર થવાની ગતિ નથી અને આ રાગ ઘટાડ્યો માટે અમે આ બધું છોડ્યું માટે આ રાગ ઘટી

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


ગયો. ભાઈ! એમ ન ઘટે. એ ઘટવાની રીત નથી.

મુમુક્ષુ :- બહારથી શરૂ થયું...

ઉત્તર :- શું શરૂ થયું? મિથ્યાત્વની પુષ્ટિ શરૂ થઈ છે. શું થાય? નિમિત્તપણે એનો નૈમિત્તિક ભાવ છૂટ્યો નથી અને નિમિત્ત છૂટ્યું છે એમ માન્યું છે ત્યાં મિથ્યાત્વની પુષ્ટિ થાય છે. બાલચંદજી! સમજાય છે કાંઈ? થોડું થોડું ઝીણું પડે પણ સમજાય કે નહિ? શેઠિયાની સાથે રહો છો ને સદાય હવે તો.

મુમુક્ષુ :- ..

ઉત્તર :- મળે છે .. ત્યાં એને ન પૂછયું. શેઠિયાને ન પૂછયું. કહો, સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાન! આ તો તારા ઘરની વાત ચાલે છે ને પ્રભુ! આમ વસ્તુ જેટલી ઘરમાં, અંદરમાં આવ્યો, એટલું પરઘરનો વ્યભિચાર રાગ ઘટી ગયો. અને એ રાગ ઘટતા કેટલાક નિમિત્તનો સંબંધ પણ એને રહેતો નથી. એ વિના નિમિત્તનો ત્યાગ કહેવો કોને? સમજાણું કાંઈ? બિચારા શાંતિસાગર કહેતા કે લ્યો ભાઈ, આ વસ્ત્ર-પાત્ર છોડીને બેઠા છીએ, પણ હવે આ કર્મ છૂટે ત્યારે થાય ને? એમ બિચારા બોલતા. લ્યો વ્યાખ્યાનમાં કહ્યું હતું ભાઈ. નહિ? બોલ્યા હતા. હતા તમે? ૯૭. તે દિ' ..માં આવ્યા. આ વસ્ત્ર-પાત્ર છોડીને બેઠા છીએ લ્યો. પણ હવે કર્મ છૂટ્યા વિના? બિચારા ભદ્રિક હતા. બહુ ઓલું નહિ. વળી એમ કે વસ્ત્ર-પાત્ર છૂટ્યા છે ક્યાં હજી? સમજાય છે? કર્મને છોડવા હતા ક્યાં? એ તો છૂટા જ પડ્યા છે.

વસ્તુને અંદર પકડતા જે મિથ્યાત્વભાવ છે તેનો વ્યય થાય છે અને તે મિથ્યાત્વભાવમાં નિમિત્ત રૂપે કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર જે હતા તે એને નિમિત્તમાંથી છૂટી જાય છે. સમજાણું કાંઈ? અને પછી જે રાગ રહ્યો છે એમાં સુદેવ, સુગુરુ, સુશાસ્ત્ર આદિ નિમિત્ત છે. અને રાગ રહ્યો છે એના પ્રમાણમાં એને સ્ત્રી, કુટુંબનો વિષય, ભોગ આદિનો તેમાં નિમિત્ત છે હજી. ચોથે. એ જ્યારે વિશેષ સ્થિરતા થાય છે ત્યારે પંચમ ગુણસ્થાનમાં તે પ્રકારનો રાગ છૂટતાં તેને તીવ્ર વિષયના નિમિત્તો એના લક્ષમાંથી છૂટી જાય છે. સમજાય છે કાંઈ? અને એનાથી આગળ જતાં સ્વરૂપની સ્થિરતા વિશેષ થતાં જ્યાં ત્રણ કષાયનો અભાવ થઈને જામ્યો છે ચારિત્રમાં, ત્યારે ત્રણ કષાય વ્યય થયા, સ્થિરતા ઉત્પન્ન થઈ અને તે પ્રકારના નિમિત્તો આધાકર્મી, આહાર, વસ્ત્ર, પાત્ર, સ્ત્રી, કુટુંબ, ધંધો એવું જે રાગમાં નિમિત્ત હતું એ નિમિત્ત એને છૂટી જાય, સંબંધમાં છૂટી જાય છે. આમ છે. વસ્તુ તો આમ છે. બીજી આઘી પાછી કરે તો કાંઈ વસ્તુમાં સમાય એવું નથી. આહાહા..! સમજાય છે? સોભાગભાઈ!

આ તો સીધી વાત છે. સરળ વાત છે. ભાઈ! માર્ગ તો સરળ સહજ જ હોય છે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com

ને? એ કાંઈ હઠ અને કૃત્રિમનો હોય છે? કહે છે, **'શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું.'**

**'ભાવાર્થ :- શિષ્યે પૂછ્યું હતું...'** જુઓ! એ વિષય લઈ લીધો. એટલે ભાઈ અમૃતચંદ્રાચાર્યે બધી ઉપાડી છે ને શૈલી? એ મૂળ પાઠમાં આવશે હવે. ૯૬માં. મૂળ પાઠમાં આવશે એટલે ઓલી શૈલી બધી ભાઈ. છે ને? **'कह सो घिप्पदि अप्पा'** એટલે ભલે અહીં મૂક્યું એ રીતે બધે લઈ લીધું. કે ઠીક આમ પૂછે છે એનો ઉત્તર આમ છે. બધી ગાથામાં મૂક્યું ને માથે?

અહીં **'શિષ્યે પૂછ્યું હતું...'** એ ઉપરથી છે. પણ એનો અર્થ થયો ને?

**जीवो बंधो य तहा छिज्जंति सलक्खणेहिं णियएहिं।**
**बंधो छेदेदव्वो सुद्धो अप्पा य घेत्तव्वो।।२९५।।**

એમાંથી ન્યાય કાઢ્યો. તો શિષ્યે પૂછ્યું કે, પ્રભુ! આ આત્મા ચૈતન્ય વસ્તુ છે એનું ભાન થયું. રાગને દ્વિધા કર્યા. હવે ગ્રહણ કોને કરવું? કે ગ્રહણ કરવુંનો અર્થ? કે જુદો લક્ષણથી આત્મા જાણ્યો ત્યાં ઠરવું. એને ગ્રહણ કર્યું કહ્યું. અને રાગથી છૂટ્યો પડ્યો એને રાગ છોડ્યો એમ કહેવામાં આવે છે. **'તેનો આ ઉત્તર આપ્યો કે બંધનો તો ત્યાગ કરવો અને શુદ્ધ આત્માનું ગ્રહણ કરવું.'**

હવે **'(આત્મા અને બંધને ભિન્ન તો પ્રજ્ઞા વડે કર્યા...)'** જોયું! જ્ઞાનના લક્ષણ દ્વારા અંતરમાં જ્ઞાતાને પકડ્યો. આ આત્મા, એમ જ્ઞાન લક્ષણ વડે આત્માને જાણ્યો અને રાગને ભિન્ન જાણ્યો. પ્રજ્ઞા વડે હોં. રાગ વડે નહિ, નિમિત્ત વડે નહિ, કષાયની મંદતા વડે નહિ. પ્રજ્ઞાની પર્યાય દ્વારા વર્તમાન પ્રજ્ઞાની દશા અંતરમાં વાળતા પ્રજ્ઞા વડે રાગને ભિન્ન કર્યો. **'પરંતુ આત્માને ગ્રહણ શા વડે કરાય? એવા પ્રશ્નની તથા તેના ઉત્તરની ગાથા કહે છે :-'** પોતે કુંદકુંદાચાર્ય જ પોતે મૂકે છે હવે. સમજાણું કાંઈ? આહાહા..!

૨૯૬.

**कह सो घिप्पदि अप्पा पण्णाए सो दु घिप्पदे अप्पा।**
**जह पण्णाइ विभत्तो तह पण्णाएव घेत्तव्वो।।२९६।।**

કુંદકુંદાચાર્યે ગાથામાં જ પ્રશ્ન શિષ્યનો મૂક્યો છે.

**એ જીવ કેમ ગ્રહાય? જીવ ગ્રહાય છે પ્રજ્ઞા વડે,**
**પ્રજ્ઞાથી જ્યમ જુદો કર્યો, ત્યમ ગ્રહણ પણ પ્રજ્ઞા વડે. ૨૯૬.**

શિષ્યનો પ્રશ્ન છે. પ્રશ્ન અને ઉત્તર બે સાથે.

**'ટીકા :- શુદ્ધ એવો આ આત્મા શા વડે ગ્રહણ કરવો?'** શુદ્ધ ચૈતન્ય પ્રભુ, નિર્મળ શુદ્ધ સ્વભાવ એવો આત્મા શા વડે-ક્યા વડે-ક્યા સાધન વડે ગ્રહણ કરવો? સાધન

વડે ક્યા સાધનથી જુદો પાડવો એ પહેલું આવ્યું હતું કે કર્તા રાગ અને આત્માને દ્વિધા કરવામાં કર્તા આત્મા અને દ્વિધા કરવું તેનું કાર્ય. તો તેમાં કરણ જોઈએ સાધન. કે સાધન એ આત્માથી અભિન્ન બુદ્ધિ તે તેનું સાધન.

'**શુદ્ધ એવો આ આત્મા શા વડે ગ્રહણ કરવો?**' હવે અહીં તો શા વડે ગ્રહણ કરવો. ઓલા શા વડે જુદો પડવો. કરણ એમાં શું? એમ હતું. કાર્યમાં કરણ શું એમ હતું એમ હતું ત્યાં. પહેલામાં આવી ગયું. સાધન કોણ? હવે અહીં કહે છે કે સાધન તો કર્યું જુદું. હવે ગ્રહણ શી રીતે? પકડવો શી રીતે એને? આહાહા..! ભારે વાત ભાઈ! આવી સત્ય વાત કાને ન પડે તો એ વિચારે કે દિ'? અને એ અંતરમાં ઓગાળે કે દિ'? ઓગાળે સમજો છો? વિચારમાં અંદર મૂકીને મંથન-મંથન કરે. ખબર જ નથી ત્યાં એ (કરે કેવી રીતે)?

'**શુદ્ધ એવો આ આત્મા...**' એ ઝંખનાવાળો પ્રશ્ન છે. ઝંખના સમજો છો? અભિલાષ. મહારાજ! એને હવે પકડવો-ગ્રહણ શી રીતે કરવો? '**પ્રજ્ઞા વડે જ શુદ્ધ એવો આ આત્મા ગ્રહણ કરવો;...**' લ્યો! એ જ્ઞાનની પર્યાય જે છે એ દ્વારા એમાં એકાગ્ર થાવું. ગ્રહણ કરવો એટલે આદરવો. ભેદ પાડ્યો હતો પ્રજ્ઞા વડે, એ જ પ્રજ્ઞા વડે ગ્રહણ કરવો. એમ કહે છે. અહીં તો ઓલા વિકલ્પનું મંદપણું છે એ વડે જુદો પડતો નથી અને એ વડે પકડાતો નથી એમ સિદ્ધ કરીને... વ્યવહાર કહે છે ને? વ્યવહાર હોય તો નિશ્ચય થાય. એ જ અહીં સિદ્ધ કરે છે. કે વ્યવહાર જેને તું કહે છો એ બંધભાવ છે. એનાથી જુદું પડવામાં પણ પ્રજ્ઞાછીણી કરણ છે. અને એને આત્માને ગ્રહણ કરવામાં પણ પ્રજ્ઞા કામ આવે છે. એ કષાયની મંદતા ત્યાં જુદું પાડે અને કષાયની મંદતાથી આત્માને ગ્રહણ કરે એવું વસ્તુમાં હોઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? આ તકરાર બધાની. નિમિત્તથી તત્ત્વ માનતા નથી. વ્યવહારથી તત્ત્વ માનતા નથી. વ્યવહારનો ત્યાગ તેને ચારિત્ર માનતા નથી. બસ, આ વાંધા. અરે.. ભગવાન! એ વાંધા. સમજાય છે? અને આ ક્રમબદ્ધ એ નિયત થઈ જાય છે, એકાંત થઈ જાય છે. આ વાંધા પાંચના લ્યો. એના એ.

ભાઈ! તને ખબર નથી. ભગવાનના પેટ ઊંડા છે. ધર્મના મૂળ ઊંડા છે એમ નથી કહેતી દુનિયા? ધર્મના મૂળ ઊંડા છે, બાપુ! એમ ધર્મ ન થાય. ધર્મ થતાં તો એને એમ ભાસે કે હું હવે અલ્પ કાળમાં મોક્ષ થવાનો છું, પૂર્ણ થવાનો છું એમ ભાસે એનું નામ ધર્મ છે. સમજાણું કાંઈ? અહીં તો ધર્મ કરીએ છીએ. કોણ જાણે અનંતા ભવ કરવા પડશે? અરે.. બાપુ! એ ધર્મ તું કરતો જ નથી. તને ધર્મની ખબર નથી. ધર્મ જેને સમ્યગ્દર્શનરૂપી ધર્મ થાય એને અનંત ભવ છે એ સંશય જ નથી. અનંત ભવ છે એ સંશય તો મિથ્યાત્વ

છે. આહાહા..! નવનીતભાઈ!

શ્રીમદ્દે એક પત્ર લખ્યો હતો. કહ્યું હતું. ભાઈ! તું એ સાધુને કહેજે કે આપણે આ બધો ત્યાગ કરીએ છીએ, આ બધું કરીએ છીએ પણ સંશય છેદાતો નથી એનું શું કારણ? કે આપણે અનંત ભવ.. હું ભવિ છું કે અભવિ? અનંત ભવ છે કે થોડા? એનો સંશય છેદાતો નથી. આ કર્યા એના ફળમાં સંશય તો છેદાતો નથી, તો કર્યું શું તેં? એ પકડશે એ સાધુને. એમ કે બાપુ! આ બધો ત્યાગ ને વ્રત ને તપસ્યા ને આ બધું કરો છો, પણ સંશય છેદાણો છે? એ ભાષા એવી લીધી. સંશય એટલે મિથ્યાત્વ મૂળ તો. મારે અનંત ભવ છે કે હું ભવિ છું (કે) અભવિ? એવો સંશય છેદાણો છે? સંશય છેદ્યા વિના તમે આ કર્યું એનું ફળ શું આવ્યું? એમાં અજ્ઞાન ચાર ગતિ આવશે. સમજાણું કાંઈ? ઓલું તો અમે ત્યાગ કરીએ છીએ, તપસ્યા કરીએ છીએ, વ્રત પાળીએ છીએ, આવું કરીએ છીએ. બાપુ! તારો ત્યાગ અને વ્રત એમાં સંશય છે તને કે અનંત ભવ મને છે કે નથી? એ આપણને ખબર પડે? એ તો સંશય છે. તો સંશય છે તો તારો ત્યાગ ક્યાં રહ્યો એમાં હવે? સમજાણું કાંઈ? હજી મિથ્યાત્વનું તો અનંત ભવનું કારણ મિથ્યાત્વ એનું તો ગ્રહણ છે. તો એમાં ત્યાગ ક્યાં આવો તારો આમાં? જ્ઞાનચંદજી! સમજાય છે કાંઈ? હજી અનંત ભવ મારે છે, અનંત ભવ છે, અનંત રખડવું પડશે. એવો તો તને હજી સંશય મિથ્યાત્વ પડ્યો છે. તો હજી અનંત ભવનું કારણ મિથ્યાત્વનો અભાવ થયો નથી, એનો ત્યાગ કર્યો નથી ત્યાં આ ત્યાગ ક્યાંથી આવ્યો? આના ત્યાગમાં મિથ્યાત્વનો ત્યાગ તો આવતો નથી. જુગરાજજી! આહાહા..! ખબર નથી તો શું કર્યું છે ત્યારે તેં?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- પણ મિથ્યાત્વ છૂટ્યા વિના અવ્રત, પ્રમાદ, કષાય તો છોડે. પણ એ ક્યાંથી છૂટે? એકડા વિના ઓલા તૂટે ક્યાંથી? આહાહા..! અરે.. આહાહા..! એ કહેતા હતા તમારે શેઠને એ કહેતા હતા. પહેલા કષાય છોડવો, આમ છોડવું, વ્રત પાળવા પછી મિથ્યાત્વ છૂટવું હોય તો છૂટે, ન છૂટવું હોય તો... અરે.. ભગવાન! પણ મિથ્યાત્વ એટલે કે આત્મા અનંત સંસારમાં રખડનારો છે એવો ભાવ એને મિથ્યાત્વ કહે છે. તો સ્વરૂપમાં એ છે નહિ. સ્વરૂપ તો ભવ અને ભવના કારણના રાગ વિનાની ચીજ છે. એ ચીજની જ્યારે દૃષ્ટિ અને અનુભવ થાય એને મિથ્યાત્વ ન હોય અને એને અનંત સંસારનો સંશય જ હોય નહિ. સમજાણું કાંઈ? તો ત્યાગ આટલો કષ્ટ કરવો, છ-છ મહિનાના અપવાસ, મહિના-મહિનાના અપવાસ, પંદર દિ' ના અપવાસ, ઉઘાડે પગે (ચાલવું), પાણી પીવા આ કરવા આહાહા..! એલા.. સંશય છે કે નહિ? અનંત સંસારી છે? એ તો ઊભો છે. તો શું છેદ્યું? તેં શું ત્યાગ્યું?

સમજાણું કાંઈ? બરાબર હશે કે નહિ?

એ અહીં કહે છે કે, ભાઈ! જ્યાં આત્મામાં રાગ જ નથી, રાગથી જ્યાં ભિન્ન પડ્યો છે એવો રાગ જ ભવ છે અને ભવનું કારણ છે. એનાથી જુદો પડ્યો એટલે એને ગ્રહણ કર્યો. જે જ્ઞાન દ્વારા જુદો પડ્યો એ જ્ઞાન દ્વારા ગ્રહણ થયો, ભવ-બવ છે નહિ. સમજાણું કાંઈ? વસ્તુમાં ભવ અને ભવના કારણો વસ્તુમાં નથી. એટલે એને સંશય રહે કે અનંત ભવ છે કે અનંત સંસાર છે. તને ત્યાગની ખબર નથી. મિથ્યાત્વના ત્યાગની ખબર નથી. સુંમેરૂમલજી! બરાબર છે કે નહિ?

અહીં તો કહે છે, જેવો જુદો પાડ્યો એવું એમાં રહેવું. છે એમાં એ મોક્ષ સ્વરૂપ છે આત્મા. આહાહા..! સમજાય છે કાંઈ? '**પ્રજ્ઞા વડે જ શુદ્ધ...**' જુઓ 'જ' 'જ' છે પાછું. '**प्रज्ञयैव**' '**प्रज्ञयैव**' 'જ'. ઓલા કહે કે જમાં 'જ' એકાંત આવી જાય છે. અનેકાંત થતું નથી. અરે.. સાંભળને ભગવાન! એ 'જ' માંજ એક અનેકાંત છે. તે પ્રજ્ઞા દ્વારા જુદો પડે અને પ્રજ્ઞા દ્વારા ગ્રહાય, પ્રજ્ઞા વડે જ ગ્રહાય. રાગ વડે જુદો પડે નહિ અને રાગ વડે ગ્રહાય નહિ. એનું નામ અનેકાંત છે. એ અનેકાંત એમ કહેવા માગે છે. આ જ્ઞાનની પર્યાયથી થાય, રાગની પર્યાયથી થાય. એ અનેકાંત નહિ એ તો એકાંત થઈ ગયું. સમજાણું કાંઈ? જ્ઞાનચંદજી! ભગવાન! અરે.. ભવનો ઉગારવો છે ને પ્રભુ! એ ભવના ભાવથી ઉગારવો છે ને આત્માને? એમાં આ ક્યાં આવા શલ્ય આડા? સમજાય છે? આહાહા..!

ક્યાંય અનંત કાળમાં ઊંચું માથું એણે કર્યું નથી આત્માનું. જ્યાં-ત્યાં અભિમાન. અહં... અહં... આ અમે.. આ અમે... અમે ત્યાગી.. અમે મોટા.. આ છીએ... ભાઈ! તું મોટો ચૈતન્ય ભગવાનને ભાળ્યા ને જોયા ને અનુભવ્યા વિના મોટો કઈ રીતે થયો? સમજાણું કાંઈ? રાગની મંદતાથી, બાહ્યના ત્યાગથી, બહારના સંબંધો છૂટ્યા થોડા એટલે અમે મોટા? એ મોટાની વ્યાખ્યા જ નથી. સમજાણું કાંઈ? એનું જે અહંપણું આવે છે તો અહીં આત્માનું અહંપણું છે નહિ. સમજાણું કાંઈ?

'**પ્રજ્ઞા વડે જ...**' લ્યો! ઠીક! ઓલામાં એમ કહ્યું હતું ને નિશ્ચયનયે.. સમજ્યાને? એ જ કરણ છે એમ આવ્યું હતું ને? '**ભગવતી પ્રજ્ઞા જ...**' '**નિશ્ચયે (નિશ્ચયનયે) પોતાથી ભિન્ન કરણનો અભાવ હોવાથી ભગવતી પ્રજ્ઞા જ (-જ્ઞાનસ્વરૂપ બુદ્ધિ જ) છેદનાત્મક (-છેદનના સ્વભાવવાળું) કરણ છે.**' એમ હતું ને? પ્રજ્ઞા જ. ન્યાં છે. ૨૯૪માં. '**प्रज्ञैव**' એમ શબ્દ છે. '**भगवती प्रज्ञैव छेदनात्मकं करणम्।**' અહીં પણ એ જ કીધું છે. જુઓ! '**प्रज्ञयैव शुद्धोऽयमात्मा गृहीतव्यः...**' સંસ્કૃત ટીકા છે. '**प्रज्ञयैव**' પ્રજ્ઞા એમ નહિ. '**प्रज्ञयैव**'

મુમુક્ષુ :- મુળ ગાથામાં છે.

ઉત્તર :- છે ને. મૂળમાં છે અને આ તો ટીકામાં પણ ચોખ્ખું છે. એમ. '**सो घिप्पदि अप्पा**' સમજાય છે કાંઈ?

શુદ્ધ એવો ભગવાન આત્મા અંતર્મુખે જે પ્રજ્ઞા વડે અંતર્મુખ થયો, એટલે કે રાગથી જે પ્રજ્ઞા વડે જુદો પડ્યો તે જ પ્રજ્ઞા વડે એકાગ્ર થાય. ગ્રહણ કર એટલે એકાગ્ર થા. '**કારણ કે શુદ્ધ આત્માને, પોતે પોતાને ગ્રહતાં,...**' લ્યો! શુદ્ધાત્માને પોતે પોતાને. શુદ્ધ નિર્વિકલ્પ વસ્તુ, એ પોતે પોતાને નિર્વિકલ્પપણે ગ્રહતાં. પ્રજ્ઞા જે કરણ છે. જુઓ! અહીં એનો સરવાળો લીધો પહેલાથી. પ્રજ્ઞા નામ જ્ઞાનની અવસ્થા રાગને જુદું પાડવાની છીણી છે. તે જે કરણ છે. '**પ્રજ્ઞા જ એક કરણ છે-જેમ ભિન્ન કરતાં પ્રજ્ઞા જ એક કરણ હતું તેમ.**' બસ. '**કારણ કે શુદ્ધ આત્માને, પોતે પોતાને ગ્રહતાં, પ્રજ્ઞા જ એક કરણ છે-જેમ ભિન્ન કરતાં પ્રજ્ઞા જ એક કરણ હતું તેમ.**' આહાહા..!

જ્ઞાનની પર્યાય જે બહાર દેખાય છે એ પર્યાય અંતર્મુખમાં વાળતા જેવું પ્રજ્ઞા વડે કરણ નામ સાધન હતું જુદું પડવાનું, એ જ પ્રજ્ઞા વડે ગ્રહણ થયો છે. આરે.. ભારે વાત! ઓલામાં તો કાંઈ છે? ઈચ્છામી પડિક્કમણા ઈરિયા.. એય.. ભગવાનભાઈ! થઈ રહ્યું. એમાં છે કાંઈ સમજવાનું કાંઈ? જીવિયા વહોરવિયા તસ્સ મિચ્છામી દુક્કડમ. જાવ. આખો જીવિયા વહોરવિયા કરી નાખ્યો એ? આ રાગથી લાભ થાય અને પુણ્ય એ મારું છે એનાથી લાભ થાય. એ જીવિયા વહોરવિયા કરી નાખ્યોને આત્માને. જીવના જીવનનું મૃત્યુ કરી નાખ્યું. આહાહા..! સમજાણું કાંઈ?

'**માટે જેમ પ્રજ્ઞા વડે ભિન્ન કર્યો તેમ પ્રજ્ઞા વડે જ ગ્રહણ કરવો.**' પકડવી, હજી એના ખ્યાલમાં આ કહે છે કઈ રીત એને પકડવી કઠણ પડે. પ્રયાસ નહિ. એ જાતનો પુરુષાર્થ નહિ. એ જાતની ગતિની ખબર નહિ તો એને કઠણ પડે. પણ ગતિ તો એના ઘરની છે ચીજ. સમજાણું કાંઈ? વસ્તુમાં પરને છોડવું કે ગ્રહવું એવું વસ્તુમાં નથી. પરના ત્યાગ ગ્રહણ રહિત તો વસ્તુ છે. સમજાણું કાંઈ? એ પરના ત્યાગગ્રહણ રહિત છે ખરેખર તો.. અહીં તો કીધું જુઓ, બંધને છોડવો. સમજ્યાને? એ વ્યવહારની વાતું છે.

ત્યાં કીધું કે ભાઈ! પચ્ચખાણ કોને કહેવાય? રાગનો ત્યાગ? કહે, ના. જ્ઞાન જ્ઞાનમાં ઠર્યું એને પચ્ચખાણ કહેવું. આત્માએ પરમાર્થે રાગનો ત્યાગ કર્યો એવું નામ માત્ર આત્મામાં છે. રાગનો ત્યાગ કર્યો એ પરમાર્થે નામ માત્ર છે. પરમાર્થે રાગના ત્યાગનો કર્તા આત્મા છે નહિ. શેઠિયા! આહાહા..! પરમાર્થે રાગના ત્યાગનો કર્તા આત્મા નથી. અહીં તો વ્યવહારથી સમજાવે છે જરી એને. આહાહા..! સમજાણું કાંઈ? આ રાગ છે એને છોડવું એ તો દૃષ્ટિ પર ઉપર ગઈ. એમ રાગ છૂટતો નથી. સ્વભાવની એકાગ્રતા જ્ઞાન જ્ઞાનમાં ઠરતાં રાગની

ઉત્પત્તિ થતી નથી, એ આત્માએ રાગ છોડ્યો એમ નામ વ્યવહાર કથનમાત્ર કહેવામાં આવે છે. આહાહા..! ત્યાં રાગમાં જ્ઞાનસ્વરૂપ તન્મય થઈ ગયો છે તે એને છોડે? અહીં તો અપેક્ષાથી વાત કરી છે કે આમ જ્યારે લક્ષ છે પર ઉપર એને આમ વાળતા એને જુદો પાડ્યો કહેવાય અને અંતરને ગ્રહણ થાય અને રાગ છોડવો એમ કહેવામાં આવે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કઠણ જેવું તો લાગે.

ઉત્તર :- કઠણ છે. આ તો સાદી હળવે હળવે વાત ચાલે છે. ધીમેથી વિચારવામાં આવી શકે એ રીતે આમ.

વસ્તુ છે ચૈતન્ય પદાર્થ. એમાં રાગનો ત્યાગ પણ એના સ્વરૂપમાં-ગુણમાં નથી. એનો ગુણ હોય તો તો રાગનો ગ્રહણ ત્યાગ, રાગનો ગ્રહણ-ત્યાગ સદાય રહ્યા જ કરે. પણ અહીંયાં અપેક્ષાથી કથન કર્યું છે કે દ્વિધા કરતા પ્રજ્ઞા વડે અંતર વાળતા રાગ જુદો રહી જાય છે. એને અહીં ઠરતા એને છોડવો એમ કહેવામાં આવે છે. આ રાગ છે લાવ છોડું, એમ છે અંદર? આહાહા..! સમજાણું કાંઈ? ભગવાનની લીલા એણે સાંભળી નથી. ચૈતન્ય ભગવાન. પોતાનો સ્વભાવ જ્યાં સંભાળમાં આવ્યો, કહે છે કે એને રાગથી જુદો પડ્યો કહો કે તે પ્રજ્ઞા વડે રાગને છોડ્યો એમ કહો, પણ એ અંદર એકાગ્ર થયો એટલે છોડ્યો એમ કહેવામાં આવે છે. સ્થિરતા પ્રગટ થઈ, શાંતિ પ્રગટ થઈ તે મોક્ષનો માર્ગ છે. સમજાય છે કાંઈ?

‘**ભાવાર્થ :- ભિન્ન કરવામાં અને ગ્રહણ કરવામાં કરણો જુદાં નથી;...**’ સાધન જુદા નથી એમ કહે છે. પછી એમ કહે છે ને કેટલાક કહે? પહેલું આમ કરવું. પણ પછી તો પાછા વ્રત, નિયમ, આ બધી ક્રિયા પછી તો કરવી પડશે કે નહિ? પહેલા કહે ચાલો સમ્યક્ થયું, પછી આ વ્રત ને નિયમ આ જે કહે છે વ્યવહાર એ કરવા પડશે. કરવા પડશે નહિ. સાંભળને. એ કરવા પડે એ તો પાછું એનું એ રહ્યું. એય..! આહાહા..! એ કહે છે આ. જુદો પાડ્યો પણ પછી તો આ કરવા કે નહિ? કહે ના. ના. પછી પણ અંદરમાં ઠરવું એ કરવાનું છે.

‘**માટે પ્રજ્ઞા વડે જ આત્માને ભિન્ન કર્યો અને પ્રજ્ઞા વડે જ ગ્રહણ કરવો.**’ આ વસ્તુના સ્વરૂપની સ્થિતિ છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

Version 1: Please visit http://www.AtmaDharma.com or http://www.AtmaDharma.org for updates


# પાઠકોની નોંધ માટે

Please report errors to Sudhirbhai Vrajlal Shah by WhatsApp on +919374719202 or email sudhir.deliwala@gmail.com